ભાગ-૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન ગૂર્જર કવિઓ

ભાગ ૧

[વિક્રમ બારમા શતકથી સોળમા શતક સુધીના ગુજરાતી ભાષાના જૈન કવિઓની તેમની કૃતિઓ સહિત વિસ્તૃત સૂચી]

સંગ્રાહક અને સંપ્રયોજક

મોહનલાલ દલીચંદ દેશાઈ

સંશોધિત-સંવર્ધિત બીજી આવૃત્તિના

સંપાદક

જયંત કોઠારી

શ્રી મહાવીર જૈન વિદ્યાલય

મુંબઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Gurjar Kavio Vol. I
Descreptive catalogue of Jain poets and their works in Gujarati Language from V. S. 12th to 15th century ed. Mohanlal Dalichand Desai, revised by Jayant Kothari 1986, Mahavir Jain Vidyalaya, Bombay

બીજી સંશોધિત આવૃત્તિ નવેમ્બર ૧૯૮૬
નકલ ૫૦૦

કિંમત રૂ. ૧૦૦

આવરણ : શૈલેશ મોદી

વિક્રેતાઓ
આર. આર. શેઠની કંપની
૧૧૦–૧૧૨ પ્રિન્સેસ સ્ટ્રીટ, કેશવબાગ, મુંબઈ ૪૦૦ ૦૦૨
ગાંધી માર્ગ, ફુવારા પાસે, અમદાવાદ ૩૮૦ ૦૦૧
નવભારત સાહિત્ય મંદિર
૫૩૧, કાલબાદેવી રોડ, ઘોબી તલાવ, મુંબઈ ૪૦૦ ૦૦૨
ગાંધી માર્ગ, પતાસા પોળ સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧
ગૂર્જર સાહિત્ય ભવન
ગાંધી માર્ગ, રતનપોળ નાકા સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧
રન્નાદે પ્રકાશન
મહાલક્ષ્મીની પોળ, રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧

પ્રકાશક
જયંતીલાલ રતનચંદ શાહ, જગજીવન પોપટલાલ શાહ
રમણલાલ ચીમનલાલ શાહ
મંત્રીઓ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય
ઑગસ્ટ ક્રાન્તિ માર્ગ, મુંબઈ ૪૦૦ ૦૩૬

મુદ્રક
ભીખાભાઈ એસ. પટેલ
ભગવતી મુદ્રણાલય, ૧૯, અજય એસ્ટેટ, દૂધેશ્વર રોડ, અમદાવાદ ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશકીય નિવેદન

સ્વ. મોહનલાલ દલીચંદ દેશાઈના દળદાર, સંશોધનાત્મક ગ્રન્થ 'જૈન ગૂર્જર કવિઓ'ની સુધારાવધારા સાથેની આ દ્વિતીય આવૃત્તિ પ્રગટ કરતાં અમે અત્યંત આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ.

સ્વ. મોહનલાલ દલીચંદ દેશાઈએ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' અને 'જૈન ગૂર્જર કવિઓ' ભાગ ૧, ૨ અને ૩ જેવા દળદાર ગ્રંથો દ્વારા ગુજરાતી સાહિત્યની અમૂલ્ય સેવા બજાવી છે. લગભગ ચાર દાયકા જેટલો સમય એમણે આ ગ્રન્થોના લેખનકાર્ય પાછળ આપ્યો હતો. વકીલ તરીકેની પોતાની વ્યાવસાયિક કારકિર્દીના ભોગે એમણે જૈન સાહિત્યના ક્ષેત્રે આ મૂલ્યવાન પ્રદાન કર્યું હતું. કોઈ એક યુનિવર્સિટીને શોભે એવું કાર્ય એમણે એકલે હાથે ખંત, ચીવટ અને પરિશ્રમપૂર્વક, અનેક જૈન જ્ઞાનભંડારોની હજારો હસ્તપ્રતો જાતે વાંચી-તપાસીને કર્યું હતું. એમણે આ કાર્ય માટે તન, મન, ધનથી જે ભોગ આપ્યો તેનો વિચાર કરતાં તેમના પ્રત્યે સબહુમાન મસ્તક નમે છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય અત્યંત સમૃદ્ધ છે. એમાં જૈન સાધુ-કવિઓનું યોગદાન ઘણું મોટું છે. એમાંનું ઘણું બધું સાહિત્ય હજુ પણ અપ્રકાશિત છે. એ દિશામાં કાર્ય કરનાર વ્યક્તિઓને સહાયરૂપ થાય એવો આધારભૂત સંદર્ભગ્રન્થ તે 'જૈન ગૂર્જર કવિઓ' છે. ઘણાં વર્ષોથી આ ગ્રન્થ અપ્રાપ્ય રહ્યો છે. વળી આટલા દાયકાઓ દરમિયાન બીજી ઘણી હસ્તપ્રતો પણ મળી આવી છે તથા કેટલીયે કૃતિઓ પ્રકાશિત થઈ છે, એટલે 'જૈન ગૂર્જર કવિઓ'માં આપેલી કેટલીક માહિતીમાં આવશ્યક સુધારાવધારા કરવાની સ્થિતિ ઊભી થાય છે. એથી 'જૈન ગૂર્જર કવિઓ'ની નવી સુધારેલી અને સંવર્ધિત આવૃત્તિ પ્રગટ કરવાનું શ્રી મહાવીર જૈન વિદ્યાલયે ઠરાવ્યું. એ કાર્ય માટે અધિકારી અને સુસજ્જ એવા પ્રો. જયંતભાઈ કોઠારીને 'જૈન ગૂર્જર કવિઓ'નું નવેસરથી સંપાદન કરી આપવા અમે વિનંતી કરી. એમણે અમારું આ નિમંત્રણ સહર્ષ સ્વીકાર્યું એથી અમને ઘણો આનંદ થયો છે. એ માટે અમે એમના અત્યંત ઋણી છીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'જૈન ગૂર્જર કવિઓ'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ, મુંબઈએ કર્યું હતું. બીજી આવૃત્તિના પ્રકાશનમાં લગભગ બે લાખ રૂપિયા જેટલો ખર્ચ થાય તેમ છે. એ ખર્ચ ઉઠાવવાની જવાબદારી શ્રી મહાવીર જૈન વિદ્યાલયે સ્વીકારી છે. શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના પ્રમુખ શ્રી દીપચંદભાઈ ગાર્ડીએ આ પ્રકાશન માટે સંમતિ આપી તે માટે અમે એમનાં તથા શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના આભારી છીએ. સ્વ. દેશાઈના સુપુત્ર શ્રી જયસુખભાઈ વગેરે સૌ સ્વજનો પ્રત્યે પણ આ પ્રસંગે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ. જે ત્રણ વર્ણનાત્મક હસ્તપ્રતસૂચિઓની સામગ્રી અહીં પૂર્તિ રૂપે સમાવી છે તેનાં સંપાદક તથા પ્રકાશક-સંસ્થાઓના પણ અમે ઋણી છીએ.

'જૈન ગૂર્જર કવિઓ'ની આ બીજી આવૃત્તિના પ્રકાશનમાં જે વિદ્વાનોનો તથા સંસ્થાઓનો અમને તથા સંપાદક પ્રો. જયંતભાઈ કોઠારીને સદ્‌ભાવભર્યો સહકાર સાંપડ્યો છે તે સર્વેનો અમે આભાર માનીએ છીએ. અમને ખાતરી છે કે આ ગ્રન્થની ઉપયોગિતા ભવિષ્યના સંશોધકોને ઘણી મોટી રહેશે. આવા સંદર્ભગ્રન્થના વેચાણને બહુ અવકાશ ન હોય એ દેખીતું છે. એટલે જ, માત્ર વિદ્યાપ્રીતિથી પ્રેરાઈને શ્રી મહાવીર જૈન વિદ્યાલયે કરેલું આ પ્રકાશન, એની સાહિત્યિક સેવા દ્વારા, સાર્થક નીવડશે એવી અમને પૂરી શ્રદ્ધા છે.

આ કાર્યમાં અંગત રસ લઈને વિદ્યાલયના ડાયરેક્ટર શ્રી કાંતિલાલ કોરાએ ઉત્સાહપૂર્વક જે સેવા આપી છે તે માટે તેમના પણ અમે આભારી છીએ.

વિદ્વદ્‌ભોગ્ય ગ્રન્થોના પ્રકાશનની પરંપરા વિદ્યાલયે આરંભથી જ સ્વીકારેલી છે. એમાં આ ગ્રન્થ દ્વારા સુંદર ઉમેરો થાય છે. વિદ્યાલય માટે એ ગૌરવરૂપ બની રહેશે એવી અમને શ્રદ્ધા છે.

મુંબઈ
૨૬ ઑગસ્ટ ૧૯૮૬

જયંતીલાલ રતનચંદ શાહ
જગજીવન પોપટલાલ શાહ
રમણલાલ ચીમનલાલ શાહ
મંત્રીઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજી આવૃત્તિના સંપાદકનું
નિવેદન

સુદીર્ઘ સાહિત્યયજ્ઞ

'જૈન ગૂર્જર કવિઓ' એ મોહનલાલ દલીચંદ દેશાઈનું ગુજરાતી સાહિત્યને એક અનેરું ને યશકલગીરૂપ પ્રદાન છે. એક માણસ એકલે હાથે આટલી ગંજાવર સામગ્રી એકઠી કરી શકે અને આવી ચુસ્ત વૈજ્ઞાનિક વ્યવસ્થાથી ને વિષયની પોતાની સર્વ જાણકારીને કામે લગાડીને રજૂ કરી શકે એ ઘટનાનો ગુજરાતી સાહિત્યમાં તો જોટો જડવો મુશ્કેલ છે. ૧૯૨૬માં 'જૈન ગૂર્જર કવિઓ'નો પ્રથમ ભાગ બહાર પડ્યો ત્યારે શ્રી દેશાઈ ૧૫ વર્ષથી આ વિષયમાં કામ કરી રહ્યા હતા. 'જૈન ગૂર્જર કવિઓ'નો ત્રીજો ભાગ ૧૯૪૪માં પ્રગટ થયો. એટલે શ્રી દેશાઈનો આ સાહિત્યયજ્ઞ ૩૩ વર્ષ ચાલ્યો એમ કહેવાય. એમણે હસ્તપ્રતભંડારો, વ્યક્તિગત હસ્તપ્રતસંચયો, સૂચિઓ, મુદ્રિત ગ્રંથો આદિ જે સાધનોનો અહીં ઉપયોગ કર્યો છે એની સંખ્યા ૨૦૦ કે વધારે થવા જાય છે. આ હકીકત શ્રી દેશાઈના અસાધારણ પરિશ્રમની ગવાહી પૂરે છે. આજથી ૫૦–૭૫ વર્ષ પહેલાં આ બધાં સાધનો સુધી પહોંચવામાં કેટલી અગવડ હશે એનો વિચાર કરીએ ત્યારે શ્રી દેશાઈની સાહિત્યપ્રીતિ ને સંશોધનનિષ્ઠા વિશે પરમ આદર થયા વિના રહેતો નથી.

સામગ્રીની પ્રચુરતા અને વૈવિધ્ય

'જૈન ગૂર્જર કવિઓ' મુખ્યપણે છે એક સંકલિત હસ્તપ્રતયાદી. પરંતુ શ્રી દેશાઈએ એમાં કેટલીક પૂરક સામગ્રી પણ જોડી છે. ગ્રંથની સામગ્રી પર એક નજર નાખતાં જ પ્રભાવિત થઈ જવાય એવી એની સમૃદ્ધિ છે. એની પ્રથમાવૃત્તિનાં કુલ ૪૦૬૧ પાનાંમાં નીચે મુજબની સામગ્રીનો સમાવેશ થયેલો છે:

૧. એનાં ૨૯૯૯ પાનાંઓમાં શ્રી દેશાઈએ આપેલા ક્રમાંક મુજબ ૯૮૭ જૈન કવિઓ + ૧૪૧ જૈન ગદ્યકારો + ૯૦ જૈનેતર કવિઓની તથા એમની અનુક્રમે ૨૦૫૫ + ૮૫૦ + ૯૦ કૃતિઓની નોંધ આપવામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવી છે. જૈન કર્તા-કૃતિની નોંધમાં એક જ ક્રમાંકમાં ક, ખ વગેરે કર્યું છે તો બીજી બાજુથી ગદ્યકારો ને ગદ્યકૃતિઓની નોંધ કેટલેક સ્થાને બેવડાઈ છે તે જોતાં ૧૦૦૦ જેટલા જૈન ગ્રંથકારો અને એમની ૨૫૦૦ જેટલી લાંબી ગણનાપાત્ર કૃતિઓની નોંધ છે એમ કહેવાય. સ્તવનસઝાયાદિ લઘુ કૃતિઓ આ સિવાયની.

૨. ૨૨૬ પાનાંમાં ઉપરની સામગ્રીની અનુક્રમણિકાઓ છે જેમાં કર્તા, કૃતિ, ગદ્યકાર, ગદ્યકૃતિ, સ્થલસ્થાનાદિ ને રાજકર્તાઓનાં નામોની શબ્દાનુક્રમણિકા (છેલ્લા ચાર પ્રકારની અનુક્રમણિકા ત્રીજા ભાગમાં જ છે) તથા કૃતિઓની સંવતવાર અનુક્રમણિકાનો (આ પહેલા બે ભાગમાં જ છે) સમાવેશ થાય છે. ત્રીજા ભાગમાં કૃતિઓની અનુક્રમણિકા પ્રકારવાર વર્ગીકૃત કરીને આપવામાં આવી છે.

૩. ૮૩૬ પાનાંની પૂરક સામગ્રીમાં આશરે ૫૦૦ જેટલાં કથાનામો (કથાનાયકોનાં નામો)ની, એને માટેની મૂળ આધારસામગ્રીના નિર્દેશ સાથે નોંધ કરતો 'જૈન કથાનામકોષ' (૨૨ પાનાં), ૨૫૦૦ જેટલી દેશીઓની, એ જ્યાંજ્યાં વપરાયેલી હોય તે સ્થાનના નિર્દેશ સાથે નોંધ કરતી 'દેશીઓની અનુક્રમણિકા' (૨૭૨ પાનાં), વસ્તુતઃ ગુજરાતીની પૂર્વપરંપરાને વર્ણવતો 'જૂની ગુજરાતી ભાષાનો સંક્ષિપ્ત ઇતિહાસ' (૩૨૦ પાનાં), 'જૈન ગચ્છોની ગુરુપટ્ટાવલી' (૨૧૪ પાનાં) અને 'રાજાવલી' (૮ પાનાં)નો સમાવેશ થાય છે.

સામગ્રીની આ પ્રચુરતા અને વૈવિધ્ય 'જૈન ગૂર્જર કવિઓ'નું એક સંદર્ભગ્રંથ તરીકે અસાધારણ મૂલ્ય સ્થાપી આપે છે.

વૈજ્ઞાનિક અભિગમ અને ચોક્કસ વ્યવસ્થા

'જૈન ગૂર્જર કવિઓ'ની વિશેષતા એની પ્રચુર સામગ્રીમાં જ નથી, એ સામગ્રીની રજૂઆતમાં પ્રગટ થતાં ઝીણવટભરી ચોક્કસ વ્યવસ્થા ને આધુનિક વૈજ્ઞાનિક અભિગમમાં છે. આ સંદર્ભમાં કેટલાક મુદ્દાઓ તરફ લક્ષ ખેંચવું જોઈએ :

૧. આ હસ્તપ્રતોની સાદી યાદી નથી, વર્ણનાત્મક સૂચિ છે. એમાં કૃતિઓના આરંભ-અંતના ભાગો તથા લહિયાઓની પુષ્પિકાઓની પણ નોંધ લેવામાં આવી છે. આ સામગ્રીનું દસ્તાવેજી મૂલ્ય ઘણું મોટું છે. એમાં માહિતીની વિશ્વસનીયતાના આધારો સાંપડે છે, ખોટું વાચન કે અર્થઘટન થયું હોય તો એ પકડવાની સગવડ રહે છે અને નોંધાયેલી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનેક ઝીણી વીગતો અન્યત્ર કોયડાઓ ઉકેલવામાં કામમાં લઈ શકાય છે.

૨. 'જૈન ગૂર્જર કવિઓ'માં કર્તા-કૃતિઓની નોંધ એમને સમયના ક્રમમાં ગોઠવીને અને સૈકાવાર વહેંચીને આપવામાં આવી છે. આથી કાલાનુક્રમિક સાહિત્યવિકાસનું ચિત્ર આપણને સાંપડે છે. કોઈ કર્તા કે કૃતિ વિશેની માહિતી તો શબ્દાનુક્રમણિકાની મદદથી ગ્રંથમાંથી શોધી જ શકાય છે, તેથી આ રજૂઆતમાં કાલાનુક્રમિક ચિત્રનો અદકેરો લાભ છે એમ કહેવું જોઈએ. એ ગોઠવણી કરવામાં શ્રી દેશાઈને ખાસ્સો શ્રમ ઉઠાવવો પડ્યો હશે, સમયનિર્ણય માટે મથામણો પણ કરવી પડી હશે.

૩. 'જૈન ગૂર્જર કવિઓ'માં કર્તાઓ અને કૃતિઓને સળંગ ક્રમાંક આપીને રજૂ કરવામાં આવ્યાં છે. આ પદ્ધતિનો લાભ શબ્દાનુક્રમણિકામાં સરસ રીતે ઉઠાવ્યો છે. ત્યાં કર્તાનામ કે કૃતિનામની સાથે પૃષ્ઠાંક ઉપરાંત એના ક્રમાંકનો પણ નિર્દેશ કરવામાં આવ્યો છે. આથી કોઈ એક આંકડામાં સરતચૂકથી કે મુદ્રણદોષથી ભૂલ થઈ ગઈ હોય (જે થવી સહજ છે) તો એ કર્તા કે કૃતિનું સ્થાન શોધવા માટે આપણી પાસે બીજી એક ચાવી રહે જ છે.

૪. 'જૈન ગૂર્જર કવિઓ'માં કર્તા-કૃતિ અંગેની સઘળી માહિતી એક ચોક્કસ વ્યવસ્થિત ક્રમમાં આપવામાં આવી છે. આ વ્યવસ્થાની સમજ શ્રી દેશાઈએ પોતાના નિવેદનમાં (અહીં પૃ. 19-20) આપી છે તેથી એ પુનરુક્ત કરવાની જરૂર નથી.

૫. 'જૈન ગૂર્જર કવિઓ'ની શબ્દાનુક્રમણિકાઓ સ્થળસ્થાનાદિ અને રાજકર્તાઓનાં નામો સુધી વિસ્તરી છે અને સંવતવાર અનુક્રમણિકા પણ અલગ આપવામાં આવી છે એ શ્રી દેશાઈની એક સંશોધક તરીકેની લાંબી નજરનો પુરાવો છે. આવી અનુક્રમણિકાઓ અનેક કોયડાઓ ઉકેલવામાં ચાવીરૂપ બને છે અને વિવિધ પ્રકારનાં બીજાં સંશોધનોમાં પણ એનો ઉપયોગ થઈ શકે છે.

કેટલીક વિશેષતાઓ અને મર્યાદાઓ

'જૈન ગૂર્જર કવિઓ' એક ખજાનો છે, પણ એ ખજાનાનો યોગ્ય ઉપયોગ કરવા માટે કેટલીક બાબતો અવશ્ય લક્ષમાં લેવી પડે તેવી છે. એની સામગ્રીમાં થોડી ભેળસેળ છે, પ્રકાશનકાર્ય લાંબા સમયપટ પર ચાલ્યું અને છેક છેલ્લે પ્રાપ્ત થયેલી સામગ્રી પણ એમાં દાખલ કરી દેવામાં આવી એથી મૂળ વ્યવસ્થા થોડીક ખોરવાઈ ગઈ છે, તે ઉપરાંત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામગ્રી રજૂ કરવાની પદ્ધતિમાં કેટલીક ઝીણવટ છે જે લક્ષ બહાર રહેવા સંભવ છે. એવી થોડીક બાબતો તરફ અભ્યાસીઓનું ધ્યાન દોરવું જોઈએ :

૧. પ્રથમાવૃત્તિમાં મૂળ સામગ્રીમાં બેત્રણ તબક્કે પૂર્તિ થઈ છે તેમજ શુદ્ધિ પણ થઈ છે. વળી ગદ્યકૃતિઓ અને એમના કર્તાઓની અલગ નોંધ થઈ છે. આથી એક જ સૈકાનાં કર્તા-કૃતિઓ તેમ જ એક જ કર્તા-કૃતિ પણ એકથી વધુ સ્થાને નોંધાયેલાં છે. પૂરું ચિત્ર મેળવવા માટે આ બધાં સ્થાનોને જોવાં પડે, જે આપણે ત્યાં ઘણી વાર થયું નથી અને તેથી અપાયેલાં ચિત્રો અધૂરાં રહ્યાં છે. પાછળથી થયેલી શુદ્ધિ લક્ષમાં ન લેવાથી પહેલાંની ખોટી માહિતી પણ ચાલુ રહી છે. (આ નવી આવૃત્તિમાં આ સ્થિતિને સુધારી લેવામાં આવી છે.)

પોતાની સામગ્રીતપાસમાં સહજ રીતે પ્રાપ્ત થયેલાં જૈનેતર કર્તા-કૃતિઓની નોંધ પણ શ્રી દેશાઈએ પોતાના ગ્રંથમાં સમાવી છે. આ નોંધ પહેલાં જૈન ગ્રંથકારોની નોંધની સાથે સમાવિષ્ટ હતી. પછી પરિશિષ્ટ રૂપે મુકાઈ. આમ એ નોંધ પણ બેવડાઈ. (આ આવૃત્તિમાં છેવટે પરિશિષ્ટ રૂપે જ એ સામગ્રી આપવાનું વિચાર્યું છે.)

૨. 'જૈન ગૂર્જર કવિઓ'માં સંપાદકે પોતે જોયેલી હસ્તપ્રતો ઉપરાંત બીજેથી મળેલી સામગ્રીનો પણ ઉપયોગ કર્યો છે. અન્યત્રથી મળેલી સામગ્રીમાં ઘણી વાર આરંભ-અંતના ભાગો ન મળ્યા હોય ને પુષ્પિકા કે ભંડારનો નિર્દેશ પણ ન મળ્યો હોય. એટલેકે એ કેવળ નામયાદી હોય. આવી સામગ્રીની અધિકૃતતાના પ્રશ્નો સ્વાભાવિક રીતે જ રહેવાના. એ સામગ્રીને એ દૃષ્ટિએ જોવી જોઈએ.

૩. 'જૈન ગૂર્જર કવિઓ'માં માહિતીપૂર્તિનું કામ શબ્દાનુક્રમણિકાની કક્ષાએ પણ થયું છે. જેમકે, અજિતદેવસૂરિની કૃતિમાં ગચ્છનો નિર્દેશ ન હોય પરંતુ પછી શ્રી દેશાઈને એ પલ્લીવાલગચ્છના હોવાનું જણાયું હોય તો શબ્દાનુક્રમણિકામાં અજિતદેવસૂરિના નામની બાજુમાં એ ગચ્છનો નિર્દેશ કરી દે છે.

૪. કૃતિનો સમય અનુમાનથી નક્કી કર્યો હોય ત્યારે કેટલીક વાર આધાર અપાયો છે ને કેટલીક વાર આપવાનો રહી ગયો છે. આવાં સ્થાનોએ કોઈ વિરોધી પ્રમાણ ન હોય તો સમયનિર્દેશને અધિકૃત માની ગુરુપરંપરા વગેરેમાંથી એનો આધાર શોધવાનો પ્રયાસ કરવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોઈએ.

૫. કૃતિનો રચનાસંવત દર્શાવવાની 'જૈન ગૂર્જર કવિઓ'ની રીત લાક્ષણિક છે. કૃતિનો રચનાસંવત ન મળતો હોય ને લેખનસંવત મળતો હોય ત્યારે એ કૃતિની બાજુમાં 'લ.સં.૧૮૬૯ પહેલાં' એમ લખે છે. આનો અર્થ એવો ન કરવો જોઈએ કે કૃતિનો લેખનસંવત ૧૮૬૯ પહેલાંનો છે. એનો અર્થ એ છે કે કૃતિની પ્રતનો લ.સં.૧૮૬૯ છે તેની પહેલાં એ રચાયેલી છે.

૬. સંવતવાર અનુક્રમણિકામાં લેખનસંવતનો પણ સમાવેશ છે ('લ.' સંજ્ઞા સાથે) અને એને અનુષંગે નામનિર્દેશ છે તે લહિયાનો છે ('લે.' સંજ્ઞા સાથે) એ લક્ષમાં ન રહે તો લહિયાઓને આપણે કર્તા ઘટાવી દઈએ અને લેખનસંવતને રચનાસંવત. 'જૈન ગૂર્જર કવિઓ'નો વિનિયોગ ધણું અવધાન ને ધણી ચોકસાઈ માગે છે.

૭. 'જૈન ગૂર્જર કવિઓ' એ ગુજરાતી સાહિત્યની સૂચિ છે પણ એમાં કેટલીક હિંદી-રાજસ્થાની કૃતિઓનો પણ સમાવેશ થયો છે. ત્યાં સામાન્ય રીતે ભાષાનો નિર્દેશ કર્યો છે, તેમ છતાં ક્વચિત્ રહી ગયો હોય એવી પણ સંભાવના છે.

૮. શ્રી દેશાઈએ પોતાની સર્વ સજ્જતા કામે લગાડીને ને ચોકસાઈથી પોતે રજૂ કરેલી સામગ્રીનું અર્થઘટન કર્યું છે. આમ છતાં વિભિન્ન કારણોથી એમની કેટલીક ભૂલો થઈ ગઈ છે. એ ભૂલો પકડવાની ચાવી એમની સામગ્રીમાં જ પડેલી હોય છે. અભ્યાસીએ આ ભૂલો પકડવાની સજાગતા ને સતર્કતા બતાવવી જોઈએ.

આ નવી આવૃત્તિ : શુદ્ધિ અને વૃદ્ધિ

આ નૂતન આવૃત્તિમાં પહેલી આવૃત્તિની મર્યાદાઓ નિવારી લેવામાં આવી છે, કેટલીક વ્યવસ્થાઓને વધારે વિશદ બનાવવામાં આવી છે અને અન્ય આધારોની મદદથી કેટલીક શુદ્ધિવૃદ્ધિ કરવામાં આવી છે. આ અંગેનો ખ્યાલ વાચકોને આપવો જરૂરી છે :

૧. પ્રતિઓમાં વહેંચાયેલી સઘળી સામગ્રીને સંકલિત કરી લીધી છે અને ગદ્યકૃતિઓ ને કર્તાઓની સામગ્રી પણ અલગ ન રાખતાં મુખ્ય સામગ્રીની સાથે લઈ લીધી છે. આથી એક કર્તા ને એક કૃતિ હવે એક જ સ્થાને આવી જાય છે.

૨. સઘળી સામગ્રીને સૈકાવાર સમયના નવા ક્રમમાં ગોઠવી દીધી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. આથી સ્વાભાવિક રીતે જ જૂના કર્તાક્રમાંક અને કૃતિક્રમાંક બદલાઈ જાય છે. સમયનો ક્રમ કૃતિઓના રચનાસંવત, કર્તાઓના જીવન-સમય કે કૃતિઓના લેખનસમયને આધારે ગોઠવ્યો છે. એવું કશું ન હોય અથવા માત્ર લેખનસમય હોય ત્યારે ભાષા વગેરે કારણથી કૃતિને પ્રથમ આવૃત્તિમાં અમુક સમયની માનવામાં આવી હોય ત્યારે સામાન્ય રીતે એ સ્વીકારી લેવામાં આવ્યું છે. ક્વચિત્ એ છોડવાની ફરજ પણ પડી છે, પણ ત્યાં નોંધ મૂકી છે.

સમયનો આ ક્રમ એકદમ ચુસ્ત હોવાનું કહી શકાશે નહીં. એક કર્તાની કૃતિઓનો રચનાકાળ બે સદીમાં ફેલાતો હોય ત્યારે કોઈ વાર પહેલી કૃતિના રચનાસંવતને લક્ષમાં રાખીને કર્તાને અમુક સદીમાં મૂકચા હોય તો કોઈ વાર એમની મોટા ભાગની કૃતિઓ જે સદીમાં પડતી હોય તે સદીમાં એમને મૂકચા હોય. આ પુનઃસંપાદન ક્રમશઃ થતું હોઈ પાછળ આવતી સામગ્રીને આગળ લઈ જવાનું કેટલીક વાર અશકય થઈ જવાનો સંભવ છે. જેમને સદીવાર અભ્યાસ કરવો હોય એ થોડું આજુબાજુ જોશે તો લાભ થશે.

૩. 'જૈન ગૂર્જર કવિઓ'માં કેટલીક વાર કર્તા કે કૃતિનો વિશેષ પરિચય આપવામાં આવ્યો છે. પ્રથમ આવૃત્તિમાં આ પરિચય કોઈ વાર કર્તા કે કૃતિના નામની તરત જ નીચે તો કોઈ વાર કર્તા-કૃતિવિષયક સઘળી નોંધને અંતે તો કોઈ વાર પાદટીપ રૂપે મૂકવામાં આવ્યો છે. અહીં એ પરિચય કર્તા કે કૃતિના નામની નીચે જ મૂકવાની એકધારી પદ્ધતિ અપનાવી છે.

૪. કૃતિના પ્રકાશનસ્થાનની માહિતી ઘણી વાર હસ્તપ્રતયાદીની સાથે ભેળવી દેવામાં આવી હતી. અહીં 'પ્રકાશિત' એવા અલગ સ્પષ્ટ નિર્દેશ સાથે એ માહિતી આપવામાં આવી છે.

૫. હસ્તપ્રતોનો નિર્દેશ પણ એકધારા ( ) કૌંસના ઉપયોગથી સ્પષ્ટ કરવામાં આવ્યો છે. હસ્તપ્રત અંગેની માહિતીને ચોક્કસ ક્રમમાં મૂકવાનો પ્રયાસ કર્યો છે – જેમકે, પહેલાં પુષ્પિકા, જો હોય તો; પછી લખ્યા સંવત, પછી પત્રસંખ્યા-પંક્તિસંખ્યા, પત્રક્રમાંક, પછી એનું પ્રાપ્તિસ્થાન, પછી એ પ્રાપ્તિસ્થાનમાં હસ્તપ્રતનો ક્રમાંક.

૬. કેટલીક સંક્ષેપસંજ્ઞાઓ બદલાવીને વધારે વિશદ કરી છે કે નવી યોજી છે. જેમકે કૃતિનામની બાજુમાં એની રચનાસંવતનો નિર્દેશ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માત્ર 'સં.' સંજ્ઞાથી હતો ત્યાં 'ર.સં.' સંજ્ઞા દાખલ કરી છે.

૭. હસ્તપ્રતોના એક જ પ્રાપ્તિસ્થાનનો નિર્દેશ જુદીજુદી રીતે થયેલો જોવા મળ્યો તે શક્ય બન્યું ત્યાં એકસરખો કરી લીધો છે. કેટલેક ઠેકાણે સ્પષ્ટતાને અભાવે એમ ને એમ રહેવા દેવું પડયું છે, તો આ આવૃત્તિનું છપાઈકામ સંપાદનની સાથેસાથે ચાલતું હતું તેથી કેટલેક ઠેકાણે સુધારો કરવાનું શક્ય બન્યું નથી અને બેવડાપણું રહી ગયું છે.

૮. હસ્તપ્રતોમાંથી ઉદ્ધૃત અંશો (કૃતિના આરંભ-અંતના ભાગ કે પુષ્પિકા)ની જોડણી યથાવત્ રાખી છે. 'ર' હમેશાં દીર્ઘ લખાયો છે તે લેખનદોષ જ હોવા સંભવ છે, છતાં આ પ્રકારની ભૂલ સુધારી નથી; પણ બાકીના લખાણમાં જોડણી સુધારી લીધી છે. ઉદ્ધૃત અંશોમાં વાચનદોષ કે છાપદોષ અર્થદૃષ્ટિએ સુધારવા જેવા લાગ્યા તે સુધારી લીધા છે, તેમ છતાં ભ્રષ્ટ પાઠો નિવારી શકાયા નથી કેમકે એમાં કેટલુંક સાહસ થઈ જવાનો સંભવ હતો તેમજ એ કામ વધારે સૂઝ ને શ્રમ માગે એવું હતું.

૯. આ નવી આવૃત્તિમાં પ્રથમાવૃત્તિની મૂળ સામગ્રીમાં બેત્રણ પ્રકારે શુદ્ધિ થઈ છે :

(૧) પ્રથમાવૃત્તિમાં પાછળથી જે સુધારા કરવામાં આવેલા તે અહીં મૂળ સામગ્રીમાં આમેજ કરી લેવામાં આવ્યા છે.

(૨) શ્રી દેશાઈથી પ્રાપ્ત સામગ્રીનાં ખોટાં અર્થઘટનો થઈ ગયાં હોય કે એ પરથી ખોટાં અનુમાનો થઈ ગયાં હોય કે અન્ય સરતચૂકો ને છાપભૂલો થઈ ગઈ હોય તે બધું ધ્યાનમાં આવ્યું ત્યાં સુધારી લેવામાં આવ્યું છે.

(૩) 'ગુજરાતી સાહિત્યકોશ'ને નિમિત્તે મધ્યકાલીન જૈન ગુજરાતી સાહિત્યની અન્ય ઘણી સામગ્રીમાં ને ઘણાં પૂરક સાધનોના ઉપયોગમાં જવાનું થયું. એનાથી 'જૈન ગૂર્જર કવિઓ'ની કેટલીક સામગ્રી ઉપર નવો પ્રકાશ પડયો. એનો પણ અહીં લાભ લેવામાં આવ્યો છે.

આ ત્રણે પ્રકારના મહત્ત્વના સુધારાઓનો ખાસ નિર્દેશ દરેક કર્તાને અંતે આ નવી આવૃત્તિના સંપાદક તરફથી [ ] કૌંસમાં આપવામાં આવેલી નોંધમાં કરવામાં આવ્યો છે.

૧૦. આ નવી આવૃત્તિમાં કેટલીક વૃદ્ધિ કરવામાં આવી છે તે આ પ્રમાણે છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) કર્તા કે કૃતિ વિશે કોઈ પૂરક માહિતી અન્યત્રથી મળી હોય તો અહીં ઉમેરી લેવામાં આવી છે.

(૨) કૃતિની હસ્તપ્રતો મુદ્રિત હસ્તપ્રતયાદીઓમાં નોંધાયેલી હોય તો તે હસ્તપ્રતયાદીઓનો ઉલ્લેખ સમાવી લેવામાં આવ્યો છે.

આ પરત્વે એક ખુલાસો કરવો જોઈએ. એક હેજૈન્નાસૂચિ[1]માં જ પૃષ્ઠાંક આપવામાં આવ્યા છે, કેમકે એમાં કર્તા કે કૃતિનો કોઈ વર્ણાનુક્રમ નથી. ગૂહાયાદીમાં કર્તાનામનો વર્ણાનુક્રમ છે, મુપુગૂહસૂચીમાં પ્રકારવાર કર્તાનામનો વર્ણાનુક્રમ છે ને લીંહસૂચી તથા આલિસ્ટઑઇમાં કૃતિનામનો વર્ણાનુક્રમ છે. અન્ય હસ્તપ્રતયાદીઓમાં અંતે કૃતિ તેમજ કર્તાના વર્ણાનુક્રમ આપવામાં આવ્યા છે. આ વર્ણાનુક્રમથી એમાં જોઈતી કૃતિની નોંધ કયાં છે તે શોધી શકાય તેમ છે.

(૩) કૃતિપ્રકાશનની નવી માહિતી મળી હોય તો તે સમાવી લેવામાં આવી છે.

આ ત્રણે પ્રકારનાં ઉમેરણો [ ] કૌંસમાં મૂકયાં છે.

૧૧. આ નવી આવૃત્તિમાં એક વિશેષ પૂર્તિ કરવામાં આવી છે. 'જૈન ગૂર્જર કવિઓ'માં જે કવિઓ નોંધાયા ન હોય તેમની કૃતિઓની તથા જે કવિઓ નોંધાયા હોય તેમની નવી કૃતિઓની નોંધ બીજી હસ્તપ્રતયાદીઓમાં મળે જ. પરંતુ 'જૈન ગૂર્જર કવિઓ'ની સામગ્રીરજૂઆતની વ્યવસ્થા એટલીબધી ચુસ્ત છે કે એમાં આ બધું વચ્ચે ઉમેરવામાં ઘણી અગવડ હતી. એ કામ મોટું પણ થઈ જાય. વળી ઘણી હસ્તપ્રતયાદીઓ કેવળ નામસૂચિ છે એટલેકે વર્ણનાત્મક સૂચિ નથી. આરંભ-અંતના ભાગો ન હોઈ, એના ખરા-ખોટાપણાને ચકાસી ન શકાય અને અનુભવ એવો હતો કે આ યાદીઓમાં ઠીકઠીક ભૂલો છે. એવી વણચકાસાયેલી સામગ્રી નાખવાથી આ ગ્રંથની અધિકૃતતા ઊલટી ઘટે. છેવટે ત્રણ વર્ણનાત્મક સૂચિઓ – કેટલૉગગુરા, જૈમગૂકરચનાએં ભા.૧ અને જૈહાપ્રોસ્ટા – શ્રી દેશાઈને હાથવગી નહોતી થયેલી, તેની સામગ્રીનો અહીં પૂર્તિ રૂપે સમાવેશ કર્યો છે. એમાં પણ માહિતી સુધારવાના પ્રસંગો આવ્યા છે. એ સુધારાઓનો સંપાદકીય નોંધમાં સ્પષ્ટ નિર્દેશ કર્યો છે.

૧૨. પ્રથમ આવૃત્તિના ત્રણે ભાગોમાં કર્તા-કૃતિનામની વર્ણાનુક્રમણિકાઓ અંતે આપવામાં આવેલી અને પહેલા બે ભાગમાં તો સંવત-

૧. સંક્ષેપાક્ષરોની સમજૂતી આગળ આપવામાં આવી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાર અનુક્રમણિકા પણ આપવામાં આવેલી. આ નવી આવૃત્તિમાં છેવટે એકસાથે સઘળા પ્રકારની અનુક્રમણિકાઓનો એક ગ્રંથ કરવા વિચાર્યું છે તેથી આ ગ્રંથમાં કર્તા-કૃતિનામની વર્ણાનુક્રમણિકા કે સંવતવાર અનુક્રમણિકા નથી આપવામાં આવી. માત્ર વિષયસૂચિથી ચલાવ્યું છે.

પ્રથમ આવૃત્તિમાં પહેલા ભાગમાં 'જૂની ગુજરાતી ભાષાનો ઇતિહાસ' મૂકવામાં આવેલો તે અહીં લીધો નથી, કેમકે આ જાતની પૂરક સામગ્રીના અલગ ગ્રંથ કરવાનું વિચાર્યું છે.

૧૩. નવી આવૃત્તિમાં દેખીતી રીતે જ જૂની ગ્રંથવ્યવસ્થા ન રહી શકે. પહેલી આવૃત્તિમાં પહેલા ભાગમાં વિ.સં. સત્તરમી સદી સુધીની સામગ્રી અપાઈ હતી. આ નવી આવૃત્તિમાં પાછળથી ઘણી સામગ્રી આગળ આવતાં પહેલા ભાગમાં વિ.સં. સોળમી સદી આગળ અટકવાનું બન્યું છે. ગ્રંથો સમાલી શકાય એવા કદના કરવા એ ખ્યાલ પણ રહ્યો છે, ભલે ગ્રંથોની સંખ્યા વધે. એટલે આ પ્રકારના ૮થી ૧૦ ગ્રંથ કરવાના રહેશે એવી ધારણા છે.

૧૪. છેલ્લે એક વાત સૂચના રૂપે કહેવી જોઈએ. 'જૈન ગૂર્જર કવિઓ'ની પ્રથમાવૃત્તિની કોઈ સામગ્રી અહીં છોડી નથી. કોઈ સંસ્કૃત કૃતિની માહિતી, એના આરંભ-અંતના ભાગ કે હસ્તપ્રતની પુષ્પિકા વગેરે આપવામાં આવેલ હોય તોયે એ સાચવી લીધું છે – કર્તાપરિચયના ભાગ તરીકે. કયાંક માહિતી અધૂરી હોય ને પૂર્તિ ન થઈ શકે તેમ હોય તોપણ એમ ને એમ રહેવા દીધી છે. જેમકે, કેટલીક વાર કૃતિનામની પૂર્વે પ્રકાશિત હોવાની નિશાની + કરી હોય પણ નીચે કયાં પ્રકાશિત છે એ નોંધવાનું રહી ગયું હોય; હસ્તપ્રતની પુષ્પિકા નોંધી હોય પણ હસ્તપ્રત કયાંની કે કોની છે તે જણાવ્યું ન હોય. પુષ્પિકાની બાબતમાં તો એવું લાગ્યું છે કે એ કૃતિ જ્યાં પ્રકાશિત થઈ હોય ત્યાંથી એ લેવામાં આવી હશે પણ ખાતરી વિના જોડી દેવાનું ઇષ્ટ ગણ્યું નથી.

'જૈન ગૂર્જર કવિઓ'ની ગ્રંથાવલિ ઘણા સમયથી અપ્રાપ્ય હતી. મધ્યકાલીન જૈન ગુજરાતી સાહિત્ય વિશે કામ કરનારને માટે તો આ અનિવાર્ય સંદર્ભસાધન. એથી એના પુનર્મુદ્રણની માગ અવારનવાર થયા કરતી હતી. ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી 'ગુજરાતી સાહિત્યકોશ'ના મધ્યકાલીન સાહિત્યને લગતા ખંડ માટે 'જૈન ગૂર્જર કવિઓ'નો બહોળો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ને ઝીણવટથી ઉપયોગ કરવાનો અવસર આવ્યો. એથી એની અનેક ગલીકૂંચીઓની જાણ થઈ ને શ્રી દેશાઈના શ્રમ અને સૂઝ માટે અપાર આદર થયો. સાથેસાથે ગ્રંથની કેટલીક મર્યાદાઓ લક્ષમાં આવી અને એમાંની માહિતી સુધારવાના પ્રસંગો પણ આવ્યા. અમને લાગ્યું કે આ ગ્રંથનું માત્ર પુનર્મુદ્રણ ન કરવું જોઈએ, એની પુનઃસંયોજિત પરિશોધિત આવૃત્તિ જ પ્રગટ કરવી જોઈએ. એથી આ મૂલ્યવાન ગ્રંથની મૂલ્યવત્તા ઓર વધશે અને બીજી આવૃત્તિની અનિવાર્યતા સિદ્ધ થશે. પણ આમ કરવા જતાં કામ જટિલ બને અને થોડું વધારે ખર્ચાળ પણ બને. હિસાબ માંડતાં લગભગ બે લાખ રૂપિયાનો અંદાજ થયો. આ સાહસ કોણ કરે? શ્રી મહાવીર જૈન વિદ્યાલયે આ બીડું ઝડપ્યું. 'જૈન સાહિત્ય સમારોહ'ની પ્રણેત્રી સંસ્થા આ જવાબદારી માથે લે એમાં પરમ ઔચિત્ય પણ હતું. આ માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલયને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે.

'જૈન ગૂર્જર કવિઓ'ના આ પુનઃસંસ્કરણમાં ડૉ. રમણલાલ શાહની વિદ્યાપ્રીતિએ ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. એમણે કેટલાંક ઉપયોગી સૂચનો પણ કર્યાં. અન્ય વર્ણનાત્મક સૂચિઓમાંથી જે પૂર્તિ કરવામાં આવી છે તે એમના સૂચનને આભારી છે. પુનઃસંપાદનની નીતિરીતિ અંગે ડૉ. હરિવલ્લભ ભાયાણીના પરામર્શનનો સતત લાભ મળ્યો છે અને એમણે મુદ્રિત ફરમાઓ જોઈ જવાની તકલીફ ઉઠાવી શુદ્ધિ પણ સૂચવી છે. કેટલાક સંક્ષેપાક્ષરોની ઓળખ નક્કી કરવામાં લક્ષ્મણભાઈ ભોજકની જાણકારી ઉપયોગમાં આવી છે. કીર્તિદા જોશીએ સંપાદનની શ્રમભરેલી કામગીરીમાં મને સહાય કરી છે. આ સૌનો હું ઋણી છું.

જેમના 'ગુજરાતી સાહિત્યકોશ'ની સામગ્રીનો અહીં શુદ્ધિવૃદ્ધિ માટે આધાર લેવામાં આવ્યો છે એ ગુજરાતી સાહિત્ય પરિષદ, 'જૈન ગૂર્જર કવિઓ'ના પુનઃસંસ્કરણ માટે સતત જિજ્ઞાસા બતાવી મને પ્રેરનાર મુનિશ્રી પ્રદ્યુમ્નવિજયજી અને શીલચન્દ્રવિજયજી, પહેલા ભાગની એક-એક નકલ ફાજલ પાડી આપનાર ગુજરાતી સાહિત્ય પરિષદના નિયામક ડૉ. ચંદ્રકાંત ટોપીવાળા અને પાલનપુરનું શ્રી વીર વિદ્યોતેજક પુસ્તકાલય – આ સૌના સદ્‌ભાવભર્યા સહકારનું પણ સુખદ સ્મરણ થાય છે.

અમદાવાદ
૧ ઑગસ્ટ ૧૯૮૬

જયંત કોઠારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રથમ આવૃત્તિના સંપ્રયોજકનું
નિવેદન

[પહેલા ભાગમાંથી]

શ્રીમતી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ તરફથી જૈન સાહિત્યના ઉદ્ધાર અર્થે મૂળથી પ્રયાસો થયા છે અને તેને અંગે તેણે જુદાજુદા ભંડારોમાંના ગ્રંથોની ટીપો કરાવી યા મંગાવી એકત્રિત કરી હતી. સંસ્કૃત-પ્રાકૃત સાહિત્ય માટેની સૂચિ 'જૈન ગ્રંથાવલી' એ નામથી તેણે પ્રકટ કરી છે તે પરથી ઘણો પ્રકાશ પડ્યો છે.

વિશેષમાં તેણે ગુજરાતી યા ભાષાસાહિત્ય માટે રા. મનઃસુખલાલ કિરતચંદ મહેતાએ પ્રયોજેલી રાસાઓની યાદી – ટીપ 'જૈન રાસમાળા' એ નામથી પ્રકટ કરી અને ત્યાર પછી તેમાં ન આવેલ એવા બીજા રાસાઓ-ચોપાઈઓની વધુ ટીપ મેં તૈયાર કરેલી તે 'જૈન રાસમાળાની પુરવણી' એ નામથી પ્રકટ કરી હતી. આ બંને ટીપમાં નાની ભાષા પદ્યકૃતિઓ – સ્તવન સઝાય સ્તોત્રાદિ તેમજ ગદ્યકૃતિઓ – બાળાવબોધોની સૂચિ આવેલી નથી. શ્રીમતી કૉન્ફરન્સ દેવીએ આ રીતે 'જૈન રાસમાળા'ના બે ભાગ ટીપ તરીકે પ્રકટ કરી ગૂર્જર સાહિત્યમાં જૈનોનો મોટો ફાળો હતો એવો ખ્યાલ આપ્યો હતો તે માટે તેને ધન્યવાદ ઘટે છે.

આ ખ્યાલ માત્ર સપાટી પરનો નહીં, પણ ખરેખરો સાચો અને પ્રમાણપૂર્વક આવી શકે તે માટે દરેક રાસ-ચોપાઈ, ફાગ, ઢાળ, સ્તવન, સ્તુતિ, ચોવીશી તેમજ અન્ય પદ્યકૃતિના રચનારને શબ્દાનુક્રમે લઈને તે દરેક કૃતિઓનું વીગતવાર વર્ણનાત્મક 'લિસ્ટ' – સૂચિ, તેનો પરિચય, તેનો સમય અને કૃતિઓ સંબંધીની માહિતી દરેક ભંડારોની ટીપો મળી તે પરથી, પણ વિશેષે ભંડારોમાંની પ્રતોને જાતે તપાસી તેમાંથી તેના આદિ અને અંતના ભાગો, લેખકની પ્રશસ્તિ વગેરે ઉતારી લઈ તે ફેરિસ્ત એક પુસ્તકાકારે પ્રકટ કરાવવા માટે હું એક સંગ્રાહક તરીકે માત્ર પ્રીતિ-શ્રમની ખાતર આજથી આશરે પંદર વર્ષથી તે માટેનો સંગ્રહ કરતો આવ્યો છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ સર્વ સંગ્રહ કરવામાં અથાગ પરિશ્રમ, પ્રતો જોવા-તપાસવામાં ને તેમાંથી ઉતારા કરવામાં પુષ્કળ સમયનો વ્યય મેં એક 'ધૂળધોયા' તરીકે આનંદથી ભોગવ્યો છે. આ સંગ્રહ માટે બીજા સજ્જનો પૈકી મુનિમહારાજો, ભંડારના માલેકો – સંઘો યા સંઘના શેઠો, વિદ્વાનોએ પ્રતો જોવા માટે થોડા સમય માટે મોકલવા રૂપે તેમજ જોઈ જવા માટે સગવડ કરી આપવા રૂપે તેમજ જુદીજુદી સહાય અને સલાહ રૂપે ટૂંકમાં આ સંગ્રહ માટે જે-જે અપેક્ષાઓ રહેતી તે પૂરી પાડવા રૂપે કૃપા બતાવી છે તે માટે તે દરેકનો ખરેખર મારા પર, સમાજ પર અને સાહિત્ય પર ઉપકાર થયો છે.

પહેલાં પ્રથમ જે મુદ્રિત રાસાઓ આદિ બહાર પડેલા તે એકઠા કરી તેમાંથી તેમજ કૉન્ફરન્સ પાસેની આવેલી ટીપો પરથી તૈયાર કરેલી સૂચિઓ પરથી, હકીકત નોંધી લીધી. પછી મેં જાતે પ્રવાસ શરૂ કર્યો. વડોદરા અને અમદાવાદ જઈ આવ્યો. વડોદરામાં પૂજ્ય પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી, મુનિમહારાજ શ્રી ચતુરવિજય-જિનવિજયાદિએ સર્વ પુસ્તકો જોવાની સગવડતા કરી આપી હતી, પરંતુ થોડા દિવસના ફાજલપણાથી પૂરું કામ નહોતું થયું તેથી મુનિશ્રી જિનવિજયજીએ પ્રશસ્તિઓ લખી-લખાવી મને મોકલાવી આપી હતી. અમદાવાદમાં મુરબ્બી ભાઈશ્રી કેશવલાલ પ્રેમચંદ મોદી વકીલની ભલામણથી મુનિ શ્રી ગુલાબ-વિજયજીએ કેટલાક રાસોની પ્રતો જોવા આપી હતી તેમાંથી પ્રશસ્તિઓ તેમની પાસે જ રહી કેટલાક દિવસો અખંડપણે ચારચાર કલાકો ગાળી લખી લીધી હતી. સને ૧૯૧૫માં ઉક્ત પ્રવર્તક શ્રી કાન્તિવિજયજીએ મારી દ્વારા સુરતની ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રદર્શનમાં લગભગ સવાસો ઉપરાંત પ્રતો મોકલી હતી તેનો ઉપયોગ પણ કર્યો. આ વખત સુધી છેવટની પ્રશસ્તિ જ નોંધવાનું લક્ષ રહ્યું હતું. ભાવનગર સંઘ તરફથી મુરબ્બી શ્રી કુંવરજી આણંદજીએ પંદર રાસની પ્રતો મોકલાવી હતી. ત્યાર પછી કૉન્ફરન્સ દ્વારા બીજા કેટલાક સંઘોને પ્રતો ઉછીની મોકલવા માટે વિનંતિપત્ર લખતાં મોરબીના સંઘ તરફથી કાનજી સંઘવીએ, ગારિયાધરના સંઘે, ઘોરાજીમાંના માણેકચંદજીના સંગૃહીત ભંડારના સેક્રેટરી રા. વનેચંદ પોપટે, ભરૂચના સંઘ તરફથી શેઠ અનોપચંદ મલુક-ચંદે પ્રતો મોકલાવી હતી. આ બધી પ્રતો જોવાઈ ગયા પછી તે-તે સ્થળે મોકલાવી દીધી, પછી અમૃતસર કૉંગ્રેસથી આવતાં આગ્રામાં શ્રીયુત દાલ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચંદજી દ્વારા ત્યાંની અમુક કૃતિઓ મેં જોઈ-તપાસી.

સન ૧૯૨૧માં ઑક્ટોબરની છૂટીમાં લીંબડીનો મોટો ભંડાર હું જાતે જઈ જોઈ આવ્યો, અને ત્યાં રા. છોટાલાલ હરજીવન પારેખ અને રા. કેશવલાલ લગડીએ સારી મદદ તથા સગવડ મને કરી આપેલી. સન ૧૯૨૩-૨૪માં પૂનામાં જઈ, મુંબઈ સરકારે ખરીદેલી હસ્તલિખિત પ્રતોનો જે સંગ્રહ પહેલાં ડેક્કન કૉલેજના મકાનમાં રાખેલો હતો ને પછી સર ભાંડારકર ઇન્સ્ટિટ્યૂટમાં લઈ જવામાં આવેલો છે તે ત્યાંથી સાક્ષર મુનિશ્રી જિનવિજયજી દ્વારા જોઈ આવ્યો; તેમજ તે મુનિશ્રીએ પાટણના હાલાભાઈ ભંડાર ને સાગર ભંડારમાંનાં પુસ્તકોની પ્રશસ્તિઓ પોતે ઉતારેલી હતી તે પૂરી પાડી. આ દરમ્યાન વિજયધર્મસૂરિનું ચોમાસું મુંબઈમાં થતાં તેમના પ્રસિદ્ધ શિષ્યો મુનિશ્રી ઇંદ્રવિજયજી તથા મુનિશ્રી વિદ્યાવિજયજીને મેં મારો સંગ્રહ જોવા આપ્યો, અને તેઓશ્રીએ પછી કૃપા કરી પોતાની પાસે તે વખતે જે હસ્તલિખિત પ્રતો હતી તે અને તે ઉપરાંત પંડિત હરગોવિન્દદાસ પાસે ઈડરની બાઈઓનો ભંડાર તથા ઉદયપુરના ભંડારોમાંનાં પુસ્તકોમાંથી તૈયાર કરાવેલ પ્રશસ્તિસંગ્રહ મને જોવા આપતાં તેનો ઉપયોગ કર્યો. રાજકોટ શ્રીપૂજ્યના અપાસરામાં યતિ નાનચંદ્રજીએ પોતાની પાસેનાં પુસ્તકો બતાવ્યાં.

આ પછી ૧૯૨૪ના સપ્ટેમ્બરથી આ પુસ્તક અમદાવાદના ડાયમંડ જ્યુબિલિ પ્રિન્ટિંગ પ્રેસમાં છપાવા ગયું... આ પુસ્તક છપાતું ગયું અને સાથેસાથે બીજા ભંડારોની તેમજ અન્યત્ર જોવા મળ્યે જતી હસ્તલિખિત પ્રતોમાંથી વિશેષ નોંધ કરવાનું પણ ચાલુ રાખવામાં આવ્યું.

મુંબઈમાં માંડવી પરના શ્રી અનંતનાથજી મંદિરના ભંડાર હા. મેનેજર માસ્તર ખીમજી હીરજી લોડાયા, જૈન એસોસિએશન ઑફ ઇંડિયા તથા શ્રી મોહનલાલજી જૈન સેંટ્રલ લાયબ્રેરી હસ્તકનો ભંડાર, સ્વ. યતિ નાનચંદજીના શિષ્ય મોહનલાલજી પાસેનો મુંબઈમાં પાયધુની પરના શ્રી શાંતિનાથજી મંદિરમાં રાખેલ સંગ્રહ તેમજ મુંબઈનો ભુલેશ્વરમાંનો દિગંબર પન્નાલાલ ઐલક સરસ્વતી ભુવનનો સંગ્રહ જોવા મળ્યા. શેઠ જીવણચંદ સાકરચંદે શેઠ દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર લાયબ્રેરી સુરતથી પ્રતો મંગાવી આપી. જોધપુરથી મુનિશ્રી કલ્યાણવિજયજીએ રદ્દી જેવાં છૂટક પાનાંઓ મોકલ્યાં. રાજકોટના દેરાસરમાં પણ તેવાં પાનાંઓ જોવા મળ્યાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશેષમાં ખાસ નોંધી રાખવા યોગ્ય ઉપયોગી સંગ્રહ ગત વર્ષ એટલે સન ૧૯૨૫માં જોવા મળ્યા. તે વર્ષની મેની છૂટીમાં હું વડોદરા ગયો હતો ને ત્યાં પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધીના પ્રીતિપૂર્વક સહકારથી પ્રવર્તક શ્રી કાંતિવિજયજીનો, મુનિશ્રી હંસવિજયજીનો, અને વડોદરા સરકારની સેંટ્રલ લાયબ્રેરીનો – એ ત્રણ સંગ્રહમાંનાં ભાષા-પુસ્તકો જોવા મળ્યાં; અને ઑકટોબરની છૂટીમાં અમદાવાદ ગયો હતો ત્યાં વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદીના તેવા જ પ્રીતિપૂર્વક સહકારથી ડેહલાના અપાસરાના ભંડારો જોવાની સુંદર તક મળી હતી તેમજ ત્યાંની જૈન-શાલાનો નાનો ભંડાર પણ જોયો.

ત્યાર પછી આ વર્ષના એપ્રિલ માસમાં મુંબઈમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મકાનમાં ભરાયેલ આઠમી ગુજરાતી સાહિત્ય પરિષદના અંગેના પ્રદર્શનમાં મૂકવા માટે મેં 'જૈનયુગ'ના તંત્રી તરીકે જૈન હસ્ત-લિખિત ભાષાનાં પુસ્તકો સર્વે સંઘ, સાધુ, યતિ તેમજ ગૃહસ્થોને વિનતિ[૧] કરતાં આવેલાં પુસ્તકો પૈકી ખાનગામવાળા યતિવર્ય શ્રી બાલ-ચંદ્રજીએ, મુંબઈના કચ્છી ગૃહસ્થ શા. વર્ધમાન રામજીએ તેમજ સુરતથી રા. લક્ષ્મીચંદ સુખલાલે મોકલેલાં પુસ્તકોને પણ જોવાનો લાભ મળ્યો. મુંબઈની વિલ્સન કૉલેજના સંસ્કૃતના પ્રોફેસર વેલનકર કે જેઓ સર્વે જૈન પુસ્તકોનું અંગ્રેજીમાં વર્ણનાત્મક કેટલોગ તૈયાર કરે છે તે પૈકી ભાષા-પુસ્તકોની તેમની નોંધો રા. કેશવલાલ પ્રેમચંદ મોદી દ્વારા મળી તેનો અને સિનોર ભંડારમાંનાં પુસ્તકોના આદિ-અંતભાગો મુનિશ્રી અમર-વિજયજીએ પોતાના વિદ્વાન શિષ્ય મુનિ ચતુરવિજય પાસે લખાવી મોકલ્યા તેનો પણ લાભ લીધો. વળી આ વર્ષના મેની છૂટીમાં રાજકોટમાં રા. ગોકુળદાસ નાનજી ગાંધી હસ્તકનો મુનિ વિનયવિજયજીનો પુસ્તકભંડાર પણ જોવાની તક મળી હતી.

આ સર્વેમાંથી આ પુસ્તકને ઉપયોગી જે-જે મળ્યું તે નોંધી લીધું છે અને આ પુસ્તક છપાતું હતું તેથી તેમાં જેટલું ન આવી શકયું તેટલું આ પુસ્તકના બીજા ભાગના પરિશિષ્ટમાં મૂકવામાં આવશે...

અનેક મદદથી આ પુસ્તકમાંનો સંગ્રહ એકત્રિત કરી શકયો છું અને તેથી તેના યશના ભાગી તે સર્વ સજ્જનોને લેખું છું અને તેમનો દરેકનો અંતઃકરણપૂર્વક ઉપકાર માનું છું. આવા મહાભારત સંગ્રહકાર્યમાં

૧. જુઓ જૈનયુગ સં. ૧૯૮૨ના માધનો અંક, પૃ.૨૦૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકલપંડે એક સાહિત્યસેવક બીજાઓની સહાય સામગ્રી વગર વિશેષ ન કરી શકે એ સ્વાભાવિક છે. એ સર્વ સત્પુરુષોનો મારા પ્રત્યેના તેમના સદ્‌ભાવભર્યા પ્રેમ અને વર્તન માટે હું ઋણી છું. એમનું અનુકરણ કરી અન્ય મહાશયો આવા સાહિત્યના કાર્યમાં પોતાથી બની શકે તે સહાય આપી સાહિત્યના ઉદ્ધારના પવિત્ર કાર્યમાં નિમિત્તભૂત બનશે. આવો સંગ્રહ ગમે તેટલી મહેનત છતાં સંપૂર્ણ બની શકે નહીં; છતાં તેને બને તેટલો સંપૂર્ણ કરવાની અને તે માટે સામગ્રી પૂરી પાડવાની દરેક સાહિત્યોત્કર્ષ ચિંતકની ફરજ છે. હજુ તો ઘણા ભંડારો જોવા બાકી છે. રાજપુતાનામાં જેસલમેર, બિકાનેર, જોધપુર આદિ, ને ગુજરાતમાં પાટણ, ખંભાત, અમદાવાદ આદિ તેમજ અન્ય જુદાંજુદાં ગામોમાં ત્યાં-ત્યાંના સંઘ હસ્તકના, કેટલાક યતિવર્યો અને શ્રીપૂજ્યો પાસેના, સંવેગી મુનિમહારાજાઓ પાસેના ભંડારો છે (કે જેની ટીપ માટે જુઓ 'મુદ્રિત જૈન ગ્રંથ નામાવલિ' એ પુસ્તકના પ્રથમના પૃ. LVથી LXII પર જ્ઞાનપુસ્તક ભંડારો). તેમને મારી ખાસ વિનંતી છે કે પોતાની પાસેનાં પુસ્તકો જોવા-તપાસવાની સગવડ કરી આપવા તેઓ કૃપાવંત થાય.

પહેલાં આ સંગ્રહનું નામ 'જૈન દેશી કવિ નામાવલિ' – જૈન કવિ નામાવલિ આપવાનું મેં ધાર્યું હતું અને આ સંબંધીનો ઉલ્લેખ 'જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ હેરૅલ્ડ'ના ફેબ્રુઆરી ૧૯૧૭ના (માઘ સં. ૧૯૭૩ના) અંકમાં તેના તંત્રી તરીકે 'તંત્રીની નોંધ'માં પૃ.૩૯ અને ૪૦માં મૂકેલી નોંધમાં મેં કર્યો હતો, પરંતુ 'દેશી' નામને બદલે 'ગૂર્જર' કે 'ગુજરાતી' મૂકવું ઠીક થઈ પડશે અને 'નામાવલિ' એ મૂકતાં આખું નામ લાંબું થાય તે ઠીક નહીં તેથી તે કાઢી નાખી 'જૈન ગૂર્જર કવિઓ' (એટલે ગુજરાતી ભાષાના જૈન કવિઓ) એ ટૂંકું અને અર્થપૂર્ણ નામ રાખવું એવી એક સાક્ષરની સૂચના થતાં તે ટૂંકું નામ સ્વીકાર્યું છે. પહેલાં તેની યોજના કવિઓના અક્ષરાનુક્રમ પ્રમાણે ગોઠવી હતી, પરંતુ શતકવાર તેમાંના રચનાસંવત પ્રમાણે કવિઓને ગોઠવવાની યોજના કરવાની એક સજ્જને કરેલી સૂચના મહત્ત્વની લાગતાં શતકવાર ગોઠવણ કરી છે.

*

આ સંગ્રહની યોજના એ પ્રમાણે રાખી છે કે ૧. કર્તાનું નામ, ૨. તે કયા ગચ્છમાં કેની પરંપરામાં, તે પરંપરાથી કયા મુનિના શિષ્ય છે તે પરિચય, ૩. તેની નીચે રચનાસમયાનુક્રમે કૃતિ, ૪. તે કૃતિનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રચનાસમય, ૫. તે સાથે તે રચનાનું સ્થલ, ૬. તેની નીચે તે કૃતિનો આદિભાગ, ૭. તે કૃતિનો અંત ભાગ – કવિની પ્રશસ્તિવાળો, ૮. તે પ્રશસ્તિ નીચે તે જે પ્રતમાંથી લીધેલ હોય તે પ્રતના લેખકની પ્રશસ્તિ લખ્યા સાલ લખ્યા ગામ વગેરે, ૯. તે પ્રતિનાં પાનાં અને પંક્તિની સંખ્યા, ૧૦. તે પ્રતિ કયા ભંડારમાં મળે છે તે, ૧૧. પ્રસિદ્ધ થયેલ હોય તો તે કયાં પ્રસિદ્ધ થયેલ છે તે. (તે પ્રસિદ્ધ થયાનું બતાવવા માટે + આ ચિહ્નનો ઉપયોગ કૃતિ પાસે કર્યો છે.)

આ ચિહ્ન સિવાય આ પુસ્તકમાં વાપરેલાં બીજાં ચિહ્નો અને ટૂંકા અક્ષરો સમજવા માટે 'સાંકેતિક અક્ષરોની સમજ' આ પછી જુદી મૂકી છે.

*

આવું પુસ્તક કોઈ સંસ્થાના કે રાજ્યાશ્રય જેવા આશ્રય વગર પ્રકટ ન થઈ શકે, કારણકે આના ગ્રાહક અતિ અલ્પ જ હોય. તેથી મુંબઈની જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ ઑફિસે આ પ્રકટ કરવામાં બતાવેલી ઉદારતા અને કાર્યદક્ષતા માટે તેને ધન્યવાદ ઘટે છે. જૈન સાહિત્યના ઉત્કર્ષ માટેનું તેનું આ કાર્ય યશસ્વી રહેશે. આની પ્રથમ આવૃત્તિનો કૉપીરાઈટ મેં તેને આપી દીધેલ છે. બીજી આવૃત્તિ થાય કે નહીં એ એક પ્રશ્ન છે.

*

મુંબઈ, ૨૬-૬-૧૯૨૬
જ્યેષ્ઠ વદ ૧, શનિવાર,
સં. ૧૯૮૨

મોહનલાલ દલીચંદ દેશાઈ

[બીજા ભાગમાંથી]

આ ગ્રંથનો પ્રથમ ભાગ શ્રીમતી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ તરફથી વિ.સં.૧૯૮૨માં બહાર પડી ગયો તે માટે તેના કાર્યવાહકોને ધન્યવાદ ઘટે છે...તે સંબંધી જુદાજુદા વિદ્વાનો અને પત્રકારોના અભિપ્રાયો આ બીજા ભાગના પરિશિષ્ટ પાંચમામાં આપવામાં આવેલા છે, તે પરથી તેની આંતરિક કિંમત જનતાને જણાશે.

વિશેષમાં પ્રસિદ્ધ સાક્ષરવર્ય શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવે નડિયાદની ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકેના ભાષણમાં મારા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંબંધે નીચેના ઉદ્‌ગાર કાઢ્યા હતા :

"જૂની ગુજરાતી અને અપભ્રંશના ગ્રંથોનો ઉદ્ધાર કરવામાં ચમનલાલ દલાલનો વિદ્વત્તાભર્યો પરિશ્રમ જગજાહેર છે. તે ઉપરાંત મોહનલાલ દલીચંદ શાહે (? દેશાઈએ) પણ આ દિશામાં બહુ ઉપયોગી સેવા કરી છે.

*

મુનિ જિનવિજયજી, મોહનલાલ દલીચંદ વગેરે જૈન ભાઈઓ જૂની ગુજરાતી અને અપભ્રંશયુગના પડ ઉકેલવા મથી રહ્યા છે."

રા. હીરાલાલ ત્રિભોવનદાસ પારેખ બી.એ.એ હમણાં બહાર પડેલી 'કવીશ્વર દલપતરામ હસ્તલિખિત પુસ્તકસંગ્રહ સૂચી' તૈયાર કરી તેના પ્રવેશકમાં જણાવ્યું છે કે :

"એમણે (દી.બા. કેશવલાલભાઈએ) તો ગુજરાતી ભાષાનું મૂળ છેક હેમચંદ્રના અપભ્રંશના સૂત્રોમાં લગભગ તેરમા સૈકા સુધી ખોળ્યું છે; અને એ અભિપ્રાય વજુદવાળો છે એમ, સ્વ. દલાલે ચૌદમા સૈકાના પ્રાચીન ગૂર્જર કાવ્યોનો સંગ્રહ ગા. ઓ. ગ્રંથમાળામાં છપાવ્યો છે તે પરથી, તેમજ 'જૈન ગૂર્જર કવિઓ' ભા.૧માં રા. મોહનલાલ દલીચંદ દેસાઈએ સં. ૧૨૪૧ની 'બાહુબળી (? ભરતેશ્વર બાહુબલિ) રાસ'ની હાથપ્રત નોંધી છે તે આધારે, કહી શકાય.

*

અદ્યાપિ અન્યત્ર વિશાળ સાહિત્ય જૈન ભંડારોમાં સુરક્ષિત પડેલું હશે. તે કેટલું સમૃદ્ધ, વિસ્તૃત, બહોળું ખેડાયલું, અને એવું વિવિધ જાતનું છે, કે જેનો કંઈક ખ્યાલ આવવા અમે વાચકબંધુને શ્રીયુત મોહનલાલ દલીચંદ દેસાઈ સંપાદિત 'જૈન ગૂર્જર કવિઓ ભા.૧' એ નામની હાથપ્રતોની યાદી જોવાની ભલામણ કરીશું.

*

આપણે જોઈ ગયા છીએ કે ગુજરાતી ભાષાનું મૂળ છેક વિક્રમના બારમા સૈકા સુધી ગયેલું છે, અને તેરમા સૈકાની કેટલીક જૈન કૃતિઓ મોજુદ છે, એમ રા. મોહનલાલ સંપાદિત 'જૈન ગૂર્જર કવિઓ ભાગ ૧'માંની યાદી વાંચતાં જણાય છે. પ્રસ્તુત સંગ્રહમાંની હાથપ્રતોમાં પણ નરસિંહ મહેતા પૂર્વેના જૈન ગ્રંથો નોંધાયલા જણાશે."

શ્રી અંબાલાલ ખુલાખીરામ જાની બી.એ.એ પોતે સંપાદિત કરેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'વિષ્ણુ-ભીમકૃત હરિલીલા ષોડશકલા'ના પોતાના વિદ્વત્તાભર્યા વિસ્તૃત ઉપોદ્ઘાતમાં આ સંગ્રહ-ગ્રંથનો ઉલ્લેખ એવી રીતે કર્યો છે કે "જુઓ સાક્ષર શ્રી મોહનલાલ દલીચંદે સંયોજન તેમજ સંવિધાનપુરઃસર રચી પ્રકટ કરેલો મહામૂલો મહાભારત સૂચિગ્રંથ 'જૈન ગૂર્જર કવિઓ' ભાગ ૧લો."

ઉક્ત પ્રથમ ભાગ છપાવા દરમ્યાન અને છપાયા પછી અત્યાર સુધી આ સંગ્રહને બને તેટલો સંપૂર્ણ કરવા માટે જુદાંજુદાં સ્થળોએ રહેલા ભંડારો જોવા-તપાસવાની સતત મહેનત મારા તરફથી ચાલુ રહી છે. તે ભંડારોનો અત્ર ઉલ્લેખ કરવામાં આવે છે. સં.૧૯૮૨ની વિજયાદશમીએ ખંભાત જવા મુંબઈથી નીકળી ત્યાં દસેક દહાડા સ્થિતિ કરી ત્યાંના વિજયનેમિસૂરીશ્વર જ્ઞાનમંદિરમાંનો ભંડાર અને ત્યાંની જૈનશાળામાંનો મુનિ શ્રી લાવણ્યવિજયનો ભંડાર એ બેમાંના ભાષાના કાવ્યગ્રંથો – રાસ ચોપાઈ આદિ હસ્તલિખિત ગ્રંથો જોવાની તક મળી હતી અને કેટલુંક નવીન સાહિત્ય મળી આવ્યું હતું. આ માટે શેઠ મૂળચંદ પાનાચંદ, શેઠ કસ્તૂરચંદ અમરચંદ, શેઠ નાનજી અમરચંદ વગેરેનો ઉપકાર માનું છું. આ ઉપરાંત ત્યાં રા. હીરાલાલે રા. કેશવલાલ ભોગીલાલ દ્વારા શ્રી શાંતિનાથના મંદિરમાં રહેલ તાડપત્રોના ભંડારનું દર્શન કરવાનો સુપ્રસંગ પ્રાપ્ત કરાવ્યો હતો તે માટે તેમનો ઉપકૃત છું.

સં.૧૯૮૩ની મેની છૂટીમાં પાટણ શ્રી ભોગીલાલ હાલાભાઈને ત્યાં રહી ત્યાંના ફોફલિયાવાડાના, સંઘના તથા સાગર ઉપાશ્રયના ભંડારો ત્યાં પંદરેક દિન નિવાસ કરી જોયા-તપાસ્યા, તે માટે શેઠ ભોગીલાલનો પરમ ઉપકાર સ્વીકારું છું. ત્યાંથી અનેક સામગ્રી ઉક્ત ગ્રંથમાં આવેલ કૃતિઓની ત્રુટિઓ પૂર્ણ કરવામાં મળી. આ સંગ્રહગ્રંથમાં મુકાયેલ કૃતિઓમાં મુખ્યપણે પ્રવર્તક શ્રીમન્ કાંતિવિજય, જિનવિજય આદિની સહાયથી પાટણના ભંડારોમાંની કૃતિઓની અંતિમ પ્રશસ્તિઓ લગભગ આવી ગઈ હતી, ને તેનાં આદિનાં મંગલાચરણો વગેરે નહોતાં લખાયાં તે અત્ર લખી લેવામાં આવ્યાં અને એ રીતે તે સંગ્રહ તેટલો સંપૂર્ણ બની શક્યો. નવીન બહુ જૂજ હતું. વિશેષમાં ગુજરાતનું એક વખતનું છસો-સાતસો વર્ષ સુધીનું પાટનગર, જૈન મુત્સદ્દી અને મંત્રીઓનું કાર્યક્ષેત્ર અને એક મુખ્ય જૈન શહેર એવું આ પાટણ જોવાનું સદ્ભાગ્ય પહેલપ્રથમ પ્રાપ્ત થયું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઑક્ટોબરની છૂટીમાં સુરતમાં શેઠ જીવણચંદ સાકરચંદ ઝવેરીના મિત્ર શેઠ ભુરાભાઈ નવલચંદ ઝવેરીને ત્યાં રહી ત્યાંના જૈન ગ્રંથભંડારો નામે શ્રી સીમંધર સ્વામીના મંદિરાંતર્ગત જૂનો ભંડાર, વડા ચૌટાના ઉપાશ્રયનો ભંડાર, વડા ચૌટાનો બીજો મારા મિત્ર રા. ડાહ્યાભાઈ મોતીચંદ વકીલ બી.એ.એલએલ.બી. હસ્તકનો ભંડાર, શ્રી મોહનલાલજી જૈન શ્વે૦ જ્ઞાનભંડાર, જિનદત્તસૂરિ ભંડાર અને જૈનાનંદ પુસ્તકાલય ભંડાર જોયા. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ મંદિર તથા સગરામપુરાના ઉપાશ્રયમાંની થોડી પ્રતો પણ જોઈ. આ જોવાકારવવામાં ઉક્ત શેઠ ભુરાભાઈ, રા. ડાહ્યાભાઈ વકીલ, શેઠ ચુનીલાલ ગુલાબચંદ દાલિયા, રા. મગનલાલ બદામી વકીલ, શેઠ બાલુભાઈ ઉત્તમચંદ, રા. ઠાકોરભાઈ, શેઠ પાનાભાઈ ભગુભાઈ, રા. પોપટલાલ પૂંજાભાઈ, શેઠ રતનચંદ ખીમચંદ આદિએ જે સહાય આપી છે તે માટે તે સર્વેનો આભાર માનું છું. (વિશેષ માટે જુઓ જૈનયુગ, ભાદ્રપદ-આશ્વિન ૧૯૮૩નો અંક 'પાટણ અને સુરતની જ્ઞાનયાત્રા' એ નામની મારી તંત્રી તરીકેની નોંધ પૃ.૪–૫.)

સં.૧૯૮૪માં નાતાલની રજામાં અમદાવાદ જઈ શ્રી વીરવિજયના અપાસરાનો ભંડાર રા. અમૃતલાલ ચુનીલાલ દ્વારા જોવાની સુપ્રસિદ્ધ આગેવાન રા. કેશવલાલ પ્રેમચંદ મોદી બી.એ.એલએલ.બી. વકીલે ગોઠવણ કરી આપી, ને તે ભંડારના સાચવનાર શેઠ મણિલાલ ગોકળદાસ જકાભાઈએ પૂરી સગવડતા કરી આપી તે માટે તે બધાનો ઉપકાર. ત્યાં ચાર દિવસ કાર્ય કર્યા પછી પાલણપુરમાં શ્રી જિનવિજય અને પં. સુખલાલ સાથે જઈ ત્યાંના સુપ્રસિદ્ધ શેઠ (હાલ સ્વ૦) ચંદુલાલ કોઠારીને ત્યાં ઊતરી ત્યાંના ડાયરાના અપાસરાનો ભંડાર મુનિ ધીરવિજયની સહાયથી જોવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું ને પછી આરાસણના ભવ્ય અને ઉત્તમ શિલ્પકલાની મૂર્તિ સમાં જૈનમંદિરોની તીર્થયાત્રા કરી ત્યાંના શિલાલેખો શ્રી જિનવિજયની મહત્ કૃપા અને વિદ્વત્તાના યોગથી ઉતારી લીધા. (વિશેષ માટે જુઓ 'જૈનયુગ'નો પોષ ૧૯૮૪નો અંક, તેમાં 'અમારી જ્ઞાનયાત્રા તથા તીર્થયાત્રા' એ નામની મારી તંત્રી તરીકેની નોંધ પૃ. ૧૩૨–૧૩૪ તથા 'અમારો પ્રવાસ' એ નામનો પંડિત સુખલાલજીનો લેખ પૃ.૧૩૯થી ૧૪૫) આ વર્ષની મેની છૂટીમાં ખેડા જઈ શ્રીયુત રતિલાલ મોહનલાલ દલાલને ત્યાં ઊતરી ત્યાંના અગ્રેસર શેઠ બાલુભાઈ મોહનલાલ દ્વારા મોટા મંદિરમાં આવેલો પુસ્તકભંડાર (નં.૧), મુનિ ભાગ્યરત્ન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાસેનો ગ્રંથભંડાર (નં. ૨), રસુલપરામાં ભાવસાર શ્રાવકોથી વહીવટ કરાતા દેરાસરમાંનો ગ્રંથભંડાર (નં. ૩) અને ત્યાંની સુમતિરત્ન જૈન લાયબ્રેરીમાંના ત્રણ દાબડા તેના મંત્રી અને 'ખેડા વર્તમાન'ના તંત્રી રા. સોમચંદ પાનાચંદ શેઠની કૃપાથી તપાસ્યા. આ કાર્યમાં મુનિ ભાગ્યરત્નની સહાય ખાસ નોંધવા જેવી છે. તેમનો હૃદયપૂર્વક આભાર માનું છું. (વિશેષ માટે જુઓ 'જૈનયુગ'ના સં. ૧૯૮૪ના જ્યેષ્ઠના તથા આષાઢ-શ્રાવણના અંકમાં 'અમારો ખેડાનો જ્ઞાનપ્રવાસ' પૃ. ૩૫૪–૩૫૬, ૪૦૧ અ –૪૦૯.) નડિયાદમાં ઑકટોબર ૨૬–૨૮ તારીખે ભરાયેલી નવમી ગુજરાતી સાહિત્ય પરિષદમાં ભાગ લઈ પછી રાજકોટમાં રા. ગોકુળદાસ નાનજી ગાંધી પાસેનાં હસ્તલિખિત પુસ્તકો પૈકી થોડાંની ઉપયોગી પ્રશસ્તિઓ ઉતારી. (જૈનયુગ, કાર્તિક–માગશર સં.૧૯૮૫નો અંક, 'અમારો પ્રવાસ' પૃ. ૧૬૩–૧૬૫.)

સં.૧૯૮૫માં કલકત્તાના આગેવાન બાબુશ્રી પૂરણચંદ નાહર એમ. એ.બી.એલ.ની કૃપાથી પોતે મહામહેનત અને પુષ્કળ દ્રવ્યના વ્યયથી ત્યાં સ્થાપેલ ગુલાબકુમારી લાયબ્રેરી (વિશેષ માટે જુઓ 'જૈનયુગ'નો સં. ૧૯૮૫ના ભાદ્રપદથી ૧૯૮૬ના કાર્તિક સુધીનો અંક પૃ.૧૧૫–૧૧૬)-માંથી વેબરનું કેટલોગ, પોતે કરેલ પ્રશસ્તિસંગ્રહ અને કેટલીક પ્રતો પ્રાપ્ત થઈ, તેમાંથી ઉપયોગી નોંધ કરી લીધી. ઑકટોબરની છૂટીમાં વઢવાણ કેંપવાળા રા. રતિલાલ લખમીચંદ શાહ સાથે ઝીંઝુવાડા જઈ ત્યાં શ્રી ઉમેદ-ખાંતિ જૈન જ્ઞાનમંદિરમાંની હસ્તલિખિત ૪૨૭ પ્રતો પૈકી ભાષામાં લખાયેલ રાસ ચોપાઈ આદિ જોઈ લીધાં તેમાંથી મારા સંગ્રહમાં આવેલ રાસ વગેરેથી કાંઈ નવીન ન સાંપડયું, છતાં તેમાં આપેલી લેખક (લહિયા)ની પ્રશસ્તિઓ વગેરે ઉતારી લીધું. (વિશેષ માટે જુઓ 'અમારો જ્ઞાનપ્રવાસ ૧ ઝીંઝુવાડા'એ નામનો લેખ જૈનયુગ, ભાદ્રપદ ૮૫–કાર્તિક ૮૬નો અંક પૃ.૧૦૭–૧૧૧, અને આષાઢ–શ્રાવણ ૧૯૮૬નો અંક પૃ. ૪૨૭–૪૩૦.) ત્યાં છએક દિવસ રહી વીરમગામ સુપ્રસિદ્ધ આગેવાન વકીલ શ્રી છોટાલાલ ત્રિકમલાલને ત્યાં ત્રણ દિવસ વાસો કરી તેમની સહાયતાથી ત્યાંની લાયબ્રેરીની થોડી પ્રતો, તથા સંઘના ભંડારની પ્રતો જોઈ લીધી.

સ્વ. મુનિશ્રી ભક્તિવિજયજીના શિષ્ય મુનિ જશવિજયે મારા પર છૂટકછૂટક અનેક નાની કૃતિઓ મોકલી અને તેમના આદેશથી હસ્તરની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છૂટીમાં વડોદરા રાજ્ય પાંચમી પુસ્તકાલય પરિષદ પાટણ તરફથી આમંત્રણ આવતાં પુનઃ પાટણ જઈ તે પરિષદ તરફથી ભરાયેલા પ્રદર્શનનો (જૈનયુગ, વૈશાખ-જેઠ ૧૯૮૬નો અંક પૃ. ૩૭૯-૩૮૨) અને ઉક્ત મુનિશ્રીની પાસેના ગ્રંથસંગ્રહનો અનેકવિધ લાભ લીધો. ઉક્ત મુનિ જશવિજય અનેક પુસ્તકોની શોધખોળ કરી સંગ્રહ કર્યે જાય છે અને તેના ખપીને આનંદપૂર્વક વિના સંકોચે સહાય આપતા રહે છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. મારા પર તેમની ઘણી કૃપા છે તેથી તેમના સંગ્રહનો લાભ લઈ રહ્યો છું ને હજુ પણ ઠેઠ સુધી લઈ શકીશ. તેમનું ઋણ ભૂલી શકાય તેમ નથી.

*

આ ભાગમાં (પ્રસ્તાવના તરીકે) 'જૈનો અને તેમનું સાહિત્ય' એ સંબંધી મારો લખેલો એક વિસ્તૃત નિબંધ પ્રથમ ભાગના નિવેદનમાં જણાવ્યા પ્રમાણે આપવાનો વિચાર હતો પરંતુ તેને સપ્રમાણ સંશોધિત વર્ધિત આકારમાં પુનઃ લેખારૂઢ કરી મૂકવાનો અને ખાસ કરી જૈન આગમસાહિત્યનો ઇતિહાસ ઉમેરવાનો મારા સહૃદય મિત્રો અને ખાસ કરી મારા સુહૃદ રા. મોહનલાલ ભગવાનદાસ ઝવેરીનો આગ્રહ થતાં તેમ કરવાનો અથાગ પરિશ્રમ આરંભ્યો. તેનું નામ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' રાખી શ્રીમન્ મહાવીર પ્રભુના આગમસાહિત્યથી શરૂ કરી એકએક પ્રકરણ લખાતું ગયું, સાતસાત પ્રકરણોનો એક વિભાગ કરવામાં આવ્યો, ને જેમજેમ તૈયાર થાય તેમતેમ ૫૦-૧૦૦ પૃષ્ઠ છાપવા મોકલાતાં ગયાં ને તેનું કદ વધી પડ્યું. મૂળ ધારેલાં ત્રણથી ચારસો પૃષ્ઠ, ને થઈ ગયાં તેથી લગભગ બમણાં, એટલે છ વિભાગમાં હીરવિજયસૂરિના સમય સુધીનાં ૫૬૦ પૃષ્ઠ છપાઈ ગયાં ત્યારે તે ઇતિહાસને જુદા જ પુસ્તક રૂપે બહાર પાડવો યોગ્ય થશે એમ સમજાતાં અઢારમી સદીના કવિઓનો આ બીજો ભાગ કે જે કચારનો (સને ૧૯૨૮ના સપ્ટેંબર પહેલાં) છપાઈ ગયો હતો તે હાલ પુસ્તક રૂપે તુરત પ્રકટ કરી દેવામાં આવે છે. તેની ઉક્ત પ્રસ્તાવના - જૈન સાહિત્યનો ઇતિહાસ હવે પછી થોડા માસમાં જુદા પુસ્તક રૂપે બહાર પડશે; અને ત્યારે શ્વેતામ્બર જૈનોએ આર્ય સંસ્કૃતિની ભવ્ય ઇમારતમાં કેટલો સુન્દર ફાળો આપ્યો છે તે જણાશે.

*

ગુજરાતને ચરણે પ્રથમ ભાગ ધરતાં મેં જે આશા રાખી હતી તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘણે અંશે ફલિત થઈ છે તેથી વીસ વર્ષના મારા પરિશ્રમના ફલ રૂપે તૈયાર થયેલ આ બીજા ભાગની કદર પણ સમસ્ત ગુજરાત એટલે ગુજરાત–મહાગુજરાત અવશ્ય કરશે એવી ખાત્રીભરી આશા છે. આ પ્રકટ કરવામાં આપણી મહાસંસ્થા નામે શ્રીમતી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સને જૈન શ્વે૦ સમાજ અચૂક ધન્યવાદ આપશે અને તેનું ઋણી ગુજરાતી સાહિત્ય પોતાના અસ્તિત્વ સુધી રહેશે.

પ્રથમ ભાગ અને આ બીજો ભાગ બંને થઈને વિક્રમ તેરમીથી અઢારમી સદીના ગુજરાતી ભાષાના જૈન કવિઓની જે નોંધ કરે છે તે પરથી અત્યાર સુધી ગુજરાતી સાહિત્યના પદ્યસાહિત્ય સંબંધી જે-જે સિદ્ધાંતો (theories) યા અનુમાનો બંધાયાં હતાં તેમાંનાં ઘણાં સ્વતઃ ઊડી જાય છે ને કેટલાંકમાં પરિવર્તન કે વૃદ્ધિ કરવામાં પ્રામાણિકતા સિદ્ધ થાય છે. આ સર્વથી ક્રાંતિકારક સ્થિતિ ઉપસ્થિત થવાથી આશ્ચર્યચકિત થવાનું નથી. જેમજેમ શોધખોળ થતી જાય, ને તેને પરિણામે જૂનું ઉપલબ્ધ થતું જાય તેમતેમ પૂર્વકાલે વિદ્યમાન ઉપલબ્ધ સામગ્રી અને સાહિત્ય પરથી ઘડેલાં અનુમાનોમાં શુદ્ધિ કે હાનિવૃદ્ધિ કરવી જ પડે એ કુદરતી છે. તેમ કરવામાં સાંપ્રદાયિક મોહ કે પ્રાંતિક યા કોમી અભિનિવેશ અંતરાયભૂત થવો ન ઘટે. સાહિત્યની માલેકી સાર્વજનિક છે અને તેને તો ગમે તે સ્થળેથી પ્રાપ્ત થતાં વધાવવું જ જોઈએ.

આ વક્તવ્યને સમર્થન કરતું રા. હીરાલાલ ત્રિ૦ પારેખનું નીચેનું કથન સમસ્ત ગુજરાતના સાહિત્યપ્રેમીઓ લક્ષમાં રાખશે :

"જૈન સાહિત્ય અને બ્રાહ્મણ સાહિત્ય, એ સંજોગવશાત્ પડેલા કૃત્રિમ ભેદો છે. ભાષા અને સાહિત્યની દૃષ્ટિએ, એ બંને સાહિત્યોનો પદ્ધતિસર અને ઐતિહાસિક રીતે અભ્યાસ થવાની જરૂર છે; તે પરથી બંને સાહિત્યની વિવિધતા અને સમૃદ્ધિનો પરસ્પર સંબંધ, એકબીજા ઉપર થયેલી અસર, દરેકની વિશિષ્ટતા અને પ્રજ્ઞના ઉત્કર્ષમાં દરેકે શો હિસ્સો આપેલો છે, તે બધાની સરખામણી અને તુલના કરવાનું અને તપાસવાનું, બની આવશે. તેથી એ કૃત્રિમ ભેદને હવે વિશેષ અવકાશ કે ઉત્તેજન ન આપતાં, સઘળું સાહિત્ય એક જ ભાષાસાહિત્યની દૃષ્ટિએ અવલોકાય અને તેનો યોજનાપૂર્વક અભ્યાસ થાય, એ ઇચ્છવા-યોગ્ય અને ઇષ્ટ છે."

એમ થતાં ગૂર્જર સાહિત્યરૂપી મહાવૃક્ષ અનેક રીતે અને અનેક દિશામાં ફૂલ્યુંફાલ્યું થઈ ભારતના – અલબ્ત જગતના સાહિત્યમાં પોતાનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યથાસ્થિત મૂલ્ય અંકાવશે. જય હો ગૂર્જર સાહિત્યનો !

ત્રીજે માળે, તવાવાલા બિલ્ડિંગ,
લોહારચાલ, મુંબઈ
તા. ૭-૧-૧૯૪૧ બુધવાર,
પોષ વદ ૩ સં.૧૯૯૭

મોહનલાલ દલીચંદ દેશાઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અભિપ્રાયો

['જૈન ગૂર્જર કવિઓ' (પ્રથમ આવૃત્તિ)ના ભાગ પ્રગટ થતા ગયા તેમતેમ પત્ર રૂપે તેમજ અવલોકન રૂપે ઘણા અભિપ્રાયો વ્યક્ત થયેલા. 'જૈન ગૂર્જર કવિઓ'ની પ્રથમાવૃત્તિના બીજા-ત્રીજા ભાગમાં તથા 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'માં એ અભિપ્રાયો છાપવામાં આવેલા. અહીં એમાંથી મહત્ત્વના અંશો ઉદ્ધૃત કર્યા છે ને એમને ઉચિત શીર્ષકો આપી રજૂ કર્યા છે.]

મોહનભાઈ જો ન જન્મ્યા હોત

આ ગૌરવભરેલા ગ્રંથના 'સંપ્રયોજક' શ્રીયુત મોહનલાલ દ. દેશાઈ આ વિષયમાં, અમારા સમવ્યસની અને સમસ્વભાવી ચિરમિત્ર છે. જૈન સાહિત્ય અને જૈન ઇતિહાસના પરિશીલનનો તેમને ઘણો જૂનો રોગ છે. જે વખતે અમને કલમયે ઝાલતાં નહોતી આવડતી તે વખતના એ જૈન ઇતિહાસ અને જૈન સાહિત્યના વિચારઘેલા અને અનન્ય આશક બનેલા છે. કોઈ ૨૦-૨૨ વર્ષથી જે એક પોતાના પ્રિય વિચારરૂપ સુપુત્રની એ પ્રતિપાલના કરતા આવ્યા છે તેના લગ્નોત્સવ સમાન સૌભાગ્યભરેલા સુપ્રસંગ જેવો, આ ગ્રંથને પ્રકાશમાં મૂકવાનો તેમના માટે સુઅવસર આવેલો ગણાય. અને એ સુઅવસરને જોવા મોહનભાઈ સફળ થયા તે માટે અમે એમને વધામણી આપીએ છીએ.

આ યુગના જૈન વ્યવસાયી ગૃહસ્થોમાં મોહનભાઈ જૂના જૈન ગુજરાતી સાહિત્યના અભ્યાસી તરીકે સર્વાગ્ર છે એમ જો કહીએ તો તેમાં જરાયે અમને અતિશયતા નથી લાગતી. કયાં તો વકીલાતનો વહેતો ધંધો અને કયાં આ અખંડ સાહિત્યસેવા! ખરી રીતે જ્યાં આ બે પ્રવૃત્તિઓને જરાયે મેળ નથી ત્યાં મોહનભાઈ આવું અત્યુત્તમ ફળ નિપજાવી શકયા તે માટે એમના ઉદ્યોગની શી વર્ણના કરી શકાય! કેવળ સાહિત્યપ્રવૃત્તિ એ જ જેમના જીવનનિર્વાહનો ખાસ ઉપાય હોય અને એ જ જાતનું જીવન જીવવા માટે જેઓ સરજાયા હોય તેવા પુરુષો પણ, જે કાર્ય મોહનભાઈએ કરી બતાવ્યું છે તે કરી બતાવવા ભાગ્યે જ ભાગ્ય-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાળી નીવડે છે. મોહનભાઈ જો ન જન્મ્યા હોત તો કદાચ જૈન ગૂર્જર કવિઓની ઝાંખી કરવા જગતને ૨૧મી સદીની વાટ જરૂર જોવી પડત.

...સૂંઠને ગાંઠિયે ગાંધી જેવા બનેલા સાક્ષરવર્ગમાંના મોટા ભાગને તો આ ગ્રંથનાં પૂરાં પાનાં ફેરવી જવા જેટલું ધૈર્ય પણ હોવું કઠણ છે ત્યારે મોહનભાઈ તો આવા અનેક ભાગો લખી, સુધારી, છપાવી બહાર પાડવાના હજી તો મોટા મનોરથો કરી રહ્યા છે. ભગવતી શ્રુતદેવતા એમના આ મહનીય મનોરથોને સફળ કરવાની શુભ તક આપે.

જૈન સાહિત્ય સંશોધક — **જિનવિજય**

ફાલ્ગુન સં.૧૯૮૩ — આચાર્ય, ગુજરાત પુરાતત્ત્વ મંદિર

આવી સેવા બજાવનાર કોઈ નથી

તમારી મહેનત અથાગ છે. તમે જૈન ગુજરાતી સાહિત્યની જેવી સેવા બજાવી છે તેવી જૈનેતર ગુજરાતી સાહિત્યની સેવા બજાવનાર કોઈ નથી.

તા. ૨૫-૧૧-૧૯૨૬ — **કેશવલાલ હ. ધ્રુવ**

મારા સામર્થ્યની બહાર

આવા આકરગ્રંથનું અવલોકન લખવું એ મારા જેવાના સામર્થ્યની બહાર છે.

તા. ૯-૮-૧૯૩૧ — **નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા**

આની કદર કોણ કરી શકે ?

આવા સંગ્રહની કદર સામાન્ય રીતે વાંચનાર કરતો નથી. સંગ્રહની ગણના મૌલિક ગ્રંથથી ઊતરતી કરાય છે પણ આવા શાસ્ત્રીય સંપાદનની કિંમત સાહિત્યમાં ઘણી મોટી છે અને તેની મહેનત તો તે પ્રકારનું કામ કર્યું હોય તે જ સમજે છે.

પ્રસ્થાન, દીપોત્સવી અંક ૧૯૮૩ — **રામનારાયણ વિ. પાઠક**

અંધારી ગુફામાં મશાલ લઈ જનાર

જૈન સાહિત્યકારોએ ગૂર્જરી વાણીની શી-શી સેવા કરી તેની આજ પ્રતીતિ પડે છે. નરસિંહ મહેતાની પૂર્વે પણ પાંચ-છ સદીઓ સુધી ગૂર્જર સાહિત્યનું ગૌરવ, મધપૂડામાં મધુ પૂરતી મધમાખીઓની માફક પુષ્કળ જૈન કવિઓ સંધરી રહ્યા હતા – અને તે કેવળ એક જ દિશામાં નહીં : ઇતિહાસ, વાર્તા, કાવ્યો, સુભાષિતો, અલંકારશાસ્ત્રો અને કઠોર વ્યાકરણ : એવી સર્વદેશીય સાહિત્ય-આરાધનામાં સાધુઓ સુધ્ધાં શામિલ હતા...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*

પાંચ સદીઓની આ અંધારી ગુફામાં મશાલ લઈ જવાનો યશ રા. મોહનલાલ દલીચંદ દેશાઈને મળે છે...સવા વર્ષથી એ બંધુ 'જૈનયુગ' નામનું માસિક કાઢી, ઇતિહાસ, ભાષા અને સંસ્કૃતિની દૃષ્ટિએ ચૂપચાપ સંગીન સંશોધનકાર્ય કર્યે જાય છે. પણ કમભાગ્યે જનસમુદાયની આંખો આડે પંથદૃષ્ટિના કાચો જડાયા હોવાથી એમના પ્રયાસો બહુ થોડાની જ નજરે ચડતા હશે.

સૌરાષ્ટ્ર — **રા. કેતુ**
તા. ૫-૨-૧૯૨૭ — 'કલાને મંદિરે'

અપૂર્વ સાહસ

ગૂર્જર સાહિત્યમાં પ્રાંતિક અસ્મિતાની જે જવાલા પ્રગટ થઈ છે તેને અજવાળે-અજવાળે આપણી ભાષા તથા ઇતિહાસના ઊંડા ભૂતકાળની ગુફામાં પ્રાચીનતાના અનેક આશકો આજે પરિભ્રમણ કરીકરી આપણા અસલી બળનું પ્રેરણાસ્થળ શોધી રહ્યા છે. એ ત્વરિત ગતિથી ખોદાઈ રહેલા સંશોધનપ્રદેશમાં પ્રસ્તુત ગ્રંથના કર્તાએ કરેલું અપૂર્વ સાહસ આજે ગુજરાત સહર્ષ વધાવી લેશે.

સૌરાષ્ટ્ર, તા. ૫-૨-૧૯૨૭ — **'નવો કાલ'માંથી**

મૂલ્યવંતાં કવિરત્નોનો પરિચય

રા. રા. મોહનલાલ દલીચંદ દેશાઈએ પ્રાચીન જૈન સાહિત્યરૂપી અત્યાર સુધીમાં અપ્રકાશિત રહેલી રત્નખાણુમાંથી મહાન અને મૂલ્યવંતાં કવિરત્નોનો...પરિચય કરાવ્યો છે. એ સાધુજીવન જીવનારા મહાત્મા જૈન કવિઓએ પોતાના સમયમાં પોતાના સહબંધુ, અલ્પજ્ઞ વા જિજ્ઞાસુ અને જ્ઞાનપિપાસુ જનસમૂહને પોતાની આખ્યાનકૃતિઓ દ્વારા ધર્મ, તત્ત્વ, સાહિત્ય, ઉપદેશ, ભક્તિ, નીતિ, સંસાર સંબંધમાં આવશ્યક માર્ગદર્શક જ્ઞાનજ્યોતિ દાખવી, અને તેમનામાં ઉન્નત જીવન જીવવાનું બળ ઉદ્ભાવ્યું અને સદાગ્રહ પ્રેર્યો છે...

...તેમણે સાથેસાથે આ ગ્રંથ 'રેફરન્સ' તત્ત્વદર્શી સૂચક આકર-ગ્રંથ તરીકે અભ્યાસકોને તેમ પર્યેષકોને પણ ઉપયોગી થઈ શકે તે સારુ તેના અંતભાગમાં વિવિધ સૂચિઓ અને અનુક્રમણિકાઓ અને આરંભમાં પણ વિસ્તૃત વિષયાનુક્રમણી સંયુક્ત કરી છે...

ગુજરાતી, તા. ૨૭-૧૧-૧૯૨૭ — **અંબાલાલ બુલાખીરામ જાની**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનન્ય પ્રીતિપરિશ્રમ

પ્રયોજકે આ ગ્રંથ તૈયાર કરવામાં લગભગ પંદર વર્ષ ખર્ચ્યાં છે એ એક જ વાત આ પુસ્તકની મહત્તા સૂચવવા બસ થશે. ભાષાનો ક્રમિક વિકાસ કેવી રીતે થયો, કયાકયા કવિએ ભાષાસાહિત્યના અંગને કેવી રીતના શૃંગાર સજ્યા અને એ દરેક કવિની પ્રતિભા કેટલી ધારદાર હતી તે બતાવવા માટે પ્રયોજકે પ્રસ્તાવનામાં કહ્યું છે તેમ 'ધૂળધોયા' તરીકેનો આનંદ અનુભવી શકે તે જ કંઈક પોતાનો અધિકાર સ્થાપી શકે અને અમને જાણીને આનંદ થાય છે કે માત્ર જૈન સાહિત્યસેવકોએ જ નહીં પણ ગુજરાતી સાહિત્યના સર્વ ઉપાસકોએ રા. દેશાઈના આ ગ્રંથ તેમજ તે પાછળના અનન્ય પ્રીતિપરિશ્રમની મુક્તકંઠે પ્રશંસા કરી છે.

જૈન, તા. ૧૮-૩-૧૯૨૮

A Wonder to Stare at

The publication is the most monumental bibliographical work...He says that so many collections of mss. in private possessions of priests remain to be examined ...If all this booty be gathered, what a vast literature will be revealed! It would be really a wonder to stare at.

'ઑરિજિન ઍન્ડ નેચર ઑફ્ ધ ડાયલેક્ટ (ઑર ડાયલેક્ટ્સ) ઑલ્ડ અપભ્રંશ' એ નિબંધ — **મધુસૂદન ચિમનલાલ મોદી**

A Tresure House of Old Poems

This is a treasure house of old poems written by Jain poets in Gujarati...The collection is the result of Mr. Desai's persistence and assiduity as he has hardly left a single Jain Bhandar unexplored, wherever and whenever he could help it...We congratulate Mr. Desai in his *magnum opus*...

મૉડર્ન રિવ્યૂ, જાન્યુઆરી ૧૯૨૭ — **કૃષ્ણલાલ મો. ઝવેરી**

અનંત ધૈર્ય

સાહિત્ય એક સાધના છે – તેમાં અનંત ધૈર્ય કેટલું આવશ્યક છે તે તમારા આ પ્રકાશન ઉપરથી સમજાય છે.

તા. ૧૮-૧૨-૧૯૨૬ — **'સુશીલ'**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

A Book for Book-makers

Your book is really a book for book-makers.

તા. ૧૭-૨-૧૯૨૭ **નાનાલાલ ચીમનલાલ મહેતા**

એક જ પુસ્તક પૂરતું

'પ્રાચીન ગુજરાતી ભાષાના સાહિત્યની શ્રીવૃદ્ધિ પણ મોટે ભાગે જૈનોને જ આભારી છે' આ સત્યને બહાર લાવવામાં રા. દેશાઈનું આ એક જ પુસ્તક પૂરતું છે.

તા. ૫-૮-૧૯૨૭ **પં. હરગોવિંદદાસ ત્રિ. શેઠ**

અનેક રીતની શાસ્ત્રીય રચના

પ્રાણુતઈ એ ચવિય દેવલોકિ, **ત્રિસલાદે** કુખિ અવતરિઉ એ.
અવતરિઉ સામિય ત્રિહઉં નાણઇ દેવિ **ત્રિસલા**-ઉયરે,
સુહ અદ્ધ રત્તિ સુપન દેખઈ દહઇ ચઉ નિદ્દા ભરે.
સિંહ ગયવર વસહ સિય કલ વિમલ પદમા ભામિણી,
વર પુપ્ફમાલા ગુણ વિસાલા સોમ રથિ ધજ ચારૂણી. ૧

અંત – **સચ્ચઉર** નયરિહિ ગુરૂય રંગિહિ જુવનમલ જિણિ ભગ્ગઉ,
હમ્મીર જસુ ભય જાઇ નટ્ઠઉ, **વીર** ચલણા લગ્ગઉ.
સો દેવ સામિય સુગુરૂ સિરિ **જિણભદ્દ**સૂરિહિ સેવિઉ,
મહ ઓધિ-દાયક હવઉ સંપઈ સિવસિરી સુહ સંથિઉ. ૮

(૧) સં.૧૫૪૯ની પ્રત, નાહટા સં.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૭૮.]

૮૬. કાહ્નુ

(૧૩૦) નેમિનાથ ફાગ અથવા **બારમાસ** ગા. ૨૨

આદિ – **અહે** તોરણિ વાલંભ આવીઉ, **યાદવ** કેરૂ ચંદ
પસૂ દેખી રથ વાલીઉ, વિહ વસિ હૂઉ વિછંદ. ૧
નિસિ અંધારી એકલી, મધુરઈ વાસઇ એ મોર
વિરહ સંતાવઇ પાપીઉ, વાલંભ હી એક ઠોર. ૨
ધુરિ **આસાઢહ** ઊનયુ, ગોરી નયણે નેહ
ગાઢઇ ગાજિ મ પાપીઉ, ચ્છાનઉ વરિસ ન મેહ. ૩

અંત – **ચિત્ત** ન ચમકઇ કંતડુ, સવિ ફૂલી વનરાઇ
પાડલ પરિમલ બહકતી, મૂરખ મેલ્હી જાઇ. ૧૯
કહીઇ **ધસર** કૂડીઉ, **ગંગ** વહઇ સિરિ તાહ
તેહ પાહિઇ તૂં આગલુ, કરઇ અધિકેરૂ દાહ. ૨૦
બાર માસહ માહિતાં, જે ચ વડેરુ હોઇ
પભણુઇ રાણી **રાઇમઈ, નેમિ** ન મેલઇ કોઇ. ૨૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાહ્ન ભણઇ સખિ રાઈમઇ, મેલિસુ તોરુ સામિ
આઠ ભવંતર પ્રીતડી, સિદ્ધિ ઊપરિ ઠામ. ૨૨

(૧) ઇતિ નેમિનાથ ફાગઃ સમાપ્તઃ પ.ક.૧૧૬, સં. ૧૫૪૯ની પ્રત, નાહટા સં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૪૮૧-૮૨.]

૮૭. સમરો

સમરાને પ્રસિદ્ધ કવિ તરીકે કવિ ઋષભદાસે ઉલ્લેખેલ છે અને સમરાકૃત નાની નાની ઘણી કૃતિઓ મળી આવે છે.

(૧૩૧) [+] નેમિનાથ ફાગુ

આદિ – અહે હરિણા હરિણા હરતઇ, કાંઇ કીઉ પોકાર
તોરણિ આવિઉ વલી ગયઉ, **નેમિ** ચડિઉ **ગિરિનારિ**.
અહે અંગ વિલૂરઇ આપણઉં, હરિ હરિ **નેમિકુમાર**
અહે કંકણ ફોડઇ **રાયમઇ**, ત્રોડઇ નવસર-હાર. ૧

અંત – **રેવયગિરિ** કેરઉ ધણી, કરઉ અમ્હારડી સાર
ગિરિ સરિ સામિ સમોસરિયા, જ્ઞાનિ ભરિઉ ભંડાર
મુગતિ-રમણિ **યાદવિ** વરી, **રાજલ** હુઇ અગેવણિ
અહે કરજોડી **સમરઉ** ભણઇ, નમો નમો **નેમિકુમાર**. ૫

(૧) પ.ક. ૧૧૭, સં. ૧૫૪૯ લિખિત પ્રતિ, નાહટા સં.

[પ્રકાશિત : પ્રાચીન ફાગુસંગ્રહ.]

(૧૩૨) અષ્ટાપદ સ્તવન [અથવા ભરતેશ્વર ઋદ્ધિવર્ણન]

આદિ – **સરસતી** અમરિતિ વસતિ મુખિ વાણી, નાભિકમલિ જાણીસહનાણી
આણી રિદય વિચારો.
સા **શારદ** સમરૂં સપરાણી, જિનશાસનિ સિદ્ધાંતિ વખાણી,
પાણી લોકાચારો. ૧

અંત – અઇઆ રથ ચડચો ચક્રવર્તિ જગિ પરવરીઉ, **અષ્ટાપદિ** પ્રાસાદ
ઉધરીઓ, ભરીઉ સુકૃત ભંડારો.
ષટખંડ પ્રથવી આણ નિરંતર, નવનિધિ ચઉદ રયણ મઢ મંદિર,
કિંનર સુરપતિ હારો.
સધર પૂરવ કેવલિ ભાષિઉં, કેલવી મુ ગિરિ સાચું દાખિઉં,
વર્ણવી **સમરૂ** કહિ ન જાણું, પ્રવર તીરથ નમો જિણાણું. ૬૨

(૫૦) અહે કેવલી કેરો દાખીયો, ભાખીયો સુગુરુ સુસાધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભણૈય **સમરેા** એ તીરથ અનરથ હણય વિરાધ

(૧) લિ. ઉદયપુર મધ્યે કૃતિના **સત્યસાગરેણ** સુકૃતયે શ્ર. **રાઊ**-બાઇ વાચનાર્થં. પ.સં. ૫-૧૧, મુનિ સુખસાગર. [મુપુગૂહસૂચી, **હેજૈજ્ઞા**-સૂચિ ભા.૧ (પૃ.૨૭૭, ૪૦૪).]

અંત – અહે કેવલી કેરેા દાખીયેા, ભાખીયેા સુગુરૂ સુસાધ

ભણૈય **સમરેા** એ તીરથ અનરથ હણય વિરાધ

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૮૨–૮૩. ત્યાં 'અષ્ટાપદ સ્તવન'ની છેલ્લી કડીસંખ્યા ૨૨ છે તેમાં ભૂલ જણાય છે. અન્યત્ર બધે આ કૃતિની કડીસંખ્યા ૫૬થી ૬૬ સુધીની મળે છે. આ ઉપરાંત ૬૪ કડીની 'અષ્ટમી સ્તવન' નોંધાયેલી તેના આરંભ-અંતના ભાગેા 'અષ્ટપદ સ્તવન'ના જ છે તેથી એ અલગ કૃતિ રહેતી નથી. 'અષ્ટમી સ્તવન' એ નામમાં પણ સરતચૂક રહેલી છે.]

૮૮. જિનશેખર (જિનતિલકસૂરિશિષ્ય)

(૧૩૩) ચતુર્વિંશતિ નમસ્કાર

અંત – તિહુયણ-મંડણ વિમલ **નાહિકુલ** કમલ દિવાયર,
આયર પર સુરનર વરિંદ, વંદિય ગુણસાયર,
અયસઇ સયલ નિવાસ આસ, પૂરિય પરમેસર,
પંચ ધણુસ્સય દેહ માણવસહંક જિણેસર.
સિરિ **મરૂએવા** અંગરૂહ, સેાવનવન્ન સરીર
આદીસર ભવિયહં જયઉ, ગરૂઉ ગુણિ ગંભીર. ૧

અંત – સિરિ **સિદ્ધત્થ** નરિંદ વંસ પેસલ મુત્તાહલ
તિસલા કુખિ સ રાજહંસ **અણુવમ** ગુણુ નિમ્મલ
સિંહ સુલંછણ સત્તહત્થ તણુ ગૌર મણેાહર
સિરિ **જિણતિલયસૂરિસ** સીસ પભણઇ સિરિ **સેહર**. ૨૪
ચઉવિહ સિરિ સંઘહ થઉ ગુણ-રયણાયર વંદ
વદ્ધમાણ તિત્થેસવર, ચઉવીસમઉ જિણંદ. ૨૫

(૧) ઇતિ ચતુર્વિંશતિ નમસ્કારઃ પ.ક. ૩૭થી ૪૦–૧૧, જશ. સં. (આ પ્રતમાં સં. ૧૫૧૨ની ઋષિવર્દ્ધનની કૃતિ હેાવાથી આ પ્રત ત્યાર પછી નિર્વિવાદ લખાયેલી છે.)

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૮૪–૮૫.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮૯. કર્ણસિંહ (પ્રાગ્વાટ વંશનો શ્રાવક)

(૧૩૪) ચૈત્યપ્રવાડી રાસ ૧૧૨ કડી (અપૂર્ણ)

આદિ – જિન ચઉવીસઇ ચલણ નમેઉ, સામિણિ **સરસતિ** મનિ સમરેઉ,
અનઇ પ્રણમિ સુહુગુરૂ ચરણ. ૧
પ્રાગવંસિ કરણસી સંઘદાસો, **ચૈત્યપ્રવાડિહિં** કીધઉ રાસો,
ભવીયાણુહ દુરીય હરઉ. ૨
પહિલૂં વણિસુ **સોરઠ** દેસો, **વિમલાચલ** બિંબ સંખ્યા કહિસો,
મુગતિપુરીય ભવીયાં સુણુઉ. ૩

(૧) પ.સં.૪૦, તેમાં છેવટે આ કૃતિ છે. જશ. સં. (આ પ્રતમાં સં. ૧૫૧૨ની ઋષિવર્ધનકૃત કૃતિ છે તેથી આ પ્રત ત્યાર પછી લખાયેલી છે.)

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૮૫.]

૯૦. માલદેવ (વહુરા ગોત્રીય શ્રાવક, ત૦ દેવસુંદરસૂરિશિષ્ય)

(૧૩૫) નંદીશ્વરસ્થ પ્રતિમા સ્ત૦ અથવા નંદીશ્વર ચો. ગાથા ૫૪

આદિ – પણમવિ સિદ્ધ સવે કર જોડિ, સિરસા કેવલ ધુરિ દોઇ કોડિ
સાધુ પ્રસાદિહિ સદફલુ લેસુ, તીરથ **નંદીસર** વંદેસુ. ૧

અંત – ઇણિ ધ્યાનઈં અણચિંતી રિદ્ધિ, ઇણિ ધ્યાનઇ મનવંછિય સિદ્ધિ
ઇણિ ધ્યાનઈં કસમલ પરિહરઉ, ઇણિ ધ્યાનઈં કેવલસિરિ વરઉ. ૫૩

સિરિ **દેવસુંદરસૂરિ**-પયભત્ત, **વહુરા માલદે** નિરમલ ચિત્ત
નંદીસર વર કહિઉ વિચાર, પઢઇ ગુણઇ તીહ લચ્છ અપાર. ૫૪

(૧) ઇતિ **નંદીશ્વર** દીપ સ્થિતા ભાવન સાસ્વતા પ્રાસાદ પ્રતિમા સ્તવન. (અન્ય અક્ષરમાં) સં.૧૫૮૨ વર્ષે માઘ વદિ ૬ ગુરૌ શ્રી **બૃહત્** ખરતરગચ્છે શ્રીપૂજ્ય શ્રી **જિનહર્ષસૂરિ** પટ્ટાલંકાર શ્રી પૂજ્ય શ્રી શ્રી **જિનચંદ્રસૂરિ** વિજય રાજ્યે શ્રી હંસશીલોપાધ્યાયૈઃ લેખયિત્વા પ્રદત્તા શ્રી ઊકેશ વંસીય સા૦ **શિવકર** પુત્ર સા૦ **સધર** પુત્રરત્ન **સા૦ સારંગસ્ય**. પ.સં.૪૦, પ.ક.૩૭થી ૪૦, હા.ભં. (?) દા.૨ નં.૬૪. (૨) ઇતિ શ્રી નંદીસરવર અષ્ટમ દીપ ચઉપઇ વ્ય. **માલદે** વિરચિતા સંપૂર્ણા. પ.સં. ૧, જૂની પ્રત, મારી પાસે. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા. ૧ (પૃ.૨૬૨).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૮૫–૮૬.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯૧. અજ્ઞાત

(૧૩૫ ક) એકાદશ ગણધર નમસ્કાર કડી ૧૧

આદિ – (વસ્તુ)

ગૌતમ ગણહર **ગૌતમ** ગણહર પઢમ સંઘયણ
તિત્થંકર **વીર** જિણ પઢમ સીસ સોવન સમાણઉ
પ્રહિ ઊઠિ પ્રણમીઇ, સત્ત હત્થ તણુ માણ જાણઉ
પનર ત્રિહોત્તર તાપસહ પ્રતિબોધી વર તણિ
અગ્રેખૂ બાહુ વરસ પાલી ગ્યા નિરવાણિ. ૧

અંત – પુહવિ પ્રણમું પુહવિ પ્રણમું પરમ આણંદિ
પ્રહિ ઉઠી પ્રગટ તર, પ્રથમ પહરિ ગણધર **પ્રભાસ**
જિણિ કિદ્ધઉ અતુલ બલ, પ્રબલિ વિપ્રકુલ કુલિ પ્રકાસ
અપ્પમદ્દ અઇમદ્દમુ, જીવી વરિસ ચ્યાલીસ
પંચમ પદિ પહુતા સવે, પૂરઉ સંઘ જગીસ. ૧૧

(૧૩૬ ખ) એકાદશ ગણધર સ્તવન સ્ત૦ ૧૧, કુલ ૬૦ કડી

આદિ – ચઉપઈ

વીર જિણેસર પય પણમેવિ, ગણધર કવિત કરૂં સંખેવિ
ગણધર ઇગ્યારસિનઇ કાજિ, **વર્દ્ધમાન** જિન-શાસનિ રાજ. ૧
જંબુદીવ ઇક જોયણ લાખ, **ભરતક્ષેત્ર** તિહા દક્ષિણ સાખ
તિહાં છઇ **ગોબર** નામિ ગામ, વિપ્ર વસઇ **વસુભૂતિ** સનામ. ૨

અંત – ઇય સમયજુત્તિ સવ્વસત્તિ ચિત્તભત્તિ વન્નિયા
વૈશાખ સુદિ ઇગ્યારસી દિનિ **વીરનાહઇ** થાપિયા
એ સયલ ગણહર એ ઇગ્યારસિ જે આરાહઇ ભાવિયા
એ તવન ભણસિં ભાવિ સુણસિં તે લહઇ સુખસંપયા. ૫

(૧) શ્રી પ્રભાસ ગણધર સ્તવ ૧૧ ઇતિ શ્રી એકાદસી દિન સંબંધિ શ્રી એકાદશ ગણધર સ્તવનં સંપૂર્ણઃ પ.સં. ૫-૧૧, મારી પાસે.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૮૬-૮૭.]

૯૨. + રાજતિલકગણિ

આ કૃતિ સં. ૧૪૯૩ની લખેલી પ્રતમાં મળે છે તેથી કર્તાને ૧૫મી સદીમાં મૂકવા ઘટે. – નાહટાજીની નોંધ.

(૧૩૭) શાલિભદ્ર મુનિ રાસ ૩૫ કડી લ.સં.૧૪૯૩ પહેલાં

આદિ – થંભણપુરિ પહુ **પાસનાહ** પણમેવિણુ ભત્તિએ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હઉં પભણિસુ સિરિ **સાલિભદ્દ** મુણિતિલયહ રાસુ.
ભવિયહુ નિસણહુ જેણ તુમ્હ હુઈ સિવપુરિ વાસુ. ૧

અંત – સેણિય બોહિય **ભદ્દા** નિય ધરિ, પત્તા સયલસિદ્ધિ તે મુણિવર,
રાજતિલકગણિ સંથુણઈ, **વીર** જિણેસરુ **ગોયમ** ગણહરુ.
સાલિભદ્દ નઇ **ધન્નઉ** મુણિવરુ, સયલસંઘ દુરિયઇં હરઉ. ૩૪
સાલિભદ્દ મુણિ રાસો જે ખેડા દિંતી, તેસિં સાસણદેવી
જણુયાઉ સિવ સંતી. ૩૫

(૧) મ.ભ.

પ્રકાશિત : ૧. પં. લાલચંદની અર્વાચીન ગુજરાતી છાયા સહિત જૈનયુગ પુ.૨, પૃ.૩૭૯થી ૩૭૩. [૨. પ્રાચીન ગૂર્જર કાવ્યસંચય.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૨–૫૩, ભા.૩ પૃ.૪૭૪. પહેલાં જેમના ધાતુપ્રતિમા પરના લેખ સં.૧૫૧૬ તથા ૧૫૨૯ના મળી આવે છે એ પૂર્ણિમાગચ્છના રાજતિલકસૂરિ કદાચ આ હોય એમ ગણી કર્તાને સોળમી સદીમાં મૂકયા હતા. પછી પંદરમી સદીમાં ફેરવ્યા છે.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિક્રમ સોળમી સદી

૯૩. માણિક્યસુંદરગણિ (વૃદ્ધતપાગચ્છ ભ. રત્નસિંહસૂરિશિ.)

(૧૩૮) ભવભાવના સૂત્ર બાલા૦ ૨.સં.૧૫૦૧ કા. શુ. ૧૩ બુધે દેવકુલપાટકમાં.

મૂલ મલધારી હેમચંદ્રસૂરિકૃત. કોઈ રચ્યાસંવત્ ૧૫૬૩ જણાવે છે.
(૧) પ.સં. ૧૫૨, હા.ભં. દા.૫૦ નં.૫. (૨) હા.ભં. દા. ૬૦.
[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૮૦, ભા.૩ પૃ.૧૫૭૯.]

૯૪. સાધુમેરુ (આગમગચ્છ, હેમરત્નસૂરિશિ.)

(૧૩૯) પુણ્યસાર રાસ [અથવા **ચોપાઈ**] (જીવદયા ૫૨) ૨.સં.૧૫૦૧ (આષાઢી વર્ષ) પોષ વદ ૧૧ સોમવાર ધંધુકામાં.

દુહા, વસ્તુ, ચોપાઈ મુખ્યપણે છે. ક્વચિત જ ઢાલ – દેશી છે જેવી કે વિવાહલાની ઢાલ, શોકની ઢાલ.

આદિ – ધુરિ દૂહા.

કેવલજ્ઞાનિઈં અલંકરી, સેવઈં અમર નરેસુ,
સયલ જંતુ હિતકારિણી, જિણવાણી પણમેસુ. ૧
ગોયમાઇ ગણહર નમી, જયસિરિ ઉર વરિ હાર,
ગુરૂઆ સુહગુરૂ આઇસિંઇ, કહિસુ કથાનક સાર. ૨
હેમસૂરિ ગુરિ બૂઝવિઉ, **કુમરપાલ** ભૂપાલ,
જેહ સમુ જગિ કો નહીં, જીવદયાપ્રતિપાલ. ૩
આગઈં સુણીઇં ભલભલા, કરૂણાપર સંસારિ,
તીહં અણુસારિ વરતાવતઉ, દેસ અઢારિ અમારિ. ૪
કુમર નરેસરિ સંભલિઉં, ગુરૂમુખિ સરસ ચરિત્ત,
પુણ્યસાર કુમરવર તણું, તે નિસુણઉ એક ચિત્ત. ૫
ગુણવંત તણા લેતાં ગુણ, રસના હુઇ પવિત્ર,
સુણતાં શ્રવણ સુધા સરિસ, સુખસંયોગ પરત્ર. ૬
ઘણા નર પગ છંડાવીઇં, કલિયુગિ વહઇ પૂરિ,
ન ગમઇ વાત જ ધર્મની, ઝેર ભરિ જિમ ઘૃતપૂરિ. ૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તઉ તો ભાવઇ ધર્મ્મ વિણુ, જસુ હિઅઇ નહીં ત્રેહ,
તેહ રહઇ સદ્‌ગુરૂ સિઉં કરઇ, ઊસરિ જિમ મહામેહ. ૮
અન્નાણુહ ઉવએસડઉં, નિફ્‌લ હોઇ ન તંતિ,
પાણી ઘણું વિલોઈઇ, કરયું થડા ન હુંતિ. ૯

અંત – **પુણ્યસાર ગુણશ્રી** તણઉં પ્રબંધ, આશ્ચર્યકારીઉ ભલઉ સંબંધિ,
જીવદયા દૃષ્ટાંત પદીક, જિમ જિમ સુણીઈ તિમ રસીક. ૧૦૧
સુગમ ભણી મઈ ચઉપઇબંધિ, ક્રીધ ઉપક્રમ મેલી સંધિ,
બોલ જિકો પડિઉ હુઇ વંકડઇ, તે મૂં સહુ મિછામિ દુક્કડઉ. ૧૦૨
આષાઢાદિ પનર એકોત્તરઇ, પોસ વદિ ઇગ્યારિસિ અંતરઈ.
ધુંધૂકપુરિ કૃપારસ સત્ર, સોમવારિ સમર્થિઉ એ ચરિત્ર. ૧૦૩
કુમતદૂંખ વણુભંગ ગઈંદ, જિનશાસન રયણાયર ઈંદુ,
સુહગુરૂ શ્રી **અમરસિંહસૂરિ** દ, સેવઈ ભવિય જસુય અરવિંદ. ૧૦૪
તસુ પટિ નયનાનંદ અમીબિંદુ ગુરૂ, શ્રી **હેમરત્નસૂરિ** મુણિંદ,
આગમગચ્છ પ્રકાશ દિણિંદ, જસુ દીસઈ વર પરિ યરવિંદ. ૧૦૫
સુગુરૂ પસાઇં નયર **ગોઆલેર**, ઘણી **પુણ્યસાર** રિદ્ધિઇ કુબેર,
તાસુ ગુણ ઇમ વર્ણવઇ અજસ્ત્ર, **સાધુમેરૂ**ગણિ પંડિત મિશ્ર.
(પા.) તસ ચરિત્ર કરી પ્રાકૃતિઇં ફેર, ઇમ બોલઈ ગણિ **સાધુસમેર.**
તસુ સમીપિ બહુ શાસ્ત્ર પ્રવીણ **વિમલમૂર્ત્તિ**ગણિ શમરસિ લીણ,
તસુ સાંનિધ્યિઈં એ અવકાશ, સાંભલતાં હુઈ પુણ્યપ્રકાશ. ૧૦૭
જીવદયાની હિયઇ ધરઉ બુદ્ધિ, જીવદયા પાલઉ મન શુદ્ધિ,
જીવદયા લગઈ નિરંતર વૃદ્ધિ, જીવદયા પાલિઇં હુઇ સર્વ સિદ્ધિ. ૧૦૮

(૧) સં.૧૫૫૫ વર્ષે વૈશાખ વદિ સપ્તમી બુધે લાયતં.પ.સં.૩૨–૧૪, સંઘ ભં. દા.૧૩ નં.૩૯. (૨) પ.સં.૧૩–૧૮, ડે.ભં. દા.૭૦ નં.૯૭. (૩) પ.સં.૩૧–૧૩, તેમાં ૨૭મું પત્ર નથી, મ.જૈ.વિ. નં.૫૧૪/૫૨૯. (૪) સં.૧૬૨૬ વરષે આષાઢ વદિ ૧૨ દિને લિખિતં **આ**ગમગચ્છીય **ધર્મ**રત્નસૂરિભિઃ. પ.ક.૧૪૬થી ૧૮૬, દે.લા.પુ.લા. ચોપડો નં.૧૧૨૫. (**સૌ**ભાગ્યરત્નસૂરિ પટ્ટે શ્રી **ધર્મ**રત્નસૂરિએ કુલ ૧૨ રાસ – ૯૦૦૦ શ્લોક-સંખ્યાવાળા રાસ લખાવ્યા, **આ**ગમગચ્છે.) (૫) અભ. [જૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૫૦,૩૯૬).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૬૨, ભા.૩ પૃ.૪૫૨–૫૪ તથા પૃ.૫૭૧.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯૫. મુનિસુંદરસૂરિશિષ્ય (ત૦)

(૧૪૦ ક) સુદર્શન શ્રેષ્ઠીના રાસ પ્રબંધ ૨.સં.૧૫૦૧ જેઠ શુદ ૪, ગુરુ.

આદિ – પહિલઉં પ્રણમિસુ અનુક્રમિઈ એ, જિણવર ચઉવીસ,
પછઇ શાસનદેવતા એ, તીહ નામઉં સીસ.
સમરીઅ સામિણિ **સારદા** એ, સાનિધિં સંભારઉ,
આગઈ પાલઉં પ્રતિપનૂં એ, કવિ સિઉં એકા હરઉ. ૧
તઉં તૂડી તતષિણિ ભણઈ એ, હઉં આવિસુ અંગઇં
સેડિ **સુદસણ** તણુઉ રાસ રચિયો મન રંગઇં,
જંબૂદીવહ ભરહષેત્ર વસુહાઈ વદીતી,
ચંપાનગરી ચતુરપણઈ અમરાપુરિ જીતી. ૨

અંત – તીણઈ અવસરિ બ્રહ્મવ્રત લીયઇ એ મા. નર અનઈ નારીવૃંદ, સુ.
શીલ મહાતમ સાંભલ્યો એ મા. વિષયઉ મૂલિય કંદ, સુ. ૪૭
તપગછિ ગુરૂ **ગોયમ** સમા એ, મા. શ્રી **મુનિસુંદરસૂરિ**, સુ.
નામઇ સર્વ સિદ્ધિ સંપજૈ એ મા. દુરિય પણાસઈ દૂરિ, સુ. ૪૮
તાસુ તણઈ સેવકિ રચઉં એ મા. રાસ હૃદય રૂડઈ રંગિ, સુ.
થાપિઉં સીલ સોહાંમણૂ એ મા. આનંદ ઉપજઇ અંગિ, સુ. ૪૯
સંવત પનર એકાતરઇ, મા. જેઠહ ચૌથિ વિશુદ્ધિ, સુ.
પુષ્ય નક્ષત્ર ગુરૂવાર સિઉ એ, મા. ચરિત્ર એ પહુવિ પ્રસિદ્ધ સુ. ૫૦
જાં લગઇ મેરૂ મહીધરૂ મા. જાં જલ સાયર પૂર સુ.
શીલ **સુદરિસન** ગાઇઈ મા. જાં લગઈ સસિ નઈ સૂર, સુ. ૫૧
જે નર શીલઇં નિરમલા એ, મા. નારિ નવાહિઆ મૂલ સુ.
બે કર જોડી કવિ કહઇએ મા. હું તીહ પગની ધૂલિ સુ. ૫૨
શીલ હિ સવિ સુખ સંપજઈ એ, મા. શીલ લગઇં નવનિધિ, સુ.
શીલઈં સુર સાંનિધિ કરઈ એ મા. શીલહિં સયલ પ્રસિદ્ધિ સુ. ૫૩
શીલહિં ઉત્સવ નિતુ નવા એ મા. શીલહિં કોડિ કલ્યાણ, સુ.
શીલ લગઈ કહીયઇ કિસ્યો એ, મા. પાંમીઇ પંચમ ઠાણ સુ. ૫૪
શીલ પ્રબંધ જે સાંભલઇ એ માલવંડતડે, નરનારીય તે ધન્ન, સુ.
સુદરિસન રિષિ કેવલી એ, મા. ચતુર્વિધિ સંઘ પ્રસન્ન, સુણિ
સુંદ૦ ૨૫૫

(૧) પ.સં.૨૩–૩૭, ચોપડો, વિ.ધ.ભં. (૨) સં.૧૫૭૩ રે.ભં. (૩) કુલ પાંચ ઢાળો અને ૨૫૭ પદ્ય, સાગર ભં. પાટણ. (૪) સં.૧૬૪૫ ચૈત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વદિ ૯ રવૌ ચેલા સે. વિવેકલાભમુનિ લ. પ.સં.૬-૧૮, હા.ભં. દા.૮૦ નં. ૧૪. (૫) પ.સં.૧૩-૧૧, ઘોઘા ભં. દા.૧૪ નં.૪. (૬) પ.સં.૧૪, ગા.૨૫૬, જય. પો.૬૯. (૭) પ.સં.૮, જય. પો.૬૮. (૮) પ.સં.૧૬-૧૧, જશ.સં. નં.૨૧૧. (૯)પ.સં.૬-૧૭, સીમંધર. દા.૧૯ નં.૩૭. (૧૦) પ.સં.૧૫-૧૨, જૂની પ્રત, વિ.ને.ભં. નં.૩૩૬૬. (૧૧) લ.સં.૧૫૩૨ પ.સં. ૫, શ્લો. ૪૦૦, લીં.ભં. દા.૨૫. (૧૨) પ.ક.૧૫૨થી ૧૬૨, શાંતિ. દા.૧૧૨ નં.૯. (૧૩) સં.૧૫૭૩ આષાઢ વદિ ૧૪ તપાગચ્છનાયક સૌભાગ્યનંદિસૂરિ વિજયમાને મહો. મહીસમુદ્રગણિ શિ. પં. હર્ષસંયમગણિના લિ. કુતુબપુર વાસ્તવ્ય મં. વાધા પઠનાર્થં. પ.સં.૧૮-૧૩, નાના કદની પ્રત. રત્ન.ભં. દા.૪૩ નં. ૬૦. (૧૪) સં.૧૯૨૫ ફા.વ.૧૧ સોમે લીં. વકીલ વરજલાલ ચેણીદાસ ખેટકપુરે ભીડભંજન પાર્શ્વનાથ પ્રસાદાત્. પ.સં.૧૨-૧૬, ખેડા. ભં. દા.૭ નં.૯૦. [કદહસૂચી, જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી. હેજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૩૯૪, ૫૧૧).]

(૧૪૦ ખ) કલ્યાણમંદિર બાલા૦

(૧) લિ. સીહુંજ ગ્રામે તપાગચ્છાધિરાજ શ્રી મુનિસુંદરસૂરિ-શિષ્યેણ૦ બાલા. લિ. લ(ક્ષ્મિ)મંદિરગણિના સીંહૂંજ ગ્રામે. સંઘ ભં. પાટણ, દા.૭૫ નં.૨૪.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૨-૪૩, ભા.૩ પૃ.૪૫૫ અને ૧૫૭૩. 'સુદર્શન શ્રેષ્ઠીનો રાસ' પહેલાં સંઘવિમલને નામે મૂકી એવી નોંધ કરવામાં આવેલી કે કોઈ પ્રતોમાંની અશુદ્ધતાને લઈને 'મેલો સંઘવી' એવું કર્તાનામ પણ વંચાય છે. પરંતુ ઉદ્ધૃત ભાગમાં આ બેમાંથી એકે નામ નથી. પછીથી કર્તા મુનિસુંદરસૂરિશિષ્ય શુભશીલગણિ હોય એવો પણ તર્ક કરવામાં આવેલો. પરંતુ એ તર્કને પણ કોઈ પ્રમાણભૂત આધાર નથી. તેથી કૃતિ મુનિસુન્દરસૂરિના કોઈ અજ્ઞાતનામા શિષ્યની જ ગણાવી જોઈએ. આ કૃતિની થોડીક હસ્તપ્રતોમાં 'મુનિસુન્દરસૂરિ'ને સ્થાને 'સોમસુંદરસૂરિ' એવો પાઠ મળવાથી કૃતિ કેટલેક સ્થાને સોમસુંદરસૂરિ શિષ્યને નામે તથા ભૂલથી મુનિસુંદરસૂરિને નામે કે સુંદરશિષ્યને નામે પણ નોંધાયેલી છે.]

૯૬. હેમહંસગણિ (ત. સોમસુંદરસૂરિ, મુનિસુંદરસૂરિ આદિના શિષ્ય)

(૧૪૧) ષડાવશ્યક બાલા. ર.સં.૧૫૦૧

શ્રેયાંસિ શ્રી મહાવીરઃ સ શ્રી સંઘસ્ય યચ્છતાત્
યસ્યાજ્ઞા કલ્પવલ્લીવ, મનોવાંછિતદાયિની. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી **વર્દ્ધમાન** જિનશાસનરાજ્યનેતા
વિશ્વત્રયાદ્ભુતચરિત્રયુગપ્રધાનઃ,
શ્રી **સોમસુંદર**ગુરુર્યુગચક્રવર્તી
ભૂયાદમેયમહિમા મમ સુપ્રસન્નઃ. ૨
તત્પટ્ટનાયકાઃ શ્રી **મુનિસુંદર**સૂરયો જયંત્યધુના,
જયચંદ્રસૂરિ-**જિનકીર્ત્તિ**સૂરિપરિવારપરિકરિતાઃ. ૩
સ્વાન્યયોરુપકારાય લિખ્યતે લેશતો મયા
ષડાવશ્યકસૂત્રાણાં વ્યાખ્યા બાલાવબોધિની. ૪

પહિલઉં સકલ મંગલીકનઉં મૂલ શ્રી જિનશાસનનઉ સાર, ઈગ્યાર અંગ ચઉદ પૂર્વનઉ ઉદ્ધાર, સદૈવ શાશ્વતઉ પંચ પરમેષ્ટિ મહામંત્ર નવકાર. **અંત** – ઇતિશ્રી **તપાગચ્છ**નાયક સકલસુવિહિતપુરંદર શ્રી **સોમસુંદરસૂરિ** શ્રી **મુનિસુંદરસૂરિ** શ્રી **જયચંદ્રસૂરિ** પદકમલસેવિના શિષ્ય મહોપાધ્યાય શ્રી **હેમહંસ**ગણિના આદ્યવરાભ્યર્થનયા કૃતોઽયં **ષડાવશ્યક** બાલાવબોધ આચંદ્રાર્ક્કનંદાત.

(૧) સંવત ૧૭૮૩ વર્ષે ચૈત્ર વદિ ૮ રવિવાસરે શ્રી **અહમ્મદ** નગરે પં. શ્રી **ગુણસાગર**જી શિષ્ય મુનિ **ધીમસાગર** વાચનાર્થં. પ.સં. ૨૦૨–૮, દે.લા.પુ.લા.નં.૨૦૧–૬૮. (૨) પ.સં.૭૪–૧૯. એજન નં.૬૭ (૩) સં.૧૮૧૨ પો.વ.૫ ગુરૂ લ. **ન્યાં**નવિજયગણિશિ. પં. **વિવેક**વિજય લ. **વડા**લિ ગ્રામે ઈડર દેસે. પ.સં.૮૭, વિજાપુર નં.૪૫. (૪) પ.સં.૬૮, ગુ.નં.૬૨–૭. (૫) લ.સં. ૧૮૪૧, ગ્રં.૪૯૬૭, પ.સં.૧૨૪, લી.ભં. દા.૨૦ નં.૭ (૬) લ. સં.૧૭૬૭, પ.સં.૧૦૬, હા.ભં. દા.૫૬ નં.૧૭. (૭) પ.સં.૬૨, જૂની પ્રત, હા.ભં. દા. ૬૦. (૮) ભાવ.ભં. (૯) પ.સં. ૮૦, ગ્રં. ૬૫૦૦, લીં. ભં. દા. ૧૩ નં.૧૫. (૧૦) સં.૧૬૧૩, ગ્રં. ૨૭૦૦, પ.સં.૪૫, સે.લા. નં.૪૬૦૯. (૧૧) પ.સં.૬, અપૂર્ણ, જશ. સં.(૧૨) પ.સં. ૩૬થી ૧૪૩, મોટો ગુટકો, યશોવૃદ્ધિ. પો.૨૭. (૧૩) ભાં.ઇ. સન ૧૮૬૨–૬૫, પીટર્સન પ. નં.૮૭૨. (૧૪) સં. ૧૫૩૯, ગ્રં. ૩૭૭૩, પ.સં ૫૮. વી. ઉ.ભં.દા. ૮. (૧૫) પ.સં.૮૯, વી.ઉ. દા.૮. (૧૬) સં.૧૩(?૧૫)૧૩ વર્ષે આસો વદિ ૯ શનૌ લખિતં સહી. પ.સં. ૫૦, મ.જૈ.વિ. નં.૧૩. [આલિસ્ટઑફ ભા.૨, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞા-સૂચિ ભા.૧(૧૭, ૧૬૪, ૪૭૧, ૫૬૨).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૮૦, ભા.૩ પૃ.૧૫૭૭–૭૮. પહેલા ભાગમાં હાલા ભંડારની કોઈ પ્રતને આધારે સં.૧૫૦૧માં દીપોત્સવીદિને કૃતિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રચાયાની નોંધ કરવામાં આવેલી, પરંતુ પછી ઉદ્ધૃત ભાગોમાં દિવાળી-દિનનો ઉલ્લેખ નથી.]

૯૭. અજ્ઞાત

(૧૪૨) ઋષિદત્તા રાસ ૨.સં.૧૫૦૨

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૪૫૬. સહજસુંદરની આ નામની કૃતિ ૨.સં.૧૫૭૨ની મેળે છે તેમાં કર્તાનામ અરંભે છે ને અંતમાં નથી, તેથી એ કૃતિ ભૂલથી અજ્ઞાતકર્તૃક લેખાઈ ગઈ હોય એવો સંભવ છે. સંવતનું અર્થઘટન જુદી રીતે થયું હોય.]

૯૮. ધનદેવગણિ

(૧૪૩) [+] સુરંગાભિધાન નેમિ ફાગ ૨.સં.૧૫૦૨

આ કૃતિ સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી એમ ત્રણ ભાષામય છે. રત્નમંડનગણિએ પણ જુદો 'નેમિનાથ નવરસ ફાગ' એ જ ત્રણ ભાષામાં રચ્યો છે, અને તે જ સમય આસપાસમાં. જુઓ પંદરમી સદીના અંતમાં રત્નમંડનગણિ.[સુધારેલી માહિતી.]

આદિ – પહેલાં, સંસ્કૃતમાં મંગલાચરણ શાર્દૂલ શ્લોકમાં છે પછી પ્રાકૃતમાં નીચે પ્રમાણે શાર્દૂલ છે :

દેવી દેવિ નવી કવીશ્વર તણી વાણી અમીસારણી. ૧
વિદ્યાસાયર તારણી મલ ધણી હંસાસણી સામિણી
ચંદા દીપતિ જીપતિ **સરસતિ** મઇં વીનવી વીનતી,
બોલું **નેમિકુમાર** કેલિની રતિ ફાગિઇં કરી રંજતી. ૨
સરસતિ મુઝ મતિ દેવીંઅ દેવીંઅ તું જગિ સાર રે,
નીલકમલ ફલ સામલ જિનવર વરણવું **નેમિકુમાર** રે. ૩
કામિત ફલ દાતાર સામી **નેમિકુમાર**
હાર મનોહરૂ એ મુગતિરમણિ-વરૂ એ.

અંત – જ્ઞાન ઉપનું જાણીય રાણીય **રાઈમઈ** રંગી,
ગિરિ સિરિ સામીય નિરખીય હરખીય સા નિજ્જ અંગી,
સામી કેવલ કામિની, કરિ ધરી **રાજીમતી** નાદરી,
સા સારી નિજ કાજ રાજકુમરી, મુગતિઇ ગઇ સા વરી
જે **રેવઇગિરિ** રાય ઉપરિ નમઈ શ્રી **નેમિ** પાયે નમઈ,
તે પામઈ સુખસિદ્ધિ રિદ્ધિ હિ રમઈ શ્રી શાશ્વતી ભોગવઈ.

(૧) ઇતિ શ્રી સુરંગાભિધો નેમિફાગઃ સંપૂર્ણઃ સંવત્ ૧૫૦૨ વર્ષે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કૃતો ધનદેવગણિના. પા.ભં.

[પ્રકાશિત : ૧. પ્રાચીન ફાગુસંગ્રહ.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૩-૪૪.]

૯૯. ધર્મસુંદર (કક્કસૂરિશિ.)

(૧૪૪) શ્રીપાલ પ્રબંધ અથવા **ચોપાઈ** ૨. સં. ૧૫૦૪ આસો ખયનગરે

અંત – * **કક્કસૂરિ** ગણુધાર

ભણઇ **ધર્મસુંદર** ઉવઝાય, રિદ્ધિ હુસ્યઇ સિદ્ધિચક્ક પસાય. ૬૮
જન્મ લગઇ જેતઉ તપઇ, તેતઉ ફલ હુઇ ઇણઇ જપિઇ
ગુણ સવિહૂં જિમ ગરૂઅઉ સત્વ. તત્ત્વ હું સિદ્ધચક્ક તિમ તત્ત્વ. ૬૯
પૂરવ ઉદાય) તણુઉ સમુધાર, ચિંતામણિનઉ એ અવતાર
લક્ષ જાપ ફલ ઇણઇ ગુણ્યઇ, અંતર વયરી સવિ નિજ્જઇ. ૭૦
પહિલઉ મંગલ સવિ અરિહંત, બીજઉ સિદ્ધચક્ક જયવંત
ત્રીજઉ વિમલદેવ સુવિશાલ, ચઉથઉ મંગલ રાઉ **શ્રીપાલ**. ૭૧
ખયનયર વરિ સંવત **ચનર**, આસો માસિ વરિસ **ચડોતર**
રચ્યઉ એતઉ **શ્રીપાલ** પ્રબંધ, નંદઉ તાં જાં સસિહર સિંધુ. ૭૨
નંદઉ તાં જાં મેરૂ ગિરિંદ, ધ્રૂ મંડલ નઈ તારાવૃંદ
મુનિવર શ્રાવગ તાં લગિ જપઉ, દિણકર જિમ એ તિહૂયણિ
તપઉ. ૭૩
રાજા મંત્રિ તણઇ આગ્રહિઇં, કરિઉ કવિત ભવિયણ સંગ્રહિઇ
સુણતાં સંપદ સંઘનઇ મિલિઉ, ભણતાં ગુણતાં અફલાં ફલિઉ. ૭૪

(૧) વાકા૦

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૮૮-૮૯.]

૧૦૦. વિદ્યાકીર્તિ

(૧૪૫) જીવપ્રબોધ પ્રકરણ ભાષા ૨. સં.૧૫૦૫ માર્ગસિર સુદિ ભૃગુદિને

(૧) હિસાર દુર્ગે પં. વિદ્યાકીર્ત્તિગણિકૃતે લિખિતમિદં વા૦ અભયચંદ્રેણગણિના. જિ. ચા. નં. ૬૦૮.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ. ૧૫૮૦.]

૧૦૧. સંઘકલશગણિ (ત. રત્નશેખર – ઉદયનંદિશિષ્ય)

આ કવિના ગુરુ ઉદયનંદિના સં.૧૫૦૬ના અને સં.૧૫૧૨ના ધાતુ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિમાલેખમાં તપગચ્છનાયક જયશેખરસૂરિના અને રત્નશેખરસૂરિના શિષ્ય તરીકે તેને જણાવેલ છે. ખુ. ૨ નં. ૧૧૪૮.

(૧૪૬) સમ્યકત્વ રાસ ૨. સં. ૧૫૭૫ માગ૦ તલવાડા

કૃતિ આઠ ભાષામાં રચાયેલી છે.

આદિ – પરમાણુંદ રમાનઉ કંદો, પૂનિમ સસિ જિમ નયણાણંદો,
ચિદાનંદ મય જિણુ જયઉ. ૧
કેવલ-કમલા-લીલાવાસો, વાસવ સલહિય મહિમનિવાસો,
સાસય જિણવર વંદીઇ એ. ૨
વિમલાચલ રેવયગિરિ રાય,તસ સિરિ **આદિ નેમિ** જિણ-પાય,
કમલિ રમલિ કરિ ભમર જિમ. ૩
નવકોટી **મારૂઆડિ** કહીજઇ, **તલવાડઉં** તેહમાહિ ગણીજઈ,
જાણીજઈ સચરાચરિઈ એ. ૪
તિહાં સિરિ **વિમલ** જિણેસર **વીર, સંતિ પાસ** જિણ સાહસ ધીર,
એ ચ્યારઇ જિણવર નમીએ. ૫
ગોયમ સોહમ જંબૂ સામિ, પહુ પૂઠિઈ પહુતા સિવગામિ,
નામિઇ નવનિધિ પામીઇ એ. ૬
નિય ગુરૂ હિયસાયર હિયકારિય, હિયડઇ ધારિય નિય મતિ સારિય,
રાસ રચિસુ **સમકિત** તણુઉ એ. ૭

વસ્તુ.

વીર જિણવર **વીર** જિણવર મેરૂ ગિરિ ધીર,
તલવાડાપુર મંડણઉ, નમિય અવર ત્રેવીસ જિણવર;
વિહરમાણ સાસય જિણા **ગોયમાઈ** ગુરૂ તહા નિય ગુરૂ,
સમરિય **સરસતિ** સામિણી, સાસણદેવી તહેવ,
રાસ રચિસું સમકિત તણુઉ, નિય મતિ માનિઇ હેવ. ૮

અંત – તપગચ્છ નાયક જગતિલઉ એ માલવંતડે;
શ્રી **સોમસુંદરસૂરિ**, સુણિ સુંદરે, શ્રી **મુનિસુંદરસૂરિ** માલવંતડે,
જયવંત **જયચંદ્રસૂરિ**, સુણિ સુંદરે * * ૮
શ્રી ગુરૂરાજ **વિશાલરાજ**, માલવં. ચિહું દિસિ કરઇ વિહાર, સુણિ.
સમકિત રયણ પ્રકાસતાં, મા૦ સાસણ ભાસ ભાસણ હાસ. સુ૦ ૯
એ ચ્યારઇ ગુરૂ તપગચ્છ ગુરૂ એ, મા૦ **રત્નશેખરસૂરિરાય** સુ૦
ઉદયનંદિ ગુરૂ વંદિઇ એ, મા૦ જંગમ તીરથ પ્રાય સુ૦ ૧૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંવત પનર પંચોતરઈ એ, મ૦ માગસિર રવિઉ રાસ સુ૦
તલવાડા પૂરિ નિપનુ એ મા૦ પુણ્યરસ કલસ સંકાસ. સુ૦ ૧૧
પઢઈ ગુણઈ મતિ સદ્દવહઈ એ મા૦, જે સુણઇ **સમકિતરાસ,**
સમકિત પામી તે ક્રમઈ મા૦, પામઇ શિવપુરિ વાસ. સુણિ. ૧૨
જાં લગઇ ચંદ સૂરિજ તપઈ મા૦, જાં જલનિહિ જલ પૂરિ,
તાં જયઉ સમકિત સુરતરૂ એ મા૦, **સંઘ** મણોરહ પૂરિ. સુણિ. ૧૩.

(૧) ઇતિ પં. **સંઘકલસગણિ** વિરચિતં સમ્યક્ત્વ રાસ સમાપ્ત. સં. ૧૫૩૮ વર્ષે ચૈત્ર સુદિ ૧ દિને પૂજ્ય પં. **જયહેમગણિશિષ્ય લાવણ્યધીર**-ગણિના લિખિતં. સાગર ભં. પાટણ. (૨) પ.સં.૬–૧૪, પ્ર. કા. ભં. નં.૪૨૬. [હેજ્ઞાસૂચિ ભા. ૧ (પૃ. ૪૧૬).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૪–૪૫, ભા.૩ પૃ.૪૫૬–૫૭.]

૧૦૨. જિનસૂર [?] (ત. સોમસુંદરસૂરિ–વિશાલરાજ–સુધા-ભૂષણશિ૦)

(૧૪૭) ગૌતમપૃચ્છા બાલા૦ (વસુધાભૂષણ) ૨. સં. ૧૫૦૫ આસપાસ કે ૧૬મી સદી પ્રારંભ

આદિ – નત્વા **વીર**જિનં બાલાવબોધો લિખ્યતે મયા
શ્રીમદ્**ગૌતમપૃચ્છાયા** વાચનાર્થં વિશેષતઃ ૧
શ્રી**સોમસુંદર**શ્રી**મુનિસુંદર**સદ્**વિશાલરાજે**ંદ્રાઃ
શ્રી**સોમદેવ**ગુરવો જયંતિ જનકલ્પવૃક્ષસમાઃ ૨

અંત – શ્રી**સોમસુંદરાચાર્ય**–**મુનિસુંદર**વાગ્સુધાં
પીત્વા **વિશાલરાજે**ંદ્ર–**સુધાભૂષણ**સેવિના
શ્રી **ગૌતમપૃચ્છાયા** બાલાવબોધ ઉત્તમઃ
લિખિતો **મુનિવિજય**ગણિનાં હર્ષપુરેણ ભાવતઃ
(પા.) લિખિતો **જિનસૂરેણ** હર્ષપુરેણ ભાવતઃ
– ઇતિશ્રી **ગૌતમપૃચ્છા** બાલાવબોધ **વસુધાભૂષણા**ભિધા સંપૂર્ણઃ

(૧) સં. ૧૮(૦)૪ આસો સુદ ૯ પ્રભવ સંવત્સરે ગુરૂવારે ભ. **વિજયક્ષ**-માસૂરિશિ. **મુનિવિજય** ગ. લ. ચેલા **વૃદ્ધિવિજય** ગ. વાચનાર્થં. [ભંડાર ?] (૨) ભાં. ઇ. સન ૧૮૭૯–૮૦. નં. ૩૭૯. (૩) લ. સં. ૧૭૫૯, પ. સં. ૫૯, હા. ભં. દા.૫૯ નં.૯. (૪) સં. ૧૮૩૭ માહા વદિ ૧૩ સોમ લિ૦ પૂજ્ય ઋષિ **સમરથ** શિષ્ય ઋષિ **મનીરામ** શિષ્ય ઋષિ **મો**તીરામ શિષ્ય ઋષિ ઉત્તમચંદ વૈ હુકમચંદ પઠનાર્થં. પ.સં.૩૫, ગોડીજી નં. ૩૮૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫) ગ્રં.૧૫૦૦૦, સં.૧૮૪૧ વૈ. સુદી ૧૩ શૈ પં. મોતિવિજય લ. ભરૂઅચ મધ્યે. પ.સં. ૭૬, ગોડીજી નં. ૪૧૧. (૬) સં.૧૮૮૩ માગસર સુદ ૧૪ બુધ લ૦ માલવદેસે દેપાલ નગરે ઋ. સોભાગ્યચંદશિષ્ય ઋ. ફતેહચંદ લ. પ.સં.૪૬, ગોડીજી નં.૪૩૫ (૭) ગ્રં.૧૫૦૦, પ.સં. ૩૯, મ. જૈ. વિ. નં.૫૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૮૦, ભા.૩ પૃ.૧૫૭૬-૮૦. પહેલાં વિશાલરાજને કર્તા ગણી પછી એના પ્રશિષ્ય જિનસૂર કર્તા હોવાનો સંભવ દર્શાવ્યો છે પરંતુ જિનસૂરનું કર્તૃત્વ પણ સંદિગ્ધ છે. એમનો ઉલ્લેખ લહિયા તરીકે જણાય છે. સોમસુંદર-મુનિસુંદર-વિશાલરાજેન્દ્ર-સોમદેવના કોઈ શિષ્યની આ રચના હોવાનું સમજાય છે.]

૧૦૩. ઉદયધર્મ (ત૦ રત્નસિંહસૂરિશિ૦)

એમણે 'વાક્યપ્રકાશ ઔક્તિક' સં.૧૫૦૭માં રચેલ છે, જેના પર હર્ષકુલે સંસ્કૃતમાં વૃત્તિ કરી છે:

મૂલ - ગુરૂ **તપ**ગણગગનાંગણુ, તરણિ શ્રી **રત્નસિંહ**સૂરીણાં,
શિષ્યાણુનેદમૌક્તિકામુદિત**ઉદયધર્મ**સંજ્ઞેન. ૨૪
વૃત્તિ - શ્રી **હેમવિમલ** નામ્ના શ્રી ગુરવસ્તપગણેધિકા ધામ્ના,
જે જયતિ સુગુણોદધયઃ કીર્તિં દધિમંધુરાં દધયઃ ૧
તત્પાદાંભોજયુગે રંગેણાલયતિ બાલકસ્તેન,
ઘટના કૃતા વિશિષ્ટા જ્ઞાનભૂતા **હર્ષકુલ** નામ્ના.
વાક્યપ્રકાશકારકમૌક્તિકમૌક્તિકમનંક વૃત્તિમિદં,
વ્યાખ્યાદ્વારવિધાના ઋદ્ગુણયોગ્યં વ્યધાયિ વિધિનેતિ. ૩

(૧) સં.૧૫૮૯ વર્ષાઋતૌ ભા૦ શુ૦ ૩ સોમે **સિદ્ધપુર** નગરે **વા**ક્યપ્રકાશ નામૌક્તિક વૃત્તિર્નેખયાંચક્રે. વૃદ્ધ **તપા**પક્ષે **સોમ**ધીરગણિશિષ્ય પં. **વિનય**મંદિરગણિભિઃ પ.સં.૧૫-૧૧, જૈ. એ. ઇ. ભં. નં. ૧૧૮૮. (૨) લ સં ૧૬૪૮. પ.સં.૫, ગ્રંથમાન ૧૨૯, લીં. ભં. દા.૨૩. (૩) હર્ષકુલની ટીકા સહિત પ.સં.૧૪, ગ્રંથમાન ૫૫૦, લીં. ભં. દા. ૨૩. (૪) ધર્મસાગરગણિના લેખિ સં. ૧૬૦૧ વૈ. શુ. ૧૩. પ.સં.૪, અમય. નં. ૩૭૨૧. (૫) વિ. દા. છાણી.

આ ગ્રંથ યશોવિજય પાઠશાળા મહેસાણા તરફથી પ્રસિદ્ધ થયેલ છે.

(૧૪૮) + ઉપદેશમાલા કથાનક છપ્પય (ઉવએસમાલ કહાણય છપ્પય)

આદિ - વિજય નરિંદ જિણિંદ **વીર** હત્થિહિં વય લેવિણુ,

ધરમદાસ ગણિ નામિ ગામિ નયરિહિં વિહરઇ પણુ,
નિયપુત્તઉ રણસીહરાય પડિબોહણ સારિહિં
કરઈ એસ ઉવએસમાલ જિણવયણ વિયારિહિં
સય પંચચ્યાલ ગાહા રયણ મણિકરંડ મહિયલિ મુણઉ,
સુહભાવિ સુદ્ધ સિદ્ધંતસમ સવિ સુસાહુ સાવય સુણઉ. ૧

અંત – ઇણિપરિ સિરિ ઉવએસમાલ કહાણય
તવ સંજમ સંતોસ વિણયવિજ્જાઇ પહાણય
સાવય સંભરણત્થ અત્થપય છપ્પય છંદિહિં
રયણસીહસૂરીસ સીસ પભણઈ આણંદિહિં
અરિહંતઆણ અનુદિણ ઉદયધરમ મૂલ મત્થઈ હઉં
ભો ભવિય ભત્તિસત્તિહિં સહલ સયલ લચ્છિલીલા લહઉ. ૮૧

[આલિસ્ટઑઇ ભા.૨, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૦૨ રત્નસૂરિ-શિષ્યને નામે).]

પ્રકાશિત : પ્રાચીન ગૂર્જર કાવ્યસંગ્રહ.

[પ્રથમ આવૃત્તિ ભા. ૧ પૃ. ૫-૬, ભા.૩ પૃ.૪૦૧ તથા પૃ. ૪૫૭-૫૮. પહેલાં ચૌદમી સદીમાં રત્નસિંહસૂરિશિષ્ય વિનયચંદ્રની સંભાવના કરી હતી. પછી આ ઉદયધર્મની સંભાવના કરી છે. 'ઉદય ધમ્મ' એ શબ્દમાં કર્તાનામ જોવું કે કેમ એ પ્રશ્ન જ રહે છે. કૃતિની ભાષા અપભ્રંશ છે.]

૧૦૪. આનંદમુનિ

(૧૪૯) + ધર્મલક્ષ્મી મહત્તરા ભાસ ૨.સં.૧૫૦૭

આદિ – ઢાળ પ્રથમ

સકલ સદા ફલ વિમલગિરિ, જિણ ચઉવીસ પ્રણામ,
કરિસું કવિતુ સોહામણું એ, ગચ્છ રતનાગર નામ. ૧

અંત – જાણતી એ ગુરૂ ઉવયાર, શ્રી ધર્મલક્ષ્મી મુહત્તરા એ,
મંડવૂ એ નગર પ્રવેસિ, સંવત પનર સતોતરઇ એ,
શ્રી મુહત્તરૂ એ ભાસ કરેસિ, ઓસવંસિ આનંદમુનિ ૫૧
શ્રી સંઘૂ એ સિઉં અનદિન, મંડણ ભીમ સહોદરૂ એ,
સોની એ લોલા તન સંઘપતિ માણિક પય નમઇ એ
ધામિણિ એ ધો આસીસ, શ્રી રયણસિંહસૂરિ પરિવાર સહ
જીવું એ કોડી વરીસ, શ્રી ધર્મલક્ષ્મી મુહત્તરા એ. ૫૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દૂહઉ

શ્રી **ધર્મલક્ષ્મી** મુહત્તરા, અવિચલ જાં સસિભાણ,
અહનિસિ એહ ગુણ ગાઈતાં, રિદ્ધિ વૃદ્ધિ કલ્યાણ. ૫૩

—ગ્રંથાગ્ર ૭૫.

પ્રકાશિત : જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય.
[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૫-૪૬.]

૧૦૫. રત્નાકરસૂરિ

દેપાલ કવિના સમકાલીન હોવા જોઈએ તેથી આ કવિને દેપાલ કવિ પછી મૂકેલ છે.

(૧૫૦) + આદિનાથ જન્માભિષેક

આદિ – વસ્તુ.

વિનીયનયરી વિનીયનયરી **નાભિ** નિયગેહિં
મરૂદેવિહિ ઊયરિસર, રાય હંસ સારિચ્છ સામિય,
સિરિ **રિસહેસર** પઢમ જિણુ, પઢમ રાયવર વસહગામિય,
વસહ અલંકિય કણય તણું, જગો જગ આધાર,
તસુ પય વંદિય તસુ તણો, કહિશું જન્મ સુવિચાર. ૧

અંત – વસ્તુ.

રિસહ મજ્જણ રિસહ મજ્જણ કરિય સુરગય,
ઉપ્પાડિય જય જય કરિય, જનની પાસિ મિલ્હેવિ જત્તા;
નંદીશ્વર અઠ્ઠ દિવસ, કરિય દેવ દેવી નિય ઠાણ પત્તા,
ઇણિ પરિ સયલ જિનેશ્વરહિ, કરહુ ન્હવણ બહુ ભત્તિ
મુનિ **રયણાયર** પાવહર, જિમ તુમ દિયઇ વરમુત્તિ. ૧૨

[આલિસ્ટઑઈ ભા.૨, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૪૧, ૧૪૬).]

પ્રકાશિત : ૧. (દેપાલની સ્નાત્ર પૂજામાં અંતર્ગત) વિવિધ પૂજાસંગ્રહ. [અને અન્ય પૂજાસંગ્રહો.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૧-૪૨.]

૧૦૬. અજ્ઞાત

(૧૫૧) + વસંતવિલાસ સં. ૧૫૦૮ ભાદ્ર. શુ. ૫ ગુરુ પહેલાં

આદિ – પહિલૂં **સરસતિ** અરચીસૂં, રચીસૂં **વસન્તવિલાસ,**
વીણુ ધરઇ કરિ દાહિણુ, વાહણ હંસલુ જસુ. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પહુ તીય તિઉણી હિવ રતિ વરતિ; પહુતી વસન્ત,
દહ દિસિ પસરઇ પરિમલ, નિરમલ થ્યા નભ અન્ત. ૨

અંત – દમનહ ગુણિ મદમાતઉ, રાતઉ રૂપિહિ ભૃંગુ
કુન્દ કુસુમ રમાડઇ; છાંડઇ ચાંપુલા સંગ. ૮૫
ઇણ પરિ નિતુ પ્રિય રંજવઇ, મંજુ વઇણુ ઇણ દાઇ,
ધન ધન તે ગુણવન્ત, **વસંતવિલાસ** જે ગાઇ. ૮૬

(૧) શુભં ભવતુ લેખક પાઠકયોઃ છ. છ. શ્રી ગૂર્જર **શ્રી**માલ વંસે સાહ શ્રી દેપલ સુત સાહ શ્રી **ચં**દ્રપાલ આત્મપઠનાર્થં. શ્રીમન્નૃપ વિક્રમાર્ક સમયાતીત સંવત ૧૫૦૮ વર્ષે મહામાંગલ્યસ ભાદ્રપદ શુદિ ૫ ગુરૌ અદ્યેહ શ્રી ગૂર્જરધરિત્યાં મહારાજાધિરાજસ્ય પાતશાહ શ્રી **અ**હમદશાહ કુતુબદીનસ્ય વિજયરાજ્યે શ્રીમદ્**અ**હમ્મદાવાદ વાસ્તુસ્થાને આચાર્ય રત્નાગરેણ લિખિતોડયં વસંતવિલાસઃ [ગૂહાયાદી.]

પ્રકાશિત: ૧. ગુજરાત શાળાપત્ર પુ. ૩૧ (સને ૧૮૯૨) પૃ. ૮૯–૯૫, ૧૧૩–૧૧૬, ૧૩૫–૧૩૮, ૧૬૨–૧૬૭, ૧૯૩–૧૯૬. ૨. હાજીમહમ્મદ સ્મારક ગ્રંથ. ૩. પંદરમા શતકનાં પ્રાચીન ગૂર્જર કાવ્ય, પ્ર. ગુ. વ. સોસાયટી અમદાવાદ – આ ત્રણેમાં સંશોધિત કરી છપાવનાર (સ્વ). દિ.બ. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ. [૪. સંપા. મધુસૂદન મોદી. ૫. સંપા. કાંતિલાલ બ વ્યાસ.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૪૫૪-૫૫. ત્યાં આ રત્નાકરસૂરિને નામે મૂકી નીચે પ્રમાણે નોંધ કરી છે:

"આ કાવ્યનાં અવતરણ રત્નમંદિરગણિકૃત 'ઉપદેશતરંગિણી' (કે જેની હસ્તપ્રત સં. ૧૫૧૬ના ચૈત્ર સુદ ૨ના દિને લખાયેલી મળે છે)માં લેવાયાં છે. દા. ત.

અતિયુગ ચરણ ન ચાંપએ, ચાંપએ અતિહિ સુગંધ,
રૂડએ દોહગ લાગએ, આગએ એહ નિબંધ. ૫

આમ અનેક કારણો છે કે જે પરથી આ કૃતિ ખુદ રત્નાકરસૂરિકૃત હોય એમ પ્રાયઃ પ્રતીત થાય છે, તે કારણો માટે જુઓ 'જૈન ચિત્ર કલ્પદ્રુમ'માં 'ગુજરાતની જૈનાશ્રિતકળા અને તેનો ઇતિહાસ' એ લેખનાં પૃ. ૪૪–૪૮."

પરંતુ હવે આ કૃતિ અજ્ઞાતકર્તૃક હોવાનું સ્વીકૃત થઈ ગયું છે. રત્નાકરસૂરિ તે માત્ર લિપિકાર છે. કર્તા જૈન કે જૈનેતર હોવા વિશે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મતભેદ છે, પણ સામાન્ય રીતે જૈનેતર હતાં માનવામાં આવે છે.]

૧૦૭. શુભશીલગણિ (ત. મુનિસુંદરસૂરિશિ૦)

(૧૫૨) પ્રસેનાજીત રાસ ૨.સં.૧૫૦૯

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૪૫૬.]

૧૦૮. રત્નસિંહસૂરિશિષ્ય

(૧૫૩) રત્નચૂડ મણિચૂડ રાસ ૨.સં.૧૫૦૯ (પા૦ સં.૧૫૦૧, ૧૫૧૪)

કૃતિ દુહા, ચોપાઈ અને વસ્તુ છંદમાં છે.

આદિ – **સરસતિ** દેવી પય નમી, માગિસઉ ચિત્ત પસાઉ,
રત્નચૂડ ગુણ વર્ણવઉં, દાન વિષય જસ ભાઉ. ૧
જંબૂદીવહ માહિ અછઈ **ભરતક્ષેત્ર** અતિ ચંગ,
તામલતી નયરી તિહિં, રાજ **અજિત** નરિંદ. ૨

અંત – **રત્નચૂહનુ** સુણુ વિચાર, પાત્ર દાન દીધઉં તિણ સાર,
દાનપ્રભાવિ ઇંઇ એવડી ઋદ્ધિ, દાનપ્રભાવિઇં પામ્યા સિદ્ધિ. ૩૪૦
દાન શીલ તા ભાવનસાર, દાન તણુઉ ઉત્તમ વિચાર,
દાનિઇં જસ કીરતી વિસ્તરઇ, ત્રિણિ જીવ દાનિઇં પણ તરઇ. ૩૪૧
પનર નવોતરઇ હઉઉં પ્રબંધ, પઢતાં ગણતાં ટલઇ સવિ બંધ,
બહુલ બીજ ભાદ્રવઇ હતી, કવિત નીપનું ભૃગ રેવતી, ૩૪૨
તવગચ્છિ રયણસિંધ સૂરિંદ, અમૃતકલાં કરી કુલિ નવચંદ,
તાસ તણઉ સેવક ઊચરઇ, ષટપદ ચરણ કમલ અણુસરઈ. ૩૪૩
શિવસુખ હુઇ ઇણઇં ભણુઇં, સુગતિ મર્મ લાભઇ ઇણ ગુણઇ,
દ્રવ્ય કીરતિ સંપદ સંપજ્જઇ, ચંદ સૂરિજ જાં નિરમલ તપઈં. ૩૪૪
એ મંગલ નઇં એહ કલ્યાણ, ભણુ સુણાવઉજિ જાં શસિ ભાણ,
રત્નચૂડ ચરિત્ર એ સાર, શ્રી સંઘનઇં હુઇ જયજયકાર. ૩૪૫

(૧) ચેલા દેવજી પઠનાર્થં... ખરતરગચ્છે પં. **મહિમસાગર** વાચનાર્થં. પ.સં.૯–૧૭, વિ. ને. ભં. નં.૩૩૪૯. (૨) લ૦ **અહાદરપુર** મધ્યે પ.સં. ૧૩–૧૫, પ્રથમ પત્ર નથી, મ. જૈ.વિ. નં.૩૯૭. (૩) સંવત ૧૬૬૩ શ્રા૦ વદિ ૮ ભૃગૌ **અંચલગચ્છે** પં. **વિજયહર્ષશિ. પુણ્યકુશલ** પઠનાર્થં લિ૦ **ગોઆણા** મધ્યે **ચુહેારા નાથાકેન પ્રભાસે** વાસ્ત૦ પ.સં.૧૪–૧૩, મ.જૈ.વિ. નં.૪૮૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંત – (પાઠાંતર)

પનર એકોત્તરઈ નીપનો પ્રબંધ, **રતનચૂડનો** એહ સંબંધ,
બહુલ બીજ ભાદ્રવહ હતી, કવિત્ત **નીપનું** ભૃગુ રેવતી. ૩૩૯
વડતપગચ્છ રતનસૂરિંદ, ઉદભૂત કલા અભિનવઉ ચંદ,
તાસ સેવક ઇમ ઊચરઇ, ષટપદ ચરણ કમલ અણુસરઇ. ૩૪૦
સર્વ સુષ હુઇ એણુઇ ભણિઇં, નરનારી જે નિશ્ચઈં સુણુઇ,
તેહ ઘરિ લષિમી સદા તપ તપઇ, ચંદસૂર જો નિર્મલ તપઇ. ૩૪૧
એ મંગલ એહ જ કલ્યાણ, ભણુઈ ભણાવઇ જાણ સુજાંણ,
રતનચૂડનો ચરિત્ર એ સાર, શ્રી સંઘનઇ કરયો જયકાર. ૩૪૨

(૪) સુમધ(થ)રી મધ્યે લ૦ વા૦ **વિજયમૂર્ત્તિ**ગણિના સં.૧૬૭૬ માગશરિ વદિ ૯ રવૌ. પ.ક.૩૬થી ૪૩ પં. ૨૧, દે.લા.પુ.લા. નં.૧૧૦૦/૪૬૬. (૫) પં. **સૂર**વિજયગણિશિષ્ય **પ્રીત**વિજય લિ૦ પ.સં. ૧૨–૧૫, જિ૦ વિ. (૬) સં. ૧૭૧૫ ચૈત્ર વદ ૪ દિને પં. **સુમતિ**વિજય ગ૦ શિ૦ મુ. **સાધ**વિજય લિ૦ પ.સં.૧૩, અભય૦ નં.૨૬૮૪.

આદિ – (પાઠાંતર)

સરસતિ સામિણિ વીનવું માગું એક પસાઉ,
બત્રીસ લક્ષણિ આગલઉ, ગાઇસું **વત્સરાજ** રાઉ. ૧
તેજ નયર **પાટણ** ભલું, અમરાવતી સમું હોઇ,
મૃત લોકિ **વત્સરાજ** રાજીઉ અવર ન બીજઉ કોઇ. ૨

અંત – (પાઠાંતર)

દાન શીલ તપ ભાવના સાર, દાન તણુઉ ઉત્તમ વિચાર,
દાનિં જસ કીરતિ વિસ્તરઇ, ત્રિણિ જાવ પણ દાનિં તરઇ. ૩૩૮
પનર નવોત્તરઈ એઉ પ્રબંધ, પઢતા ગુણતાં કરૂ વિલંબ,
દાન માનઈ હું નિરમલ સિદ્ધિ, દિનિ દિનિ વાધઈ બહુ ઘરિ ઋદ્ધિ. ૩૩૯

(૭) પ્રં. ૩૩૯. સં. ૧૬૦૭ ભા૦ વ૦ ૧૩ અડકેવાસરે જીરાઉલા-ગછે ભ૦ **સોમ**કલસસૂરિ વાં૦ **શ્રીકલશ**શિ૦ હેમરત્નમુનિ પદ્મસુંદરમુનિ ગુણપ્રભ સમસ્ત ચનૂરિ ગ્રામ મધ્યે મુનિ હેમરત્ન લખિતં. પ.સં.૧૭–૧૫, ડા.અ.ભં. પાટણપુર દા.૩૬ નં.૨.

આદિ – (પાઠાંતર)

પ્રણમસિ ગણુહર **ગોયમ** રાય, સમરી **સરસતિ** સામણિ પાય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રયણ ભોજનદોષ વિચાર, પભણિસ તે સાંભલઉ ઉદાર. ૧

અંત – **પનર નવોત્તર** એહ પ્રબંધ, પઢતાં ગુણતાં ટલઈ કર્મબંધ,
બહુલ બીજ ભાદ્રવડઇ હતી, કવિત નીપનૂં ગુરૂ રેવતી. ૩૪૭
એહ મંગલ એહ જ કલ્યાણુ, ભણુઉ ભણાવુ જં સસિ ભાણુ,
રત્નચૂડ એ ચરિત્રહ સાર, શ્રી સંઘનઈ હુઇ જયજયકાર.

(૮) પ.સં.૨૦–૧૬, જૈનાનંદ નં. ૩૩૧૨.

અંત – (પાઠાંતર)

પનર ચૌદોત્તરઇ હૂઇ પ્રબંધ, ભણુતાં ગણુતાં ટલઇ સવિ બંધ,
બહુલ બીજ ભાદ્રવડઇ હતી, કવિત નીપનૂં ભૃગુ રેવતી. ૩૪૦
ધૃતિ કીર્ત્તિ સંપદ સંપજઇ, ચંદ્ર સૂર જં નિર્મલ તપઇ,
રત્નચૂડ એ ચરિત્રસાર, શ્રી સંઘનઇ હુઇ જયજયકાર. ૩૪૧

(૯) સં. ૧૬૦૮ ભા૦ શુ૦ ૬ શુક્રે. વા૦ **આણંદરત્ન** લ૦ ધંધલપુર મધ્યે. પ.સં. ૨૦–૧૨, પ્ર. કા. ભં. (૧૦) પ.સં. ૧૩, સારી પ્રતિ પ્રકટ કરવા લાયક, ભાં. ઇ. સન ૧૮૭૨–૩ નં.૧૬૮. (૧૧) સં૦ ૧૬૫૦ ફા૦ વદિ ૨ ભોમે **તપા**ગચ્છનાયક ભ૦ **સોમ**વિમલસૂરિ પટ્ટે ગચ્છાધિરાજ ભ૦ હેમસોમસૂરિ સપરિવારાન્ શ્રી **સી**રોહી મહાનગરે ચે૦ **લિ**૦ લિ૦ પા.ભં. (૧૨) સં. ૧૬૩૯ શ્રા. વ. ૨ ચેલા દેવા લ૦ જૈન વિદ્યાશાળા અમદાવાદ. (૧૩) સં. ૧૬૬૧ કા. શુ. ૮ **ત**પાગચ્છે **વિજય**સેનસૂરિ રાજ્યે પં. કમલવિજય – ગ. **જ્ઞા**નવિજય લિ. **મા**ડિયાવાડિયા ગ્રામે જૈન વિદ્યાશાળા અમદાવાદ. [મુપુગૂહસૂચી (અમૃતવિજયને નામે), હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૧૦ – સંઘવિજયને નામે).]

(૧૫૪) જંબૂસ્વામી રાસ ૨.સં. ૧૫૧૬ બીજ શ્રાવણ શુ. સોમ૦

આદિ – **સરસતિ** સામણિ સારદા એ, **ગોયમ** ગણુધાર,
રાસ બંધિ ગુણવત્તીઈ એ સિરિ **જંબ** કુમાર.
જંબૂદીવહ ભરહક્ષેત્ર મગધ વર દેસ,
નયર **રાજગૃહિ** જાણીઇ એ **શ્રેણીય** નરેસ. ૧

અંત – ઠવણિ

પ્રભવ સાંમિ પાટિ થાપીયા એ માહાલંતડે આપણિ પુહતા પારિ સુણિ સુંદરે,
મનરંગિઈ આણંદસિઉં એ મા૦ મુગતિ આણિ વરી નારિ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુણિ સુંદરે. ૧૦૭

સંવત **પનર સોલોતરે** મા૦ બીજઉ શ્રાવણ માસ સુ૦
શિવતિથિ હૂંતી ઉજલી એ મા૦ સોમવારિ હૂઉ રાસ સુ૦ ૧૦૮
તપગચ્છિ ગણ અભિનવા એ મા૦ અવતરિયા **ગોયમ** સ્વામિ સુ૦
રયણસિંઘસૂરિ ધ્યાઇએ મા૦ અષ્ટ મહાસિધિ નામિ સુ૦ ૧૦૯
તાસ સીસ ઇણી પરિ ભણઇ એ મા૦ વિનય કરી અપાર સુ૦
રાસ ભણઉ રલીયામણઉ મા૦ જસ કરી ભરૂ ભંડાર સુ૦ ૧૧૦
ગણસિઇ ભણસિઇ નિસુણસિઇ એ મા૦ **જંબૂ** સ્વામિનુ રાસ સુ૦
તસ ઘરિ અંગણિ પામીઇ એ મા૦ નવનિધિ તણઉ નિવાસ
સુ૦ ૧૧૧

ચંદ્ર સૂરિજ જ્ય ઉગમઇ એ મા૦ મેરૂ ગિરિ દ્રૂ તાર સુ૦
તાં લગઇ હરષિઇ ગાઇએ મા૦ સ્વામી **જંબૂ** કુમાર
સુણિ સુંદરે સ્વામી **જંબૂ** કુમાર. ૧૧૨

(૧) સં. ૧૬૧૫ માઘ શુ. ૬ શનિ **વેડા** ગ્રામ મધ્યે ચાતુર્માસ પં. **ધર્મવર્ધનગણિ** – પં૦ **સૌભાગ્યવર્ધનગણિ** – **લક્ષ્મીસૌભાગ્યમુનિ** લષિતં. ૧૮ મું પત્ર કે જે વાળી પ્રતિમાં અનેક કૃતિઓ સંભવે છે, ગો.ના. (૨) સં. ૧૫૪૧ વૈ. સુદિ ૩ રવૌ **સંઘવી થાવર** ભાર્યા સુશ્રાવિકા **માનુ** તત્સુતા શ્રા. **મણકાર્થે** લિ૦ પ.સં. ૭ જેસલ. ભદ્રસૂરિ જ્ઞાન ભં. (૩) શ્રાવિકા ઇદં યોગ્યં પઠનાર્થં પં. **મુનિસુંદરગણિ** પ્રતિ લેખાપિતં. પં.સં. ૪–૧૬, વિ. ને. ભં. નં.૩૨૦૬. (૪) પ.સં. ૬–૧૩, વિ.ધ.ભં. [મુપુગૂહસૂચી (વિનયરાજને નામે).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૭, ૫૨ તથા ૧૩૨, ભા.૩ પૃ.૪૬૪–૬૭, ૪૭૨–૭૩ તથા ૫૭૬. 'રત્નચૂડ રાસ' ભૂલથી રત્નશેખર તેમજ રત્નસિંહને નામે મુકાયેલો તે પછીથી સુધારી લીધું છે. 'જંબૂસ્વામી રાસ' પ્રથમ રત્નસિંહશિષ્યને નામે મૂકી પછીથી 'વિનય' શબ્દને કારણે રત્નસિંહ શિષ્ય વિનયચંદ્રની કૃતિ માની છે પણ 'વિનય'માં શ્લેષથી પણ કર્તાનામ જોવું મુશ્કેલ લાગે છે]

૧૦૯. સોમસુંદરસૂરિશિષ્ય

(૧૫૫૬) શત્રુંજય સ્ત૦ ૫૩ કડી ર.સં.૧૫૧૦ માહ શુ. ૧૩, થાહદર-પુરમાં.

આદિ – સમરવિ **સરસતિ** દેવિ, જિમ મઝમનિ મતિ ઊપજઈ એ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હિઅડલઇ ભાવ ધરેવિ, **શેત્રુંજ** મહિમ તવન ભણઉં એ. ૧

અંત – સુરમણી સુરતરૂ સુરગવી તું, મણુવંછિય ફલદાયકૂ એ
ભવસાયરિ જલિ બૂડતાં લોક પ્રવહણ જિમ તું તારકૂ એ,
જયવંત વરતઉ તાં જગમાહિ, ગયણુંગણિ જાં સસિ રવિ એ,
સંવત **પનર** દહોતરા વરસિ, માડ માસિઈ એ કીધ લવઉ એ. ૫૨
આહદરપુર વર નયર મઝારિ, સુકલ ત્રયોદશીનઈ દિણઇં એ,
જે પઢઇ જે સુણઇં જે ગુણઇં એહ આણંદ પૂરિઇ પૂરિઆ એ,
ઉદય પામીનઇ વલી હુઇ તેહ મુગતિ-રમણિ સિઉં વલ્લભૂ એ,
સિરિ **સોમસુંદર તપ**ગણરાય, તાસુ સીસઈ ધમ બોલિઉં એ. ૫૩

(૧) પ.સં.૩–૧૫, સંઘ ભં. પાટણ, દા.૭૫ નં.૧૫૨. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૧, ૨૬૧).]

[પ્રકાશિત : ૧. જૈન પૂર્વાચાર્યો રચિત સ્તવનસંગ્રહ.]

(૧૫૫ ખ) નેમિનાથ [સમવસરણ] **સ્તવન** [અથવા છંદ] ૩૬ કડી

આદિ – **જયવ** કુલ શિણગાર, સિરિ **નેમીસર** પય નમીય
સમોસરણ વિચાર, કહઉં સંખેવિહિ ગુરૂ ભણીય. ૧
તીર્થંકર રહિ નાણિ, ઊપન્નઈ સવિ ઇંદ્ર તિહિં
આવઈ અતિ બહુમાણિ, તિય નિય કમ્મ કરતિ તિહિ. ૨

અંત – સંથવિઉ એ જઇ જિણુનાહ, સમોસરણ-કિય જુગપવર
શ્રી ગુરૂ એ **સોમસુંદર**સૂરિ ગુણિહિ **ગાયમ** અવર
નિત મિત્ત એ ઇસઉ વિચાર, સવિઅણ જણ આગલિ કહઇ એ
સેવઇ એ એહ ગુરૂ પાય, રિદ્ધિ અનંતી તે લહઇ એ. ૩૬

(૧) પ.સં. ૩–૧૩, મારી પાસે. [આલિસ્ટઑઇ ભા.૧, મુપુગૂહ-સૂચી (સોમસુંદરસૂરિને નામે પણ), હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૩૪૯, ૪૦૨).]

(૧૫૬ ક) જીવદયા કુલં સજ્ઝાય ગા. ૧૫

આદિ – **ગોયમ** ગણહર પય પણમેવિ, જીવનદયાનઉ બોલિસુ ભેઉ,
જીવદયા સુખ લાભઇ બહૂ, જીવદયા તે પાલઉ સહૂ. ૧

અંત – શ્રી **સોમસુંદર**સૂરિ સુહગુરૂ સાર. ધર્મ તણઉ નિતુ કહઇ વિચાર,
સુણતા લાભઇ આગમ મર્મ, જિણવર સાસણિ સાચઉ ધર્મ. ૧૫

(૧) સં.૧૫૬૯, પ.૨૧થી ૩૦ની ખંડિત પ્રત, હા.ભં. દા.૮૩ નં.૭૮.

(૧૫૬ ખ) ચતુર્મુખ ગીત ગા. ૧૦

આદિ – સફલ ફલિઆ સુરતરૂ ઘર અંગણિ, સફલ જનમ સુપવિત્ર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વંધ્યાચલ તલહટીઇ **રાણપુરિ,** સુફ(લ) કીધ મઈ જાત્ર. ૧

અંત – હેલી હે આજ મઇ દીઠા, માણઅ જનમ હૂઆ મીઠા. આંચલી.
યુગપ્રધાન ગણધર **તવગચ્છપતિ, શ્રી સોમસુંદરસૂરિ.**
સુમુહૂર્ત્તિ ગુરૂ ચૈત્ય પત્રી છઇ, દિણિ દિણિ ઉત્સવ ભૂરિ
હેલી રે. ૯
હું નવિ માગઉં રાજ ન રાણિમ, શ્રી યુગાદિ જિણુદેવ.
પણિ એકજિ એતલડઉં માગઉં, ભવિ ભવિ તુઝ પયસેવ હે. ૧૦

(૧) સં.૧૫૩૫ની પ્રત, પ.સં. ૧૧–૧૩, હા.ભં. દા.૮૨ નં.૧૬૯.

(૧૫૭) પિંડવિશુદ્ધિ બાલા.

(૧) ગ્રં. ૧૦૧૦, પ.સં. ૧૭, લીં.ભં. દા.૨૩. [કેટલોગગુરા (સોમસુંદરસૂરિને નામે).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૪૪૫, ૪૫૮, ૪૯૫, ૫૫૨ અને ૧૪૮૯. પહેલી બે કૃતિઓ તથા 'પિંડવિશુદ્ધિ બાલા.'ને સં. ૧૫મી સદીમાં મૂકી હતી.]

૧૧૦. અજ્ઞાત

(૧૫૮) ષડાવશ્યક બાલા૦ ૨.સં. ૧૫૧૨

(૧) પ.સં.૧૨૬, જીર્ણ પ્રત, સંઘ ભં. ફોફલિયાવાડા દા.૨૦ નં. ૩૬.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૯૦.]

૧૧૧. ઋષિવર્દ્ધનસૂરિ (અંચલગચ્છનાયક જયકીર્તિસૂરિશિ૦)

આ કવિએ 'અતિશય પંચાશિકા' યા 'જિનેંદ્રાતિશય પંચાશિકા' રચેલ છે. (ડાસાભાઈ અભેચંદ ભાવનગર ભં. નં.૮૩)

(૧૫૯) [+] **નલદવદંતી રાસ** અથવા **નલરાજ ચોપાઈ** ૨. સં.૧૫૧૨ ચિત્રકોટગિરિ(ચિતોડ)માં

આદિ – ધૂરિ દૂહા.
સયલસંઘ સુહસંતિકર, પ્રણમીય **શાંતિ** જિણેસુ,
દાંન શીલ તપ ભાવના, પુણ્યપ્રભાવ ભણેસુ. ૧
સુણતાં સુપરિસ વર ચરિય, વાધઈ પુણ્ય પવિત્ત,
દવદંતી નલરાયનૂં, નિસુણુ ચારૂ ચરિત્ત. ૨

અંત – શ્રીય **અંચલગચ્છનાયક** ગણધર, ગુરૂ શ્રી **જયકીરતિ** સૂરીસર,
જસ નામિ નાસઈ દુરિત. ૩૨૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તાસુ સીસ **ઋષિવર્દ્ધન** સૂરિઈં, કીઉ કવિત મન આનંદ પૂરિઈં,
નલરાય દવદંતી ચરિત. ૩૨૯
સંવત **પનર બારોત્તર** વાસે, **ચિત્રકૂટ** ગિરિનગર સુવાસે,
શ્રીયસંઘ આદર અતિ ઘણુઇ એ;
એહ ચરિત જે ભણુઇ ભણાવઈ, રિદ્ધિ વૃદ્ધિ સુખ ઉચ્છવ આવઈ,
નિતુનિતુ મંદિર તસ તણુઇ એ. ૩૩૧

(૧) ૪૭૧ શ્લોક, સાગર ભં. (૨) લિ૦ સં. ૧૫૭૬ ભ. શ્રી જિનસાધુસૂરિણા. પ.સં. ૧૧, હા ભં. દા. ૮૦.

(૩) પંચસપ્તિ ચતુર્મંષ્યા સતિ શ્લોકા વિલોકિતા
પ્રાકૃતે **નલ**વૃત્તેડત્ર પ્રત્યેકાક્ષર સંષ્યયા. ૧

યતિશ્રી નલપંચભવરાસ વડો નલરાસ સંપૂર્ણ. સં. ૧૬૫૦ વર્ષે વૈશાષ સુદિ ૭ રવૌ લષિતં શ્રી **વટ**પદ્ર નગરે. પ.સં. ૧૬-૧૩, આ. ક. ભં. (૪) પ.સં. ૧૦, અમ. (૫) સં. ૧૬૧૯ વર્ષે શાકે ૧૪૮૫ પ્રવર્ત્તમાને ચૈત્ર શુદિ ૧ ગુરૌ શ્રી **અં**ચલગચ્છે. વ્યવ૦ ઉદયકિરણ લિખાપિતં. એક ચોપડામાં, પ.ક. ૧૮૦થી ૧૯૫, પં.૧૮, વિ.ધ.ભં. (૬) પ.સં. ૮-૨૦, રા.એ.સો. બી ડી. ૮૩ નં.૧૬૧૮. (૭) જૂની પ્રત, પ.ક.૧થી ૧૯, પં. ૧૧, જશ૦ સં. (૮) સં. ૧૫૭૯ **સહ**આલા નગરે ભ૦ **જિન**સાધુસૂરિણા લિ૦ પ.સં. ૧૧-૧૬, હા. ભં. દા.૮૦ નં. ૧૭. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજ્ઞાસૂચિ ભા. ૧ (પૃ ૩૯૩ – ઋદ્ધિવર્ધનને નામે, ૪૧૭, ૬૧૫).]

[પ્રકાશિત : ૧. સંપા. રમણલાલ ચી. શાહ.]

[પ્રથમ આવૃત્તિ ભા. ૧ પૃ ૪૮-૪૯, ભા.૩ પૃ.૪૬૭.]

૧૧૨. સંવેગદેવગણિ (ત. સોમસુંદરસૂરિશિ. ભ. રત્નશેખર-સૂરિશિ.)

(૧૬૦ ક) પિંડવિશુદ્ધિ બાલાવબોધ ૨. સં. ૧૫૧૩

(૧) પ.સં. ૨૯, શ્લોક ૧૧૫૮, અજીમગંજ ધનપતિસિંહજી ભં. (Notices of Jain Mss. Vol. [?] p. 103 104) (૨) પ.સં. ૨૫, હા.ભં. દા.૪૯. (૩) અં. ૧૦૧૦, પ.સં. ૧૭, લ. દા ૨૩ નં.૧૪૧. (૪) આ. ક. ભં. (૫) પ. સં. ૪૨. વખતજી શેરી ભં. પાટણ દા.૬ નં.૧૭૦. (૬) સં. ૧૫૧૫ પો. શુ. ૧ **વી**રમગામે **ભા**વધીરગણિ લિ. સા. **કર્મા** યોગ્યં. પ.સં. ૪, અભય નં. ૨૮૦૦. [મુપુગૂહસૂચી (સંવેગરંગગણિને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નામે), લીંહસૂચી (સંગદેવને નામે), હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૮૨).]

(૧૬૦ ખ) આવશ્યક પીઠિકા બાલાવબોધ ૨.સં.૧૫૧૪

અંત – શ્રી **સોમસુંદર** યુગોત્તમસૂરિ શિષ્યઃ, **સંવેગદેવગણિરિંદ્ર** તિથિ **૧૫૧૪** પ્રમેઽબ્દે, **આવશ્યકસ્ય** ધુરિસંસ્થિતપીઠિકાયા બાલાવબોધમતનોત્ સ્વપદાર્થસિધ્યૈ.

(૧) ઇતિશ્રી આવશ્યક પ્રથમ પીઠીકા બાલાવબોધઃ સમર્થિતઃ પ.સં. ૨૦–૧૮, સંઘ ભં. દા.૭૫ નં.૬૦. (૨) પ.સં. ૧૩, પ્ર. કા. ભં. છાણી નં. ૮૧૬. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૫, ૧૯૭).]

(૧૬૦ ગ) ચઉશરણ પયન્ના

(૧) **સોમસુંદરસૂરિ** શિ. પં. **સંવેગદેવગણિ** વિરચિતઃ **અહમ્મદાબાદ** નગરે લિ. **અમરદેવ** મુનિના. પ.સં. ૫, અભય નં. ૨૦૩૨.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૮૦–૮૧.]

૧૧૩. આણંદમેરુ (પીંપલગચ્છ ગુણરત્નસૂરિશિ૦)

સં. ૧૫૧૩નો ગુણરત્નસૂરિનો પ્રતિમાલેખ (નાહર. ૧ નં.૬૦૮) ઉપલબ્ધ છે તેથી આ કવિની કૃતિઓને એની આસપાસ મૂકી શકાય.

(૧૬૧–૧૬૨) કલ્પસૂત્ર વ્યાખ્યાન તથા **કાલકસૂરિ ભાસ** સં. ૧૫૧૩ આસપાસ

આદિ – મહાવીર કલ્પે પ્રથમ વ્યાખ્યાને ભાસ.

સકલ શાસનદેવી ધ્યાઇઇ એ, કીજઇ એ સખી કવિત રસાલ,
વીર જિણંદ ગુણ ગાઇઇ એ, સાંભલુ એ સખી **કલ્પ** વિચાર
જસ ગુણ પાર ન પામીઇ એ, પાવઇ એ સખી કરઇ વિણાસ,
એકમનાં જેઉ સાંભલઇં એ, નવ નિધિ એ સખી તણઉ નિવાસ,
સારસિદ્ધાંત વખાણીઇ એ.

ચૂડક

વખાણીઇ સિદ્ધાંત સારહ અછઇ મહિમા તીહ ઘણા
તે શ્રવણે આણી સુણુ સખી ! એ પૂરઇ મનોરથ મન તણા
એહ **કલ્પ** અક્ષર નામ લીધઇં સયલ પાવ પણાસયે
વંછિતદાયક **વીર** જિણવર મુગતિ માગ પયાસએ
જીણઇં પરવિ આવિઇ દાન દીજઇં જીવરક્ષણ કીજઇ એ
એણી પરિઇં ભવીયા ! **કલ્પ** સુણીઇ સર્વ વંછિત સીઝઇ એ. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વંદિયા સુરપતિ **વીર** જિણવર ભાવભગતિ સિઉં તવી
જિણી રાતિઇ સયલ સંઘ આગલિ વખાણુ કરિસિઉં વરણવી
સિદ્ધાંત અક્ષર અનંત અછઇ પાર કિમ્હઇ ન જાણીઇ
એણી પરિઇ **આણંદમેરૂ** બોલઈ કહુ કિમ વખાણીઇ
નલહ સાગર ગયણિ તારા મેરૂ સો તું જે ગણઇ
વિરહ જીવી બુદ્ધિસાગર સરસ જીભઇ નવિ ફણઇ. ૩

૨ મહાવીર કલ્પે ગર્ભાપહારે દ્વિતીય વ્યાખ્યાન ઢાલ ઊલાલુ
૩ ,, સપન તૃતીય ,, ઢાલ **સપન**નું
૪ ,, વીર જન્મ ચતુર્થ ,, ઢાલ બાર પરિષદ્ પૂરીએ, તથા છાહલીની
૫ ,, જન્મ બાલક્રીડા પંચમ ,, ઢાલ માઈ એ નયરહ સીહદ્વયારિ.
૬ ,, સમાપ્તઃ છહું ,, જિણ વાણીય રલિયામણી એ.
૭ કલ્પે પાર્શ્વનાથ નેમિનાથ કલ્યાણક. રાગ વેલાઉલી.
૯ આદિનાથ પંચકલ્યાણક રાગ છાહલીનું.
૯ કાલિકસૂરિભાસ ઢાલ ઊલાલુ.

આદિ – **અંબિકા** પાય પ્રણમેસો **કાલિક** કવિત કરેસો
ધારા વાસ નયર નિરૂપમ, તીહં પુર કણ દીજ્ન ઊપમ.

અંત – **પીંપલગચ્છિ** ગુરૂ સોહઈ, ભવીયણ જણ મન મોહઇ,
શ્રી **ગુણરયણસૂરિંદ**, હઇયડઇ ધરીય **આણંદ**.
કીધઉ એહ ચરિત્ર રસાલ, સુણુ બહુ બાલ ગોપાલ,
તેહ ઘરિ સયલ સમૃદ્ધિ, પામઇ અવિહડ રિદ્ધિ.

(૧) ગ્રં૦ ૨૪૧, પ.સં.૧૧–૧૧, હા. ભં. દા..૮૩ નં.૧૨૭. (૨) સં. ૧૭૪૦ દ્વિ.શ્રા.શુ. ૧૧ રવિ લ. બાઈ **સુંદર**બાઈ બાઈ **વા**હાલબાઈ લખાવીતં **રા**જનગર મધ્યે. પ.સં. ૧૮–૮, ડે. ભં. દા.૭૧ નં.૩૯. (૩) લિ. લહિયા **ના**નાલાલ હરીનંદ સં. ૧૯૮૫ **પા**ટણ ગુજરાત. પ.સં. ૯–૧૩, જશ. સં. [મુપુગૂહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ ૪૫૯–૬૧. 'કલ્પસૂત્ર વ્યાખ્યાન' આણંદમેરુની રચના છે પરંતુ એમાં ગચ્છ કે ગુરુનામનો નિર્દેશ નથી. 'કાલિકસૂરિ ભાસ'માં આણંદમેરુ એ નામ નથી, 'આણંદ' શબ્દને કારણે આણંદમેરુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્તા ગણી લીધા છે. આ રીતે આ બન્ને કૃતિઓનું કર્તૃત્વ એક જ વ્યક્તિનું માનવાનું યોગ્ય છે કે કેમ તે વિચારવા જેવું છે.]

૧૧૪. મતિશેખર (ઉપકેશગચ્છ દેવગુપ્તિસૂરિ-સિદ્ધિસૂરિ-કક્કસૂરિ -શીલસુંદરશિ૦)

(૧૬૩) ધન્ના રાસ [અથવા **ચોપાઈ**] ૨.સં. ૧૫૧૪

આદિ – પહિલઉં પણમી પયકમલ **વીર**જિણુંદ દેવ.
ભવિય સુણુઉ **ધન્ના** તણુઉ, ચરીય ભણઉં સંખેવિ, ૧
જિણવરિ જિહું પરિભાસિયઉં, સાસણિ નિર્મ્મલ ધર્મ્મ,
તિહાં ધુરિ દાંન પ્રસંસીયઇ, જિણિ ટૂટઇ સવિ કર્મ્મ ૨

વસ્તુ

દાન ગિરુઉ દાન ગિરઉ દાનિ જસ કિત્તિ,
દાનહિ વસિ ત્રિણઈ ભુવન, દાન માન આપઈ નરા હિવ,
દાનિ દુરિય નાસઇ સયલ, દાનિ સેવ સારઇ સુરા હિવ,
દાન જેમ **ધન્ન**ઇ દીયો, પુંન્નહિ પાંમીય પાત,
સાવધાંન તુમ્હિ સાંભલઉ, પૂરબ ભવ અવદાત. ૩

અંત – શ્રી **ઉવએસગચ્છ** સિણગારો પહિલો **રયણપ્પહ** ગણધારો,
ગુણિ **ગોયમ** અવતારો.
જક્ખદેવસૂરીય પ્રસિધ્ધો તાસ પાટિ જિણિ જગિ જસ લીધો,
સંયમસિરિ ઉરિહારો ૨૬
અનુક્રમિં **દેવગુપ્તિ**સૂરીસ, **સિદ્ધિ**સૂરિ નામિં તસ સીસ
મુણિજણ સેવીય પાય
તાસ પાટે સંપઈ જયવંતો ગચ્છનાયક મહિમા ગુણવંતો
કક્કસૂરિ ગુરુરાય. ૨૭
સઈ હત્થિ થાપીય તિણિ ગુણહારા, ગુણવંત **સીલસુંદર** સારા
વારીય જિણિ અણુંગો.
તાસ સીસ **મતિસેહર** હરસિહિં **પનરહ સઇ ચઉદોત્તર** વરસિંહિ.
કીયો કવિત અતિચંગો. ૨૮

(વધુ બીજી પ્રતમાં)
એઉ ચરિત **ધન્ના**નઉ ભાવઈ, ભણઇ ગુણઈ જે કહઇ કહાવઇ,
જે સંભલિ ઘઇ દાંન
તે નર વંછિત ફલ પાવઇ, વિલસઇ નવઇ નિધાન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) ભાવડરાયગચ્છે વિજયસિંહસૂરિ શિ૦ મુનિ દેવકીર્ત્તિ સ્વવાચનાર્થં લષિતં. સંવત્ ૧૫૭૦ વર્ષે ચૈત્ર સુદિ. ૫.સં. ૮–૧૮, મૂળ આમોદની પ્રત, હવે દે. લા. પુ. લા. નં. ૬૪૯/૪૩૭. (૨) ઋ. પદમા પઠનાર્થં લિ૦ ઋ. દેલ્હ. ૫.સં. ૮–૧૭ દે. લા. પુ. લા. નં. ૬૫૯/૪૩૭. (૩) લિ૦ ઋષિ લષમણુ. ૫.સં. ૯–૧૫, મો૦ સુરત પો. ૧૨૭. (૪) મુનિ લહુઝ લ૦ ૫.સં. ૭–૧૭, સીમંધર૦ દા.૨૦ નં.૧૩. (૫) ૫.સં. ૧૭-૧૩, વી. ઉ. ભં. દા.૧૩. (૬) સં. ૧૬૬૩ કડિનગરે. ૫.સં. ૧૬–૧૩, વિજાપુર જૈન જ્ઞાનમંદિર નં. ૬૧૪. (૭) ૫. ક. ૧થી ૯, અપૂર્ણ, અનંત ભં. નં. ૨. (૮) શ્રી બૃહત્ ખરતરગચ્છે શ્રી જિનચંદ્રસૂરિ રાજ્યે વા૦ નયરંગગણિશિ૦ રિષિ તેજ્જશિ૦ વાસણુસ્ય વાચનાર્થં લેખિ. ૫.સં. ૧૨–૧૬, વિ. ને. ભં. નં. ૪૪૬૯. (૯) ૫.સં. ૧૨–૧૫, વિ. ને. ભં. નં.૪૪૭૦. (૧૦) ૫.સં. ૧૨–૧૪, રૉ. એ. સો. બી. ડી. ૧૨૭ નં. ૧૯૧૪. (૧૧) જાંબુનગરે સં. ૧૬૬૭ આસો વદિ ૨ સોમે. પ સં. ૧૦–૧૫, હા. ભં. દા.૨૪. (૧૨) સ્તંભતીર્થે શ્રી સાગરચંદ્રશિષ્યેણુ લિ. ૫.સં. ૭–૧૯, હા. ભં. દા.૮૦ નં.૩૮. (૧૩) ૫.સં. ૧૯, મા. ૨૫૫, જય. પો. ૬૬. (૧૪) ચેનસાગર ભં. ઉદયપુર. (૧૫) ૫. ક. ૮૫થી ૧૦૫, ચોપડો, વિ. ધ. ભં. (૧૬) રત્ન ભં. (૧૭) આમોદ. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહમૂચી.]

(૧૬૪) નેમિનાથ વસંત ફુલડાં

આદિ – સારદ માઈ પાય નમીનઈ માગઉં એક પસાય રે,
નેમિ જિણેસરના ભવ ગાઈસુ, લાગઉં મુઝ મનિ ઢાઉ રે,
શ્રી યાદવકુલમંડણુઉ.

યાદવકુલમંડણુઉ સ્વામી નેમિ જિણુંદ રે.
ભાવઈ જસુ પયકમલ જુહારઈ સુરપર કિંનર ઇંદ રે.

અંત – સો પરમેસર કેસર ચંદન પૂજઉ કુસુમ કપૂર રે.
કહઈ અતિશેખર સુણુઉ અતિશેષર, જેન પૂજઈ સુષપૂર રે. ૧૦૭
વસંતમાસ શ્રી નેમ તણુઈ ફૂલડે ફાગપ્રબંધ રે,
રંગિ હિ ચંગ લેઇનઈ ગાસઈ, તિહિ દુષ તણુઉ નબંધ રે. ૧૦૮

(૧) સં. ૧૫૭૬ વર્ષે ચૈત્ર માસે કૃષ્ણ પક્ષે ૧ તિથૌ સોમવાસરે શિવલાભ લિષતં. ૫.સં. ૬–૧૪, વિ. ધ. ભં.

(૧૬૫) કુરગડુ (કૂરઘટ) ઋષિ રાસ

આદિ – રિસહ જિણિંદ પયકમલ, વિમલ ચિતિ પણમેસુ,
વદ્ધમાણુ જિણ નાણુ બલિ, કાંઇ કવિત કવેસુ. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રિસહઈ વરિસ દિણુ તપ કીઉ, **વદ્ધમાંણિ** છમ્માસુ.
વરિસી છમ્માસી ઇસઉ, નામ હુઓ તિણિ તાસુ. ૨
જઉ તદ્દભવ સિદ્ધિહિં સુ, તપ તપ્યું દેવિ અરિહંતિ,
તઉ વિશેષિ સંસારીએ, તપ તપિવઉ એક તિ. ૩
તપિ તાપવીયઉ કણય જિમ, જીવ સુનિમ્મલ હોઇ,
તપી નિયાણું નઇ વલી, રોસ મ કરિસ્યઉ કોઇ. ૪
રોસિઈ તપ સગલઇ ગલઇ, રોસિ પણાસઇ પ્રીતિ,
રોસિઇં તનુ મન પરજલઇ, રોસિ ન નિવૃત્તિ ચીતિ. ૫
કૂરગડૂ ભવિ પાછિલઇ, તપ કરિ કીધઉ રોસ,
તિણિ રોસિઈ દુર્ગતિ જઇ, અનઈ સંભાર્યઉ દોસ. ૬
પછઇ ક્ષમા તિમ આદરી, જિમ તસ સીધઉં કાજ,
આઠ કરમ અરિ નિરજિણી, લીધઉ શિવપુર રાજ. ૭
ભાવિં ભવિક જન સાંભલો, તેહ ઋષિ તણું ચરિત્ર,
વાચક **મતિશેખર** કહિં, જિમ હુઇ જનમ પવિત્ર. ૮

અંત – કૂરગડૂનુ લેઈ સંબંધ, તપ ઊપરિ એ કીયઉ પ્રબંધ,
વાચક **મતિશેખર** ઈમ કહઈ, ભણુઈ તિ સંપદ લહઈ.

(૧) ગ્રં૦ ૨૪૫, પ.સં. ૮–૧૩, રત્ન. ભં. દા. ૪૩ નં. ૭૨. (૨) પ.સં. ૯, અમર. ભં. (૩) સં. ૧૭૪૮ ફા૦ સુદિ ૬ શનૌ ભ૦ **વિજયાણંદસૂરિ** – પં. **અમરવિજયગણિ** – પં. **કેસરવિજયગણિ** – મુનિ **કરણવિજયેન** લિ૦ **દોસી** ગણજી સુત **દોસી ગોવિંદજી** પઠનાર્થં. પ.સં. ૧૬-૯, લા.ભં. નં. ૪૯૪. (૪) લિ૦ ઋષિ **ગોપાલ** (ગુણદાસઋષિશિષ્ય). સં.૧૬૮૯ અને ૧૬૯૦માં લખેલ ચોપડી, પ.ક. ૮૮થી ૯૬, નાથાલાલ પાલણપુરવાળા પાસેની. (૫) પ.ક. ૨૧૨થી ૨૧૯, ગા. ૨૭૫, શાંતિ૦ ભં. દા. ૧૧૨ નં. ૯. (૬) સં.૧૬૫૯ ભા૦ ૭ ઋ૦ દેવજી લષિતં છતીઆરિ ગ્રામે. પ.સં. ૮, સેં. લા. (૭) ચં.ભં. (૮) ડે ભં. [આલિસ્ટઑફ ભા.૨, લીંહસૂચી.]

(૧૬૬) મયણરેહા સતી ચરિત્ર અથવા **રાસ** (શીલ ૫૨) ૨.સં. ૧૫૩૭

આદિ – ધૂરિ દૂહા.

શ્રી જિન ચઉવીસઈ નમી પણમીય **ગોયમ** પાઈ,
કરિસુ કવિત રલીયામણઉ, ગુરૂ **સરસતિ** સુપસાઇ. ૧
શ્રી અરિહંત પયાસીયા, દાન શીલ તપ ભાવ,
ભેદ ચ્યારિ ધમ્મહ તણા, શીલ અધિક પ્રભાવ. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શીલિ સયલ સુખ સંપજઇ, સીલિ સુજસ જગિ હોઇ,
શીલિ મંત્ર મહિમા કુરઇ, શીલિ સિદ્ધિ વશિ હોઇ. ૩
શીલ શરીરહ આભરણુ, શીયલે નિરૂપમ રૂપ,
શીયલે **મયણરેહા** તણુઉ, સહૂ કોઇ સુણઉ સરૂપ. ૪
મઇ અનેક પ્રકરણ થકઉ, દિઉ જિમ સંબંધ,
વાચક **મતિશેખર** ભણુઇ તિમ હું કહિસુ પ્રબંધ. ૫

અંત – શ્રી **ઉદયસેન**ગચ્છિ ગુરૂરાય, સૂરિ તસુ પદિ વિખ્યાય,
સાંપ્રત **દેવગુપતિ** ગણધાર, તે સદગુરૂના વચન આધાર. ૩૫૮
પનરહ સઈ સાંત્રીસઈ વરસિ, એ પ્રબંધ કીધઉ મન હરસિ,
વાચક **મતિશેખર** ઇમ કહઇ, ભણુઇ ગુણુઇ તે સર્વ સુખ
લહઇ. ૩૬૦

(૧) સં.૧૫૯૧ જ્યે. સુદિ ૭ લ. ઉપકેશગચ્છે કુકદાચાર્ય સંતાને ભ૦ **સિદ્ધસૂરિ** શિષ્ય ઉ૦ રત્નસમુદ્ર તત્ શિષ્યણી સાધ્વી રંગલક્ષ્મી પઠનાર્થં. પ.સં. ૨૧–૧૧, રત્ન. ભં. દા. ૪૩ નં.૯૦. (૨) પ.સં. ૧૭–૧૩, મારી પાસે (૩) પ.સં. ૧૫–૧૩, વ. ૨૧ (૪) પ.સં. ૭–૨૧, મ. જૈ. વિ. નં. ૪૨૭. (૫) ભાં. ઇ. સન ૧૮૭૨–૭૩ નં. ૧૬૬. (૬) પ.સં. ૧૭, સુંદર પ્રત, કૃપા૦ પો.૪૨ નં.૭૪૦. (૭) સં.૧૬૩૮ આશ્વિન વદ ૧ શુક્રે **થિરપુદ્ર** નગર મધ્યે વણારીસ **મહિમાસાગરેણ** લિ. પ.સં. ૯–૧૬ વી. ઉ. ભં. દા.૧૭. (૮) સં. ૧૬૬૧ કા. સુ. ૧૦ સોમે **રાજલદેસર** મધ્યે મુ. **કીર્તિસિંધ** લિ. પ.સં. ૧૭, અભય. નં. ૩૦૭૩. (૯) સં. ૧૫૯૨ માર્ગશર વદ શ્રી ખરતરગચ્છે **જિનસમુદ્રસૂરિ** પટ્ટે **જિનહંસસૂરિ** પટ્ટે **જિનમાણિક્યસૂરિ** રાજ્યે આચાર્ય **કીર્તિરત્નસૂરિ** શિષ્ય **લાવણ્યશીલો**-પાધ્યાયશિ૦ વા૦ પુણ્યધીરગણિશિષ્ય વા૦ **જ્ઞાનકીર્તિ**ગણિશિ૦ પં૦ **ગુણપ્રમોદમુનિના** પં૦ **કર્મદેવમુન્યાદિ** સાધુપરિવારસંયુતૈઃ લિ૦ પ.સં. ૧૮–૧૨, જશ.સં. (૧૦) પ.સં. ૧૧, સં.૧૭૪૦ કા. શુ. ૭, જય૦ પો. ૧૩. (૧૧) ડે.ભં. [મુપુગૂડસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૫).]

(હર્ષસૂરિ(કક્કસૂરિશિ.)કૃતે 'ધન્ના ચોપાઇ' સં.૧૫૧૪ માણેક. આ પ્રમાણે નોંધાયેલ છે, પણ કર્તાનું ખરું નામ તો ઉપરોક્ત મતિશેખર લાગે છે.)

(૧૬૭) ઇલાપુત્ર ચરિત્ર (ભાવના વિષયે)

આદિ – શ્રી જિનશાસનિ જિગિ જયઉ, દેવ એક્ક **અરિહંત**;
ચિહું દિસિ ચિહું મુહડે ચતુર, ચઉવીહ ધમ્મ કહંતિ. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દાન શીલ તપ ભાવના, એ ચ્યારઇ તસુ ભેદ;
ચિહુ દિસિ ચિર ભમિવા તણા, ક્ષિણિહિ ક્ષિપવાઇ ખેદ. ૨
તિહિ ચિહું માહિ અધિકેરડઉ, વલી વિશેષઇ ભાવ;
દાનાદિક ત્રિણઈ વિફલ, ભાવ ન આવઇ જમ. ૩
ભાવઇ વર દેઈ દેવતા, ગુરુ દેઇ વિદ્યાદાન;
ભાવઇ નરપતિ હિત ધરઇ, કુરઇ તિ મંત્ર પ્રધાન. ૪
જિમ ભોજનિ ન મિલ્યઇ લવણુ, તા નવિ કાંઇ સાર;
તિમ રસ ધર્મ ન ઊપજઇ, જો નવિ ભલઇ ન ભાવ. ૫
તપ વિણ જપ વિણ શીલ વિણ, વિણ સંયમ વિણ દાણ;
ધણે ભવિક ભાવિજ લગઈ, લીધઉ કેવલનાણ. ૬
ભાવહિ ભરહાદિક તણા, અછઈ અનેક દિટ્ઠંત;
તદિપિ ઈલાતીપુત્ર તણઉ, તિમ હું કહિસુ વિત્તંત. ૭

અંત – જમ રષિ ભાવના, મુગતિ તણી હુઈ જ થાપના,
તે પણુ ઈમ ભાવઉ ભાવના, શાસન જિમ હુઈ પરભાવના. ૧૬૪
ઇલાપુત્રનઉ ઈહ ચરિત્ર, ભાવના ઊપરિ કરઉ એક ચત્ત,
વાચક **મતિશેખર** ઈમ કહઈ, ભણુઈ તિ અષ્ટ મહાસિદ્ધિ લહઈ.

(૧) મુનિ હેમરત્નેન લષતં સાહ ધરમા પડનાર્થં. શુભં ભવતુ. પ.સં. ૧૨–૧૪, લ. સુ. (૨) લ. સં. ૧૫૭૪, બીજી કૃતિની સાથે એક પ્રતમાં, પ.સં. ૧૭–૪૪, સેં. લા. (૩) પ.સં. ૫–૧૭, હા.ભં. દા. ૮૧ નં. ૬૬. (૪) પ.સં. ૨–૨૭, મ. જૈ. વિ. નં. ૪૩૩. (૫) પ.સં. ૫–૧૮, ૪થું પત્ર નથી, અનંત૦ ભં. નં. ૨.[મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞા-સૂચિ ભા.૧ (પૃ.૩૬૫).]

(૧૬૮) નેમિ ગીત ગા. ૫ રાગ ગુડી

યાદવ વંશ વિભુષણુ, સવિ દૂષણ રહિત સરીર,
આવિઉ તોરણિ વાલહઉ, સખી આલહ પાનહ બીડ. ૧
મૂંરા પ્રીય સંહથઈ બીડલી દેસ, કહિ **રાજલ** રંગિ રસ–આંચલી

અંત – **નેમિ**કુંઅર ગુણરાતડી, પ્રભ વાતડી વાધઈ સઇનેહ,
તસ પુનઇ પ્રીય મેલઉ ભઉ, જયઉ **મતિશેખર** સામિ. મૂંરા ૫

(૧) સંવત ૧૫૩૫ વર્ષે વૈશાખ સુદિ ૬ દિને **અભય**પ્રભગણિ લિખિતં. પ.સં. ૧૧–૧૩, હા.ભં. દા. ૮૨ નં. ૧૬૯.

[પ્રથમ આવૃત્તિ ભા. ૧ પૃ. ૪૯–૫૧, ભા. ૩ પૃ. ૪૬૭–૭૧ તથા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૯૪. પહેલાં 'કુરગડુ ઋષિ રાસ'ની ૨. સં. ૧૫૩૭ નોંધેલી તે પછીથી આધારભૂત નહીં હોવાથી છોડી દીધી જણાય છે.]

૧૧૫. સોમજય [ત૦ સોમદેવશિ૦]

(૧૬૯) જીરાવલા પાર્શ્વનાથ સ્ત૦ ૪૪ કડી

આદિ – **જીરાઉલિ** રાઉલિ કય નિવાસ, વાસવ સંસેવિઅ પવર **પાસ,**
પાસપ્પહુ મહ તું પૂરિ આસ, **આસસેણવંસ** વિહિઅપ્પયાસ. ૧
સિરિ **સોમસુંદરસૂરિ** સુજસ જાય, ગુણ **લચ્છીસાયર** પણયપાય
ભત્તિપ્ભર નિપ્ભર **સોમદેય,** સિરિ **સુધાનંદ** વિહિઅ સેવ ૪૩

અંત – **સોમજય** સમુજ્જલ કિત્તિંપૂર, ભવિયણ જણ અંતર તિમિર સૂર
ઇય ભત્તિઇ જુત્તઇ થુણિઅ **પાસ, જીરાઉલિ** જિણ મુજ પૂરિ
આસ ૪૪

(૧) પ. સં. ૨-૧૪, હા. ભં. દા. ૮૩ નં. ૧૧૨ [આલિસ્ટઓઇ ભા. ૨ (સુધાનંદન ?ને નામે), મુપુગૂહસૂચી (ભૂલથી સુધાનંદસૂરિને નામે), હે જૈજ્ઞાસૂચિ ભા. ૧ (પૃ. ૧૪૪, ૪૦૪-સુધાનંદસૂરિને નામે).]

[પ્રથમ આવૃત્તિ ભા. ૩ પૃ. ૪૬૧. સોમજયનો જે રીતે ઉલ્લેખ થયો છે એ જોતાં એ કર્તા ન હોય અને ઉલ્લેખ પામેલા સાધુગણના કોઈ અજ્ઞાતનામા શિષ્ય હોય એવો પણ સંભવ રહે છે.]

૧૧૬. હેમહંસ (ત૦ રત્નશેખરસૂરિશિ૦)

(૧૭૦)÷ ગિરનાર ચૈત્ય પરપાટિ (ઐ.) કડી ૫૦ ૨.સં.૧૫૧૫ આ.

આદિ – પણમવિ **ગોયમ** સામિ નામિ જસુ આઠઈ સિદ્ધી
સરસતિ અંબિક દેવિ બે વિભૂવલયપસિદ્ધી
કર સિરિ જોડી વીનવું એ દિઉ મઉ મતિ માડી
ઊજિલ ગિરિવર તણીઅ કરિસુ હિવ **ચૈત્યપ્રવાડી.** ૧

અંત – શ્રી **સોમસુંદર** ગુરુઅ ગણહર સીસ શિવસુખદાયકો
જયત શ્રીગુરુ **રયણસેહર** સૂરિ **તપગચ્છ-નાયકો**
તસુ સીસલેસિહિ **હેમહંસિહિં** થુણિઅ **રેવયગિરિ** વરો
જે ભવિઅ ભાવઈ તાંહ આવઈ સયલ સિદ્ધિ સયંવરો. ૫૦

(૧) બે પત્રની જૂની પ્રત મારી પાસે છે.

પ્રકાશિત : ૬. પં. બહેચરદાસ સંપાદિત તેમની ટિપ્પણી સહિત પુરાતત્ત્વ, વર્ષ ૧ અંક ૩, પૃ ૨૯૨થી ૩૨૨ ક.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૪૬૧-૬૨.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧૭. ધર્મદેવગણિ (કીર્તિરત્ન–ક્ષાંતિરત્નશિ)

(૧૭૧) ષષ્ટિશતક બાલા. ૨.સં.૧૫૧૫

તેમાં ગ્રંથ પરની તપોરત્ન-ઉપાધ્યાયકૃત ટીકા પર આધાર રાખ્યો છે.

(૧) ભાં.ઇ. સન ૧૮૮૦–૮૧ નં. ૪૦૬ (ફીલ. ૨).

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૮૧.]

૧૧૮. જિનવર્દ્ધન

સં. ૧૫૧૫ આસપાસ.

(૧૭૨) ધન્ના રાસ લ.સં. ૧૮૦૫ પહેલાં

(૧) રત્ન ભં. (૨) અમ.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૧. વસ્તુતઃ આ કૃતિ જિનવર્ધમાનની ૨.સં. ૧૭૧૦ની 'ધન્ના ચોપાઈ' હોવી જોઈએ. અહીં મુકાયેલો કર્તાનો સમય સં. ૧૫૧૫ તે પ્રથમ આવૃત્તિમાં આ કવિની પછી મુકાયેલા ન્યાયસુંદર (ખરેખર અહીં આ પછી નોંધેલા આજ્ઞાસુંદર)ના ગુરુ આ કવિને લેખીને મુકાયો જણાય છે. આ કવિને નામે મુકાયેલો 'ઉપદેશકારક કક્કો' સંવત ૧૭મી સદીના કલ્યાણધીરવાચકશિષ્ય જિનવર્ધનનો કર્યો છે.]

૧૧૯. આજ્ઞાસુંદર (ખ૦ જિનવર્ધનસૂરિશિ.)

એક પ્રબંધની પ્રતને અંતે લખ્યું છે કે:

ઇતિશ્રી બપ્પભટ્ટિસૂરિ શ્રી આમભૂપતિચરિત્રં સમાપ્તં શુભં ભવતુ સંવત્ ૧૪૯૫ વર્ષે દક્ષિણ દેશે વસમતી સ્થિતેન લિખિતં આજ્ઞાસુંદર મુનિના ખરતરગચ્છે બૃહદ્પક્ષે.

(૧૭૩) વિદ્યાવિલાસ ચોપાઈ ૨.સં.૧૫૧૬

આદિ – **ગોયમ** ગણહર પાય નમી, **સરસતિ** હિયઇ ધરેવિ,
વિદ્યાવિલાસ નરવઇ તણુઉ, ચરિય ભણુઉ સંખેવિ. ૧
જિમ જિમ સંભલીયઇ શ્રવણિ, પુન્ય પવિત્ર ચરિત્ર,
તિમ તિમ પરમાણંદ રસ, અહનિસ વિલસઇ ચિત્ત. ૨
ધણ કણ કંચણ સુયણ જણ, રાણિમ ભોગવિલાસ,
મનવંછિત સુખ ભોગવઇ, જસ હુયઇ પુન્યપ્રકાસ. ૩

અંત – તીરથ જાત કરઈ અતિ રંગ, જિણવર પૂજિ રજઇ બહુ ભંગિ,
માલતાલ કરઇ ગુરુભગતિ, નિશ્ચલ જિનધર્મ પાલઇ જુગતિ. ૩૬૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇણ પરિ પૂરઉ પાલી આયુ, દેવલોક પુહુતહ નરરાય,
ખરતરગચ્છિ જિનવર્ધનસૂરિ, તાસુ સીસ બહુ આણંદ પૂરિ. ૩૬૧
શ્રી **અન્યાસુંદર** ઉવઝાય, નવે રસ કિધ પ્રબંધ સુભાય,
સંવત **પનર સોલ** વરસંમિ, સંઘ વયણે પવિય સુરંમ. ૩૬૨
વિદ્યાવિલાસ નરિંદ ચરિત્ર, ભવિય જોય કહૂ એહ પવિત્ત,
જે નર પઢઇ સુણઇ સાંભલઈ, પુન્ય પ્રભાવ મનોરથ ફલઇ. ૩૬૩

(૧) સં. ૧૬૬૪ ભા.વ. ૧ દિને. પ.સં. ૧૫–૧૩, વિ.ને.ભં. નં. ૧૪૭૮. (૨) સં. ૧૬૨૬ વૈ૦ ત્રિદિ ૧૧ **આગમીય ધર્મરત્નસૂરિભિઃ** ચોપડો છેલ્લો ભાગ, પ.ક.૧થી ૮, દે.લા.પુ.લા. નં.૧૧૨૫. (૩) સં. ૧૬૬૦ શાકે ૧૫૨૩ (?) આસુ વદિ ૫ દિને. પ.સં. ૨૦–૧૨, દે.લા.પુ લા. નં. ૨૧૯૧/૪૮૦. (૪) ભાવ.ભં. નં. ૫૯. (૫) સંવત ૧૬૬૨ વર્ષે જ્યેષ્ઠ શુદ ૬ રવઉ. પ.સં.૧૫–૧૩, ભાવ.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૧, ભા.૩ પૃ.૪૭૧–૭૨. પહેલાં ન્યાયસુંદર નામ આપી પછીથી સુધારીને આજ્ઞાસુંદર કર્યું છે.]

૧૨૦. રામચંદ્રસૂરિ

(૧૭૪) કલ્પસૂત્ર બાલા૦ લ.સં. ૧૫૧૭ પહેલાં

(૧) લ.સં. ૧૬૬૭, પ.સં.૭૮, હા.ભં. દા.૩૫ નં.૫. (૨) પ.સં. ૧૩૦, સંઘ ભં. ફોફલિયાવાડો પાટણ દા.૮ નં.૧૫. (૩) લ.સં. ૧૫૧૭ ગ્રં. ૩૫૦૦, પ.સં. ૧૩૭, સરસ અને વાંચવા યોગ્ય, સાથે મૂળ નથી, લીં.ભં. દા.૧૨ નં.૪૨. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧(પૃ.૩૧).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૮૧ તથા ૧૬૦૨. પહેલાં આસચંદ્રને નામે આ કૃતિ મૂકી તેની સં. ૧૫૧૭ બતાવી છે. પછી રામચંદ્રસૂરિને નામે પણ આ કૃતિ નોંધી છે. લીં.ભં.ની પ્રતને કારણે આસચંદ્ર નામ અપાયેલું, પરંતુ એ પ્રત ચકાસતાં એમાં આ કૃતિ રામચંદ્રસૂરિવિરચિત જ જોવા મળી છે ને એમાં રચનાસંવત નથી. ઉક્ત પ્રતમાં આ કૃતિના પછી 'કાલિકાચાર્યકથા' લખાયેલી છે અને તેને અંતે લિપિકાર તરીકે મડાહડગચ્છે શ્રી કમલપ્રભસૂરિશિષ્ય મુનિ આસચંદ્ર છે તથા લ.સં. ૧૫૧૭ છે. તેથી કૃતિ અંતે રામચંદ્રસૂરિની જ રહે છે.]

૧૨૧. જયચંદ્રસૂરિ (ત. લક્ષ્મીસાગરસૂરિશિ.)

(૧૭૫) ચઉસરણ અધ્યયન બાલા૦ લ. સં. ૧૫૧૮ પહેલાં

(૧) સં. ૧૫૧૮ ફાગણ શુદિ ૧૪ લેખિ **તિલકકલ્યાણગણિભિઃ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્ણપુરગ્રામે. શ્રી તપાગચ્છનાયક સુવિહિત ચક્રચૂડામણિ પરમગુરુ ભટ્ટારક પ્રભુ શ્રી રત્નશેખરસૂરિ તત્પટ્ટાલંકારેણ શ્રી લક્ષ્મીસાગરસૂરિશિષ્યેણ. પ.સં. ૬, જેસલ૦ ભદ્રસૂરિ જ્ઞાન ભં. નં. ૧૨૬. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૦૦).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૮૧.]

(૧૨૨) મેરુસુંદર (ખ. વાચનાચાર્ય રત્નમૂર્તિશિ૦)

(૧૭૬) શત્રુંજય સ્તવન બાલા૦ ૨.સં. ૧૫૧૮

(૧) ભાં.ઇ. સને ૧૮૯૧-૯૫ નં.૧૬૩૮. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૬૩).]

(૧૭૭) [+] **શીલોપદેશમાલા બાલા૦** ૨.સં. ૧૫૨૫ માંડવગઢમાં

આદિ – શ્રી **વામેય** મમેય શ્રી સહિતં મહિતં સુરૈઃ
પ્રણિપત્ય સત્યભક્ત્યાઽનન્તાતિશયશાલિનં. ૧
શ્રી **જિનચંદ્ર**ગુરૂણામાદેશાન્ **મેરૂસુન્દર** વિનેયઃ
શીલોપદેશમાલાં વિવૃણોતિ શિશુપ્રબોધાય. ૨

અંત – શ્રીમત્ **ખરતર**ગચ્છે બહુગુણસંયુધરાજ વિદિતે
ષટ્ત્રિંશત્ ગુણસહિતા શ્રીમજ્ **જિનભદ્ર**સૂરયોઽભૂવન્. ૧
તત્પટ્ટાચલ-શૃંગારહાર-નાયક-સન્નિભાઃ
શ્રી **જિનચંદ્ર**સૂરીન્દ્રાઃ જયન્તિ સપરિચ્છદાઃ ૨
તેષાં ગુરૂણામાદેશં પ્રાપ્ય શ્રી જયમંદિરં
શ્રીભદ્રરત્નમૂર્ત્તિગણિ વાચનાચાર્ય શિષ્યકઃ ૩
શ્રી **મેરૂસુન્દર**ગણેર્ગુણભક્તિપરાયણઃ
નાનાપુણ્યજનાકીર્ણે દુર્ગે શ્રી **મંડપા**ભિધે ૪
ઉદારચરિતખ્યાત **શ્રીમાલ**જ્ઞાતિસંભવઃ
સંઘાધિપ **ધનરાજે** વિજયેઽસ્તિ દયાપરઃ ૫
તસ્યાઽર્થનયા ભવ્યજનોપકૃતિહેતવે
શીલોપદેશમાલાયા બાલાવબોધો મયા રચિતઃ ૬
તત્ત્વ વત ચંદ્ર મિતે વર્ષે હર્ષેણ **મેરૂણા** રચિતઃ
તાવન્નન્દતુ સોઽયં યાવજ્જિનવીરતીર્થમિદં. ૭

(૧) સં. ૧૮૧૪ શાકે ૧૬૭૯ મૃગશિર વદિ ૬ ગુરૂ લિ૦ ઋષિ **અમીધર** વમ્હજી **અજીમગંજ** મધ્યે. પ.સં. ૧૬૫, ગુ. નં. ૬૧-૮. (૨) પ.સં. ૨૦૯, ગુ૦ નં. ૬૧-૬. (૩) અં૦ ૬૨૫૦, શ્રી **બીકાનેર** મધ્યે સં. ૧૫૭૮ આશો શુકલ દ્વિતીયા ભોમે. **ખરતર** વેગડ ગચ્છે **જિનેશ્વર**-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂરિ-શ્રી જિનશેખરસૂરિ-શ્રી જિનધર્મસૂરિ-શ્રી જિનચંદ્રસૂરિ-શ્રી જિનમેરૂસૂરિ વિદ્યમાન શ્રી જિનજયસિંહસૂરિભિઃ પં. રાજશેખર લિખિતમ્. પ.સં. ૧૫૩, જેસલ૦ ભદ્રસૂરિ જ્ઞાન ભં. નં.૯૦. (૪) લ.સં. ૧૮૩૧, પ.સં. ૧૭૩, લીં.ભં. દા.૫ નં.૧૪. (૫) લ.સં. ૧૬૦૮, અં.૬૦૦૦, પ.સં. ૧૩૧, લીં.ભં. દા.૧૪ નં.૪૧. (૬) અં.૭૦૦૦, પ.સં. ૨૪૨, લીં.ભં. દા.૩૫ નં.૨. (૭) લ.સં.૧૮૯૦, પ.સં. ૧૭૯, લીં.ભં. દા. ૩૫ નં. ૩. (૮) પ.સં. ૧૬૦, હા.ભં. દા. ૫૧. (૯) લ.સં.૧૬૧૬, પ.સં. ૧૫૮, હા.ભં. દા.૫૭ નં.૨. (૧૦) પ.સં. ૧૨૨, અં.૬૪૬૫, હા.ભં. દા.૫૭ નં.૩. (૧૧) સં. ૧૮૩૮ કા. શુ. ૬, પ.ક. ૨૨૩થી ૨૩૧, ત્રૂટક, ખેડા ભં. દા.૮ નં.૧૦૭. (૧૨) પ.સં. ૩૧, અં.૪૦૦, લીં.ભં. દા.૨૧. (૧૩) પ.સં. ૨૨૨, અં.૮૪૮૫, લીં.ભં. દા. ૨૮. (૧૪) પ.સં. ૧૭૬, અં. ૬૪૮૫, ખં.ભં.૧. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૭૬, ૧૭૫, ૧૮૬, ૨૧૧, ૨૧૩, ૪૩૪, ૫૯૮).]

[પ્રકાશિત : ૧. સં'પા. હરિવલ્લભ ભાયાણી વગેરે.]

(૧૭૮) ષડાવશ્યક સૂત્ર અથવા **શ્રાવક પ્રતિક્રમણ સૂત્ર બા૦** ૨.સં.૧૫૨૫

સંવત્ ૧૫૨૫ વર્ષે વૈશાખ સુદી ૫ દિને ખરતરગચ્છનાયક શ્રી જિનરાજસૂરિ પટ્ટાલંકાર શ્રી જિનભદ્રસૂરિ શ્રી જિનચંદ્રસૂરિના આદેશથી વાચનાચાર્ય રત્નમૂર્તિગણિશિષ્ય વા૦ મેરુસુંદરગણિએ ષડાવશ્યક વૃત્તિ બાલાવબોધ શ્રી તરુણપ્રભાચાર્યકૃત બાલાવબોધના અનુસારે કર્યો.

(૧) રો. એ. સો. (૨) લ. સં. ૧૭૫૦, પ.સં. ૮૫, હા. ભં. દા. ૫૭ નં. ૮. (૩) **આનંદવિમલસૂરિશિ૦ વીર**વિમલગણિ ભાવ. ભં. નં. ૨૮. [હેજૈજ્ઞાસૂચિ ભા. ૧ (પૃ. ૧૯૭).]

(૧૭૯) પુષ્પમાલા બાલા૦ લ. સં. ૧૫૨૮

(૧) અં. ૬૦૦૦, પ.સં.૧૩૯, લી. ભં. દા.૫ નં.૧૮. (૨) અં. ૧૫૦૦, પ.સં.૭૦, લીં.ભં. દા.૨૧ નં.૧૮. (૩) લ.સં. ૧૬૧૪, પ.સં.૧૬૬, અં.૪૫૬૦, હા.ભં. દા.૫૭ નં.૧૬. (૪) પ.સં. ૩૬૮, સંઘ ભં. વખતજી શેરી દા.૨ .૬.નં (૫) સં. ૧૫૨૮ શ્રા. વ. ૨ શનૌ પત્તને. હા.ભં. દા. ૬૦. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા. ૧ (૭૪, ૧૭૦, ૫૬૨).]

(૧૮૦) પંચનિર્ગ્રન્થી બાલા૦

(૧) લ. સં. ૧૬૧૨ અહમદાબાદ. પ. સં. ૧૭, હા. ભં. દા.૪૯ નં. ૧૫. આમાં પોતાને 'ખરતર જિનભદ્રસૂરિ પટ્ટે જિનચંદ્રસૂરિ વિજય-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માન શિષ્યાણુ વાચનાચાર્ય' એમ ગણાવેલ છે. (૨) લ.સં.૧૬૪૨, પ. સં. ૧૦, પ્ર. કા. ભં. દા.૯૧ નં. ૯૯૨. (૩) ગોડીજી ભં. ઉદેપુર. (૪) પરમગુરૂશ્રી આણંદવિમલસૂરિશિષ્ય પં. ધનવિમલગણિ શિવવિમલગણિ પઠનાર્થં, હીરાંની પરતિ. પ.સં.૨૧ પ્ર. કા. ભં. છાણી નં.૮૨૯. (૫) ઇતિ પંચનિગ્રંથી ખરતરીય મેરૂસુંદર કૃત બાલાવબોધોડપિ સમાપ્ત ઇતિ ભદ્રં ભૂયાત્ સં. ૧૬૬૦ આશો વદિ ૭ રવૌ. વેજ્પર. નં. ૧૭૯૧. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા. ૧ (પૃ. ૨૦૭).]

(૧૮૧) યોગશાસ્ત્ર બાલા૦ અથવા યોગપ્રકાશ

(૧) વિવેકવિજય ભં. ઉદેપુર (૨) લ. સં. ૧૬૨૬, ભા૦ ચઉડા મધ્યે ઋષિ ભાણા લિ૦ શ્રીવંત પઠનાર્થં. પ. સં. ૧૧૫, મહિમા૦ પો. ૨૪. (૩) પરમગુરૂ આણંદવિમલસૂરિશિ. પં. ધનવિમલગણિ શ્રીકર્ણ શિવવિમલ સીહવિમલ પઠનાર્થં. પ.સં.૨૭, ગો. ના. (૪) પ.સં.૨૭, ગ્રં. ૭૫૦, પા. ભં. ૪. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા. ૧ (પૃ. ૫૭૭).]

(૧૮૨) ભક્તામર પરકથા [અથવા **ભક્તામરસ્તોત્ર બાલા.**] (ગુજરાતી ગદ્ય)

આદિ – પ્રણમ્ય શ્રી **મહાવીરં** નત્વા ચ શ્રુતદેવતાં
શ્રી **જિનચંદ્રસૂરીણામાસાદ્યાદેશમુત્તમં**. ૧
બાલાલોકપ્રબોધાર્થમેષોહં **મેરૂસુંદરઃ**
ભક્તામરમહાસ્તોત્રં કારવ્યે વાર્ત્તયા મુદા. ૨

(૧) ભક્તામરપ્રાકૃત વાર્ત્તાવૃત્તિ : પ. સં. ૧૮, સુંદર પ્રત, યશોવૃદ્ધિ. [મુપુગૂહસૂચી.]

(૧૮૩) કપૂરપ્રકર બાલા૦ લ. સં. ૧૫૩૪ પહેલાં

(૧) લ. સં. ૧૫૩૪ માર્ગશિર સુદિ ૪ આદિત્યે શ્રી નાગરજ્ઞાતી વિશ્વનાથ સત્(સુત) લક્ષ્મીધર લિ૦ પ. સં. ૧૨૧, ગ્રં. ૫૨૭૦, જૂનો સંઘ ભં. ફોફલિયાવાડા પાટણ. દા. ૭૨ નં. ૩૭. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા. ૧ (પૃ. ૬૪).]

(૧૮૪) [+] ષષ્ટિશતક વિવરણ

(૧) ગ્રં. ૭૨૦, પ.સં. ૧૬, સંઘ ભં વખતજી શેરી દા.૫ નં.૧૮. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા. ૧ (પૃ. ૧૮૩).]

[પ્રકાશિત : ૧. નેમિચંદ્ર ભંડારી વિરચિત ષષ્ટિશતક પ્રકરણ ત્રણ બાલાવબોધ સહિત, સંપા. ભોગીલાલ જ. સાંડેસરા.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૮૫) વૃત્તરત્નાકર બાલા૦

(૧) મૂલના કર્ત્તા કેદારભટ્ટ. ઑ. ૧૧૭૬, પ.સં. ૧૯, પ્ર. કા. ભં. દા.૬૪ નં.૬૧૪.

(૧૮૬ ક) ભાવારિવારણ બાલા૦

(૧) પ.સં.૧૯, પ્ર. કા. ભં. દા.૯૧ નં.૯૮૭.

(૧૮૬ ખ) કલ્પપ્રકરણ બાલા૦

(૧) પ.સં.૧૧૦, ઑ. ૬૨૬૯, પા. ભં. ૪.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૬૦૧-૦૨, ભા.૩ પૃ.૧૫૮૨-૧૫૮૫.]

૧૨૩. લક્ષ્મીસાગર (સૂરિ?)

સૂરિપદની સં. ૧૫૧૮.[જૈન સાહિત્ય સંશોધકમાં મુનિ જિનવિજયે-'વસ્તુપાલ તેજપાલરાસ' સંપાદિત કર્યો છે તેમાં એક લક્ષ્મીવિજય સૂરિપદ સંવત ૧૫૦૮ તથા બીજા મલધારીગચ્છના સંવત ૧૫૪૮-૧૫૭૫ નોંધ્યા છે અને તેમાંથી કયા લક્ષ્મીસાગરની આ કૃતિ છે તે અસ્પષ્ટ હોવાનું જણાવ્યું છે.]

(૧૮૭) + વસ્તુપાલ તેજપાલ રાસ ગા. ૫૮

આદિ – **વીર** જિણેસર નમિય પાય, અને **ગોયમ** સામી,
સરસતિ તણેં સુપસાઉલે એ, કહિસિઉં સિરિનામી
વસ્તુપાલ તેજિગ તણો એ, અમ્હે બોલિસ્યું રાસો,
ભરહક્ષેત્ર ધુરિ **ગૂજરાત અણહિલને** વાસો. ૧

અંત – એતલો દ્રવ્ય વ્યય કીઉ એ મા. **વસ્તિગ** તે જિગ સારિ સુ૦
ગિરૂઆં કરણી એ કરેં એ મા. વરસ અઢાર માહિ સુ૦
મહિમંડલ રહાવીઉ એ મા. મનના પૂરી આસ સુ૦
લક્ષ્મીસાગર બોલિઉં એ મા. ગિરૂઓ એહ જિ **રાસ** સુ૦
વસ્તુપાલ તે જિગ તણો એ મા. ચરિત સુણેં નરનારિ સુ૦
તેહને ઘરિ અકૂલાં ફલે મા, અષ્ટ મહાસિદ્ધિ પૂરિ. સુ૦

(૧) પ.સં. ૩-૧૨, સાણંદ ભં.

પ્રકાશિત : ૧. જૈન સાહિત્ય સંશોધક ખં. ૩ પૃ.૧૧૨થી ૧૧૭.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૪૭૩-૭૪.]

૧૨૪. મલયચંદ્ર (પૂર્ણિમાગચ્છ સાધુરત્નસૂરિશિ)

(૧૮૮) [+] સિંઘાસણ બત્રીસી ચોપાઈ ૨.સં.૧૫૧૯

આદિ – સમરિસુ સામિણિ **સરસતિ** દેવિ, **વિક્રમચરિત્ર** કહું સંખેવિ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માલવમંડણુ જોયણુ બાર, **ધારા**નગરીનુ વિસ્તાર. ૧
ઉજેણી અધિપતિ વણુવેસુ, વિદુર **વિક્રમ** નરેસ
કલા કુતૂહલ કુતિગ સુણઇ, દાનખડગ સ્યું દાલિદ્ર હણઇ. ૨

અંત – સંવત **પનર ઉગણીસય** એય, ચઉપઇબંધ રચીઉ એય,
મંડલીક મગ્ગણુ ઉપગાર, **રંગદ્ર યૂયાહલ** નગર મઝારિ. ૨૮૭
પૂનિમિગછિ સાધરતનસૂરી, સીસ **મલયચંદ્ર** કહઇ મહિ
પૂરિ,
ભણુસઇ ગુણુસઇ સુચરિત એય, મનવંછિત સુખ લહીસઇ તેય
૨૮૮

(૧) પ.સં. ૧૩–૧૬, સે.લા. નં.૨૪૨૦. [આલિસ્ટઑઇ ભા.૨, લીંહસૂચી.]

(૧૮૬) ધનદત્ત ધનદેવ ચરિત્ર અથવા **સંઘલસીકુમર ચોપાઈ**
૨.સં. ૧૫૧૯ ગોપમંડલીમાં

આદિ – **સરસતિ** સામિણિ મનિ સમરેસુ નવલું કાંઇ કવિત કરેસુ
જિન ચુવીસઇ વંદું આજ, સહિગરૂ સમરિઇં શીઝઇં કાજ. ૧
દાન દીઇં જે ભુત્તિ સુપત્તિ, નિરમલ ચિત્તઇ નિરમલ વિત્ત,
લછિ લહઇં જિમ બંધવ બેઅ, દાનપ્રભાવિ **ધનદત્ત ધનદેવ.** ૨
દાન વડું સુણઇ સંસારિ, દાનિ દુરિત ટલઇં સહી સારિ,
દાનિ સુખસંપત્તિ સંયોગ, દાનિ જઈં વયર વિયોગ;
(પા.) દાનિ **સાલિભદ્ર** ધન રૂદ્ધિ, દાનઈં **કયવન્ના**નઇં સિદ્ધિ. ૩

અંત – **સૂરસેન** બેટાનઇં રજજ, આપી આપણિ કરઈ સકજ્જ,
સહનારી સ્યું સંયમ ધરઇ, મુગતિરમણિ લીલાં તે વરઇ. ૨૩૯
પાત્રદાન નિસુણી પ્રભાવ, દાન ઊપરિ ભવીયણુ ધરૂ ભાવ,
પૂનિમગછિ સાધરતનસૂરિ, સીસ **મલયચંદ્ર** કહઈ મતિ
પૂરી. ૨૪૦
બિસઇ બઈતાલાં (૨૪૨) છઇ ચઉપઇ, કથા ચુરાસી ઇહાં હુઇ,
નામોચ્ચાર અછઇ એહ માહિ, વિવરી જાણુઇ જેહનઇ આહિ. ૨૪૧
સંવત **૧૫ ઉગણીસઇ** સુખંધ, **ગોપમંડલીઇં** રચિઉ પ્રબંધ,
ભણુઇં સુણુઇ કવીયણુ જે કરઇં, **અંબિકે** પ્રસાઈ તે સુષ
વહઇં. ૨૪૨

(૧) પ.ક. જૂનો ૨૨૬થી ૨૩૩, નવો ૧થી ૮, પં. ૧૪, સીમંધર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દા. ૧૯. (આ પછી આ કવિકૃત 'દેવરાજ-વત્સરાજ પ્રબંધ' છે. જુઓ નીચે નં. ૧૯૦.) (૨) પ.સં. ૧૮-૧૫, તેમાં પ. ક. ૧થી ૮, (પછી કવિ હર્ષમૂર્તિકૃત 'પદ્માવતી ચોપાઈ' છે) ઘણી જૂની પ્રત, ખેડા. ભં. દા. ૮ નં. ૧૦૨. (૩) ઋ. ગોપી લષિતં. પ.સં. ૭-૧૫, ડે૦ ભં. (૪) સં. ૧૬૮૩ દ્વિ૦ શ્રા૦ શુદિ ૩ શનૌ લિ. ઋષિ મેઘા શિ. ઋષિ સહજપાલ વીરમગામ મધ્યે. છેલ્લું પાનું 'ચંપકસેન રાસ' સાથે, લા૦ નં. ૪૧૨. [મુપુગૂહસૂચી.]

[સંપા. રણજિત પટેલ.]

(૧૯૦) દેવરાજ વત્સરાજ પ્રબંધ ૨.સં.૧૫૧૯ ગોપમંડલીમાં

આદિ – **અંબિકે** સામિણિ પણમી પાય, જસ સિરિ ગિરિ **ગિરનારહ** રાય,
વત્સરાજનું કરૂં વષાણુ, ધર્મ્મકર્મ્મ તણઉં સુણઉ પ્રમાણ. ૧
પન્ય કાજિ જે ન કરઇ પ્રમાદ, સુષિં સુષિ તિહિ નહી વિષાદ.
વિસમાં વિધન વલઇ તીહ જાઇ, **વત્સરાજ** જિમ સુવિ સુષ થાઇ. ૨
ધરમઇ રાજરધિ સંયોગ, ધરમઈ શરીર હુઈ નીરોગ,
ધરમિ પુત્ર પૌત્ર પરિવાર, ધરમિં વિસમું સમું અપાર. ૩

અંત – ચહુ રમણીસ્યું ચારિત્ર લિધ, બહુગતિ તણઉં તેતાહુ દિધ,
મગતરિ મણિ લીલાં હુઇ, છત્રીસા સુતથઇ ચઉપઇ. ૧૨૬
સંવત **૧૫૧૯** ઉગણીસઇ સિદ્ધ, **ગોપમંડલી** સુર છઈ સપ્રસિદ્ધ,
પૂનિમગચ્છિ સાધરતનસૂરિ, સીસ **મલયચંદ્ર** કહિ મતિ પૂરિ. ૧૨૭
ધમ્મ કજિ એ સબંધ સુણી, આદર કરૂ જિણધમ્મહ જાણી
ધરમપ્રભાવઈ હુઇ રૂધિવૃદ્ધિ, સયલ સંઘનઈ વંછિત સિદ્ધિ. ૧૨૮

(૧) પ.ક. ૨૩૩થી ૨૩૭, નવો ૮થી ૧૨, સીમંધર. ૦ પો. ૧૯. [પ્રથમ આવૃત્તિ ભા.૩ (પૃ.૪૭૪-૭૬).]

૧૨૫. વિમલધર્મશિષ્ય

(૧૯૧ ક) મહાવીર વિનતિ ૧૪ કડી ૨.સં.૧૫૨૦ જેઠ શુ. ૧૦

આદિ – **સરસતિ** મજઝ મતિ દિઉ ઘણી એ, તું જણણી કવિઅણ જણ તણી એ,
ગોયમગુરૂ નીય મનિ ધરીએ, રસનારસ લીજઈ ઇણિ પરિ એ. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંત – રાયરાણા ભૂપ અતિ ઘણા એ, જિણ રંજિય દેસ નયર તણા એ,
વિમલધર્મ પંડિત તણુઇ એ, ઉપદેસિઈ જીર્ણ ઉધાર કરઇ એ. ૧૩
સંવત **પનર વીસોતર**ઇ એ, જેઠહ સુદિ દસમિ ઉચ્છત્ર કરઇ એ,
જે નરનારી નિત ભણુઇ એ, નવનિધિ ઘરિ વિલસઇ તીહ તણુઇ એ. ૧૪

(૧૯૧ ખ) જીરાઉલિ પાર્શ્વનાથ વિનતિ ગા. ૧૮

આદિ – ત્રિભુવન જન નયણાણંદ ચંદ, તુજ્ઝ સેવ કરઇ પય **ધરણઇંદ**,
વલિ દેવિ **પઉમાવઇ** રૂદ્ધ નામિ, **જીરાઉલિ** નાયક **પાસ** સામિ. ૧
જય પંડિત વર સિરિ **વિમલધર્મ**, તે જાણુઇ આગમ વેદ મર્મ,
તસ સીસ સેવક ઇમ વીનવઇ, કર જોડી પ્રભુ પાએ નમઇ. ૧૭
રવિ મંદિર ગિરિ જાં ગયણિ સોમ, ધ્રૂમંડલ સાયર મહિય પઉમ,
જીરાઉલિ તાં જય જિણહ **પાસ**, પ્રભુ પૂરે સામી મણહ આસ. ૧૮

(૧) સંવત ૧૫૩૫ વર્ષે વૈશાષ શુદિ ૬ દિને **અભયપ્રભગણિ** લિખિતં. પ.સં.૧૧-૧૩, હા.ભં. દા.૮૨ નં.૧૬૯. (બન્ને કૃતિઓ)

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૫૫૨-૫૩.]

૧૨૬. (બ્રહ્મ)જિનદાસ (દિ૦ સકલકીર્ત્તિ-ભુવનકીર્તિ શિ.)

આ કવિએ સંસ્કૃતમાં 'રામચરિત' લખ્યું છે. તેમાં રચનાસમય આપ્યો નથી. તેની પ્રત સં. ૧૬૭૨ની લખાયેલી છે. મુંબઈના દિ૦ જૈન સરસ્વતી ભવનના તૃતીય વાર્ષિક રિપોર્ટ સાથે જોડેલી ગ્રંથસૂચીમાં પૃ. ૮૦ પર તેની પ્રશસ્તિ આપેલી છે તેમાં દરેક સર્ગ અંતે 'ભટ્ટારક શ્રી **સકલકીર્ત્તિશિષ્ય બ્રહ્મચારી જિનદાસવિરચિતં**' એમ આપ્યું છે તે પરથી જણાય છે કે પોતાના ખાસ ગુરુ સકલકીર્તિ હતા. બ્રહ્મ એટલે બ્રહ્મચારી. દિગંબરોમાં સાધુ થવા માટે ત્રણ સ્થિતિ છે : ૧ બ્રહ્મચારી. ૨ ઐલક અને ૩ મુનિ. [કર્તાપરિચય માટે જુઓ સુગંધદશમી કથા, સંપા. હીરાલાલ જૈન.]

(૧૯૨) હરિવંશ રાસ ર.સં. ૧૫૨૦ વૈ. શુ. ૧૪

અંત – લોભવાહિં જીવ ગમાર, મિથ્યા ધરમ થાપ્યો અપાર.
શાસ્ત્ર લોપ્યાં બહુ જિનવર તણાં, કુમત થાપ્યા તીણેં આપણા. ૩૫
હુંડા સર્પિણી કાલ વિશાલ, પંચ મિથ્યાત ઉપજેં ગુણમાલ,
જિમ પૂનિમ થકી ચંદ્રકલા હાણિ, તિમ પંચમકાલિં જિનવરવાણિ. ૩૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જો(ઇ)લો કાલ તણો પરતાપ, **બલિભદ્રે** મિથ્યાત કીયો વ્યાપ,
ઇણ પરિં જસ વાધ્યો અતિ ઘણો, બલિ દેવિં **નારાયણ** તણો. ૩૭
તિહાં થકા નારાયણ હવો દેવ, પ્રજા લોક કરિ બહુ સેવ,
દયા ધરમ છોડયો તીણે ચંગ, આચાર તણો બહુ કીયો ભંગ. ૩૮

*

જિણસાસણ નિકલંક અપાર, મારગ મુગતિ તણો ભવ પાર,
દિગંબર નિગ્રંથ ગુરૂ ચંગ, જીવ દયા દીસે ઉત્તંગ. ૪૧

*

(નેમિ જિનેશ્વર ગિરનાર ઉપર આવી રહ્યા તે સંબંધી કહે છે કે)
સહસ્ત્ર વરસ ભોગવ્યો સ્વામી આય, દશ ધનુષ નિરમલ ગુણ કાય.

*

શ્રી **મૂલસંઘ** અતિ નિરમલો, **સરસતિ**ગચ્છ ગુણવંત,
શ્રી **સકલકીરતિ** ગુરૂ જાણીઈ, જિણસાસણિ જયવંત. ૧
તાસ પાટિં અતિ રૂયડા, શ્રી **ભુવનકીરતિ** ભવતાર,
રત્નત્રય કરી મંડીયા, ગુણહ તણા ભંડાર. ૨
તે મુનિવર પાય પ્રણમીનિં કીયો સવિ સાર,
બ્રહ્મ જિણદાસ ભણે રૂયડો, પઢતાં પુન્ય અપાર. ૩
સિષ્ય મનોહર રૂયડો, **મલ્લિદાસ** ગુણદાસ,
પહો પઢાવો વિસ્તરો, જિમ હોઇ સૌખ્ય અપાર. ૪
ભવીયણ જીવ સંબોધવા, કીયો રાસ એ સાર,
અનેક કથા ગુણિ આગલો, દયા તણો ભંડાર. ૫
સંવત **૧૫ વીસોતરા**, વૈશાખ માસ વિશાલ.
શુકલ પક્ષ ચઉદિસિ દિને, રાસ કીયો ગુણમાલ. ૬

વસ્તુ.

રાસ કીયો રાસ કીયો સાર મનોહર,
અનેક કથા ગુણિ આગલો, **હરિવંસ** તણો સાર,
.....એ કવિત કરી સાંભલો, ભાવ ધરો મનમાંહિ ઉજ્જલ,
શ્રી **સકલકીરતિ** ગુરૂ પ્રણમીનિ, **બ્રહ્મ જિણદાસ** ભણિં સાર,
પઢિં ગુણિં જે સાંભલેં, તેહનિં પુણ્ય અપાર.

(૧) ઇતિ શ્રી હરિવંશરાસ સમાપ્ત. સંવત ૧૭૫૧ વર્ષે માહ સુદિ ૧૪ શનૌ. મ.પ્ર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૯૩) શ્રેણિક રાસ

આદિ – વસ્તુ.

વીર જિણવર વીર જિણવર નમું તે સાર
તીર્થંકર ચઉવીસમુ વાંછિત બહુ દાંન દાતાર
સારદા સામિણિ વલી તવું બુદ્ધિસાર હું વેગિ માગું
ગણધર સ્વામી નમસ્કરૂં શ્રી **સકલકીરતિ** ભવતાર
શ્રી **ભુવનકીરતિ** ગુરૂ મનિ ધરૂં કરિસું રાસ હું સાર. ૧

ભાસ જસોધરની.

ભવિયણ ભાવઈ સુણો આજ મનિ નિશ્ચે આણી
શ્રેણિક રાજા તણો રાસ હું કહિસું વખાણી. ૧

અંત – વસ્તુ

શ્રેણિક રાજા **શ્રેણિક** રાજા તણો એ રાસ,
પઢે ગુણે જે સંભલે એકમનાં ધરી ભાવ ઉજ્જવલ,
તેહ ઘરિ નવ નિધિ સંપજે સરગ મુગતિ ફલ સંસાર નિરમલ,
શ્રી **સકલકીરતિ** ગુરૂ પ્રણમીને મુનિ **ભુવનકીરતી** ભવતાર.
બ્રહ્મ જિણદાસ ભણે નિરમલો, સુણતાં પુન્ય અપાર.

(૧) સં.૧૬૧૩ વર્ષે શ્રાવણ શુદિ ૧૧ શુક્રે કહ લિષી બાઈશ્રી **માનિકશ્રી** શિષ્ય **જિનમતિશ્રી** વાઈ. લિષિતં શ્રી **વસા વનુ કાયથા**. પ.સં. ૫૨–૧૦. ભાવ. ભં. (૨) સં. ૧૭ એકોત્તરા વર્ષે વૈ. શુ. ૧૩ ચંદ્રવાસરે **મૂલ** સંઘે ભ. **પદ્મનંદ્યાત** શિ. **બ્રહ્મ ગોવિંદ** પઠનાર્થં... ભટ રઘુનાથેન લિ. પ.સં. ૧૧–૧૦., સ.ભ.

(૧૯૪) યશોધર રાસ

આદિ – શ્રી પૂજ્યશ્રી **ધનરત્નસૂરિ** ગુરૂભ્યો નમઃ
મુનિસુવ્રત જિન જિન સ્તવું તે સાર
તીર્થંકર જેય વીસમઉ વંછિત ફલ બહુ દાંન દાતાર
સારદ સામિણિ વકતી તવું, જિમ બુદ્ધિ સાર હું વેગિ માગુ,
ગણધર સ્વામી નમસ્કરૂં, વલી **સકલકીર્ત્તિ** ગુરૂ સાર,
તાસ ચરણ હું પ્રણમીનિ, કરસિઉં રાસ એ સાર. ૧
ભવિઅણ ભવિ સુણઉ આજ, મનિ નિશ્ચય આણી
રાજ **જશોધર** તણઉ રાસ, હું કહિસિઉં વખાણી. ૨

અંત – રાય **યશોધર** રાય **યશોધર** તણો જે રાસ,
જીવદયાનૂં પીહર પાપ, મિથ્યાતનિકંદન સાર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાગ મોહ વિહંડણો, ગુણહ તણો ભંડાર,
સૂણીઇ જે નરનારી પઢે, ગુણે મને ધરિ બહુ ભાવ,
બ્રહ્મ **જિણદાસ** ઇમ ભણે, તેહને સૌખ્ય અપાર. ૪૬
(પા.) સુણીઈ જેઅ નર અનુદિન ભણિ, હીઈ ધરી બહુ ભાવ,
જિણદાસ બ્રહ્મચારિ ઈમ ભણિ, તેહનિ શવપુરિ વાસ. ૪૬

(૧) પ.સં.૨૧, શેઠ માણેકચંદ હીરાચંદનો બંગલો ચોપાટી દિગંબર જૈન મંદિર મુંબઈ (ડા. ત્રિ. પ્રશસ્તિ સંગ્રહ). (૨) સંવત ૧૬૨૮ શ્રા. શુ. ૫. ગુરૌ શ્રી કોટ્ટ નગર વાસ્તવ્ય હુંબ(ડ) જ્ઞાતીય ફે૦ સધારણ ભાર્યા સિરીઆદે તત્પુત્રી સુશ્રાવિકા શીલાલંકારધારિકા શ્રા૦ રત્નાઇ પઠનાર્થં વૃદ્ધ તપગચ્છે પં. ચારિત્રસિંહ શિ૦ પં. વિનયચારિત્ર મુનિ લખિતં. પ.સં. ૨૭-૧૨, સીમંધર૦ દા. ૨૨ નં.૬. (૧૩) ખં.ભં.૧.

(૧૯૫) આદિનાથ રાસ

આદિ– ૐ નમો વીતરાગાય. વસ્તુ.

આદિ જિણેસર **આદિ** જિણેસર પાય પ્રણમેસુ,
સરસતિ સ્વામિણિ વલિ વલિ તવઉં, બુદ્ધિ સાર માગું નિરમલ,
શ્રી **સકલકીરતિ** પાય પ્રણમીનિ, મુનિ **ભુવનકીરતિ** ગુરૂ વાંદુ સોહગજલ,
રાસ કરિસુ હું રૂવડો, તમ્હ પરસાદિઇં સાર,
આદિ જિણંદ ગુણ વરણવું, ચરિત્ર જોડું ભવતાર. ૧

ભાસ જસોધરની.

ભવિયણ ભાવઇ સુણઉ આજ, રાસ કહું મનોહર,
આદિપુરાણ જોઇ કરી, કવિત કરઉં મનોહર. ૧
બાલ ગોપાલ જિમ પઢઈ સુણઈ જાણે બહુ ભેદ,
જિણસાસણ ગુણ નિરમલ મિથ્યામતછેદ. ૨
કઠીણ નારીયલ, દીજે બાલક હાથિ તે સ્વાદ ન જાણે,
છોલ્યા કેલા દાખ દીજે તે ગુણ બહુ માને. ૩
તીમ એ **આદિપુરાણ** સાર, દેસભાષ વખાણું,
પ્રકટ ગુણ જીમ વિસ્તરે, જિણસાસણ વાંનુ. ૪
રતન માણિક હીરા જગા જોતિ પારખિ, અજાણ ન જાણે,
તિમ જિણસાસણ ભેદ ગુણ, ભોલા કીમ વખાણે. ૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તીહ કારણિ એ રાસ ચંગ, કરૂં ગુણવંત,
ભવીયણ મન સંતોષ રંગ, રીઝે જયવંત. ૬
મધુરીય વાણિ સોહામણી, બોલું આણંદ,
બ્રહ્મ **જિણદાસ** કહે નિરમલુ, જીમ વાધે ગુણ કંદ. ૭

અંત – વસ્તુ

આદિ જિણેસર **આદિ** જિણેસર તણઉ મઈ રાસ,
કીયો સરસ સોહાવણો, એક ચિત બહુ ભાવ આણી,
પઢઈ ગુણઈ જે સાંભલે, જિણસાસણ ગુણ અનંત જાણિ,
શ્રીય **સકલકીરતિ** ગુર પ્રણમીનિ, મુનિ **ભવનકીરતિ** ભવતાર,
બ્રહ્મ જિણદાસ કહે નિરમલો, રાસ કીયો મઈ સાર.

દૂહા

વખાણઈ જે રૂવડો, સભા માહિ ગુણવંત,
રૂચિ સહિત જે સાંભલિં, તેહનઇ પુન્ય મહંત.
સમકિત ઉપજે નિરમલો, વરત નીમ વલિ સાર,
તત્વ પદારથ જાણું સહી, જ્ઞાન ઉપજઈ ભવતાર.

(૧) સંવત ૧૭૩૯ ભા. શુ.૭ ભોમે **પાટણ** મધ્યે લિ. વાસતવ્ય સાહ **મૂલજી** લિખાપિત. ગ્રં.૪૫૦૦, પ.સં.૧૯૩–૧૧, હા.ભં. દા.૭૯ નં.૩૦. (૨) પા.ભં.૧.

(૧૯૬) કરકંડુ રાસ (પૂજા ફલ પર)

આદિ – સિદ્ધિભ્યઃ

વીર જિણેસર પ્રણમીને, **સરસતી** સ્વામિણિ દેવિ.
શ્રી **સકલકીરતિ** ગુર વાંદિસુ, વલી **ભુવનકીરતિ** મુનિ દેવ. ૧
તહ્ન પરસાદે નિરમલો, રાસ કરૂ અતિ ચંગ,
પૂજાફલ હવે વરણવુ, મનિ ધરિ ભાવ ઉતંગ. ૨

અંત – દૂહા.

અચલ ઠામ દેઉ નિરમલો, મઝને સ્વામી દેવ,
હું દાસ છઉં તમ્હ તણો, જનમિ જનમિ કરૂ સેવ. ૧
શ્રી **સકલકીરતિ** ગુર પ્રણમીને, મુનિ **ભુવનકીરતિ** ભવતાર,
રાસ કીયો **મેં** રૂવડો, બ્રહ્મ **જિણદાસ** કહે સાર. ૨
પઢઇ ગુણઈ જે સાંભલે, મન ધરિ અવિચલ ભાઉ,
મન વાંછિત ફલ તે લહે, પામે સિવપુરિ ઠાઉ. ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધનદ નામ ગોવાલીયો, એક કમલ કરિ ચંગ,
પૂજ્યા જિણવર મુનિ રલી, ફલ પામ્યા ઉતંગ. ૪
એ કથારસ સાંભલિ, ભવિયણ સયલ સુજાણ,
પુજો જિણવર મનિ રલી, અષ્ટ પગારિ ગુણ ભાન. ૫
એક કમલ ફલ વિસ્તર્યો, સરગ મુગતિ લગે ચંગ,
અનુદિન જે જિન પુજસે, તેહને ફલ ઉતંગ. ૬
સાચો ધરમ સોહાવણો, થોડો કીજે મહંત,
વડ બીજ જિમ રૂવડો, ફલ દીસે અનંત.

(૧) ઇતિ કરકંડ મહા મુનીશ્વરની કથા પુજ્યફલં સમાપ્તં. સ.ભ.

(૧૯૭) હનુમંત રાસ

અંત – રાસ કીયો રાસ કીયો મેં સાર મનોહર,
હનવંત વીર કો નીરમલો, **અંજણા** સહિત ગુન સાર,
સોહોલભઃ (?) ભ્રંતિ ફેડવા ભવિયણ સુણવા સાર,
સકલકીર્તી ગુરૂ પ્રણમી નેં...
બ્રહ્મ **જિણદાસ** ઈણી પરી ભણે, પઢતાં પુન્ય અપાર.

(૧) પ.સં. ૪૦-૧૧, સ. ભ.

(૧૯૮) સમકિતસાર રાસ

આદિ – **સરસતિ** સ્વામિણિ વીનવઉ, માગઉ એક પસાઉ,
તમ્હ પરસાદઇ ગાઈસ્યું, રૂવડો એ જિણવર રાઉ. ૧
સહી એ સમાણિ એ તમ્હે સુણો, સુણઉ અમ્હારીય વાત,
જિન ચૈત્યાલઈ જાઇસ્યું, છાડીસુ ઘરકીય તાત. ૨
આંગ પખાલિસું આપણો, પહીરીસું નિરમલ ચીર,
જિન ચૈત્યાલઇ પેસતાં, નિરમલ હોઈ સરીર. ૩

અંત – **સમકીતરાસો** નિરમલો એ, મિથાત મોડઇ કંદ તો,
ગાવો ભવીયણ રૂવડો એ, જિમ સુખ હોઈ આનંદ તો. ૨૦
શ્રી **સકલકીરતિ** ગુરૂ પ્રણમીનઈ, શ્રી **ભુવનકીરતિ** ભવતાર તો,
બ્રહ્મ **જિણદાસ** ભણે ધ્યાઇએ, એ સરસ અપાર તો. ૨૧

(૧) ઇતિ સમકીત રાસ મિથ્યાત મોડ સમાપ્ત. પ.સં. ૬-૧૦, સ.ભ.

(૧૯૯) સાસરવાસોનો રાસ

આદિ – દૂહા
સરસતિ સામિણિ વીનવુ, માગૂ એક પસાઉ,
સાસરવાસો વરણવું, સહગુરૂ તણુઈ પસાઇ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઢાલ રાસની

જંબૂદીપ માહિ નિરમલો એ, ભરતક્ષેત્ર છે સાર તો,
ભરતક્ષેત્ર મહિ રૂવડો એ, અજોધા નયર સવિચાર તો.
તે નયરકો રાજીયો એ, દૃઢમતિ તેહનુ નામ તો,
સમકિત પાલિ નિરમલો એ, મિથ્યાતિનો મોડઇ માન તો. ૨

અંત –

દૂહા

સાસરવાસો નિરમલો, રેણુકી તણુ સુવિચાર,
ધરમ તણું ફલ વરણવ્યૂં, ગુણહ તણો ભંડાર.
ભવિયણ જન સંબોધવા, સંક્ષેપેં કહ્યા વિચાર,
વિસ્તારિ આગમ જાણિજ્યો, સુભૂમ ચક્રી અવતાર.
શ્રી સકલકીરતિ ગુરુ પ્રણમીનઇં, કરિજ્યો રાસ એ સાર.
બ્રહ્મ જિનદાસ ઇણિ પરિ ભણઇ, જ્યાં પુણ્ય અપાર.

(૧) સં. ૧૬૧૮ આસો શુદિ ૧૦ ગરૌ લ. રાયમલ ભારમલ સધારણ વધમાન લ. પ.સં. ૮–૧૩, સંઘ ભં. પાલણપુર દા.૪૬.

(૨૦૦) ધર્મપચીસી કડી ૨૭

દૂહા.

ભવિ-કમલ-રવિ સિદ્ધ જિન, ધર્મ ધુરંધર ધીર,
નમત સતિંદ જગતમહરણ, નમો ત્રિવિધ ગુરૂ વીર. ૧

ચોપાઈ.

મિથ્યા વિષયમેં રત જીવ, તાતૈં જગમેં ભવૈ સદીવ,
વિવિધ પ્રકાર ગહૈ પરજાય, શ્રી જિનધર્મની નેક સુહાય. ૨

દૂહા.

બુધ કુમુદ સશિ સુખકરણ, ભવ દુખ સાગર જાંન,
કહૈ બ્રહ્મ જિનદાસ યહ, ગ્રંથ ધર્મકી ખાંન. ૨૬
ધાંણ તજૈ વાચૈ સુને, મનમૈં કરૈ ઉછાહ,
તે પાવે સુખ સાસતે, મનવંછિત ફલ લાહિ. ૨૭

(૧) ધાનતકૃત તત્ત્વસાર ભાષા સાથેની પ્રત, પ.સં. ૯–૧૧, આત્માનંદ સભા ભાવનગર, નં. ૩૫–૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૩–૫૫, ભા.૩ પૃ.૪૭૬–૪૮૧.]

૧૨૭. સોમચંદ્ર (નાગેંદ્રગચ્છ ગુણદેવસૂરિ–ગુણરત્નસૂરિશિ.)

ગુણદેવસૂરિનો સં. ૧૫૧૭નો લેખ દિલ્હીના ચીરખાનાના જૈન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મંદિરમાં એક બિંબ પર છે: "સં.૧૫૧૭...શ્રી **શ્રી**માલજ્ઞાતીય મંત્રી **ચો**પા...જીવતસામિ **ના**ગેંદ્રગચ્છ શ્રી ગુણસમુદ્રસૂરિ આદેશેન આચાર્ય શ્રી ગુણદેવસૂરિભિઃ પ્રતિષ્ઠિતં...**ત્રિ**મણિ વાસ્તવ્ય." જુઓ ઉમરાવસિંહ ટાંકે પ્રસિદ્ધ કરેલ ક્ષમાકલ્યાણકૃત 'સુમતિજિનસ્તવન'માં પુરવણી. વળી ગુણરત્નસૂરિ માટે જુઓ નં. ૭૨.

(૨૦૧) કામદેવનો રાસ સં.૧૫૨૦ આસપાસ

આદિ – અરિહંત સિદ્ધ નન્વયયા પયપંકય પણમિશ્રેણ ભાવેણ,
મગેમિ મંગલંવરા સુહકરગેં દુરિયઉવહરણું. ૧
કરકમલિ કમલ વેગેા પુચ્છીય હરછાય,
કવિયણ કામ દુહાવિય, સુપસુન્ના હેાઉ **સૂયદેવી**. ૨
વિરઇ આગમ નિગ્ગમ, સુત્ત સુત્તત્થ સરસા વયણી,
ગેાયમ ગુણહર પુમહા, પુવ્વં કવ્વણ નમેા નિચ્ચં.
નાગિંદરાજ રન્નેા, શ્રી **ગુણદેવસ્સ** પટ્ટિ ઉદયરયણે,
શ્રી **ગુણરયણ** સૂરીસેા, તસુ સીસેા કવીય ભાવેણ. ૪
રચ્ચિજજઇ રસિ રાસેા, અમીય એયા સેાગુણાગે આવાસેા,
નિસુણઈ સુપરિ સવ્વંદેા, કવીયણ જણમણ તહાણંદેા. ૫
જહજહ ઉત્તમ ચરિયં, પભણઈ જઈ પુણ્ય પૂરિ અરિયંત,
તણુમણુ રસણાઈયં સ પવિત્તં તહ તહી હેાઈ. ૬
નિમ્મવીયા જા જંભા, રાતી રંભા રસઈ સારંભા,
નામેણ નયર **ભંભા**, તમ દિઠંત સુણુ ભવીઆ. ૭
(આટલું પ્રાકૃતમાં જણાવી પછી ભાષામાં ચાલે છે.)

વસ્તુ.

ધમ્મ કિજજઈ ધમ્મ કિજજઈ ધર્મિ સુખ સાર,
ધર્તિ ધરિ સંપતિ ઘણી, ધર્મિં જશ વાજિત્ર ભંભા,
ધર્મિં વિદ્યા મંત્રબલ, ધર્મિ હેાઈ ધરિ નારિ રંભા;
દાન સીલ તપ ભાવના, અધિકેરૂ તિહાં ભાવ,
કામદેવ કુંઅર તણા, તે સુણઉ પ્રસ્તાવ. ૮

અંત – ભાવના ભાવઈ દેાષ જાવઈ પાપ નાવઈ ભવ થકી,
દાન દેઈ દીખ લેઈ કઠિન કર્મ ક્ષપી કરી,
બહુ લેાક તારી કુગતિ વારી સુગતિ રામા રસિ ધરી,
ઈમ **કામદેવ** કુંઅરની પરિ જૈન ધર્મ જિં કે કરઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે સુખ પામઇં દુઃખ વામઇં વિવિધ મંગલ અણુસરઇં,
નાગેંદ્રગચ્છિં ગુરૂય સુરતરૂ **સૂરિ ગુણદેવ** જાણીઇ;
તસ પટ્ટિ શ્રી **ગુણરયણ** સૂરિવર સયલ સંઘ વખાણીઇ,
સયલ સંઘ વખાણીઇ, કવિ **સોમચંદ** ભદંત.
જે સુણઇ પભણઇ **રાસ** એ, તસુ પ્રસન્ન શ્રી અરિહંત. ૩૧૪

(૧) ઇતિશ્રી **ભંભાપુરી** પ્રબંધે શ્રી **કામદેવકુંઅર** રાસ સમાપ્તઃ લ.સં.૧૬૨૬. **આગમચ્છીય ધર્મરત્નસૂરિભિઃ** પ. ક.૧૫થી ૩૮, ચોપડો, દે. લા. પુ. લા. નં.૧૧૨૫. (૨) સં. ૧૬૪૭ ફા. શુદિ ૧૪ શુક્રે ચેલી **લખમાઈ** લ૦ પ.સં.૧૯–૧૫, રત્ન. ભં. દા.૪૩ નં.૪૩. (૩) સં. ૧૬૫૦ ભા૦ શુ૦ ૮ શુક્રે લ૦ શ્રીમદ્ **અહિમ્મદાવાદ** શ્રીનગર મધ્યે મુ. **દેવસાગરેણ** સ્વયં વાચ્યમાર્થેન લિ૦ પ.ક. ૮થી ૧૨, પ્રથમનાં ૭ પત્ર નથી, સીમંધર. દા. ૨૪.

(૨૦૨) સુદર્શન રાસ

આદિ – પહિલઉ પ્રણમિસિ અનુક્રમઈ એ ગણહર ચઉવીસ,
પછઇ શાસન-દેવતા, એનેહ નામૂં સીસ.
સમરીય સામિણિ **સારદા** એ, સાનિધિ સંભારૂ,
આગઇ પાલુ પ્રતિપનૂં એ, કવિસ્યૂં એકહારૂ. ૧
તૂં તૂઠી તિણિ ખિણિ ભણઇ, એ હૂં આવિસિ અંગિ,
સિદ્ધિ **સુદર્શન** તણુ એ, રાસ રચ્યેા રસરંગઇ.
જંબૂદીવહ ભરતખેત્ર વસુહાં વદીતી,
ચંપાનગરી ચતુરપણુઇ અમરાપુરી જીતી. ૨

(૧) પ.ક.૧થી ૭, ત્રૂટક, સીમંધર. દા.૨૪.

(આવા જ અક્ષરની પ્રત 'કામદેવના રાસ'ની છે. તેના કર્તા ઉપર્યુક્ત સોમચંદ્ર છે, તેથી આ 'સુદર્શન રાસ'ના કર્તાનું નામ તે મૂકયું છે. 'કામદેવના રાસ'ની સં.૧૬૫૦ની પ્રત પણ છે તેમાં પ્રથમનાં ૭ પાનાં નથી ને ૮મા પાનાથી છે.)

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૪૮૫–૮૭.]

૧૨૮. ઉદયવલ્લભસૂરિ (વૃદ્ધતપગચ્છ)

(૨૦૩) ક્ષેત્રસમાસ બાલા૦ સં.૧૫૨૦ આસપાસ

(૧) લ.સં.૧૭૬૯, ગ્રં.૪૮૬૦, પ.ક.૯૯, હા.ભં. દા.૫૭ નં.૧૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) લ.સં.૧૭૬૯, પ.ક.૬૪, હા૦ભં. દા.૫૭ નં.૧૨.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૮૨.]

૧૨૯. દેપાલ

ભોજક સં.૧૫૦૦થી ૧૫૨૨ સુધીમાં વિદ્યમાન કવિ. પ્રસિદ્ધ નામી કવિ હતો. તેનું ટૂંકું નામ દેપો હતું. શ્રી ઋષભદાસ કે જે ત્યાર પછી સત્તરમા સૈકામાં જૈનેતર કવિ પ્રેમાનંદને પણ ટક્કર મારે તેવો વણિક શ્રાવક કવિ થયો છે, તેણે સંવત ૧૬૭૦માં રચેલા પોતાના 'કુમારપાળ રાસ'માં ઉલ્લેખ કરી તેનાં વખાણ કર્યાં છે કે :

આગિં જે મોટા કવિરાય, તાસ ભાય ચરણરજ **ઋષભરાય,**
લાવણ્ય, લીંબો, ખીમો ખરો, **સકલ** કવિની કીરતિ કરો.
હંસરાજ વાછો દેપાલ, માલ હેમની બુદ્ધિ વિશાલ,
સુસાધુ સમરો સુરચંદ, શીતલ વચન જિમ સારદચંદ

વધુ હકીકત માટે 'કોચર વ્યવહારી રાસ' જુઓ. તેમાં જણાવેલું છે કે દિલ્હીના પ્રસિદ્ધ દેસલહરા શાહ સમરો અને સારંગ એમનો તે આશ્રિત હતો :

યાચક તેહના ઘર તણઉ વેધક નર વાચાલ,
જાણીતઉ જિનશાસની કહીઈ કવિ **દેપાલ.**

આમાં યાચક એ વિશેષણ તેમજ બીજે સ્થળે તે જ રાસમાં 'લેયો રે ઠાકુર તુમ જે ભાવઈ' એમ ઠાકુર શબ્દથી સંબોધન સૂચવે છે કે કવિ ભોજક હતો. (વિજયધર્મસૂરિકૃત ઐતિહાસિક રાસસંગ્રહ, ભા.૧) આના એક કાવ્યની પ્રતિ સં.૧૫૦૫માં લખાયેલી છે. દેપાલ ગુજરાતમાં ફર્યો હતો અને ગુજરાતમાં રહીને તેણે ઘણાં કાવ્ય રચ્યાં હતાં. એની જે કવિતાઓ મળી છે તે બીજા ગુજરાતી જૈન કવિઓના જેવી જ ભાષામાં છે. દિલ્હીની ભાષાની કશી અસર તેમાં જણાતી નથી. – મ.ન.

(૨૦૩) આર્દ્રકુમારનું સ્તવ
અંત – દેપાલ ભણિ સાંભ્ય ગઈલા મુગતિ આપુણી ધાનચી
સકતિ સયલ સંઘ પ્રસન.
(૧) પ્ર.કા.ભં.

(૨૦૪) વજ્રસ્વામી ચોપાઈ ૨.સં.૧૫૨૨

(૨૦૫) જંબૂસ્વામી પંચભવવર્ણન ચોપાઈ પ્રબંધ ૨.સં.૧૫૨૨ આસો શુ. ૧૫ રવિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિ – **ગોયમ** ગણહર પય નમી આરાહિસુ અરિહંત,
હૃદયકમલ અહનિસ વસઈ ભવભંજણ ભગવંત. ૧
ભવભંજણ ભગવંતનૂં આણુ અખંડ વહેસિ,
સીલસિરોમણિ ગુણનિલઉ, **જંબુકુમર** વણેસુ. ૨

અંત – સંવત **પનર બાવીસમઇ** એ વ. રચિ ઈણઈ (બાવીસ રવઉ આસોઇ)
પૂનિમઇ એ,
ભણઈ ગુણઈ નરનારિ તેહ મનિ ઉપશમરસ વસઈ એ. ૧૭૮
કાવ્ય—**શ્રી જંબૂસ્વામી** રિદ્ધિ ગામી ભવહ પંચ તણું ચરી,
ઉપગારકારી બુદ્ધિ સારી રચ્યઉ **દેપઇ** ષપ કરી,
જે ભાવિ ભણસઈ અનઈ સુણિસ્યઈ રહસ જાણી એહના,
તિણઆણુ ઘરસ્યિઈ ક્ષમા કરસ્યઇં કાજ સરસ્યઇં તેહના. ૧૭૯

(૧) વિ.ધ.ભં. (૨) અપૂર્ણ પ્રાચીન પ્રત મારી પાસે છે. (૩) સં.૧૬૬૩ વર્ષે આસો સુદિ ૭ શુક્રે લિખિતં મુનિ **જીવા**મુનિ **મે**હાજલ પઠનાર્થં. ગુ.વિ.ભં. (૪) સંવત્ ૧૬૩૬ વર્ષે ભાદ્રવા વદિ ૧૧ બુધે લષિતં **ન**સિરાવાદ મધ્યે. ચિરંજીયા તુ સર્વેષાં. પ.સં. ૬–૧૫, હા.ભં. દા.૮૧ નં. ૩૬. (૫) પ સં. ૭–૧૩, સંઘ ભં. દા.૬૩ નં.૩૬. (૬) પ.ક. ૩૫થી ૪૨, એક સં.૧૬૦૭ લગભગનો ચોપડો, નાથાલાલ છગનલાલ પાલણપુરવાળા પાસે. (૭) સં.૧૫૮૫ કા.શુ. ૧૪ સોમે **સૌ**ભાગ્યહર્ષસૂરિશિષ્ય **સુ**ંદરહંસ લિ. પ.સં.૮, દાન૦ પો.૪૪. (૮) પ્રત ૧૭મી સદીની **કે**સરીસિંહ આત્માર્થં. પ.સં.૪, દાન. પો.૧૩ નં.૨૫૦. (૯) પ.સં.૭, પ્રત ૧૭મી સદીની, મહર૦ પો.૬. (૧૦) પ.સં.૮, અભય૦ પો.૧૨ નં.૧૦૯. (૧૧) પ.સં.૮, જય૦ પો.૬૯. (૧૨) સં.૧૫૯૭ વર્ષે લિ. ચોપડો, વિ.ને.ભં. નં.૩૨૬૧. (૧૩) સં.૧૭૮૧, પ.સં.૯, જેસ. ભં. નં.૩૧૪. (૧૪) શ્રાવિકાબાઇ હીરાબાઈ પઠનાર્થં. પ.સં. ૧૨–૧૧, મુક્તિ૦ વડો. નં.૨૪૨૪. (૧૫) પ.સં.૧૯, ફાર્બસ સભા, મુંબઈ નં.૧૮૬. (૧૬) પં. **ધ**ર્મવર્ધનગણિશિ. **ચ**વેકવર્ધન પઠનાર્થં. પ.સં.૭-૧૬, હા.ભં. દા.૮૩ નં.૧૮૫. (૧૭) પ.સં. ૧૧, ગ્રંથમાન ૧૭૮, લીં.ભં. દા.૨૬. (૧૮) સં.૧૬૩૮ ચૈ.શુ. **જિન**ચંદ્રસૂરિ રાજ્યે રત્નાકર મહો૦ શિ૦ પં. **હે**મસિંહશિષ્યેણ લિ૦ **મા**લ્હ ગોત્રે સાહ **ગે**પા વાચનાર્થં. પ.સં.૭, અભય. નં.૨૮૦૩. (૧૯) સં.૧૬૬૬ વૈ.શુ. ૧૫ બુધે **સ**જ્જનપુરે વા૦ **જ**યમલ્લગણિશિ૦ પં. **ની**ભાજી મુનિ પં. **સ**દારંગજીશિ. **સુ**ંદર લ૦ પ.સં.૧૦, અભય. નં.૨૯૬૧. (૨૦) **કરમ**ચંદ **કચરે**ણ લિ. હરજી જૈ.શા. જામનગર. (૨૧) પ્રાયઃ આ કવિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કૃત – સં.૧૬૯૦ આશ્વિન ૨ બુધે ખ. રાજકલશ, સાધ્વી દયાસુંદરી ચેલી પ્રભાવતી લિ. વિરોજ મધ્યે પાતિસાહ જિહાંગીર રાજ્યે. હ.ભં. [આલિસ્ટઑઇ ભા.૨, કૅટલૉગગુરા, મુપુગૂહસૂચી, હેજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૫૦ અને પૃ.૪૯૮).]

(૨૦૬) અભયકુમાર શ્રેણિક રાસ લ.સં.૧૫૨૬ જ્યે. વ. ૧૪ પહેલાં

આદિ – સોહાવા સિરિ **વીર** જિણ, પયપંકય પણમેવિ,
શ્રેણીઅભયકુમાર, ચરિતુ હઉં સંખેવિ ભણેસુ. ૧
શ્રેણી અભયકુમાર ચરી, **સરસતિ** વિણુ ન કહાઇ,
પણમઇ વીટીઉ વાઉલઉ, વાણી સંઘ પસાઇં. ૨
સંઘ પસાઇં બોલતાં, કિમઇ અવક્ષર હોઇ,
બે કર જોડી વીનવિઉં, સાસણિજ્યો સહૂઇ કોઇ. ૩
સાંસણિવઇં શ્રી **રાજિધરિ**, જિમ **શ્રેણિક** ભૂપાલ,
અભયકુમાર સુમંત્રિ જિમ, કહિસઇ કવિ **દેપાલ.** ૪
કહિસઇ કવિ **દેપાલુ**, સુજિ સાચા તણુઇ અંચારિ,
પુહવિઇં રાઉ **પ્રસેનજિતુ**, **જંબૂદીપ** મઝારિ. ૫

છપ્પયુ.

જંબૂદીપ મઝારિ **ભરહખિત્ત** જાણિજઈ,
ભરહખિત્ત માહિ **મગધ** દેસ સુજિવર કાણિજ્જઇ,
મગધ દેસમાહિ **રાજગૃહ**, નયર પ્રસિદ્ધઉ,
રાજગૃહ ગૃહ ભરિત ઘણુ, ધણુન્ન સમિદ્ધઉં,
સુસમિદ્ધ પુવ્વ ઉત્તર બિહુ, મધ્ય દેહ અછઇ ધણું,
ધણુ દેસ નરેસ **પ્રસેનજિતુ**, નામિ ઠામિ સોહામણુઉ. ૬
ઇણઇં અવસરિ **રાયગિહિ**, અટ્ઠ વરીસુ બાલ,
કૂઆ કાઠઇ આવિઉ, કહઇ સુકવિ **દેપાલ.** ૨૭૨

અંત – જિણ સાંભલીઇ દુરિઅ સવિ ટલઇ, જિણ સાંભલિઇ વિછૂટાં મિલઇ,
જિણ સાંભલિઇ ઊપજઇ બુદ્ધિ, પઢતાં ગુણતાં વાંછિત રિદ્ધિ. ૩૬૮

(**અભયડ** બેટુ **શ્રેણી**રાઉ, દીધઉ પંચાંગ પસાઉ).

(૧) ઇતિશ્રી **રાજગૃહમંડણ** રાજા શ્રી **શ્રેણિક**રાસ સમાપ્તઃ સંવત્ ૧૫૨૬ વર્ષે જ્યેષ્ઠા વદિ ૧૪ રવૌ લિખિતં ગ૦ ઉદયરત્ન લિષિતં શ્રા૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાલ્હી પઠનાર્થં. પ.સં. ૯–૧૯, હા.ભં. દા.૮૦ નં.૭૩. (૨) ગ્રંથાગ્ર ૫૩૪, પ.સં. ૧૨–૧૩, સંઘ ભં. દા.૬૩ નં.૩૩. (૩) ઇતિશ્રી અભયકુમાર શ્રી શ્રેણિક મહારાજ રાસ સંપૂર્ણઃ સંવત ૧૫૩૯ વર્ષે કાર્તિક માસે શુકલપક્ષે શુભ દિને શ્રી શ્રી શ્રી તપાગચ્છનાયક યુગપ્રધાન સમાન ભટ્ટારક પ્રભુ શ્રી શ્રી શ્રી સોમસુંદરસૂરિશિષ્ય ભાગ્યસૌભાગ્યનિધાન ભટ્ટારક પ્રભુશ્રી સોમદેવસૂરિ તત્ શિષ્ય વાચનાચાર્ય શિરોમણિ પૂજ્ય પં. વિવેકહંસગણિશિષ્ય કમલચારિત્રગણિના કૃત પુસ્તિકાયાં શ્રી શ્રેણિક અભયકુમારરાસો લિખિતઃ આઘાટ નગર વાસ્તવ્ય સા૦ વિજેસી ભાર્યા ચમકૂ પુત્ર સા૦ કર્મા ભાર્યા શ્રા૦ પાંભૂ પુત્ર સા૦ વલા ભાર્યા શ્રા૦ રૂપિણિ પુત્ર સા૦ કાન્હા ભાર્યા પૂરી પુત્ર સા૦ વીસલ ભણનાર્થં. ચિરં જયતાત્ પ.સં. ૨૮–૧૩, નાના કદનો, ડે.ભં. દા૦ ૭૦ નં.૯૧. [હેજૈજ્ઞા-સૂચિ ભા.૧ (પૃ.૧૫૦).]

(૨૦૭) **સમ્યક્ત્વ બારવ્રત કુલક ચોપાઈ** ૨.સં.૧૫૩૪ આસો શુદ ૧૫

આદિ – વીર જિણેસર પ્રણમું પાય, અહનિસિ આણ વહૂં જિનરાય,
મૂરખ કવિ એ જાણઇ નહી, પણિ અણબોલિઉ ન સકઇ રહી. ૧
અધિકું ઉછઉં કહઇ અસાધુ, તે શ્રી સંઘ ખમઉ અપરાધ,
તાસ પસાઇ શ્રુત આધાર, પભણિસુ શ્રાવકના વ્રત બાર. ૨
શ્રાવક કહીઇ જે શ્રુત-જાંણુ, ભણુઇ ગુણુઇ સાંભલઈ વખાંણુ,
ન્યાન સહિત છઇ સમકિત ધર્મ્મ, અન્યાની ન ફલઇ ઉપકર્મ. ૩
ન્યાંન જાણિવા જે નર ત્રહઈ, તે સાચુ જિનમારગ લહઇ,
ન્યાન તણા પાંચ આવરણ, વાદલ જિમ ઝાંપઈ રવિકિરણ. ૪
તિમ જીવ અન્યાનિઇં આવરિઉ, કર્મ બાંધીનઇ ચિહું ગતિ ફિરિઉ,
વાદલ ગલતઈ દીપઇ ભાણુ, તિમ આવરણ ટલિ હૂઇ નાણુ. ૫

અંત – હૂં મૂરખ મતિહીણુ, ભારી કર્મી છું સહીય,
હૂં નટાવા જિમ કહું, તિસું કરૂં નહીય,
કિમ હું કરૂં અજાણ, જાણું નહીં ગીયત્થ વિણુ,
ગુરૂ વિણુ ન હુઈ પ્રમાણ, જે બોલિઉં મઝ મતિ તણું એ. ૩૩૮
એહ ખમુ અપરાધ, સંઘ સહિત શ્રી યુગપવર,
હું તુમ્હ ચલણે સેવ, વાંછુઉં નવિ ઇચ્છઉં અવર. ૩૩૯
સંવત પનર ચઉતીસ, રચિઉં આસોઇ પૂનિમ એ,
ભણુઇ ગુણુઇ નરનારિ, તિહાં મતિ ઉપશમરસ રમઇ એ. ૩૪૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાવ્યં

શ્રાવકના આચાર વ્રત બારહ, સંખિપ સિઉં દેપઈ કહી,
આગમવિરૂધ હિં આપણુધિઈં કવિઉં તેહ પ્રમાણ નહીં,
જે ભાવિઈં ભણિસિઈં અનઇ સુણિસિઇ રહસ્ય જાંણી એહનાં,
જિનઆણ ધરિસિઇ ક્ષમા કરિસિઈં, કાજ સરિસિઇ તેહનાં. ૩૪૧

(૧) ઇતિ બાર વ્રત ચઉપઈ સમાપ્ત. પ.સં. ૧૫-૧૩, ડે.ભં. દા.૭૧ નં.૮. (૨) જૂની પ્રત, પ.સં. ૨૬-૯, વિ.ને.ભં. નં.૪૬૧૬. (૩) જૂની પ્રત, પ.સં. ૧૮-૧૧, તિલકવિજયનો ભં. મહુવા. (૪) ચિ.સં. વાઘા પઠનાર્થં. સ્વ૦ વાચક હેમરત્નેન. સં. ૧૬૦૭-૧૬૦૯નો ચોપડો, પ.ક્ર.૨૧થી ૩૨, નાથાલાલ છગનલાલ પાલણપુરવાળા પાસે છે. (૫) પ.સં. ૩૩, ગ્રંથમાન ૩૪૧, લીં.ભં. દા.૨૯ નં.૨૯. (૬) પ.સં. ૧૬-૧૩, મો. મો. સાગર ઉપાશ્રય પાટણ દા.૮ નં.૩૧. પ.સં. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૫૨).]

(૨૦૮) જાવડ ભાવડ રાસ

આદિ – પણમવિ **મરૂદેવિ** સામિણી ઉયરરયણ **રિસહેસ**,
જિણિ થાપી **સેત્રુંજ** સિહરિ, સુજિ **જાવડ** વન્નસુ. ૧

અંત – માનઇ કોઇ ન માનઇ લોક, પહુતુ **જાવડ** પુણ્યસલોક,
જાવડ દશરથ સુકૃત સુગાલ, **જાવડ** ગુણ ગાઇ **દેપાલ**. ૧૧

(૧) પ.ક્ર. ૨૧૯થી ૨૨૬, ગાથા ૧૮૦, શાંતિ.ભં. દા. ૧૧૨ નં. ૯. (૨) પ.સં. ૪-૧૮, સંઘ ભં. દા. ૬૧ નં. ૧૬. (૩) પા.ભં. ૪.

(૨૦૯) રોહિણેય પ્રબંધ અથવા રોહિણીયા ચોર રાસ

આદિ – બાહિરિ ટંક ગ્રહિ પડિઉ, ટંકસાલી આગલિ વલિઉ.
લોહખરાનઉ બેટઉ, તિણિ **શ્રેણીસુત** કલિઉ,
મદિ પ્રમાદિ ન મોડિઉ પરરમણિ, ચંદ્ર ધરણિ ચતુર તેહ નામ
તણુઉ ઘણી. ૧

તાત આદેસિઇ ઊવટિ ચાલતાં, કંટકઉ એક ભાગ,
કાટઈ કાંટા આઠ કાઢચા, મોકલઉ થિઉ પાગ.
દેપાલ ભણુઇ તે પરીછીઓ, આધુ કહતાં આધુ.
ચઉપટમલ્લ તે ચોર ન વાલ્હઉ કસી પરિ તેહ સાધુ સાધુ. ૨

અંત – સાજણ વઉલાવી ચલ્યા એ, એ વલલ તણી કરઇ વષાણ,
રોહિણીઉ રોહિણીઉ રે. ૨૭૨
ચોર અદષ્ટ સઉ સમોસરણિ જિણ ચોરિયાં એ, એકલડાં અમર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તણા, **રોહિણીઉ.** ૨૭૩
રૂપ ખરા કુલ દીઠડઉ એ, રૂપિહિ રૂપનિધાન, રોહિણીઉ. ૨૭૪
તાં લગઇ એહજિ વાતડી, જાં લગઈ નય પ્રવેસ, રોહિણીઉ૦
શ્રેણિક અભયડ પૂછીઉ, લોક સવે પુણ્યવંત, રોહિણીઉ૦ ૨૭૬
અભયડ ઊત્તર આપિસઇ એ, એ તુ કહિસઇ એ કવિ **દેપાલુ**
રોહિણીઉ૦ ૨૭૭

(૧) પ.સં. ૮–૧૫, હા.ભં. દા. ૮૦ નં. ૪૪. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞા-સૂચિ ભા.૧ (પૃ.૧૫૧, ૪૧૭).]

(૨૧૦) ચંદનબાલા ચરિત્ર ચોપાઈ

આમાં ચોપાઈ, દુહા છે. ચારેક વસ્તુ છે.

આદિ – વસ્તુ છંદ

વીરજિણવર પાય પણમેવિ પણમિય પરમેસરીય
હરખિ હીઆ સુધિ હંસગામિણિય
તિહૂયણુ જિણ આણુંદણી, વાગવાણિ **સરસતિ** સામણિ.
ચંદણબાલા ચરિત ગુણુ, બુદ્ધિ માણુ સુવિસાલ,
સંઘ તણુઇ સુપસાઉલિઇ, કહિઇ સુકવિ **દેપાલ.**

અંત – ચઉપઇ

જુગતા જુગતઉં ધન વાવરઇ, અવર **ધનાવહ** મંદિર ભરઇ,
ચંદનબાલ લીઉં ચારિત્ત, કુલ આપણુઉં કીઉ સુપવિત્ત. ૧૨૫
વીર જિણેસર પવત્તણિ હૂઇ, સીલપ્રભાવિઇ સિવપુરિ ગઇ,
ચંદનબાલ ચરિત સાંભલઇ, તીહ નરનારિય અફલા ફલઇ. ૧૨૬

(૧) સંવત્ ૧૬૭૦ વર્ષે જ્યેષ્ટ વદિ ૧૪ સોમે લષિતં પં. રૂડા નવાનગર મધ્યે શ્રી **અંચલગચ્છે** શ્રી **કલ્યાણસાગરસૂરિ** વિજયરાજ્યે ઋષિ મંગલ વાચનાય. પ.સં. ૫–૧૫, મ. જૈ. વિ. નં. ૪૬૫. (૨) પ.સં. ૭–૧૧, સંઘ ભં. દા. ૬૩ નં. ૩૮. (૩) સંવત્ ૧૫૬૬ વર્ષે આશ્વિન માસે શુકલ પક્ષે દ્વિતીયાયાં તિથૌ ગુરૂવાસરે હસ્ત નક્ષત્રે શ્રી **ભાવસાગરસૂરિ** વિજયરાજ્યે વા. શ્રી ગુણશેખરગણીંદ્રશિષ્યઃ વા. શ્રી હર્ષમંડનગણીંદ્રશિષ્ય વા. હર્ષમૂર્ત્તિગણિ લિખિતા. પરોપકારાય દત્તા. પં. **આણંદશ્રી**ગણિશિષ્યા પં. **સત્યશ્રી**ગણિ વિલોકનાર્થં. વાચ્યમાન ચિરં જીયાત. શ્રી **અંચલગચ્છે** શ્રી કર્પટવાણિજ્ય (કપડવંજ) નગરે લિખિતા શુભં ભવતુ. શ્રી શ્રી. પ.સં. ૬–૧૫, શા વર્ધમાન રામજી મુંબઈ. (૪) પ.સં. ૭–૧૧, સંઘ ભં. દા.૫૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નં. ૩૮. (૫) પ.સં. ૬, ભદ્રસૂરિ જ્ઞાન ભં. જેસલમેર. (૬) પ.સં. ૨, ગા. ૧૧૯, પ્રતિ ૧૭મી સદીની, દાન. પો. ૪૦ નં. ૧૦૪૪. (૭) પ્ર.કા.ભં. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૫૦–૫૧, ૩૮૫).]

(૨૧૧) [+] આર્દ્રકુમાર ધવલ [અથવા **વિવાહલુ**]

આદિ – માઈએ નયરહ સીહૂ દુયારિ, પાંચ કન્યા રામતિ રમઈ એ,
ચિહુપણુ વરીવલા થંભ ચિયારિ, વરૂ નવિ પામઇ પંચમી એ. ૧
વાવિ ચઉખંડીએ ચ્યારિ એ ખંભ, ચિહુ ચિહુ કુમારી ચ્યારઈ વરિયા એ,
રૂપિ નિરૂપમ જેસીય **રંભ, ધણુદત્ત** ધૂય તેહે ખીજવીય. ૨

*

ધનપ્રભાવિઇ કવિ **દેપાલ આર્દ્રકુમર** [વલીઆવિઉ એ. ૪

ધવલ ૧

અંત – **અભયકુમાર** તૂં મીત્રીઉ એ, ન્યાયઇ એ વડબુદ્ધિ તૂં.
અમ્હ પ્રીય વાછતઇ રહાવીઉં એ, રમતલઈ બાર વરીસ તૂં.
અખઇય હોઈ જે વાછ તૂં, વડઉ લેસાલીઉ એ.

(૧) લિ.સં. ૧૬૨૬ **ધર્મરત્નસૂરિભિઃ** ચોપડો, પ.ક. ૧૪૪થી ૧૪૬, દે લા.પુ.લા. નં. ૧૧૨૫. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૧૧).]

[પ્રકાશિત : ૧. પ્રાચીન ગુર્જર કાવ્યસંચય.]

(૨૧૨) પુણ્યપાપ ફલ તથા સ્ત્રીવર્ણન ચોપાઈ

આદિ – શ્રીમત**પાર્શ્વ** પ્રભું નત્વા, સુરાસુરનમસ્કૃતં
જનકલ્પદ્રિ કલ્પદ્રું, વિઘ્નસંઘાતનાશનં. ૧
પુણ્યોદયફલં પૂર્વં, પાપકર્મફલાનિ ચ
કિંચિચ્ચતુષ્પદીબંધે, વિચિત્રાર્થસમાકુલે. ૨
મયા સુખાવબોધાર્થં, કથ્યંતે સ્વલ્પબુદ્ધિનાં
ભવ્યાનાં દુર્વિદગ્ધાનાં, પ્રાણિનાં હિતહેતવે. ૩

ચઉપઈ

ધર્માધર્મ ફલ તુમ્હિ સંભલઉ, મૂંકી મનહ તણુઉ આમલઉ
છાંડી રાગ રોસ અભિમાન, ધર્મરાયનઈ દિઉ બહુમાંન. ૪
ધર્મ નરેસર ભેટીયઇ, ચિંતા નાવઈ અંગિ
જં જોઇઇ તં સંપજઇ, લીલા માહિ જિ રંગ. ૫

અંત – પુણ્ય કરી કરાવઇ એક, સાહાય્ય કરઇ જે હુઇ છેક
અનુમોદના કરઇ જે ધન્ય, સરિખઉ સિવ હું હુઇ તે પુણ્ય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુણ્યોદય ફલ પ્રબંધ—સપ્તમો અધિકાર.

*

એક સાધર્મિક વત્સલ કરઇ, તે સ્ત્રી ત્રિન્હઇ પક્ષ ઊધરઇ
સ્ત્રીય તણાં છઈ એસા ચરિત્ર, પગ મેલઈ તિહાં ભુંઇ હુઇ પવિત્ર
કવિ **દેપાલિ** સ્ત્રી વર્ણવી સંખેવિ, તુમ્હ પ્રસન્ન માતા **ભટ્ટદેવિ.** ૧૧

(૧) સં. ૧૬૭૩ **મહિમાવતી** મધ્યે **ખ.**ગચ્છે **સા**ગરચંદ્રસૂરિ શાખાયાં વા૦ **સ**મયકલશગણિશિ. વા. **સુ**ખનિધાન લિ૦ પ.સં. ૪, કાલિદાસ કવિકૃત સંસ્કૃતમાં મંગલાષ્ટક સહિત, અભય. પો. ૧૧ નં. ૧૦૦૮.

(૨૧૩) પાર્શ્વનાથ જીરાઉલા રાસ

આદિ– પણમવિ **બ**ંભસૂયા **સ**રસત્તિ, પુમાવઇ સમરવિ નીય ચિત્તે
કક્કસૂરિ ગુરૂ પય નમીયં, ભણિસુ ચરિતુ પ્રભુ કેરૂ **પા**સો
જિમ મનવંછિત પૂજઇ આસ, **જીરાઉલિ** વરમંડણુ એો
આસસેણ નરવઇ મલ્હારો, તસુ ગુણ પુહવિ ન લાભઇ પારો.

અંત– વાણિ ૭

ઇણ પરી એ સયલ સમાધિ, પૂગીય શ્રાવય જન તણી એ
દૂરિહિં એ નાઠીય વ્યાધિ, તૂઠઉ **જીરાઉલિ** ધણીય
ધનુ ધનુ એ તે નરનારિ જે, અવલોકઇ મુખકમલો
ભવજલ એ પઇલઇ પારિતઈ, તૂઠઇ પ્રભ પામીયઇ એ
દૂસમ એ સૂસમ કાલુ, **પા**સ જિણેસરો ત્રિહું ભુંઅણિ
મૂરખૂ એ કવિ **દેપાલુ**, બે કર જોડી વિનવઇ એ
જઇ તૂયએ તૂઠઉ સામિ, તુહ માગું એતલુ એ
જલ થલિઇ મારગિ ગામી, સાર કરે સેવક તણીય
રંગિહિ એ એહુ જુ **રા**સુ, પઢઈ ગણઈ જે સાંભલઇ એ
નવનિહી એ તણઉ નિવાસુ, તીહં ઘર અંગણિ પામીયઇ એ.

(૧) પ્ર.કા.ભં. (શ્રી જિનવિજયના સંગ્રહની ઉતારેલી નકલ પરથી.)
[જૈનગ્રંથાવલિ ભા.૧ (પૃ.૪૯, ૫૨૩).]

(૨૧૪) સ્થૂલિભદ્રની કક્કાવાળી

આદિ– એ ભલે ભલેરી અખિરહ ભાવનહ ધરિ એહિ,
આગલિ મીંડઈ દસ ગણઇ અંકતણી પરિ એહ. ૧
ગણુ ગરૂઆ દોઈ લીહડી ગણપસ્તાર વિશાલ,
થૂલભદ્ર મુનિવર ચરીય, કહિસઈ કવિ **દેપાલ.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કમણુવયણુ નરવર રયણુ રૂપિ મયણુ અ.

[મુપુગૂહસૂચી.]

(૨૧૫) [+] થાવચ્ચાકુમાર ભાસ [અથવા ગીત]

આદિ – નયર **દ્વારામતી** જાણીઇ, નરવર **ગોવિંદો**,
કુમર **થાવચ્ચઉ** તિહાં વસઇ, જિસિઉ પૂનિમચંદો. ૧

અંત – **દેપઉ** ભણઇ શ્રી સાધુનાં ગુણુ રંગિઈ ગાઇ,
રાતિદિવસિ સેવા કરઇ, તે સિવપુરિ જાઇ
—જિણુણી મનિ આશ્યા ઘણી. ૧૮

(૧) પ.સં. ૨-૧૧, વિ.ધ.ભં. [મુપુગૂહસૂચી.]

[પ્રકાશિત : ૧. સજ્ઝાય સંગ્રહ ભા.૧ (ગો).]

(૨૧૬) + સ્નાત્ર પૂજા

આદિ – (પહેલાં, ત્રણ પ્રાકૃત આર્યા-ગાથા છે, પછી ઢાલ-ચાલ.)
પવિત્ર ઉદક લેઇ અંગ પખાલી, વિવિધ વસ્ત્ર જદવ ચિરમાલી,
કુસુમાંજલિ મ્હેલો **આદિ** જિણુંદા, તોરા ચરણુકમળ સેવે
ચોસઠ ઈંદા-કુસુમાં. ૧

અંત – સરસ સેવંતરી માલતી માળા, ગુણુ ગાવે ઈમ કવિય **દેપાલા.**
ઋષભ અજીત સંભવ ગુણુ ગાઉં, અનંત ચોવીશી જિનની
ઓળગ પાઉં.
કુસુમાંજલિ મ્હેલો **વીર** જિણુંદા, તોરા ચરણુ૦

વસ્તુ.

જાઈ જુઇહિં જાઈ જુઈહિં કુંદ મંદાર,
નીલુપ્પલ કમલદલ, સિંદુવાર ચંપય સમુજ્જવલ
પસરંતુ પરિમલ મિલિય, ગંધલુદ્ધ લુઠ્ઠંત મહુયર,
ઈય કુસુમાંજલિ જિન ચલણિ, ચિંતિય પાવપણાસ,
મુક્કિય તારાગણ સરિસ

(પા.) મુક્કિય તારા અણુસરિસ ભવિયહ પૂરેઉ **આસ**–

(૧) **સં.** ૧૮૯૨ ચૈત્ર શુદિ ૭ લ. પં. **રંગવિજયગણિના રાજ**-નગરમાં. પ.સં. ૫-૧૬, વીરમગામ સંઘ ભં. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ ૪૦૬, ૫૫૯).]

[પ્રકાશિત : ૧ વિવિધ પૂજા સંગ્રહ. [તથા અન્ય પૂજાસંગ્રહો.]

(૨૧૭ ક) હરિયાળી

અંત – એ હરિયાળી જે નર જાણે, મુખ્ય કવી **દેપાલ** વખાણે.

[મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૭૮).]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨૧૭ ખ) [+] **નવકાર પ્રબંધ** [અથવા **ભાસ**] ગા. ૧૨

આદિ – ભવણુવઇ સાત કોડિ લખ બહુતરિ, સાસય જિણહર માણું,
તેર નવ્યાસી કોડિ સાઠિ લાખ, બિંબહ એ પરમાણું. ૧

અંત – **નઉકાર પ્રબંધ** જે પઢઈ સાંભલઇ, તિહ હોઇ પુણ્ય વિસાલ,
મનવાંછિત ફલ તે સવિ પામઇ, બોલઇ કવિ **દેપાલ**. ૧૨

[મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ૧ (પૃ. ૧૪૪).]

[પ્રકાશિત : ૧. નમસ્કાર સ્વાધ્યાય ભા. ૩.]

(૨૧૭ ગ) **મનુષ્યભવલાભ** ગા. ૯ રાગ સોરઠી

આદિ – ધરમ કરેસુ જહીં ધન હોસિ, નિતુ કરઇ પાપ,
જોણા સઉ ભુઇ વૈદ્ય વસઇ રે, અનઇ ઊસીસઇ સાપ. ૧

અંત – દાન શીલ તપ ભાવના રે, મનશુદ્ધિં પાલેસુ,
દેપાલ ભણઇ હું સવિહું ભાગા, એક વટાવ કરેસુ. ૯

(૧) છેલ્લી બે કૃતિઓ – સંવત ૧૫૩૫ વર્ષે વૈશાખ શુદિ ૬ દિને ચુરઉદ મહાનગરે **અભય**પ્રભગણિ લિખિતં. પ.સં. ૧૧–૧૩, હા. ભં. દા. ૮૨ નં. ૧૬૯.

[પ્રથમ આવૃત્તિ ભા. ૧ પૃ. ૩૭–૪૧, ભા. ૩ પૃ. ૪૪૬–૫૨, ૪૯૬ તથા ૧૪૮૭–૮૮. 'સ્થૂલિભદ્ર ફાગ' દેપાલને નામે મુકાયેલી તે વસ્તુતઃ જિનપદ્મસૂરિની કૃતિ છે. કર્તાનામવાળી પંક્તિને અભાવે 'જૈન ગૂર્જર કવિઓ'એ અનુમાનથી દેપાલને નામે મૂકી હશે એમ લાગે છે.]

૧૩૦. જ્ઞાનસાગર (નાયલ-નાગેંદ્રગચ્છ ગુણસમુદ્રસૂરિ–ગુણદેવસૂરિશિ.)

(૨૧૮) **સિદ્ધચક્ર રાસ** અથવા **શ્રીપાલ રાસ** સં. ૧૫૩૧ માગશર શુદ ૨ ગુરુ.

આદિ –

દૂહા.

કરકમલ જોડેવિ કરિ, સિદ્ધ સયલ પણમેવિ.
શ્રી **શ્રીપાલ** નરિંદનઉ રાસ બંધ પભણેસિ. ૧
મહિઅલિ મંત્ર અનેકિ છઇ, પંપલિ મ પડિ ગમાર,
ભવસાયર તુ ઊતરઉ, જઉ જપઉ શ્રી નવકાર. ૨
શ્રી **ગુણદેવ** પસાઉલઉ, રચિસુ કવિત રસાલ
જ્ઞાન ભણઇ સહૂ સાંભલઉ, **સિદ્ધચક્ર** ગુણમાલ. ૩

અંત – **નાગેંદ્ર**ગચ્છિ ગુરુ ગાઇએ, માલંતડે શ્રી **ગુણસમુદ્ર**સૂરિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જસ (તાસ) પાટિ સોહામણા એ, મા૦ શ્રી આણંદપ્રભુસૂરિ
(પા૦) વંદીઈ આણંદ પૂરિ.–૭૩

ભવિયાં ભાવઈ નિતુ નમઈ એ. મા૦ શ્રી **ગુણદેવ**સૂરિ રાય.
તાસ સીસિ એ રાસ રચિઉ એ, મા૦ **જ્ઞાનસાગર** ઉવજ્ઝાય.
–૭૪

સંવત **પનર એકત્રીસઇ.** (પા. **વીસઇ.**) માગસિરિઇં એ મા૦
ઉજલી બીજ ગુરુવાર,
રાસ રચ્યો **સિદ્ધચક્ર**નો એ, મા૦ ગાઈઉ શ્રી નવકાર. ૭૫

એકમનાં જે સાંભલઈ એ, મા૦ તેહ ઘરિ મંગલમાલ.
રિદ્ધિ અનંતી ભોગવઈ એ, મા૦ જિમ નૃપતિ **શ્રીપાલ.** ૭૬

(૧) સં. ૧૭૧૭ ચૈત્ર શુદિ ૧૦ ખંભાત મધ્યે પોસાલવડી પંન્યાસ **ધનવિજય** લખિતં. પ.સં. ૧૫–૧૨, લીં. ભં. (૨) સં. ૧૭૩૦ કાર્ત્તિક શુ. ૧૨ ભોમ **આંગલોડ** નગરે. પ.સં. ૧૨–૧૩, ધો. ભં. (૩) સં. ૧૭૩૭ માર્ગશિર શુ. ૧૫ ગુરૂ **અહમદાબાદ** મધ્યે. પ.સં. ૧૭–૧૧, ધો. ભં. (૪) ઉદયપુર ભં. (૫) શ્રી **શેત્રુંજય** કરમોચનાદિ સુકૃતિકૃત્ય સુકૃતિકારિ મહોપાધ્યાય શ્રી ૧૯ શ્રી **ભાનુચંદ્ર**ગણિ ચરણાંબુજ ચંચરીકાયમાન પંડિત **શ્રી દેવચંદ્ર**ગણિ સકલ પંડિત શિરોમણિ પંડિત શ્રી ૧૯ શ્રી **વિવેકચંદ્ર**ગણિશિષ્ય પંડિત શ્રી ૫ શ્રી **તેજચંદ્ર**ગણિ પં. શ્રી ૫ **જિનચંદ્ર**ગણિ શિ૦ ગ. **જિવનચંદ્રે**ણ લિષતં સં. ૧૭૫૩ વર્ષે જ્યેષ્ટ શુદિ ૧૦ દિને ગુરૂવાસરે લિષિતં **પત્તનવાસ્તવ્ય** સા. **વેલા** પુત્રી બાઈ **ગુલાબબાઈ** વાચનાર્થં. ગુ. વિ. ભં. (૬) સં. ૧૫૭૬ કા. શુ. ૧૫ પં. **માણિક્યચારિત્રગણિ**ના લેખિ **નંદરબાર** નગરે. પ.સં. ૭, પ્ર. કા. ભં. નં. ૭૬૦. (૭) **નાગેંદ્રગચ્છે** ભ૦ **ગુણરત્નસૂરિ** પટ્ટે ગુણવર્દ્ધનસૂરિશિષ્ય વા. **લક્ષ્મીચંદ** લોકપ્રસિદ્ધ મુનિ **લાલા** લ. ચેલા **નાકર**યુતેન. સં. ૧૫૯૭ ભા. શુ. ૧૩ રવૌ અદ્યેહિ **મંગલ**પુરે ઉસવાલ જ્ઞાતીય શાહ **સિણીયા** ભાર્યા **માંનૂબાઈ** પુત્ર **કુંરપાલ** પઠનાર્થં. જૂની પ્રત, ચોપડો, વિ. ને. ભં. નં. ૩૨૬૧. (૮) સં. ૧૬૦૫ આ. વ. ૧ કનકધર્મ લિ. **વિદ્યાધર્મ** સહિતેન. પ.સં. ૧૨, અભય. પો. ૧૨ નં. ૧૨૪. (૯) સં. ૧૬૪૮ માધ ૨ સોમ પં. **સુમતિસુંદર** લિ. સાધ્વી **સૌ**ભાગ્ય-માલા પઠનાર્થં. પ.સં. ૧૩, ભુવન. પો. ૧૨. (૧૦) સં. ૧૬૬૬ મા. શુ. અભય. નં. ૨૨૩૧. (૧૧) સં. ૧૭૦૨ ભા. સુ. ૧૩ રવૌ લ. પ સં. ૧૭ –૧૧, ઇડર ભં.નં. ૧૭૪. (૧૨), પ.સં. ૧૯–૧૨, ઈડર ભં. નં ૧૭૫. (૧૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સં. ૧૭૩૯ ફા. વ. ૨ ગુરૂ. ચોપડો, જશ.સં. (૧૪) સં. ૧૬૬૮ સરાવણ શુ. ૮ રવઉ. પ.સં. ૧૧–૧૩, સીમંધર. દા. ૨૩ નં. ૧૪. (૧૫) સં. ૧૭૩૯ વૈ. શુ. ૧૩ શનૌ રાજનગર વાસ્તવ્ય સુશ્રાવિકા કેસરબાઈ વાચનાર્થં. પ.સં. ૧૬–૬થી ૧૩, કલ. સં. કો. કેટે. વો. ૧૦ નં. ૬૪ પૃ.૧૨૩થી ૧૨૫. (૧૬) સં. ૧૭૪૮ ફા. કૃષ્ણ ૨ સોમ. પ.સં. ૬, પ્ર. કા. ભં. નં. ૨૭૩. (૧૭) પ્ર.કા.ભં. નં. ૭૬૦. (૧૮) સં. ૧૭૫૯ ફા. વ. ૭ સોમે. પ.સં. ૧૩–૧૩, હા. ભં. દા. ૮૩ નં. ૧૨૪. (૧૯) સં. ૧૭૭૬ દ્વિતીય અસ્વીની માસે કૃષ્ણપક્ષે તીથી અશ્રજી દીને વાર રવૌ લપીકૃતા ગુરૂ પ્રસાદાત્. પ.સં. ૧૧, ગાથા ૨૭૨, શાંતિ ભં. દા. ૧૧૨ નં. ૨. (૨૦) ભટ્ટારક શ્રી વિજયરાજસૂરીશ્વર ચરણપયોજ ચંચારિકાયમાન પંડિત શ્રી લક્ષિમવિજયગણિના લિ૦ પ.સં. ૧૧–૧૪, દે. લા. પુ. લા. નં. ૧૪૧૫/૫૦૧. (૨૧) ભુજનગરે મુનિ સુમતિવિજય લ. સ્વયં પ્રતીરીયં. પ.સં. ૬–૨૧, વિ. નં. ૩૧૭૫. (૨૨) જૂની પ્રત, પ.સં. ૧૪–૧૩, લ. સુ. (૨૩) સં. ૧૭૭૨ વૈ. સુ. ૧૧ ભોમે પં. સંઘચંદ્ર–પં. લાલચંદગણિ–પં. મંગલચંદ્રેણ લ૦ પાટણ મધ્યે. પ.સં. ૧૨–૧૬, ઝીં. પો. ૩૬ નં. ૧૬૭. (૨૪) સં. ૧૭૮૫ જે. કૃ. ૫ મહિમાપુરે રંગવિજય લિ. દ્વાન. નં. ૧૦૧૩. (૨૫) સં. ૧૭૯૩ વૈ. શુ. ૪ જીવનજી લિ. પ.સં. ૧૨, જય. પો. ૬૯. (૨૬) સં. ૧૮૪૯ માગ. વ. ૧૦ ગુરૂ મહિમાપુરે. પ.સં. ૧૪, જિ. ચા. પો. ૮૦ નં. ૧૯૭૧. (૨૭) શ્રી પાટણ નગરે કુરણા સાહાની પોલ મધે લ. વસા. ધુસાલચંદ મલુકચંદ મુનિ વિદારતનજિ પઠનાર્થં. સં. ૧૮૬૧ આસો દિ ૧ વાર બુધે. પ.સં. ૧૨–૧૫, ઝીં. પો. ૩૬ નં. ૧૬૮. (૨૮) પ.સં. ૧૧, જય૦ પો. ૬૮. (૨૯) પ.સં. ૧૯, અભય. પો.૧૩ નં. ૧૩૬. (૩૦) પ.સં. ૬, શ્લો. ૫૦૪, લીં. ભં. દા. ૩૭ નં. ૫. (૩૧) સં. ૧૬૬૬ માઘ શુ. ૫ લિ. પ.સં. ૫, અભય નં. ૨૨૩૧. (૩૨) લિ. ત્રાણેજ મધ્યે ગુજ્જર...પ.સં. ૬, અભય. નં. ૨૬૧૩. (૩૩) સં. ૧૭૨૪ પો. વ. ૮ શનૌ ગ૦ પ્રીતિવિમલેન વીરપુર મધ્યે લ. પ. સં. ૧૫–૧૪, ખેડા ભં. ૩. (૩૪) સં. ૧૮૨૨ વર્ષે, પ.સં. ૧૬–૧૨, ગુ. નં. ૫૫–૩. (૩૫) પ.સં. ૨૯, ગુ. નં. ૫૫–૪. (૩૬) સં. ૧૭૨૬ પં. વિજયસૌભાગ્યશિ. કૃપાસૌભાગ્યગણિના લિ. પ.સં. ૧૨–૧૩, મુક્તિ. નં. ૨૩૫૧. (૩૭) પ.સં. ૧૯–૧૧, ખેડા. ભં. દા. ૬ નં. ૩૩. (૩૮) સં. ૧૬૮૫ સુરત મધ્યે પ.સં. ૧૬–૧૧, ખેડા ભં. દા. ૬ નં. ૫૦. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા. ૧ (પૃ. ૨૪૫, ૨૫૧, ૪૧૬, ૫૦૦).]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨૧૬) + પ્રકીર્ણ કૃતિઓ

(૧) + મહાવીર સ્તવન – નાથ કેસે જંબુકો મેરૂ કંપાએો. જૈન કાવ્યસાર પૃ. ૫૯૨. (૨) + ૫૬ – હરિ ભજ કારાના. જૈન કાવ્યસાર. પૃ. ૫૯૬. (૩) + મહાવીર સ્ત૦ વીરજી સુણો રે એક વિનતિ. જૈન કાવ્યસાર. પૃ. ૬૧૭. (૪) + છૂટક પ્રભાતી. જબ લગે સમકિત રત્નકું પાયા નહિ પ્રાણી. જૈન પ્રમોધ પૃ. ૪૮.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૮–૫૯, ભા.૩ પૃ.૪૮૭–૮૮. 'જીવભવસ્થિતિ રાસ' આ કવિને નામે મુકાયેલો તે કોઈ જ્ઞાનસાગરશિષ્ય વચ્છ–વાછોની કૃતિ ઠરતાં 'જૈન ગૂર્જર કવિઓ'એ પછીથી આ જ્ઞાનસાગરને નામેથી રદ કરી છે. પ્રકીર્ણ કૃતિઓ આ જ્ઞાનસાગરની હોવાનું નિશ્ચિત કહી શકાય તેમ નથી. કેમકે, મુદ્રિતમાં માત્ર 'જ્ઞાન' એવી નામછાપ મળે છે.]

૧૩૧. વચ્છ-વાછો (શ્રાવક, વડતપગચ્છ જ્ઞાનસાગરસૂરિશિષ્ય)

(૨૨૦) મૃગાંકલેખા રાસ અથવા **ચરિત્ર** ૨.સં.૧૫૨૩

આદિ – **ગોયમ** ગણહર પય નમેવિ, બહુ બુદ્ધિ લહેસુ
મૃગાંકલેષા સતીય ચરિત્ર(ત), મનિ સુદ્ધિ કહેસુ ૧
સીલઇ સરોમણિ ગુણિનિલુ એ, મનિ માંન ન આણંઈ,
મનસા વાચા કાય કરી, તે સીલ વષાંણઇ. ૨

અંત – **મૃગાંકલેષા** તણું ચરિત્ર, **સમકિતસતરી**માંહિ પવિત્ર,
તેહથૂં કવિઉં સત્ત આધારિ, અસત્ય તે મિછાદુકડ સાર, ૪૦૨
કાલ અનાદિ જીવ જગિ વસઇ, એ પરિ જીવ ઘણા હુઇ હશઇ
ઇસિઉ ભાવ જાંણી મન કરૂ ત્રિહું જણ તણું ચરિત્ર વિસ્તરૂ ૪૦૩
ભણઇ ગણઈ નઇ જે સાંભલઇ, ભણઇ વચ્છ તિહિં સંકટ ટલઇ,
બીજી સતી તણાં જે નામ, તે સવિહું નઈ કરૂં પ્રણામ. ૪૦૪

અંત – (અન્ય પ્રતમાં)
ભણઇ ગુણઈ નઇ જે સાંભલઈ, ભણઇ **વચ્છ** તીહ સંકટ ટલઇ,
બીજી સતી તણાં જે નામ, તે સવિહુંનઈ કરૂં પ્રણામ. ૪૦૦
સીતા સુલસા ચંદનબાલા, ભદ્રા સુભદ્રા મણો રસાલ,
રાજમતી રેવઈ રોહિણી, તારા ગંધારી ધારિણી. ૧
કલાવતી કમલા અંજના, દવદંતી દેવઇ ભૂઅદિ-ના,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સેણા વેણા સાતઇ કરી, મયણા દોઈ મલયસુંદરી. ૨
રિસિદત્તા રૂપણિ રેવઈ, નંદા દોપઇ મૃગાવઈ,

*

કાર્તિક સેઠિ ઉત્તમ હૂઉ, સુર માહે જે ઇંદ,
ધર્મ તણા અધિકારી, ભંડારી શ્રી નેમિચંદ. ૮
રાજ કરતાં રિષિપણું, સોઇ ઘણું કુમર નરેસ,
નહિ કહઇ મારિ નઇ મારિ, અમારિ અઢારે દેસિ. ૯
સાંપ્રત કાલિ અપૂરવ પૂરવ દિસિ નિવાસ,
જિનધર્મ તણા પ્રભાકર, ઠાકુર શ્રી જિણદાસ. ૧૦
પર-ઉપગાર તણું બહુમાન, જન આશાવિશ્રામ,
ચિર પર રમણિ સહોદર, સુરતરૂ સોની સંગ્રામ. ૧૧

*

તાસ વયણ સુણિઆં મનસુધિ, તીણઇ બુદ્ધિ હૂઉ પ્રકાસ,
કીઉ ઉપગાર તણી મતિ, જીવભવસ્થિતિ રાસ. ૨૮
પનર ત્રેવીસ ફાગુણ શુદિ બહુ બુદ્ધિ તણુ નિવાસ,
રવિ પક્ષ અનઇ તિથિ તેરિસ, તે રચિઇ સ્તુતિ પ્રકાસ. ૨૯

[અહીં છેલ્લી બે કડી 'જીવભવસ્થિતિ રાસ'ની આવી ગઈ હોય એમ જણાય છે.]

(૧) યતિ શીલ વિષયઈ મૃગાંકલેષા સતી પ્રબંધ સંપૂર્ણ. છ. શ્રી. ગ્રંથાગ્ર ૫૨૫, ભાવ.ભં. (૨) યતિ શ્રી શીલવિષયે મૃગાંકલેખા રાસ સંપૂર્ણઃ સંવત ૧૫૮૨ વર્ષે આષાઢ શુદિ ૫ રવૌ પૂજ્યારાધ્ય પં૦ માણિક્યચારિત્રગણિશિષ્ય વિવેકચારિત્રગણિના લેખિ. પ્રાગ્વાટ જ્ઞાતીય સા. નરપાલ ભાર્યા શ્રા. લાડિકિ સુતા શ્રા૦ હંસાઇ પઠનાર્થં સ્યાહાદા ગ્રામે. પ.સં. ૧૮-૧૩, ભાવ. ભં. (૩) સંવત ૧૬૨૪ વર્ષે ફાગુણ સુદિ ૮ શુક્રે કૂકરવાડા ગ્રામ મધ્યે પં. શ્રી ધર્મવર્દ્ધનગણિશિ૦ પં. શ્રી સૌભાગ્યવર્ધનગણિશિ. ૫ ગણેશ લક્ષ્મીસૌભાગ્ય લિ૦ માણસા વાસ્તવ્ય નાગર ન્યાતીય સેઠિ રૂડા પઠનાર્થં પાર્શ્વનાથ પ્રાસાદાત્. એક નાનો ચોપડો, પ.ક. ૧૯૦થી ૨૩૮, પં. ૧૨, વિ.ધ.ભં. (૪) સં. ૧૬૪૧ વર્ષે આગરા નગર મધ્યે પુસ્તિકા લિખિતા. એક મધ્યમ કદનો ચોપડો, પ.ક. ૧૪૭થી ૧૬૫, વિ.ધ.ભં. (૫) સં. ૧૫૪૪ વર્ષે આસો શુદિ સપ્તમી સોમે મૃગાંકલેખા ચરિત્ર લખિત્વાત...સં. ૧૬૫૯ વર્ષે મા૦ સુ૦ ૫ દિને શ્રી શ્રીમાલ જ્ઞાતીય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સા. શ્રી પાસવીર સુત સાહ શ્રી રડીયા પઢત્તં પુણ્યાર્થં. પ.સં. ૧૨-૧૫, શુદ્ધ જૂની પ્રત, લીં.ભં. (૬) સિ૦ સમીયાણા નગર મધ્યે સં. ૧૬૨૮ વર્ષે આસૂ વદિ ૧૧ દિને ગુરૂવારે. પ.સં. ૨૬-૧૧, લીં.ભં. (૭) સં. ૧૬૭૫ વર્ષે શ્રાવણ માસે કૃષ્ણપક્ષે દ્વિતીયાયાં તિથૌ સોમવાસરે ક્ષત્રીયવંશે રાઠોડ જ્ઞાતિ મહારાજશ્રી સુરસિંહજી વિજયરાજ્યે વછા લીખતં નાગોરી (આમાં વછા એ નામ છે તે ખુદ કવિ નથી કારણકે ઉપર જુદાજુદા સંવત છે કે જે સં. ૧૬૭૫ પહેલાંના છે.) (૮) પ.સં. ૨૨-૧૧, ડે.ભં. દા. ૭૧ નં. ૨૬. (આમાં 'મૃગાંકલેખા રાસ' અને 'જીવભવસ્થિતિ રાસ' બંને ભેગા આપેલા જણાય છે. (૯) લ.સં.૧૫૬૧, પ.સં. ૧૧, શ્લો. ૪૧૧, લીં.ભં. દા.૨૩ નં.૧૮૬. (૧૦) વાછાકૃત રાસ સંપૂર્ણ. સં. ૧૬૬૦ વર્ષે ભાદ્રવા વદિ ૯ સોમ લષતં ઋ. શ્રીપાલ ઋષિ ભીમજીના શિષ્ય. પ.સં. ૭૬-૧૫, બહુ જીર્ણ, રત્ન. ભં. દા.૪૨ નં.૩. (૧૧) પ.સં. ૨૪-૧૧, ડે.ભં. દા.૭૦ નં.૭૫. (૧૨) લિ.સં. ૧૫૯૭, ચોપડો, વિ.ને.ભં. નં. ૩૨૬૧. (૧૩) અન્ન (આર્યા) શ્રી સોનાં વાચ્યમાન ચિરં જીયાત્ સં.૧૬૩૮ વૈ. વ.૬ રવૌ શ્રી કુકુંટેશ્વર મધ્યે રામદાસ લિ. પ.સં. ૧૬-૧૩, વિ.ને.ભં. નં.૩૩૨૫. (૧૪) સં.૧૬૯૧ માહ સુદિ ૭ ગુરૂ. પ.સં. ૧૮-૧૪. વિ.ને. ભં.નં.૪૫૬૯. (૧૫) સર્વ સંખ્યા ૪૦૧, શ્રીપૂજ્ય પાસચંદ્રેણ આચાર્યશ્રી સમરચંદ્ર ઋક્ષ શ્રી હરપાલ રિક્ષ શ્રી ઉદા સાધ્વીશ્રી ધરણૂ સાધ્વીશ્રી રૂપાં સાધ્વીશ્રી કમાં પુસ્તકે લિષતં ધરમા સં૦૧૬૯૭ આસૂ સુદિ ૧૫ વાર બૃહસ્પતિ દિને ગૌતમાય પ્રસાદેન. પ.સં. ૨૪-૧૧, વિમલ૦ (૧૬-૧૭) વિમલ૦ નં.૨૦-૧૧ અને ૨૦-૧૫. (૧૮) વા૦ ધર્મભૂષણગણિના લિ૦ પ્ર૦ સત્યપ્રભા પઠનાર્થં રાજસુંદરી ચિરં જીયાત્ પ.સં. ૮-૧૭, હા.ભં. દા. ૮૦ નં.૧૮. (૧૯) પ.સં. ૧૬-૧૫, હા.ભં. દા.૮૧ નં.૨૬. (૨૦) પ.સં. ૬-૧૬, હા.ભં. દા.૮૦ નં.૪૧. (૨૧) સં.૧૫૬૮ આ.વ.૧૦ સોમે રાજપુરે મહો૦ હર્ષહંસગણિભિઃ લિ૦ પ.સં.૭, જય૦ પો.૬૮. (૨૨) પ.સં. ૧૬, પ્રત ૧૭મી સદીની, જિ.ચા. પો.૮૧ નં.૨૦૧૪. (૨૩) જૂની પ્રત, પ.સં. ૨૨-૧૧, જશ. સં. (૨૪) પ.ક. ૧૮૧થી ૧૯૬, ગાથા ૩૫૮, શાંતિ. ભં. દા.૧૧૨ નં.૬. (૨૫) પ.સં. ૨૦-૧૧, રો.એ.સો.મુંબઈ બી.ડી.૬૬ નં. ૧૬૪૮. (૨૬) પ.સં. ૨૨-૬, વર્ધમાન રામજી નલિયાવાલા. (૨૭) સં. ૧૬૧૪ જે.વ.૮ બિકાનેર મધ્યે મહારાજશ્રી કલ્યાણમલ્લ રાજ્યે બૃહદ્ ગચ્છીય રત્નસિંહ લિ. પ.સં.૧૬, અભય. પો.૪ નં.૨૫૪. (૨૮) તપગચ્છાધિરાજ શ્રી સોમવિમલસૂરિઃ પં. લક્ષ્મીમંડનગણિશિષ્ય ચેલા લબ્ધિ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મંડન મુનિ લ૦ **મિહિતા** હરપતિ ભાર્યા **કનકાઇ** પુત્રરત્ન **આસપાલ** પઠનાર્થં. પ.સં.૨૬, સે.લા. [આલિસ્ટઑઇ ભા.૨, કૅટલૉગગુરા, મુપુગૂહસૂચી, લીંહસૂચી (વત્સને નામે).]

(૨૨૧) જીવભવસ્થિતિ રાસ અથવા **સિદ્ધાંત રાસ** અથવા **પ્રવચનસાર રાસ** ર.સં. ૧૫૨૩ ફાગણ શુદ ૧૩ રવિ

આમાં અનેક રાગો, છંદો અને દેશીઓ છે. હરપતિ સંઘવીએ સં.૧૫૧૮માં કાઢેલા સંઘનું વર્ણન આવે છે એટલે આની રચના ત્યાર પછી છે.

આદિ – ૐકારક્ષરરૂપાય, ચિદાનંદમયાત્મને,
સિદ્ધિપ્રદાય ભવ્યાનાં, **ઋષભાય** નમો મુદા. ૧

ફાગ

સિરિ **ઋસહેસર** પય નમી, સંતિકરણુ શ્રી **શાંતિ**,
પૂજિસુ **પાસ** કપૂર સિઉં, પૂરિસઉં મન તણી ખંતિ. ૨
વીર જિણિંદ ચઉવીસમઉ, નિત નમઉ ભવિયણુ લોઇ,
સેવતાં જસુ તણુઉં શાસન, આસન શિવસુખ હોઇ. ૩
સારદા દઈ નવયણુ નિધિ, સાનધિ શાસણુ-દેવિ,
મનિ ધરી **ગોયમ** ગણુધર, રાસ રચિસુ સંખેવિ. ૪
નવરસ રચિસુ વયરાગિઇ, એગિહિં મનિ ધરી ધ્યાન,
સાંભલતાં સુખસંપદ, પદિ પદિ અર્થનિધાન. ૫
રંજવઉં મન ધમ આપણુઉં, તં પુણ સુગુરૂ પસાઇ,
પરજીઇ તુ બહુ પુત્રિ, કહિ મનિ કિસિઉં સુહાઇ. ૬
બોલતાં બુદ્ધિ લગઇ વલી, અલિય વયણુ જવ હોઇ,
કવિ કહઇ જોડીય બે કર, ખરઉં કરિજ્યો સહૂ કોઇ. ૭
બોલિસુ બુદ્ધઈ આગલઉ, **બોહા** તણુઉ ચરિત્ર. ૧
જસ જસવાઇ અછઇ ઘણુઉ, જયુ તિ **જસભદ્રસૂરિ**,
ત્રીજઉ કહીઇ **કિન્હરસિ**, નામઇ દૂરીયા દૂરિ. ૨
પ્રહિ ઉગમિ નિતુ પ્રણુમતાં, લહીઇ નવઇ નિધાન.
ભોજનિ કૂર કપૂર રસ, ભૂપ ભલા બહુમાન. ૩
કવિજન કહિસઇ કેતલાં, જેહના જેહવા ઠામ,
સુણુજ્યો સહૂ આદર કરી, આઠ પ્રભાવક નામ. ૪

અંત – દૂહા.

બોહુ ખિમ રસિ **કિન્હરસિ**, **બલિભદ્ર જસભદ્રસૂરિ**,
ત્રિણિ કાલ પ્રણુમંતડાં, દુરિઅ પણાસઇ દૂરિ. ૨૧૧

ચોપાઇ

બોલિઉ **બોહા** નામ પવિત્ર, પરૂંઅ જિ **ખિમ**રસિ તણુઉં ચરિત્ર,
સંઘસભા સુણિયો જે જાણુ, બોલિસુ **બલિભદ્ર** તણું વખાણુ. ૨૧૨

દૂહા.

મુનિ **લાવણ્યસમય** ભણઇ, જિહ્વા હુસઇ પવિત્ર,
પ્રથમ ખંડ પૂરૂં કહિઉં, **ખિમ**રસિ તણુઉં ચરિત્ર. ૨૧૩

—ઇતિ પ્રથમ ખંડ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી.]

(૨૬૨) + બલિભદ્ર રાસ

આદિ –

દુહા.

પુણ્ય પ્રભાવક જાણીઇ, વિદ્યાબલિ **બલિભદ્ર**,
તસુ ચરિત્ર વષાણીઇ, જસ ગુરૂ શ્રી **જસભદ્ર**. ૧

અંત – **બોહો બલિભદ્ર** તણઉં ચરિત્ર, કહિતાં કાયા પુહવિ પવિત્ર,
સુણયો સભા પુરૂષ જે જાણ, શ્રી **જસભદ્રસૂરિ** તણઉં વષાંણ. ૧૨૪
બોહુ ષિમરસિ કિન્હરસિ, બલિભદ્ર યશોભદ્રસૂરિ.
તિન્નિ કાલ સમરંતડાં, દુરિય પણાસઇ દૂરિ. ૧૨૦
મુનિ **લાવણ્યસમય** ઈમ ભણઇં, જિહ્વા હુસઇ પવિત્ર,
દ્વિતીય **ખંડ** પૂરૂ કહિઉ, **બલિભદ્ર** તણઉં ચરિત્ર. ૧૨૬
—ઇતિ દ્વિતીય ખંડ.

(૨૬૩) + યશોભદ્રસૂરિ રાસ

આદિ – ભાણઈ કરઈ કયવાર જસ, **જસભદ્રસૂરિ** ચરિત્ર,
ભણુતાં ગુણતાં નિસુણુતાં, કાયા હુઇં પવિત્ર. ૧
સંઘ ભણુઇં સહિગુરૂ સુણઉ, તે તુમ્હે કહુ એકંતિ,
શ્રી**જસભદ્ર** ચરિત્ર અમ્હ, સુણવા ષરીય સુષંતિ. ૨
જસ નામઈ જસ વિસ્તરઇં, પ્રણુમંતા પરહોડિ,
મુનિ **લાવણ્યસમય** ભણુઇં, લહીઇ સંપતિ કોડિ. ૩

અંત –

ઢાલ. દુહાનુ

તપગચ્છિ ગુરૂ **ગોયમ** સમા, શ્રી **સૌભાગ્યનંદિસૂરિ** સાર,
શ્રી **અમરસમુદ્ર** ગુરૂ રાજીઆ, શ્રી **હંસસંયમ** સાર. ૧૬૫
જયવંતા ગુરૂ જાણીઇ, જસ નમઇં નરરાય,
શ્રી **સમયરત્ન** સહિગુરૂ જયુ, પ્રણુમીય તેહના પાય. ૧૬૬
સંવત **પનર નવ્યાસીઇ**, માઘ માસિ રવિવારિ
અહિમદાવાદ વિશેષીઇ, પુરૂ **બુહાદીન** મઝારિ. ૧૬૭
સંઘ સુગુરૂ આદેસડઇં, જિહ્વા કરી પવિત્ર,
બોહા બલિભદ્ર કિન્હરસિ, જસભદ્ર રચિઉં ચરિત્ર. ૧૬૮
ગુણતાં ધરિ ગુરૂઅડિ ઘણી, ભણતાં લહીઇ ભોગ,
થુણતાં થિર કીરતિ હુઇ, સુણતાં સવિ સંયોગ. ૧૬૯
તૃતીય ષંડ **જસભદ્ર** ગુરૂ, ચડીઉં ચરિત્ર પ્રમાણિ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મનાથ પસાઉલઈ, બોલિઉં સુલલિત વાણિ. ૧૭૦
ગચ્છ ચઉરાસી ગણુધરા, સાધુ સકલ પરિવાર,
ગણિ પવતણિ જે મહાસતી, સંઘ સદા જયકાર. ૧૭૧
બોહુ વિમરસિ કિન્હરસિ, અલિભદ્ર જસલાદ્રસૂરિ,
તિન્નિ કાલ પણુમંતડાં, દુરિઅ પણાસઈ દૂરિ. ૧૭૨
જિનશાસનિ ઉદ્યોતકર, એ રષિ અવિચલ નામ,
મુનિ **લાવણ્યસમય** ભણુઈ, નિતુ પ્રહિ કરૂં પ્રણામ. ૧૭૩

(૧) ઇતિ શ્રી પંડિત **લાવણ્યસમય** કૃતે **બોહા અલિભદ્ર** શ્રી **યશોભદ્ર** ચરિત્રે તૃતીયઃ ખંડઃ સંપૂર્ણઃ સં.૧૬૧૧ વર્ષે માહ માસે કૃષ્ણપક્ષે ચતુર્થી રવૌ વાસરે પં. સહજતિલકગણિશિષ્ય પં૦ ઈંદ્રસહજગણિ લિષિતં. પરોપકારાય. શુભ ભવતુ. કલ્યાણમસ્તુ. ચિરં જ્યાત્. (ઐ. રા. સં.) (૨) ઇતિશ્રી પંડિત **લાવણ્યસમય** કૃતે **બોહા અલિભદ્ર** શ્રી **જસોભદ્ર** ચરિત્રે તૃતીય ખંડ સંપૂર્ણ. સં.૧૭૧૯ પોસ શુદિ ૧૨ **વટપદ્ર** નગરે મહો૦ **અમૃતવિજયગણિશિ૦** પં. **મુક્તિવિજયેન** લિ૦ પ.સં. ૧૯–૧૫, **સાણંદ** ભં.(જિ.વિ.) (૩) સં૦૧૮૧૯ આશ્વનિ સુદિ ૭ શુક્રે લ૦ મુનિ **રાજેન્દ્ર**-સાગરેણ **સ્થંભતીર્થે** શ્રી **અમિઝરા પાર્શ્વ** પ્રસાદાત્. પ.સં.૧૭, પ્ર.કા. ભં. નં.૮૮૫. (૪) સં૦૧૬૪૦ જ્યેષ્ઠ શુદિ ૧૪ બુધે **બરહાનપુર** મધ્યે લ૦ ઋષિ **સૌ**ભાગ્યચંદ્ર. પ.સં. ૧૭–૧૬, મુક્તિ૦ નં.૨૩૭૩. (૫) એ ત્રણે રાસ સર્વ ગાથા ૫૧૨, સં.૧૭૯૯ ફા.વ.૫, પ.સં.૨૦–૧૩, હા૦ભં. દા.૮૩ નં.૨૧૧.

પ્રકાશિત: ૧. ઐતિહાસિક રાસસંગ્રહ ભા.૨.

(૨૬૪) + દેવરાજ વચ્છરાજ ચોપાઈ અથવા વચ્છરાજ દેવરાજ રાસ
સં.૧૫૭૫ પહેલાં કતપુરમાં

છ ખંડનો રસિક રાસ છે.

આદિ –

વસ્તુ

સકલ જિનવર સકલ જિનવર પાય પણમેવી,
તઉ પણમેવિ **ચક્રેસરી** એક ચિતિ બહુ ભક્તિ કારીઅ;
નિય ગુરૂ તણઈ સુપસાઉલઇ રિદયકમલ નિય મતિ વિમાસીય,
સજ્જન સહુ કઉ સંભલઉ હીયડઇ ભાવ ધરીય,
બોલિસુ નવનવ કવિતરસ, સિરિ **વછરાજ** ચરીઅ. ૧

અંત –

વસ્તુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાછિલઇ ભવિ પાછિલઇ ભવિ ઇણિ **વછરાજિ**
જીવદયા પાલી ખરી તિણિ પ્રભાવઈ બિહું દેસ પામીય
આપદ સવિ સંપદ હુઈ અનઇ વલી બહુ સુખ પામીય
મુનિ **લાવણ્યસમઇ** ભણઇ ભવીયણ લોક સહૂઅ.
જીવદયા પાલઉ ષરી, જિમ પામઉ સુખ બહૂઅ. ૪૫

(૧) લિ. સંવત ૧૬૫૭ પોસ શુદિ ૯ શુક્રે. ઋષિ વૈરસાલેન. ગ્રંથાગ્ર ૪૫૦, પ.સં. ૨૧–૧૧, લીં.ભં.

આ રાસ 'આનંદ કાવ્ય મહોદધિ' મૌક્તિક ૩જામાં પ્રકટ થયો છે તેમાં ઉપરનો અંતનો વસ્તુ છંદ નથી. તેમાંથી પ્રશસ્તિની ઢાલ છેલ્લી છે તે અત્રે ઉતારીએ છીએ :

તપગચ્છનાયક સહિ ગુરૂ એ, માલ્હંતડે **લક્ષ્મીસાગરસૂરિ,**
શ્રીમુખ **સરસતિ** વાસિ વસે એ, મોલ્હંતડે **લક્ષ્મીસાગરસૂરિ**
નામિયેં સંપદ ભૂરિ–૧
અતિ ગિરૂઆ પંડિત પ્રવર, મા૦ **સમયરયણ** મુણિસાર સૂરિ એ,
મુખ **સરસતિ** વાસિ વસે એ, મા૦ ગુણમણિ તણો ભંડાર. ૨
શિષ્ય તાસ પયતલિ નમી એ, મા૦ **નયર કતપુરિ** માહિં,
સંભવનાથ પસાઉલે એ, મા૦ રાસ રચિએો ઉછાહિં. ૩
પહેલો **અક્ષર લા**ભનો એ, મા૦ બીજો ભવનો જાણી,
ત્રીજો પુણ્યવંત બીજલું એ, મા૦ આગલિ **સમય** ઠવેઈ. ૪
એ કવિ સવિહું નમી કરી એ, મા૦ ઇમ કહે બે કર જોડિ,
અધિક ઓછું બોલતાં એ, મા૦ કુણે મ દેજ્યો બોડિ. ૫
જ્યાં ગયણંગણિ દિણયર એ, મા૦ જ્યાં શશિકળા નિવાસ,
મેરૂ મહીધર સાયર એ, મા૦ ત્યાં લગે પ્રતપો એ રાસ. ૬
એહ રાસ **વછરાજ**નો એ, મા૦ ભાવ સહિત નરનારિ,
ભણે ગુણે જે સાંભળે એ, મા૦ નવનિધિ તિહિં ઘરબારિ. ૭

(૨) સં.૧૬૧૯ શ્રા. શુદિ ૧૧ રવૌ **તપાગચ્છનાયક** હંસસુરત્નસૂરિશિ૦ પં. **સા**રંગગણિ લ૦ **નિશા** પાટકે. પ.સં.૧૭–૧૫, બોડા ભં. દા.૬ નં.૨૨. (૩) સં.૧૬૭૫ ભા. ૮ ભૌમે ઋષિ **ગુણ**રત્ન લિ૦ **નવા**નગર મધ્યે. પ.સં. ૧૨–૧૭, રો.એ.સો. બી.ડી.૨૬૬ નં.૧૬૧૩. (૪) પૂજ્યારાધ્ય પં. **વિદ્યા**સુંદરગણિસિષ્ય પં. **રાજ**સુંદરગણિ લિ૦ **વિ**દિરાલયે (બેરાલુ). પ.સં.૧૩–૧૭, હા.ભં. દા.૮૨ નં.૮૭. (૫) શ્રી **વિજય**સેનસૂરિશિષ્ય પં. **કનક**-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિજય...ગણિ જીતવિજયો લિલેખ. પ.સં.૧૬–૧૫, સંઘ ભં. દા.૬૩ નં. ૪૪. (૬) સં.૧૬૧૫ માગસિર શુદિ ૬ બુધે ચેલી રંગા લિ૦ કતપુર મધ્યે. પ.સં.૧૮–૧૪, હા.ભં. દા.૮૦ નં.૧૩. (૭) મેઘજી લ૦ પઠનાર્થ રષિ શ્રી ૫ રામાજી સં.૧૬૯૭ શ્રા.વ.૧૩ મહીયાત્રા (મેવાત્રા) મધ્યે પ. સં.૧૫–૧૬, ડે.ભં. દા.૭૦ નં.૭૬. (૮) પા.ભં.૩. (૯) રત્ન.ભં. [મુપુ-ગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૯).]

(૨૬૫) + સુમતિસાધુસૂરિ વિવાહલો (ઐ.)

આદિ – સરસતિ સામિણિ દિઉ મતિદાન મઝ મનિ અતિ ઉમાહલઉ એ,
સુણિજ્યો ભવિયણ ભાવ ધરેવિ ગાયસુ સુગુરૂ વિવાહલુ એ. ૧
મહિયલિ મોટઉ દેશ વિસેસ મેદપાટ જગિ જાણીઇ એ,
વારૂઅ વન વનિતા અભિરામ જાઉર નયર વખાણીઈ એ. ૨
વાપી કૂપ સરોવર ચંગ રંગ કરઇં નિતુ જોઅંતાં રે,
વાડીઅ વર ઉદ્યાન વિવેક હેલાં જનમન મોહંતા એ. ૩

અંત – લક્ષ્મીસાગર સહિગુરૂ એ માહલંતડે, સીસ શિરોમણિ તાસ,
તપગચ્છમંડન સહિગુરૂ એ મા૦, પૂરઉ ભવિયણ **આસ**. ૭૯
સુજન સહૂકો સાંભલઉ મા૦, પણમઉં બે કર જોડિ,
સુમતિસાધુસૂરિ સેવંતા મા૦, લહીઈ સંપદ કોડિ. ૮૦
પઢસિઈ ગુણસિઇ નિસુણસિઇ મા૦, વીવાહલુ એ સાર,
કવિ **લાવણ્યસમય** ભણઇ એ મા૦, તસુ ઘરિ જયજયકાર. ૮૧
નવનવિઅ વાણિહિં મતિવિનાણિહિં હિયઇ હરિષ ઘણુઉ ધરી
મઈ એકચિત્તિહિ કરીઅ ભત્તિહિં અંગિ આલસ પરિહરી,
જાં સાત સાયર વર દિવાયર ગયણિ રોહિલિ ચંદલુ,
તાં એ અનોપમ સુગુરૂ સરિસઉ જયઉ જગિ વીવાહલુ. ૮૨

(૧) ઇન્દુશીલગણિના. પ.સં. ૨, ગા.૮૫, અભય. પો.૧૬ નં.૧૬૩૭ પ્રકાશિત : ઐતિહાસિક રાસસંગ્રહ ભા.૧.

(૨૬૬) દૃઢપ્રહારી સઝાય

આદિ – પય પણમીઅ **સરસતિ સરસતિ** વચન વિલાસ
મુનિવર કેવલધર ગાઇસુ મહિમનિવાસ. ૧

અંત – ઇતિ **દૃઢપ્રહાર** કેવલધર કેરૂં સુણીઈ સારચરિત્ર
જિણિ ચ્યારઇ હત્યા ઊતારી, કાયા કરી પવિત્ર,
વિબુધ પુરંદર **સમયસુંદર** તસુ પય પામી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સીસાલસ **લાવણ્યસમય** મુનિ જંપઈજઈ સિદ્ધિગામી. ૨૪

(૧) પ.સં.૫, સે.લા. નં.૪૬૯૧. (૨) પ.સં. ૩, ગ્રંથમાન ૬૮, લી.ભં. દા.૨૩. (૩) પ.સં.૩, હા.ભં. દા.૮૩ નં.૬૭.

(૨૬૭) પાર્શ્વજિનસ્તવન પ્રભાતી ૩૭ ટૂંક

આદિ – **લામાનંદન** જિનવર **પાસ**, તું તો ત્રિભોવન લીલવિલાસ;
વિનતિ છોડિ ભવપાશ, હું છું દેવ તુમારો દાસ. ૧

અંત – હું આવ્યો શરણ તમ તણે, રાખો મન ઉલટ આપણે;
મુનિ **લાવનસમે** ઇમ ભણે, તુમ્હ તુઠે નવનિધ આંગણે. ૩૭

(૨૬૮) + ચતુર્વિંશતિ જિન સ્તવન

માલિની છંદમાં ૨૭ કડીઓ અને છેલ્લી ૨૮મી હરિગીતમાં.

આદિ – કનકતિલક ભાલે હાર હીઈ નિહાલે, **ઋષભ**પય પખાલે પાપના પંક ટાલે;
અર જિનવર માલે ફૂટરે ફૂલ માલે, નરભવ અજુઆલે રાગ નિઈ રોષ ટાલે,

અંત – **તવ**ગચ્છદિવાયર **લચ્છિસાયર સોમદેવ** સૂરીસરો,
શ્રી **સોમજય** ગણુધાર ગિરુઆ **સમયરત્ન** મુનીશ્વરો;
માલિની છંદઇ કય પમંધિઇ તવિયા જિન ઊલટ ધણુઇ,
મઈ લહિઉ લાભ અનંત મુનિ **લાવણ્યસમય** સદ્ધા ભણુઈ. ૨૮

(૧) ડે.ભં. (૨) વિ.ધ.ભં. (૩) પ.સં.૬–૧૩, સારી પ્રત, ગો.ના. (૪) પ.સં.૩–૧૧, મ.જૈ.વિ. નં. ૭૬૮. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૫૯, ૨૬૪, ૨૮૫, ૪૩૩, ૪૯૭).]

પ્રકાશિત : ૧. જૈનયુગ પુ.૧ પૃ.૧૭૮થી ૧૭૯. [૨. જૈન સત્યપ્રકાશ, વર્ષ ૧૧, અંક ૧૨. ૩. કવિ લાવણ્યસમયની લઘુ કાવ્યકૃતિઓ.]

(૨૬૯) + આદિનાથ ભાસ ૨.સં.૧૫૮૭

આદિ – **સરસતિ સરસતિ** દિઉ વયણાં, ગાઇસિ ગિરુઆ ગુણ **સેત્રુજિ** તણા.

પ્રકાશિત : ૧. પ્રાચીન તીર્થમાળા સંગ્રહ ભા.૧ પૃ.૧૬૧થી ૧૬૮.

(૨૭૦) ગર્ભવેલિ

આદિ – **બ્રહ્માણી** વર આલિ મઝ તું, કવિતા જિન માત,
તુઝ પસાઇ ગાઇસઉ, **ગર્ભવેલિ** વિખ્યાત. ૧
જ્ઞાન દિવાકર દેવ તૂં, સેવઇ સુર નરિંદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પય પ્રણમી પ્રભુ વીનવું, જયવંતુ જગચંદ. ૨
સુણિ **સીમંધિર** સ્વામીયાં, તૂં ત્રિહુ ભુવન નાથ
હૂં અપરાધી આવીઉ, અસરણુ અબલ **અનાથ**. ૩

અંત – ઋદ્ધિ વૃદ્ધિ રાણિમ ઘણી, ભૂમ **અરથ** ભંડાર;
નવિ માગૂં મુગતામણિ, ગઢ મઢ ગજ તોખાર. ૧૧૩
મુનિ **લાવણ્યસમય** ભણઇ, કહૂં જિ બે કર જોડિ.
કવિ સુપ્રસન્ન હોજ્યો સદા, સીમંધર ધર્મ થકી મુજ જોડિ. ૧૧૪

(૧) સં.૧૬૩૬ શ્રા. શુદિ ૮ **મીઠૂયા** ગ્રામે લ૦ પ.ક.૧૩થી ૧૭, સીમંધર દા૦૨૪ નં.૭. (આમાં પહેલાં **ધર્મદેવ**કૃત **અજ્ઞ**પુત્ર રાસ છે.) (૨) પં. સુમતિસારગણીશિ. ગણિ **મેઘસારેણ** લ૦ સં.૧૭(૦)૩ માર્ગસર શુક્લ દુતીઆ દિન **બારેજ** ગામ મધ્યે. પ.સં.૪-૧૫, યશોવૃદ્ધિ પો.૭૪. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૩૧૯, ૫૧૮).]

(૨૭૧ ક) ગોરી સાંવલી ગીત વિવાદ

પ.સં. ૨, અભય. પો.૧૭ નં.૧૭૧૧.

(૨૭૧ ખ) ચૌદ સુપનાની સઝાય

અંત – શ્રી જિનવરે ભાખીયા, સહે ગોરી સાખીયા એ, અધિકાર એ
રૂચડો એ;
સુપન તે વારૂ એ મહિમા તે સારૂ એ; મુનિ **લાવણ્યસમે** એ
એમ ભણે એ. ૪૬

(૨૭૧ ગ) શ્રાવકવિધિ સ૦

આદિ – પ્રણમી **વીર** જિણેસર પાય વંદી **ગોયમ** ગણધરરાય;
અંત – **લાવણ્યસમઈ** મુનિવર ઈમ કહઇ, મુગતિવધૂ તસ લીલાં વરઇ. ૨૦

(૨૭૧ ઘ) દાનની સઝાય

આદિ – એક ઘર ઘોડા હાથિયાજી, પાયક સંખને પાર,
મોટા મંદિર માલીઆંજી, વિશ્વ તણો આધાર—
જીવડા, દીધાનાં ફલ જોય.

(૨૭૧ ચ) + ગૌતમ છંદ ગા.૭૨

પ્રકાશિત : ૧. સજ્ઝાયમાલા, ભી.મા.

(૨૭૧ છ) અન્ય સઝાયો

(૧-૩) + આત્મપ્રબોધ, + નેમરાજુલ બારમાસો, + વૈરાગ્યોપદેશ — સજ્ઝાયમાલા, ભી.મા. પૃ.૬૩, ૩૧૪, ૩૧૪. (૪) + પુણ્યફલની સ. – સ.મા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સં.પૃ.૩૧. (૫) જીરાઉલા પાર્શ્વનાથ વિનતિ. (૬) પંચતીર્થી સ. (૭) રાજિમતી ગીત. (૮) પંચવિષય સ. (૯) આઠ મદની સ. (૧૦) સાત વારની સ. (૧૧) મનમાંકડ સ. (૧૨) હિતશિક્ષા સ.

[કેટલીક ગૌણ કૃતિઓની હસ્તપ્રતો મુપુગૂહસૂચી, લીંહસૂચી અને હેજૈજ્ઞાસૂચિ ભા.૧માં નોંધાયેલી છે તેમ જ કેટલીક કૃતિઓ કેટલાક સંગ્રહોમાં મુદ્રિત પણ મળે છે.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૬૮–૮૮, ભા.૩ પૃ.૫૦૪–૧૪ તથા ૧૪૬૧.]

૧૫૭. ઉદયધર્મ (આગમગચ્છ મુનિસિંહસૂરિ-વિજયસિંહ ઉ.–મુનિ(મતિ)સાગરશિ.)

આ કવિએ સં.માં 'ધર્મકલ્પદ્રુમ' રચેલ છે.

(૨૭૨) મલયસુંદરિ રાસ ૨.સં.૧૫૪૩ આસો શુદ ૩ ગુરુ

અંત – જિનશાસન વિશુદ્ધ જયવંત, ગચ્છ ચઉરાસી છઈ ગુણવંત.
શ્રી **આગમ**ગચ્છિ પ્રકાસ દિણંદ, ગિરુઆથી **મુનિસિંહ**સૂરિંદ. ૧૧૮૮
તસ મનરંજન બહુ ગુણધામ, વાંદુ વાયક **વિજયસંઘ** નામ,
તસ શિષ્ય શ્રી ઉવઝાય સુજાંણુ, શ્રી **મતિસાગર** મહિમનિહાણ. ૧૧૮૯
તદ પયપંકજ સેવા પ્રવીણ, **ઉદઈધર્મ** પંડિત સંયમલીણ,
કરિઉં કથાનક રંગિ રસાલ, **મલયસુંદરિ મહાબલ** ભૂપાલ. ૧૧૯૦
વિરહ વસિઉ ચિત્તિ અંબા તાત, કુકર્મ વિષઇ એવ રચી વાત,
પનર ત્રઈતાલઈ તૃતીયા તિથિ, આસો શુદિ **જે** ગુરૂ પક્ષ
અત્થિ. ૧૧૯૧
કર જોડી કવિ ઈમ વીનવઇ, જે પોડિ અધિક ઉછઈ બોલવઇ,
ક્ષમા ધરે ક્ષમવઉ અન્યાય, સાંહાં સેવઉં કરી પસાઉ. ૧૧૯૨
હૂં નવિ જાણઉં મૂરષ મૂલિ, ગુણવંતા સવિ હૂં પગધૂલિ,
રામતિ મસિ મઈં કીધી કથા, તાં નાં દુએ મેર દૂ યથા. ૧૧૯૩
મંગલ પહિલૂં શ્રી અરિહંત, મંગલ બીજઇ શ્રી સિદ્ધંત,
મંગલ ત્રીજઇ **મલયસુંદરી**, મંગલ ચઉથઇ શાસનસુરી. ૧૧૯૪
કર્મ તણઉ એ પ્રબંધ પ્રદીક, જિમજિમ સુણીઇ તિમતિમ રસીક,
ભણતાં દોષ દરિદ્રહ ટલઈ, ગણતાં નવનિધિ સંપદ મિલઇ ૧૧૯૫

(૧) ઇતિ મલઈસુંદરી ચતુર્થ પ્રસ્તાવ. ગ્રંથાગ્ર શ્લોકસંખ્યા ૧૮૦૦.

શ્રી સં.૧૫૬૪ વર્ષે પોષ માસે શુક્લપક્ષે ચતુર્થ્યં તિથૌ ગુરૂવાસરે તદ્દિને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લખિતં. મુ. આણંદરત્નેન. પ.સં.૪૪–૧૬, ગુ.વિ.ભં. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૫૧).]

(૨૭૩) કથા બત્રીસી ૨.સં.૧૫૫૦ દિવાળી

અંત – શ્રી **આગમ** ગચ્છ સદા ઉદયવંત શ્રી **મુનિસિંહસૂરિ** ગુણવંત
તસ પાટિ **શીલરત્નસૂરિ** પ્રધાન **આણંદપ્રભ** ગુરૂ બુદ્ધિનિધાન. ૧૪
જયવંતા **મુનિરત્નસૂરીસ આનંદરત્ન** હોયા તસ સીસ,
એ અનુક્રમ ગછનાયક તણું કવિતા નામ હવઈ ધમ સણુ. ૧૫
મુનિસિંહસૂરિ તણઈ બહુ શિષ્ય શ્રી **વિજયસિંહ** વણારીસ મુષ્ય,
તસ બંધવ **ઉદયરત્ન** પણ્યાસ વાચક **યતિકીરતિ** ગુણવાસ. ૧૬
વિજયસિંહશિષ્ય શ્રી ઉવઝાય **મુનિસાગર** નામિં મુનિરાય.
અનુક્રમિ **અમરસાગર** ઓઝાંસ શ્રી **શ્રીમાલી ડાભિલ** વંસ. ૧૭
તાંહ ગુરાહી પં. **ઉદયધર્મ લબ્ધિસાગર** સાથી અભિરમ્મ,
કહી કથા બત્રીસઇ સાર સોધી જોયો જે સવિચાર. ૧૮
પનર પંચાસઈ દીપ દિને કરિઉં કથાનક એહ,
મુગધ પણ ઇમઇ કહિઉં અછઇ સોધઇ ઉતમ જેહ. ૧૯

(૧) વિ.ધ.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૬૨–૬૩.]

૧૫૮. નન્નસૂરિ (કોરંટગચ્છે સર્વદેવસૂરિશિ૦)

સં.૧૫૪૯નો (લેખાંક ૧૨૩) પ્રતિમા પરનો લેખ આ નન્નસૂરિનો મળ્યો છે. તે ઉપરાંત આ નન્નસૂરિના સં.૧૫૬૯ ખંભાતમાં, સં.૧૫૭૩ માતરમાં અને સં.૧૬૧૧ અને ૧૬૧૨ના પ્રતિમા પરના લેખો મળ્યા છે. (ધાતુપ્રતિમા લેખસંગ્રહ ભા.૨.) આમાં લેખાંક ૧૨૩માં સાવદેવસૂરિ અર્થાત્ સર્વદેવસૂરિ છે; પણ રત્નસૂરિને બદલે નન્નસૂરિ સુધારવું ઘટે. સર્વદેવસૂરિના સં.૧૪૯૨, ૧૫૦૫ અને ૧૫૫૩ના પ્રતિમાલેખો મળ્યા છે. (જુઓ નાહર. પ્રથમ ખંડ). અને સં.૧૪૯૯, ૧૫૦૪, ૧૫૦૯, ૧૫૧૧, ૧૫૧૩, ૧૫૨૦, ૧૫૨૧, ૧૫૨૫, ૧૫૩૦ અને ૧૫૩૧ના લેખો મળ્યા છે. (જુઓ ધાતુપ્રતિમા લેખસંગ્રહ ભા. ૧.) આ પરથી જણાય છે કે તે સર્વદેવસૂરિ નન્નસૂરિના સંતાનીય અને કક્કસૂરિના પટ્ટધર હતા. આ સંગ્રહમાં આપણા કવિ નન્નસૂરિનો સં.૧૫૫૨નો લેખ મળ્યો છે. (જુઓ લેખાંક ૮૬૨).

(૨૭૪) વિચાર ચોસઠી ૨.સં.૧૫૪૪ ખંભાતમાં

અંત – ઇણી પરિ શ્રાવક ધર્મતત્ત્વ, **પનર ચૂઆલિ** રચ્યૂ પવિત્ર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુલલિત ચોસઠિ ચોપઇબંધ, મિછામિદુક્કડ હોએ અસૂધ. ૬૩
એહનો નામ **વીચાર ચોસઠી,** સુષશ્રેણિ કરે એકઠિ;
થંભ નયર આનંદ પૂરી, **કોરંટગચ્છ** પભણે **નંનસૂરી.** ૬૪

(પા૦) ઇણિ પરિ શ્રાવક ધર્મનઉ તત્ત, **નન્ન**સૂરિ એ રચિઉ પવિત્ત
સુલલિત ચઉસઠિ ચઉપઇબંધ, મિચ્છાદુક્કડ જે હુઇ (અ)શુદ્ધ. ૬૩
એહનઉં નામ **વિચાર ચઉસઠી,** સુખની શ્રેણિ કરઇ એકઠી
ભણુઇ ગુણઈ પાલઈ સાંભલઇ, મુગતિવધૂ સિઉં તે નર મિલઇ. ૬૪

(૧) ગુ.વિ.ભં. (૨) સં.૧૫૭૪, સે.લા.

(૨૭૫) ગજસુકુમાર રાજર્ષિ સઝાય [અથવા **ચરિત્ર** અથવા **ગીત**]
૨.સં.૧૫૫૮ ખંભાતમાં

આદિ – **સોરંઠ** દેશ વષાણીય, સાહેલડી રે, દેવહ તણુઉ નિવેસ;
દ્વારિકા નયરી તિહાં ભલી, સા. સમરથ **કૃષ્ણ** નરેસ. ૧
સમરથ **કૃષ્ણ** નરેશ ભુજબલિ, જસુ પિતા **વસુદેવ;**
દેવકી દેવી ઊઅરિ ધરીયા, કરઇ સાનિધિ દેવ;
૮૬ દિવસિ પહુતા **દેવકી** ઘરિ, વહિરવા મુનિ દોઇ;
તે દેષિ તસુ જે હરષ હુઉં, કહી ન સકઇ કોઇ. ૨

અંત – શ્રી **અંતગડદશ** આઠમા, અંગ માહિ પવિત્ર;
વીર જિણેસર જિમ કહિઉ, **ગયસુકુમાલ** ચરિત્ર. શ્રી૦ ૪૧
શ્રી **કોરંટગચ્છ** રાજીઉ, શ્રી **સાવદેવ**સૂરિ;
તાસુ સીસુ **નન્ન**સૂરિ ભણુઇ, મન આણંદપૂરિ. શ્રી. ૪૨
તિણિ પરિ **પનર અઠાવનઇ, થંભાઇત** માંહિ;
થંભણ પાસ પસાઉલઇ, રચિઉં ઉછાહિ. શ્રી. ૪૩
ગયસુકુમાલ ચરિત્ર એ, જે ગાઇ રંગિ;
તીહ ઘરિ નવનિધિ સંપજઈ, સુષ વિલસઇ અંગિ. શ્રી. ૪૪

(૧) ચોપડો, લિ૦ સં.૧૫૯૭, કવિનું નામ **અને** સંવત્ વાળી કડીઓ **નથી.** વિ.ને.ભં. નં.૩૨૬૧. (૨) સં.૧૬૦૭ આસપાસનો ચોપડો, પ.ક ૬૬થી ૬૮, નાથાલાલ પાલણપુરવાળા પાસે. (૩) પ.ક. ૩૮–૪૧, ચોપડો, વિ.ધ.ભં. [કૅટલૉગગુરા, મુપુગૂંડસૂચી, હેજ્ઞૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૯૨).]

(૨૭૬) દશશ્રાવક બત્રીશી [અથવા **સઝાય**] ૨ સં.૧૫૫૩ ચિતોડમાં

અંત – બત્રીશી દશ શ્રાવક તણી **ચિત્રકૂટિ** રચી ધરમહ ભણી;
પનર ત્રિપનઈ આણંદપૂરિ, **કોરંટગચ્છ** પભણઈ **નન્નસૂરિ.** ૩૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) પ.સં ૨–૧૧, જૂની પ્રત, હા.ભં. દા.૮૨ નં.૭૬. (૨) પ.સં. ૨–૧૧, વિજાપુર જ્ઞાનમંદિર નં.૬૩૮. (૩) વિવેકવિજય ભં. ઉદયપુર. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૧૪).]

(૨૭૭) પંચતીર્થ સ્તવન

આદિ – (૧) શ્રી **સેત્રુંજ** રળીઆમણા, તીરથ કેરૂં એ રાઉ,—આદિનાથ સ્તવન.

(૨) **દહીઉદ્રાપુરિ** દીપઇ, જોતાં નયણ ન છીપઈ—શાંતિસ્તવન.

(૩) **ઉજલગિરિ** હમો જઈશું એ, એણિ તીરથિ નિમ્મલિ થાઇશું એ,—નેમિસ્તવન.

(૪) સકલ મૂરતિ ત્રેવીસમુ સામિ, **ખંભાયત** પુર મંડણુ એ—પાર્શ્વસ્તવન.

(૫) **સાચુરિ** પુરિ **વીર** જ વરગુણનુ ભંડાર, મૂરખ હું કિય પામું પાર.—મહાવીર સ્તવન.

અંત – કલશ.

પંચઈ તિરથ પંચ જિણેસર, પંચમી ગતિ પુહતા સુંદર,
નન્નસૂરિ ઇમ છંદે નવનવે, વીનવ્યા સુખદાયક તે સવે.
—ઇતિ શ્રી પંચતીર્થ સ્તવન.

(૨૭૮ ક) અભક્ષ અનંતકાય સ.

આદિ – દેવગુરૂ કેરૂં લીજૈ નામ

અંત – **નન્ન**સૂરી વિનતિ ઇમ ભણે, કર્મ ધર્મથી સઘળા હરે,
સુધે ભાવ ભણસે જેહ, મુગતિ **તણાં** ફલ લેસ્યે તેહ.

(૧) પ.સં.૨–૧૦, આ.ક.ભં.

(૨૭૮ ખ) + અર્બુદ ચૈત્ય પ્રવાડી કડી ૬ ૨.સં.૧૫૫૪

આદિ – શ્રીય **અરબુદ** ગિરિવર જોઇઅણ બાર,
જિહાં બારઇ પાજઇ બારઇ ગામ ઉદાર. ૧

અંત – ઇણિ પરિ **અરબુદ ચૈત્ર પ્રવાડિ** જિ, કીજઇ આણંદપૂરિ,
પનર ચઉપનઈ ભણઇ મનરંગિઇ, **કેરંટગચ્છિ નન**સૂરિ. ૬

પ્રકાશિત : ૧. જૈનયુગ, પુ.૫ પૃ.૪૪૪.

(૨૭૮ ગ) અન્ય કૃતિઓ : સં.૧૫૪૩ શાંતિનાથ સ્તવ., ૧૫૫૪ અર્બુદ ચૈત્યપ્રવાડિ, સં.૧૫૫૯ મિચ્છાદુક્કડ સઝાય, સં.૧૫૬૦ મહાવીર સત્તાવીશ ભવ સ્તવન, જીરાઉલા પાર્શ્વછંદ, પ્રભાતી ગીત, ૨૪ જિનગીત, જીવદયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગીત, પુણ્ય કરણીય સ્થાપના ગીત, ગૌતમસ્વામી ગીત વગેરે ગીતો, ઉત્તર ષટત્રિંશદધ્યયન વાચ્ય ભાસ (૧૪), નમસ્કાર વગેરે.

(૧) સે.લા. (પં. લાલચંદ.)

(૨૭૬) + ઉપદેશમાલા બાલા. ૨.સં.૧૫૪૩ ખંભાતમાં

આદિ – શ્રી **નન્ન**સૂરિ સદ્‌ગુરૂભ્યો નમઃ

સિદ્ધેભ્યઃ સ્વગુરૂભ્યશ્ચ નમસ્કૃત્ય લિખામ્યહં,

શ્રી **ઉપદેશમાલાર્થં** બાલાનામવબોધકં.

ગ્રંથને પ્રારંભિ નમસ્કાર કરઇ છઇ, જિનવરેંદ્ર તીર્થંકર નમસ્કરી નૈ હઉં ગુરૂ નૈ ઉપદેશુ ઇ ઉપદેશ તણિ શ્રેણિ કહિસું. જિનવરેંદ્ર કિસિયા છઇ. ઇંદ્ર અનઇ નરેંદ્ર રાજાને પૂજિત છઇ. વલિ કિસિયા છઇ. ત્રિભુવનના ગુરૂ છઇ. ૧

અંત – જે મઇ અજાણતઇ હૂતઇ, અક્ષર માત્રાઇ ઉછઉં કહિઉં હુઇ, વીતરાગના મુહ થકી નીકલી વાણી, શ્રુતદેવતા તે માહરઉં સહૂ ખમઉ. ૫૪૪ ઇતિશ્રી ઉપદેશમાલાપ્રકરણું અક્ષરાર્થ બાલાવબોધઃ સંપૂર્ણઃ છ.

શ્રી **કોરંટ**ગણાધિપસૂરિશ્રી **સાવદેવ**ગુરૂ શિષ્યઃ,

સ્તંભનકપુરે ત્રિચતુસ્તિથિ ૧૫૪૩ વર્ષે **નન્ન**સૂરિ ગુરૂઃ. ૧

ઉપદેશમાલિકાયાશ્ચકાર બાલાવબોધમાલોકય,

વૃત્તિં પૂર્વર્ષિકૃતાં તથાપિ શોધ્યોયં મતિનિપુણૈઃ ૨. યુગ્મં.

(૧) સસૂત્ર ગ્રંથાગ્ર. ૧૯૮૧. સંવત ૧૫૪૩ વર્ષે આસો વદિ ૧૦ રવૌ, શ્રી **કોરંટ**ગચ્છે શ્રી **નન્ન**સૂરિશિષ્ય ગણિ **ગુણવર્દ્ધ**નેન લિખિતં. સાહ રૂપચંદ ભાર્યા સુશ્રાવિકા **મણ**કાઈ પઠનાય. છ. શ્રી. પ.સં. ૫૬, બ્રિટિશ મ્યુઝિયમ ઓ. આર. ૨૧૧૪ બી.

પ્રકાશિત : ૧. A study of the Gujarati Language in the 16th century (V.S.) by Dr. T.N. Dave. (પ્રકાશક રો.એ.સો. લંડન સને ૧૯૩૫)

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૬૬-૬૮, ભા.૩ પૃ.૫૨૪-૨૫ તથા ૧૫૮૬-૮૭.]

૧૫૯. એમરાજ [ખ.] (સોમધ્વજશિ.)

(૨૮૦) શ્રાવકાચાર ચોપાઈ ૨.સં.૧૫૪૬

અંત – જોઇ આગમ અરથવિચાર, એ બોલ્યઉ શ્રાવકઆચાર,

શ્રી જિનધર્મ કરઈ જે સાર, ક્ષેમકુશલ તે લહઇ અપાર. ૮૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પનરહસઈ છઈતાલા વર્ષિ, ઐમરાજગણિ મનિ ઉતકર્ષિ,
પાસ પસાઇ પુરી આદરી, શ્રુતથી શ્રાવકવિધિ ઊચરી, ૮૧

(૧) જૂની પ્રત, પ.સં. ૫–૧૮, પ્રથમ પત્ર નથી, સાથે નન્નસૂરિ-કૃત વિચારચોસડી છે, વિ.ને.ભં. નં.૪૬૩૦. (૨) પ.સં. ૫, કૃપા. પો. ૪૪ નં.૭૭૫ (૩) પ.સં. ૪, પ્રતિ ૧૭મી સદીની, ભુવન૦ પો.૧૨.

(૨૮૧) ચારિત્ર મનોરથમાલા ગા.૫૩

આદિ – શ્રી આદીસર પય નમી, પરિમલ ગુણિહિ વિશાલ,
ચરણ મનોરથ ફૂલડા, ગુંથિસુ માલ વિશાલ, ૧

અંત – ચરણ મનોરથ માલિકા, શ્રાવક મુનિ સુવિચાર,
કંઠહિ રાખઇ આપણઇ, તે પામઈ ભવપાર. ૫૨
નિજ મનિ ભાવઇ ભાવના, અવસર કરઇ જિ સાર,
શ્રી ઐમરાજ મુનિવર ભણઇ, તે સુખ લહઇ અપાર. ૫૩

(૧) પ.સં. ૩–૧૩, હા.ભં. દા.૮૩ નં.૧૨૯.

(૨૮૨) ઇખુકારી રાજા ચોપાઈ [અથવા **ચરિત્રપ્રબંધ** અથવા **સંધિ**]

આદિ - પણમિય વદ્ધમાણ જિણ સાંમિય, જો સેવઇ જણ પૂરઇ કામીય,
ઇખુકારિ અજઝયણ વિચારેા, ચઉદસમઉં પભણિસુ ઉદારેા. ૧

અંત – ઉત્તરાધ્યયનથી ઊધરયેા એ, સંબંધ ઇષુકારીય ગુણભારિઉએ,
શ્રી ઐમરાજ મુનિવર કહૈ એ, સદા પઢઇ તેઉ સુભ ફલ લહૈ એ. ૫૧

(૧) એક મધ્યમ કદનેા ચોપડેા, પ.ક.૧૪૨થી ૧૪૭, વિ.ધ.ભં. (૨) અમરસર નગરે પં. દયાશેખર મુનિ લિ. પ.સં.૩, ગા.૬૫, અભય. પો.૪ નં.૨૫૭. [રાઉસૂચી ભા.૧, હેજૈગ્રાસૂચિ ભા.૧ (પૃ.૩૯૭).]

(૨૮૩) + માંડવગઢ (માંડવગઢ) ચૈત્યપરિપાટી (ઐ.) ૨૩ કડી

આદિ – પાસ જિણેસર પય નમિય, કામિય ફલ દાતરેા,
ફાગબંધિ હઉં સંથુણિસુ, જિણવર બિંબ અપારેા.

અંત – ઇણિ પરિ ચૈત્ય પ્રવાડી રચી માંડવગઢિ હરિસિહી,
સંચીય સુકૃત ભંડાર સુગુરૂ સેામધ્વજગણિ સીસિહિ.
ફાગબંધિ જે પુન્યવંત નારી નર ગાવઈ,
ઐમરાજગણિ ભણઇ તેઇ યાત્રાફલ પાવઇ.

(૧) પ.સં.૩, પ્ર.કા.ભં.

પ્રકાશિત : ૧. જૈનયુગ પુ.૪ પૃ.૩૩૨થી ૩૩૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ૫૦૦. ત્યાં કવિ તપગચ્છના હોવાનું જણાવેલું પરંતુ વસ્તુતઃ એ ખરતરગચ્છના છે. જુઓ ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહ, પ્રસ્તા. પૃ.૪૧.]

૧૬૦. સંવેગસુંદર (વડતપગચ્છ-જયશેખરસૂરિ-જિનસુંદર-સૂરિ-જિનરત્નસૂરિ-જયસુંદર ઉ. શિ.)

જિનરત્નસૂરિના ધાતુપ્રતિમા પરના લેખ સં.૧૫૧૫, ૧૫૧૬, ૧૫૨૦, ૧૫૨૫, ૧૫૨૭ના મળી આવે છે અને તેમને શિષ્ય હેમસુંદરગણિ પણ હતા. (જુઓ ધાતુપ્રતિમા લેખસંગ્રહ ભાગ ૨)

નાહર. ૨ નં.૧૭૬૬માં ચોરવાડના જિનમંદિરમાં પ્રતિમાલેખ છે કે સં.૧૫૨૯ વૈ.શુ.૩ ગુરૂ શ્રી **મં**ગલપુર(માંગરોળ)વાસી **ઓ**સવાલ **સો**ની **સા**યર આદિએ **ચો**રવાડપુરે કરાવેલ **ચિં**તામણિ **પા**ર્શ્વનાથના ચૈત્યની વૃદ્ધ તપાગચ્છે ભટ્ટારક શ્રી **જ**યચંદ્રસૂરિ પટ્ટાવતંસ ભટ્ટા. શ્રી **જિ**નસૂરિ-શિષ્ય મહોપાધ્યાય શ્રી **જ**યસુંદરગણિશિષ્ય મહોપાધ્યાય શ્રી **સં**વેગસુંદર ગુરૂપદેશેન પ્રતિષ્ઠા કરી. તે સંવેગસુંદર તે આ કવિ છે.

(૨૮૪) સાર શિખામણ રાસ ૨.સં.૧૫૪૮ માગશર શુદ ૧૦ માનુષ્ય-પુરીમાં

આ રાસમાં રાત્રિભોજનનિષેધ, જીવહિંસાત્યાગ, ગળેલું પાણી પીવું, અભક્ષ્ય વસ્તુ ન ખાવી વગેરે શિખામણની વાતો છે. ભાષા પ્રાચીન ગુજરાતી છે તેથી હિંદી જેવી જણાય છે. પદ્ય ૨૫૦ લગભગ છે.

આદિ – ત્રેવીસમા શ્રી **પા**સનાહ પ્રભુ કેરા પાય
હું પ્રણમું એકચિત્ત થઇ લહી સગુરૂ પસાય. ૧
માતા **સરસતિ** દેવિ કન્હઇ એક સુવચન માગું
જે કવિરાજ આગઇ હૂઆ એ તેહ ચરણે લાગું. ૨
ધ્યાઉં શ્રી નવકારમંત્ર ચઉદ પુરવ સાર
વર્ણવતાં એક જીભડીએ ન લહીજઈ પાર. ૩
યશકીરતિ જેહ નિરમલ એ **જ**યસુંદર જેહ;
સંવેગનિધિ ગુરૂ ગણહરૂ એ આરાધું તેહ. ૪
સાર શીખામણ તણુ રાસ રચસૂં રસ આણી,
તે ભવિયણ તમ્હે સાંભલઉ એ અવિચલ ફલ જાણી. ૫

અંત – **વ**ડતપગચ્છગયણાંગણિ સૂરિ, જેહ વાણી ગંગાજલપુરિ
શ્રી જયસેહરસૂરિવરો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તાસ પાટ દીપઈ ગુણ ભૂરિ, ગચ્છપતિ શ્રી **જિનસુંદરસૂરિ**,
તપિજપિ નિરમલ ગણધરૂ એ. ૨૩૩
તાસ પાટિ પુહુવિ ગુરૂ ગુણનિધિ, જેહનઈ નામિઈ લહીઈ સવિ
સિધિ, શ્રી **જિનરત્નસુરિંદ** વરો.
વિજયરાજ તેહનઈ જે સોહઈ, નિરૂપમ જગહ તણાં મન મોહઈ
ઉવઝાય શ્રી **જયસુંદરુ** એ. ૨૩૪
તાસ સીસ ગુરૂ લહીય પસાય, શ્રી **સંવેગસુંદર** ઉવઝાય,
રચિઉ રાસ એ રૂઅડો એ.
પનરસંઈ અડતાલઇ સંવત્સરિ, માગસિર સુદિ દસમી ગુરૂ
માનુષ્યપુરિ, નિતુનિતુ મંગલ જયકરૂ એ. ૨૩૫
એકમનાં જે હિઇ ધરેસઈ, ભવનાં સઈનાં પાતિગ ધોસઈ,
હોસઈ સુખ તેહ અતિ ઘણું એ. ૨૩૬
કવિઅણ કહઈ મઈ જાણુ અજાણિઈ, રચિઉ રાસ એ બુદ્ધિ
પ્રમાણિઇ, નંદું જાંદૂ મેરૂ ગિરિ એ.
એ હિતસિષ્યા નિતુ હઈઇ ધરસ્યઇ, દુખસાગર તે નિશ્ચઇ તર-
સ્યઈ, શિવસુખ અવિચલ પામસ્યઇ. ૨૩૭

(૧) સં.૧૫૭૭ જેઠ શુ. ૧૫ ભૌમે. પ.સં.૭, જય. પો.૬૯. (૨) સં.૧૬૦૦ ફા. પૂર્ણિમા તિથૌ રવિવાસરે લિ૦ પ.સં. ૧૬–૧૧, રો.એ.સો. બી.ડી.૨૯૯ નં.૧૯૯૨. (૩) **તપાગચ્છાધિરાજ** હંસસંજિમસૂરિ ગુરૂભ્યો નમઃ સં.૧૬૦૪ પો.શુ.૧૧ શુક્રે લિષિત **શ્રીમાલ** જ્ઞાતી સૃંગારહાર **સંઘવી થાવર** પુત્રરત્ન **સં**ઘવી હંસરાજ પઠનાર્થં. પ.ક્ર. ૧થી ૧૨૮ પં. ૧૭, ચોપડો, પ્ર.કા.ભં. (૪) સં.૧૬૫૪ આ.સુ. ૧, પ.સં. ૭, જિ.ચા. પો. ૮૩ નં. ૨૨૧૭. (૫) સં.૧૭૨૪ વીસા વર્ષે કા. વ. ૧૪ સોમે દેવકા પાટણ ગ્રામે રિષ કરમસી લિ. પ.સં. ૧૦–૧૫, મ. જૈ. વિ. નં. ૪૦૫. (૬) સં. ૧૭૮૨ જ્યે૦ વ૦ ૫ બુધે **અણહિલ્લ** પત્તને ઢંઢેરપાટકે પૂર્ણિમાપક્ષે પ્રધાનસામ્નાયાં ભ૦ ભાવપ્રભસૂરિશિ૦ પ્રેમરત્નેન લિ૦ તેજરત્ન પઠનકૃતે. પ.સં. ૧૭, એક ચોપડામાં, જશ. સં.(૭) પ.સં. ૧૦–૧૩, સીમંધર. દા.૨૨ નં. ૨૫. (૮) પ.સં. ૧૩–૧૧, હા.ભં. દા.૮૦ નં.૪૨. (૯) પ.સં. ૩, સે. લા. નં. ૪૭૨૫. (૧૦) પ.સં. ૧૨–૧૪, અં.૩૫૦, લી.ભં. દા.૨૫. (૧૧) પ.સં. ૧૦–૧૪, ગાથા ૩૫૦, લી.ભં. દા.૨૫. (૧૨) પ.સં. ૨૬–૧૩, હા.ભં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દા.૭૬ નં.૮. (૧૩) ભાં. ઇ. સન ૧૮૮૭–૯૧ નં.૧૪૬૫. (૧૪) પ.સં. ૭૫–૧૫, જિ. વિ. (પુરાતત્ત્વમંદિર) (૧૫) સં.૧૫૮૫ માગશિર વદિ ૧૦ રવૌ પં. વિવેકધીરગણિના લિ. દીસાવાલ જ્ઞાતીય સા. કૃષ્ણા પઠનાર્થં. પ.સં. ૧૨–૧૩, ડા. પાલણપુર દા.૩૬. (૧૬) ખં.ભં.૧. (૧૭) પા.ભં.૩. (૧૮) માણેક ભં. [આલિસ્ટઑઇ ભા.૨ (વેગસુંદરને નામે), કૅટલૉગગુરા, જૈહા-પ્રૉસ્ટા, મુપુગૃહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૦, ૩૬૫, ૫૦૬, ૫૬૪, ૫૭૧).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૬૬–૬૭, ભા.૩ પૃ. ૫૦૨–૦૩. પહેલાં સર્વાંગ-સુંદર નામ આપી પછીથી ઉપર મુજબ સુધાર્યું છે.]

૧૬૧. સિંહકુલ (ખિંવંદણિકગચ્છ દેવગુપ્તસૂરિશિ.)

(૨૮૫) મુનિપતિ રાજર્ષિ ચરિત્ર ૨.સં.૧૫૫૦(૮૫) વૈશાખ વદ ૭ રવિ

દુહા, વસ્તુ અને ચોપાઈમાં આખી કૃતિ છે.

આદિ – ધુરિ વસ્તુ.

ગોયમ ગણુહર **ગોયમ** ગણુહર પાય પણુમેવિ,
નામિઇં નવનિધિ સંપજઇ, સયલ સિદ્ધિ સેવકહ આપઇ,
એકમના જે ઉલગઇં ધરઇં ધ્યાન તિહિં લબ્ધિ આપઇ,
બે કર જોડી વીનવઉં, દિઉ મઝ વાણિ વિશેષ,
બોલિસુ રાઉ **મુનિપતિ** ચરી, કથાબંધ સુવિશેષ. ૧

અંત – થયું વૈરાગ્ય સેઠિનિ ઘણોં, કરિસ્યું કાજ હવિ આપણું,
ઘણો મહોચ્છવ બેટિ કીધ, ઋષિ **મુનિપતિ** કન્હિ દીક્ષા લીધ. ૬૦૦
બેહું મુનિવર તેહનું ધ્યાન, પાલિ પંચ માહાવ્રતભાર,
ધ્યાનિ મૌન્ય તપ સોસી દેહ દેવલોકિ દેવ થયા બેહ. ૬૦૧
તેહનું ધ્યાન હઇયા માંહિ આણિ, બેહું એકાવતારી જાણિ,
મુક્તિપંથ તે જાસિ વહી, શુણુ કથા સંક્ષેપિ કહી. ૬૦૨
સંવત **પંનર પંચાસો** જાણિ, વદિ વૈશાષ માસ મનિ આણિ,
દિનિ સપ્તમી રચિઉ રવિવાર, ભણિ ગણિ તિહ હર્ષ અપાર. ૬૦૩

(પા૦) સંવત **ચઉદ પચ્યાસીઇ** જાંણી વૈશાખ વદિ માસ મનિ આણિ,
દિન સપ્તમી રચ્યઉ રવિવાર ભણતાં ગુણતાં હરષ અપાર. ૨૧
એ ઋષિ **મુનિપતિ**નો ચરિત્ર સાંભળતાં હુઇ દેહ પવિત્ર
ઋદ્ધિ વૃદ્ધિ અતિ મંગલચાર ભણુઇ ગુણુઈ તિહિ જયજયકાર. ૨૨
(છેવટે ઉમેરો. હા.ભં.ની પ્રતમાંથી)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દૂહા વસ્તુ ચુપઇ જાસ, કહિતાં કવિ ઉપજઇ ઉલ્લાસ
સાંભલતાં ઉપજઇ પ્રમોદ, એહ ચરિત્ર વૈરાગ્ય વિનોદ.
ખ્યવંદણીકગચ્છ સોહિ ગણધાર, શ્રી **દેવગુપ્તસૂરિ** જયકાર
તાસ શિષ્ય **સિંધકુલ** ધમ ભણિ, સાંભલતાં નવ નીધ્ય અંગણુઇ.

(૨) ઇતિ શ્રી મુનિપતિ રાજઋષિ ચરિત્ર સમત્ત. ગ્રંથાગ્રંથ ૯૨૧ શુભં ભવતુ. સંવત ૧૬૪૨ વર્ષે માગસરિ શુદિ ૧ ભૂમે...લખિતં **અહ્રાન**-પુર મધ્યે ઇદલપુરિ. શુભં ભવતુ. કલ્યાણમસ્તુ શ્રી. પ.સં. ૨૩--૧૫, ભાવ. ભં. (૨) પ.સં. ૪૦-૧૧, વી. પા. (૩) પ્ર.કા.ભં. (૪) સં.૧૬૧૮ વર્ષે આશ્વિન માસે. ટીપમાં ૧૫૮૫ સંવત્ ટાંકયો છે અને તે વિશ્વસનીય છે. પ.સં. ૧૯, પા. ભં. (૫) સં૦ સોલ અહોત્તરા વર્ષે માગશિર વદિ અષ્ટમી સોમવારે સ્થિતવા **હીરરત્નસૂરિશિ૦** ગણી **ગુણરત્ન** લી૦ **ખં**ભાલીયા ગ્રામે લ૦ પ.સં. ૨૫-૧૫, હા.ભં. દા.૭૯. (૬) સં.૧૬૨૬ વૈ૦ સુદિ ૨ લિ૦ **આ**ગમગચ્છીય **ધર્મ**રત્નસૂરિભિઃ પ.ક. ૧૦૭થી ૧૪૩, ચોપડો, દે. લા. પુ. લા. નં.૧૧૨૦. (૭) સં.૧૬૯૬ જ્યે૦ શુ૦ ૨ મંગલે પૂજ્ય **શ્રી કલ્યાણ**-સાગરસૂરિ રાજ્યે **ઉ**ગ્રસેનપુરે મુનિ **કી**ર્ત્તિચંદ્રેણેદં લિ૦ પ.સં. ૩૧-૯થી ૧૩ કલ૦ સ. કૉલેજ કેટે૦ વૉ૦ ૧૦ નં.૬૩ પૃ.૧૨૧થી ૧૨૩. (૮) સં૦ ૧૬૧૧ કા૦ વ૦ ૧૩ ભૌમે હસ્ત નક્ષત્રે વિષંભ નામ્ન યોગે લિ૦ **અ**ંચલગચ્છે વા૦ **ગજલાભગણિશિ૦** ઋષિ **શં**કર પઠનાર્થં **ના**રદપુરે શ્રી **વ**રકાણા **પા**ર્શ્વ. નાથ પ્રશાદાત્ પં. **સમ**યલાભગણિ લ૦ પ.સં. ૧૯-૧૭, હા.ભં. દા.૮૧ નં. ૪૬. (૯) પ.સં. ૨૬, ૫૮૭ કડી સુધીની અપૂર્ણ પણ સારી પ્રત, તિલક૦ભં. (૧૦) **ભ**રૂઅચ્ચ બંદિરે સંવત્ વ્યોમ દ્વિપ ભુવન વર્ષે આસો માસે કૃષ્ન-પક્ષે ત્રયોદશી દિને ગ. **ગજ**વિજયેન લિપિકૃતં. પ.સં. ૨૧-૧૫, રાજકોટ મોટા સંઘનો ભંડાર. (૧૧) સં.૧૭૬૫ માર્ગસીર્ષ વદિ ૫ બુધૌ લ૦ **વિ**નયવિમલેન **અ**મ્રતપૂર મધ્યે **વા**સપૂજ્ય પ્રસાદાત્. પ.સં. ૩૦-૧૫, ખેડા ભં. દા ૬ નં.૩૦. (૧૨) પૂજ્ય **વ**રસંઘજી શિ૦ ઋષિ **રા**મજી લિ૦ આત્માર્થે **વે**રાઉલ બંદરે સં.૧૭૬૮ મહા સુદ ચોથિ બુધે. પ.સં. ૨૧-૨૦, ખેડા ભં. ૩. (૧૩) સં.૧૬૦૦ આસો સુદિ ૩ બૂધે **સો**ડી ગ્રામે મુનિ **લા**લજી પઠનાર્થં. પ.સં. ૧૮-૧૫, મ. જૈ. વિ. નં.૪૧૧. (૧૪) ઉ૦ ઇંદ્રચંદ શિ૦ **ઉ**દયચંદ લિ. પ.સં. ૨૬, મહિમ૦ પો. ૩૬. (૧૫) પ.સં. ૨૫-૧૩, વડા ચૌટા ઉ૦ પો. ૧૮. (૧૬) પ.સં.૭૧-૧૧, હા.ભં. દા.૪૯ નં.૧૯. (૧૭) પ.સં. ૨૬-૧૬, પ્ર.કા.ભં. નં. ૧૫૦. (૧૮) જૂની પ્રત, પ.સં. ૨૩-૧૩, ડે.ભં. દા.૭૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નં.૪૨. (૧૯) પ.સં. ૧૭–૧૭, મ. જૈ. વિ. નં.૪૭૫. (૨૦) પ.સં. ૨૦–૧૫, દે. લા. પુ. લા. નં. ૧૦૪૧–૪૧૨. (૨૧) સં.૧૬૭૬ ભા. સુ. ૮ રવૌ શ્રી વણથલી ગ્રામ મધ્યે લ૦ વા૦ શ્રી વિજયમૂર્ત્તિગણિના સ્વવાચનાય. પ.ક. ૨૫થી ૩૬, પં. ૨૧, દે. લા. પુ. લા. નં. ૧૧૦૭–૪૬૬. (૨૨) સં.૧૬૭૬ આસોય બહુલે. પ.સં. ૨૨–૧૭, ડા. પાલણપુર દા. ૩૬. (૨૩) સં.૧૭૨૦ આષાઢાદિ વર્ષે ભા૦ વ૦ ૧૦ બુધે લ૦ પ.સં. ૪૩–૧૧, ડે.ભં. દા.૭૦ નં.૪૧. (૨૪) સં.૧૬૪૧ આષાઢ વદિ ૫ શુક્રે. નિ૦ વિ૦ ચાણસ્મા.

(એક જૂની પ્રતમાં રચ્યા 'સંવત્ પનરપચાસુ જાણિ' એમ આપેલ છે તેથી સં. ૧૫૫૦ રચનાવર્ષ બરાબર જણાય છે.)

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૯૦, ભા.૩ પૃ.૫૧૫–૧૭. કૃતિ પહેલાં અજ્ઞાત કવિને નામે મૂકી પછીથી સિંહકુલને નામે ફેરવી છે. કૃતિના રચનાસંવત વિશે ઉપર થયેલી નોંધો જુઓ.]

૧૬૨. શાંતિસૂરિ (સાંડેરગચ્છ આમદેવસૂરિશિષ્ય)

જુઓ તેમના શિષ્ય ઈશ્વરસૂરિ નં.૧૮૨.

આ શાંતિસૂરિ સં.૧૫૬૭ સુધી અવશ્ય વિદ્યમાન હતા. (જુઓ લેખાંક ૩૬૫, પ્રાચીન લેખસંગ્રહ.)

સાંડેરગચ્છીય શાંતિસૂરિનો સં.૧૫૫૨નો પ્રતિષ્ઠાલેખ બુ. ૨, નં. ૭૬૨માં પ્રકાશિત થયેલ છે. સં.૧૫૦૩, ૬, ૮ના પણ લેખો છે. ઈશ્વરસૂરિ આ પહેલાં શાંતિસૂરિના શિષ્ય જણાય છે કે જેના સં.૧૫૧૭, ૧૯ના બે લેખો બુ. ૨માં નં. ૮૫૦ અને ૫૪૦ પર છપાયેલ છે. "ઈશ્વરસૂરિના 'લલિતાંગ નરેશ્વર ચરિત્ર'નો લે. સં. ૧૫૬૧ મારા વાંચવામાં આવેલ છે, રચનાસમય તે પૂર્વે સં.૧૫૧૭-૧૯ની આસપાસ હોવો જોઈએ." – પં. લાલચંદ.

(૨૮૬) સાગરદત્ત રાસ (દાન માહાત્મ્ય ઉપર) સં.૧૫૧૭–૧૯ આસપાસ

"આ પ્રાકૃત અપભ્રંશ તથા ગુજરાતીમાં રચાયેલો ૧૩૭ ગાથાનો રાસ ખરેખર રસમય હોઈ તેમાં ગાથા, રાસઉ, કુંડલિઓ, ઘાત (ધત્તા), અડયલ્લ, માલિનીરૂપક, છપ્પય, પાધડી (પદ્ધડિકા) રાસાબંધ વગેરે વિવિધ છંદો વાપરેલા છે. કાવ્ય ઉચ્ચ પ્રતિનું છે અને આ તેમજ તેમના શિષ્ય ઈશ્વરસૂરિકૃત 'લલિતાંગચરિત્ર રાસ' સંસ્કૃત તથા પ્રાકૃત કાવ્યોની સરખામણીમાં સારી રીતે ઊભાં રહે તેમ છે." ચિ. ડા. દલાલ. – પા.

આદિ – વિમલકર-કમલ-પરિમલ મિલંત રોલંબ મંગલારાવઃ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમિય કમંડલ(લુ) પાણિં, પણમામિ **સરસ્સય**ં(ઇ) દિ(દે)વિં. ૧
સિદ્ધત્થો સિદ્ધત્થો, પસિદ્ધ પલ્લી પુરાલએ **વીરો**
સિદ્ધત્થરાય પુત્તો, સુ(સિ)દ્ધત્થં દેહુ મહુ વયણું. ૨
સિરિ **આમએવ** સૂરીસર-પયપઉમજુયલં વંદે
લચ્છી-સરસઇઉ(ઓ), સુપસન્ના જસ્સ સેવાએ. ૩
છંદંતરકલ્લોલં, વન્નજલં **સંતિસૂરિણા** મહિયં
સાયરચરિઅં સાયરસરિસં સરસં નિસામેહ. ૪

(૧) નવી લખાયેલી પ્રતિ, સેં. લા. (પં. લાલચંદ). [આલિસ્ટઑફ ભા.૨.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૬૧, ભા.૩ પૃ.૫૧૮–૧૯.]

૧૬૩. કલ્યાણતિલક (ખ. જિનસમુદ્રસૂરિશિ.)

જિનસમુદ્રસૂરિ પદસ્થાપના સં.૧૫૩૦ સ્વ. ૧૫૫૫. (કલ્યાણતિલકનો સ્વયંલિખિત ગુટકાસંગ્રહમાં ગુટકો ૧ જ્ઞાનભં. ૧૫૬૯.)

(૨૮૭) **મૃગાપુત્ર સંધિ** ગા. ૪૪ સં.૧૫૫૦ આસપાસ

આદિ – પ્રણમીય **વીર** જિણેસર-પાયા, જસુ સેવઇ સુરવર નરરાયા,
મીયાપુત્ત કહિસ હું ચરિત્ત, સંધિ સંબંધિ સમરિસુ પવિત્ત. ૧

અંત – એહ પ્રબંધ ઉપસમરસ ભરીયઉ, **ઉત્તરઅજ્ઝયણ** થકી ઉદ્ધરિઉ
શ્રી **જિનસમુદ્ર**સૂરિ સુસીસઇ, કહઇ **કલ્યાણતિલક** સુજગીસઇ. ૪૪

(૨૮૮) **ધન્ના રાસ** ગા. ૬૫ કે ૬૬ જેસલમેરમાં

આદિ – સમરિય સમરસ તણઉ નિહાણુ, **વીર** જિણેસર ત્રિભુવનભાણુ
વીર કહિઉ જે **નવમઇ અંગે**, **ધન્ના સંધિ** કહિસુ મનરંગે. ૧
શ્રી **જેસલમેર**મંડણ **પાસ**ં, પૂજતાં પૂરઇ મન અસ

અંત – તસુ પ્રભાવ કરિઉ સંધિ બંધઇ, શ્રી **જિનસમુદ્ર**સૂરિ સાનિધ્યઇ. ૬૪
એહ સંબંધ અમીયમય વાણી, બોલઇ **વીર** જિણેસર નાંણિ
અણુત્તરવાઈ નવમ અંગઇ, ઉવજ્ઝાય **કલ્યાણતિલક** મનરંગઇ. ૬૫

(૧) બંને એક ગુટકો, જિ. ચા. (૨) ધન્નાસંધિ – સાધ્વી **કનક**લક્ષ્મીશિ. સાધ્વી **હર્ષ**લક્ષ્મી પઠનાર્થ. પ.સં. ૪, અભય. નં.૩૪૯૦. [મુપુગૂહસૂચી (બંને કૃતિઓ), હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૬૨–ધન્નાસંધિ).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૫૧૯.]

૧૬૪. જિનસાધુસૂરિ (વૃદ્ધતપાગચ્છે જિનરત્નસૂરિ પટ્ટધર)

કવિના ગુરુ જિનરત્નસૂરિ એ વૃદ્ધતપાગચ્છના છે. તેમના સં.૧૫૦૭થી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સં.૧૫૪૪ સુધીના ધાતુપ્રતિમાલેખો મળે છે. તેમાં સં.૧૫૨૩નો લેખ તો આ કૃતિના રચનાસ્થલ સહુઆલાનો છે – ખુ. ૧ નં. ૭૮૬. (નં. ૭૨) 'નલદવદંતી રાસ'ની પ્રત સં.૧૫૭૯માં ઉક્ત સહૂઆલા નગરે જ આ કવિએ લખેલી છે. જુઓ પૃ. ૧૦૪. વળી ખુ. ૧ નં. ૧૨૭૮નો સં.૧૫૯૮નો લેખ છે તેમાં "કુંથુનાથબિંબં કા. પ્ર૦ શ્રી **જિનસાધુસૂરિ**પટ્ટે શ્રી **જિનકીર્ત્તિ**-સૂરિભિઃ શ્રી **સહુ**આલીઆ ગચ્છે" એટલે ઉક્ત ગામ પરથી તે ગચ્છ કાઢનાર આ કવિસૂરિ હોય એમ લાગે છે. તેમનો સમય આ સર્વ પરથી સં. ૧૫૫૦ અને ૧૫૯૮ વચ્ચે અવશ્ય હોવો જોઈએ.

(૨૮૯) ભરતબાહુબલિ રાસ સં.૧૫૫૦ આસપાસ

આદિ – ભદ્દં **આદિ** જિણેસરસ્સ સયલં, સોહગ્ગલચ્છીકરં
સુખં કવકિલ સામીઉં, પયદ્દિંણુ દેવિંદવંદી પયં
શ્રી સિદ્ધંત નિવાસિણી **સરસઈ** નિચ્ચં કુરં માણસે
સંતુડા **જિનરયણ**સૂરિ ગુરણો પાયા સદામો સુહં. ૧
નીયમણિ સેવક સંભારત્તીય, મણવંછિત દેવઇ **ભારત્તીય**
કર જોડી માગૂં **ભારત્તીય**, સા મઝ વયણિ વસુ **ભારત્તીય**, ૨
તુ મનવંછિત કવિત કરાઈં, તુ પણુ કવીયણુ નામ ધરાઇં
ચૌહદ વિદ્યા હૃદયિ ભરાઈં, જુ સારદ સુપ્રસન્નાં થાઇ. ૩
મઝ મન જાણઇ જિનગુણ ગાઉં, **આદિનાથ** અહિનિસિ આરાહું
રસના રસ મઇ ઇણુ પરિ લેવુ, પઢમ જિણેસર હીઇં ધરેવુ. ૪

અંત – વસ્તુ
અથિર જાણીય ૨ એ સંસાર
ઊહાપોહ વિચારતાં **ભરત** રાઉ શ્રી જ્ઞાનિ વરીઉ
જિનશાસનિ જયવંત ચિર સાધુવેષ સુરદત્ત ધરીઉ
પઢમ ચક્કાહિવ શ્રી **ભરત** ક્રમિ ક્રમિ પામિઉ સિદ્ધિ
શ્રી **જિનસાધુ**સૂરીસ કહઇ ભણતાં ઉચ્છવ રિદ્ધિ. ૩૨૦
શિત્રુંજયગિરિ શિખરિ, જેઉ જિનવર આરાહઇં
મહાપૂજ ધજ કરીય પ્રથમ જિન નિશ્ચલ ધ્યાઇં,
રાઇણિ રૂંખહ હેઠિ **ઋષભ** જિન ભાવિ પૂજઈં
તે નર વંછિત લહઇ મનહ સવિ કામિત પૂજઈં
તપગચ્છરાય મહિમાનિલય શ્રી **જિનરત્ન** સૂરીસવર
તસ પટ્ટિ સૂરિ સોહાકરણ શ્રી **જિનસાધુ** સૂરીંદ ગુરૂ. ૩૨૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઢાલ

પુરવરૂ એ નયર સમૃદ્ધ **સહૂઆલા** પુરુ-મંડાણુ એ
જિનવરૂ એ, શ્રી **નેમીસ** દુરિત તમોભર-ખંડણું એ
તેહ તણુ એ લહીય પસાઉ **રચિઉ** રાસ જય જય ગુરુ
પંડિતવરૂ એ **શ્રી સાધુકીર્તિ** પય પ્રણમી ગુણસાગરૂ એ. ૩૨૨
ઇણ પરી એ **ઋસહજિણુંદ** વંશ **ઇક્ષ્વાકહ**-મંડણુ એ
તેહ તણા એ બેઉ સુત સાર મહિમા બોલિઉ તેહ તણુ એ
એહ તણુઇ એ જે દૃષ્ટાંતિ જિણવર આણુ સિરિ વહઈ એ
તે નરૂ એ ઘરિ નવનિધિ વંછિત ફલ અહિનસિ લહઈ એ. ૩૨૩

(૧) **સહૂ**આલા નગરે ભ૦ શ્રી **જિન**સાધુસૂરિણા લેખિ. (કવિ સ્વહસ્ત લિ.) પ.સં. ૧૦-૧૫, ડે.ભં. દા.૭૦ નં.૬૬.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૫૧૯-૨૧. 'જિનસાધુ સૂરીસ કહઇ' એ શબ્દો પરથી જિનસાધુસૂરિ કર્તા હોવાનું ગણી શકાય. પરંતુ 'જિનસાધુ સુરીંદ ગુરૂ' એમ શબ્દો પણ મળે છે, તો એમના કોઈ શિષ્યની રચના હશે? 'સાધુકીર્તિ પય પ્રણમી' એમ પણ ઉલ્લેખ છે, તો સાધુકીર્તિ પણ કર્તાની ગુરુપરંપરામાં હશે?]

૧૬૫. હરિકલશ (રાજગચ્છના ધર્મસૂરિ સ્થાપિત ધર્મઘોષ ગચ્છે જયશેખર પાઠક શિ.)

(૨૯૦) ભુવનભાનુ કેવલી ચરિત્ર મલયચંદ્રસૂરિ પટ્ટે પદ્મશેખર સૂરિ પટ્ટે વિજયચંદ્ર સૂરિ રાજ્યે લ.સં.૧૫૭૨ પહેલાં.

(૧) **ચૈત્ર**ગચ્છે **શી**લચંદ્રગણિશિ. **શી**લભદ્રે લખી. સં.૧૫૭૨, લીં.ભં. (૨) ગ્રં.૩૦૦૦, પ.સં. ૧૩૨, લીં.ભં. દા.૩૧ નં.૧૯. (૩) પ.સં. ૧૬૩, સંઘ ભં. ફોફલિયાવાડા દા.૩૬ નં.૧૨. (૪) પ.સં. ૪૬, સંઘ ભં. ફોફલિયાવાડા દા.૩૯ નં.૨૧. (૫) ગ્રં.૩૧૨૫, પ.સં. ૧૪૧, પ્ર.કા.ભં. દા.૬૦ નં.૫૪૮. (૬) લ.સં.૧૯૧૫, પ.સં. ૧૪૯, પ્ર.કા.ભં. દા.૯૩ નં. ૧૦૨૫. (૭) ગ્રં.૩૦૦૦, લ.સં.૧૮૩૬, લીં.ભં. દા.૫ નં.૩૩. [જૈહાપ્રેાસ્ટા, મુપુગૂહસૂચી (ભૂલથી હરિકુશલને નામે), લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૮૮, ૧૩૪, ૨૧૬).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૮૭.]

૧૬૬. સુંદરહંસ (ત૦ સુમતિસાધુસૂરિશિષ્ય)

સુમતિસાધુસૂરિ સં. ૧૫૧૮થી ૧૫૫૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨૯૧) પાસસ્થાવિચાર

આની અંદર પાસસ્થાના બોલ ઉપરાંત ૧૦૮ બીજા બોલ છે.

આદિ – એ અઠોત્તર સુબોલની સાખ ૪૫ આગમ ૮૪ સાસ્ત્ર પૂરે તો હું વેષધારી **બીજાઇ** ગૃહસ્થ **લુંકા** એતલા બોલ નહી માંને ઉથાપે તે બોલ અણમાંનવાનું જાય તે પાસે માગીઇ ૧ સચિત્ત ફલ ફૂલ પાવ નહી દીજઈ ન ઢોઈઇં.

અંત – ૧૦૮ એહનઈ ગુરૂ કોઈ નહી એ અઠોત્તરસો બોલ **લુંકા**મત તણા **તપા**પક્ષિશ્રી ગછનાયકશ્રી **સુમતિસાધુસૂરી** ચરણસેવી પં. **સુંદરહંસ-ગણિઇ** કાઢચા છે જે ૪૫ આગમનો જાંણ હોઇ તે એ બોલનો ઉત્તર આપજ્યો નહીતર કદાગ્રહ છોડી શ્રી જિનધર્મ આદરજ્યોજી.

(૧) પ.સં.૨, વિજાપુર નં.૫૫૪.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૯૨.]

૧૬૭. કીર્તિહર્ષ (કક્કસૂરિશિ૦)

(૨૯૨) સનત્કુમાર ચોપાઈ ૨.સં.૧૫૫૧ કાર્તિક શુદ ૧૫ ગુરુવાર

આદિ – સ્વામી **જીરાપુલ્લિ** નિવાસ, મુનિ સમરંતા પૂરઇ આસ,
પય સેવઇ અણુદિણુ ધરણિંદ, પહિલું પ્રણુમિસુ **પાસ** જિણંદ. ૧
સરસતિ સામિનિ કરૂ પસાઉ, **કાસમીર** મુખમંડણ માઇ,
નામ જપી **કેસીય** ગણધાર, ચરીય ભણું શ્રી **સનતકુમાર**. ૨
જિણસાસિણ જિણ ભાષિઉં ઈમ્મ, દાન સીલ તવ ભાવ સુરમ્મ,
ધર્મ તણા એ ચ્યારિ પ્રકાર, અધિકુ મહિમા સીલિ અપાર. ૩

અંત – શ્રી **કક્કસૂરિ** ગુરૂઆ ગુરૂરાય, મનસુદ્ધિઇં તસુ પ્રણમી પાય,
સાહ **શ્રીરંગ** તણઈ આગ્રહઇં, રચિઉ પ્રબંધ ભવીઅણ સંગ્રહઈ. ૨૩૧
પનર એકાવન્ન મઝારિ, કાતિ પુન્નિમે નિ ગુરૂવાર
કવિ **કીર્ત્તિહર્ષિ** મનિ ધરી આણંદ, રચિઉં પ્રબંધ જન-
શ્રવણાનંદ. ૨૩૨
સીલપ્રબંધ ભણુઈ જે રંગિ, સવિ સુહ કમલા તાસુ ઉછંગિ.
એકમના થઇ જે સાંભલઇ, તેહ નરનારી અફલ્યાં ફલઇ. ૨૩૩

(૧) ગા.૨૬૪, નવીન લિખિત, પ.સં. ૯–૧૪, વિ.ધ.ભં. (૨) પ.સં.૧૧, પા.ભં. નં.૨. (૩) પ.સં. ૨૨, ગા.૨૩૩, શાંતિ. ભં. ખંભાત દા.૧૧૨ નં.૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૬૧–૬૨, ભા.૩ પૃ.૫૨૧.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૬૮. ક્ષમાકલશ (આગમગચ્છ અમરરત્નસૂરિ–સોમરત્નસૂરિ –કલ્યાણરાજશિ૦)

અમરરત્નસૂરિના સં.૧૫૨૪, ૧૫૨૯, ૧૫૩૧, ૧૫૩૨, ૧૫૩૫ અને ૧૫૪૭ના અને સોમરત્નસૂરિના સં.૧૫૫૨, ૧૫૭૧ અને ૧૫૭૩ના ધાતુપ્રતિમા પરના લેખ મળી આવેલ છે. (ધાતુપ્રતિમા લેખસંગ્રહ ભાગ ૧ અને ૨.)

(૨૯૩) સુંદરરાજા રાસ ૨.સં.૧૫૫૧ વૈ. વદ શનિવાર

આદિ – દૂહા-રાગ ગુડી.

પહિલૂં પરમેસર નમી, આરાહિસુ અરિહંત,
ગાઈસુ શીલ સોહામણો સાંભલયો એકંતિ. ૧
સુંદરરાય તણા ગુણ કેતા કહું મુખ એક,
શીલિ કરી જગ ગાજતુ, કહીઇ તે સુવિવેક. ૨

અંત – આગમગચ્છિ જયવંતા એ, મા. **સોમરત્ન** સૂરીંદ,
અહનસિ ભવિયાં નિત નમુ એ, મા. જિમ હુઈ પરમાણંદ. ૧૮૮
ક્ષમાકલસ મુનિ ઇમ ભણિ એ મા. ભવિયણ સુણુઉ એ રાસ,
શીલઈ સિવસુખ સંપજઈ એ મા. છૂટીઈ કર્મ્મના પાસ. ૧૮૯
સંવત **પનર એકાવનઇ** એ મા. વદિ વૈશાખહ માસિ,
શનિવાર સોહામણુઉ એ મા. રચીઉ રાસ ઉલ્હાસ. ૧૯૦
શીલપ્રબંધહ જે ભણઇ એ મા. નરનારી સુવિચાર,
હરષઈ જે એ સંભલઈ એ મા. તેહ ઘરિ જયજયકાર. ૧૯૧

(૧) સં.૧૬૭૨ કાતી. શુ. ૧ લખિતં ચરમ **જિનદાસેન**. ગ્રંથાગ્ર શ્લોક સંખ્યા ૨૭૫ માઝનઈ, પ.સં. ૮–૧૩, વિ.ધ.ભં.

(૨૯૪) લલિતાંગકુમાર રાસ ૨.સં.૧૫૫૩ ભાદ્રપદ વદ ૧૧ શનિ ઉદયપુરમાં

આદિ – પહિલૂં **સરસતિ** પય નમી, આરાહી મનશુદ્ધિ,
પુણ્યપ્રબંધ હૂં ભણિસુ, આણી નિરમલ મત્તિ. ૧
પુણ્ય તણાં ફલ સાંભલુ, હઈઇ ધરી બહુ ભાઉ,
એકમનાં આરાધતાં, ટાલઈ ભવ દહ દાહ. ૨
દાન સીલ તપ ભાવના, જિણ ભાષઇ એ ધર્મ,
કવીયણ વલી વલી ઇમ કહઈ, સૂંપડે એહજિ મર્મ. ૩
જે પાલઈ મન શુદ્ધિ સિઉં, સૂધી જિણવર આણ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શીલહ ઉપરિ ચિત ધરઈ, તે નર ખરા સુજાણુ. ૪
સીલિં સવિ સુખ સંપજઈ, શીલિં નિરમલ બુદ્ધિ;
શીલિં દુખ સયલહ ટલઈ, પામીજઈ સહી સિદ્ધિ. ૫

*

(રાજા પાસે ફરિયાદ કરવા જનાર દેશી, ફડિયા અને નેસ્તીઓનાં નામ ગણાવતાં કવિ કહે છે કે :)

આસહ પાસડ નઈં **પદમસી, જૂઠઉ, વચરૂ** આવઇ હસી;
નેસ્તી તેડાવઇ અતિસાર, મઇલ તણઉ વસ્ત્રે નહીં પાર. ૫૩
લડસડ હીંડઈ ઉતાવલા, બોલઇ બોલ સદા તોતલા;

અંત – ધર્મ પસાઈં વંછિત સિદ્ધિ, ધર્મિઈં પામીજઇ નવ નિદ્ધિ;
ધર્મ તણઉ મહિમા છઈ ઘણુઉ, કવિ કહઇ ભાવિં સહુઇ સુણુઉ. ૧૬
હુંઅ ન જાણું કાંઈ મૂલિ, સઘળાં કવીયણની પગધૂલિ;
અધિકુ ઉછઉં કાંઇ જેહ, ક્ષમાવઉં કર જોડી બેહ.
સંવત **૧૫ પનર ત્રઈપન્ન**ઉ સાર, વદિ ભાદ્રવા તણઉ શનિવાર;
ઈગ્યારિસિ દિનિ રચી ચુપઈ, સભા સમક્ષહ પૂરી હુઈ. ૧૮
આગમગચ્છ અછઈ સુવિચાર, શ્રી **અમરરયણ** સૂરીસર સાર;
તાસ પટોધર અતિ ગુણવંત, શ્રી **સોમરત્ન**સૂરિહ જઈવંત. ૧૯
ભવિયણ અહિનિશિ વંદઇ જેહ, રિદ્ધિ અનંતી પામઈ તેહ;
તસ પંડિત **કલ્યાણહ રાજ**, તસ મુખ ભેટિં સીઝઈ કાજ. ૨૦
ઊદયપુરિ જગિ કહીઈ સાર, નિવસઇ શ્રાવક તિહાં સુવિચાર;
ચંદ્રપ્રભ જિન તણુઇ પસાઈ, અલીય વિઘન સવિ દૂરિ પલાઇ. ૨૧
ભણઈ ગુણઈ અહિનિશ સંભલઈ, પાપપડળ સવિ દૂરિં ટલઈ;
ક્ષમાકલસ મુનિ કહઇ સુવિચાર, નિતુનિતુ તેહ ધરિ જય-
જયકાર. ૨૨

(૧) સં.૧૬૨૬ વર્ષે ચૈત્ર શુદિ ૫ દિને લિખિતં. જેસ૦ ભં.
[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૯૩-૯૫.]

૧૬૯. મૂલપ્રભ ? ભાવપ્રભ ?

(૨૯૫) ગજસુકુમાલ સંધિ ૨.સં.૧૫૫૩[?]

આદિ – દેસ **સોરઠ દ્વારાપુરી**, નઉમુ તિહાં **વાસુદેવૂ** એ
દસઇ દસાર સિઉ રાજઉ, બંધવ શ્રી **બલદેવૂ** એ,
જૂરે જૂરે સ્વામી સમોસર્યા, હરષિઉ **ગોપીનાથૂ** એ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નેમિજી વંદણિ અલજયુ, અલજ્યો **યાદવ** સાથૂ એ. જીરે૦

(રાગ ધન્યાસી જીવ સમરિ સમરિ નવકારની ઢાલ, રાગ અસાઉરી, ઢાલ સાહેલડીની, રાગ દેશાષ, રાગ ધન્યાસી, હીંડોલડાની ઢાલ, ગયસુકુમાલની, પછી)

અંત – ઢાલ થૂલિભદ્ર કેરી નારિ.

માતા તણઇ મનિ મોહ, કુંઅર સંભારઇ
વલીવલી હીઅડઇ દુઃખ ધરઇ એ. ૬૫
રયણી વઇરણિ નવિ જ્નદ્ધ, સૂતાં સાથરઇ
કુંઅર કુંઅર ઝખી ભણુઇ એ. ૬૬
રયણિ કિમ નવિ જાઈ, ચંદા રથ ખેડિ લાઇ
તું વેગિ થઈ એ, હૂં હઇ આનંદ હેજિ
પ્રહિ ઊગમિ મિલું કુંઅરનઇ અલજઇ એ. ૬૭

(૧) અપૂર્ણ, એક ચોપડો, પ.ક.૮૭થી ૯૦, જશ. સં.(૨) પ.સં. ૫, અમ.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૯૫, ભા.૩ પૃ.૫૨૩. એક પણ કર્તાનામ કે રચનાસંવત માટે ઉદ્ધૃત ભાગમાં કોઈ આધાર નથી.]

૧૭૦. જયરાજ (પૌ. મુનિચંદ્રસૂરિશિ.)

મુનિચંદ્રસૂરિ એ ચારિત્રસુંદરસૂરિની પાટે ભીમપલ્લીય પૂર્ણિમા ગચ્છમાં થયા છે અને તેમના સં.૧૫૫૮, સં.૧૫૭૮ તથા ૧૫૯૧ના ધાતુપ્રતિમા પરના લેખો મળી આવ્યા છે. (ધાતુપ્રતિમા લેખસંગ્રહ ભા. ૧ અને ૨.)

(૨૯૬) મત્સ્યોદર રાસ [અથવા **ચોપાઈ**] ૨.સં.૧૫૫૩

આખો રાસ ચોપાઈમાં છે.

આદિ – વસ્તુ

દેવ અરિહંત દેવ અરિહંત સિદ્ધ પ્રણમેવિ,
આચારિજ ઉવઝાય સવિ, નમું સાધુ **સરસતિ** સામિણિ,
કવીયણ જણ મુખમંડણી, દેઇ બુદ્ધિ વર હંસગામિણિ,
મચ્છોદરિ સુખ પામીઆ, પુણ્ય તણઇ પ્રમાણિ,
દુઃખ પામ્યા તે સંભલુ, અંતરાય ફલ જાણિ. ૧

અંત – **પૂનિમ** પક્ષ **મુનિચંદ્ર**સુરિ રાજા, તાસુ સીસ જંપઇ **જયરાજ**;
પનર ત્રિપન્ન કીધુ રાસ, ભણુઇ ગુણુઇ તેહ પૂરિ આસ. ૫૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*

એ રાસ ભણઇસિઇ કાનિ સુણિસિઇ, પુણ્યના ફલ જાણિસિઇ,
ધનદિ કીધાં ધર્મ્મકારણિ, અંતરાઇ ટાલસિઈ. ૧૬૦
ચુપઇનઈ બંધઇ કીધુ રાસ **મત્સ્યોદર** તણુ,
હર્ષ ઊલટ હીઇ આણી, ભવીય એકમનાં સુણુ. ૧૬૧

(૧) સંવત્ ૧૬૨૬ વૈ૦ સુદિ ૧૪ લિ૦ **આગમીય ધર્મરત્નસૂરિભિઃ** ચોપડો, પ.ક. ૧૪૪થી ૧૫૩, દે.લા.પુ.લા. નં.૧૧૨૫. (૨) પ.ક. ૧થી ૭ પં.૧૨, ૧૩ પાનાની પ્રતમાં, મ.જૈ.વિ. નં.૪૭૬. (૩) પ.સં. ૭-૧૪, ડા.અ.ભં. પાલણપુર દા.૩૬. (૪) પ.સં. ૬-૧૫, વિમલ૦ (૫) પ.સં. ૮-૧૩, લ.સુ. (૬) ઇતિ શ્રી **મચ્છોદર** રાસ સંપૂર્ણ. સં.૧૬૭૨ વર્ષ **શતિશેષરગણિ** તત્ શિ. ઋ૦ કુંવરજી લખતં. ગુ.વિ.ભં. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૯૫, ભા.૩ પૃ.૫૨૩-૨૪.]

૧૭૧. હંસધીર (ત. હેમવિમલસૂરિ-દાનવર્દ્ધનશિ૦) (૨૯૭) + શ્રી હેમવિમલસૂરિ ફાગ ૨. સં. ૧૫૫૪ શ્રાવણ

૫૭ ટૂંકનું સુંદર ઝડઝમકવાળું કાવ્ય છે.

આદિ – અહો મન ધરી સરસ તે **સરસતી**, વરસતી અવિરલ વાણિ,
સરિ **તપગચ્છપતિ** ગાઈસું, ભાવિસ્યું નિત સુવિહાણિ. ૧
હેમવિમલ સૂરીસર ઇસર કિર અવતાર,
અણુદિણુ મયણુનિવારણુ, તારણુ સયલ સંસાર. ૨

અંત – **હેમવિમલ** ગચ્છનાયક, દાયક મુગતિ વિલાસ,
વ્રત પૂજ્ય ગિરિ મંદર, કંદર ગિરિ કવિલાસ. ૫૫
દાનવર્દ્ધન વર પંડિત, દંડિત વાદીય વીર,
ચરણકમલિ અલિજ મલિ એ, રમલિ એ રસિ **હંસધીર**. ૫૬
સંવત **પનર એ ચઉપનઈ**, ઊપનઈ બુદ્ધિપ્રકાસિ;
ફાગ રચિઉ સમહુતરઈ, પૂરતઈ શ્રાવણ માસિ. ૫૭

[હેજૈજ્ઞાસૂચિ ભા. ૧. (પૃ. ૫૧૨).]

પ્રકાશિત : ૧. જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ. ૯૮.]

૧૭૨. ધર્મદેવ (પૌ૦ ગુણધીરસૂરિ-સૌભાગ્યરત્નસૂરિશિ.)

પૂર્ણિમાગચ્છના ગુણધીરસૂરિના ધાતુપ્રતિમા પરના લેખ સં. ૧૫૧૬, ૧૫૧૮, ૧૫૧૯, ૧૫૩૮ના મળ્યા છે. – લેખાંક ૧૦૯ અને ૬૬૦, ૧૬૬,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૯ અને ૧૦૨૨, અને ૩૪૬, ધાતુપ્રતિમા લેખસંગ્રહ ભાગ ૧લો – અને ૧૫૩૧નો લેખ ભાગ બીજાના લેખાંક ૭૫૦માં છે. તે પરથી જણાય છે કે તેઓ ગુણસમુદ્રસૂરિના પટ્ટધર હતા. તેમના પટ્ટધર **સૌભાગ્યરત્નસૂરિ**ના પટ્ટધર ગુણમેરુસૂરિ હતા કે જેનો સં. ૧૫૮૮નો ઉક્ત ભાગ પહેલાંના લેખાંક ૧૦૭૦માંનો લેખ મળે છે, અને સં. ૧૫૯૧નો લેખ ભાગ બીજાના લેખાંક ૨૯૨માં મળે છે.

(૨૯૮) **હરિશ્ચંદ્ર રાસ** ૨.સં.૧૫૫૪ આસો શુદિ ૬ જૂના મહેસાણામાં

આદિ –

વસ્તુ

આદિ જિણવર **આદિ** જિણવર પ્રમુખ ચઉવીસ
અરિહંત પ્રણમવિ સિદ્ધિ પુણ **પુંડરીક ગોયમ** સ્વામીય,
શાસનદેવતિ **સારદા** સયલશુદ્ધ સાનિધ પામીય.
શ્રી **સૌભાગ્યરત્નસૂરિ** ગુરૂ **પુનિમ**પક્ષિ પવિત્ર,
તસુ આદેશિહિં હૂ રચૂં **હરિચંદ** રાય ચરિત્ર. ૧

દૂહા

ત્રિહું ભુવણે ઇચ્છજિ સહી, કર્ત્તા હર્ત્તા કર્મ
કર્મિ સુખદુખ સંપજે, કર્મિ ધર્મ અધર્મ. ૨

અંત – સંવત એ **પનર ચઉપન્નિ** માસ આસો પક્ષિ ઉજલઇ,
છઠ્ઠિઇ એ શોભનયોગિ મૂલ રવિ સંયોગિ અતિ મલિઇ એ,
જુનઇ એ **મહિસાણા** પાદ્રિ સાનિધિ શ્રી **શાંતિનાથ**નઇ એ,
શ્રી સંઘનઇ એ ભણિવા કાજિ, વાંચવા મુનિજન સાથનઇ એ. ૮૧
ગણધરૂ એ **પુનિમ**પક્ષિ શ્રી **ગુણધીરસૂરિ** પાટધરૂ
દિનદિન એ અતિ ઉદયવંત શ્રી **સૌભાગ્યરત્નસૂરિ** ગુરૂ,
તેહ તુ એ જડમતિ શિષ્ય પણ પાસ **ધર્મદેવ**ગણિ વરૂ એ
તીણઇ એ **હરિચંદ** રાય રાસ રચિઉ અતિસુંદરૂ એ. ૮૨
રસ પોષનાં એ હુંતા ઠામ, વિસ્તર કરૂં પુણ કેતલુ એ,
સંક્ષેપનુ એ ન હુઇ વાંક આં કહ્યઉ તુહે એતલુ એ
જે ભણે એ સાંભળે એય સરસ રાસ ઉદ્યમ ભરી એ
વાધઉ એ લક્ષ્મી નિત્ત મંગલ હોજ્યો તેહ ઘરિ એ. ૮૩

વસ્તુ

જાવ ભૂતલિ, જાવ ભૂતલિ અચલ ગિરિ મેરૂ
અષ્ટકલા ચલ જીવ પુણ સકલ દ્વીપ તેહ સાયર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાવ આકાશ સુથિર ધ્રૂ તાર નક્ષત્ર ગ્રહ શશિ દિવાયર
તાં લગઈ **હરિચંદ** રાસ એ વસં નાંદઉ અતિ સુવિચાર
ભણતાં ગણતાં નિસુણંતા હોજ્યો નિત જયકાર. ૨૮૪

(૧) પ.સં. ૯-૧૮, રત્ન. ભં. દા.૪૩ નં.૭૧.

(૫૬૯) અજાપુત્ર રાસ ૨.સં.૧૫૬૧ ચોમાસામાં, સીણીજ્જ ગામમાં

આ રાસમાં દુહા, ચોપાઈ ને વસ્તુ એ ત્રણ છંદ છે.

આદિ – આઠ મહા સિદ્ધિ પામીઈ, સમરે જેહને નામિ,
પ્રણમું જિનવર આઠમો, શ્રી **ચંદ્રપ્રભસ્વામિ**. ૧
ગોયમ ગણહર પય નમી, સમરી **સારદ** માય,
સહિ ગુરૂ વંદી વર્ણવું, **અજાપુત્ર** વર રાય.

અંત – **પૂનિમપક્ષિ** કરઈ જયકાર, શ્રી**ગુણધીર**સૂરિ પાટિ શૃંગાર,
શ્રી **સૌભાગ્યરતન** સૂરીશ, મુનિવર **ધર્મદેવ** તેહનુ સીસ. ૭૭
સંવત **પનર એકસઠઇ** નામિ, રહિયા ચઉમાસિ તે **સીણીજિ**
ગ્રામિ,
શ્રી **ચંદ્રપ્રભ** સ્વામિ ચરિત્ર, વાંચૂં ચઉમાસી પુસ્તક તત્ર. ૭૮
અજાપુત્રની કથા રસાલ, તસુ ધુરિ ભાષી છઇ સુવિશાલ,
તિહાં તણું શ્રી સંઘ સુજાણ, વીનવઇ તેહનૂં સુણી વષાણ. ૭૯
સુલલિત આણી ચઉપઇ બંધ, એહ કથાનુ કરૂ પ્રબંધ,
ધર્મદેવ પંડિતિ કરિઉં પ્રબંધ, માહિ આણિઉ છઇ સર્વ
સંબંધ. ૮૦
પ્રબંધ કાનુ કરિઉ આક્ષેપ, કાંઈ નવિ કીધુ વર્ણન ક્ષેપ,
તુહઇ ચુપઇ સંખ્યા મિલી, ત્રિણિસઇ નઈ બ્યાસી વલી. ૮૧
પ્રબંધ **અજાપુત્ર** ભૂપતિ તણુ, ઉદ્યમ આણી ભવીયણ ભણુઉ,
ભણતાં હુઇ નિર્મલ બુદ્ધિ, ભણતાં હુંઈ મંગલ રિદ્ધિ, ૮૨

(૧) સં. ૧૫૧૪ વર્ષે આસો શુદિ ૧ ભોમે લિખિતશ્ચ. વિ. ધ. ભં. (૨) સં. ૧૬૭૮ કા૦ વ૦ ૨વૌ લિ. સોજલાગ્રામે. પ.સં. ૧૪-૧૫, લી. ભં. (૩) અમ૦ (૪) સં. ૧૬૧૦ વૈ. શુ. ૧૧ બુધવાસરે લખાપિતં ગ૦ **વિજ**-યસોભા તસ્ય શિષ્યણી ગ. રત્નશોભા પઠનાર્થં. પ.સં. ૨૬-૧૧, વિ.ને.ભં. નં. ૩૩૪૧. (૫) સં. ૧૬૩૫ ફા. વ. ૪ સોમે **પ્રીઠુ**યા ગ્રામે લ. પ.સં. ૨૧-૧૩, સીમંધર. દા.૨૪ નં.૭. (આમાં **લાવણ્યસમયકૃત ગર્ભવેલી** પણ છે.) (૬) પ.સં. ૧૯-૧૩, અપૂર્ણ, હા. ભં. દા.૮૨ નં. ૨૧૦. (૭) ભાં. ઇ. સન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૮૯૧-૫ નં.૧૫૭૧. (૮) સં. ૧૮૫૫ વાર ભૃગૌ પાટણ નયરે પ.સં. ૧૪-૧૪, હા. ભં. દા.૮૨ નં.૬. (૯) સં. ૧૮૭૦ ચૈત્ર વ. ૪ વાર ભૃગુ લિ૦ ખેટકપૂરે ભીડભંજન પ્રાસાદે. પ.સં. ૧૨-૧૭, મુ. લા. ખેડા. [ડિકેટલોગ-ભાઇ વૉ. ૧૯ ભા. ૨, મુપુગૂહસૂચી, લીંહસૂચી.]

(૩૦૦) વજ્ર(વયર)સ્વામીનો રાસ ૨.સં.૧૫૬૩

આદિ – જિમ સહકારે કોયલ ટહુકે—એ ઢાલ

ત્રિભુવનનાયક નયણાનંદો, પહિલું પ્રણમું **વીર** જિણંદો
તિત્થેસર ચોવીસમો એ, તસુ એકાદસ હુઆ ગણહર,
કેવલનાણી તે સવિ ગણહર, તે આદિ **ગોયમ** નમું એ. ૧

અંત – હવણાં એ ત્રિણિ છે શાખા, ચોથી **નિવૃતિ** નિવૃતિ એ
ત્રિણય એ કહી મૂલિ **વયર** શાષા જગ દીપતી એ
તુ હવિંએ **કોટિ** ગણ મુખ્ય **વયર** શાખા તિણિ ચંદ્રકુલિ એ
ગિરુઓ એ **પૂનિમ**પક્ષિ પૂનિમ ચંદ્ર જિમ નિર્મલી એ. ૧૦૭
હુઆ એ શ્રી **ધર્મઘોષ**સૂરિ અન્વય શ્રી ગણધર ગુરૂ એ,
તેહને પાટે જયવંત શ્રી **સૌભાગ્યરત્ન** સૂરિવરિ તેહનુ એ,
લહીઅ પસાય રંગે **ધર્મદેવ** મુનિવરઇ એ,
રચ્યો એ રાસ રસાલ **પનર ત્રસઠિ** સંવત્સરી એ. ૧૦૮
હું તો એ મૂરિખ માંહિ શ્રી **વયર**સ્વામીનૂં ચરિ ઘણું એ
એક મુખે એ તે ન કહાઇ કહ્યું સંક્ષેપે કિંપિ પુણ,
ભણુવો એ ત્રણ કાલ **વયર**સ્વામિનું રાસ રસે
ગુણવો એ મંગલ કાજિ પર્વ વિવાહ દિવસિ નિસિ ૧૦૯
નવનિધિ એ શ્રી **વયર**સ્વામિ રાસે નવા કિમ સૌખ્યભર,
પૂરે એ ચીંતવ્યું એહ રાસ ચિંતામણિ નામધર
અપૂરવ એ એ શ્રીરાસ, ગણસે જે નિત નારિ નર
લહિસિ એ તે સૌભાગ્ય મંગલ રિદ્ધિ સંતાન નર ૧૧૦

(૧) શ્રી **આગમ**ગચ્છે પૂજ્ય મહો૦ **મુનિરાજ**શિ૦ મુનિ **વિદ્યાવ**લ્લભેન સં. ૧૬૧૦ ફા. વદિ ૮ શનૌ. વિ. ને. ભં. નં. ૩૨૧૦. (૨) પ.સં. ૬-૧૫, લીં. ભં. દા.૩૦ નં. ૧૨. (૩) પ.સં.૭-૧૩, લીં. ભં. દા.૩૦ નં. ૫. (૪) પ.સં.૭-૧૨, હા. ભં. દા.૮૦ નં. ૩૬. (૫) પ.સં. ૭-૧૩, ડે. ભં. દા.૭૦ નં.૧૧૧. (૬) સં. ૧૬૨૬ આસાઢ શુ. ૧૧ **આગમીય ધર્મરત્ન**સૂરિભિઃ ચોપડો, પ. ક. ૧૦૩થી ૧૧૨, દે. લા. પુ. લા. નં. ૧૧૨૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૭) પ.સં. ૮-૧૨, રે. એ. સો. બી. ડી. ૨૬ નં. ૧૬૫૮. (૮) યતિશ્રી વયરસ્વામિ ચિંતામણિ રાસ સમાપ્ત. સં. ૧૬૪૧ વર્ષે ભાદ્રવા વદિ ૧ પડવે ગુરુવાસરે **લીં**બકાસી ગ્રામે લિખિત. મ. બ. (૯) ખં. ભં. ૧. [લીંહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૦૮-૧૦, ભા.૩ પૃ.૫૩૬-૩૭.]

૧૭૩. કુશલસંયમ (ત. હેમવિમલસૂરિ-કુલવીર અને કુલધીરશિ.)

હેમવિમલસૂરિ આચાર્યપદ સં. ૧૫૪૮ સ્વ. ૧૫૬૮.

(૩૦૧) હરિબળનો રાસ [અથવા **ચોપાઈ**] ૨.સં.૧૫૫૫ મહા શુદ ૫

આદિ - પહિલું પ્રણમઉં **પાસ** જિન, **જીરાઉલિ**નઉ રાય,
મનવંછિત આપઇ સદા, સેવઇ સુરપતિ પાય. ૧
ગુરુ **ગોયમ** ગણુધાર તું, ગિરુઉ **લીજઇ** નામ,
જિણિ નામિ નગિ પામીઈં, આઠઇ સિદ્ધિ અભિરામ. ૨
અંગૂઠઇ અમૃત વસઇં, લાછિ તણુઉ ભંડાર,
પહિલઉં ગણુધર **વીર**નઉ, બુધિ તણુઉ દાતાર. ૩
કાસમીર મુખ મંડણી, કવીયણુ કેરી માય,
સારદા નમું તે સહી, તૂઠી કરઇ પસાય. ૪
ષટદર્શન વિખ્યાન જે, આપઇ અવિરલ બુધિ,
બ્રહ્માણી જે જ્યોતિમય, કરઇ કવિતની સિધિ. ૫
વીણા પુસ્તક ધારણી, હંસાસણિ **સરસતિ**,
દયા કરીનઇ મૂંહનઇં, દેયો નિરમલ (ભ)ત્તિ. ૬
શ્રી **સરસતિ** સુપસાઉલઇ, નવરસ સરસ સાગર નામ,
કહું પ્રબંધ **હરિબલ** તણુઉ, બોલઉં અતિ અભિરામ. ૭

અંત - **હરિબલ** ચરિત્ર તણુઉ નવિ પાર, પઢતાં ગુણતાં હર્ષ અપાર,
દૂહા વસ્તુ અનઇ ચઉપઇ, નવરસ સરસ કથા એ હૂઇ. ૧૬૬
વિક્રમ નવિ સંવત્સર **પંનર પુણ્ય પુણ્યપંન્ન**,
વરસ મજ્ઝમિ માહા સુદિ પંચમ એ, રાઉ સિરિ **હરિબલ** પ્રબંધ.
ભણઇ ભણાવઇં જે નર સંભલઇ, તિહિ ઘરિ મંગલ ચ્યારિ,
ઠામિ ઠામિ નિતુ જયજયકાર, ઋધિ વૃધિ પામઇ અનિવાર. ૧૬૮
તપગચ્છિ શ્રી ગુરુ અવિચલ ભાંણુ, માંનઇ ષટ્ દર્શન જસુ આણ. ૬૫
અભિનવ **ગોયમ** સ્વામિ સમાન, શ્રી **હેમવિમલ**સૂરિ મહિમાનિધાન,
તાસ સીસ પંડિત **કુલવીર**, બીજો બંધવ શ્રી **કુલધીર**. ૬૬
શ્રી ગુણ શીલિં સોહામણા, જસુ અંગિ ગુણ દીપઈં ઘણા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે ગુરૂ પાંમી વચન વિસેસ, હરિબલ ચરિત્ર બોલિઉં લવલેસ. ૬૭
સાંભલતાં સવિ પાતક ટલઇ, ભણુતાં મનહ મનોરથ ફલઈ,
ચ્યારિ ખંડ ચઉપટ ચઉસાલ, ચતુર્થ ખંડ બોલિઉ સુવિશાલ. ૬૮
કુશલસંયમ કવિ ઇંમ ઉચ્ચરઇ, પભણુતાં સંપદ વિસ્તરઇ.

(પત્ર ૨૮ પ્ર. કા.) ડે.;

(૧) આમાં ૪ ખંડ છે. સં. ૧૬૨૬ જેષ્ટ શુદિ ૬ લિષિતં ગ્રં. ૧૦૫૦ ધર્મરત્નસૂરિ લિષિતં. પ. ક. ૧૫થી ૫૯, ચોપડો, દે. લા. પુ. લા. નં. ૧૧૨૫. (૨) યતિશ્રી કુશલસંયમ વિરચિતે નવરસ સીંગાર નામ્નિ હરિબલ પ્રબંધો ચતુર્થખંડઃ સંપૂર્ણ. ગ્રંથાગ્ર શ્લોક સંખ્યા ૯૨૫ સર્વ અક્ષર સંખ્યા ૨૯૬૦૦ સંખ્યા સંવત્ ૧૬૭૭ વર્ષે ભાદ્રવા વદિ ૬ ગુરૂ લિખિતં. પંડિત શ્રી ૫ શ્રી હર્ષવિજયગણિ શિષ્ય ગણિ લાલવિજયેન આછવાડાઆ ગ્રામે. પ.સં. ૨૦–૧૭, દે. લા. પુ. લા. નં. ૧૫૩૪. (૩) સં. ૧૬૮૪ ચૈ. વ. ૫ રવૌ પત્તનનગરે સા રામજીગૃહે ઋ. લાજકેન લિ. સાધ્વી લીલા પઠનાર્થં શ્રી પદ્મસાગરસૂરિગચ્છે વિદ્યુત(પુરે) પ.સં. ૪૧–૧૨, ડા. ભં. પાલણપુર દા. ૩૬. (૪) સં. ૧૬૬૭ આસો શુ. ૧૫ શનૌ જાંબુગ્રામે મુનિ લલિતસાગર લિ. ડા. ભં. પાલણપુર દા. ૩૬. (૫) પ.સં. ૩૨–૧૩, ડે.ભં. દા.૭૦ નં. ૫૮. (૬) પ.સં.૫૦–૧૦, ડે. ભં. દા.૭૦ નં.૫૭. (૭) ચેલા ચંદ્રવિવેક મુનિ લષિતં ઘૂઘરા ગ્રામે. પ.સં. ૨૪–૧૮, લે. વ. ભં. દા.૯ નં.૪૫. (૮) સંવત્ ૧૬૪૦ આસો શુદિ ૩ રવૌ આગમગચ્છે ધંધૂકપક્ષે સોભાગ્યસુંદરસૂરિ તત્પરિવારેન ભ૦ ધર્મરત્નસૂરિ લ૦ પવતણી હેમશ્રી તત્પરિવારેન ઋષિણી મહિમશ્રીગણિ તત્પરિવારેન ઋષિણી હર્ષ શ્રી ચેલી લાલાં પઠનાર્થં. ગ્રં.૧૦૫૦ શ્રી સંખેશ્વરા પાર્શ્વનાથની રક્ષા. પં. જયસુંદર લિ. ઢેકપુર મધ્યે ચાતુર્માસ૦ પહેલું પાનું નથી, વી.ઉ.ભં. (૯) પ.સં. ૨૩–૧૪, છેલ્લું પાનું નથી, વી.ઉ.ભં. દા.૧૭. (૧૦) પ.સં. ૩૯–૧૧, વિ.ને.ભં. નં. ૪૬૨૦. (૧૧) મુની કેસરવિજિ પન્યાંસ લ. શ્રી પંચ પરમેશ્વરી પ્રસાદાત્ શ્રી ઉન્હા નગરે. પ.સં. ૨૬–૧૬, ઘોઘા ભં. દા. ૧૬ નં.૧૭. (૧૨) સં.૧૬૪૨ પં.સકલચંદ્રગણિના. નિ.વિ. ચાણસ્મા. (૧૩) સં.૧૬૯૭ જેષ્ટ સુદિ ૧૦ રવૌ શ્રીપૂજ્ય મેઘાજી શિ૦ મુની લિ૦ ઋ૦ આંબા પઠનાર્થં ઋ. સવસીજીની પ્રતિથી લષી ઉત્તારઉં છિ સહી ૩ થલોહરમધ્યે નવા ઉપાસરા મધ્યે લષ્યો છિ ઋ. આંબાની પ્રતિ છિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહી ૩. પ.સં.૨૪, ગોડીજી. નં.૪૭૬. (૧૪) પ.સં.૨૮, પ્ર.કા.ભં. (૧૫) પં. અજયસાગર લિખિતં શ્રી સંકરાણિ ગ્રામે સં.૧૭૪૧ વર્ષે. વિ.ધ.ભં. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા. ૧ (પૃ. ૩૯૪, ૪૬૮).]

(૩૦૨) સંવેગદ્રુમ મંજરી

આમાં ક્રોધાદિનાં ફલ, અનિત્યાદિ બાર ભાવનાનું સ્વરૂપ છે. દુહા, ચોપાઈ મુખ્યપણે છે. થોડી ઢાલો છે.

આદિ – સકલરૂપ પ્રણમી અરિહંત, સમરી સાધુ સદા ગુણવંત,
શ્રી સિદ્ધાંત શ્રુતધર રાઉ, બુદ્ધિતણુ જેણિઈ કરિઉ પસાઉ. ૧
હું પણિ અછઉં મૂરખ મૂલિ, સવિહું સુકવિતાની પગધૂલિ.
બોલિસુ વીરવચન મનિ ધરી, એ સંવેગદ્રુમ મંજરી. ૨
જીવ સવે સહજિઈ અતિ વિમલ, દરસન જ્ઞાન ચારિત્રઈ સકલ,
બાંધઇ છોડઇ એહજ કર્મ, કમ મરે (?) હિત પામઇ શિવશર્મ. ૩

અંત – વસ્તુ
નમિય જિનવર નમિય જિનવર અપર અરિહંત,
સમરી સહગુરુ સાધુ સવિ, દયામૂલ જિનધર્મ નિશ્ચલ.
શ્રુતદેવી સુપસાઉલઈ, સુણી સુગુરૂ ઉવએસ મંજુલ,
કુશલસંજમ કવિ ધમ ભણુઇ, એ ચઉપઇ રસાલ.
સંવેગદ્રુમમંજરી, સંવેગિઈ ચઉસાલ.

(૧) આર્યા નાકૂ પઠણા અર્થે, મોરબી નગરે ઋ૦ ધના લિ. પ.સં. ૫–૧૪, મ૦ જૈ. વિ૦ નં. ૬૨૩. (૨) ભાં. ઇ. સન ૧૮૭૩–૭૪, નં. ૨૦૪. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૫૧, ૩૯૬).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૨૯–૩૦, ભા.૩ પૃ.૫૬૩–૬૬ તથા ૧૪૯૩.]

૧૭૪. નેમિકુંજર

(૩૦૩) ગજસિંહરાય ચરિત્ર રાસ ૨.સં.૧૫૫૬ પ્ર. જેઠ સુ. ૧૫ બુધ

આદિ – દોહા
પાસજિણેસર પય નમી, તેવીસમો જિણંદ,
એ સુષ સંપતિ દીયઇ, પણમઇ સુર નર ઈંદ. ૧
કાસમીર મુષ મંડણી, સમરી સરસતિ માય,
શીલ તણો ગુણ વ્રણવઉં, ગાવઉં ગજસિંઘરાય. ૨
નવરસિ નવરંગિ વ્રણવઉં, શાસ્ત્ર માહિ જે હોઇ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાર કથા રસ વણવઉં, તિણિ સુણઉ સહુ કોઈ. ૩

અંત – ચ્યારિ ખંડ બહુ બુદ્ધઈ કરી, એટલઈ ચ્યારિ નારિ તિણિ વરી,
સંઘ તણી જે ઉનમતિ લહઇ, તો કવિ કથા ક્ષણુંતરિ કહઇ.૧૦૦

—પ્રથમ ખંડ સમાપ્ત.

ચારિ ષંડ બહુ બુદ્ધિહિ કરી, એતલઈ સંપૂરી ધરી,
સંઘ તણી જો ઉનમતિ લહઈ, કથા ક્ષણુંતરિ તો કવિ કહઇ.૧૦૬

—દ્વિતીય ખંડ સમાપ્ત.

દસરથ નગરી થયો ઉછાહ, કરઇ રાજ તિહાં **ગજસિંધરાઉ**,
સાત નારિ સિઉં સુષ ભોગવઈ, **નેમિકુંજર** કવિ ઇણિ પરિ કહઈ. ૧૦૦

ચ્યારિ ષંડ બહુ બુદ્ધે કરી, એતલઈ નવ નારી તિણિ વરી,
સંઘ તણી જઉ ઉનમતિ લહઇ, કથા ક્ષણુંતરિ તૌ કવિ કહઈ. ૧૦૧

—તૃતીય ષંડ સમાપ્ત.

દૂહા

ગજસિંધકુમર તણો, ચરિ મઇં તે કહીઉ સંષેવિ,
ભણઈ ગુણઈ જે સાંભલઈ, સુષ સંપતિ દે દેવિ. ૧૮

*

સહગુરૂ તણા નામ મનિ ધરી, બોલા **શ્રીગજસિંઘહ** ચરી,
જે પંડિત નર પુન્ય કરંતિ, **રાજસુંદર**(?) તે ઈમ બોલંતિ. ૨૦
સંવત **પનર છપ્પન્ને** સહી, પ્રથમ જેઠ પુનિમ દિન લહી.
બુદ્ધવાર અનુરાધા માંહિ, કીયો ચરિત એ મન ઉછાંહિ. ૨૭
(પા૦) **નેમિકુંજર** એ રચ્યઉ ઉછાંહિ.

હર્ષનિધાન પં. કનકનિધાન લિ. સરસા મધ્યે. પ.સં. ૧૬, અભય. નં. ૬૮૩. [આલિસ્ટઓાઇ ભા.૨, કેટલોગગૂરા, મુપુગુડસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞા. સૂચિ ભા. ૧ (પૃ. ૨૪૪, ૪૧૪, ૪૧૭, ૪૨૪, ૫૬૩, ૫૬૬).]

(૩૪૦) + શકુંતલા રાસ

આદિ – સરસતિ સામિણિ કરૂ પસાય માય મતિ દિયઉ અતિ ભલી એ,
સતીય **સકુંતલા** જિમ કવું રાસ આસ પૂરઉ વલી એતલી એ. ૧
એતલીય પૂરઉ આસ, કવિવયણ વિરચઉ વાસ,
જિમ થાઇ સરસ વિલાસ, નવિ હોઇ પંડિત હાસ. ૨
નવિ હોઇ પંડિત હાસ **સારદ**, સાર દઉ વર **સારદા**,
મન રંગિ નવનવ ભાવ ભાખઉં, તુમ્હ પસાઇ હૂં સદા.
સાકેતપુર વર વયરનામિહિં અમરનયર હરાવએ,
દુષ્કંત રાજ્ન રાજ કરતા ન્યાય મારવ ઠાવ એ. ૩
ઇક દિનિ નરવર કરીય ઉચ્છાહ બાહરિ વાહ તર વાહણી એ,
પરવર્યઉ પરગરિ વનગિરિ વેગિ રંગિ ઇછા રમઇ મન તણી એ. ૪

અંત – કુલલાજ દાખઇ વિનય ભાખઇ સત્ય ભાખઈ જે મુખઈં,
દુષ્કંતરાય **સકુંતલા**સુત સદા જયવંતઉ સુખઈં.
એ રાસ ભણુતાં રંગિ સુણુતાં પાપ કસમલ પરિહરઉ,
કવિ કહઇ **ધરમ્મસમુદ્ર** સૂદ્ધા સીલ ઉપરિ ખપ કરઉ. ૧૦૪

(૧) પ.સં. ૩–૨૨, બીજી કૃતિઓ સાથે, લ. સુ.

પ્રકાશિત : ૧. જૈન સાહિત્ય સંશોધક, ખંડ ૩ પૃ.૧૯૭થી ૨૦૫. [પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૧૬–૧૯, ભા.૩ પૃ.૫૪૮–૫૨.]

૧૯૭ ક. લક્ષ્મીરત્નશિષ્ય (જયકલ્યાણસૂરિ–વિમલસોમસૂરિ–લક્ષ્મીરત્નસૂરિશિ.)

જયકલ્યાણસૂરિ એ નામના તપગચ્છમાં આચાર્ય થયા છે તેનો ધાતુપ્રતિમા પર લેખ સં.૧૫૦૨નો મળી આવે છે. (ધાતુપ્રતિમા લેખસંગ્રહ ભા.૧) તેમને જ કવિએ પોતાના પ્રગુરુ તરીકે ઉલ્લેખેલ હોય. તેથી આને ૧૬મા સૈકામાં ગણી શકાય.

બીજા જયકલ્યાણસૂરિ તપાગચ્છમાં કમલકલશસૂરિની પાટે થયા છે. તેના ધાતુપ્રતિમાના પ્રતિષ્ઠાલેખ સં.૧૫૬૪ અને ૧૫૬૭ના મળ્યા છે. (બુ.૧, ૬૪૫ અને ૧૦૫૮) વળી વિમલસોમસૂરિ તે સોમવિમલસૂરિના હેમસોમસૂરિના પટ્ટધર હતા તેનો લેખ સં.૧૬૭૧ (બુ.૧ નં.૧૬૪૨) મળે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે તેથી આ કવિને સત્તરમી સદીમાં મૂકી શકાય.

(૩૪૧) સુરપ્રિય ઋષિ રાસ અથવા સ્વાધ્યાય

આદિ – **સરસતિ** દેવિ સદા મનિ ધરૂ, આપ નંદા ફલ બોલુ ખરૂં,
દોષ આપણુ દેખઈ જેય, અવિચલ સુખ નર પામઇ તેય. ૧
વીર જિણેસર કેરા પાય, પ્રણમીય **ગોયમ** ગણહર રાય,
વિનય કરીનઇ પૂછઇ ઇસું, ઇણ કીધઇ ફલ લહીઇ કિસ્યું. ૨
ભવિક જીવ જાણેવા ભણી, વલતા જંપઇ ત્રિભુવનધણી,
કર્મનિકાચિત બાંધ્યા સબલ, થોડઇ કાજિ કરઇ તે નિબલ. ૩
કહુ જિણવર તે મુનિવર ઠામ, કવણ ખેત્ર તે કેહું નામ,

અંત – ગુરૂશ્રી **જયકલ્યાણ**, સૂરિ સરોમણિ સુંદરૂં વણઝારા રે ૮૧
તાસ પાટિ જગિભાંણ, **શ્રી વિમલસોમ** સહગરૂ, વણ. ૮૨
લક્ષ્મીરત્ન સૂરિંદ્ર, તસુ સીશ ઈમ ઉચરઈ, વણ. ૮૩
જે ખામઈ નિજ દોસ, નિશ્ચઈ ભવસાયર તરઈ, વણ. ૮૪

(એક પ્રતમાં અંતભાગમાં 'લક્ષ્મીરત્ન ઉવઝાય' એમ છે).

(૧) સાધ્વી **પદ્મલક્ષ્મી** લિ૦ સં.૧૭૧૦ ચૈત્ર વદિ ૧૧ સીમંધર. દા.૨૪. (૨) પ.સં. ૪–૧૧, છેલ્લે કવિના નામ વગરની, જૈ.શા. દા.૧૩. નં.૪૩. (૩) પ.સં. ૪–૧૪, હા.ભં. દા.૮૨ નં.૫૫. (૪) પ.સં.૨, બીજી કૃતિ સાથે, લ.સુ. (૫) પ.સં. ૨–૧૭, જશ૦ સં. નં.૪૩. (૬) પ્ર.કા.ભં. (૭) ખં. ભં.૧. (૮) પા.ભં.૩. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૦૭) – લક્ષ્મીરત્નને નામે પણ.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૭–૫૮, ભા.૨ પૃ.૩૬૧, ભા.૩ પૃ.૪૮૪–૮૫. કૃતિ લક્ષ્મીરત્નસૂરિની રચના હોય એવો અર્થ પણ તેના અંતભાગમાંથી લેવો હોય તો લઈ શકાય. ભા. ૨માં કૃતિની ૨.સં.૧૭૪૧ આશરે હોવાનું નોંધાયું છે તે હીરરત્નસૂરિ લક્ષ્મીરત્નને અનુલક્ષીને જણાય છે તેથી સ્વીકાર્ય બને તેમ નથી. 'આઠ કર્મ રાસ ચોપાઈ' (૨.સં.૧૬૩૬)ને આધારે આ કર્તાને 'જૈન ગૂર્જર કવિઓ'એ સંવત ૧૬મી સદીમાંથી ૧૭મી સદીમાં ફેરવ્યા હતા પરંતુ 'આઠ કર્મ રાસ ચોપાઈ'ના કર્તા લક્ષ્મીરત્ન છે અને આ કવિથી જુદા છે.]

૧૯૭ અ. લક્ષ્મીરત્નસૂરિ

(૩૪૨) સઝાયો

(૧) અઈમત્તા સ૦ – વીર જિણંદવાંદિને ગૌતમ – પ.સં. ૧–૧૩,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ.ક.ભં. [મુપુગૂહસૂચી.] (૨) + અભક્ષ્ય અનંતકાયની સ૦ પ્ર૦ સઝાય-માલા (ભીમસિંહ માણેક) પૃ.૧૪૪. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૬૨).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૭. ત્યાં નં.૧૯૭ કના લક્ષ્મીરત્નસૂરિ કર્તા માનવામાં આવેલા પરંતુ મુદ્રિત કૃતિમાં કોઈ ગુરુપરંપરા નથી તેથી ઉક્ત લક્ષ્મીરત્નસૂરિ કર્તા હોવાનું કહેવા માટે કોઈ આધાર નથી. કૃતિઓ મોડા સમયની હોય એમ પણ જણાય છે.]

૧૯૮. હેમવિમલસૂરિ (ત. સુમતિસાધુસૂરિશિ.)

તપગચ્છમાં ૫૫મા પટ્ટધર. સુમતિસાધુસૂરિની પાટ પર થયા. જન્મ મારવાડના વડગામમાં સં.૧૫૨૨, પિતા અને માતાનાં નામ ગંગારાજ અને ગંગારાણી. મૂળ નામ હાદકુમાર, દીક્ષા સં.૧૫૩૮ અને દીક્ષાનામ હેમધર્મ. આચાર્યપદ સં.૧૫૪૮માં ગુજરાતના પંચાસરા ગામમાં શ્રીમાલી પાતુએ કરેલા ઉત્સવપૂર્વક મળ્યું ને નામ હેમવિમલસૂરિ રાખ્યું. સં.૧૫૫૬-માં ક્રિયોદ્ધાર કર્યો. પછી ઈડરના સાયર અને શ્રીપાલે તેમનો પદમહોત્સવ કર્યો જેમાં રાજા રાયમાણે પણ ભાગ લીધો હતો. સં.૧૫૬૮માં સ્વર્ગ-સ્થ થયા.

(૩૪૩) મૃગાપુત્ર સ. સં.૧૫૪૮ પછી ને ૧૫૬૮ પહેલાં

અંત – **સુચી** નયરી સોહમણીજી, રાજા શ્રી **બલભદ્ર,**
તસુ ઘરિ ઘરણી **મૃગાવતી**જી, તસુ નંદન ગુણવંત,
હે માડી ખિણ લાખીણી જાઈ.
ચરિત ચિંતામણિ સમોજી, મુઝ મનિ અધિક સુહાઈ–હે માડી૦

અંત – **મૃગાપુત્ર** રિષિ રાજીયોજી, જે ગાવઈ નરનારી
હેમવિમલસૂરિ ઈમ ભણઇજી, તે તરસ્યઇ સંસાર
—સોભાગી તુઝ સમો અવર ન કોઈ ૨૦

(૧) આ.ક.ભં.

(૩૪૪) મૃગાપુત્ર ચોપાઈ ૧૦૪ કડી સં.૧૫૬૨ આશો શુ. ૧૫ સોમ

આદિ – **વીર** જિણેસર પ્રણમું પાય, અનઇ વલી **ગોયમ** ગણુહરરાય,
ધર **સરસતિ** સમરું હું દેવિ, ચરિય **મૃગાપુત્ર** રચઉં સંખેવિ. ૧
સુગ્રીવ નયર છઇ રલીઆમણું, અતિ સસોભિત વન તસ તણુ,
રાજ કરઇ તિહાં **બલભદ્ર** ભૂપ, તસ પટરાણી અતિ હિં સરૂપ. ૨

અંત – સંવત **પનર બાસઠા** જાણિ, ચરી રચઉં મન ઉલટ આણિ
આસોઇ પૂનિમ સોમવાર, કરી ચઉપઇ શ્રુત આધારિ. ૧૦૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૃગાપુત્રનું ચરિ રસાલ, નરનારી સર્વ બાલગોપાલ.
ભણુઈ ગુણુઈ જે સાંભલિઇં, કરમ તણા મલ તેહના ટલિઇ. ૧૦૪

(૧) ગ્રંથ ૧૫૩, પ.સં. ૬–૧૧, વડા ચૌટા ઉ૦ પો. ૧૯.

(૩૪૫) કલ્પસૂત્ર બાલા૦

(૧) પ.સં. ૧૨૫, કુલ ૨૪ ચિત્રો સહિત, ગોડીજી. નં.૪૦૮. [મુપુગૂહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૬૮, ભા.૩ પૃ.૫૦૩ તથા ૧૫૮૭. 'જૈન ગૂર્જર કવિઓ'એ 'મૃગાપુત્ર સઝાય' અને 'મૃગાપુત્ર ચોપાઈ'ને એક જ કૃતિ લેખી છે પરંતુ એમ ગણવા માટે કશું કારણ દેખાતું નથી. 'મૃગાપુત્ર ચોપાઈ'માં કર્તાનામ પણ નથી. 'જૈન ગૂર્જર કવિઓ'એ એને હેમવિમલની કૃતિ કઈ રીતે ગણી છે તે સ્પષ્ટ થતું નથી.]

૧૬૯. લખમણ

(૩૪૬) શાલિભદ્ર વિવાહલુ લ.સં.૧૫૬૮ પહેલાં

અંત – કર જોડી **લખમણ** ભણુઈ એહ કલિયુગ કુડુ રે,
કુડુ નિં રૂડું જગ રલીયામણુ એ. ૪૪
જગ ગુરૂ હું અણુજાણતું, ગુણ નવિ લહુ પાર રે,
પાર નિઈં સાર કરઉ સેવક તણી એ.

(૧) સં.૧૫૬૮ વર્ષે લિખિતં. પ્ર૦કા૦ભં. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૧૧).]

(૩૪૭) ૨૪ જિન નમસ્કાર ૨૫ ગા.

આદિ – પઢમ જિનવર પઢમ જિનવર પાય પ્રણમેવિ,
સેત્રુંજ-ગિરિવર-મંડણું **નાભિરાય**-કુલિ ચંદ સ્વામીય,
સત સાષ્યા જે પરવરૂં, કરઇ સેત્ર નસિદવસિ ધામીય.
યુગલા-ધર્મ નિવારિઉ, મુગતિ-રમણિ-ઉરિહાર,
વૃષભલંછન **ઋષભ** જિન, **મરૂદેવી** તણૂ મલ્હાર. ૧

અંત – વસ્તુ
રિસહ જિનવર **રિસહ** જિનવર, અવર ત્રેવીસ,
પુંડરગિરિ સિરિગિર સિષર, નમુ **નેમિ ગિરિનારિ** સુરવર,
સાસય બંબિ અસાસ્વતાં, સ્વર્ગિ મૃતિ પાતાલ જિનવર
એકમના પ્રણમ્યુ સહુ, મનિ સમરૂ નવકાર,
કર જોડી **લખમણ** ભણિ, સફલ કરૂં સંસાર. ૨૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) સં.૧૬૬૬ કા.શુ.૧૨. પ.સં.૨-૧૩, હા.ભં. દા.૮૨ નં.૧૮૮. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૫૯, ૨૫૩, ૨૬૩, ૩૨૬ – 'લખમો'-ને નામે પણ).]

(૩૪૮) નેમિનાથ સ્તવન ૮૨ કડી ૨.સં.૧૫૧૯ કારતક શુ.૨ રવિ

આદિ – સરસતિ સાંમણિ કરો પસાઇ, પઢમ જિણેસર લાગુ પાય,
બાલાપણુનુ હરષ અપાર, ગાઇવા સામી **નેમકુમાર.** ૧
નારાઇણ બંધવ જેહનિ, સોલ સહિસ ગોપી તેહનિ,
જન્મરંજન અંજનવાણિ, સોવનકુંડલ ઝલકિં કાનિ. ૨
નારાઇણિ સનકારિ નારિ, લોપી લાજ સવે તિણિ વારિ,
ખંડોખલીમિ ઘાલ્યા વીર, સંગી ભરિ ભરિ છાંટિ નીર. ૩

અંત – સદ્‌ગુરૂ તણાં વચન મનિ ધરિ, અણુજાણુતાં કવિત એ કરિ,
ઊણું અધિકું કાંઇ હોઇ, કહિ કવિ સાસહજ્જે સહૂ કોઇ. ૮૦
પનર ઊગણીસિઇ કાતિ માસી, ભણીઇ અતિ **લખમણ** મનિ ઉલ્લાસ,
સુકલ બીજ નઇ આદીતવાર, જઇવંતા જગિ **નેમિકુમાર.** ૮૧
નેમ જિણેસર તણું ચરિત્ર, ભણુતાં ગુણુતાં જનમ પવીત્ર,
જી કે સાહસીક સાંભલી, તેહ ઘરિં નિશ્ચિઇ અફલાં ફલઇ. ૮૨

(૧) સં.૧૭૬૦ માગશિર સુદિ ૭ **મેર**વાડા ગ્રામે લિ૦ ચોપડો, પ.સં.૪, જશ.સં. [મુપુગૂહસૂચી.]

(૩૪૯) [+] **મહાવીર ચરિત** અથવા **કલ્પસિદ્ધાંત ભાષિત ચોપાઇ** ૨.સં.૧૫૨૧ ફા.વ. ૭ સોમ

આદિ – પહિલૂં ધુરિ સમરૂં અરિહંત, આઠ કર્મનુ આણુઇ અંત,
વાગવાણિ ધુઅ **બ્રહ્મા** તણી, સમરૂં **સરસતિ** હૂં સામણી. ૧
સુગુરૂવચન શ્રવણુઇ સંભલી, પભણિસુ **વીરચરિત** મનિ રલી,
ચુવીસમા જિણેસર રાય, ગાસ્યૂં સંઘ તણુઇ સુપસાઇ. ૨

અંત – શ્રી **મહાવીર**ના ચલણ અણુસરૂ, તપજપ સંજિમ સકતે કરૂ,
પાંચેંદ્રી મન આણુ ઠાણિ, પરમેશ્વર પૂજ્જે સુવિહાણ. ૮૯
જે જિણવર આગલિ ગાઇસે, તસ ઘર લછી અવિહડ થાઇસિ,
જિમ જિમ એ ચુપઇ ગાઇએ, નવ નિશ્ચઇ સર્વ કાજ સાધીઇ ૯૦
રતન ચડયૂં ચિંતામણિ આજ, સરીયાં મનવંછિત સવિ કાજ,
સેવક **લખમણ** ગુરૂઉપદેસિ, સુણી કીયા અક્ષર લવલેસ. ૯૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પનર એકવીસુ સંવછર સાર, ફાગુણ વદિ સાતમિ સોમવાર,
કયૂં તવન મનિ ધરિ આણંદ, જગિ જયવંતા વીર જિણંદ. ૯૨
જિહાં અવિચલ મંડલદૂ તણૂં ચાંદ સૂર જાં દીપઇ ઘણૂં,
જાં દ્વીપ પ્રથવી થિર થાઇ, મેરૂ પર્વત જાં નિશ્ચલ આયુ. ૯૩
શ્રી મહાવીર તણૂં ચરિત્ર, ભણતાં ગુણતાં જન્મ પવિત્ર,
એકમના જે નર સાંભલે, તે ઘરિ નશ્ચઇ અફલાં ફલઇ. ૯૪

(૧) લિ.૧૫૯૭, ચોપડો, વિ.ને.ભં. નં. ૩૨૬૧. (૨) પ.સં.૭-૧૩, પ.ક. ૩થી ૬, સંઘ ભં. દા.૭૨. (૩) સંઘ. ભં. દા.૭૭. (૪) સં.૧૭૫૪ મુનિ જસોવિજય લિ૦ પ.ક. ૮થી ૧૨, પં.૧૩, હા૦ભં. દા.૮૨ નં.૧૧૯. (૫) કલ. સં. કો૦ કેટે. વો૦૧૦ નં.૪૪ પૃ.૭૪થી ૭૬. (૬) પ.સં. ૬-૧૨, છેલ્લું ૭મું પત્ર નથી, જશ. સં. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૪).]

[પ્રકાશિત : ૧. જૈન સત્યપ્રકાશ વર્ષ ૫ અં.૧૨ પૃ.૪૨૭-૩૩.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૧૬, ભા.૩ પૃ.૪૬૨-૬૪.]

૨૦૦. દેવકલશ (ઉપકેશગચ્છીય ઉપાધ્યાય દેવકુમાર–ઉ૦ કર્મસાગર –ઉ. દેવકલ્લોલશિષ્ય.)

(૩૫૦) ઋષિદત્તા ચોપાઈ ૨.સં.૧૫૬૯

આદિ – શ્રી સરસતિ સુપસાઉલઇ, નિજ ગુરૂનઈ આધારિ,
કરિસિ કવિત તઇ હૂ ભલઉ, નિજ મતિનઇ અનુસારિ. ૧
આગે જે કવિવર હૂયા, નવ નવ ભાવ વિચિત્ર,
દાંન સીલ તપ ભાવના, તેહે કર્યા ચરિત્ર. ૨
તિણિ અનુસારઈં સીલ ગુણ, બોલઉં ભાવ ધરેવિ,
ઘણા ભવિક સિદ્ધિહિ ગયા, નિજ ભવ સફલ કરેવિ. ૩
સીલઈં હૂઇ નીરોગ પુણ, સીલઈં ટલઇ કિલેસ,
સીલઈં રૂપ સરૂપ હુઈ, સીલિ ન દુખ લવલેસ. ૪
સીલિ સયલ સુખ સંપજઇ, નરપતિ આપઇ માંન,
સીલઈં વયરી નિરજણ્યા, નવિ આંણઈ અભિમાંન. ૫
સીલઇ જસ જગિ વિસ્તરઇ, સીલિ ન હુઈ સંતાપ,
સીલઈ સંચઈ પુન્ય ઘણ, સીલિ પખાલઇ પાપ. ૬
સીલઈં રીઝઇ લોક સવિ, વિબુધ કરઇ સુપસાઉ,
હેમાદિક સિદ્ધહ તણઉ, સીઝઇ સયલ ઉપાઉ. ૭
સીલઇ સુભ મતિ ઊપજઇ, ભાગઉ ટલઇ કલંક,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજ તણઇ દિનિ નિર્મલઉ, હોઇ જિસઉ હરણંક. ૮
સીલઇ વલિ નિશ્ચલ મિલઇ, ઉત્તમ સિઉં સંબંધ,
સીલઇ **રિષિદત્તા** તણઉ, ભવિયાં સુણઉ પ્રબંધ. ૯

અંત – શ્રી **ઉદયસેણ**ગછસિંગાર, વાચકવર શ્રી **દેવકુમાર**
વિદ્યા ચવદ અપાર. ૨૯૬
તાસુ પાટિ ઉવઝાય **કર્મસાગર**, હૂઆ સર્વ ગુણમણિ રયણાગર,
શાસ્ત્ર તણા આધાર. ૨૯૭
તાસુ પટ્ટિ ઉવઝાય જયવંત, **દેવકલ્લોલ** મહિમાવંત,
દિનદિન તે ઉદિવંત. ૨૯૮
તાસુ સીસ **દેવકલસઈ** હરસઇં, **પનરહ સય ગુણિહત્તરિ** વરસઈં,
રચિઉ રસાલ પરબંધ. ૨૯૯
એ પ્રબંધ **રિષિદત્તા** કેરઉ, સીલ તણઉ નીપનઉ નવેરઉ,
છઇ પરગટ સંબંધ. ૩૦૦
જે નરનારી ભાવઇં ભણિસિઇ, આંણી મન ઊલટ નિતુ સુણિસિઈ,
ભાવ સકતિ ભરપૂરિ. ૩૦૧
નિતુ નિતુ તે મનવંછિત પામઇ, સકલ શાસ્ત્ર સિદ્ધાંત વખાણઇ,
નવ તત નવ રસ વાણી જાણઇ, જિનવર ગુણ વિહસંતિ. ૩૦૨
રિષિદત્તા નઇ લીધઇ નામઇ, પાપપડલ સવિ નાસી જાયઇ,
અલીય વિઘન સવિ દૂરે. ૩૦૩

(૧) પં૦ રત્નના લિખિત પડનાર્થ. પ.સં. ૮–૧૮, સે.લા. નં.૨૨૩૨. (૨) પ.સં. ૯–૧૬, રો.એ.સો. બી.ડી.૮૩ નં.૧૮૬૪. (૩) **વિદ્યા**રત્ન-શિષ્ય ઋ. રૂડા લિ. ગા.૩૦૧, પ.સં.૯, પ્રતિ ૧૭મી સદીની, જિ.ચા. પો.૮૧ નં.૨૦૫૪. (૪) કૃપા. પો.૪૬ નં.૬૪૧. (૫) સં.૧૫૬૬, ગા.૩૦૧ પ.સં.૧૩, હા.ભં. (૬) લીં.ભં. [આલિસ્ટઓફ ભા.૨, મુપુગૂહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૨૦, ભા.૩ પૃ.૫૫૪–૫૬].

૨૦૧. સુંદરસંસ

(૩૫૧) હેમવિમલસૂરિણાં સજ્ઝાય ૭ કડી

આદિ – જિનશાસનિ ઉદયુ દિનકરૂ, નિઅ વિજ્જન નિજ્જિઅ સુરગુરૂ. ૧

અંત – શ્રી **સુમતિસાધુ**સૂરિ સીસ રાય, શ્રી **હેમવિમલ**સૂરિ વિમલકાય,
તાં ચિર જયુ જાં દૂઅલ ઠામ, તુમ્હ સેવઇ, **સુંદરસંસ** પાય. ૭

(૧) જુઓ નં. ૨૦૩ અજ્ઞાતને અંતે પ્રતપરિચય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૫૫૩.]

૨૦૨. ચઉઆ

(૩૫૨) પાર્શ્વનાથ વિનતી ૩૪ કડી

આદિ – વરસહ લાખ ઇગ્યાર, **ઇદ્રિઇ પાસ** જિણુ પૂજિઆ,
કોઈ ન જાંણઇ પાર, આગઇ એ અનાગતા. ૧

અંત – **પાસ** તણઉં પરિમાણુ, પઢઇ ગુણઈ જે સાંભલઇ,
તીહ ઘરિ નિતુ સુવિહાણુ, ચિરકાલઇ **ચઇઉ** ભણઇ. ૩૪

(૧) જુઓ નં. ૨૦૩ અજ્ઞાતને અંતે પ્રતપરિચય.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૫૫૩.]

૨૦૩. અજ્ઞાત

(૩૫૩ ક) સિદ્ધચક્ર (ઋષભ) સ્ત. ૫ કડી

આદિ – ભત્તિભર નમિ ૨ સુરિંદ વિંદ, વંદિય પય પઢમ જિણુંદ ચંદ,
ચંદુજ્જલ કેવલ કિત્તિપૂર, પૂરિય ભુવણંતર વેરિ ભૂર. ૧

અંત – ઇય **રિસહ** જિણેસર ભુવણ દિણેસર, તિજ્જય વિજ્જય **સિરિપાલ** પહો,
મયણાહિય સામિય સિવગય ગામિય, મણુહ મણોરહ પૂરિ મહો. ૫

(૧) સંપૂર્ણા લિખિતા **શુભસહજગણિ**ના શ્રા. **થિરમા**ઇ પઠનાર્થં.

(૩૫૩ ખ) જ્ઞાનપંચમી સ્વાધ્યાય ૧૫ કડી

આદિ – પહિલઉં પ્રણમઉં **ગોયમ** સામિ, રિદ્ધિ સિદ્ધિ લીધઈ જસ નામિ,
પંચમિ નાણુ તણી ચઉપઇ, ભવિક જીવનઇ કારણિ કહી. ૧

અંત – ભણુઉ ભણાવઉ ભવિઅહ ભાવિ, સુણુઉ સુણાવઉ સવિ કયવાર.
સરસ વચન જિનવરિ ભાખિઅં, અણંત સુખ કેવલિ દાખિઅં. ૧૫

(૩૫૩ ગ) શ્રી ગુરૂણાં સ્વાધ્યાય ૧૪ કડી

આમાં જગચ્ચંદ્રસૂરિથી જિનસુંદરસૂરિનાં નામ છે.

આદિ – **ગોયમ** ગણહર સિરિ **સુહમ**, **જંબૂ** પમુહ મુણિંદ,
વંદિઅ વંનિસુ સૂરિવર, **તવ**ગચ્છ ગયણ દિણંદ.

અંત – ઇય ગુરૂ નામાવલિ સયલ મહિઅલિ, જિણુસાસણિ ઉજ્જોઅકર,
જો ઝાઇ અણુદિણુ ભાવ ધરેવિણુ, સો નર પામઇ સુહ પવર. ૧૪

(૧) સં.૧૫૬૯ માધ શુ. ૧૩ બુધે **નંદરબાર** નગરે **લઘુશાલીય** ગચ્છનાયકશ્રી **હેમવિમલસૂરિ**શિ. પૂજ્ય પં. **શ્રી**વિમલગણિશિ. **મા**ણિક્યવિમલગણિ. શુભસહજગણિના લિખિતં **વી**સલનગરે શાહ **સો**મા ભાર્યા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રજ્જાઇ સુતા પઠનાર્થં. ૫ ક.૨૧-૩૦ પં.૧૧, હા. ભં. દા.૮૩ નં.૭૮. (ઉપરની ત્રણે કૃતિઓ)

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૫૫૩-૫૪.]

૨૦૪. અનંતહંસ (ત. હેમવિમલસૂરિ-જિનમાણિક્યશિષ્ય)

કવિના ગુરુ જિનમાણિક્યે પ્રાકૃતમાં 'કૂર્મપુત્ર ચરિત્ર' (ભાં. ઇ. સન ૧૮૮૪-૬ નં.૫૮૮) રચ્યું છે. કવિએ સંસ્કૃતમાં સં.૧૫૭૧માં 'દશદષ્ટાંત ચરિત્ર' અને અપભ્રંશમાં ખંભાતે 'અષ્ટાહ્નિકા ચરિત્ર' રચેલાં છે. 'દશદષ્ટાંત ચરિત્ર'ના અંતે જણાવ્યું છે કે :

"સંપ્રતિ **ગૌતમ**નઃ પ્રતિમઃ ગુરૂ શ્રી **રત્ન**શેખરમુનીંદ્રાઃ તત્પટ્ટે શ્રી **લક્ષ્મી**સાગરગુરવઃ તત્પટ્ટાલંકરણ **સુમતિ**શ્રીસાધ સાધન સુગુરૂ શ્રી **હેમવિમલ**સૂરિ વિજયંતે તેષાં ચ વિજયરાજ્યે શતાર્થી **સોમ**પ્રભ ભાસજ્જુષાં **જિનમાણિક્ય** ગુરૂણાં પ્રસાદાત્ પ્રાપ્તવિદ્યેન શશિ નગ તિથિ મિત (૧૫૮૧) વર્ષેણ **અનંતહંસ**શિષ્યેણાજિયાદેષ પારષામુપકારકૃતે કૃતો."

આ પ્રત સં.૧૬૮૩ વર્ષે શ્રાવણ શુક્લ દ્વિતીયા શનિવાસરે લખાયેલી પ.સં. ૩૫, શ્લોક ૧૧૫૪ની આ. ક. ભં.માં છે.

આ કવિ, હેમવિમલસૂરિએ કરેલી પ્રતિષ્ઠા સમયે સાથે હતા એવો ઉલ્લેખ મેડતા આદીશ્વરના નવા મંદિરમાં સં.૧૫૭૯નો મળે છે. (નાહર. ૧ લેખાંક ૭૬૯) આ કવિના હસ્તાક્ષરની 'ઉવસગ્ગહર સ્તોત્ર' પર પૂર્ણચંદ્રકૃત વૃત્તિની પ્રત વિવેકવિજય ભં. ઉદયપુરમાં છે. તેણે એક ગ્રંથની પ્રશસ્તિ સં.૧૫૩૮માં રચી. (ભાવ. ભં. નં. ૧૪૦. જુઓ જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, ફકરા ૭૨૪, ૭૫૮, ૭૮૩.)

(૩૫૪) બાર વ્રત સઝાય

અંત – શ્રી **હેમવિમલસૂરિ** તણુઇ પસાય, લહી કરી કીધું સઝાય.
શ્રી **અનંતહંસ** સીસ ઈમ કહઇ, જે ભણે સિદ્ધાંત સર્વ સિદ્ધિ લહઇ.

(૧) પ્ર. કા. ભં.

(૩૫૫) + ઘલા પ્રાકાર ચૈત્ય પરિપાટી (ઐ.)

અંત – **તપ**ગચ્છિ દિણયર **લચ્છિસાયર સુમતિસાધુ** સૂરીસરો,
શ્રી **હેમવિમલ** મુણિંદ **જિનમાણિક** ગુણમણિ સાયરો,
સંઘવિઓ શ્રી ગુરૂ **અનંતહંસ** સીસ લેસિ જિણવરો,
શ્રી સંઘ ચઉવિધ સુખ બહુવિહ ઋદ્ધિ વિદ્ધિ સુહંકરો. ૪૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) પ.સં. ૪–૧૩, જૂની પ્રત, હા. ભં. દા.૮૨ નં.૧૦૮. [હેજૈજ્ઞા-સૂચિ ભા.૧ (પૃ.૧૬૨).]

પ્રકાશિત : ૧. જૈન કૉન્ફરન્સ હેરલ્ડ, ૧૯૧૯ જાન્યુઆરી પુ. ૧૫ અંક ૧ પૃ.૧થી ૬.

(૩૫૬) શત્રુંજય ચૈત્ય પરિપાટી (ઐ.) કડી ૩૪

આદિ – **સારદ** સાર દયા કરી દિઉ અવિરલ વાણી
પ્રામી સ્વામી વીનવઉં મણુ તણુ એક આણી
એહજિ એકજિ ઊપજઈ ઊલટ મઝ હીઇ
કહીઇ **સેત્રુંજય** પાય પૂજેવા જઈઈ. ૧

અંત – સિરિ **લક્ષ્મિસાયર** પટ્ટદિણુયર **સુમતિસાધુ** સૂરીસરો
તસ પટ્ટિ શ્રી ગુરૂ **હેમવિમલ** વિજયમાન સુહંકરો
ગુરૂરાજ **જિનમાણિક્ય** સીસ શ્રી **અનંતહંસ** મુણીસરો
સેંત્રુજ મંડન દેઉ ભવિ ભવિ ઓધિખીજ જિણેસરો. ૩૪

(૧) પ.સં. ૫ અભય. નં. ૬૨૬.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૨૦, ભા.૩ પૃ.૫૫૬–૫૭ તથા ૧૪૯૨.]

૨૦૫. અનંતહંસશિષ્ય [?]

(૩૫૭) ૧૧ ગણધર સ્તવન

આદિ – **વીર** જિણેસર પય પણમેવિ, ગણધર કવિત કરૂં સંખેવિ,
ગણધર અગ્યારસનઇ કાજિ, **વર્દ્ધમાન** જિનશાસન રાજિ. ૧

અંત – ઇય સમય જુત્તિ સવ્વસત્તિં ચિત્તભત્તિં વન્નિયા,
વૈશાખ સુદિ અગ્યારસી દિનિ **વીરનાહિં** થાપીયા.
એ સયલ ગણહર એ અગ્યારસિ જે અગ્યારહ ભાવીયા.
શ્રી **અનંતહંસ** સીસ ઇમ કહિ તે લહઇ સુખસંપયા.

(૧) સં.૧૭૮૦ પો. સુદિ ૧ ભૌમે અહમ્મદાવાદ નગરે લિ૰ પં. કુશલધર્મેન. આર્યાંજી રહી સ્વયંવાચનાર્થં. પ.સં. ૧૦–૯, ડા. પાલણ-પુર દા.૪૧ નં.૧૦૯.

[હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૫૨, ૨૫૩).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૫૫૭. આ પૂર્વેના ક્રમાંક ૨૦૪ના અનંતહંસ પોતાને માટે 'અનંતહંસ સીસ' એમ લખે છે અને અહીં પણ એમ જ નામોલ્લેખ છે, તેથી આ પણ એ જ કવિની રચના હોવાની શક્યતા છે.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૦૬. સહજસુન્દર (ઉપકેશગચ્છ રત્નસમુદ્ર ઉ૦ શિ૦)

આ કવિએ સંસ્કૃત ગ્રંથ નામે 'વ્યાકરણે પ્રથમ પાદઃ' સં.૧૫૮૧માં પોતે લખ્યો છે તેમાં આ પ્રમાણે છેવટે જણાવ્યું છે: સંવત્ ૧૫૮૧ વર્ષે આસ્વીન માસે શુકલપક્ષે ચતુર્દશી તિથૌ ભોમવારે શ્રી **શ્રી**માલજ્ઞાતીય મંત્રિ **સો**મસીહ પુ. મં. **અ**રજુણ **જ**યવંતકેન પઠનાય શુભં ભૂયાત્ મુનિ **સ**હિજસુંદરેણ લિખિતં. પ્ર. કા. ભં.

(૩૫૮) ઇલાતીપુત્ર સઝાય ૨. સં.૧૫૭૦ જેઠ વદ ૯

અંત – સંવત **પનર** કહિઉં ૭૦ જેઠ વદિ નવમી દિનિઇં
સુખ પામસ્યઇ જે ભાવ ભણસ્યઇ કાજ સરસ્યઇ એકમનિઈં ૩૦
ગાઈઊ (૨) વર રષિ રાજીઓ એ, આદરિઇં ૨ બોલઈ સીસ કિ,
વાચક **રત્નસમુદ્ર**નુ એ, **સહિજ** ૨ **સુંદર** કહઇ ધમ કિ. ૩૧

(૧) પ્ર. કા. ભં. [મુપુગૂહસૂચી.]

(૩૫૯) ગુણરત્નાકર છંદ [અથવા **સ્થૂલભદ્ર છંદ**] ૨. સં.૧૫૭૨

જુદાજુદા છંદમાં આમાં સ્થૂલિભદ્ર ચરિત્ર વર્ણવ્યું છે. કવિનો ભાષા ઉપરનો કાબૂ બહુ સારો છે. – મ.ણ.

આદિ – શશિકરનિકર સમુજ્જ્વલ મરાલમારૂઢ **સરસ્વતી** દેવી,
વિચરતિ કવિજનહૃદયે સદયે સંસાર ભયહરિણી. ૧
હસ્ત કમંડળ પુસ્તક વીણા, સુહઝાણ નાણ ગુણ છીણા,
અપ્પઇ લીલવિલાસં સા દેવી **સરસઈ** જયઉ. ૨
ક્ષુદ્રોપદ્રવહરણં દદાતિ ધનધાન્યકાંચનાભરણં,
સકલ સમીહિતકરણં, દેવીસરણું નવનવાભરણં. ૩
બ્રહ્માણી **બ્રહ્મ**સુતા, તું જગદંબા ત્રિલોચના,
ત્રિપુરા આદિ ભવાની માતા, તું ત્રાતા તારણી તરણી. ૪
દિઉ લીલા ગુણ લચ્છી, કરુ દેવિ દયાભરૂ અચ્છી,
શોક હરઉ હરિ સિદ્ધિ, કિર્તિ કરૂ માય પરિસિદ્ધિ. ૫

*

પય પણમું **સરસત્તી**, માતા સુણિ વાત એક વિન્નતી,
મગ્ગઉં અવિરલ વાણી, દેયો વરદાન ગુણ જાણી. ૧૭
આણી નવનવ બંધ નવનવ છંદેણ નવનવા ભોગા,
ગુણ રત્નાકર છંદં, વન્નિસુ **થુલિભદ્દ**સ્સ. ૧૮

*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાઠક **રતનસમુદ્ર** ચરણે નામું સીસહ,
ગુરૂ ગુણનિધિ ભંડાર અમીયરસ વયણિ વરીસહ,
તુઠી **સારદમાય** પાય પણિ પ્રણમી ભગતિહિ,
ક્રીડા કામવિનોદ તેહ મઈ બોલ વિગિતિહિ.
અધિકાર એહ બીજઉ હુઉ ભાવ ભેદ નવનવ કહી,
વયરાગ રંગ આધુ હિવે કહું બોલ અવસર લહી. ૧૬૦

—ઇતિ શ્રી ગુણરત્નાકરછંદસિ દ્વિતીયોધિકારઃ સમાપ્તઃ

સાંભલિયા હરષિઉં સહુ, આધઉ વલી અધિકાર,
મુઝ મન તે રંગિજ થયઉ, ગિરૂઉ સરસ અપાર. ૧
ચિત્ત ચોષઈ રયણી સમઈ, હિયઈ ધરિઉં બહુ ધ્યાન,
સુપનાંતરિ આવી રહી, તે **સરસતિ** પરધાન. ૨
ઉઠવિ લાગુ પાઉલે, હુઉ તે જયજયકાર,
વરવાણી માગઉં સદા તે કરયો ઉપગાર.
સારદ સાર દયા કરી દિઇ મુઝ અવિરલ વાણિ,
જિમ વનમાલી ફૂલની, મનો રચઇ વિનાણિ. ૪
દૂરિ ગઈ ભાવઠિ સવે, નાઠઉં અલિય વિઘન,
વાણીરસ હિવ કેલવું, સુણજ્યો સહુ સજ્જન. ૫

*

કરઈ મહોત્સવ વન્નરમાલહ, બાંધિ બારિસ તેમ્હ પાલહ,
રોપઈ કેલિ સતોરણ નીલહ, કોશા રંગ સરોવર ઝીલહ.
પ્રેમ તણુઉ જલ (ઈ) નામ, તાં વલી કરઇ વિસ્તાર,
સહિજસુંદર મુનિવર ભણુઈ, એ ત્રીજઉ અધિકાર. ૩૦૩

—ઇતિશ્રી ગુણરત્નાકરછંદસિ તૃતીયોધિકારઃ સમાપ્તઃ

જગદંબા જગમાહિ પ્રસિદ્ધિ, વાણી સરસ વલી મુઝ દીધી;
કેલવસિઉં ચઉથઉ અધિકારહ, સુણયો નર કરયો જયકારહ.
ઘણુ દિવસઈ પ્રીઉડઉ ઘરિ આવ્યઉ.

અંત – જલભરિયા સાયર તપઈ દિવાયર તેજ કરઇ જાં ચંદ
સહિગુરૂપય વંદઉ તાં લગિ નંદઉ **ગુણરતનાગર** છંદ
ઉવએસગચ્છમંડણ દુરિતવિહંડણ ગિરૂઆ **રયણસમુદ્ર**
ઉવઝાયપુરંદર મહિમાસુંદર મંગલકરૂ સુભદ્ર.
સંવત **પન્નર બિહુત્તર** વરસે, એમ ઇ છંદ રચિઓ મન હરસે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગિરૂઓ ગણુહર નવનવ છંદઇ, **સહિજસુંદર** બોલઈ આણુંદઈ. ૮૫
એ ઋષિરાજ સુગુણ જે ગાસઈ, અજર અમર માનવ તે થાસઇ,
ઘરિ મંડાણુ મહોત્સવ સતતિ, ઋદ્ધિ વૃદ્ધિ લહિસઇ તે સંપતિ. ૮૬

કલસ.

પાટલપુર સિગડાલ, સબલ મંત્રીશ્વર ભણીઇ,
નંદરાય નરમુગટ સુભટ જસ કીરતિ સુણિઇ,
થૂલિભદ્ર થિર મંત્ર **કોશિ** યુવતી જેણિ તારી,
ચંદ્રકલા નિકલંક સદા સાસન જયકારી,
વઇરી વિયોગ ભાવ વિડરણુ, કરણ રિદ્ધિ સિદ્ધિ સયા,
લીલાવિલાસ રસરંગ દીઓ કરો **સહિજસુંદર** મયા. ૮૭

(૧) ઇતિશ્રી ગુણરત્નાકર છંદ મહાવિનોદમનોહરે ચતુર્થોડધિકાર સંપૂર્ણ મિતિ. સંવત્ ૧૬૪૫ વર્ષે માર્ગશીર્ષ માસે શુક્લપક્ષે ૧૩ બુધે અદ્યે હવમોગ્રામ મધ્યે ભટ્ટારક શ્રી ૪ **શિ**વતિલકસૂરિ તતશિષ્ય મુનિ ગુણીયલેન લિષિતં. પ્ર. કા. ભં. (૨) પ.સં. ૫૬–૧૭, માં. ભં. (૩) પ.સં. ૨૮, પ્રે. ૨. સં. (૪) પ.સં. ૨૧–૨૨, ભાવ. ભં. (૫) અમ. (૬) સં. ૧૬૭૬ શ્રા. શુ. ૧૧ સોમે પં. હર્ષવિજયજીગણીશિ. ગણી **લા**લવિજયેન સ્વવાચનાર્થં **લો**હાણા ગ્રામ મધ્યે. પ.સં. ૨૪-૧૪, રા. એ. સો. બી. ડી. ૧૪૪ નં. ૧૮૮૫. (૭) સં.૧૬૭૮ માઘ કૃષ્ણાષ્ટમ્યાં ગુરૌ લિ૦ સા **વ**ચ્છાકેન. પ.સં. ૨૧–૧૩, વડા ચૌટા ઉ. પો. ૧૮. (૮) સં.૧૬૮૦ **વ**ડનગરના પં. જીવરાજજી માટે લ૦ પ.સં. ૨૪, ભાં. ઇ. સન ૧૮૭૩–૭૪ નં. ૨૩૨. (૯) ભાં. ઇ. સન ૧૮૭૧–૭૨ નં. ૪૦૩. (૧૦) લિ૦ **સૂ**રતિબંદરે સં.૧૭૫૮ વર્ષે આષાઢ શુદિ ૭ મંગલવારે ગ્રં. ૭૬૫ શ્લોક સંખ્યા કરી છઇ અક્ષર ૩૨ શ્લોક થાઇ. (સંવત્ ૧૭૫૮ કા૦ વ. ૯ દિને શ્રી **ત**પાગચ્છિઅ શ્રી **વિ**જયદેવસૂરિ સમવાય સાહાશ્રીપ શ્રી **વે**રાજી **સો**મકરણનો ચોપડો તે મધ્યે) પ.સં. ૨૦, ગુ૦ (૧૧) પ.સં. ૨૬–૧૫, ખેડા ભં. (૧૨) પ.સં. ૧૭–૧૫, રા. એ. સો. બી. ડી. ૮૩ નં. ૧૮૮૬. (૧૩) પ.સં. ૧૭-૧૯, હા. ભં. દા.૮૧ નં.૩૦. (૧૪) ડે. ભં. દા.૪૩ નં.૧૮. (૧૫) ડે.ભં. દા.૪૩ નં.૧૯. (૧૬) પ.ક. ૧૦૦થી ૧૫૭, ઉનાવાળા મોરારજી વકીલનો ચોપડો. (૧૭) પ.સં. ૨૧, લીં. ભં. દા.૩૯ નં.૬૪. (૧૮) સં.૧૭૪૪ **સૂ**રત **જ્ઞા**નમેરૂ લિ. પ.સં. ૧૭ ક્ષમા. (૧૯) સં. ૧૮૦૮ માઘ શુક્લતૃતીયા બુધવાસરે. પ.સં. ૨૫–૧૧, પાદરા ભં. નં.૨૩. (૨૧) પ.સં. ૧૯–૧૫, સીમંધર. દા.૨૦ નં.૨. (૨૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બુરહાનપુરે પં. શ્રી જયચંદ્રગણિ લિ૦ સં.૧૮૧૨ ફાલ્ગુન માસે. પ.સં. ૨૦-૧૫, સીમંધર. દા.૨૦ નં.૩. (૨૩) સં.૧૮૭૯ ફા૦ શુ. ૧ ભોમ લિ. પં. શ્રી ખુશાલવિજયગણિશિષ્ય પં. ધનવિજય ગ૦ શ્રી ગોધાવી નગરે શ્રી વીરપ્રસાદાત. ગ્રં. ૬૭૫, પ.સં.૨૬-૧૨, યતિ નેમચંદ-નેમવિજય. (૨૪) પ.સં.૧૭-૧૮, ઘોઘા ભં. દા.૧૦ નં.૩૯. (૨૫) પ.સં. ૧૫, અભય. પો.૧૭. (૨૬) ગ્રં.૭૦૦ લિ. પૂ. ઋ. તેજપાલજી પૂ. ઋ. ડુંગરશીશિ. પૂ. ઋ. મનજીશિ. ઋ. રાયચંદ સં.૧૭૭૧ ચૈ.વ. ૧૩ ગુરૌ ધામતા ગ્રામે. વિ૦ દા૦ છાણી. (૨૭) પ્રથમોધિકાર પછી ત્રુટક, સારી પ્રત, પ.સં.૩, ગોડીજી નં.૪૦૩.

[આલિસ્ટઑફ ભા.૨, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૩૬૮, ૪૩૫, ૫૬૨).]

(૩૬૦) ઋષિદત્તા રાસ ૨.સં.૧૫૭૨

આદિ – પણમવિ **સરસતિ** જગિ જઇવંતા, હંસગમનિ ચાલઇ મલપંતા
મદિ માતા મયગલ જિસીય,
પુસ્તક વીણા હાથિ કમંડલ, ઝબઝબ તેજ કરી રવિમંડલ
કંડલ કાનિ ઉલ્હસીય. ૧
કઇ કવિત કરૂં મન ભાવિ, સાસણદેવ તણુઇ પરભાવિ
સિદ્ધસૂરિ ગુરૂપય નમીય;
સીલશિરોમણિ ગુણસંયુત્તા, નમિ અનોપમ **શ્રીઋષિદત્તા**;
જલધિસુતા જગિ તે સમીય. ૨
તાસ ચરિત્ર મુદા પભણેસિઉં, કાયાનયરી પવિત્ર કરેસૂં
લેસું લાહુ ભવ તણુઉ એ
એહજિ **જંબૂદીપ** મઝારા, વર નયરી **રાજગૃહ** સારા,
શ્રેણિક નૃપ રલીઆમણુઉ એ. ૩
ઇંદ્ર સરીખું પાલઇ રાજ, નિસુણુઉ સીલ તણા ગુણ આજ
સહજસુંદર મુનિ ઇમ ભણુઇ એ
એક વાર સિરિ **વીર**જિણેસર, સમોસરિયા લાલિ અલવેસર
ચિત્ર માસ **વૈભારગિરિ**. ૪

અંત – જિમ **ગિરનાર** જલ નીઝર્યાં તુ ભમરૂલી પાછા સોઈ ન ચડંતિ તુ;
તિમ કલંક જિ ઊતર્યા તુ, ભ. વલતાં એક ન હંતિ તુ. ૩૬૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સીયલ તણા ગુણ બોલતાં તુ ભ. ઘરિઘરિ મંગલ ચ્યારિ તુ
સંવત **પનરઈ બિહુત્તરઇ** તુ ભ. રાસ કીઉ સુવિચાર તુ ૩૬૩
દિનદિન દીપઇ અધિકપણુઈ તુ ભ. **ઉવએસ**ગચ્છ જઇવંત તુ
ગચ્છનાયક ગુણમંદિરૂ તુ ભ૦ શ્રી **સિદ્ધિસૂરિ** મહંત તુ ૩૬૪
વાચક ગિરૂઆ સુહગુરૂ તુ ભ૦ **રતનસમુદ્ર** ગુરૂ તાસ તુ;
તાસ સીસ ઇમ વીનવઇ તુ ભ૦ સોહઇ વાણિવિલાસ તુ. ૩૬૫
સૂરિજની કિરણાવલી તુ ભ. જિમ સઘલઇ પસરંતિ તુ,
તિમ એ રાસ સોહામણુ તુ ભ. ચઉપટ મલ વિચરંતિ તુ. ૩૬૬
સતીય શિરોમણિ **રવિદત્તા** તુ ભ. જગતુ કેસરી સીલ તુ,
અશુભ પદારથ હાથીયડઉ તુ ભ. જેણિ વડીરા ઉલાલિ તુ. ૩૬૭
વિધન સવે દૂરિ ગયાં તુ ભ. તેહે ન.મિ કલ્યાણની કોડિ તુ,
ભણતાં ગુણતાં સાંભલતાં તુ ભ., ધિનધિન પરિવારની કોડિ તુ. ૩૬૮

(૧) પ.સં. ૧૬-૧૪, ડા૦ પાલણપુર દા.૨૫ નં.૩૩. (૨) પ.સં. ૧૧, પ્ર.કા.ભં. નં.૮૮૩. (૩) પ્રાયઃ આ કવિકૃત. સં.૧૬૦૫ પો. **ઉપ**-કેશગચ્છે **વીર**કલસ-પં. **લાલા** ઉસવાલ લિ. વિ.**ની**. સૂ.ભં. ખંભાત. (૩) પ્રાયઃ આ કવિકૃત. સં. ૧૭૬૫ માગશર વ.૪ શનૌ લિ. **ભીલડી** નગરે **પાર્શ્વ** પ્રસાદાત્. વિ.મે. અમદાવાદ. [મુપુગૂહસૂચી.]

(૩૬૧) રત્નસાર કુમાર ચોપાઈ [અથવા **રાસ**] ૨.સં.૧૫૮૨

આદિ – સરસતિ હંસગમનિ પય પ્રણમી; અવિરલ વાણી પ્રકાસ રે,
શેત્રુંજમંડણ શ્રી રિસહેસર જીરાઉલિ પાસ રે,
નેમિકુમર **ગિરિનારિ** અલંકૃત, **રાજિમતી** ભરતાર રે,
થંભનયર થંભણ પરમેશ્વર **ફલવિધ પાસ** કુમાર રે. ૧
ઉવએસગચ્છ ગિરૂઆ ગચ્છનાયક **રયણરયહ** સૂરીસ રે.
સંપ્રતિ શ્રી **સિદ્ધસૂરિ** નમીજઇ, પૂરઇ મનહ જગીસ રે,
ગુરૂ ગુણ **રતનસમુદ્ર** ભરિઉ જિમ વિદ્યા લહરતરંગ રે,
ગુરૂ જ્યાની ગીથારથ સુરતરૂ ગુરૂ ચિંતામણિ ચંગ રે. ૨
ગુરૂ વિણ પંથ કુપંથ ન લહીઈ, ગુરૂ જગ માંહિ પ્રધાન રે;
સંયમ સીલ મહારં...કેવલ લીલવિલાસ રે.
શ્રી **રત્નાંગદ** પુત્ર તણુ હિવ સાંભલયો સહૂ રાસ રે. ૬
તપ મહાતપ દિનકર પીડિત, જેહ તણું જીર્ણ ચીંત રે,
શ્રી કવિરાજ તણી મુખ વાણી, ચંદકિરણ જિમ સીત રે. ૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વસ્તુ

સકલ **સારદ** સકલ સારદ પાય પણમેવિ
ચુવીસઇ જિણવર નમી, સુગુરૂ પાય **પણમેવિ** સુહકર,
અરથ લહી સિદ્ધાંતનું, પાપતાપ પરિહરણ સુંદર,
ઉવએસગચ્છિ **સિદ્ધ**સૂરિ ગુરૂ, પય પ્રણમી બહુ ભત્તિ
રત્નસાર કુમારનું, સાંભલયો સુચરિત્ત. ૭

અંત – પ્રથમ ઢાલ.

સયલ સુણી વૃત્તાંત રસાલઉ ઇહાપોહ કરંતિ રે
પૂરવિલુ ભવ દેખી સઘલુ, શ્રી ગુરૂપાઈ નમંતિ રે,
બેટાનઈ સવિ રાજ સમોપી લીધુ સંયમભાર રે,
રાણી તેઉ થઈ વઈરાગિણિ, કર્મ ષપઈ સુખકાર રે,
વરસ બહુત્તરિ સંયમ પાલી પામીઉં કેવલનાંણુ રે
અણસણ સિઉં **આબૂ**ગિરિ સ ( ) મોક્ષપણું નિરવાંણ રે.
અંગ અગ્યાર...ભણતાં ઉપાઈ ગુણષાણિ રે
રતનમંજરિ પુહતી પ્રિય પાસઈ, બીજા અમર વિમાણિ રે. ૯૭
ચારિત્ર દેસ થકી તે પોપટ, વિરતિ કરઈ ગુરૂ પાસિ રે,
દેવ તણી લીલા જિણિ લીધી, સોઈ રમઈ મુષ વાસિ રે.
રયણકુમાર સદા શુભ લક્ષણ દેવ કરઈ ગુણગ્રામ રે,
જયકારી જયમંગલ કારણ સહજ સલૂણું નામ રે. ૯૮
જે ભણસ્યઈ ગુણસ્યઇ નરનારી તે ઘરિ મંગલ ચ્યારિ રે,
લહસ્યઈ લીલવિલાસ ઘણી પરિ પુત્ર કલત્ર પરિવાર રે;
સંવત **પનર** ક્યાસી સંવછરિ એ રચીઉ મઈ રાસ રે
વાચક **સહજસુંદર** ઈમ બોલઈ, આણી બુદ્ધિ પ્રકાસ રે. ૯૯

(૧) સં.૧૬૨૩ જેષ્ટ વદિ ૯ શ્રી **પત્ત**ન મધ્યે લ૦ **કૃપાદાસ** શ્રી **ચેગડા ખ**રતરગચ્છે મહો૦ **સુમતિશેખર** શિષ્ય મુ૦ **જિનતિલક** લષાવતં. પ.સં. ૨૧–૧૧, દે.લા.પુ.લા. નં.૧૧૦૧/૪૬૭. (૨) સં.૧૬૬૯ ભા.શુ.૧૪. પ.સં. ૧૧, જય. પો.૬૮. (૩) સં.૧૬૭૬ ભા.શુ. ૧૧ વા૦ **જય**લાભ-શિ. **વિનય**લાભ લિ. **કોડા**રી **પદ**મા પઠનાર્થં. પ.સં.૮, જય. પો.૧૩. (૪) મહં. **વિષ્ણુદાસ** લિ૦ **લા**લબ્ધ લિખાવિતં. પ.સં. ૧૮–૧૧, ડા. અ.ભં. પાલણપુર દા.૩૬. (૫) પ.સં. ૧૨–૧૫, પદ્ય ૩૧૦, હા.ભં. દા. ૮૩ નં.૧૪૨. (૬) સં.૧૬૭૬ પો.શુ. ૧ રવૌ. **પણધરી** ગ્રામે **વિજય**મૂર્તિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગણિના લ૦ પ.ક.૪૩થી ૪૯ પં.૨૧, દે.લા.પુ.લા. નં.૧૧૦૦/૪૬૬ તથા મ.ભ. (૭) પ.સં.૧૪, ગ્રં. ૩૦૨, લીં.ભં. દા.૩૭ નં.૧૧. (૮) સં.૧૭૭૭ માહા સુદિ ૯ બૂધે પં. **જ્ઞાનવિજય** લ૦ **દે૦ હી૨જી** પઠનાર્થં. માણેક મુનિનો ચોપડો. (૯) સં.૧૭૦૩ શાકે ૧૫૬૮ દક્ષિણાયગતે સૂર્યે હેમંત ઋતૌ મૃગશિર કૃ.૯ રવિ પં. **લક્ષ્મીચંદ** શિ૦ **ભીમજી** લિ૦ વિ.વિ. રાધનપુર. (૧૦) ઇતિ શ્રી રત્નસાર કુમાર રાસ સંપૂર્ણં. લિષિતઃ સંવત ૧૮૭૩ વર્ષે કાર્ત્તિક વદિ ૯ શુક્રે. પ.સં. ૬–૧૮, આ.ક.ભં. (૧૧) સાગર ભં. નં.૨. (૧૨) સં.૧૭૭૮ વર્ષે જ્યેષ્ટ શુદિ ૬ દિને વારે શુક્રે સકલ પંડિત-શિરોમણિ પંડિત શ્રી ૫ શ્રી **જીવણચંદ્રગણિ** ભ્રાતૃ પંડિત શ્રી **દાનચંદ્ર**-ગણિશિષ્ય પં. **દોલતચંદ્રગણિ** લિષિતં શ્રી **પત્તન** નગરે આત્મીય અર્થે લિખીતં. પ.સં. ૧૩, પ્ર.કા.ભં. (૧૩) ગાથા ૪૦૦, પ સં. ૯, જેસ. ભં. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૪, ૩૯૬, ૫૫૩).]

(૩૬૨) આત્મરાજ રાસ ૨.સં.૧૫૮૨(૮)

આદિ – સિરિ **સરસતિ સરસતિ**, આપુ વચન વિલાસ,
શ્રી **આતમરાજ** પભણિસુ ચરિત્ર ઉલ્હાસ.
સોય સુણિયો ભવીયણ કવિ કેલવણી રાસ,
અતુલી બલવંતઉ ત્રિભોવન લીલવિલાસ. ૧

અંત – સંવત **પનરઅ** બ્યા(અઠ્યા)**સીઈ**, મઈ રચિઉ રૂડુ રાસ
આતમરાય કથા ભણુઈ, તેહનઈ ઘરિ રે રંગ લક્ષ્મી નિવાસ
કિ ૭૯ સ.

આધિ વ્યાધિ ટલી સવે મિલઉ મુગતિસંયોગ
સહિજસુંદર વીનવઇ પ્રીઉ(ય) પ્રાણી રે તિહાં ભોગવઈ ભોગ.
કિ૦ ૮૦ સ.

(૧) પ.સં. ૮–૮, હા.ભં. દા.૮૧ નં.૩૯. (૨) પ.સં. ૫–૧૩, હા. ભં. દા.૮૨ નં. ૭૪. (૩) સં.૧૮૮૫ સુદિ ૨ **રાધનપુરે**. પ.સં. ૬, લીં.ભં. દા.૩૮. (૪) સં.૧૮૨૬ પો.સુ. ૧૦ પં. **ભાગ્યવિજયેન** પઠનાર્થં. પ.સં. ૭–૧૧, સીમંધર. (૫) સં.૧૮૩૦ ભા.વ. ૮, પ.સં. ૬–૧૦, જશ૦ સં. (૬) પ્ર.કા.ભં. (૭) પ.સં.૩, હા.ભં. (૮) ઈડર બાઈઓનો ભં. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૦૮, ૪૯૮).]

(૩૬૩) તેતલો મંત્રી રાસ ૨.સં.૧૫૯૫ આસો સુ.૮ મંગલ શાંતિજમાં

અંત – મુનિવર ગણ ગાતાં ગણ ચડિ, પુણ્ય વધિ નિ પાતિગ ટલિ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુખસંપતિ લીલાં ઘરિ ઘણી, આસ્યાવેલિ ફલિ કવિ તણી. ૫૬
સંવત **પનર પંચાણું**ઇ, આસો માસિ ધરી મણ ઊઈ
શુદિ આઠમિ નિ મંગલવાર, ગણ બોલ્યા રષિના અવધાર. ૫૭
સાચી શાસનદેવિ પ્રસન્ન, **સહિજસુંદર** બોલિ સુવચન્ન,
પાંમી સદ્ગુરૂ તણીં આસીસ, એ રૂષિરાજ નમૂં નસદીસ. ૫૮
શાંતજ ગાંમિ રચિઉ એ રાસ, ભણુયો મનિ આણીં ઉલ્હાસિ,
દૂહા છંદ અનઇ ચઉપઇ, એ સુણયો નિરમલ મનિ થઇ. ૫૯
સાચઉ આગમ કરઉ ગવેસ, ગચ્છ ભવીયણ કવીયણ **ઉવએસ,**
ગણ બોલ્યા નિ કરૂં વષાંણ, જિમ હઉઇ જઇ સફલ વિહાણ. ૬૦

(૧) શ્રી **પ્ર**તિષ્ટાલક્ષ્મી મુહત્તરાના ચેલી પ્ર. **અ**ચલલક્ષ્મીગણિની પ્રતિ પં. **વિ**જયમૂર્ત્તિગણિ લષિતં. પ.સં. ૧૩–૧૧, પ્રથમ પત્ર નથી, વિ.ને.ભં. (૨) સં.૧૭૦૧ મા.વ.૭ લિ. શ્રી **અં**જ્મર મધ્યે. પ.સં.૭, બીકાનેરથી દક્ષિણે ૧૬ માઇલ આવેલા દેશનોક ગામે તખતમલજી દોશી પાસે.

(૩૬૪) પ્રસન્નચંદ્ર રાજર્ષિ રાસ ૨સં.૧૬૪૮(?) થિરપુરમાં

(૧) હા.ભં. દા.૮૩ નં.૧૬.

(૩૬૫) પરદેશી રાજાનો રાસ

આદિ – ત્રિભોવન નયણાંનંદકર, ચોવીસમો જિણંદ,
રાય **સિદ્ધારથ** કુલતિલો પ્રણમું પરમાણંદ. ૧
ભગતિ મુગતિ દાતાર ઘણ **ગોયમ** લબ્ધિનિવાસ
અધિક પ્રતાપિ કલા ચડે, નામે લીલવિલાસ. ૨
અવિરલ વાણી કેલવણ અને વલી શુભ ધ્યાન
સયલ સભારંજન કલા દિઉ **સરસતિ** વરદાન. ૩
રાય **પરદેસી** તેહનો સાચો જિમ સંબંધ
સહિજસુંદર વાચક ભણે સુણિયો સહુઈ પ્રબંધ. ૪

અંત – **ઉવએસ**ગચ્છગુરૂ ગાઈઇ, શ્રી **સિદ્ધિ**સૂરિ સુજાંણ,
પાઠક શ્રી **ધનસા**રઉ, મહિમા મેરૂ સમાંણ. ૨૧૫
તસ પટિ ગુરૂ ગરૂયાવલી, **રતનસમુદ્ર** ઉવઝાય,
મનવંછિત આપઇ તદા, જે સેવ્યા ગુરૂપાય. ૨૧૬
લીલા પતિ લક્ષિમી વરઇ, કરઈ કતૂહલિ ગેલિ,
ગરૂયાના ગુણ ગાવતાં, ફલઇ મનોરથ વેલિ. ૨૧૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નરય થકી સ્વર્ગઈ ગયુ, તેનૂ પુણ્ય પ્રમાણ,
સ...આંણુ વહંતડાં, લાભઈ અમર વિમાંણ. ૨૧૮
ધરમઇ સવ સુષ સંપજ્જઈ, ધરમ કરો નરનારિ,
વાંણી **સહજસુંદર** તણી, સફલ કરૂ સંસાર. ૨૧૯

(૧) સં.૧૬૭૫ માઘ શુદિ ૪ **શનૌ**. પ.સં. ૧૪–૧૧, વી.ઉ.ભં. દા.૧૭. (૨) ૫૮ કડી સુધીની અપૂર્ણ, પ.સં.૩–૧૫, મુક્તિ. નં.૨૪૪૯. (૩) પં. હર્ષકનકગણિ પં૦ **વિ**નયભૂષણ ઉભૌ શિષ્ય **વિ**દ્યાવિજયેન લિ૦ સં૦ ૧૬૦–વર્ષે ફા૦ વદિ ૧૪ રવૌ લ૦ પ.સં. ૭–૧૭, યતિ નેમચંદ. (૪) પ.સં. ૧૪–૧૧, સીમંધર. દા.૨૪. (૫) સં.૧૬૨૧ માગશર શુદિ ૭ શુક્રે **અ**ંચલગચ્છે **પદ્ય**મૂર્ત્તિંગણિશિષ્ય **મ**હિમતિલકગણિ લ૦ **અ**હમદાવાદ નગરે. પ.સં. ૯–૧૫, વિ.ને.ભં. નં.૩૨૨૨. (૬) પ.સં. ૭–૧૯, હા.ભં. દા.૯૩ નં.૧૭૯. (૭) સં.૧૬૯૪ વૈ.શુ. ૧ થાવરવારે **મ**રોટ મધ્યે પં. **સદા**રંગશિ. મુનિ **મા**ના લિ. પ.સં.૭, અભય. નં.૨૪૪૨. (૮) સં. ૧૬૬૩ વર્ષે કાતી સુદિ ૧૫ દન. **અ**ંચલગચ્છે શ્રી પૂજ્ય શ્રી **ધ**ર્મ્મમૂર્ત્તિ સૂરીશ્વર વિજય રાજ્યે પં. શ્રી **મુ**નિશીલગણિ વાચનાર્થે. **લા**લણ ગોત્રે સા૦ **જે**સા તત્પુત્ર સા૦ **સૂ**દા તત્પુત્ર સા૦ **રા**જપાલ તત્પુત્ર સા. માંણિક તત્પુત્ર **સા૦ વી**રદાસ તત્સુત **તે**જપાલ લિખિતં શ્રી **જે**સલમેરૂ મધ્યે **રા**ઉલ શ્રી **ભી**મજી વિજય રાજ્યે શ્રી. ભાવ.ભં. (૯) ૬ આચાર્યજી ઋ. શ્રી ૬ **જ**સવંતજીના સેવક ઋ. **લ**પૂ **પો**પા લક્ષતં સંવત ૧૬૭૧ વર્ષે આસો શદિ ૩. વિ.ધ.ભં. (૧૦) પ.સં.૧૪–૧૧, લીં.ભં. [જૈહાપ્રો.સ્ટા, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૫, ૨૬૯, ૩૯૫).]

[પ્રકાશિત : ૧. ભાષાવિમર્શ, જુલાઈ-સપ્ટે. ૧૯૮૪, સં૫ા. નિરંજના વોરા.]

(૩૬૬) શુકરાજસહેલી કથા રાસ [અથવા **સૂડા સાહેલી પ્રબંધ**]
આદિ – **સરસતી** હંસગમની સદા, માગુ વચન વિલાસ,
વીરજિણેસર પય નમી, **ગોયમ** બુદ્ધિ નિવાસ. ૧
હરષ ઘણો ગુણ બોલતાં, સુણતાં સિદ્ધિ બુદ્ધિ હોય,
સુડા નેં **સાહેલીયાં** તણી, કથા સુણો સહુ કોય. ૨
પુણ્યેં રાજહ રંગ ઘણુ, પુણ્યેં ટલે વિયોગ,
પુણ્યે રોગ ન ઉપજે પુણ્યેં સુલલિત ભોગ. ૩
પુણ્યેં ધણ કણ પૂર ઘણાં, પુણ્યેં આયુ અનંત,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુણ્યે સહસગુણું મિલે, પુન્યે જય જયવંત. ૪
સદ્ગિરુ સાચા નેહના, જે પામઇ તસ ભેટ,
સુડા નેં **સાહેલીયાં**, કર્મકલા તસ ભેટ. ૫
આયસ સદ્ગિરુનો લહી, કરસ્યું કવિત્ત રસાલ,
વાચક **સહેજસુંદર** ભણે, સાંભલયો સુવિશાલ. ૬

અંત – એ **શુક**રાજ તણું ચરિત, ઇમ કર્યું સંષેવિ,
મોટાં ચરિત થકી સહી, પામ્યો ગુરુ ઉપદેશ. ૧૬૬
જે ભણસ્યે સુણસ્યે એકમનિ લહસ્યે તે સુષવાસ,
વાચક **સહિજસુંદર** કહે, દિન દિન લીલવિલાસ. ૧૬૭

(૧) સં.૧૭૬૩ વર્ષે પોસ વી. ૫ રવૌ ૫ં. **પદ્મ**વિજયગણિ લિષિતં. પ.સં. ૭-૧૫, વિ. ધ. ભં. (૨) **અં**ચલગચ્છે **મહિ**માતિલક ગ૦ લિ. અહમદાબાદે પુ. જીવલક્ષ્મી ભણનાર્થં. લા. વિ. સૂ. જ્ઞા. ભં. ખંભાત. [મુપુગૂહસૂચી.]

[પ્રકાશિત : ૧. ભાષાવિમર્શ, ઑક્ટો.-ડિસે. ૧૯૮૫, સં॰પા. નિરંજના વોરા.]

(૩૬૭) જંબૂ અંતરંગ રાસ [અથવા વિવાહલુ]

આદિ – **સરસતિ** સામણિ પય નમી, ઢાલિસુ ભવ દુહદાહ,
જંબૂસ્વામી કેરડુ, ગાઈસું વર વીવાહ, ૧
ધર્મવંત ધુરિ તો લહઇ, નવિ રાચઈ સંસારિ,
મુગતિવધૂ સિઉ માન મિલઇ, અવર ગમઇ નવિ નારિ. ૨
આઠઇ નારી વીનવઇ, અબલા કિમઈ ન છોડિ,
ચતુર ચણોઠી કારણુઇ, માણિક પાય મ રોલિ. ૩

અંત – અજૂ અમર પતિ દેવતા એ, સુખસંપતિ લહીઇ સિવતા એ,
સંકટ જસ નામિ ટલઇ એ, વર આંગણડઈ સફલા ફલઇ એ. ૬૨
અવિચલ થાનિક પામીઉ એ, દનિ દનિ લીલવિલાસ,
સહિજસુંદર મુનિવર ભણુઈ, જયવંતુ સુખવાસ. ૬૩

(૧) પ સં. ૪-૧૧, લીં. ભં. [આલિસ્ટઑઇ ભા.૨, મુપુગૂહસૂચી, લીંહસૂચી.]

(૩૬૮) યૌવનજરા સંવાદ

આ કાવ્ય ૨૫ ટૂંકનું નાનું પણ રસભર્યું છે. શબ્દચાતુર્ય કવિનું પોતાનું છે. કોઈનું અનુકરણ કે રૂપાંતર નથી. યૌવન અને જરાનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંવાદ એ કાવ્યનો વિષય છે. ભોજરાજાને અનુલક્ષીને સંવાદ રચ્યો છે. – મ. બ.

આદિ – અમર કુમર ભુજ સબલ વિમલ કુલ કિત્તિ વિલક્ખણુ,
ધીરવીર ગંભીર સધર ગુણવંત વિચક્ષણુ,
શ્રી સારદ મુખકમલિ રમલિ જિમ કરઈ સુહંસી,
દાનવંત ગુણવંત ધર્મ ધનવંત સુવંશી,
ઉલ્લસિત હસિત લીલા લલિત, કલા કલિત યૌવન સહિત
શ્રી **ભોજરાજ** ભોગિક ભમર, કરઇ રજજ દૂખણરહિત. ૧

અંત – **યૌવનજરા સંવાદ ભોજ** ભંજઇ વચિ આવિ,
ટાલઈ સયલ વિરોધ સંપ વલિ કરઇ મનાવિ,
ભોગ રંગ રસરોલ મયણુ વિણ કોઇ ન જાણુત,
જઉ તું જરા ન હુત્ત ગવ્વ તઉ કોઇ ન મુક્ત,
વઢવાડિ રાડિ સઘલી ટલી મિલ્યા રંગિ બેહૂ હસી,
એ ભાવ ભેદ કવિ **સહજ**ના કનક પરિ જોજ્યો કસી. ૨૫

(૧) મ. બ.

(૩૬૯) ઈરિયાવહી રાસ ૭૫ કડી

આદિ –
દુગ્ધ ઘટા
વર **રાજગૃહી** જાણીઇ, સમોસર્યા તિહિં **વીર**
પહિલુ ગણધર ગુણનિલઉ, ગાજઇ ગુહિર ગંભીર. ૧
વિનયવંત વિનીત સિઉં, ભદ્રક નિય મન માંહિ,
જાણંતુ સવિ સાંભ(લ)ઈ, જોઉ ચિંત ઉચ્છાહિ. ૨

અંત – બારઇ ભાવન મનિ ચિંતજો વિરાહણા છકાયી તજો
નવ તત્ત્વ પ્રીછે નઇ વ્રત બાર, અનંતકાય બત્રીસ જિ વારિ. ૭૩
એ સંખ્યા મઇં વરસી કહી, કો બૂઝઇ કો બૂઝઇ નહી,
રાસ રચિઉ એ ચુપટ ચંગ, ભણતાં ગુણતાં સુણતાં રંગ. ૭૪
જે પડિકમસઇ **ઇરીયાવહી**, શિવરમણી તે વરસઇ સહી,
પુહવિ પરગટ તે ગહગહઇ, **સહિજસુંદર** પાઠક ઈમ કહિ. ૭૫

(૧) પ.સં. ૩–૧૭, ડે. ભં. દા.૭૦ નં.૧૧૪. (૨) સં.૧૭૬૨ કા. શુ. ૨ **મહિમાસાગર** પઠનાર્થે. પ.સં. ૨, અભય. નં.૨૧૭૯. [મુપુગૂહસૂચી.]

(૩૭૦ ક) ગર્ભવેલી ગા. ૪૪

(૧) પ.સં. ૩, પ્રત ૧૭મી સદીની, જિ. ચા. પો.૮૭ નં.૨૩૯૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩૭૦ ખ) સરસ્વતી છંદ

આદિ – શશિકર જિનકર સમુજ્જ્વલ, મરાલમારૂઢ **સરસ્વતિ** દેવી,
વિચરતી કવિજન હૃદયે, **સહેદા** સંસાર ભયહરણી. ૧

અંત – નવ નવે રૂપ રંગી રમી, એક નામી માતા સતી,
કહે કવિ **સહજસુંદર** સોઈ, નિત પૂજે **સરસ્વતી.** ૧૪

(૧) પ.સં. ૨–૧૩, મુક્તિ૦ નં.૨૩૯૧. (૨) શ્રી કાલૂ મધે ચતુર્માસીકૃતે. પ.સં. ૧–૧૭, નાહટા. સં.

(૩૭૦ ગ) [+] શાલિભદ્ર સઝાય [અથવા **ધન્નાશાલિભદ્ર સ.**] ગા. ૧૭

આદિ – પ્રથમ ગોવાલ તણે ભવેજી, દીધૂ મુનિવર દાન,
નયરી **રાજગૃહી** અવતરીઉજી, રૂપે એ મયણ સમાન–સોભાગી.

અંત – ધન **ધન્નો** સુગતિ ગઉજી, **સાલિભદ્ર** અનુતર વિમાન,
સહેજસુંદર ઇમ વીનવેજી, સાચી પ્રવચન વાણિ. ૧૭

(૧) છેલ્લું પાનું, હા. ભં. દા.૮૨ નં.૧૩૭. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૮).]

[પ્રકાશિત : ૧. મોટું સઝાયમાલા સંગ્રહ તથા અન્ય સંગ્રહોમાં.]

(૩૭૦ ઘ) આદિનાથ શત્રુંજય સ્ત૦

આદિ – સયલિ સુહકર સયલિ સુહકર સુમતિ દાતાર,

અંત – જય સુગુણમંદિર **સહિજસુંદર** ભણઈ વયણ સુહંકરો,

(૧) હા૦ ભં. દા.૮૩ નં.૭૫.

(૩૭૦ ચ) આંખકાન સંવાદ ૫ કડી રાગ મિશ્ર રામગ્રી

આદિ – પરબ પનુતા પરખીયઇ, **શેત્રુંજ** સ્વામી નિરખીયઇ,
હરખીયઇ ગરવ મ કરિ અતિ આંખડી એ.
શ્રવણ! સુણુ ઇક વાતડી, સફલ હુજ્યો તુમ્હ યાત્રડી,
આવડી આસ સિરાડઈ કિમ ચડી એ. ૧

અંત – ત્રુટક.
જિન જોઇવા અતિ આંખિ હરખઈ રૂપ નિરખઇ વલીવલી
સંગીત ગીત રસાલ નવનવ સુણઇ કાંન વલી વલી,
વિસરી વાત વિવાદની પરિ ભાવ ભગતિ કરઈ ઘણી.
કરકમલ જોડી **સહજસુંદર** ભણઇ વાણિ સોહામણી. ૫

(૧) પ.સં. ૧–૧૧, નાહટા. સં.

(૩૭૦ છ) સઝાયો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) કાયા ઉપર (કાયાપુર પાટણ મોકલું, પેખો ૨ નગપુર માન રે–એ આદિ, અને મુગતિનારિ પૂર થાવીઇ, સહજસુંદર ઉપદેશ રે–એ અંત.) (૨) + કાયાપુર પાટણ (પ્રકાશિત : ૧. સજ્ઝાયમાલા, ભીમસિંહ માણેક, પૃ.૧૬૨). (૩) + નિન્દા (પ્રકાશિત : સ. મા. સં. પૃ.૩૭).

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૨૦થી ૧૨૯, ભા.૩ પૃ.૫૫૭થી ૫૬૩ અને ૧૪૯૨–૯૩. 'જૈઇત વેલિ' સુધારીને પછીથી 'ગર્ભવેલી' કર્યું છે.]

૨૦૭. લાવણ્યરત્ન (ત. હેમવિમલસૂરિ–પં. ધનદેવ–સુરહંસશિ.)

(૩૭૧) વત્સરાજ દેવરાજ રાસ ૨.સં.૧૫૭૧ પો. શુ.૧ દેવગિરિમાં હેમવિમલસૂરિરાજ્યે

આદિ – **ગોયમ** ગણહર વિધનહર, મણહર વચનવિલાસ,
જાસ પસાઇ પામીઇ, તે પ્રણમી કરૂં રાસ. ૧
બંભસુતા હંસગામિણી, સામિણિ કવીઅણ માય,
તે **સરસતિ** સેવું સદા, જિમ પામું જસવાય. ૨
પુણિયં પૂરી સંપદા, પુણિયં આપઇ દૂરિ,
પુણિયં સેવઇ દેવતા, પુણિયં સુખ ભરપૂરિ. ૩
તે ઉપરિ **વછરાજનુ**, ગિરૂઉ પ્રાકૃતબદ્ધ,
લાવણ્યરત્ન કવિં ઇમ ભણઇ, નિસુણુ પુણ્યપ્રબંધ. ૪

અંત – ઢાલ

જિનસાસનિ ગિરૂઉ ગુણવંતુ, **તપા**ગચ્છ દિનિદિનિ દીપંતુ,
જા પંતુ કલિવાઉ. ૪૬૨
શ્રી **સોમસુંદર** રૂપિ ગુરૂઆ ગણહર, ભવિઅણુ વંછિત પૂરણ સુરતર
મણહર જગિ જસવાઉ. ૪૬૩
તાસ પાટ પ્રગટ પ્રભાકર, સૂરીસર શ્રી **લક્ષ્મીસાગર**,
સાગર પરિ ગંભીરો. ૪૬૪
મોહવિહંડણ મહીઅલમોહણ, **સુમતિસાધુસૂરિ** ભવિયણ
પડિબોહણ, મોહણવેલિ સરીરો. ૪૬૫
પાટિ તાસ ઉદય જિમ દિનમણિ, શ્રી **હેમવિમલ**સૂરિ સૂરિ-
શિરોમણિ, ચિંતામણિ અવતારો. ૪૬૬
કોહ-મોહ-ભડ અનડ સુમોડઇ, વાદી-રાય-મયગલ ગલ ખોડઈ,
કર જોડઇ નરનાહો. ૪૬૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જુગપ્રધાન કલિયુગિ કુણ ઉપમ, અભિનવ **જંબૂ ગોયમ સોહમ**,
સો ઇમ સંપઇ ચંદઉ. ૪૬૮
જાં અંબરિ ગહ ચંદ-દિવાયર, મેરૂ મહાગિરિ સાત્તઇ સાયર,
તાં ગુરૂ એ ચિર નંદઉ. ૪૬૯
મહ મિથ્યાત્વ કંદ કુદ્દાલ, દંસણરસિ રંજિઅ ભૂપાલ,
પાલઇ મહવ્વય ભારો. ૪૭૦
પંડિત શ્રી **ધનદેવ** સુહંકર, મોટિ મમલ મહિ મહિમામંદર,
સુંદર સુરપુરિ પત્તો. ૪૭૧
સુરહંસ ગુરૂ જણુમણુરંજણુ, કુમતહરણુ વાદીમુખભંજણુ,
નિરંજણુ જસવાઉ. ૪૭૨
કલા બહુત્તિરિ ગુણુ આધારો, પંચ મહવ્વય સુદ્ધાચારો,
વંદસિ સો ગુરૂ સારો. ૪૭૩
લાવણ્યરત્ન તસુ સીસિં હરસિં. સંવત **પનર એકોત્તર** વરસિં,
પોસિં પડવે દિવસિં. ૪૭૪
દેવગિરિ નગરિં કીધઉ રાસ, **વચ્છરાજનુ** સરસ નિવાસ,
ભણુસિં તે સુખ લહસઇ. ૪૭૫

(૧) ઇતિ **વછરાજ** દેવરાજ રાસ સંપૂર્ણ સમાપ્ત. પંડિત શ્રી **ધર્મવર્દ્ધનગણિ** તત્ શિષ્ય ગણિ **વિવેકવર્દ્ધન** પઠનાર્થં લષિતં. પ.સં. ૨૪-૧૪, હા.ભં. દા.૮૨ નં.૨૨૩. (૨) લીં. ભં. (૩) ડે. ભં.

(૩૭૨) યશોધર ચરિત્ર ૨.સં.૧૫૭૩ કારતક

આદિ – **દેવગિરિમંડન** દેવતરૂ વંદી **વીર**જિણુંદ,
ઇંદ સવે સેવા કરેં દિઇ જે પરમાણુંદ. ૧
ગોયમ ગણહર ગુરવરસરણુ સરણુ કરી મનખંતિ,
પંતિ સહિત નિય ગુરૂ નમું **સૂરહંસ** ઇક ચિત્ત. ૨
ભો ભવીયણુ ભાવે સુણો ધર્મ તણા ચ્યારે અંગ,
ભર ભવનાણુ સુવાસના સંયમરંગ અભંગ. ૩
દશ દૃષ્ટાંતે દોહિલો પામી નર વએસ,
એ સમકિત અશંકિત મનેં માનિઈ ટલે કલેશ. ૪
વીતરાગ સુસાધુ ગુરૂ જિનવર ભાષિત ધર્મ,
કર્મહરણુ સમી જીવને જીવદયાનો મર્મ. ૫
વેદપુરાણુ કુલ બુદ્ધિબલે જીવ કરે જીવઘાત,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે પાતકથી સાતમે નરકે પીડે સહિ વાત. ૬
ત્રસ પ્રાણી દુરે રહો જીવ આકારે જેઉ,
મન ભાવે ભાજે નહિ જયણ પાતક તેઅ. ૭
તિહાં **યશોધર** રાયના નવ ભવ નવરસભંધ,
લાવણ્યરત્ન કવિ ઇમ કહે સુણો (એહ) સંબંધ. ૮

અંત – શ્રી જિનમતિ અતિ વરતે **આંણ, તપ**ગછગયણ વિભાસણ ભાણ,
સોહમ પાટે **સોમસુંદર**સૂરિ, નામે સંપતિ સુષ ભરિપૂરિ. ૩૬૦
મુનિસુંદરસૂરિ તસુ પાટિ, પાપ ટલે નાંમ લેવા માટિ,
સંતિકર સ્તવ કરી જગ સંતિ, કરી હરી દારૂણ દુહ ભ્રંતિ. ૩૧
પાટે **રત્નશેખર**સૂરિ મહકે જગજસ, જિણે પડિબોહિઆ શ્રાવક સહસ
શ્રી **લષિમીસાગર** સૂરીંદ, કુમત તિમિરભરહરણ દિણેંદ. ૩૨
યુગપ્રધાન ગિરૂયા ગુણધાર, શ્રી **સુમતિસાધુ**સૂરિ ગુણધાર,
તાસુ પાટિ સંપ્રતિ વિહરંતિ, ભવભય હરત જિણ ભગવંત. ૩૩
દીસે દિનદિન દીપતિ કલા, ગુરૂ ગુણ છત્રીસ આગલા,
હેમવિમલ સૂરિસ ઉદયવંત, અંતરીષ રવિ જા જયવંત. ૩૪
સિરિ **ધનદેવ** પંડિત શિષ્ય સિરિ મોડ, પુહવિ પીઠિ પયાવિં પયડ,
અબૂઝ જીવ ઘણા બૂઝવ્યા, સમકિત વિમલ સલિલ સૂઝવ્યા. ૩૫
સૂરસંસ ગિરૂઓ તસુ સીસ, વાદિશ્રેણિ ધૂણાવે સીસ,
તસુ પયકમલે રમલિ જિમ ભૃંગ, **લાવણ્યરત્ન** નામે સીસ ચંગ. ૩૬
વિવેકરત્ન શ્રી ભણી આદરિ, સંવત **પંનર સય ત્રહુત્તરી,**
દેવગિરિ નગરે કાતિ માસે, **યશોધર ચરિઅ** કરિઉં ઉલ્લાસિ. ૩૭
સમકિતસુંદર નામ પ્રબંધ, પાપતણું ટાલે સંબંધ,
જાં ધ્રૂ મેરૂ મહી થિર રહે, તાં રહિજ્યો કવિયણ કહેઇ. ૩૮

(૧) ઇતિશ્રી સમ્યકૃત્વસુંદર રાસાભિધં યશોધરચરિત્ર રાસ સમાપ્તઃ ગ્રં. ૯૦૦ **સોજત્રા** ગ્રામે. પ.સં. ૩૫-૧૧, ડા. અ. ભં.પાલણપુર દા.૨૫ નં.૧૦. (૨) સં.૧૬૨૮ પો. શુ. ૧૦ લ૦ **જીરાપુલ્લી** પ્રસાદાત્. ચોપડો, પ.સં. ૩૦-૩૪, વડા ચૌટા ઉ. સુરત. (૩) પ્રાયઃ આ કવિકૃત – સં.૧૬૩૩ ચૈ. વ. ૬ સોમે **ભાદ્રઉડ** ગ્રામિ લિ. સા. **જેવત** પઠનાર્થે. વિ. લ. સૂ. જ્ઞા. ભં. ખંભાત. (૪) પ.સં. ૩૦-૧૧, લીં. ભં. [આલિસ્ટઑઇ ભા.૨.]

(૩૭૩) મત્સ્યોદર નરેંદ્ર ચોપાઈ અથવા **રાસ** ૨. સં. ૧૫૭૩(૪) દેવગિરિમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમાં જણાવેલ છે કે શ્રીતપા રત્નશેખરસૂરિ–'જિણિ પડિબોહ્યા સાવક સહસ', 'સંવત પનર ચિહુત્તરિ વરિસ', 'દેવગિરિનગર કીધઉ રાસ'.

(૧) પા. ભં. ૪. (૨) સંઘવી ભં. પાટણ. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૯૬).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૩૦–૩૨, ભા.૩ પૃ.૫૬૮–૭૦. 'મત્સ્યોદર રાસ' ભૂલથી કવિના ગુરુ સૂરહંસને નામે પણ નોંધાયેલો તે પાછળથી રદ કર્યું છે. 'કલાવતી રાસ' તથા 'કમલાવતી રાસ' લાવણ્યરત્નશિષ્ય વિજયભદ્રની કૃતિઓ હોઈ અહીંથી રદ કરી છે.]

૨૦૮. ચંદ્રલાભ (આં.)

(૩૭૪) ચતુઃપર્વી રાસ અથવા **ચોપાઈ** ૨. સં. ૧૫૭૨

(૧) પ.સં. ૧૦, પ્રં. ૨૧૯, લીં. ભં. દા.૩૭ નં.૬૯. [મુપુગૂહસૂચી, લીંહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૫૭૦.]

૨૦૯. અમીપાલ

(૩૭૫) મહીપાલનો રાસ ૨. સં. ૧૫૭૨ આસો શુદ ૫ ગુરુ

આદિ – સકલ મનોરથપૂરણો, વંછિત ફલ દાતાર,
નાભિરાય કુલિ મંડણો, **શેત્રુંજ** ગિરિ સણગાર. ૧
મરૂદેવી રાણી ઉરિ ધર્યા, શત શાખા વિસ્તાર
પ્રથમ જિણેસર પય નમી, કરસૂં કવિત રસાલ. ૨
પંચસેં ધનુષ પ્રમાણ દેહ, પેખે પરમાણુંદિ
ઈક્ષ્વાગ વંશ ઉદ્યોતકર, સ્વામી **આદિ** જિણંદ. ૩
સરસી પ્રણમૂં **સારદા**, કરીયણ કેરી માય
અવિરલ વાણી પામવા, બીહુ નથી ઉપાય. ૪
રિસહ જિણેસર **સારદા**, પ્રણમી કવિત કરેસિ,
મહીપાલ ક્ષત્રીય તણું, સુણતાં ટલે કલેસુ. ૫

અંત – **પનર બહુતિરિ** અધિનિ માસ, શુકલ પક્ષ પંચમિ ઉલ્હાસ,
ગુરૂવારે કીધું ચરી, **અમીપાલ** મનિ આનંદ ધરી. ૧૦૬૩

(૧) આદિમાં પં. શ્રી **શિવ**સુંદર ગણિ ગુરૂપાદકેભ્યો નમઃ—ઇતિ મહીપાલ રાજાનું રાસ દાનવિષયે સંબંધ ચુપૈઈ કથા વસ્તુ બંધ રાસ સંપૂર્ણ. પ.સં. ૩૯–૧૫, રત્ન. ભં. દા.૪૩ નં.૧૫. (૨) સં. ૧૬૨૯ શ્રા. શુ૦ ૫ રવૌ. **આશ્યા**પલ્લી મધ્યે પૂજ્યશ્રી દેવરત્નસૂરિ ચાતુર્માસ સ્થિતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તદ્વસરે ઋષિ સોમજી લખિતં શ્રી હંસ લક્ષ્મીવાચનાર્થે. પ.સં.૩૫-૧૬, સીમંધર. દા.૨૧. નં.૨૪.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૫૭૦-૭૧.]

૨૧૦. ગજે'દ્રપ્રમોદ (ત. હેમવિમલસૂરિ-વિદ્યાસાગર અને ચરણપ્રમોદ-હર્ષપ્રમોદશિ૦)

(૩૭૬) ચિતોડ ચૈત્ય પરિપાટી (ચૈ.) ૨. સં. ૧૫૭૩ ફા. વદ ૬ઠી ૬૮

સરસ વચન દિઉ **સરસતી**, નઇ લહી સગુર પસાય
ચૈત્રપ્રવાડી વિરચસ્યું, અરચસ્યું શ્રી જિનરાય. ૧
અંગ તિલંગ કલિંગ એ, **ગૌડ ચૌડ** નઈ **લાડ**
માલવ મરહઠ સોરઠ, તિહિં મંડણુ **મેવાડ**. ૨
શ્રી **ચિત્રકૂટિ** હિરા જઇ, પરોજઇએ જેહનું નામ
મહીપતિ સપરાણું એ, રાણુ એ શ્રી **સંગ્રામ**. ૩
સંવત **પનર ત્રિહુત્તરઈ** એ, નરેસૂઆ, ફાગણ વદિ વારિ
ચૈત્ર પ્રવાડી મઈ રચી એ, નરેસૂઆ, રિદ્ધિ વૃદ્ધિ જયકાર. ૬૭
તવગણરયણાયર ચંદ દિવાયર **હેમવિમલ** સૂરિંદ ગુરો
ગુણમણિ વઇરાગર **વિદ્યાસાગર, ચરણપ્રમોદ** પંડિતપ્રવરો
તસ સીસશિરોમણિ કવિચૂડામણિ શ્રી **હર્ષપ્રમોદ** જયવંત ચિરો
તસ સીસ **ગયંદિ** પરમાણુંદિઉં, કરિઉં કવિત જયકાર કરો. ૬૮

(૧) પ.સં. ૫, પાલણપુર.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૯૩-૯૪.]

૨૧૧. [+] કમલસંયમ ઉ૦ (બૃહતખરતરગચ્છ જિનહર્ષસૂરિશિ૦)

તેમણે સં. ૧૫૪૪માં 'ઉત્તરાધ્યયન વૃત્તિ' અને સં. ૧૫૪૯માં 'કર્મસ્તવ પ્રકરણ'ની રચના કરી.

(૩૭૭) સિદ્ધાંત સારોદ્ધાર અથવા સમ્યક્ત્વોલ્લાસ ટિપ્પનક અથવા લુંકાની હૂંડી સં. ૧૫૪૪ આસ૦

લોંકાશાના મંતવ્યના ઉત્તર રૂપે છે.

(૧) પ.સં. ૧૮-૧૫, ત્રુટક. (૨) સં. ૧૬૧૨ માર્ગશિર વ. ૪ રિણી. મધ્યે **શ્રીચંદ** શાહ વાચનાર્થં. પ.સં. ૨૫, વચમાં ત્રુટક, અભય૦ (૩) ગ્રં. ૪૦૦, લ. સં. ૧૮૧૪, પ.સં. ૧૫, સેં. લા. નં. ૨૧૭૪. (૪) **તપ. રાજકુશલશિ.** કલ્યાણકુશલેન લિ૦ હીરવિજયસૂરિરાજ્યે સં. ૧૬૪૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૃદ્ધિચંદ્ર ભં. ભાવનગર. (૫) પ.સં. ૬૨, હં. ભં. નં. ૧૮૧૦.

[પ્રકાશિત : ૧. જૈનયુગ પુસ્તક ૫ અંક ૯–૧૦ (અંશતઃ).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૮૨. કૃતિનો સંવત ૧૫૭૪ આસપાસ દર્શાવેલો તે છાપભૂલ હતી.]

૨૧૨. ભાવસાગરસૂરિશિષ્ય (આં.)

ભાવસાગરસૂરિ અંચલગચ્છના ૬૧મા પટ્ટધર. આચાર્યપદ સં.૧૫૬૦ સ્વ. ૧૫૮૩. જુઓ જૈન ગૂર્જર કવિઓ પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૭૭૩.

(૩૭૮) નવતત્ત્વ ચોપાઈ અથવા રાસ ૨. સં. ૧૫૭૫ પાટણમાં

આદિ – આદિ નમી આનંદહ પૂરિ, ગિરુઆ ગુરૂ **ભાવસાયર**સૂરિ,
પામી તાસુ પસાઉ ઉદાર, નવતત્ત્વનઉ હૂં કહિસુ વિચાર. ૧
જાણઇ જીવ ન નવતત જામ, નવિ સમકિતીઉં કહીઇ તામ,
સમકિત વિણ નવિ સિવપુરીવાસ, તુ નવતત્ત્વનઉ કરઉ અભ્યાસ. ૨

*

શ્રી **સિદ્ધાંતસાગર**સૂરિ ગુરૂ, શ્રી **ભાવસાગર**સૂરિ,
પ્રણમીય ત્રીજા તત્ત્વનું વિવરણ બોલિસુ ભૂરિ.

*

શ્રી **જયકેશર**સૂરિગરૂ, **સિદ્ધાંતસાગર** સાર,
ભાવસાગર ગુરૂ પય નમી, સંવર કહિસુ વિચાર.

અંત – સંવત્ **પનર** પંચ્યહુત્તરિ વરસિ, શ્રી **પત્તનિ** હઇઆનઈ હરસિ,
શ્રી સંઘનઈ આગ્રહિ ચઉપઈ, કીધી ભાવિઈ ભગતઈ થઇ. ૫૮
ઈય સોહગસુંદર સૂરિપુરંદર **ભાવસાગર** ગુરૂ ગચ્છધર,
પયપઉમ પસાઇં કવિત કરાઈં પાપ પલાઈ દૂરિતર.
જે ભવિયણ ભાવઇ સરલ સભાવઇ ભણુઇ ગુણઈ **નવતત્ત્વ** વર,
તે લહસઈ સિદ્ધી વંછિત રિદ્ધિ નિરમલ બુદ્ધિ વિબુધ નર. ૫૯

(૧) પ.સં. ૩૪–૧૫, સે. લા. નં. ૨૨૨૨. (૨) પ.સં. ૫૦, ક્લે. ૧૨૫૦, લી.ભં. દા.૪૫ નં.૧૦. (૩) પ્રં. ૧૩૪૫, પ.સં. ૪૫–૧૩, ડે. ભં. દા.૭૦ નં.૫૪. (૪) પ.સં. ૨૫–૧૭, ડે. ભં. દા.૭૦ નં.૫૫. (૫) પ.સં. ૩૮–૧૩, રત્ન ભં. દા.૪૨. નં. ૩૮. (૬) બાણનંદે બાણયુક્તે ચ ઇંદે ૧૫૯૫ તસ્મિન્ વર્ષે અશ્વની શુકલપક્ષે ગુરૌ પૂર્ણા. **અંચલગચ્છે** ગુણનિધાનસૂરિ રાજ્યે **સત્યપુર** મધ્યે પં. **વિદ્યાશીલ** મુનિ આત્મવાચનાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લિ. પ.સં. ૧૮–૨૦, રત્ન. ભં. નં. ૩૯. (૭) પ.સં. ૩૧–૧૪, હા. ભં. દા.૮૩ નં.૧૬૭. (૮) સં.૧૯૨૪ અ. વ. ૪ બુધે અમ્બઇ મહાત્મા કિસન લિ. પ.સં. ૨૭, જય. પો. ૬૧. (૯) રાજનગરે સં.૧૭૩૫ પો. વ. ૮ ગુરૌ. ગ્રં. ૧૩૫૦, પ.સં. ૫૭–૧૧, વી. ઉ. ભં. દા.૨૦ પો.૧. (૧૦) પ.સં. ૩૧–૧૩, જીર્ણ પ્રત, વી. ઉ. ભં. દા.૨૦ પો.૧. (૧૧) પં. થિરવિજયશિ. પુણ્યવિજય ગ. લિ. સં. ૧૭૬૨ માર્ગશીર્ષ શુ. ૧૫ ચંદ્રવાસરે. પ.સં. ૨૧–૨૧, ઝીં. પો. ૪૧ નં. ૨૧૬. (૧૨) વિ. ધ. ભં. [આલિસ્ટઑફ ભા. ૨ (સૌભાગ્યસુંદરને નામે).]

(૩૭૯) ઇચ્છા પરિણામ ચોપાઈ ૨. સં. ૧૫૯૦

(૧) અમ.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૩૨, ભા.૨ પૃ.૫૭૨–૭૩.]

૨૧૩ ક. જયવલ્લભ (સાધપૂર્ણિમાગચ્છ માણિક્યસુંદરસૂરિશિષ્ય)

(૩૮૦) શ્રાવણ વ્રત રાસ અથવા **ગૃહીધર્મ રાસ** [અથવા **સમ્યક્ત્વ-મૂલ બારવ્રત રાસ** અથવા **ઇચ્છા પરિમાણ રાસ**] ૫૯ કડી ૨.સં. ૧૫૭૭

આદિ – પણમીય **વીર** જિણંદ દેવ સમરીય ગુરૂ **ગોયમ**
પભણિસ સમકિત મૂલ સાર શ્રાવક વ્રત ઇમ
પહિલું થૂલ પ્રાણાતિપાત વિરમણુ વ્રત ભણીઇ
બીજું થૂલ અલીય વયણુ પરિહાર સુથુણીઇ. ૧

અંત – વસ્તુ
કરસ જયણા કરસ જયણા સેસ આરંભિ
સામગ્રી ધરિ છતી સવસિયરિ એ નિયમ પાલિસ
ઠકુર-હડવીસરણુ પ્રમુખ દસવિ આગાર ટાલસિ
જાવ જીવ ભંગ કછ એ, સિવસુહ મૂલ સુરંભ
પનર સિત્તોહતર લિહ મઇ, સગુરૂ પાસિ ગિહધમ્મ ૫૬

ઢાલ
ઇમ પાલિસ સમકિત મૂલ સાર, શ્રાવક વ્રત બારહ અતિ ઉદ્દાર,
ભવ માણસ પામીય કરિસ ધમ્મ, જિમ થાઇ નિશ્ચઇ સફલ જમ્મ. ૫૭
શિર ધરીઇ શ્રી અરિહંત આણ, ઇમ લહીઇ શિવપુર તણું ઠાણ,
ઇમ કીજઇ ભવીઅણ ભવહ અંત, સહી લહીઇ શિવપુરિ સુખ અનંત. ૫૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધુ પુંન્યમગચ્છ ગિરૂઆ ગણધર, શ્રી માણિક્યસુંદરસૂરિ સૂરીશ્વર.
શ્રી જયવલ્લભ વણારીસ ઉપદેસ દીદ્ધ,
દુગી શ્રાવિકા ગિહધમ્મ લદ્ધ. ૫૯

(૧) પ.સં.૪-૧૦, મુક્તિ. નં.૨૩૬૪. [હેજીજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૩૯૪, ૩૯૫).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૫૧૭ તથા ૧૪૯૧.]

૨૧૩ ખ. જયવલ્લભ (માણિક્યસુંદરસૂરિશિષ્ય)

(૩૮૧) સ્થૂલભદ્ર બાસઠીઓ [અથવા **એકત્રીસો**] ગા. ૬૩

આદિ – મૃગનયણી રે શશિવયણી **સારદ** નમૂં,
દિઉ વાણી રે વાણી તુમ્હનઇ વય નમૂં.
વીનવીય રે નમીયઇ ગુરૂ **ગોયમ** વલી,
મતિ માગું રે લાગું સહિગુરૂ પય લલી. ૧
અતિહિ દુક્કર હિકર કહઇ મુનિવર સુણી સીહ મુણીશ્વરા
ચઉરાસી ચઉવીસી જાં લગિ નામ મહીયલ વિસ્તર્યાં
શ્રી **માણિક્યસુંદરસૂરિ** સીસઇ ભણઈ **જયવલ્લભ** વરૂ,
શ્રી **થૂલભદ્ર** સુજ્ઝણ સુંદર સંઘ ચઉવેહ સુખકરૂ. ૬૩

(૧) વા૦ **ચારિત્રોદયગણી**નાં પં. **વિનયહર્ષે**ણ લિખિત્વા પ્રદત્તઃ પ.સં. ૪-૧૩, પ્ર. કા. ભં. નં. ૧૧૭. [આલિસ્ટઑઇ ભા.૨.]

(૩૮૨) ધન્ના અણગારનો રાસ

(૧) રત્ન. ભં. (૨) ડે. ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ. ૫૧૭-૧૮. ત્યાં આ બંને કૃતિઓના કર્તાને ઉપર્યુક્ત નં. ૨૧૩ ક-ના કવિ જ ગણવામાં આવ્યા છે પરંતુ આ કૃતિઓના અંતભાગમાં ગચ્છનિર્દેશ નથી. 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' પૃ. ૪૮૮ ફકરો ૪૦૯ તથા 'અંચલગચ્છ દિગ્દર્શન' પૃ. ૨૪૫ પર એ કૃતિઓ અંચલગચ્છના માણિક્યસુંદરશિષ્ય જયવલ્લભની કહી છે, તો 'જૈન ગૂર્જર કવિઓ' પ્રથમ આવૃત્તિ ભા. ૩ પૃ. ૨૨૩૩ પર કવિને આગમગચ્છના ગણાવ્યા છે.]

૨૧૪. મુનિચંદ્રસૂરિ

પૂર્ણિમાગચ્છના ભીમપલ્લીય પક્ષમાં મુનિચંદ્રસૂરિ થયા છે તેના પ્રતિમાલેખો સં. ૧૫૬૦ અને ૧૫૭૮ના લેખાંક ૬૫૦ અને ૩૮૫ ધાતુ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિમા લેખસંગ્રહ ભા. ૧માં, અને સં. ૧૫૫૮ના લેખાંક ૧૧૨ ભા. ૨માં મળી આવે છે તે જ આ કવિ હોય એવો દરેક સંભવ છે. સં. ૧૫૭૭નો લેખ પૂર્ણિમાગચ્છના મુનિચંદ્રસૂરિનો પણ મળે છે. (નાહર. ખં.૧ લેખાંક ૧૩૨.)

(૩૮૩) રસાઉલો

આ કૃતિ પ્રાકૃતમાં છે, તેથી તેને ગૂ. કૃતિ ગણવાની નથી. જુઓ તેની આદિ :

પઢમં મયણુવજ્જ મેયણાહિ, ધુસિણુ ચંદણુ કુસુમાઇં,
ચવ પરિમલિ લ્લાઇંએ, સ સામગ્ગી વમ્મહરસ્સ ભણિયાણુ સંદેહો.

(૧) સંવત ૧૬૧૨ શ્રાવણ વદિ ૧૧ સોમેશ્રી પૂર્ણિમાપક્ષે વટપદ્રિ શાખાયાં ભ૦ શ્રી લબ્ધિસુંદરસૂરિ તત્પરિવારે વા૦ શ્રી કરૂણાસાગર તચ્છિ. વા૦ શ્રીભાનુમેરૂ મુનિ શ્રી લક્ષ્મીચંદ, મુનિ લોજકુમાર, લઘુ શિષ્ય સારિંગલિખિતં પૂર્ણિમા પક્ષે મુનિચંદ્રસૂરિકૃત રસાઉલો. હા. ભં.

(૩૮૪) રાત્રિભોજન સ.

(૧) પા. ભં. ૨. (૨) પા. ભં. ૩

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૩૯, ભા.૩ પૃ.૫૮૫. 'રાત્રિભોજન સઝાય' ઉપર્યુક્ત કવિની રચના માનવી કે કેમ તે પ્રશ્ન છે.]

૨૧૫. ભાનુચંદ્ર-ભાણુચંદ્ર (લોંકાગચ્છ)

(૩૮૫) + દયાધર્મ ચોપાઈ (ઐ.) કડી ૨૫ ૨.સં.૧૫૭૮ માઘ શુ. ૭

આદિ – વીર જિણેસર પણમિ પાય, સુગુરૂ તણુ લહ્યો સુપસાય,
ભસ્મગ્રહનો રોષ અપાર, જઈનધરમ પડિયો અંધકાર. ૧
ચૌદ સય બ્યાસી વઇસાખઈ, વદ ચૌદસ નામ લુંકો રાખઇ,
આઠ વરિસનો લુંકો થયો, સા ડુંગર પરલોકઈ ગયો. ૪

*

દયાધર્મ જલહલતી જ્યોત, સા લુંકે કિધઉ ઉદ્યોત,
પનર સય બતીસઉ પ્રમાણ, સા લુંકો પામ્યો નિરવાણ. ૧૪

અંત – પનર સય અઠયોતર જાણઉં, માઘ શુદ્ધિ સાતમ પ્રમાણઉં,
ભાનુચંદ યતિ મતિ ઉલ્લસઉ, દયાધર્મ લુંકે વિલસઉ. ૨૫

પ્રકાશિત : ૧. શ્રીમાન્ લોંકાશાહ, પૃ. ૨૩૪થી ૨૩૭.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૫૭૪.]

૨૧૬. સૌભાગ્યસાગરસૂરિશિષ્ય (વડતપગચ્છ લબ્ધિસાગરસૂરિ–ધનરત્નસૂરિ–સૌભાગ્યસાગર)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બૃહતપાગચ્છના લબ્ધિસાગરસૂરિના પ્રતિમાલેખો સં.૧૫૫૯-૬૦-૬૧-૬૨-૬૪-૬૫-૬૬ના મળી આવે છે ને તે પરથી જણાય છે કે તેઓ ઉદયસાગરસૂરિના પટ્ટધર હતા. ધનરત્નસૂરિના લેખો સં.૧૫૭૨-૭૯-૮૪-૮૭-૮૮-૯૧ના મળે છે તે પૈકી સં.૧૫૭૮ અને ૧૫૮૪ના લેખોમાં ધનરત્નસૂરિ અને સૌભાગ્યસાગરસૂરિ એ બંનેને સાથે મૂકી તેમની પહેલાં 'લબ્ધિસાગરસૂરિ પટ્ટે' એમ જણાવ્યું છે. એકલા સૌભાગ્યસૂરિના લેખો સં.૧૫૭૩ અને ૧૫૮૯ના મળ્યા છે. (જુઓ ધાતુપ્રતિમા લેખસંગ્રહ ભા.૧ તથા ૨) વિશેષમાં સૌભાગ્યસાગરસૂરિનો સં.૧૫૭૬નો લેખ છે તેમાં જણાવ્યું છે કે પં. અભયસારગણિના પુણ્ય માટે પં. અભયમંદિરગણિ તથા અભયરત્નમુનિ સાથે રહી સૌભાગ્યસાગરસૂરિએ શાંતિનાથ બિંબને પ્રતિષ્ઠિત કર્યું. (જુઓ નાહર. લેખાંક ૨૯૩.)

(૩૮૬) ચંપકમાલા રાસ ૨.સં.૧૫૭૮ આસો સુ. ૭ રવિ દમણમાં

વસ્તુ, ચોપાઈ અને દુહામાં છે. વસ્તુ છંદ ચારપાંચ છે. ઢાલ - વીર જિણેસર ચરણ, જિમ સહકારઈ કોઈલ (ગૌતમ રાસની) સાહેલડીની, માલતડીની એમ ચારેક ઢાલ જોવામાં આવે છે.

આદિ - **આદિ** જિનવર **આદિ** જિનવર આદિ મુનિ ઇસ
શાંતિ નેમિ શ્રી **પાસ**જિન **વીર** ધીર સેવે સુરાસુર
પંચ જિણેસર ચરણયુગલ ભક્તિભાવ પ્રણમું ગુણાયર
ગણહર મુષ્ય ઇગ્યારહ ગુરૂ **ગોયમ** પ્રણમેવિ
ચંપકમાલા સતી તણું ચરીય ભણું સંષેવિ. ૧

*

થોડઇ દિન સીખ્યઉ ઘણું એ, સવિ રહિ સઉ પાસ,
ચઉરાસી આસણ ભલાં એ, કામરંગ અભ્યાસ.
પિંગલ ભરહ વિચારસાર, નાટિક ષટ્ભાષા,
ચતુરિમ ગુહિર ગંભીર વખ, એહની એ શાષા. ૫૧

અંત - **વડતપગચ્છ** ગુરૂ **ગોયમ** સમા એ માલ્હંતડે, શ્રી **લબ્ધિસાગર**સૂરિ
જપતાં નામ જ તસુ તણઉ એ મા૦ નાસઈ દુકૃત દૂરિ. ૬૦૪
પટ્ટ પ્રભાકર જયકરૂ એ મા૦ **ધનરત્ન** સુરીંદ,
સોભાગસાગરસૂરિ ગુણનિલો એ મા૦ જસઉ જસ પૂનિમચંદ. ૬૦૫
તાસુ સીસ રંગિઈ રચ્યો એ મા૦ **ચંપકમાલા**નો રાસ,
સંવત **પનર અઠોતરે** એ મા૦ ઉજ્જવલ આસો માસ. ૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાયર સંખ્યા તિથિ ભલી એ મા૦ રૂયડો વાર પતંગ,
આશ્રય નામ વિચારજ્યો એ મા૦ તિણિ દિન નક્ષત્ર ચંગ. ૭
દમણપંદિર રુલીયામણો એ મા૦ મંડણ **આદિ** જિણંદ,
તાસ તણે સુપસાઉલે એ મા૦ નીપનો રાસ આણંદ. ૮
સતી પ્રબંધ જે ભણે એ મા૦ નર ને નારી સુજાણ,
ઋદ્ધિ વૃદ્ધિ મંદિર ઘણી એ મા૦ તે લહે કોડિ કલ્યાણ. ૬૦૯

(૧) ગંધાર બિંદરે વા૦ **વિવેક**સારગણિ. પ.સં. ૧૧-૨૧, મ.જૈ. વિ. નં. લ૦ ૪૫૬. (ગીચોગીચ પણ સુવાચ્ય અક્ષરમાં.) (૨) સં.૧૬૧૭ આસો શુદિ ૬ ગુરો **જં**બુ નગરે ઋષિ **લ**લિતસાગર લિ. પ. સં. ૨૧-૧૫, ઝીં. પો.૩૮ નં.૧૮૧. (૩) પ.સં. ૪-૧૩, અપૂર્ણ, જશ. સં. (૪) સં.૧૬૭૫ દ્વિ. શ્રા. વદિ ૧૪ શુક્રે લ. વા. **વિજય**મૂર્ત્તિગણિ પઠનાર્થ. પ.ક. ૧૩થી ૨૫ પં.૨૧, દે. લા. પુ. લા. નં.૧૧૦૦-૪૬૬. (૫) સં.૧૬૯૧ જ્યે. સુદિ ૪ લ૦ ઋષિ **હ**રજી **મો**રખી મધ્યે સ્વયં વાચનાર્થે. પ.સં. ૧૮-૧૭, વિ. ને. ભં. નં.૩૩૩૧. (૬) શ્રી ભુજનગરે સં.૧૬૭૨ શ્રી **સ**ત્યશેખરગણિ પં. **વિવે**કશેખરગણિ તત્ શિ૦ **ભા**વશેખર ગણિ લિ૦ પ.સં.૧૭-૧૭, લીં.ભં. દા.૨૦. (૭) શ્રી સુરતિ બિંદિર મધ્યે અશ્વનિ માસે વિજયદશમ્યાં સોમવાસરે સં.૧૬૭૬ વર્ષે. ઈડર બાઈઓનો ભં. (૮) ખં.ભં.૧. (૯) કો. [મુપુગૂહસૂચી ("તાસ સિસ રંગી રચીઉ" એ પંક્તિને કારણે રંગસાગરને નામે).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૩૩-૩૪, ભા.૩ પૃ.૫૭૩-૭૪.]

૨૧૭. ભુવનકીર્તિ (કોરંટગચ્છ નન્નસૂરિ-કક્કસૂરિશિ)

નન્નસૂરિ માટે જુઓ નં.૧૫૮ અને કક્કસૂરિના પ્રતિમાલેખ સં.૧૫૯૫ના મળી આવે છે. (જુઓ ધાતુપ્રતિમા લેખસંગ્રહ ભા.૧ લેખાંક ૪૫૫, ૬૦૭.)

(૩૮૭) કલાવતી ચરિત્ર ૨.સં.૧૫૮૦ માગ. શુ. ૫ ગુરુ ખંભાતમાં

આદિ – ઢાલ આહુયલિકી

વીર જિણેસર પય નમી, સમરીય **ગોયમ** સામિ રે,
ચરિત ગાઉં **કલાવતી** તણું, સીલ ગુણ કરિ અભિરામ રે;
ભવિયણ પાલઉ શીલ નિરમલ, જિમ લહુ મુગતિ નઉ ઠામિ રે. ૧
કલાવતી દોહન કરિ આવીયા, જોઉ જોઉ સીલ પ્રમાંણ રે
ભવિયણ. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંત – **પનર અસી** ણરસામી, મૃગસર શુદિ પંચમી,
દિવસ **થંભતિરથ** ભલે, ગુરૂ દિન નિર્મલે. ૮૮
કોરંટગચ્છ નન્નસૂરિ, સુપટ્ટી **શ્રી કક્કસૂરિ**,
તાસ સીસ ઇમ ભણે, એ ઉલટ આપણે. ૮૯
ભુવનકીર્તિ થીર થાએ, **કલાવતિ** ગુણ ગાએ,
દુઃખદલિદ્ર ટલે એ સંપદા સવિ મિલે. ૯૦
જે ભણે મનરંગ, વિલસે સુખ તે અંગ,
શીલ સાંનિધ કરે, એ જિમ મનિ ગહગહે. ૯૧

(૧) પ.સં. ૬–૯, ડા. પાલણપુર દા. ૩૬. (૨) ગા. ૯૧, પ્રત ૧૭મી સદીની, પ.સં. ૪, જિ. ચા. પો. ૮૧ નં.૨૦૫૰. (૩) પ.સં. ૫, જય. પો. ૨૯. (૪) કલાવતિ ચરિત્ર લખ્યું સં.૧૮૪૬ પોસ શુદિ ૧૨. પ્ર.કા.ભં. [પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૩૪–૩૫, ભા.૩ પૃ.૫૭૪.]

૨૧૮. ચારુચંદ્ર (ભક્તિલાભ–ચારિત્રસારશિ.)

'ઉત્તમકુમાર ચરિત્ર' પણ આ કવિએ સંસ્કૃતમાં રચેલ છે.

(૩૮૮) હરિબલ ચોપાઈ ૨.સં.૧૫૮૧ આ. શુ. ૩

(૩૮૯) રતિસાર કેવલી ચોપાઈ

આદિ – શ્રી ભક્તિલાભોપાધ્યાય સદ્‌ગુરૂભ્યો નમઃ
પહિલઉં પણમિય પ્રથમ જિણેસર **સિત્તુંજય** અવતાર
મહાવીર મહિમામણિ-સાગર, શ્રી **ગોયમ** ગણધાર. ૧
દાનઇ ભૂગતિ માનઇ દાનઇ દેવાદિક વસિ હુંતિ
વયરી વશવર્ત્તી પુણિ હોઇ, સિવ સુર સુખ લહંતિ દાનઇ. ૨

અંત – શ્રી **રતિસાર કેવલિ** તણઉં એ, મહાલંતડે, જાણીય ચરિત અસેસ
દીજઇ દાન ભાવઇ કરી એ, મહાલંતડે, જાણીય પત્ત વિસેસ. ૨૦૩
જુ તુમ્હઇ ઇચ્છઉ સુખસંયોગ, નર સુર રિદ્ધી વંછિત ભોગ
તુ હિઉ દાન મુનીસરાં એ,
જિમ **રતિસાર** નરેસરિ દીધઉં, સકલ સમીહિત તેહનઉં સીધઉં
સુજસ ઘણો જગિ વિસ્તરાં એ. ૨૦૪
શ્રી **જયસાગર** વાયક જાણઉં, **રતનચંદ્ર** ઉવઝાય વખાણઉં
શ્રી **ભગતિલાભ** ગુરૂ ગુણનિલઉ એ
ચારિતસાર સુગુરૂ આદેસઇ, **ચારૂચંદ્ર**ગણિ વિહિય વિસેસઇ
ધરિવઉ સુણીય ઊમાહલઉ એ. ૨૦૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) પ.સં. ૫, અભય. નં.૧૩૫૪.

(૩૯૦) મહાબલ મલયસુંદરી રાસ

આદિ – શ્રી ગુરુભ્યો નમઃ

સરસ વચન દુ **સારદા**, સદ્ગુરુ કરઉ પસાય
અક્ષર સાચા દાખજ્જે, નિરતુ આણી હાઇ. ૧
દાન શીલ તપ ભાવના, ધરમઇ ચ્યાર પ્રકાર
કરતાં કવિયણ ઇમ કહિ, જીવ લહિ ભવપાર. ૨
દાનઇ **ધનસારથ** તર્યઉ, શીલઇ **સીતા** નારિ
તપ તપતાં વલિ **સુંદરી**, ભાવઇ **ભરત** વિચારિ. ૩
શીલધરમ ઊપરિ વલી, કહું જ વિચાર ઉદાર
રાય **મહાબલ** અતિ સબલ, **મલયાસુંદરિ** નારિ. ૪

અંત – મહાવિદેહઇ સિવ પામસઇ, તે ધન જે એ ઋષિ ગાઇસઇ
પાસ થકી સુ વરસે થયા, ચારિત્ર પાલી મુગતિઈ ગયા. ૫૧૫

કલસ

ઇમ રાય **મહાબલ મલયસુંદરિ** ચરિત્ર નિસુણઇ જે નરા
તે લહઇ નિરૂપમ સુખ સંતતિ ઋદ્ધિ વૃદ્ધિ પરંપરા
શ્રી **ભગતિલાભહ** સીસ **ચારિત્રસા**ર ગુરુ સુપસાઉલઇ
મુનિ **ચારુચંદ્રિ** રચિઉં ભવીયણુ સુણુઉ મનિ ઊમાહલઇ. ૫૧૬

(૧) ગ્રં.૭૭૫, પ.સં. ૨૦, અભય. નં. ૩૬૭૭. (૨) કડી ૫૧૭, સં.૧૬૪૦ ચૈત્ર વદિ ૧૨ શનૌ લષિતં **ભલસારિણિ** મધ્યે **અંચલગચ્છે** વા૦ શ્રી કમલમેરુસ્તત્ શક્ષ(શિષ્ય) પં. **રૂપા** તત્ શક્ષ મુનિ **આણંદમેરુ** લ૦ પ.સં. ૨૧–૧૫, મારી પાસે.

(૩૯૧) નંદન મણિયાર સંધિ ૨.સં.૧૫૮૭ ફા.

આદિ – વીર જિણેસર ચરણ નમેવિ, સંધિબંધિ સમરિસુ સંખેવિ,
શ્રી**સુધર્મ** ગણધર જિમ ભાખઇ, **જંબૂ** ગણધર તિમ વલિ દાખઇ. ૧

અંત – જ્ઞાતાધર્મકથા તણઇ એ, તેરમ અજ્ઝયણિ **નંદમણિયાર** ચરિ
ભણીયઉ એ
પુણ્ય પામિઉ નેગુ સંધિબંધ એ મેઇ એ સુખબોધહ કારણુ,
ભવિય લોય આણંદ ધરી, ભણિવઉ સુડ કારણ.
મનરંગિ આણી **વીર**વાણી સુગુરુ શ્રીમુખ સંભલી,
ઉવજ્ઝાયવર શ્રી **ભગતિલાભઇ** સીસ વિરચિ અતિ ભલી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંવત **પનરહ અસી** ઉપરિ **સાત** અધિકે વછરે,
ગણિ **ચારૂચંદે** લહિય પુસ્તક માસ ફાગુણ મનહરે.

(૧) એક ગુટકો, જિ. ચા. (૨) પ.સં. ૪, અભય. નં.૩૨૮૪.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૫૭૭-૭૮ તથા ૧૪૯૫-૯૭.]

૨૧૯. સિંહદત્તસૂરિ (આગમગચ્છ)

(૩૯૨) સ્થૂલિભદ્ર રાસ લ.સં.૧૫૮૨ પહેલાં

(૧) જિનસાગરસૂરિ શાખા ભં. બીકાનેર.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૯૪.]

૨૨૦. લાભમંડન વા. (આં. ભાવસાગરસૂરિશિ૦)

અંચલ-વિધિપક્ષની પટ્ટાવલિમાં ૬૦મા પટ્ટધર સિદ્ધાંતસાગર-સૂરિની પાટે ૬૧મા ભાવસાગરસૂરિ થયા. તે મારવાડ દેશમાં નરસાણી ગ્રામે વોરા સાંગાની સિંગારદે ભાર્યાના પુત્ર ભાવડ નામે સં. ૧૫૧૦માં જન્મ્યા. ૧૫૨૦માં ખંભાયત બંદરે જયકેસરીસૂરિ – ૫૯મા પટ્ટધરને હાથે દીક્ષા લીધી. ૧૫૬૦માં માંડલ ગામમાં આચાર્યપદ અને ગચ્છેશપદ પણ મળ્યું. ૧૫૮૩માં સ્વર્ગસ્થ થયા. ભાવસાગરસૂરિના પ્રતિમાલેખો સં. ૧૫૬૦-૬૧-૬૩-૬૪-૬૫-૬૬-૬૭-૬૮-૭૦-૮૧ના મળ્યા છે. (જુઓ ધાતુપ્રતિમા લેખસંગ્રહ બંને ભાગ) તેમજ સં. ૧૫૬૧-૬૫-૭૪-૭૬ના પણ જોવામાં આવે છે. (નાહર.) તેમની પાટે ૬૨મા પટ્ટધર ગુણનિધાનસૂરિ અને તેમની પાટે ૬૩મા પટ્ટધર ધર્મમૂર્તિસૂરિ થયા.

(૩૯૩) ધનસાર પંચશાળિ રાસ ર.સં.૧૫૮૩ કાર્તિક શુદ ૧૩ ગુરુ અમદાવાદમાં

આદિ – પણમવિ **વીર** જિણંદ, સ્વામી **સિદ્ધત્થ**રાય કુલચંદ,
સેવિ સુરનર ઇંદ, જસ નામે હોઈ આણંદ. ૧
નાલિકમલ જસ વાસ, સમરૂં **સરસતિ** મનિ ઉલ્લાસ,
કવીયણ કરિવા રાસ, થિરવાસ, ભૂરએ આસ. ૨
રાજગ્રહ વરનયર, રાજા નામેણ **સેણિય** સાર,
મંત્રી **અભયકુમાર** ઉત્તમ ગુણ બુદ્ધિભંડાર. ૩
પૂછિ જિનવર પાસે **ગૌતમ** ગણધર મનિ ઉલ્લાસે,
પામજઈ સુખ વાસે, સ્વામિ તે મજ્ઝ દિઉ આસે. ૪

અંત – સંવત **પનરએહ** સંવત્સર **ત્રીસીઇ** રે, ૩અડઉ કાર્તિક માસ રે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુરૂવાસર દિન તેરસિ કેરઉઈ, કીધો, એ મનિ ઉલ્હાસિ રે
અરિહંત બે. ૮૩
શ્રી **વિધિ**પક્ષગચ્છ ગણધર રૂયડા રે, શ્રી **ભાવસાગર**સૂરિ રે,
નામિ નવનિધિ હુ જેહનઇ રે, પાતિગ જાઇ સવિ દૂરિ રે. અ૦ ૮૫
તાસ સીસ કહઈ ઉલટ અતિ ઘણઇ રે, **લાભમંડણ** વાણારીસ રે,
એહ ચરિત જે ભણુઈ ભણાવસિઇ રે, લહઈ સુખ તેહ નિસિદીસ
રે. અ૦ ૮૬
દેસ સવિહુ માહિ જાણીઇ એ, માલ્હંતડે, **ગૂજર** દેશ પ્રસિદ્ધ,
તિહાં **અહિચ્છત્રપુર** વર ભલૂં. મા૦ વાસ જિહાં લક્ષ્મી કીધ. ૮૭
તિણઈ નયરિ વિવહારીયા એ. મા૦, સાવક ધર્મ્મવંત સુજાણ,
તેહ મહાજન માહિ મૂલગુ એ મા૦ **પહિરાજ** પુણ્ય પ્રમાણ.૮૮
તસ વામાંગિ **રૂપી** કહિઉ એ, સુત **સંઘદત્ત** સુવિચાર,
જિનવર ગુરૂભક્તિ જિ કરઇ એ મા૦ શ્રી **શ્રીવંશ** શૃંગાર. ૮૯
તસ ઘરણિ ભણૂં મા૦ શીલવંતી સવિ ચારઇ,
દાનગુણિ દીપઇ ઘણુ એ મા૦ અવર નહી સંસારિ. ૯૦
તસ કૂષઈ જગ જાણીઇ એ મા૦ બુદ્ધિઇ અભયકુમાર,
જસ કીર્તિ જગિ ઝલહલઇ એ મા૦ જાણઈ સયલ વિચાર. ૯૧
સૂત્ર સુણી રાસ જ કીઉ એ, પૂરઇ પાસ જગીસ,
અમાપાલ સાનિધિ કરઈ મા૦ પ્રતપુ કોડ વરીસ. ૯૨
(૧) સાધ્વી ઇંદ્રાણી પઠનાર્થં. પ.સં.૬–૧૧, લીં. ભં. (૨) પ.સં. ૫–૧૪, અમ૦

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૩૫–૩૬.]

૨૨૧. વિનયસમુદ્ર વા. (ઉપકેશગચ્છ સિદ્ધિસૂરિ–કુર્ષસમુદ્રશિ.)

ઉપકેશગચ્છના સિદ્ધસૂરિના લેખ સં. ૧૫૭૯ના (ધાતુપ્રતિમા લેખ-સંગ્રહ ભા.૧, લેખાંક ૧૦૮) તથા સં. ૧૫૬૮ના (ભા.૨, લેખાંક ૫૩૪) મળી આવે છે.

(૬૯૬) + **આરામશોભા ચોપાઈ** ૨.સં.૧૫૮૩ માગશર બીકાનેરમાં
આદિ–શ્રી જિનશાસનિ જગિ જયઉ, જિણિ રાજ અરિહંત,
દયાધર્મ ભાષઉ ભલઉ, ભયભંજણ ભગવંત. ૧
જિણવરિ ભાષ્યા શ્રીમુખઈ, બોલઈ ત્રિન્નિ સુપવિત્ત,
જ્ઞાન અનઈ દરિસણ વલી, ચરિત તત્ત્વ ગુણજુત્ત. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રત્નત્રય જે નર લહી, પાલઈ તે નર ધન્ય,
વલિ વિશેષિ દંસણુ લહી, સુખસંયોગ સુપુન્ય. ૩
બોધક હેતુઉ જીવનઇ, જગિ ચિંતામણિ જેમ,
સુરસંપઇ સવિ સોહલું, સુરતરૂ જાણઉ તેમ. ૪
સમતારસ સીધા સવે, સુણીઇ શ્રવણ સુજાણ,
દેવતત્ત્વ સુધા ધરઇ, તિહાં નરજન્મ પ્રમાણ. ૫
દેવદત્ત આરાધતાં થાઇ નિર્મલ બોધિ,
નવઇ તત્ત્વ સૂધા હવઇ, જઇ હોઇ ભાવવિસોધિ. ૬
દેવ ત્રિણિ ભાવ તણુઈં, પૂજાભેદ દોઇ જણિ,
ઇહ દુહ ભેદહ અંતરઈ, સરસવ મેર સમાણ. ૭
ભાવતણિ જિમ પામિયઉ, પરિભવ ઉત્તિમ ઠામ,
સુણિ **આરામસોભા** તણુઉં, પ્રગટ કિયો નિજ નામ. ૮
એ ચરિત્ર મઇં સાંભલ્યઉ, શાસ્ત્ર તણુઇ અનુસારિ,
તે મઇં ભાવઇં ભાસિયો, ભવિયણ હિયઇ વિચારિ. ૯

અંત – કરિ સંલેડણ સાધ્યાં કાજ, લહિસે મુક્તિપુરીનઉ રાજ,
ઉવએસગચ્છ ગુણગણે ગરિઠ્ઠ, શ્રી **રયણપ્પહ**સૂરિ વરિઠ્ઠ. ૪૫
તસુ અનુક્રમિ સંપઇ **સિદ્ધસૂરિ**, તાસુ સીસ વાચક ગુણભૂરિ.
હરષસમુદ્ર નામિ ગુણસાર, તાસુ સીસઈ કહ્યઉ વિચાર. ૪૬
વિનયસમુદ્ર વાચક ઇમ ભણઈં, ધન્ય તિ નરનારી જે સુણઈં,
તેહની સીઝઇં સઘલી આસ, પુણિ તે લહિએ શિવપુરિ વાસ. ૪૭
એ **આરામસોભા** ચઉપઈ, ભાવતણે ઉપરિ મઇ કહી,
વરસ **ચ્યાસિયે** માગસિર માસિ, **વીકાનયરિ**હિ મન ઉલ્હાસિ.૨૪૮

(૧) સં.૧૬૦૭ ભા. શુદિ ૧ **અલવર** મધ્યે લિ. **પાડે** જેમા આત્મ-પઠનાર્થં. પ.સં.૮–૧૫. સે. લા. નં. ૨૧૭૩. (૨) પ્રાયઃ આ કવિકૃત – સં.૧૬૫૧ જ્યે. શુ. ૭ વણારસી ગુણચંદ્રશિ. શ્રીવંત લિ. શ્રાવસ્તિકા મધ્યે મહિયાકઇ. ઉપસરઇ. હં. ભં. [આલિસ્ટઑઇ ભા. ૨.]

[પ્રકાશિત : ૧. સ્વાધ્યાય, પુ. ૧૫, અંક ૨થી ૪.]

(૩૯૫) ચંદનબાળા રાસ

(૩૯૬) અંબડ ચોપાઈ ૨.સં.૧૫૬૯ માહ શુદ ૨ રવિ તિમરામાં

મુનિરત્ન તે પૂર્ણિમાગચ્છના સ્થાપક ચંદ્રપ્રભસૂરિના પટ્ટે ધર્મ-ઘોષસૂરિ અને તેમની પાટે સમુદ્રઘોષસૂરિ કે જેમના ત્રણ શિષ્ય નામે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂરપ્રભ, મુનિરત્ન અને તિલકચંદ પૈકીના બીજા શિષ્ય થયા કે જેમણે 'અંબડ ચરિત્ર' સંસ્કૃતમાં ૧૨૬૦ શ્લોકનું રચ્યું હતું. તે ચરિત્રમાંથી ભાવાર્થ લઈ આ રાસ પોતે રચ્યો એમ કવિ જણાવે છે. આ જ મુનિ-રત્નસૂરિએ ભાવી તીર્થંકર અમલસ્વામીનું ચરિત્ર સં. ૧૨૫૨માં અને 'મુનિસુવ્રત ચરિત્ર' સંસ્કૃતમાં રચેલાં છે.

અંત – **અંબડ** મોટઉ હૂયો વિલાસ, તાસુ ચરિત્ર સુણી રસાલ,
શ્રી **મુનિરત્નસૂરિ**નો કહ્યો, તેહ થકી ભાવારથ લહ્યો. ૯૧
ચઉપઈ વિધિ કીયો મઈ એમ, ભણતાં ગુણતાં ઘરિ હુયઇ પ્રેમ,
ઉવએસગચ્છિ સંપઇ **સિધિસૂરિ**, તાસુ પસાયઇ આણંદપૂરિ. ૯૨
હરષસમુદ્ર વાચક તસુ સીસ, **તિમરા**મંડણ શ્રી જગદીસ,
પાસ જિણંદ તણઇ સુપસાઇ, **વિનયસમુદ્ર** કહ્યો મનિ ભાઇ. ૯૩
પનર નિવાણૂ પ્રવર પ્રસિદ્ધ, એ પ્રબંધ મઈ સુલલિત કિદ્ધ,
મહા સુકિલ દ્વિતીયા રવિવાર, રચ્યો **તિમરા** નયરિ મઝારિ. ૯૪
અધિકો મઈ ઉછો છદમસ્ત, કહતા મઇ બોલ્યો પરમત્થ,
જે ગીતારથ વરતઈ વલી, ષમજ્યો કહજ્યો મુઝ ગુણ મિલી. ૯૫

(૧) ઇતિ અંબડ ચઉપઇ સમાપ્ત. પ.સં.૨૦–૧૫. આ. ક. ભં. [મુપુગૂહ-સૂચિ, હેજૈજ્ઞાસૂચિ ભા.૧. (પૃ. ૧૫૦, ૩૯૫).]

(૩૯૭) મૃગાવતી ચોપાઈ (શીલ વિષયે) ૨.સં. ૧૬૦૨ વૈશાખ શુ. ૫ સોમ બીકાનેરમાં

આદિ – સાસણિ દેવતિ **શારદા**, સુગુરૂજી **હર્ષસમુદ્ર**
વલિ સમરથ ચઉવીસ જિણ, વારણ ભવહ સમુદ્ર. ૧
શ્રી જિનશાસન વર નયર, રાજા શ્રી અરિહન્ત
સમવસરણ બઇઠા સભા, ભાખઇ શ્રી ભગવન્ત. ૨
દાન વિશેષઇ શીલ તિમ, તપ ભાવના વિશાલ
શીલ સુકખ સોહા કરણ, ગુણગણ રયણ રસાલ ૩
શીલિ સદા સંપન્ન જે, લહઇ લહૂય લગિ લીલ,
શીલ દૂરિત દૂરે ટલૈ, શીલઇ ભાજઈ ભીડ. ૪
સંકટ સવિ શીલે ટલૈ, મહિયલિ વાધૈ મામ,
શીલૈ કુલિ મહિમા બઢઇ, શીલિ સરઇ સવિ કામ. ૫
શીલઇ આરંભિ ફલઇ, આગઈ આવઇ બોલ,
શીલઇ સંપદ ઘરિ મિલઇ, શીલઇ ટલૈ કુબોલ. ૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શીલિ મનોરથ મન તણા, સીઝઈ સુણિ નિશદીશ,
મૃગાવતી શીલઇ છલ્યૌ, **માલવ**પતિ અવનીશ. ૭
ચંડપ્રદ્યોત નરિંદ વર, સતી શિરોમણી જેણિ.
હારવિયો હેજઇ કરિ, કહઉં તે કારણ કેણિ. ૮

અંત – કર ગયણંગણ રસ **શશિ** વર્ષે, વર વૈશાખ માસ મન હર્ષે,
પંચમી સોમવાર ચઉસાલ, ચઉપઇબંધ રચી સુવિશાલ. ૯૩
વીકા નયરહિ **વીર** જિણંદ, તાસુ પસાયઈ પરમાણંદ,
શ્રી **ઉવએસ**ગચ્છ સિણગાર, **રયણપહ** ગિરૂઓ ગણધાર. ૯૪
પ્રકટ **પારસના**હથી પટ્ટિ, બહુરિમેં મુનિજનનૈં થટ્ટિ,
શ્રી **સિદ્ધસૂરિ** સંપઇ સુહકાર, **કક્કસૂરિ** તસુ શિષ્ય ઉદાર. ૯૫
તસુ આદેશિ **હર્ષસમુદ્ર**, વાચક તેહનૈ **વિનયસમુદ્ર**,
તિણિ વિરચ્યો એ ચરિત રસાલ, સુણિયો કવિવર સંઘ વિશાલ. ૯૬
કરિ કૃપા **અજાણ**પણ દેખિ, શ્રુતિ મતિ શોધી અતિ સવિશેષ,
મુઝ સિઉં હિત આણો જિન આણ, સાચઉ જિનભાષિત સુપ્રમાણ. ૯૭
જાં લગિ મેરૂ મહી રવિ ચંદ, જાં લગિ જલધિ પુણ્ય પહુવંદ,
તાં અવિચલ એ ચરિત સુચંગ, સુણતાં ભણતાં હુઇ બહુરંગ. ૯૮

(૧) સં. ૧૬૦૪ અષાડ વદિ ૩ શુક્રે **વિક્રમ**નગર મધ્યે રાયશ્રી **કલ્યાણ**મલ્લ વિજયરાજ્યે. બૃહદ્ગચ્છે વા૰ **મેરુ**રત્ન તદ્વિનેય વાચક રત્નસિંઘેનાલેખિ સ્વાવાચનાર્થં. પ.સં.૩૧, અભય. નં. ૨૩૫. [મુપુગૂહસૂચી.]

(૩૬૮) પદ્મચરિત્ર અથવા **સીતાસતી ચોપાઈ** ૨.સં.૧૬૦૪ ફા.

આમાં રામચંદ્ર અને સીતાજીનાં ચરિત્ર છે.

અંત – શ્રી **ઉવએસ**ગચ્છ ગુણ ભૂરિ, ગણહર ગુરૂ **રયણપ્પહ**સૂરિ,
તસુ અનુક્રમિ **સિદ્ધસૂરિ** વસિદ્ધ, બઈઠા થાપ્યા ગુણગરિટ્ઠ. ૫૯
કક્કસૂરિ જયવંત ગણેસ, તેહ તણઉ પામી ઉપદેશ,
વાચક **હર્ષસમુદ્ર** તસુ સીસ, **વિનયસમુદ્ર**ઈ વાણારીસ. ૬૦
વીકાનયરિઈ **વીર** જિણચંદ, તાસુ પસાઈ પરમાણંદિ,
ચઉવિહ સંઘ તણઈ સુપ્રસાદિ, **સોલ ચિડોત્તર** ફાગુણ આદિ ૬૧
કીધી કથા એ **સીતા** તણી, સીલ તણી મહિમા જસુ ઘણી,
ભાષઇ ભણિજ્યો બહુ ગુણ યુણી, પૂરઇ આસ સદા મન તણી ૬૨

(૧) સં.૧૬૫૬ વર્ષે આષાઢ માસે શુક્લપક્ષે ૧૪ તિથૌ લિષતમિંદ શ્રી **વિક્રમ**પુર મધ્યે. ગોડીજીનો ભંડાર, ઉદયપુર. [મુપુગૂહસૂચી, **હેજ**જ્ઞાસૂચિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભા.૧ (પૃ. ૩૯૫).]

(૩૯૮) ચિત્રસેન પદ્માવતી રાસ ૨. સં.૧૬૦૪ શ્રાવણ જોધપુરમાં

આદિ –

વસ્તુ

સંતિ જિણવર **સંતિ** જિણવર સકલ સુખકર,
પંચમ ચક્રેસર પવર સંતિકરણું સવિ દુરિય દુખહર,
અવર સવે તિથેસરૂ ચઉદસરસ ભાવન ગણુધર.
સિદ્ધસૂરિ ગણિપતિ જયઉ **કક્કસૂરિ** ગુરૂરાય,
આપઉ સારસ બુધિ હિવ **હરષસમુદ્ર** પસાઈ,

દૂહા.

સીલ તણા ગુણ સંભલી, માનિ આવ્યઉ ઉછરંગ,
જિણવર શ્રીમુખિ ભાખિયઉ, મોટઉ **સૂઅગડ** અંશ. ૨
મેરૂ સુંદરણ હેમગિરિ, વેણુ દેવ ગુરૂ પંષિ,
જગ અખરામણું સીતનઈ, ઇંદ્ર અગુરૂઈ અંખિ. ૩
પ્રથમ ક્ષીર મંત્રિ હિ વડઉં, હોઉ કાર જિમ સાર,
અંતિમ સાયરઈ ગંગજલિ, મંત્રઈ વડઉ નવકાર. ૪
તિમ વ્રત મોટઉ ન્યાતસુત્ત, ભાખઇ અંગ ગરિઠ,
તસુ પ્રતાપિ જગમગઈ, વાચઈ **વેદ** વસિઠ. ૫
સતીય સીલ સોભાગિણી, **પદ્માવતી** વિશેષિ,
તેહ તણા ગુણ સંભલી, થયઉ મનિ હરષ અલેષિ. ૬
કવિયણ જે પુણ આગલા, વિદ્યા સયલ નિવાસ,
મૂઝ મૂરિખના વયણ સુણિ, નવિ કરિવઉ ઉપહાસ. ૭
ગરૂઆનઈ નામઈ ગહણિ, સીઝઈ વંછિત સિધિ,
પદ્માવતિ ગુણ જંપિવા, આપઉ અવિયલ બુધિ. ૮

અંત – સીલિપ્રભાવનઉ પાસ લહીજઈ, કીજઇ મનિ ઉમ્હાહ રે,
નરવર સુરવર સુખ ગ્રહીજઈ, સીલ પરમ પદ લહિયઇ રે. ૨૩૯
શ્રી **ઉદયસ** ગણવરઇ ગણહર, ગુણેહિ વિસાલો રે,
રત્નપ્રભસૂરિ જો મલઇ ભૂતલિ વિરલઉ ભાલિ રે. ૨૪૦
સંપઈ રવિસિસિ સમવડિ, **સિદ્ધિસૂરિ કક્કસૂરિ** રે,
ગુરૂ મનઈ સીસ તડોવડઇ, પાપ પગાસઇ દૂરિ રે ૨૪૧
તેહ તણઉ નિત આજ્ઞાપાલક, વાચકવરના પાય રે,
હરષસમુદ્ર સદા રૂપસાગર, નામંતરિ તેરઇ ધામ રે. ૨૪૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિનયસમુદ્ર વણારિસ બોલઇ, **પદ્માવતીય** પ્રસિદ્ધ રે,
ચિત્રસેન નૃપ રાણી તોલઇ, આ વરનં તસુ પદ કીધ રે. ૨૪૩
સીલ તણા ગુણ નિરમલા, **જોદ્ધપુરિઇ શ્રી પાસ** રે,
મુનિસુવ્રતિ ગુણ ઉજલા, **કુંથી** જિણંદ ઉલ્લાસ રે.
સંતિ વિમલ શ્રી **પાસઇ**, કીધઉ ચરિત્ર રસાલો રે,
સોલ ન(ચિ)ડોતર શ્રવણ માસહિ, સુણજ્યો પુણ્યવિશાલો. ૨૪૫
સીલિહિ લહિયઈ રાજ્યે રે, સીલિઈ દુરિત વિરામઈ,
સીલિ સરઇ સવિ કાજ્યે રે, સીયલિ સયલ સુખ પામીયઇ. ૨૪૬

(૧) સં.૧૬૫૩ વિરષે મિતિ જેઠ સુદિ ૫મી સુકલ પખે સં. વાણારિસ **શ્રી** ગુણચંદ્ર તસુ સીષ **શ્રી**ચંત લિષત. **ના**ગર મધ્યે. પ.સં. ૧૪-૧૪, ડે. ભં. દા.૭૦ નં.૬૫.

(૪૦૦) રોહિણેય [ચોર મુનિ] રાસ ૨.સં.૧૬૦૫

(૧) ભાં.ઇ. સન ૧૮૮૭-૯૧ નં.૧૪૯૧. [મુપુગુહસૂચી.]
[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૬૮-૭૦, ભા.૩ પૃ.૬૨૫-૨૯.]

૨૨૨. ભીમ (શ્રાવક)

(૪૦૧) અગડદત્ત રાસ ૨.સં.૧૫૮૪ અસાડ વદ ૧૪ શનિ નડિયાદમાં

આદિ –

દૂહા

પ્રથમઈ પ્રણમૂં **સારદા**, કવીઅણ કેરી માય,
અવિચલ પદ **આપઇ** સદા, તૂઠી કરઇ પસાઉ. ૧
તૂં સામિણિ માતાપિતા, તૂં બાંધવ તૂં મિત્ર,
તૂંહ પયકમલ હીઇ ધરી, કહિશિ કથા સુપવિત્ર. ૨
જે કવીઅણ વાંણી કવઇ, તે તુઝ કરઇ પ્રણામ,
જઉ તૂં માત મયા કરઇ, તુ સીઝઇ સવિ કાંમ. ૩
મૂઝ મૂરખ મનિ ઉપનઉ, ભાવ ભલો અતિ સાર,
અગડદત્ત રિષિ રાયનુ, રાસ રચિસિ વિસ્તારિ. ૪

(પછી સરસ્વતી સ્તુતિ ચોપાઇમાં મૂકી છે.)

તુઝ પયકમલ હીયા માહિં ધરૂ, કથા એકનું નાટિક કરૂં,
મુઝ મૂરખ મનિ એ મતિ સોઇ, રખે માત હાસારથ હોઇ. ૧૭

અંત – વૈરાગિં તે મુનિ કહ્યઇ, લીધો સંયમભાર,
દિનિદિનિ તપ અધિકુ કરઇ, **અગડદત્ત** રિષિ સાર. ૪૬૮
તેણઈ ય(જ)મ મોહ મૂંકાઉં, તિમ યે(જે) મૂકઇ આસ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભીમ ભણઇ તે ભવ તરઇ, વલી નાવઇ ગર્ભવાસિ. ૪૬૯
કેતે કેતે ઘાહાઢલે, સોસી તેણઈ કાય,
શિવરમણી હેલાં વરી, **અગડદત્ત** રિષિરાય. ૪૭૦
એહ કથા કિહાંથી કથી, કિમ જાંણિઉ સંબંધ,
કહિ કવિ તે મઇ કિહાં સુણી, કિમ કીધો પ્રબંધ. ૪૭૧

ચુપૈ.

નગર ભલૂં **નડિયાઈદ** ચંગ, ગઢ મઢ મંદિર અતિ ઉત્તંગ,
વસઈ વ્યવહારી મહાજન બહૂ, એક એક પહિં ચડતા સહૂ. ૪૭૨
તીરથ ઘણાં અછઇ પુર માંહિ, **શાંતિનાથ** નાંમિં દૂખ જાંઇ,
નગરશિરામણિ પુરવર એહ, કહિતાં કિંમ હિ ન આવઇ છેહ. ૪૭૩
કહિ કવિતા શૂં વખાણીઈ, મહિલા વા મહીઅલિ જાંણીઇ,
ધર્મ નીમ પાલઈ આચાર, પીડ્યાં નર પીહર સાધાર. ૪૭૪
દાંન પુણ્ય તપ બુહલાં કરઇ, સાત વ્યસન સહુ કો પરહરઇ,
તે કોઈની પૂગી આસ, યે(જે)ણીઇ નામ દીધૂં **જણુદાસ.** ૪૭૫
ઘણ કણ કંચણ તેહ ઘરિ બહૂ, કહિ કવિતા તે કેહવાં કહૂં,
અધિકાં પુણ્ય કરઇ દિનદિન્ન, જસ ઘરિ બેટા પુરૂષ રતન્ન. ૪૭૬
જે **ગોરૂ** કહીઇ તે સાચ, સહિગુરૂ તણી ન લોપઇ વાચ,
પુણ્યકાજ સાધઇ એકલુ, પાપકર્મથી રહિ વેગલુ. ૪૭૭
કોઇ રાજકુલમંડણ હોઇ, જસ ગુણ પાર ન પામઈ કોઈ,
જીવદયા નિતુ પાલઇ ઘણી, વાચ ન લોપઇ શ્રી ગુર તણી. ૪૭૮
જૂઠરાજ જગમાંહિ ચંદ્ર, કરિ અવની અવતરિઉ ઈંદ્ર,
ધર્મ કરઇ જલિ જયણા સાર, ઘરિ મંડાવઇ શત્રૂકાર. ૪૭૯
જાવડ જગમાંહિં સુપ્રસિદ્ધ, જેણઈ પુણ્ય અતિ બુહલાં કિદ્ધ,
સુખિં સમાધિં વિલસઇ ઘણુઉં, પુણ્ય તણુઉં ફલ લિઇ અતિ
ઘણુઉં. ૪૮૦
રૂપવંત **રૂપો** સાહા જેહ, અવનિ અનંગ અવતરિઉ તેહ,
તાસ સાથિ સોહઇ **હરિચંદ**, પુણ્ય કાજિ જેહનઈ આણંદ. ૪૮૧
નાગરવંશ તણઉં શણગાર, **સાંમલ** સાંમલવન્નઉ સાર,
સાહા **શાણા**સુત **નાકર** જેહ, અહિનિશિ પુણ્ય કરઇ નર તેહ. ૪૮૨
શ્રાવક અવર ઘણા છિ બહૂ, પુણ્ય કાજિ સામર્થી સહૂ,
ત્રિણિ કાલ સહૂ વંદઇ દેવ, અહનિશિ સાધઇ સહિગુરૂસેવ. ૪૮૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સયલ સંઘ બઇઠો એક વાર, હુઇ કથા તવ ધર્મવિચાર,
તપગચ્છિ **હેમવિમલ**સૂરિરાય, જસ નામિં બહૂ પાતક જાય. ૪૮૪
તાસ પાટિ અતિ ઘણી જગીસ, શ્રી **સૌભાગ્યહર્ષ** સૂરીસ,
તસ ગચ્છિ **હર્ષજઈ** પંડિત સાર, કરિ અભિનવ **ગૌતમ** અવતાર.
તે પંણ્યાસ તિહાં ચુમાશિ, સયલ સંઘ બઇઠો ઉલ્હાશિ,
કરઇ વખાંણ તે અતિ સપવિત્ર, **અગડદત્ત**નૂં કરિઉં ચરિત્ર. ૪૮૬
તેહ વચન મઈં શ્રવણે સુણિઉં, **સરસતિ** ચરણકમલ મનિ ધરિઉં,
આણંદ આણી કહિ **હરચંદ**, તિહાંથુ મઝ ઉપનુ આણંદ. ૪૮૭
એહ રાસ રચીઉં ચોસાલ, કુણ સંવત તે કેહુ કાલ,
પનર શત ચુરાશી જેહ, અષાઢહ વદિ સોહઇ તેહ. ૪૮૮
તિથિ ચૌદશિ સોહઈ સપવિત્ર, વાર શનૈશ્ચર પુષ્ય નક્ષત્ર,
રચિઉ રાસ સયલો એકત્ર, **અગડદત્ત**નૂં કહિઉં ચરિત્ર. ૪૮૯

દૂહા.

પઢઇ ગણઈ જે સાંભલઇ, નરનારી ઉલ્હાસિ,
અગડદત્ત કેરી કથા, તે નાવઈ ગર્ભવાસિ. ૪૯૦
પાંચ ખંડ પોઢે કરી, રચીઉ એહ પ્રબંધ,
ભીમ ભણઈ ભવીઅણ સુણો, તુ છૂટઇ ભવબંધ. ૪૯૧

(૧) પ.સં. ૧૮–૧૫, ડાહ્યાભાઈ વકીલ સુરત. (૨) પ.સં. ૨૨, લીં. ભં. દા.૩૬ નં.૪૫. (૩) સં.૧૬૩૦ ફા. શુ. ૯ બુધ લ. વકીલ **વ**રજલાલ **વે**ણીદાસ ખેડા મધ્યે શ્રી **ભી**ડભંજન **અ**મીઝરા **પા**ર્શ્વનાથ પ્રસાદાત્. પ.સં.૧૯–૧૪, ખેડા ભં. દા.૮ નં.૯૯. [લીંહસૂચી (કર્તાનામ નથી).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૩૮, ભા.૩ પૃ.૫૭૫–૭૭ તથા ૧૪૯૫.]

૨૨૩. સાધુરત્નસૂરિ

આ સાધુરત્ન તે પાર્શ્વચંદ્રસૂરિ કે જેણે સં.૧૫૭૨માં જુદો ગચ્છ કાઢ્યો તેના ગુરુ કદાચ હોય; અને જો તે હોય તો તેના ગુરુપ્રગુરુની પટ્ટાવલિ 'ઇંડિયન એંટિક્વરી'ના ૧૮૯૪ના અંકમાં આપેલ પાયચંદગચ્છની પટ્ટાવલિ પ્રમાણે પૂર્ણચંદ્રસૂરિ–તેના હેમહંસસૂરિ–લક્ષ્મીનિવાસસૂરિ–પુણ્યરત્નસૂરિ અને તેના સાધુરત્નસૂરિ અને તેના પાર્શ્વચંદ્રસૂરિ એ પ્રમાણે છે.

(૪૦૨) કયવન્ના રાસ

આખો ચોપાઈ છંદમાં છે.

આદિ – પણમિય **વીર** જિનેસર દેવ, **સરસતિ** સામિણિ સમરી હેવ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર જોડિનઈ કહું વિસાલ, કયવન્નાનઉ રાસ રસાલ. ૧
દાન વડું સુણયો સંસારિ, દાનઈં દુર્ગતિ દૂરઈં વચારિ,
દાનઇ સુખ સંપતિ સંયોગ, દાનઈં મનવંછિત લહીઇં ભોગ. ૨

અંત – **સાધુરતન**સૂરી ઇમ ભણઇ, **કયવન્ના**નું ચરિત્ર જે સૂણઇ,
ભણઇ ભણાવઈ જે વલિ ગણઇ, ચઉદ રયણ નવનિધિ આંગણઇ. ૧૧૫

(૧) મુનિશ્રી **માન**સાગર પઠનાર્થે. પ.સં. ૫–૧૨, ધો. ભં.
[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૩૮.]

૨૨૪. પાર્શ્વચંદ્રસૂરિ (બૃહત્તપા. નાગોરી તપા. સાધુરત્નશિ.)

હમીરપુર નગરના પ્રાગ્વંશના વેલ્હગશાહ પિતા, વિમલાદે માતા. જન્મ સં.૧૫૩૭ ચૈત્ર શુદિ ૯ શુક્રવારે, દીક્ષા સં.૧૫૪૬, ઉપાધ્યાય પદ સં.૧૫૫૪. આચાર્યપદ સં.૧૫૬૫, યુગપ્રધાનપદ સં.૧૫૯૯ અને સ્વર્ગવાસ સં.૧૬૧૨ જોધપુરમાં. તેમણે મારવાડના રાજા રાવગાંગજી તથા યુવરાજ માલદેવજીને પ્રબોધ્યા હતા, તેમજ ખુણેાત ગેાત્રના ક્ષત્રિય રજપૂતોનાં ૨૨૦૦ ઘર પ્રતિબોધી ઓશવાલ શ્રાવક કર્યા, તેમજ ગુજરાતમાં ઉનાવા ગામમાં વૈષ્ણવ સેાની વાણિયાને ચમત્કાર દેખાડી શ્રાવકેા કર્યા તે હજુ મેાજૂદ છે. વળી બીજાં અનેક ગામેાના શ્રાવકેા માહેશ્વરી થયેલા તેમને પ્રતિબોધી ફરી શ્રાવકેા બનાવ્યા હતા. તેમના પરથી પાયચંદીયગચ્છ નીકળ્યેા છે. મૂળ તે નાગપુરીય તપાગચ્છ કહેવડાવે છે.

(૪૦૩) + સાધુવંદના

આદિ – **રિસહ** જિણ પમુહ ચઉવીસ જિણ વંદિયેં
હેલિ સંસારના દુખ સવિ છિંડિયેં
પુંડરીકાદિ ગણધાર મુણિ સાહુણી
સાર પરિવાર જગિ જાસુ મહિમા ઘણી ૧

અંત – કલસ.
ઈમ જૈનવાણી જોઈ જાણી હિયઇ આણી મઇ ભણ્યા,
ભવતરણતારણ, દુઃખવારણ, સાધુ ગુરૂમુખિ જે સુણ્યા,
ઈમ અચ્છઈ મુનિવર જેય હોસ્યઈ, કાલિ અનંતઈ જે હુઆ,
તે સત્ત છંદિહ **શ્રી પાસચંદ**ઈ મનિ આણંદઈ સંથુઆ. ૮૮

(૧) સં.૧૬૮૬ ફા. શુ. ૬ રવિ. પ.સં. ૬–૧૩, સંઘ ભં. પાટણ દા.૬૩ નં.૨૩. (૨) સં.૧૭૨૬ શાકે ૧૫૯૧ આશ્વિન શરદ ઋતૌ અષ્ટમી કર્મવાટી પંચાચિર્ય વાસરે **સ્ત**ંભતીર્થે **વુહરા જય**રાજ સુત **વુહરા**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નગરાજ સ્તવપઠનાર્થં લિખાપિતો. પ.સં. ૭-૧૧, ખેડા ભં.૩. (૩) ઇતિ સૂત્રોક્ત સાધુવંદના. પ.સં. ૫-૧૩, સારી પ્રત, મુક્તિ૦ નં.૨૩૬૭. (૪) સા. રાજ સુતરત્ન સા. કયરા ભણનાર્થં. પ.સં. ૯-૯, હા. ભં. દા.૮૩ નં.૬૫. (૫-૬) પ.સં. ૫, ગ્રં. ૮૮ અને પ.સં. ૬, લીં. ભં. દા.૪૧ નં.૩૧. (૭) સ્થવર ઋષિ શ્રી ૬ જસવંતજી તત્ શિષ્યેન લિ૦ મુનિ વીરકાખ્યેન પઠનાર્થં ઋ. શ્રી કુરસીજી. પ.સં. ૫-૧૪, હા. ભં. દા.૮૨ નં.૨૦૫. (૮) પ.સં. ૭, ગા. ૮૯, પ્રતિ ૧૮મી સદીની, જિ. ચા. પો.૮૪ નં.૨૧૮૦. (૯) પ.સં. ૩, પ્રતિ ૧૮મી સદીની, જિ. ચા. નં.૨૧૮૫. (૧૦) મિ. જિનદત્તસૂરિશિ. મહો૦ દેવસાગરશિ. મુ. માનસાગર લિ. પ.સં. ૪-૧૫, મુનિ સુખસાગર પાસે. (૧૧) કચ્છી દ. ઓ. (૧૨) પ્ર.કા.ભં. (૧૩) પ.સં. ૬-૧૪, માં. ભં. (૧૪) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૮, ૨૯૨, ૩૨૬, ૪૫૧, ૫૦૯).]

પ્રકાશિત : ૧. પ્રાતઃસ્મરણીય પ્રકરણસંગ્રહ, સં.૧૯૭૦, સને ૧૯૧૪.

(૪૦૪) પાક્ષિક છત્રીશી

આદિ – પ્રણમિય પહિલઉ વીર જિણંદ

અંત – શ્રી પાસચંદ પભણઈ સુખ લહઉ.

(૧) પ.સં. ૫-૧૧, લે. વ. ભં. દા.૧૧ નં.૩૭. (૨) અમ. (૩) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૦૨, ૪૫૧, ૪૬૬).]

(૪૦૫ ક) અતિચાર ચોપાઈ ગા. ૧૫૬

આદિ – નાણે દંસણિ ચરણે જ્ઞણિ, સમકિતસું વ્રત બાર વખાંણિ,
સંલેહણ તવ વિરિયાચાર, તિહનાં આલોઇસું અતિચાર. ૧

અંત – એવં શ્રાવકનાં અતિચાર, એકસો ચોત્રીસે સુવિચાર,
એક છંદી કરી ચોપઈ, પાસચંદિઇ મુનિ હરષે કહી ૧૫૦
પાખી ચોમાસિઈ સંવછરી, સહુએ શ્રાવક આદર કરી,
શ્રાવિકા ભણિજ્યો ગુણિ સદા, લહિજ્યો શિવસુખ ને સંપદા. ૧૫૧

(૧) લિ૦ કેડા ગામે જીવરાજેન પંડં સાલાયાં સં.૧૯૩૫ માહા સુદ ૧૨ સોમે પઠનાર્થં ભાઈ તલકસી સારૂ. પ.સં. ૯-૧૧, મો. સેં. લા. (૨) સં.૧૬૫૭, ગ્રં.૧૫૬, લીં.ભં. દા.૩૯ નં.૫૩. (૩) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે.

(૪૦૫ ખ) + ચરિત્ર મનોરથમાલા ૩૬ કડી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિ – સુહગુરૂપય પણમઉં નિસદીસ, કર જોડીનઈ નામઉં સીસ,
(૨) ... પસાઉ નિર્મલ નાણ, લહિ સુભગતિ તણુઉ અહિનાંણ. ૧
અંત – શ્રીપૂજ્ય આસચંદસૂરિ ઇમ વિનવઈ, સંભલિયો સહુકોઇ
આણ સહિત ક્રિયા મિલી, શિવસુખદાયક હોઇ. ૩૬

(૧) રચના ભાદરવા મધ્યે સં.૧૭૪૩ ચૈત્ર સુદિ. ૫.સં. ૭–૧૨, રે. એ૦ સો. પ્રી. ડી. ૮૩ નં. ૧૮૬૯. (૨) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે. [આલિરટ્યાંક ભા.૨, જૈન પ્રોસ્ટા (પાર્શ્વનાથને નામે), હેજેજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૧૧, ૫૯૧)]

(૪૬૬) + શ્રાવક [શ્રાદ્ધ] મનોરથમાલા ૨૭ કડી

આદિ – વીર જિણેસર પય પ્રણમેસું, નામમંત્ર ગુરૂનો સમરેસું
ત્રણ મનોરથ શ્રાવક તણા, કહિસ્યું હિયડે ધરી ધારણા. ૧
અંત – ઇણિ પરે આગમેં જિણવર ભાખિયા, શ્રાવકનેં અધિકાર
ભવિયણ આગલેં સૂરિ **પાર્શ્વચંદ્ર**, કહે તેહી જ અનુસાર. ૨૬
ત્રણ મનોરથ ઇમ કરે, જે શ્રાવક સુવિચાર
જિમ શ્રાવક તિમ શ્રાવિકા, દુત્તર તરેં સંસાર. ૨૭

(૧) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે.

પ્રકાશિત : (૧) પ્રાતઃસ્મરણીય પ્રકરણસંગ્રહ.

(૪૬૭) + વસ્તુપાળ તેજપાળ રાસ કડી ૮૫ કે ૭૬

આદિ – જિણ ચુવીસઇ ચરણ નમેવીય, અનઇ સૂયસામિણિ **સરસતિ** દેવીય
સહિગુરૂ પાય પસાઉલઈ એ
રાસબંધિ ભિહું બંધવ કેરૂં, કાંઇ કીજઇ ચરિત (કવિત્ત) નવેરૂં
વસ્તપાલ તેજગિ તણઉં એ. ૧

(જૈન સાહિત્ય સંશોધક ૩.પૃ. ૧૧૬માં જે ત્રુટક રહેલ છે તે મૂકી તેની પૂર્તિ કરીએ:)

વીરધવલ તવ મંત્રીઉ એ, અતિ ઘણુ આધકેરૂં
હિવ મંત્રીસર ચીંતવઇ એ, પુન્ય કરિસું નવેરૂં. ૪૯
(વસ્તુ)–સૂર સસિહર સૂર સસિહર, તણઇ આકારિ
એ બંધવ પરણાવીઆ બેઉ નારિ અતિ સુભગ સુંદર
બેઉ મંત્રીસર થાપીયા હુઇ લછિય ઘણીય મંદિરિ
બે પુણ ઝૂઝઈ આગલા, જીતઉ ખાંડઇ હરાઉ
મંત્રીસર મનિ ઊપનુ, ધરમહ ઊપરિ ભાઉ. ૫૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચઇ એ સહિસ પ્રાસાદ, **વસ્તગિ** જૈન કરાવીયા એ
બિંબહ એ લાખ સવાઉ, બિહું બંધવિ ભરાવીયા એ. ૫૧
પોસહ એ સાલ સઈ નવ, ચુરાસી વલિ **આગલીય**
સાતસઈ એ સત્રકાર, લેખશાલા તે તેતલીય. ૫૨
દુનિ સઇ એ ગરૂય તલાવ, ગઢ બત્રીસ કરાવીયા એ
તોરણ એ વર સઈ ચ્યારિ, ઇગવીસ સૂરિપદ થાપીયાં એ. ૫૩
પાંચ સઇ એ વેદ ભણંતિ, એક સહિસ વર્ષાસના એ
પાંચ સઇ એ આગલી પાંચ, સમોસરણ **જાદર** તણાં એ. ૫૪
પાંચ સઇ એ સિંહાસણ સહસ પાટ આસણ તણાં એ
ચઉસઠિ એ તરક મસીત, સાત સઇ મઢ તપસી તણાં એ ૫૫

અંત – જીણઇ એઉ રાસુ સાંભલીઉ, **જાણે** તેહ ઘરિ સુરતરૂ ફલીઉ
પાસચંદ્રસૂરિ ઇમ બોલંત, ભણઇ સુણઇ તે સુખ લહંતિ. ૮૬

(૧) શાંતિ.ભં. ખંભાત. (૨) ભાં.ઇ. **સને** ૧૮૯૨–૯૫ નં. ૮૨૫ (૩) પ.સં. ૩–૧૬, અનંત. ભં. નં. ૨. (૪) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે. [મુપુગૂહસૂચી.]

પ્રકાશિત : ૧. જૈન સાહિત્ય સંશોધક ખં. ૩ પૃ.૧૧૭થી ૧૨૦ (જેને શાંતિ. ભં.ની પ્રત સાથે મેળવી મેં શુદ્ધ કરી ઉતારી રાખી છે). [૨. જૈન સત્યપ્રકાશ વર્ષ ૮ અંક ૯.]

(૪૦૮) [+] આત્મશિક્ષા કડી ૨૩

આદિ – રે અભિમાની જીવડા, તું કિમ પામિસિ પાર,
લઘુ છલ નિરખે પારકા, તું તિહનો ભંડાર. ૧

અંત – ઇમ આત્મશિક્ષા ભણિ, કીધા દોહા એહ,
પાસચંદ્રિ જે નર ભણે, તસુ મનિ ધરમ સનેહ. ૨૩

(૧) પ.સં. ૨–૧૪, પ્રાચીન પ્રત, આ. ક. ભં. (૨) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે. [લીંહસૂચી.]

[પ્રકાશિત : ૧. ષટ્ દ્રવ્ય નય વિચારાદિ પ્રકરણસંગ્રહ.]

(૪૦૯) આગમ છત્રીશી

આદિ – સુહગુરૂ ચરણકમલ પ્રણમેસુ, પ્રવચન ગુણહ કેવિ કહેસુ,
શ્રુત બીજક જોઇ જાણિયે, નામ ગ્રંથ સંખ્યા આણિયે.

અંત – ઇણિ પરિ સુવિસાલે પંચમ કાલે જે આગમ ગણિ ઉદ્ધરિય,
પુસ્તક લેખિ રાખ્યા જિણવરે ભાખ્યા ભવિયણ હિતકારણ કરિય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તસુ નામ પભણું ગુણઈ પહાણું બીજક જોઈ સ્મૃતિ ભણિય,
ચિહું વર છંદિઈ મન આણંદિઈ, **પાસચંદ** હરષિઈ ભણિય.

(૧) પ. ક. ૨૮થી ૫૦, લે. વ. ભં. દા.૬ નં.૪. (૨) જુઓ કૃતિ-ક્રમાંક ૪૪૧ને અંતે. [મુપુગૃહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા. ૧ (પૃ. ૪૫૧, ૪૬૮).]

(૪૧૦) ઉત્તરાધ્યયન છત્રીશી

(૧) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે.

(૪૧૧) ગુરુ છત્રીશી અથવા ભાષા છત્રીશી

આદિ – ઋિસહ પમુહ જિણવર ચઉવીસ, વિહરમાણ તિત્થંકર વીસ,
વિહરે દુન્નિ કોડિ કેવલી, પ્રહ ઊઠી વંદો મન રલી. ૧

અંત – એહ વચન સાચા સદ્દવહે, ભવિયણ આગલિ સાચા કહે,
તે સુહગુરૂનો સમરી નામ, **પાસચંદ** નિતુ કરે પ્રણામ. ૩૭

(૧) સંવત ૧૬૫૪ જેષ્ટ સુદિ ૪ ભોમવાસરે લિષત ઋષિ હરજી ઋષિ દિનકર પઠનાર્થં. પ.સં. ૧૫, સંઘ ભં. દા.૭૫ નં.૮૫. (૨) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૯).]

(૪૧૨) મુહપત્તી છત્રીશી

આદિ – નમિય સુગુરૂ **અસિઆઉસાઈ** સમરી પભણીજઇ

અંત – ગુરૂપ્રસાદે પભણઈ શ્રી **પાસચંદ**. ૩૬

(૧) પ.સં. ૫-૧૧, લે. વ. ભં. દા.૧૧ નં.૩૭. (૨) જુઓ કૃતિ-ક્રમાંક ૪૪૧ને અંતે. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૫૧, ૪૬૬).]

(૪૧૩) વિવેક શતક

(૧) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે.

(૪૧૪) દુહા શતક

આદિ – જગન્નાથ જગત્રાતઃ કૃપાસ્પદ કૃપાકર
શરણ્ય ભક્ત સાધાર, શ્રુણુ વિજ્ઞપ્તિકાં મમ. ૧
જગગુરૂ જિણવર વીનવું, વિનતડી અવિધારિ,
ત્રિભુવનનાયક એક તું, જુગતાજુગતિ વિચારિ. ૧

અંત – જગદીશ્વર પય સમરતાં, પાલંતા તુમ્હ આણ,
અવજસ જસ દુખસુખ સહી, જે હુઇ તે સુપ્રમાણ. ૯૭

(૧) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે.

(૪૧૫) એષણા શતક કડી ૧૦૧

આદિ – શ્રી જિનશાસન સમવડઇ અવર ન શાસન કોઇ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહિ કિમ હીરાગર તુલઇ, જગિ લવણાગર હોઇ. ૧

અંત – વસ્તુ

જય મુણિવર જય મુણિવર પંચ આચાર
પાલઇ પંચિંદિયદમણ પંચમાણુ-ભડ-માણુગંજણ
શુદ્ધ જિનાગમ પન્નવઇ ભવિય-લોય-ભવભીડભંજણ
સાધુરયણ તારણતરણ તે સમરઉં નિસિદીસ
શ્રી **પાસચંદ** ધમ વીનવઇ, તસુ પય નામઉં સીસ. ૧૦૧

(૧) પ.સં. ૭–૧૧, લે. વ. ભં. દા.૩ નં.૧૨. (૨) પ. ક. ૨૮થી ૫૦, લે. વ. ભં. દા.૬ નં.૪. (૩) પ.સં. ૫–૧૩, લે. વ. ભં. દા.૧૧ નં. ૬૯. (૪) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૦૨, ૪૧૮, ૪૫૧, ૪૬૭).]

(૪૧૬) સંગરંગ પ્રબંધ ૧૨૮ કડી

આદિ – ધમ્મ સવણાણુરત્તા, સઉજ્જમા ધમ્મ કમ્મ કરણંમિ
કય ધમ્મિય સાહિજ્જા. જયંતુ ભવ્વાય સપ્પુરિસા. ૧

ચઉપઈ

પ્રણમિય **સાહુરયણ** ગુરુપાય, ધર્મલાભનઉ કહિસુ ઉપાય,
ભવિયણુ ધર્મનેહ સંભરી, સંભલિજ્યો મનિ આદર કરી. ૨
દસ દૃષ્ટંતિઈ ધર્મ દુર્લભ, ધર્મ જાણિ સિવઘરિ દઢ થંભ,
ધર્મ્મ સમાણુ નહી ઉપગાર, ધર્મ્મ જીવનઈ તારણહાર. ૩

અંત – સાધુસંગિ જગિ જસુ વિસ્તરઇ, સાધુસંગિ મનવંછિત ફલઇ
સાધુસંગિ નય વિનય વિવેક, સાધુસંગિ ગુણ થાઇ અનેક. ૧૨૬
આગઇ ઉત્તમ હુઆ અનંત, અવર હુસ્યઇ બહુલા ગુણવંત,
વિજયવંત વરતઈ ઇણિ કાલિ, તે સંગતિફલ લ્યઉ સંભાલિ. ૧૨૭
ઇણિ પરિ દુષ્ટ સંગ પરિહરઉ, સાધુસંગિ મનિ આદર કરઉ
જિમ મનવંછિત સુહફલ હવઇ, હરષઈ શ્રી **પાસચંદ** વીનવઇ. ૧૨૮
સંગરંગ પરિસ્કારઃ, કવિભિઃ પરિગુંફિતઃ,
અલંકરોતિ યત્કંઠં સત્સમાજે સ શોભતે. ૧૨૯

(૧) પ.સં. ૨–૨૫, યશોવૃદ્ધિ. પોથી નં. ૬. (૨) પ.સં. ૮–૧૨, લે. વ. ભં. દા.૩ નં.૯. (૨) પ.સં. ૭–૧૪, લે. વ. ભં. દા.૩ નં.૨૪. (૩) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૬૮).]

(૪૧૭) સ્થાપના દ્વિપંચાશિકા અથવા **જિનપ્રતિમા સ્થાપના**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિજ્ઞપ્તિ ૫૨ કડી

આદિ – લહિય દુહેલઉ મણુંય ભવ, ભવભંજન જગનાહ
ભો ભવિયણુ જિણુવર નમઉ, હિયઇ ધરી ઉચ્છાહ. ૧
અંત – નિશ્ચલ સૂત્ર પરંપરા, વરસ સહસ ઇકવીસ,
વીર થકાં તિણિ જે રહઇ, નમઉં તિ ગુરૂ નિસિદીસ ૫૨

(૧) પ. ક. ૨૮થી ૫૦, પં.૧૩, લે. વ. ભં. દા.૬ નં.૪. (૨) જુઓ કૃતિકમાંક ૪૪૧ને અંતે. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૫૧).]

(૪૧૮) અમર સત્તરી (દ્વાસપ્તતિકા) અથવા **સુરદીપિકા પ્રબંધ** ૭૪ કડી

આદિ – સુણંતુ તે ભોઅ સુરાઇયા સુરા, જે વિંતરા જોઇસિયા દેવા
વેમાણિયા કપ્પગ કપ્પતીયા, જે સંતિ સમ્મત્ત વિસુદ્ધ ચિંતા. ૧
જિનશાસન નિંદા ટાલિજ્યો, જિણુવર આણ ખરી પાલિજ્યો
શ્રી પૂજ્ય **પાર્શ્વચંદ્ર** એ કરઇ વીનતી સંભલિજ્યો સહુઅઇ
જિનમતી. ૭૪

(૧) લિખ્યતે કુંયરજી. પ.સં. ૨–૧૦, મો. મો. સાગર ઉ. પાટણ દા. ૬ નં.૨૯. (૨) પ.સં. ૫–૧૧, લે. વ. ભં. દા.૯ નં.૧૭. (૩) પ.સં. ૭–૧૨, રો. એ. સો. બી. ડી. ૮૩ નં. ૧૮૯૯. (૪) જુઓ કૃતિકમાંક ૪૪૧ને અંતે. [ડિકેટલોગભાઇ વો.૧૯ ભા.૨, સુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૦૨, ૪૪૬, ૪૬૭).]

(૪૧૯) નિયતાનિયત પ્રશ્નોત્તર પ્રદીપિકા કડી ૬૪

આદિ – શ્રી જિનશાસન જગિ આધાર, નિયતાનિયત પદારથ સાર,
તેહ છે માહોમાહે વિવાદ, તે ટાલો પ્રભુ કરો પ્રસાદ. ૧
અંત –
દુહા.
એ સદ્દવહણા ગુરૂવયણે, જાણિ જે પાલંતિ,
સમકિતપ્રવહણે તે ચડી, ભવજલરાસિ તરંતિ. ૬૩
શ્લોક–નિયતાનિયતા પ્રશ્નનિર્ણયાર્થપ્રદીપિકા
વિહિતા **પાર્શ્વચંદ્રેણ**, શ્રી ગુરૂણાં પ્રસાદતઃ ૬૪

(૧) જુઓ કૃતિકમાંક ૪૪૧ને અંતે. [લીંહસૂચી.]

(૪૨૦) બ્રહ્મચર્ય દશ સમાધિસ્થાન કુલક ૪૨ કડી

આદિ – **શ્રી નેમીશ્વર**પાય નમી, પામી સુગુરૂ પસાઉ
મનઉલ્લાસિઇ સંથુણ્યઉં, પરમ બ્રહ્મવતરાઉ. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંત – જયઉ બ્રહ્મચારી સુકૃતધારી **પાસચંદ્દિ** નમંસિયા. ૪૨

(૧) પ. ક. ૨૮–૫૦, લે. વ. ભં. દા.૬ નં.૪. (૨) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૧૩, ૪૫૧).]

(૪૨૧) ચિત્રકૂટ ચૈત્યપરિપાટી સ્ત૦

(૧) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે.

(૪૨૨) સત્તરભેદી પૂજા વિધિગર્ભિત

(૧) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે.

(૪૨૩) કાઉસગ્ગના ૧૯ દોષ સ.

(૧) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૧૧).]

(૪૨૪) વંદનદોષ ૩૨ ફુલક

આદિ – પ્રણમિ પરમાણંદપય, પરમેશ્વર પહુ **પાસ,**
કરિ સુગુરૂ વંદણ તણો, પરમારથ સુપ્રકાશ.

અંત – બત્રીશમો દોષ એ જાણિ, પરિહર સંભલિ પ્રવચનવાણિ,
એ બત્રીશ દોષ ટાલિવા, આવશ્યક નિરતા પાલિવા.
ઇમ ગુણ વંદણ જે નર કરે, ભવસાયર તે લિલે તરે.
પાસચંદ હરષિઇ તે કહે, ભણુત ગુણત પરમારથ લહે. ૨૮

(૪૨૫) ઉપદેશારહસ્ય ગીત

(૧) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે.

(૪૨૬) ૨૪ દંડક ગર્ભિત પાર્શ્વનાથ સ્તવન ૨૪ કડી

આદિ – પ્રણમું **પાસ**નાહ પ્રહિ સમઈ, દરસણિ દહે દુરી ઉલ્લસમઈ,
કરૂ વીનતી બે કર જોડિ, આગતિ ગતિ ભવ થિકી છિકોડિ. ૧

અંત – પન્નવણા ભગવતી મઝારિ, બોલ્યુ તિહા એ બહૂત વિચાર,
પાસચંદ્દિ વીનવિઉ **પાસ,** મુઝ મનવંછિત પૂરૂ આસ. ૨૪

(૧) ઇતિ સ્તવનં. ટબા સહિત પ.સં. ૩. આ. ક. ભં. (૨) પ્ર. કા. ભં. (૩) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૫૯, ૪૯૫, ૫૦૭).]

(૪૨૭) + આરાધના મોટી કડી ૪૦૬ ૨.સં. ૧૫૯૨ માઘ શુ. ૧૩ ગુરુવાર

આદિ – શ્રી જિનચરણ જુયલે પ્રણમેસુ, સુગુરૂ નામ હિયડઇ સમરેસુ,
કહઈસુ સંખેપિઈ **આરાધના,** ભવિક જીવ સુખસાધના. ૧
ઉત્તમ નર જે કરઇ ત્રિકાલ, એ આરાહણ ગુણ સુવિસાલ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિનય સહત મેલી કર ભાલ, છલીય ન સક્કઇ તેહનઇ કાલ. ૨
જીવતવ્યની મ કરિસિ આસ, સાસ તણુ કેહુ વિસાસ,
ખિણિખિણિ આવઇ ખિણિખિણિ જાઈ, જતન કરંતાં થિર નહુ થાઇ. ૩

અંત – **પનરહ સય બાણૂ** વરસિ વિક્રમકાલ વિચારિ,
માધ શુકિલ તેરસિ દિવસિ પુષ્ય રિખ્ખિ ગુરૂવારિ. ૪૦૫
પાલઈ નિરતી જે જિનઆણુ, તે પામઇ વંછિત કલ્યાણુ,
પભણઈ **સાહુરયણ** ગુરૂ સીસ, **પાસચંદ** સૂરિંદ મનિ ધરી જગીસ ૪૦૬

(૧) ગ્રં.૪૦૬, પ.સં. ૨૫-૧૧, દે. લા. પુ. લા. નં.૧૧૫-૩૯૫. (૨) સં.૧૬૪૧ કા૦ શુ. દ્વિતીયા દિને **માલવ** મધ્યે **સુજાઉલ** પુરવરે રાજાધિપ **અકબર** રાજ્યે **તપાગચ્છે** શ્રી પૂજ્ય **પાર્શ્વચંદ્રસૂરિ** શિષ્યાનુશિષ્ય **ઋષિ** રૂડા શિ. ઋષિ **ગુણરાજેન** લિ૦ વા. હંસચંદ્ર પઠનાર્થમ્. પ.સં. ૧૮-૧૩, તિલક ભં. પો.૭. (૩) આમોદ ભં. (૪) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે. [મુપુગૂહસૂચી (અજ્ઞાતને નામે), હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૬૮).]

પ્રકાશિત : ૧. પ્રાતઃસ્મરણીય પ્રકરણસંગ્રહ.

(૪૨૮) ખંધક ચરિત્ર સઝાય કડી ૧૦૨ ર.સં.૧૬૦૦ વૈ. શુ. ૮ શુક્ર

આદિ – આદિ જિણ **રિસહ** શ્રી **વીર** ચઉવીસમઉ,
ભાવિ ભેા ભવિય જગદીસ ચઉહુઅ નમઉ,
હઉં પુણ પ્રણમિય ભણિસુ **ખંદગ** ચરી,
ગુરૂમુખિ સંભલ્યઉ સુણુઉ આદર કરી. ૧
ભાખિયઉ **ભગવઇ** અંગિ સત બીજ એ,
પઢમ ઉદ્દેસિ ગુણ ગહણ તસુ કીજ એ,
સાહુગુણ ગાવતાં દુરિય દૂરિં ટલઇ,
સાધુગુણ ગાવતાં ચિત્તવંછિત ફલઇ. ૨

અંત – **વડતપગચ્છિ** ગુણરયણનિધાન. **સાહુરયણ** પંડિત સુપ્રધાન.
પાર્શ્વચંદ્ર નામે તસુ સીસ, તિણિ કીધેા મનિ આણી જગીસ ૧૦૦
સૂત્ર થકી કાંઈ અધિકેા ઊણુ, તેય ખમેા જિનવાણી નૂણુ,
ખ ખં રસ ચંદ (૧૬૦૦) વરસે ઉજલી, વઈસાખી આઠમિ મનરલી. ૧૦૧
શુક્રવારિ એ પૂરેા કર્યો, મહાઋષીશ્વર ભવજલ તર્યો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે મુનિવરનો સમરી નામ, ત્રિકરણ શુદ્ધઈ કરૂં પ્રણામ. ૧૦૨

(૧) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૩૯૮).]

(૪૨૯) આદીશ્વર સ્તવન વિજ્ઞપ્તિકા

તુમ્હિ પ્રસાદિ હુઓ પરમાણંદ, કર જોડી પ્રણમે શ્રી **પાસચંદ**

(૧) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૬).]

(૪૩૦) વિધિ શતક

આદિ – વંદિય **વીર** જિણિંદા, નમિય **ગોયમ** ગણુધાર,
સમરિય સુહગુરૂપય પસાય, જે મુઝ આધાર,
જિનપ્રતિમા પૂજા વિશેષ, બોલિસ્યો વિચાર,
સુગુરૂવચને સંભલ્યો જિસો તે ચિત અવધાર. ૧

અંત – લહી ઉસગ અવવાય, નરગુરૂ સંગતિ સંગતિ સરિસા ફલ લહે.
એ સુપ્રસન્ન જિણવર રાય કરૂણા ભગતિઇ, **પાસચંદ** મુની
ઇમ કહે એ. ૯૯

(૧) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે.

(૪૩૧) વિધિવિચાર કડી ૧૫૨

આદિ – **વીર** જિણેસર પય પ્રણમેવિ, સમરવિ કવિજણણી સુયદેવી,
પભણિસ વિધિહિ તણો વિચાર, સંભલિ ભવિયણ લહો ભવપાર. ૧

અંત – ઇમ સંખેપેહિં વિધિહિ વિચાર, ગુરૂમુખે જોઇ આગમસાર,
બોલ્યું અવિધિહિં થોડું બહુ, તે જિણવાણી ખમિજ્યો સહૂ. ૧૫૨

(૧) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે.

(૪૩૨) નિશ્ચયવ્યવહાર [ગર્ભિત ૨૪ જિન] સ્ત૦ કડી ૫૯ વીકાનેરમાં

આદિ – **વિક્રમ**નગરે પુરવર પ્રાસાદિ, જન ગુણ ગાવે મધુરે સાદિ,
ચઉવીસ વટે જિણવર ચઉવીસ, વંદિસુ પૂરિ સુમનહ જગીસ. ૧

અંત – ઇમ નિશ્ચે વ્યવહારે સુત અનુસારે એ દેખાડિ વાનગીય,
એ નિરતા કરીયે હિયડે ધરીયે ઇણિ વવહારે તાં લગીય,
જાં નાવે કેવલી થાય ન કેવલિ સમરથ પરમારથ લહિય,
જિનઆણા પાલો દુર્મતિ ટાલો **પાસચંદ** હરષે કહિય. ૫૯

(૧) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૦૫).]

(૪૩૩) વીતરાગ સ્તવન—ઢાલ કડી ૪૧

આદિ – ગાથા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિહિ જિણુ ભુવણંમિ સયા, વિહિ પડિમા વંદણેણ ભવ્વાણું,
વિહિ પુવ્વ પૂયણેણં, સમ્મત્ત સુદ્ધ સમુલ્લસઈ. ૧

*

ભાષા–જે રાગ દ્વેસ સરસ વસિ વિચિત્ર, તે જાણે પ્રભુ સવિ
મુઝ ચરિત્ર.

અંત – ઇમ ત્રિજગનાયક સિદ્ધિદાયક તરણુતારણ જિણવરા,
ભવભીડભંજણ મોહગંજણ દુરિત તમભર દિણુયરા,
ગુણ તુમ્હ પામી કેમ સામી **પાસચંદ્ર** ગાઇએ,
ઇક આણુ વહીયે પાર લઇયે, મનહ વંછિય પાઇયે. ૪૧

(૧) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે. [હેજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૦૩).]

(૪૩૪) ગીતાર્થ પદાવબોધ ફુલ કડી ૩૧

આદિ – **વીર** જિણેસર દુઃપ સંહંતર, નિરતો વરતે ધર્મ નિરંતર,
તેહ તણેા વિછેદ પયંપે, આગમવયણ થકી નવિ કંપે. ૧

અંત – ઈમ આગમવાણી ભવિયણ જાણી, **સંવેગી** ગીયત્થ પયં,
સૂત્રારથ સાચેા સંભલિ રાચેા, જિણધર્મિ જિમ લહેા સુહં. ૩૧

(૧) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે.

(૪૩૫) જિનપ્રતિમા સ્થાપના રાસ ૪૨ કડી

આદિ – સાર વચન જિન ભાષીઉ, એ જાંમિલી નહી બીજે કોઈ,
હિયે વિમાસી જોઇ લ્યેા, સેાવન પીતલ સમ કિમ હેાઈ કે
શ્રુતનેા પક્ષ મ મેલ્હજ્યેા.

અંત – **પાસચંદ** ઈમ વીનવે, જિનપ્રતિમા જિંણવરની બુદ્ધિ,
એકમના થઇ ધ્યાવતાં લહિજે મનવંછિત સિદ્ધિ. શ્રુ૦ ૪૩

(૧) પ.સં. ૯–૧૩, છેવટનાં ૩ પત્ર, લે. વ. ભં. દા.૧૧ નં.૭૦.

(૨) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે.

(૪૩૬) ૩૪ અતિશય સ્ત૦

આદિ – જિન ચઉત્રીસે અતિશય શ્રુતિ ભણ્યા,
ચઉથે અંગે ગુરૂમુખિ મે સુણ્યા,
તે હિવે કહિશું હરખ હિય ધરી, સ્વામિ પામી જમ કેવલસિરિ. ૧

અંત – ઇમ ચ્યાર અતિશય જનમ સાથઈ જાવજીવિય તે રહે,
ઈગ્યાર અતિશય કર્મક્ષયથી, હુંતી ગીતારથ કહે,
ઉગણીસ સુરકૃત તીસ ચ્યારે, એહ સાધારણ ભણ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વ જિનને ભગતિ ભાવઇં **પાસચંદ્રિઇં** સંથુણ્યા. ૫

(૧) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે. [લીંહસૂચી.]

(૪૩૭) [+] વીસ વિહરમાન જિનસ્તુતિ

આદિ – સ્વામિ વંદુ વિહરમાન જિનવર **સીમંધર.**

અંત – પાલી રાજ મહવ્વય ધરી, પામી કેવલનાણ,

પાસચંદ્ર નિતુ પ્રહ સમે, પ્રણમુ સુખનો ઠાણ. ૮

(૧) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે.

[પ્રકાશિત : ૧. જિનગુણરત્નમાલા ભા.૧.]

(૪૩૮) શાંતિજિન સ્ત૦

આદિ – જિનેંદ્ર **શાંતિ**સ્વર પાય લાગું, તુંમ કને સૂધો તત્ત્વ માગું.

અંત – કલસ.

ઇતિ સ્તુતો જગ જીવરા જીવનભાસ્કર,

અનંત સુદ્ધા સ્વામી તિ જિનશ્રિયે.

(૧) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે.

(૪૩૯) [શીલગુણ સ્થાપન] રૂપકમાલા કડી ૩૦ ૨.સં.૧૫૮૬ રાણકપુરમાં

આદિ – આપિઇં આપ સંભાલિયે રે જીવડા વિચારિ,

આજ્ઞા જિનની પાલિયે, શિવસુખની દાતારિ

આતમા સાર સીખ સુણો.

અંત – **રાણિગપુર** રલિયામણો, **આદીશ્વર** જિનરાઉ,

પાસચંદ ઇમ વીનવે પ્રભુ કરિ એહ પસાઉ. ૨૮ આ૦

હોજ્યો નારિનિરાસમય, પરમાનંદ ઉલ્હાસ,

ભવિભવી મુઝ મનભમરને તુમ્હ પયકમલિ નિવાસ ૨૯ આ.

સંવત **પનર છ્યાસીયે, કીધી રૂપકમાલ,**

ઉત્તમ તે કંઠિઇ ધરે, જસુ મને સીલ રસાલ. ૩૦ આ૦

(૧) **ખરતરગચ્છે જિનચંદ્રસૂરિ** રાજ્યે શ્રાવકા **સં**પૂરાઇ **ખં**ભાઇત મધ્યે. પ.સં. ૯–૧૧, મો. સુરત પો. ૧૭. (૨) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૯, ૪૬૮).]

(૪૪૦) પાસચંદને પૂછેલા બોલની સઝાય

આદિ – દેવ ગુરૂ સંઘ કારણ મુનિવર, ચક્રવર્ત્તિ દલ ચૂરે,

અંત – ભણે **પાસચંદ** તુમ્હે ચારિત્ર લેઇને, પરિગ્રહથી મન ટાલો

અરિહંતવચને સાચ પરૂપો, સુધ્ધો સંજમ પાલો રે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુનિવર હિંસા ધર્મ કાંઈ ભાખ્યો. ૯

(૧) ભાં.ઇ. સને ૧૮૯૧–૫ નં. ૧૪૧૧. (૨) પ.સં. ૮–૧૧. લે.વ.ભં. દા.૧૧ નં.૪૯. (૩) જુઓ કૃતિક્રમાંક ૪૪૧ને અંતે.

(૪૪૧) + એકાદશવચન દ્વાત્રિંશિકા અથવા **૧૧ બોલ સઝાય**

આદિ – પ્રણમીય સ્વામી **વીર** જિણંદ, જસુ દંસણુ હુઈ પરમાણંદ
કહું સંક્ષેપઈ બોલ ઈગ્યાર, વિગતિ સહિત લહિ ગુરૂ આધાર. ૧

અંત – કલશ.

સેવા કરિયઈ ભવજલ તરિયઈ ધરિયઈ હિયડઇં ગુરૂવયણું.
પરમારથ ગ્રહિયઈં શિવસુખ લહીઈ રહિયઈં આદરિ જિનશરણું.
ઇગ્યાર પદારથ ભાખ્યા સમરથ સાંભલિ ભવિયણ સદ્દહિયે,
જે થાઇ ઈકચિત્ત પામઇ સમકિત શ્રી **પાસચંદ્ર** ઇણિ પરિ કહએ. ૩૨

(૧) ઐતિહાસિક રાસસંગ્રહ ભા.૧, પૃ.૧૬. (૨) જુઓ **નીચેની** નોંધ. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૦૧).]

નોંધ : નં.૪૦૩થી ૪૪૧ સુધીની કૃતિઓ એક પુસ્તકમાં છે. લિ. સં. ૧૯૩૧ પોસ સુદિ ૨ મંદવાસરે. લિ. બ્રાહ્મણ **સ**રીમાલી મારવાડી. પ.સં. ૬૪–૧૨, ધો. ભં.

(૪૪૨) શત્રુંજય સ્તોત્ર [અથવા **સ્તવન**] ૪૨ કડી

આદિ – ભલી ભાવના વિમલ ગિરિ ભેટવાની,
વસી ચિત્તિ કસવટ્ટિ જિમ હેમ-વાલી;
તિણિ ઊલટિઈં તીરથરાઇ ગાવઉં,
મહાઘોર સંસારનઉ તીર પાવઉં. ૧

અંત – પુંડરીકગિરિ મંડનરાયા, કરઈં સેવ સુરનર વરરાયા,
શ્રી **પાસચંદ** તુમ્હ ચરણે લાગઇ, બોધિબીજલાભ જિનમારગિ લાગઇ. ૪૨

(૧) સંવત ૧૬૫૪ જેષ્ઠ સુદિ ૪ ભોમવાસરે લિષત ઋષિ હરજી ઋષિ દિનકર પઠનાર્થ. પ.સં.૧૫, સંઘ ભં. પાટણ દા.૭૫ નં.૮૫. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૯).]

(૪૪૩) સપ્તદશ ભેદ પૂજા વિચાર સ્તવ ૨૯ કડી

આદિ – વિમલવર નાણિ જગિ ભાણુ જિણુવર તણી,
સેવ સવિ કરઇં મનરંગિ ત્રિભુવનધણી.
ભેટિયઈ ભવિયણુ ભયહરણુ હિવ તેહના,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચરણ સુહકરણ જિમ જાઈ દુહ દેહના. ૧

અંત – બહુલિય વિવરણ ગ્રંથ વાધઇ ઘણુઉ,
જાણિજ્યો એહ વ્યવહાર ભૂ જડ તણુઉ,
એણિ વવહારિ પ્રભુ મેલ સંભાવિયઇ.
શ્રી **પાસચંદેણ** ઇમ ભાવના ભાવિયઇ. ૨૯

(૧) ઉપરની પ્રત. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૬, ૨૫૬).]

(૪૪૪) [+] **કેશી પ્રદેશી પ્રબંધ** [અથવા **સઝાય**] ગા. ૨૫

આદિ – પ્રણમઉં સિરિ જિણ **પાસ** આસપૂરણ જગતારક,
વામાઉરિ હંસ વર ઇક્ષ્વાગહ નાયક
તાસુ તણુઉ સંતાન હૂઅઉ ગરૂઅઉ ગુરૂ **કેસી**,
પ્રતિબોધ્યઉ જિણિ હેલિ સબલ **રાજ પરદેસી**,
તસુ સરૂપ સંખેપિ હિવ, કહિસ્યઉં ગુરૂ આધારિ,
રાયપસેણી ભાખિયઉ તે નિય ચિત્તિ વિચારિ. ૧

અંત – **કેસી** ગુરૂનઉ એહ અવદાત, મોટઉ મહીમંડલ વિખ્યાત,
ભણતાં ગુણતાં હુઇ આણંદ, કર જોડીય ભણઇ શ્રી **પાસચંદ**. ૨૫

(૧) પ.સં. ૭–૧૧, રો. એ. સો. બી. ડી. ૧૨૦ નં.૧૮૭૯. (૨) પ.સં. ૨–૧૧, હા. ભં. દા.૮૩ નં.૧૩૧. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૨૫, ૪૬૮).]

[પ્રકાશિત : ૧. સઝાયસંગ્રહ ભા.૧, સંપા. સાગરચંદ્રજી.]

(૪૪૫) ૬૪ અતિશય સહિત મહાવીર સ્તવ ૨૫ કડી

આદિ – **વીર** જિણનાહ બહુભાવિ નમિયઇ સદા.

અંત – ભવિયણુ આરાધઉ શિવપદ સાધઉ
શ્રી **પાસચંદિ** હરખિઇ કહિય. ૨૫

(૧) જુઓ કૃતિક્રમાંક ૪૪૭ને અંતે.

(૪૪૬) વીર સ્તવ ૩૧ કડી

આદિ – નમી **સોહમ** સ્વામિ જે ધમ્મ અત્થી

અંત – **વીરસ્તવ** દેસ્યું ચિત્ત નિવેસ્યું **પાસચંદ** મંગલકરણ. ૩૧

(૧) જુઓ કૃતિક્રમાંક ૪૪૭ને અંતે.

(૪૪૭) વીર લઘુસ્તવ ૨૧ કડી

આદિ – ભવિય લોય સિરિ **સોહમ** સામિ પાસે.

અંત – **વીરસ્તવ** દિસિઉ ચિત્ત નિવેસિઉ શ્રી **પાસચંદિ** મંગલકરણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) ઉપરની ત્રણે કૃતિઓ એક પ્રતમાં, પ.સં.૭-૧૧, લે. વ. ભં. દા.૧૧ નં.૪૫.

(૪૪૮) + ૨૯ ભાવના ૩૧ કડી લ.સં.૧૬૦૧ પહેલાં

આદિ – અવિચલ પદ મન થિર કરી, જિહાં છઇ સુખ અપાર,
પ્રતિબોધિસુ મન આપણઉં, જિમ પામઇ ભવપાર. ૧

અંત – એગુણત્રીસ ત્રીસી ભાવના, તેહનો સુદ્ધ વિચાર,
જે મન સુદ્ધઇ સમરિસ્યઇ, તે તરિસ્યઇ સંસાર. ૩૧

(૧) પ.સં. ૨-૧૧, હા. ભં. દા.૮૩ નં.૪૯. (૨) લ. સં. ૧૬૦૧ આસો વદિ ૧૨ સોમ. ૧ પત્ર, પ.સં. ૨-૧૫, મો. મો. પાટણ દા.૬ નં. ૩૦. (૩) સં. ૧૬૬૩ માગશર શુદિ ૯ શનૌ વા. મહો. **વિમલહર્ષ** ગણિ જસવિજયેનાલેખિ સાધ્વી **સૂરશ્રી** પઠનાર્થં. પ.સં. ૨-૧૦, હા.ભં. દા.૪૮.

પ્રકાશિત : ૧. પ્રાતઃસ્મરણીય પ્રકરણસંગ્રહ.

(૪૪૯) + સંક્ષેપ આરાધના ૨૨ કડી

આદિ – પરમ પુરુષપય પ્રણમીએં

પ્રકાશિત : ૧. પ્રાતઃસ્મરણીય પ્રકરણસંગ્રહ.

(૪૫૦) + આદિજિન વિનતિ ૫૫ કડી

સકલ **આદિ** જિણંદ જુહારીયેં, વિકટ સંકટ કોડિ વિડારિયેં,
તુમ્હ પ્રસાદ હુએ પરમાણંદ, કર જોડી પ્રણમેં **પાર્શ્વચંદ્ર** સૂરિંદ.

(પછી એક વસ્તુ છે.)

પ્રકાશિત : ૧. પ્રાતઃસ્મણીય પ્રકરણસંગ્રહ.

(૪૫૧) + સંવેગ બત્રીશી ૨૩ કડી

આદિ – જોઈ વિમાસી જીવડા

[મુપુગૂહસૂચી, લીંહસૂચી.]

પ્રકાશિત : ૧. પ્રાતઃસ્મરણીય પ્રકરણસંગ્રહ.

(૪૫૨ ક) શ્રાવકવિધિ સમ્યક્ત્વ સ્વાધ્યાય ૧૯ કડી લ.સં.૧૬૦૫ પહેલાં

આદિ – **વીર** જિણેસર પ્રણમઉ પાય, વંદિય **ગોયમ** ગણહરરાય,
સમરૂઅ સામણિ **સારદદેવિ**, શ્રાવકવિધિ પભણું સંખેવિ

અંત – શ્રાવકનઇ એ સમકિત **સાર**, મુગતિ તણાં ઊઘાડઇ બાર
એકમના જે સમકિત ધરઇ, મુગતિવધૂ જ નિશ્ચઇ વરઇ. ૨૯

(૧) સં. ૧૬૦૧ આસો વદિ ૧૨ સોમ. પ.સં. ૨-૧૫, તેમાં ૧ પત્ર, મો. મો. પાટણ દા.૬ નં.૩૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪૫૨ ખ) + [ચતુર્વિંશતિ જિન પંચ] કલ્યાણક સ્ત. ૪૯ કડી

આદિ – પહિલું પ્રણમિય જિણુ ચઉવીસ, સમરૂં કલ્યાણકના દીસ,
ચવણુ જન્મ નઇ દીક્ષા નાણુ, પંચમ કલ્યાણક નિર્વાણુ. ૧

અંત – ઈય મંગલકારણુ દુખનિવારણુ તારણ શરણુ ભવીય,
કલ્યાણુક સાધઈ જિન આરાધઈ તેહ સુખસંપતિ અભિનવીય. ૪૯

(૧) પ.સં. ૪-૯, હા. ભં. દા.૮૩ નં.૧૧૦. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૨૮૫).]

(૪૫૩ ક) સંવર કુલક ૨૭ કડી

આદિ – વંદિય વીર જિણેસર રાયા, ગોયમ ગણુહર પણમિય પાયા,
ધર્મતત્ત્વ નિસુણુઉ મનરંગિઇ, બોલિસુ આણી ઊલટ અંગિઇ. ૧

અંત – ઇમ શ્રી ઠાણાંગઇ ભગવઇ અંગઇ સંવર પંચય જિનિ કહિય,
આશ્રવ સવિ છંડી કુમત વિખંડી પાલઈ જે જિનમત લહિય.
તે દુર્ગતિ વામઇ શિવપુરિ પામઇ કર્મક્ષય આઠઈ કરિય,
ઇમ જાણુઇ ભવિયા નિર્મલ રલિયા સંવરિ ધર્મ્મ કરઉ સહિય. ૨૭

(૧) પ.સં. ૨-૧૧, લે. વ. ભં. દા.૪ નં.૨૪.

(૪૫૩ ખ) + ગૌતમસ્વામી લઘુ રાસ ૧૨ કડી

[લીંહસૂચી.]

પ્રકાશિત : ૧. પ્રાતઃસ્મરણીય પ્રકરણસંગ્રહ.

(૪૫૩ ગ) + શ્રમણ મનોરથમાલા ૪૧ કડી

પ્રકાશિત : ૧. પ્રાતઃસ્મરણીય પ્રકરણસંગ્રહ.

(૪૫૪) આચારાંગ બાલા૦

(૧) પ.સં. ૧૧૭, ખેડા સંઘ ભં. દા.૧ નં.૨૧. (૨) યશોવૃદ્ધિ. પો. નં. ૩૦. (૩) હા. ભં. દા.૧. (૪) પ.સં. ૮૮, ગુ. નં. ૧૦૩૧. (૫) પ.સં. ૭૮, ચં. ભં. (૬) પ્રથમ શ્રુતસ્કંધ પર-જૂની પ્રત, પ.સં. ૭૬, લીં. ભં. દા.૧૬ નં.૪૭. (૭) સં. ૧૬૩૮ જ્યે. વદિ ૭ સોમ. ગ્રં.૮૦૦, પ.સં. ૬૯, ગોડીજી. નં. ૫૩૮. [ડિકૅટલૉગભાઇ વૉ.૧૭ ભા.૧, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા. ૧ (પૃ. ૪૭૦, ૪૭૭).]

(૪૫૫) દશવૈકાલિક સૂત્ર બાલા૦

(૧) ગ્રં. ૧૦૦૦, પ.સં. ૩૩, જેસ. ભં. [મુપુગૂહસૂચી.]

(૪૫૬) ઔપપાતિક સૂત્ર બાલા૦

(૧) પ.સં. ૫૪, લીં. ભં. દા.૧૮ નં.૩૧. (૨) લ. સં.૧૮૨૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રં. ૩૮૩૩, પ.સં. ૧૩૬, લી. ભં. દા.૧૮ નં.૩૬. (૩) પ.સં. ૧૨૯, લી. ભં. દા.૪૧ નં.૧૧. (૪) ગ્રં. ૩૭૫૮, ડોડાય. (૫) પ.સં. ૧૨૫, કચ્છી દ. ઓ. ભં. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા. ૧ (પૃ. ૬૧૧).]

(૪૫૭) સૂત્રકૃતાંગ સૂત્ર બાલા૦

(૧) દ્વિ. શ્રુતસ્કંધ પર લ. સં. ૧૬૪૭, પ.સં. ૮૫, લી. ભં. દા.૩૭ નં. ૯૩. (૨) પ.સં. ૧૦૦, હા. ભં. દા.૫ નં.૩. (૩) પ.સં. ૧૫૮, ગ્રં. ૨૧૦૦, લ. સં. ૧૬૬૭, હા. ભં. દા.૫ નં.૪. (૪) પ.સં. ૫૯, હા. ભં. દા.૫ નં. ૧૨. (૫) અને પ્રથમ શ્રુતસ્કંધ પર-પ.સં.૫૧; ગ્રં.૪૫૦૦. હા.ભં. દા.૪૦ નં.૩. (૬) આખું, ગ્રં. ૩૬૦૦, પ.સં.૮૭, ખં.ભં. [કૅટલૉગગુરા, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૦૨).]

(૪૫૮) સાધુપ્રતિક્રમણ સૂત્ર બાલા૦

(૧) બહુ સારી પ્રત, પ.સં. ૧૩, ગ્રં.૩૦૫, હા.ભં. દા.૪૫ નં.૮.

(૪૫૯) રાયપસેણી સૂત્ર બાલા૦

(૧) ગ્રં. ૫૦૦૦, પ.સં. ૧૨૮, કચ્છી દ. ઓ. ભં.

(૪૬૦) નવતત્ત્વ બાલા૦

(૧) ગ્રં. ૨૫૦, પ.સં. ૧૦, સે. લા. નં. ૪૭૬૧. [આલિસ્ટઑફ ભા. ૨, હેજૈજ્ઞાસૂચિ ભા. ૧ (પૃ. ૪૭૩).]

(૪૬૧) પ્રશ્નવ્યાકરણ સૂત્ર બાલા૦

(૧) લ.સં.૧૯૦૩, પ.સં. ૧૦૮, ગ્રં. ૭૪૦૦, વિ. દા. છાણી નં.૮૮. (૨) પ.સં. ૨૪૭, ચં. ભં.

(૪૬૨) ભાષાના ૪૨ ભેદનો બાલા૦

(૧) પ.સં. ૬, લી. ભં. દા.૩૬ નં.૧૦૫.

(૪૬૩) જંબૂચરિત્ર બાલા૦

(૧) લ. સં. ૧૮૪૫, પ.સં. ૬૩, લી. ભં. દા.૩૬ નં.૧૪.

(૪૬૪) તંદુલ વેયાલીય પયન્ના બાલા૦

(૧) ગ્રં. ૧૨૦૦, ડોડાય. (૨) પ.સં. ૪૫, લી.ભં. દા.૧૨. [ડિકૅટલૉગભાઇ વૉ. ૧૭ ભા. ૧, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા. ૧ (પૃ. ૨૬).]

(૪૬૫) ચઉશરણ પ્રકીર્ણક બાલા૦ ૨. સં. ૧૫૯૭ ફા. શુ. ૧૩ રવિ

આદિ – વર્દ્ધમાનં જિનં નત્વા વર્દ્ધમાનગુણાલયં
સ્મૃત્વા શ્રી સદ્ગુરોર્નામ વાંછિતાર્થપ્રદાયકં ૧
પ્રકીર્ણ કે પ્રધાનાર્થે **ચતુઃશરણનામનિ**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાલાવબોધોપકારાય લિખ્યતે વાર્ત્તિકં મયા ૨

એ શ્રી ચઉસરણાધ્યયન પરમપદ પ્રાપ્તિનઉ બીજ રૂપ છઇ.

અંત – ઇતિ શ્રી ચતુઃશરણ પ્રકીર્ણક બાલાવબોધઃ સંપૂર્ણઃ

મુનિ નંદેષુ ચંદ્રાબ્દે વ્યતીતે વિક્રમાર્કતઃ

સુનાસિ ફાલ્ગુને માસિ ત્રયોદશ્યાં રવેર્દિને ૧

પવિત્રે મૂલ નક્ષત્રે **ચતુઃશરણવાર્ત્તિકં**

ગુરુ શ્રી **સાધુરત્નાનાં** માધુરત્રાનુયાયિનાં ૨

શિષ્યેણ **પાર્શ્વચંદ્રેણ** વિહિતં હિતહેતવે

શબ્દશાસ્ત્રાનભિજ્ઞાનાં સાધ્વાદાદરાત્ ૩

વાચ્યમાનમિદં નંદ્યાદ્ યાવત્તીર્થં જિનેશિતુઃ

શ્રીમતો **વર્દ્ધમાનસ્ય** વર્દ્ધમાનસ્યઃ સદ્ગુણૈઃ ચતુર્ભિઃ કુલકં ૪

(૧) પ.સં.૨૨–૧૩, પ્રાચીન પ્રતિ, જશ.સં. (૨) ગ્રં.૮૦૦, કોડાય.

(૪૬૬) ચર્ચાઓ (૧ પ્રતિમા ૨ સામાચારી ૩ પાખી–ઉપર)

(૧) પ.સં.૩, લી.ભં. દા.૩૬ નં.૧૦૫. [મુપુગૂહસૂચી.]

(૪૬૭) લોંકા સાથે ૧૨૨ બોલની ચર્ચા

(૧) પ.સં.૪, લી.ભં. દા.૩૬ નં.૧૦૫. [મુપુગૂહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૩૯–૪૮ તથા ૧૬૩, ભા.૩ પૃ.૫૮૬–૯૫, ૬૨૧ તથા ૧૫૮૭–૮૯. 'આરાધના રાસ' ભૂલથી વિજયગણિને નામે મુકાયેલ તે પછીથી રદ કરેલ છે અને 'આરાધના નાની' તે પાર્શ્વચંદ્રશિષ્ય સમરચંદ્રની કૃતિ હોવાથી અહીંથી રદ કરેલ છે. 'વસ્તુપાળ તેજપાળ રાસ'નો ૨.સં.૧૫૯૭ પહેલાં દર્શાવેલો તે પછીથી છોડી દીધેલો છે. એ રચનાસંવત માટે કશો આધાર જણાતો નથી.]

૨૨૫. પાર્શ્વચંદ્રસૂરિશિષ્ય

(૪૬૮) સત્તરી કર્મગ્રંથ બાલા૦

આદિ – ગણહરપાય નમેયં, સમરી ગુરૂ **પાસચંદ** સૂરિંદં

સત્તરિકમ્મવિયારં, કહિયં રિષિ **કુંભસુયસારં**. ૧

એ સત્તરી કર્મ ગ્રંથ ગંભીરાર્થ છઇ. હું ટબામાત્ર વિચાર કહિસું ગીતારથ વિચારી ગઇ સુદ્ધ કરિજ્યો.

(૧) પ.સં.૧૬, અનંત ભં. નં.૨. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૩૪૨).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૯૦.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૨૬. ચઉહથ (ચોથો) (સાંડેરગચ્છ યશોભદ્રસૂરિ–શીલસૂરિ –શાંતિસૂરિ–ઈશ્વરસૂરિ–ધર્મસાગરશિ૦)

(૪૬૯) આરામનંદન ચોપાઈ ૨ સં.૧૫૮૭

આદિ –

દૂહા

સરસતિ સામિણિ પય નમી, આરાહિસ ઇક ચિત્ત,
સા તૂઠી દેસિઇ સદા, સુબુદ્ધિ સુમતિ શુભ ચિત્ત. ૧
પ્રથમ તિથંકર **આદિ** જિણ, **નાભિરાય** મલ્હાર,
માતા **મરૂદેવી** ભણઇ, સીયલ સદા સિંગાર. ૨
ગચ્છ **સાંડેરા** મંડણઉં, શ્રી **જસોભદ્ર** સુરેંદ,
જસ પયપંકયય સેવતાં, ભવિક લઇ આણંદ. ૩
જંબૂદીપ મઝારિ વર, **ભરતખેત્ર** સુવિચાર,
લિખમીપુર નામઈ નગર, ઈંદ્રલોક અવતાર. ૪

અંત – જપસિઇ જે નવકાર, તે લહસિઇ ભવપાર,
ઇહ રતિ સુખ ઘણાં એ, પરત નહીં મણાં એ. ૩૮૬
નંદન કેતઉ કાલઇ, સમકિતવ્રત ઉજ્યાલિ,
પરભવ સંચરઇ એ, દેવ રમણ વર્યઉ એ. ૮૭
ગચ્છ **સાંડેરા**ભિધાન, પુહવિં પ્રગટ પ્રમાણ,
યશોભદ્રસૂરિ ગુરૂ એ, જાણઇ સુરનરૂ એ. ૩૮૯
જિણિં આંણિઉં પ્રાસાદ કરી, કપાલી વાદ **નંડુલાઈ** પુરી એ,
સુરનર અણુસરી એ. ૩૯૦
શીલિસૂરિ તસ પાટિ, સોહઇ મુનિવર થાટ,
તસુ અનુક્રમિં ગુરૂ એ, સંઘ આણંદકરૂ એ. ૩૯૧
સમકિત સૂરિ સૂરીસ, અંગિ ધરઇ **સજગીસ**,
તસુ અનુક્રમિ જૂઅઉ એ, **શાંતિ**સૂરિ હૂઅઉ એ. ૩૯૨
વિદ્યા ચઉદ નિધાન, **સરસતિ** તણઇ પ્રમાણિ,
ઇસરસૂરિ તણઉં એ, જસ જંપઇ ઘણઉં એ. ૩૯૩
તાસ સીસ ઉવજ્ઝાય, નામઈ નવનિધ થાઇ,
ધર્મસાગર તણઇ એ, કવિયણ ઇમ ભણઇ એ. ૩૯૪
આંણી આણંદપૂરિ, દુખદાહ કરિ દૂર,
હરષ ધરી ઘણઇ એ, **ચઉહથ** ઇમ ભણઇ એ. ૩૯૫
સંવત **પન્નર** પ્રમાણિ, **સત્યાસીય**ઇ ઇમ જાંણી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કીધઉ એ ચરીય, મહીયલિ વિસ્તરી એ. ૩૯૬

(૧) સં.૧૬૬૦ સુદિ ૭ રવૂ લ૦ લિખક લિવજી: શ્રી.પ.સં.૨૧-૧૧, વ૦ ૨૫૦

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૫૭૮-૭૯.]

૨૨૭. નંદિવર્ધનસૂરિ (રાજગચ્છ)

(૪૭૦) યાદવરાસ ૨.સં.૧૫૮૮

(૧) પ.સં.૨, પ્રતિ ૧૭મી સદીની, જિ.ચા. પો.૮૪ નં.૨૧૮૧.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ. ૫૭૯.]

૨૨૮. બુધરાજ (કચ્છરાય)

(૪૭૧) મદનરાસ અથવા **મદનયુદ્ધ** ૨.સં.૧૫૮૯ આસો શુદ ૧ શનિ.

આ કૃતિ ડિંડી છે. [ઉદ્ધૃત ભાગમાં એવું ખાસ જણાતું નથી.]

આદિ – જો સવ્વટ્ઠ વિમાણ હુંતિ ચવિઉ તિયનાણુ વિત્તાંતરે,
ઉવન્નો **મરૂદેવી** ઊરિક રયણો, **ઋષભ** કુલમંડણો.
ભુત્તં ભોય સિરજ્જ દેસિ વિઉલં, પલિ પવજ્જા પુણો,
સંપત્તો નિયવાણિ દેવ **રિસહો**, કાઉણ સો મંગલં. (શાર્દૂલ) ૧
જિણ અરહ વાગવાણી, પણમઉં સુહમત્તિ દેહિ જય જનની,
વન્નેસુ **મયણ-જુજ્ઝં**, કિઉં કિઉં જિત્તઇ શ્રીય **રિસહેસ**. ૨

વસ્તુ

મરુ **રિસહ** (૨) જિણવર પઢમ તિત્થયરૂ,
જિણધમ્મહ ઉદ્ધરણ જુગમ ધમ્મધ સવ્વે નિવારણ.
નાભિરાયહ કુલતિલય સવ્વન્નિ સંસારતારણ,
જો સુરઈંદિહિ વંદિયઉ, સદાચરણ તિસુ ધારિ;
કિઉં કિઉં રતિપતિ જિત્તિયઉ, તે ગુણ કડઉં વિથારિ. ૩

વસ્તુ

સુણઉ ભવિયણ (૨) એહ પરમથ,
તજિ ચિંતા પરકથા એક ધ્યાનિ હોઇ **કન્ન** દીજ્જઇ.
મનુ વિકસઇ કમલ જિઉં, હુઇ **સમાધિ** ઇહુ **અમિય** પિજ્જઇ,
પરચઇજિહે ચિતિ એહુ રસુ, ધાલઇ **કસમલ** ઓઇ,
પુનરપિ તિણહ સંસાર મહિં, જમ્મણ મરણ ન હોઇ. ૪

(વસ્તુ, દોહડા, રડુ, મડિલ્લ, દોહડા, ગાથા, દોહડા, મડિલ્લ, દોહડા, રડ, દોહડા, મદિલિ, દોહડા, રદુ, દોહડા, મડિલ્લ, દોહડા, રદુ, દોહડા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રદુ, દોહડા, ગાથા, ગીતકા છંદ, રદુ, રંગિકા છંદ, રદુ, દોહડા, રદુ, દોહડા, ગાથા, રદુ. દોહડા, રદુ, કવિત્ત, ગાથા, રદુ, (ખાસ છંદમાં) રાસા· છંદ, સંકરાછંદ, પંથડીછંદ, ચપઇછંદ, રોડાછંદુ.)

અંત – ૬૨૫૬.

જિહાં ન જરાન ન મરણુ જતિથ પુણુ વ્યાહિ વેયણુ,
જહાં ન દેડન ન નેહ જ્યોતિ પુણુ તહડ ચેયણુ.
જિહ ઠઇ સુખ અનંત ન્યાન દંસણુ અવલોવહિ,
કાલ વિણાસઇ સયત સિદ્ધ પુણિ કાલહિ ખોવઇહિ.
જિસુ વન્ન ન ગંધ ન રસ ફરસુ. સણદભેદ ન કિહી લહિઉ,
ધુધરાજ કહઇ શ્રી **રિસહ** જિણુ, સુથિર હોઇ તઇ ઠઇ રહિઉ.

રદુ.

રાય વિક્રમ તણુઉ સંવત, **નિવ્યાસીયઈ પનરસઇ**,
સિરદ રૂત્તિ આસૂય વખાણુઉં.
તિથિ સુકલ પડિવા પખુ, સનિશ્ચર વારિ,
કરણ નખિત્ત જાણુઉં.
તિદુ દિન બલ્હિ પ સંપડિઉ, **મદનુ જજ્જ** સુવિસેસ,
કરત પઢંતાં સુણત નર, જયઉ સામિ **રિસહેસ.** ૧૫૯

(૧) ઇતિ **મદન** જુજ્જ સં.૧૬૪૩ કા.શુ.૧૫ દ૦ (બીજા હસ્તાક્ષરમાં આર્યા **મંગાઇ** આર્યા **વાલ્હી**. વળી પાછળ સા. **ગ્રેમજી** ઉધવાંણીઈ પુસ્તક ભંડાર કર્યો.) પ.સં.૧૬–૧૨, રો.એ.સો. બી.ડી.૨૦૯ વે.નં.૧૯૪૨. (૨) સં.૧૬૯૪ મા.શુ.૧૫ લિ. **ગુણકીર્તિ**. પ.સં.૬, જય૦ નં.૧૧૫૮. (૩) સં.૧૬૭૯ વા૦ **સુખનિધાન** શિ. **સકલકીર્ત્તિ** લિ૦ **ગુણસેન** પઠનાર્થં. પ.સં.૬, જિ.ચા. પો.૮૩ નં.૨૨૦૮. (આ છેલ્લી બે પ્રતની નોંધ કરનાર કવિનું નામ 'કચરાય' આપે છે.)

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૫૭૯–૮૧.]

૨૨૯. હેમકાંતિ (સુમતિસાગરસૂરિશિ.)

(૪૭૨) શ્રાવકવિધિ ચોપાઈ ગા.૮૪ ૨.સં.૧૫૮૯ ભા.૮ રવિ

આદિ – સકલકલા ગુણ જિણવર નંણુ, તેડ તણી તહમે માંનુ આણ
અંગ ઉપાંગ નિર્યુક્તિઈ જોઇ, સારવચન જિણવરના હોઇ. ૧

અંત – હું અલ્પશ્રુત કવિય ન જાણઉં, અચ્છુત્ર મિછાદુક્કડ આણુઉં
વિધિપક્ષિ બહુ શ્રુત સોધીઇ એ, ૮૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંવત **પનર નવ અસીઇ** ભાદ્રવ આઠમિ આદિતવાર
સમતિસાગરસૂરિ ઉપદેસીઉં એ. ૮૩
હેમકાંતિ હરષઇ આરાહુ, સામી **વીર** જિણેસર ધ્યાઉ
ઋદ્ધિ વૃદ્ધિ કલ્યાણ કરેા. ૮૪

(૧) સં.૧૬૧૫ શ્રા.શુ.૪ શનૌ **શ્રી**માલજ્ઞાતીય ૫૦ **વી**રપાલ ભાર્યા **ધ**રમાઈ પુત્રી કુલવંતી સુશ્રાવિકા બાઈ **લા**લાં ભણનાર્થં. પ.સં.૬–૧૦, મુનિ સુખસાગર.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૬૪.]

૨૩૦. અજ્ઞાત

(૪૭૩) અનાથી ઋષિ ચોપાઈ ૬૩ કડી લ.સં.૧૫૮૯ પહેલાં

આદિ – સિદ્ધ સવેનઇ કરૂં પ્રણામ, જેહે પુણ પ્રામિઉં ઉત્તમ ઠામ,
સાધુ સવેનઇ નમું કર જોડિ, ભવ ભમિવા જિણિ ભાંજી ખોડિ. ૧
અલીઅ વયણ બોલાઇ જેહ, મિછાદુક્કડ હોજ્યો તેહ,
અર્થ ધર્મગતિ તત્ત્વ વિસાલ, ભણતાં સુણતાં અતિહિ રસાલ. ૨

અંત – રોમરાઈ સવે ઊસસઇ, કરઇ પ્રદક્ષિણ રાજા તિસિઇ,
વંદણ કીધઉં શુદ્ધ પ્રણામ, તવ રાજા પહૂતઉ નિજ ઠામ. ૬૨
ઉત્તર ગુણે કરી સંજુત્ત, ગુપતિઇ ગુપતઉ દંડ વિરત્ત,
પંખીની પરિ હલૂઉ થઇ, મોહ વિગત તે વિચિ રય મહી. ૬૩

(૧) પ.સં.૫-૧૦, પ્રાચીન પ્રત, મો.મો.પાટણ દા.૭ નં. ૨૩. (૨) સં.૧૫૮૫ વર્ષે. પ. સં. ૨૧–૧૦, પ. ક. ૧૭થી ૨૧, મો. મો. પાટણ દા.૫ નં. ૬૫. (૩) સંવત ૧૫૮૯ શાકે ૧૪૪૯ શુકલ પક્ષે રાકા તિથૌ માર્ત્ત-ડાંકિત વાસરે લિ૦ પં. હર્ષસોમગણિ ગણેશ **લા**ભહંસશિ. **મ**હીપાલેણ લિ૦ શ્રા૦ કસ્તૂરાં પઠનાર્થં. પ.સં.૮–૭, સંઘ ભં. દા.૬૩ નં.૩૨.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૦૨.]

૨૩૧ ક. ગુણનિધાનસૂરિશિષ્ય (અંચલ–વિધિગચ્છ)

(૪૭૪) આદિનાથ દેવ રાસ અથવા **ધવલ** ૨.સં. ૧૫૮૦ કા.શુ.૯ ગુરુ

આદિ – પ્રણમિસુ પહેલૂં **ચક્રેશ્વરી** માત, શ્રી જિનશાસન સ્વામિની એ,
થાપતી **વિધ**પખિ અતિહિ ઉદાર, સાર કરઇ **સેવક** તણી એ.
ધ્યાયસૂં જિન ચુવીસ જે સાર, આદિ **આદીશ્વર** ગાઈસૂં એ,
માય **મરૂદેવીઅ** તણુ મલ્હાર, **નાભિ**રાયા કુલ મંડણુ એ. ૧

અંત – ધિન ધિન મઝજી વીધિના નરભવ મઝ એહ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધિન લાધુ એહ ધર્મ ધિન તુઝ સેવઇ તેહ.
વિધપક્ષિ ગચ્છનાયક શ્રી **ભાવસાગર**સૂરિ,
તસ પાટિ ઉદયકર સોહઇ બહુગુણ પૂરિ. ૧૨૦
સૂરદ શિરોમણિ **શ્રી ગુણનિધાન** સૂરીંદ,
તસ પય પરસાદિઇ ગાયૂ ધવલ જિણંદ.
સંવત **પનર** નિઊઇ એ કાતી માસિ,
અજૂઆલી ગાયુ શ્રી જિન જગદાધાર,
જે પઢઇ ગણુઇ તે પાંમઇ શિવ સુખસાર. ૧૨૧
જય પઢમ જિણવર સકલ સુખકર જગત્ર દીપક જયકરો,
શ્રી **નાભિ**નંદન વિશ્વવંદન પાપતિમર સુદિનકરો.
ગુરૂદેવ સાંનિધિ હો નવનિધિ પુણ્યથી **આનં**દકરો,
સેવક કહઇ તે વંછિત પાઇ જે ગાઇએ જગગરો. ૧૨૨

(૧) પ.સં.૬–૧૩, સંઘ ભં. પાલણપુર દા.૪૬ નં.૧૭.

(૪૭૫) આર્દ્રકુમાર વિવાહલો ગા. ૪૬

(૧) પ.સં.૩, પ્રતિ ૧૯મી સદીની, જિ. ચા. પો.૮૦ નં.૧૬૮૮.

(૪૭૬) નેમિનાથના ચંદ્રાવળા ૨૬ કડી

આદિ – દોઇ કર જોડી વીનવું રે સ્વામી શ્રી જિનરાયો,
નેમિકુમર ગુણ ગાઇવા રે હીયડિ હર્ષ ન માયો.
હીયડિ હર્ષ ન માઇ રે સાંમી **નેમિ** જિણેસ શિવગઇગાંમી,
ભાગ્યજોગિ તુમ્હ સેવા પામી, તુ પ્રણમૂં હું નિજ સિર નાંમી.
જી **યાદવ** રાજી રે ઊલટ આણી અંગિ જિનગુણ ગાઇઇ રે,
યદુપતિ નમવા પાય અહિનિશિ ધ્યાઇઇ રે—ધ્રૂપદ ૧

અંત – સંયમ પાલી **રાયમઇ** રે શિવપુર આગલિ ધાયો,
બહૂ જણ તારી જિણવર રે પૂહિઇ શિવપુરિ જાયો.
પૂહિઇ જિનની સાર કરેયો સેવક જનનઇ સાથિઇ લેયો,
કહઇ **સેવક** સ્વામી અવધાર, દયા કરી સેવકનિઇ તારો. જી. ૨૬

(૧) પ.સં. ૩–૧૧, જશ૦ સં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૫૮૧–૮૫. ત્યાં આ કવિને નામે નોંધાયેલ 'ઋષભદેવ વિવાહલુ ધવલ બંધ' વસ્તુતઃ શ્રીવંતની અને 'સીમંધર સ્વામી શોભાતરંગ' વસ્તુતઃ તેજપાલની કૃતિઓ છે. 'સેવક' કર્તાનામ ગણ્યું હતું તે પણ બરાબર નથી અને તેથી 'આર્દ્રકુમાર વિવાહલો' અને 'નેમિનાથના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચંદ્રાવળા' પણ આ જ કવિની કૃતિ હોવાનું નિશ્ચિતપણે કહેવાય નહીં.]

૨૩૧ ખ. શ્રીવંત (કડવાગચ્છ)

(૪૭૭) ઋષભદેવ વિવાહલુ ધવલ બંધ ૪૪ ઢાલ લ. સં. ૧૫૯૦ માહ વ. ૧૧ પહેલાં

આદિ – ઢાલ વીવાહલુ.

શાસનદેવીય પાય પણમેવીય, મઝ મનિ એહ ઊમાહલુ એ,
માત **સરસતિ** તણઇ સુપસાઉલઇ, ગાઇસ્યૂં **રિષભ વિવાહલુ** એ.
તેર ભવંતરિ મૂલ ચરિત્ર, પ્રવર ભાવઈ ભવીય સાંભલુ એ,
ધણ કણ કંચણ રાજ રાણિમ, સદ્ધિ પરભવિ જિમ મલો એ. ૧
(પા૦) ધણ કણ કંચણ રાજ રાણિમ સિંઉ, અપર ભવિ ધણ ભવિ જિમ મલો એ.

અંત – ઢાલ ઘોડીની (રાગ ગોડી)

ઇમ શ્રી **રીસહેસર** ગાયઉ પુણ્ય પવિત્ર,
એહ તેર ભવંતર કેરૂં મૂલ ચરિત્ર,
હવઇ દોઇ કર જોડી કરૂં વીનતી આજ,
તૂં નિસુણ **ઋષભ** કૃપા-ગર સ્વામી શ્રી જિનરાજ.
તુઝ તવન કરીનઇ નવિ માગૂં રાજઋદ્ધિ,
નવિ માગૂં સુરસુખ વલી ન માગૂં સિદ્ધિ.
હૂં એતલૂં માગું કૃપા કરી દીઉ મુજ,
ભવિભવિ વલી ગાઉં ગુણ ગુરૂઆ હૂં તુઝ.
એહ **ધવલ** કરતાં આણુ વિરાધી જેહ,
મુઝ મિછામિ દુક્કડ તિહાંકણિ નહી સંદેહ.
ભલઇ નરભવ લાધઉ ભલઇ લાધઉ જિનધર્મ,
તુઝ પાય સેવંતાં ત્રુટઇ સઘલાં કર્મ.
(કલશ) ઇમ શ્રી **નાભિ**નંદન દુરિતખંડણ જગત્રમંડણ જિનવરો.
ઇમ ગુરૂ તણઇ સુપસાઉ પામી ગાઇયા જગહિતકરો,
એહ ધવલ ગાઈ જિન આરાહઇ જેહ નરનારી સદા.
તે મુગતિ જાઇ સુખીય થાઇ બોલઇ **સેવક** ઇમ સદા. ૧૩૧

[પા૦ બોલઈ **શ્રીવંત** સંપદા]

(૧) સં.૧૫૯૦ મહા વ. ૧૧ માન વાસરે શ્રી શ્રી જ્ઞાતાય. પ.સં. ૧૯–૧૪, ડે.ભં. દા.૭૧ નં.૧૧૪. (૨) તે જ દાબડામાં નં.૧૪૭. (૩)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૪ ઢાલ નાગેંદ્રગછે પૂજ્ય ગુણવર્દ્ધનસૂરિશિ૦ વા૦ લક્ષ્મીચંદ્ર ચેલા નાકર યુતેન લ૦ મંગલપુરે સાહ સિણીયા પુત્ર કર્મસી કૂરપાલ પઠનાર્થં. સં૦ ૧૫૯૭ આસો વદિ ૨ શનૌ લ૦ ચોપડો, વિ૦ ને૦ ભં. નં.૩૨૬૧. (૪) શ્રાવિકા જીવિણિ પઠનાર્થં. સં.૧૫૯૮ વૈ. શુ. ૧૪ સા૦ જઉઆ પુત્ર સા. જીવાકેન લિખાપિત. પ.સં. ૨૦-૯ તિલક૦ ભં. પો.૭. (૫) સં.૧૫૯૦ ફા. વ. ૮ શનૌ પં. અમરહંસગણિશિ૦ ઉદયસહજગણિના લિ. જૈનાનંદ. (૬) સં.૧૬૧૫ બૃહસપતિવારે પૂજ્યારાધ્ય સંઘમંડનગણિ-શિ૦ સોભાગ્યમંડનગણિ લિ૦ જલુતરા વાસ્તવ્યઃ વેહરા વીરમ ભાર્યા ગોગી પુ. શ્રા૦ વીરાં ભણુનાર્થં. પ.સં. ૧૦, પ્ર. કા. ભં. નં.૧૫૬ (અથવા હં. ભં. નં. ૫૪). (૭) મડાનગરે પં. લાવણ્યકીર્ત્તિગણિ શ્રાવિકા પુણ્ય-પ્રભાવિકા દેવકી પઠનાર્થં. પ.સં. ૧૭, પ્ર. કા. ભં. નં.૧૭૭. (૮) પ.ક. ૮૧થી ૯૪ પં.૧૭, લખ્યા સં.૧૬૦૫ આસપાસ, પ્ર. કા. ભં. (૯) સં. ૧૬૩૩ ભા. શુ. ૧૫ શુક્ર રયવેાંડી નગરે અંચલ૦ ધર્મમૂર્ત્તિસૂરિ રાજ્યે ઉ. પુણ્યલબ્ધિશિ૦ ઉ. ભાનુલબ્ધિશિ. સાધ્વી કરમાઇ પઠનાર્થં ખેમરાજ લિ. પ.સં. ૧૧, ભુવન૦ પો. ૨૭. (૧૦) પ.સં. ૧૧, પ્રત ૧૭મી સદીની, રામ. ભં. પો. ૭. (૧૧) ઇતિ ઋષભદેવ તેર ભવ સ્તવન. ગા. ૧૪૫ સં. ૧૭૬૧ મા. સુ. ૧૫ સુરતમાં વિનયસુંદર લિ. શ્રાવિકા વીરબાઇ પઠનાર્થં. પ.સં. ૧૪, અભય. પો. ૧૩. (૧૨) પ.સં. ૧૩, અભય. પો. ૧૭. (૧૩) સં.૧૭૧૫ દ્વિ. આશ્વિન વદ ૫ લ. પત્તન નગરે વાસ્તવ્ય. પ.સં. ૧૩-૧૧, તેમાં આદિનાં ૧૧ પત્ર નથી, જશ. સં. (૧૪) પ.સં. ૧૪-૧૧, સંઘ ભં. પાટણ દા.૬૩ નં.૩૪. (૧૫) સં.૧૭૮૪ આષાઢ વ. ૯ ભ૦ જિનસુખસૂરિશિ. પં. વેલજી લિ. શ્રાવિકા અનૂપાં વાચનાય. પ.સં. ૧૨, અભય. નં.૩૦૪૩. (૧૬) શ્રાવકા પહપી પઠનાર્થં. પ.સં. ૧૪, અભય. નં. ૩૩૯૨. (૧૭) પ.સં. ૧૦-૧૫, ગુ. નં.૧૩-૨૮. [ડિકેટલોગભાઇ વૉ. ૧૯ ભા.૨ ('સેવક'ને નામે પણ), મુપુગૂહસૂચી ('સેવક'ને નામે), હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૭૪, ૫૧૧).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૫૮૨-૮૪. ત્યાં 'સેવક' એ પાઠને કારણે ગુણનિધાનસૂરિશિષ્ય સેવકને નામે કૃતિ મુકાયેલી છે.]

૨૩૨. વિજયદેવસૂરિ (પાર્શ્વચંદ્રસૂરિના પ્રગુરુ પુણ્યરત્નના શિ૦)

જોધપુર પાસેના રૂણનગરમાં ઓશવાલવંશીય ચાહડશાને ત્યાં તેની પત્ની ચાંપલદેથી ખરદરાજ નામનો પુત્ર થયો. તેને નાનપણમાં પાર્શ્વચંદ્રે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીક્ષા આપી. ખરદરાજને અને બ્રહ્મઋષિ (જુઓ તે નામના કવિ નં.૨૩૭)-ને અરસપરસ સ્નેહ થયો. બંનેએ આગમોનો અભ્યાસ કર્યો ને પ્રમાણ આદિ તર્કશાસ્ત્રનો અભ્યાસ કરવા દક્ષિણ દેશમાં જવાની ઇચ્છા કરી. કોઈ ન જાણે તેમ બંનેએ દક્ષિણમાં વિહાર કર્યો. ત્યાં કોઈ શ્વેતામ્બરાચાર્ય પાસે અભ્યાસ ત્રણ વર્ષ કર્યો. પછી તે ગુરુની રજા લઈ પાછા વળતાં દક્ષિણના વિજયનગરમાં આવી ત્યાંની રાજસભામાં દિગમ્બર પંડિતોને જીતી લીધા. ગુરુઓ પાસેથી સૂરિમંત્ર લીધો હતો, તેથી રાજાએ ઉત્સવ સહિત વિજયદેવસૂરિ એ નામ ખરદરાજનું રાખી આચાર્યપદવી આપી. પછી જોધપુરમાં આવી પાર્શ્વચંદ્ર ઉપાધ્યાયને વંદન કરી તેને સૂરિપદ આપ્યું. ત્યાર પછી વિહાર કરતાં ખંભાતમાં આવ્યા. ત્યાં રોગ થતાં વિજયદેવસૂરિએ આયુષ્ય પૂર્ણ કર્યું. સ્વર્ગવાસ થયા પહેલાં બ્રહ્મ ઋષિને સૂરિમંત્ર આપી તેમનું વિનયદેવસૂરિ એ નામ રાખ્યું. ત્યાર પછી વિનયદેવસૂરિએ સં.૧૬૦૨માં સુધર્મ ગચ્છ એ નામ રાખી જુદો ગચ્છ કાઢ્યો. વધુ માટે જુઓ મનજીઋષિકૃત 'વિનયદેવસૂરિ રાસ'. (ઐતિહાસિક રાસ-સંગ્રહ ભા.૩)

(૪૬૮) **શીલ પ્રકાશ રાસ** અથવા **નેમિજિન રાસ** (ફાગ) જાલોરમાં

આદિ – પહિલઉં પ્રણામ કરઉં જિનરાય, લાગુજી **ગૌતમ** ગણધર પાય,
સદ્‌ગુરુ વાણી વલી સાંભલઉ, ભૂલઉજી અક્ષર આણિજ્યો ઠાઈ
રાસ ભણિસુ રલિયામણુઉ, જે સુણ્યા સીલ હિયઈ થિર થાઈ
કોકિલા જિમ કલિરવિ કરઈ, માસ વસંત જિમ અંબ પસાઈ કિ.
કંઈ શીલ અખંડિત સેવજ્યો. ૧

અંત – હિવઈ શ્રી પૂજ્ય **પાસચંદ** તણુઉ સુપસાઉ, સીસ ધરઇ નિજ
નિરમલ ભાઉ,
નયર **જાલોર**હ જગતઉ હિવિ **નેમિ** નમઉ નિતુ બે કર જોડિ,
વીનતી એ હા જિન વીનવઉં સ્વામિ ઇક ખિણિ અમ્હ મનથી
નવિ છોડિ.
સીલ સંધાતઈ પ્રીતડી હિવઈ **ઉત્તરાધ્યયન** બાવીસમઉ જોઇ,
વલીય અનેરા ગ્રંથથી અરથ આજ્ઞા વિના જિ કહ્યઉ હોઇ,
વિફલ હોજ્યો મુઝ પાતક સોઈ જે જિન ભાષ્યઉ તે સહી
સ્વામી દુરિત નઈ કષ્ટ હરઉ દૂરિ, વેગિ મનોરથ માહારા પૂરિ,
આણસ્યઉં સંજમ આપિયો હિવઈ વીનવઇ ઇમ શ્રી **વિજય**-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવસૂરિ કિ૦ ૮૦ સીલ૦

(૧) પ.સં.૧૧-૧૧, હા. ભં. દા.૮૧ નં.૨૪. (૨) પ.સં.૧૦-૧૧, હા. ભં. દા.૮૨ નં.૫૪. (૩) પ.સં. ૯-૧૨, સંઘ ભં. પાટણ દા.૬૩ નં. ૧૮. (૪) લિખિતં સા વચ્છાકેન. પ.સં. ૮-૧૩, હા. ભં. દા.૧૩ નં. ૧૫૦. (૫) સંવત્ ૧૬૮૮ વર્ષે માહ માસે કૃષ્ણપક્ષે દ્વાદસ્યાં તિથૌ સોમવાસરે શ્રી મેડતા નગરે લિપીકૃતં. પ.સં. ૯-૧૧, વિ. ને. ભં. (૬) શ્રી હાલાકંઠી મુનિશ્રી સત્યમૂર્ત્તિજી લપિકૃતં. પ.સં.૫-૧૫, મ.જૈ. વિ. નં. ૫૬૪. (૭) પ.સં. ૮-૧૩, ગુ. નં. ૧૩-૧૦. (૮) પ.સં. ૧૦-૧૦, ગુ. નં. ૧૩-૧૫. (૯-૧૦) પ.સં. ૯, સં.૧૬૬૧ ફા. શુ. ૧૦ સિદ્ધપુરે પ્રાતચંદ લિ. અને પ.સં. ૮, જય. પો. ૬૯. (૧૦) પ.સં. ૭, ગા. ૭૭, સં.૧૭૫૬ ફા. વ. ૭ સોઝત મધ્યે દેવધર્મ લિ. જિ. ચા. પો.૮૩ નં.૨૦૬૭. (૧૧) પ.સં. ૯, ગા. ૧૬૫, પ્રત ૧૭મી સદીની, જિ. ચા. નં. ૨૦૬૮. (૧૨) પ.સં. ૧૫, સં.૧૭૬૭ અ.વ. ૬ અવરંગાબાદે લિ. જિ. ચા. પો.૮૭ નં.૨૩૪૪. (૧૩) પ.સં. ૫, પ્રત ૧૮મી સદીની, જિ. ચા. પો.૮૩ નં. ૨૧૨૮. (૧૪) પ.સં. ૧૦, પ્રત ૧૭મી સદીની, જિ. ચા. પો.૮૩ નં. ૨૨૨૦. (૧૫) પ.સં.૧૧, જિ. ચા. પો.૮૪ નં.૨૧૮૩. (૧૬) પ.સં. ૧૨, સં.૧૮૭૪ મા. વ. ૨. મહિમા. પો. ૬૩. (૧૭) પ.સં. ૧૦, મહિમા. પો. ૩૭. (૧૮) પ.સં. ૧૦, અભય. પો. ૧૨ નં. ૧૨૨. (૧૯) સં.૧૭૬૫ લિ. ભાઇ કુશલસિંઘ બીબીજી શ્રી નબોજી પઠનાર્થ બીકાનેર સેતી લિષ ભેજ્યા હૈ રાષી પૂનિમકે ટીકૈમે બીબીજી મેરી સિલામ વંચણાજી. પ.સં. ૮-૧૨, વિજાપુર જૈન જ્ઞાનમંદિર નં. ૬૦૬. (૨૦) પ.સં. ૮-૧૩, વિજાપુર જૈન જ્ઞાનમંદિર નં. ૩૫૩. (૨૧) સં. ૧૬૬૩ વૈ. શુ. ૧૦ શોભન નક્ષત્રે દેવરાજપુર ગઢ નગરે જિનચંદ્રસૂરિ રાજ્યે પાતશાહ શ્રી અકબર જલાલુદીન રાજ્યે પં. લક્ષ્મીપ્રભુ પં. મુનિશિ. તેજપાલેન પં. ગુણરાજ પં. માલચંદેન લિ. પ.સં. ૬, અભય. નં. ૧૨૬૭. (૨૨) પ.સં. ૮-૧૬, હા.ભં. દા.૮૩ નં.૭૦. (૨૩) સં. ૧૬૬૪ ફા. સુ. ૨ બુધે. આગરા નગરે પાતિસાહ શ્રી સલેમ રાજ્યે બૃ. ખ. જિનસિંહસૂરિ-પટ્ટે ભ. જિનચંદ્રસૂરિભિઃ વાચનાર્થ સાધ્વી કલ્યાણમાલા સ્વરૂપમાલાભ્યાં લિખાપ્ય પ્રદત્તા. નિ. વિ. ચાણસ્મા. (૨૪) શ્લોક ૨૭૦ સાધ્વી હરષાં વાચનાર્થ. શ્રી. જૂની પ્રત, પ.સં. ૯-૧૧, ક. મુ. (૨૫) લ. સં. ૧૬૫૭, પ.સં. ૧૨. માણેક. (૨૬) લ. સં. ૧૬૬૯. હિન્દી સાહિત્યના સન ૧૯૦૦ની ખોજનો રિપોર્ટ નં. ૯૧. (૨૭) સં. ૧૭૩૫ જેઠ વદિ ૪ લિ. પ.સં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૫–૯, માં. ભં. (૨૮) લિ. ઋ. કુંગરસી શિ. લાલચંદ્રેણ. સાધ્વી જિઉંજી પઠનાર્થં સં. ૧૭૬૬ લૂણકરણસર મધ્યે. પ.સં. ૧૧, ઘો. (૨૯) લિ. ઋ. ઠાકુરજી તસ્ય શિષ્ય. આસકરણ સ્વપઠનાર્થં. પ.સં. ૮–૧૪, લીં. ભં. (૩૦) પ.સં. ૧૦–૧૧, બાલ૦ (૩૧) ખં. ભં. ૧. (૩૨) નાના ચોપડામાં વિ. ઇ. ભં. [આલિસ્ટઑઇ ભા.૨, જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ પૃ.૧૩૪, ૨૩૯, ૨૬૫, ૩૨૬, ૩૬૪, ૫૬૨).]

(૪૭૬) ઉપદેશ ગીત

આદિ – સુરતરૂની પરિ દોહિલઉ રે, લાધઉ નરભવ સાર.

અંત – ખિમા સહિત તુહો તપ કરઉ, ઈમ બોલિઈ રે **વિજયદેવસૂરિ.** ૧૬

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૪૮–૫૦, ભા.૩ પૃ.૫૬૬–૬૭.]

૨૩૩. મહીચંદ્ર (ખ. જિનપ્રભસૂરિની પરંપરામાં જિનરાજસૂરિ –કમલચંદ્રશિ.)

(૪૮૦) ઉત્તમચરિત્ર ચોપાઈ ૨. સં.૧૫૬૧ ચૈ. શુ. ૩ મંગલજવણાપુર–જૌનપુરમાં (બાબરપુત્ર હુમાયુરાજ્યે)

આદિ – પહિલઉ પણમઉ **આદિજિણુ**, સોવનવન્ન સરીર
ચરમ જિણેસર પણિ નમઉ, ત્રિભુવનમંડણુ **વીર.** ૧
ગોયમ ગણહર મનિ ધરઉ, **સરસતિ** કરઉ પસાઉ
વાગવાણિ હંસાસણિ હિં, મોહઇ સુર નર રાઉં. ૨
દાન સીલ તપ ભાવના, ચ્યારઇ ધમ્મ મહંત
ભવ્ય જીવ સવિ સંભલઉ, જિણુવાણીય કહંતિ. ૩
તસુ મજ્જિ હિં વિખ્યાત બહુ, દાન તણુઉ અવદાત
વિન પુન્ન હિ કિમ પામીયઇ, ચિત્ત વિત્ત નઈ પાત્ત. ૪
દાનિ પરંપર ધન લહઇ, દાન સુજસુ જગિ હોઇ
ઉત્તમચરિત રાજા પરઇ, દાન મિલઇ સુરલોઇ. ૫

અંત – દાનિ ભોગ લાભઇ જુ અપાર, શીલ દુર્ગતિ પરિહાર
તપ કરિ કર્મ ખિપાવઇ સહૂ, ભાવહિ મુક્તિ હોઇ જગ લહૂ
સભ ગુણ કરિ હુવઉ સંજૂત, ઉત્તિમ નર પણિ **ઉત્તમચરિત્ર**
તેહની મઇ કીધી ચઉપઇ, ગુરૂ તણા વચન સંખેવિહિ લઈ. ૫૬૮
જવણપુર છઇ દુર્ગ અપાર, તેહના ગુણ કિમ કહઉં વિચાર
બાબર પાતિસાહનઇ પૂત, **હમાઉ** સુલિતાણુ જગત્તિ. ૫૬૯
તામુનિ ઊગી નુરતીવેગ, તહ નિવસઇ પરજનઉ થેગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણરહ સઇ ઈક્કાણુ વરસિ, ચૈત્ર શુદિ ત્રિતિયાનઇ દિવસિ ૧૦૦
સંવત વિક્રમરાયહ તણઉ, વછર સુભકૃત નામિ હે ભણઉં
મંગલવારહ કિયઉ કવિત્ત, ભરણી નામિહિ છઇ નખિત્ત. ૧
ખરતરગછહ જિનસિંહસૂરિ, સકલ કલા વિદ્યા ભરપૂર
તસુ પટ્ટિહિ જિણપહ જગિ જાણુ, જિણિ બોલ્લઉ મહમદ
સુલિતાણુ. ૨
જિનરાજસૂરિ તસુ અનુક્રમિ હુવઉ, નિર્મલ ન્યાન વસઇ જસુ હિયઉ
કમલચંદ્ર તસુ પટ્ટિ ગણીસ, મહિચંદ તિહનઉ જાણિ સુસીસ. ૩
તિણિ કીધી ચઉપઇ પવિત્ત, ગુરૂઉપદેસ ધરીનઇ ચિત્ત
થોડી વય થોડી મતિ હિયઇ, કવિત હુઉ તેહના ગુણ લિયઉ
ઉત્તમ નરવય નામોચ્ચારિ, તક્ષણ ફીટઇ ભવસંસાર
બુદ્ધિ તણી સ્યઉ કહિયઇ જાણ, સુગતિ લહીજઇ જેણ પ્રમાણ. ૪
જે ભવ્વ જીવ સંભલહિ ચરિત્ત, પાપ ઉડઇ તણુ હોઈ પવિત્ત
પઢઈ ગુણઇ મનિ આણઇ વોહ, દુર્ગતિના તે કરહિ નિરોહ. ૫
નવરસ સહિત અછઈ ચઉપઇ, જે ભવિયણ જાણીસઈ સઇ
તેહના પાપપડલ સવિ જાહિ, દેવ તણા સવિ સુખ વિલસાહિ. ૬૦૬

(૧) પ.સં. ૧૮, જય૦ પો. ૬૯. (૨) પ.સં. ૧૬, પ્રત ૧૭મી સદીની, દાન૦ પો.૧૩ નં.૨૫૧. (૩) પ.સં. ૧૮, જય. પો. ૭૦.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૫૯૫ તથા ૧૪૯૭-૯૮.]

૨૩૪. આણંદપ્રમોદ (ત. ચરણપ્રમોદ-હર્ષપ્રમોદશિ)

(૪૮૧) શાંતિજિન વિવાહ પ્રબન્ધ [વિવાહલો અથવા ધવલ] ૨. સં. ૧૫૯૧

આદિ – સરસતિ સામિણી હંસલાગામિણી, મઝ મનિ એક ઊમાહલુ એ,
ધવલપ્રબંધિહિં બાર ભવંતર સુંદર શાંતિવીવાહલુ એ. ૧
તૂહી બ્રહ્મણી અમીય સમાણી, આપીય વાણીય આદિમાતા (વેણુ વાતાં)
ચરણપ્રમોદ પસાઉલઈ, હું રચું શાંતિચરિત્ર એ સરસ ગાતાં. ૨
જાઉં જી ભામણુઇ સંતિ સોહામણુઇ નામિ હુઇ તુમ્હ તણુઇ
નવઇ નિદ્ધિ
સુરતરૂ આંગણુઇ જે ભણુઈ જે સુણઇ, ભણુઇ આનંદ લહઇ
ઋદ્ધિવૃદ્ધિ. ૩

અંત – રાગ ધન્યાસી ઢાલ ૬૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી **આણંદવિમલ**સૂરિ, શ્રી **સૌભાગ્યહર્ષ**સૂરિ,
દીપઇ દોઇ જિસિયા ચંદ સૂર. ૪૯ રચિઉ સંતિ૦
ચિરંશ્રી **ચરણપ્રમોદ** ગુરૂ, **હરષપ્રમોદ** રે,
ભણઇ **આણંદપ્રમોદ** રંગિઇ. ૫૦
રચિઉ **સંતિવીવાહલુ**, ધરી ઊમાહલુ,
તું તુ ત્રિભુવન કેરૂ નાહલુ રે. ૫૧ રચિઉ૦ ધ્રુ૦
ભવભય ભંજણુ, દાલિદ્ર ગંજણુ, **વીર મેવાડા** મંડણુ રે. ૫૨
ઈંદ્ર ચઉસઠિઇં કરઇં, સ્નાત્ર ચઉસઠિ રે,
ઢાલ ચઉસઠિ રચ્યા ધવલબંધિ. ૫૩
સંતિ સમરથ દેવા, નિજપદ દેવા,
માગું ભવિ તુઝ પયકમલસેવા. ૫૪
પાટણ માંહિ **એકાણુઆ** માંહિ રે,
ગુરૂ પુણ્યિ ગાઇયો **સંતિનાહ** રે. ૫૫
નવરસસાગર ભણઇ જે નારિનર,
સુખઆગર સંપતિ લહે એ. ૫૬
નામિ નવનિદ્ધિ રે, અષ્ટ મહાસિદ્ધિ રે,
ભણે **આણંદ** લહે ઋદ્ધિવૃદ્ધિ. ૫૭ રચિઉ૦

(૧) પંચાયતી **જૈન શ્વે.** ભં. જયપુર પો.૪૩. (૨) **પ.સં.૨૨–૧૧**, સે.લા. નં. ૪૬૦૧. (૩) પ.સં.૨૧–૧૧, સંઘ ભં. પાટણ દા.૭૨ નં.૭૦. (૪) ઇતિ નવરસ રંગ સાગર નામા ધવલ પ્રબંધ શાંતિનાથ વીવાહલુ સંપૂર્ણ. શ્રાવિકા પુણ્યપ્રભાવિકા ગુરૂદેવદાનદયાપ્રતિપાલિકા શ્રાવિકા **સોમા**ઇ પઠનાર્થં. પ.સં.૨૧–૧૩, વી.ઉ.ભં. દા.૧૭. (૫) **તપાગચ્છનાયક સોમ**વિમલસૂરિપટ્ટે સંપ્રતિ વિજયમાન હેમસોમસૂરિરાજ્યે મહો૦ વા૦ હંસસોમગણિશિ૦ મુનિ **શવ**ડંસ લ૦ સં૦ ૧૬૨૬ **પત્તન** નગરે ચાતૂર્માસ. પ.સં.૧૩–૧૬, મુક્તિ૦ નં. ૨૪૧૮. [આલિસ્ટઑઇ ભા.૨, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૭ – ભૂલથી 'હર્ષપ્રમોદ'ને નામે.]

(૪૮૨) જિનપાલ જિનરક્ષિત રાસ ઢાલબંધ ૬૮ કડી લ. સં. ૧૬૨૬ પહેલાં

આદિ – **સરસતિ** મઝ મતિ દિઉ ઘણી એ, ગુણ થુણુ હે સખી **ગોયમ**સ્વામિ.
નામિ **ચંપા** સોહામણી એ **માકંદી** હેમ ખાદરે,
ગાયો **જિનપાલ જિનરક્ષિતાંમ** સિઉ એ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છઇ હે સખી અંગ મઝારિ, ધવલમંગિઈ તસ ગાઇશું એ. ૧
ચરણપ્રમોદ સામ, પૂરૂ સંઘ જગીસ,
હરષપ્રમોદ હીંસઇ, નવનિધિ સુખ વિલસઇ. સુ૦ ૬૮
આણંદપ્રમોદ બોલઇ, ચિંતામણિ તોલઇ,
જે ભણુઇ ભાવિ ભોલઇ, મિલઇ સંપદ ટોલઇ. સુ૦ ૬૯

(૧) લ. સં.૧૬૨૬, પ.ક.૬૪થી ૬૮, ચોપડો, દે૦ લા. પુ. લા. નં.૧૧૨૫. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૬૯, ૪૨૮).]

[પ્રથમ આવૃતિ ભા.૩ પૃ.૬૦૨-૦૪.]

૨૩૫. શુભવર્ધનશિષ્ય (સુધર્મરુચિ ?)

(૪૮૩) આષાઢભૂતિ મુનિનો રાસ [અથવા ગીત અથવા ચોપાઈ]

આ ટૂંકા ને જૂના રાસમાં ધન્યાસી, દેશાખ, સિંધુઓ, ધવલ ધન્યાસી મૂકેલ છે. 'વિષય નગાંજીએ' એ પ્રસિદ્ધ દેશી આ રાસની છે.

આદિ – શ્રી **શાંતિ**જિણેસર ભુવણુદિણેસર પાય,
પ્રણમી બહૂ ભગતિઈ ગાયસઉ રષિરાય.
આષાઢ મુનીસ્વર જસો જુગહપ્રધાન
નાટક નાચંતાં પામઉ કેવલનાંણ. ૧
નાટિક નાચંતાં કેવલ પાંમ્યુ નિસૂણો તેહ વિચાર,
શ્રવણે સુણતાં ભાવિ ભણતાં લહીઇ ભવનો પાર,
નવકલપી વિહાર કરિ મનરંગિ મુનિવર મહિમાવંત,
ગુરૂઆદેસ લહી **રાજગ્રહ** નગરી માંહિ પહુત. ૨

અંત – ઢાલ
નયર **રાજગૃહી** જાણીઇ, **સિંહરથ**નિ કહૂં **ભૂપ**,
નાટક તિહાં વસઈ માન ભુપતિ બ્રંહ રે–
જિરે જિરે **આષાઢભુતની**, ભાવનાનૂ પરિમાણ રે,
ભરતનું નાચંતાં પામઉ, કેવલનાણું રે– ધ્રૂપદ જીરે૦ ૫૩
ભુવનસુંદર જયસુંદરા, રૂપઇ મોહનકંદુ રે,
કોઇ કેતલા દાન તિહા રહંઉ, **આષાઢભુત** મુણેંદુ રે. જીરે. ૫૪
શ્રી **શુભવર્દ્ધન** ગુરૂ અગ્રહ તણા રે ચલણે અવિચલ વાસ રે,
નામઇ નવનિધી પામીઇ ફલઈ મનચી આસ રે. જીરે. ૫૫
તેહ ગુરૂનઈ સુપસાઉલઇ, હઇડે ધરી આણંદુ રે,
આષાઢભુતિ ઋષી ગાઈઉ, પામી પરમાણંદુ રે. જીરે. ૫૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેવલ લહિ મુગતી ગયું, શ્રી **સુધર્મ**ઋચિ ગુરૂ સીસરે,
પાંચસઈ પરીવારઈ પરીવરઉ, તેહના સંધ આસીસ રે. જીરે. ૫૭
જે નરનારી ભાંવસૂં ગાઇ રંગી રસાલ રે,
તેહ અવિચલ વધામણું રે, ઘરી ઘરી મંગલમાલ રે. જીરે. ૫૮
—ઇતિશ્રી આષાઢભુતી કુલં સમાપ્તં.

(૧) પંડિત શ્રી **વૃ.(બુ.)**દ્ધિવિજયગણિ શિષ્યાણૂ શિષ્ય મુનિવર **કુશલવિજય** લષિતં પડનાથેં સંવત સોલ સત્તાણુયા વર્ષે વઇશાખ સુદિ ૭ દીને લષીતં વાર સુક્રે શુભં ભવતું. કલ્યાણમસ્તુ. પ.સં. ૪–૧૨, ભાવ. ભં. (૨) સંવત ૧૭૪૮ વર્ષે પોસ વદિ ૨ શનૈ લષિતં ઊઝા મધ્યે. પ.સં. ૬–૧૦, પાલણપુર ભં. મારી પાસે છેલ્લું પાનું છે. (૩) પ.સં. ૫–૧૧, હા. ભં. દા.૮૨ નં.૧૩૯. (૪) મુનિ **હિત**કુશલ લિ. પ.સં. ૩–૧૫, જશ સં. નં. ૭૬. (૫) ચોપડો, પ.ક. ૭૮થી ૮૧ પં. ૧૭, પ્ર. ક્રા. ભં. (૬) પ્રત ૧૭મી સદીની, પ.સં. ૩, જિ.ચા. પો.૮૨ નં. ૨૦૮૮. (૭) **જ્ઞા**નહંસગણિશિ. **વિ**નયહંસ લિ. **સો**મવિમલસૂરિના **રા**જુલ-લેખ સહિત. પ.સં. ૩–૧૪, ડા. પાલણપુર દા.૩૬. (૮) સં.૧૬૭૬ વૈ. શુ. ૧૧ સોમે **અ**હમદાનપુર નગરે મહો. **વિ**જયરાજગણિશિ. **અ**મરવિજય લ. પ.સં. ૪–૧૪, સંઘ ભં. પાલણપુર દા.૪૫ નં. ૧૨. [મુપુગૂહસૂચી, લીંહસૂચી (શુભવર્ધનને નામે), હેજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૯૧, ૩૯૩, ૪૦૦).]

(૪૮૪) ગજસુકુમાળ ઋષિ રાસ [અથવા **ચોઢાળિયું, ઢાળિયાં, ભાસ**] ૧૭ ઢાલ સં.૧૫૯૧ પહેલાં

આદિ – દેસ **સોરઠ** દ્વારાંપૂરી નવમો તિહાં **વાસુદેવો** રે.
દસેંધ દસારસઉં રાજિઉ, બંધવ શ્રી **બલદેવો** એ, ૧
જીરે જીરે સ્વામિ સમોસર્યા હરષિઉ ગોપીનો નાથ એ,
નેમિ વંદણ અલજ્યો અલજ્યો અલજ્યઉ **યાદવ**સાથ એ. જી રેજી. ૨

અંત – શ્રી **શુભવર્ધન** ગુરૂરાય, મઇ પ્રણમી તેહના પ્રાય,
ગાયુ **ગયસુકુમાલ** મુણિંદ, જસ ભણતાં હુઇ આણંદ. ૯૪
(પા.) જસ તૂઠા **નેમિ**જિણંદ
શ્રી **ગયસુકુમાલ** જે ગાઇ, તે સર્વ વંછિત ફલ પાઇ,
અનઇ દૂરિ દૂઃકૃત સવિ જાઈ, વલી અવિચલ પદ થાઈ. ૯૫
(પા૦) જયઉ **ગયસુકુમાલ** મુણીસ, શ્રી સંધ દિઇ આસીસ,
જસ નામઇ પરમાણંદ, તસુ ગાવતા હુવઈ આણંદ—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) પ્રતિ સંવત ૧૬૬૯ વર્ષે પોસ શુદિ ૩ ભૌમે લખ્યતં વે૦ મેઘા લષ્યંત. સાધ્વી નાથી પઠનાર્થં શ્રીરસ્તુ. પ.સં. ૮-૧૧, ગુ. વિ. ભં. ખં. ૧. (૨) સં.૧૭૮૨ વર્ષે શ્રાવિકા દેવબાઈ પઠનાર્થં. પ.સં. ૭-૧૧, પાલણપુર ભં. (૩) સંવત ૧૭૬૭ વર્ષે જેષ્ટમાસે કૃષ્ણપક્ષે પંચમી તિથૌ સુભવારે પં. માનચંદ લિષતં સુશ્રાવિકાબાઈ આસા પઠનાર્થં. પ સં. ૬-૧૩, મારી પાસે છે. (૪) સં.૧૫૯૧ ફા. વદિ ૨ શુક્રે ધવલક્કપુરે પ્ર. સુમતિશ્રી ગણિ યોગ્યં પં. સૌભાગ્યમંડન લ. વાચનાર્થં. પ.સં. ૪-૧૨, કમલમુનિ (હાલ પુરાતત્ત્વ મંદિર). (૫) ગણિ આંપાશિ. પદમકુશલ પઠનાર્થં સં. ૧૬૪૯ આસાઢ. પ.સં. ૭-૧૫, હા. ભં. દા.૮૩ નં. ૭૩. (૬) સં.૧૬૯૧ ફા. વ. ૧૩ બાઈ હીરાબાઇ પઠનાર્થં. પ.સં. ૫-૧૦, જશ. સં. (૭) સં.૧૭૦૬ પ.સં. ૧૦, ગ્રં૦ ૯૩, લીં. ભં. દા.૩૬ નં.૨૩. (૮) શ્રી દીવબંદરે સં. ૧૬૬૧ વર્ષે લિ. પં. શ્રી ક્ષિમાસાગરેણ શ્રા. લીલાંદે વાચનાય. પ.સં. ૫-૧૩, જૈ. એ. ઇ. ભં.૧૧૩૮. (૯) સં.૧૭૪૨ ચૈત્ર શુદિ ૫ પત્તન નગરે પં. ચતુરવિજ(ય) લ૦ શ્રા. તેજબાઈ પઠનાર્થં. પ.સં. ૫-૧૩, હા. ભં. દા.૮૨ નં.૧૯૨. (૧૦) સં.૧૭૬૨ અસાઢ વદિ ૮ રવઉ લ૦ પ્રત્યુનુસારેણ. પ.સં. ૬-૧૨, હા.ભં. દા.૮૨ નં.૬૫. (૧૧) સં.૧૭૨૭ ચૈ. શુ. ૧૩ સોમે લિ. પ.સં. ૫-૧૩, ડા. પાલણપુર દા.૩૬. (૧૨) સં. ૧૭૪૮ વૈ. શુ. ૮ પાટણ નગરે પ.સં. ૬-૧૩, વિ. ને.ભં. નં. ૩૨૧૮. (૧૩) શ્રાવિક કેાડાઈ પઠનાર્થં પત્તન નગરે સં.૧૭૧૩ માગસર વદિ ૨ પં. નયસાગરેણ ગણિના. પ.સં. ૯-૯, મુક્તિ૦ નં.૨૩૬૧. (૧૪) પ.સં. ૪-૧૫, મુક્તિ. નં.૨૪૨૩. (૧૫) સા. સુમતિસિદ્ધિ પઠનાર્થં. પ.સં. ૪, અભય નં.૨૫૫. (૧૬) પં. રંગકુશલ મુનિના લિ. સાધ્વી હર્ષલક્ષ્મી પઠનાય રિણી મધ્યે. પ.સં. ૫, અભય. નં. ૨૬૩૦. (૧૭) સાધ્વી જગીસ પઠનાય. પ.સં. ૭, અભય. નં. ૩૧૯૦. [જૈહાપ્રેાસ્ટા (શુભવર્ધનને નામે), મુપુગૂહ-સૂચી, લીંહસૂચી (શુભવર્ધનને નામે), હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૫૪, ૨૫૧, ૨૬૬, ૨૮૮, ૩૯૪)]

(૪૮૫) શાંતિનાથ સ્ત૦ (કુમરગિરિ મંડન) કડી ૩૧ ૨.સં.૧૫૬૩ ભા. ૧૦

આદિ – સંપઇ સુહકારણ દુરિયનિવારણ, કુંઅરગિરિ શ્રી શાંતિજિણુ
ભવતારણ મિલીઉ દહાડઉ વલીઉ રૂલીઉ ભવ ભવ તુઝ વિણ

ઢાલ

સુણિ તૂં સ્વામી ઠાકુર મોરા, તિમ કરિ જિમ છુટઉં ભવફેરા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દુહિલા નરય નિગોદહ કેરા, તે મઈ કીધા ઘણાઇ ઘણેરા. ૨

અંત – શ્રી **શુભવર્ધન** પંડિત રાયા, તે સહગુરૂના પ્રણમી પાયા.
તખ્યો **સંતિ જિણેસર** સ્વામી, **કુંઅરગિરેઈ** મેં ઉલટ પામી. ૩૦
પનર ત્રેસઠઇ તૂંહિ જ તવૈ, દસમી દિન ભાદ્રવા માસે,
તવીયઉ સ્વામી હરખ્યે પામી, પૂરૈશ્રૈવકારો આસે. ૩૧

(૧) પ.સં. ૬–૯, તેમાં ૧થી ૩ પત્ર, જશ. સં. (૨) **રાજનગરે** સં.૧૬૭૮ ફા. શુ. ૧૨ વા. હર્ષવલ્લભગણિશિ. પં. હર્ખા લિ. પ.સં. ૨, અભય નં. ૧૭૧૨. [મુપુગૂહસૂચી, હૈજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૦૭ – ભૂલથી 'પાર્શ્વનાથ સ્તવન' એ નામે).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ ૪૦૭–૦૯, ભા૩ પૃ.૫૧૬–૬૭. પહેલાં 'સુધર્મરુચિ' કર્તાનામ ગણ્યું હતું તે પછીથી ફેરવ્યું છે અને પહેલાં કર્તાને સં.૧૭મી સદીમાં મૂકચા હતા તેને પછીથી ૧૬મી સદીમાં મૂકચા છે]

૨૩૬. જયમંદિર (વડતપગચ્છ જયપ્રભશિ૦)

(૪૮૬) તેજસાર ચોપાઈ ૨. સં.૧૫૬૨ ત્રંબાવતીમાં

(૧) પ.સં. ૧૨, જય૦ પો. ૬૭. (૨) સં.૧૬૭૫ મા૦ શુ. ૪ શનિ લિ૦ પ.સં. ૧૩, જય૦ પો. ૬૭. [મુપુગૂહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૫૯૬.]

૨૩૭. બ્રહ્મમુનિ-વિનયદેવસૂરિ (પાર્શ્વચંદ્રગચ્છીય)

જન્મ સં.૧૫૬૮ના માગશર શુ. ૧૫ ગુરુને દિને માલવાના આજણોઠ ગામમાં સોલંકી રાજા પદ્મરાય પિતા અને સીતાદે માતાને ત્યાં. નામ બ્રહ્મકુંવર. તે અને તેના મોટા ભાઈ ધનરાજ દ્વારકાજીની જાત્રાએ સં. ૧૫૭૬માં ગયા ને ત્યાંથી ગિરનાર ગયા ત્યાં આંચલિક રંગમંડણઋષિએ બન્નેને દીક્ષા આપી દીધી. પાર્શ્વચંદ્રના ગુરુ સાધુરત્નના ગુરુ પુણ્યરત્ન પાસે બરદરાજે દીક્ષા લીધી. તે બરદરાજને બ્રહ્મઋષિનો ભેટો પાટણમાં થયો. પછી ધનઋષિ, બ્રહ્મઋષિ અને બરદરાજઋષિએ દક્ષિણમાં અભ્યાસ કર્યો. ત્યાંથી વિજયનગર ગયા. ત્યાં દિગંબરોને વાદમાં જીત્યા ને તે વખતે રાજાએ બરદરાજને વિજયદેવસૂરિનું નામ તથા પદ આપ્યાં. વિજયદેવે પાર્શ્વચંદ્રને સૂરિપદ આપ્યું. વિજયદેવે બ્રહ્મઋષિને સૂરિપદ આપી વિનયદેવસૂરિ નામ આપ્યું. આ વિનયદેવસૂરિએ સુધર્મગચ્છ એ નામથી જુદી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામાચારી સં.૧૬૦૨ના વૈ. શુ. ૩ને દિને બુરહાનપુરમાં આદરી. ચૌદશની પાખી કરવાનું, ઉદયાત તિથિ ત્યાગવાનું અને પાખી તથા ચોમાસું જુદું કરવાનું સૂત્ર વિરુદ્ધ જાહેર કર્યું. કડવાગચ્છનાએ ટેકો આપ્યો. અમદાવાદ ને ત્યાંથી ખંભાત, પાટણ, પછી અમદાવાદમાં. વિજયગચ્છના ક્ષમાસાગરસૂરિ આ સામાચારીમાં ભળ્યા. સં.૧૬૩૬. રાંનેર, બરહાનપુર, શ્રીપુર, અંતરીક્ષ પાર્શ્વનાથ, બરહાનપુર, બોરસદ, ખંભાત પાસે કંસારી, ખંભાત – એમ વિહાર કર્યો. બરહાનપુરમાં સં.૧૬૪૬માં સ્વર્ગવાસ. તેમના શિષ્ય વિનયકીર્તિસૂરિ નામના હતા. સં.૧૬૪૬માં જ મનજીઋષિએ 'વિનયદેવસૂરિ રાસ' રચ્યો તેમાંથી આ હકીકત લીધી છે. વધુ માટે જુઓ ઐતિહાસિક રાસસંગ્રહ ભા. ૩.

આ કવિએ 'જિનહિતા' નામની દશાશ્રુત સ્કંધ ટીકા રચી છે. (ભાં. ઇ સન ૧૮૯૧–૯૫ નં. ૧૦૮૬.) અને 'જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ' પર વૃત્તિ પણ અણહિલવાડમાં રચી છે. તેમાં પોતાને ચાલુક્યવંશના રાજપુત્ર (શિષ્યોરુયં બ્રહ્મમુનિર્વિપશ્ચિચ્ચાલુક્યવંશોદ્ભવ રાજપુત્રઃ) તરીકે અને સાધુરત્ન-પંડિત શિષ્ય પાર્શ્વચંદ્રસૂરિના શિષ્ય તરીકે જણાવેલ છે આ બીજી વૃત્તિ રચવામાં પોતાના ગચ્છના વિજયદેવસૂરિએ સંશોધન કર્યું હતું. (પ્ર. કા. ભં. નં. ૧૭૮૨.) ઉપરાંત 'પાખીસૂત્ર વૃત્તિ' પણ રચેલ છે.

"આ કવિએ પોતાનાં નાનાંનાનાં કાવ્યોને 'ભાષ' એ નામ આપ્યું છે. બ્રહ્મકૃત આઠદશ ભાષ મને મળ્યાં છે. કેટલાક ભાષના વિચાર પ્રૌઢ અને પદ્યરચના ઉત્તમ પ્રકારની છે. સંવત ૧૫૨૬માં લખાયેલા એક ગુટકામાં આગલા શતકના બીજા કેટલાક રાસ ઉતાર્યા છે તે ભેગા 'બ્રહ્મ'ના 'ભાષ' પણ ઉતારેલા છે એ પરથી સમજાય છે કે આ કવિ સોળમા શતકની શરૂઆતમાં થયો છે."—રા. મણિલાલ બકોરભાઈ વ્યાસ આમ જણાવે છે. પણ ખરું જોતાં કવિ તે શતકના અંતમાં ને સત્તરમાના મધ્ય સુધીમાં થયેલ છે.

(૪૮૬) **સુસઢ ચોપાઈ** [અથવા **ચરિત્ર**] ૨. સં.૧૫૯૩

આદિ – સુખકર શ્રી જિનશાસનરાય, **વીર** ત્રિભુવનદેવ પ્રણમઉ પાય,
શ્રી ગુરુચરણઇં નામી સીસ, **સુસઢ** કથા ભાખિવા જગીસ. ૧

અંત – દૂહા
નરપતિઆણા ભંજતાં, લબ્ભઇ નિગ્રહ એક,
જિણઆણાં ભંજયઇ સહઇ, પરભવિ દુખ અનેક. ૨૩૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચઉથ છઠ માસખમણ, પ્રમુખ સયલ તપ સાર,
જિણઆણાસઉં આચરઉ, જિમ પામઉ ભવપાર. ૨૪૦
શ્રી **પાસચંદ** સૂરીંદ વર, ચરણયુગ પણમેવિ,
બ્રહ્મ શિષ્યિ એ વર્ણવ્યઉ, **સુસઢ ચરિત્ર** સંખેવિ. ૨૪૧
મહાનિશીથઇ એહનઉ, છઇ સંબંધ વિચાર,
અપર ગ્રંથિ દીઠઉ જિ વલિ, તિહથી એ ઉદ્ધાર. ૨૪૨
ભુવન ગ્રહ સર ચંદ મિત, વરસિ કથઉ ઉધરિ રંગ,
ભણુઉ ગુણુઉ મંગલકરણ, જિમ હુંઇ સુખ અભંગ. ૨૪૩

(૧) ઇતિ શ્રી **મહાનિશીથાદિ** ગ્રંથાનુસારતઃ **સુસઢ** ચરિત્ર વર્ણનઃ ગ્રંથાગ્ર ૪૫૦. પ.સં. ૧૯–૧૨, ડે. ભં. દા.૭૧ નં.૩૮. (૨) પ.સં. ૧૧, ગ્રં. ૨૫૨, લીં. ભં. દા.૩૦ નં.૪૮. [કેટલોગગુરા.]

(૪૮૮) [+] **ચાર પ્રત્યેક બુદ્ધ ચોપાઈ** [અથવા **ચરિત્રરાસ**] ૨. સં.૧૫૯૭

આદિ – જિણ ચઉવીસઈ પઈકમલ, મનિ ધરિ હર્ષ નમેસુ,
સુગુરૂવયન સુભ મંત્ર જિં હીયડા માહિ ધરેસુ. ૧
મુનિવર જે જગ જાણીઇ, પ્રત્યય દેખી બુદ્ધ,
મનઆણંદઇ વંદિ કરિ, કહિસ્યઉં તાસ પ્રબંધ. ૨
જેઠઈ અસંખ ઇણે પરિ થયા, તઉ પુણુ એ મુનિ ચ્યારિ,
ચવણ દીખ કેવલ મુગતિ, સાથિ લહઇ સુવિચાર. ૩

અંત – સાસણદેવત આપઇ લંગ, સંજમ પાલઇ રિષિ,
તે મુનિવરનઉ મનિ ધરિ નામ હર્ષઈ **બ્રહ્મઉ** કરઈ પ્રણામ. ૬૮
—કરકંડુ ચરિત્ર
—દુમુહ ચરિત્ર વગેરે

(છેલ્લે)

રતનાકર ગ્રહ સંખ વરીસ, **સમતિ ચંદ** સંવતઇ જગીશ.
પ્રત્યય બુદ્ધ તણઉ એ ચરી, ભાષિઉ મન આણંદઇ. ૭
સુધાસુધ જસ જગત્ર વિખ્યાત, **વેલ** તાત **વિમલાદે** માત,
શ્રી **પાસચંદ** ગુરૂ સુગુણ પ્રધાન, તસુ પય સેવ કરઉં તિ જમાન. ૮
ઉતરાધ્યયન સંખેપઇ કહિઉં, વૃત્તિમાંથી વિસ્તર લહ્યઉ,
તેહથી બોલ્યઉ એ ઉદ્ધાર, ભણતાં લાભઇ શુદ્ધ વિચાર. ૯
જિનભાષિતથી કહિઉં વિરૂદ્ધ, પંડિત જન તે કરજ્યો સુદ્ધ,
અમ મિલતઉ કરઉ પ્રમાણ, કર જોડી વીનવઇ સુજાણિ. ૧૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મેરૂ મહીમંડિલ થિર રહઈ, સૂરિજ જાંસ ગઇણિઈ વહઈ
ચિહદિસિ રત્નાકર જલે ભર્યા, જિહુ પાસઈ જગતી પરવર્યા. ૧૧
જાં જગિ જિણસાસણ થિર થાઈ, તાં એ ભણતાં ચિત્ત સુહાઈ,
પ્રાંમીજઈ સિવ સુખ સંપદા, પાસનાહ સુપસાઇ સદા. ૧૨

(૧) પ.સં. ૧૬-૧૪, અશુદ્ધ પ્રત, ધો. ભં. (૨) ભાં. ઇ. સન ૧૮૭૭-૭૮ નં. ૩૫. (આમાં કર્તાનું નામ આણંદ ઋષિ આપ્યું છે તે બરાબર નથી.)

[પ્રકાશિત : ૧. જૈન રાસસંગ્રહ ભા. ૧.]

(૪૮૯) + સુધર્મગચ્છ પરીક્ષા

આદિ – ચોપાઇ.

વીર નમું કર-અંજલિ કરી, સાધુ તણા ગુણ મનિ સંભરી,
સાચા ધર્મ પરીક્ષા ભણી, વિગતિ કહું કાંઈ ગચ્છ તણી;
વીર તણા ગણધર ઇગ્યાર, નવ ગચ્છ તેહ તણા ઈમ ધાર,
પાંચ ગણધરના ગચ્છ પંચ, પંચ પંચસય મુણિવર સંચ. ૨

અંત – ગચ્છાચાર તણી ચૌપાઈ, ગાથા એકસો તિહુંતેર થઈ,
એ સાંભલી સૌધર્મગચ્છ ભજ્જે, આપમતિની સંગતિ તજ્જે. ૧૭૩
ઈમ જોઇને જિનવરઆણ, સૂત્ર અર્થ સવિ કરો પ્રમાણ,
અભિનિવેશ મનનો પરિહરો, બ્રહ્મ કહે જિમ શિવસુખ વરો. ૧૭૪

(૧) ગ્રંથશ્લોક ૨૮૩ સં.૧૬૩૧ના માગસર વદ ૫. પા. ભં. (૨) પ્ર. સં.૧૧-૧૨, આ૦ ક૦ ભં. (૩) ધો. ભં. (૪) લ.સં.૧૬૨૫, પ.સં. ૫-૨૩, રો. એ. સો. બી. ડી. ૯ નં. ૧૮૮૧.

પ્રકાશિત : ૧. પ્રકા. શ્રાવક રવજી દેસર, ગામ સાયેણ કચ્છ.

(૪૯૦) સુદર્શન શેઠ ચરિત્ર ચોપાઈ [અથવા રાસ]

અંત – (સોરઠા)

સહ્યા પરીસા અતિ ઘોર, સુદરશણ મહા મુની
કાયા કરમ કઠોર, શીલ પાલી શિવપુર ગયા. ૧
જેહનો એહ અધિકાર, કહ્યો ઋષિરાય બ્રહ્મને
સૂત્ર તણે અણુસાર, ભવિયણ હિત કરી સાંભલો ૨
સુણ્યા તણો હી સાર, શીલ પાલે જે નર સદા
તે પાવે ભવપાર ઈ વાતમેં સંકા કો નહિ. ૩
જે કોઈ નરનારિ શીલ પાલે લજ્યા કજ્જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સો ઉપજે દેવ મઝાર **ઉવાઇ સૂત્ર** જેહની શાખ છે. ૪
એસો શીલનિધાન, ભવિયણ હિત કરી આદરો
જ્યાં જાઓ નિર્વાણ દેવલોકમેં સાંસો નહી. ૫
એ ખટ દરસણમાંહિ શીલ અધિકો વખાણીયો.
તપ સંજમ ખેરૂ થાય શીલ વિના એક પલકમાં. ૬
કહાં તાઈ કીજે વખાણ શીલકા ગુણ તણો
જોવોને સૂત્ર પુરાણ શીલ સારેહિ અધિકો કહ્યો. ૭
ઋષિરાય **બ્રહ્મ** ઉલાસ શીલ તણા ગુણ વરણવ્યા
કીયો ચરિત્ર પ્રકાશ **સુદર્શનજી** શેઠકો, ૮
અધિકો ઓછો કહ્યો હોય તેહનો મિછામિદુકડં
સૂત્ર પ્રાકૃત જોય જેહને અનુસારે ભાષીયો. ૯
એ શીલ તણો વખાણ પઢે સુણે નર જે સદા
પવિત્ર કરે જીભકાન, સુખ પાવે તે સાસતા. ૧૦

(૧) સર્વગાથા ૮૩૯, લિ. સં. ૧૮૪૦ જેષ્ટ વદિ ૧૧ વાર ચંદ્રવારે. પ.સં. ૧૫-૨૭, આત્મા ભં. (૨) સંવત્ ૧૮ સાલ ૪૮, પ.સં. ૬૩-૭, ગુ૦ નં. ૧૨-૧૨. [મુપુગૂહસૂચી.]

(૪૯૧) [+] અઢાર પાપસ્થાન પરિહાર ભાષા [ભાસ]

આદિ – સુંદર રૂપ વિચાર ચતુરપણું ઉત્તમ કુલ અવતાર;
ભોગ સંયોગ સંપતિ સવિ અતિ ભલી, પામીઇ અરથ ભંડાર.
વિવેકી જીવદયા ધર્મસાર, પાલીઇ કરીય વિચાર – આંકણી
અંગ નિરોગ નઇ જીવિત અતિ ઘણું, કીરતિ પ્રબલ સોભાગ,
જિનવર ગણધર અમરપતિ ચક્રધર, ઉત્તમ પદ લહિ લાગ. વિ.

અંત – સમકિતધર જઈ થોડલા, નહીં મિથ્યાતી પાર;
દેખી ઘણા મ રાચસઉ, પરખઉ સમકિત સાર. ૧૩. આ૦
દોષ અઢાર રહિત ભલા, પરખઉ અરિહંત દેવ;
સમકિત વ્રત તપ ગુણિ ભર્યા, સાધુ તણી કઉ સેવ. ૧૪. આ૦
ભાખિઉ સૂત્ર પ્રમાંણુ, તે આરાધુ ધર્મ;
તત્ત્વ ખરાં ત્રણિ એ અછઇ, સમકિત મૂલ એ મર્મ. ૧૫. આ૦
પાપ સતર હલૂયાં ગિણઉ, મોટઉ ભાર મિથ્યાત;
જીવ તણઇ પોતઇ અછઇ, કાલ અનાદિ વિખ્યાત. ૧૬. આ૦

રાગ આસાઉરી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવવધ અસત્યવ્રત અનઈ ચોરી, નારિની સંગતિ પાપની ઓરી
સંભલઉ પ્રાણીયા એહ વિચાર, મન મુધિ પરિહરિય પાપ અઢાર,
પરિગ્રહ ક્રોધ વલી માંન નિ માયા, લોભ છઈ સયલ દૂષણ તણા
પાયા સં૦
રાગ નઈ દ્વેષ ગિણિ કલહ નઈ આલ, પિશુનપણું રતિ અરતિ
વિશાલ. સં૦
પર પરિવાદ માયા મૃષા વાણી, વલીય મિથ્યાત શલ્ય પરિહરિ
જાણી. સં૦
એહ તણુઈ વલિ જીવ અનાદિ, દુઃખ ઘણાં સહ્યાં પડઇ પ્રમાદિ. સં૦
એહનઉ જેમ કરઇ પરિહાર, મુગતિ તણાં સુખ તે લહઈ સાર સં૦
શ્રીબ્રહ્મ કહઇ ધમ આણંદ આણી, સાધુનઈ વંદ્યો ભવીયણ પ્રાણી. સં૦

(૧) સં.૧૬૮૦ વર્ષે ચૈત્રિ વદિ ૧૧ રવઉ દ્વિને લખૂં છિ. લિખિતં ધોલકઈ વાસ્તવ્ય ચોરવાડ જ્ઞાતી ચારીખ દેવરાજસુત વિમલદાસ પઠનાર્થં સ્વયમેવ. આમોદ ભં. હવે દે. લા. પુ. લા. નં.૯/૨૫૧. (૨) પ્ર૦ કા૦ ભં. (૩) સં.૧૭૩૪ આશ્વિન માસે તૃતીયા તિથૌ બુદ્ધવાસરે. પ.સં. ૭–૧૬, સંઘ ભં. દા.૬૩ નં.૨૫. (૪) સં.૧૭૪૪ વૈ. શુ. ૧૩ ઈલમપુરે સાધ્વી લાલ પઠનાર્થં. પ.સં.૧૩, જિ. ચા. પો.૮૩ નં.૨૧૫૪. (૫) પ. ક. ૧૧થી ૧૬, એક ચોપડો, મુક્તિ૦ નં. ૨૪૭૧. [આલિસ્ટઑઇ ભા.૨, મુપુગૂહ-સૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૮૭).]

[પ્રકાશિત : ૧. સજ્ઝાયસંગ્રહ ભા.૧ (ગો.).]

(૪૯૨) નેમિનાથ ધવલ અથવા **વિવાહલો** ૪૪ ઢાળ

આદિ – રાગ ધન્યાસી.

સારદ સાર દયા કરિ દેવી, હીઅડા ભીતિરિ આણીજી,
નમિનાથનું ધવલ રચિસુ સરસ સુકોમલ વાણીજી

અંત – એ ધવલ રચ્યઉં મઈ આંણી મનિ આણંદ.
બ્રહ્મચારી નિરૂપમ ગાયઉ **નેમિ** જિણંદ.
કહઈ શ્રી **બ્રહ્મ** સદા જિન વંદઈ બે કર જોડી,
તે અલવઈ પાંમઇ સુખસંપતિની કોડી. ૨૦૧
પદ અક્ષર માત્રાહીણ કહિઉં હુઈ જેય,
પંડિત જન જોઈ નિરતઉં કરજ્યો તેય,
સૂત્ર વૃત્તિ ચરિત અનુસારઈ જાંણી સાર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લવલેસઈ ભાષ્યઉ એહ સયલ અધિકાર. ૨૦૨

(૧) ગ્રંથમાન ૧૯૩, પ.સં. ૨૮, લી. ભં. દા.૩૦ નં.૪૦. (૨) ગ્રંથાગ્ર ૪૫૦, સં. ૧૬૧૫ આસો સુદ ૭ રવૌ લષિતં. સાધસેવક **લાલજી** પારિષ શ્રી **સૂરજી** પઠનાર્થં. પ.સં. ૨૧-૧૧, જૈ. એ. ઇં. ભં. નં. ૧૧૯૨. (૩) સં.૧૭૦૬ માધ શુદિ ૧૦ શુક્રે લિ. પ.સં. ૧૫-૧૩, હા૦ ભં. દા. ૮૦ નં.૧૩૭. (૪) ગ્રંથાગ્ર ૪૭૬, પ્ર. કા. ભં.

(૪૯૩) [+] **ઉત્તરાધ્યયન ૩૬ અધ્યયન ગીત** અથવા **સઝાય** [અથવા **ભાસ**] લ.સં.૧૫૯૯ પહેલાં

આદિ – ઢાલ મોહણગારૂ રે નંદ રે વણનાહલઉ.

(પા૦ વચન તુહ્મારાં હો જિનજી મનિ વસ્યાં એ ઢાલ)

શ્રી ગુરૂ **ગોતમ** ગુણ હઇયડઈ કહિઇસિઉં વિનય વિચાર

સ્વામી **સોહમ** ગણધરનઇ કહિઇ **ઉત્તરાધ્યયન** મઝારિ. ૧

વિનય કરીજઇ રે ભવીયણ ભાવ સિઉં જેહથી લહીઇ નાંણ,

અનુક્રમિ સમકિત ચારિત્ર ગુણ ગ્રહી પાંમીજઇ નિરવાંણ. આંકણી.

અંત – છત્રીસઈ ઉત્તરાઝયણઈ રે, જિણવર કહઇ,

અમૃત વયણ, સમત જગસૂં મનિ ધરીયઈ રે,

જેહથી ભવસાયર તરીઇ જિન૦ ૨૦

એ ભાસ સંખેપેઈ સારી રે છત્રીસઈ અધ્યયન વિચારી,

બ્રહ્મ કહઈ જે જન ભણસ્યે રે, મંગલ કમલા લહિસ્યઇ. ૨૧

(૧) ઇતિ શ્રી જીવાજીવ વિભત્તી ગીતં. છ. શુભં ભવતુ. કલ્યાણમસ્તુ. છ. ગ્રંથાગ્રં ૭૦૦ શ્લોક સંખ્યા જાણવી. શ્રી શ્રી સં.૧૬૪૪ વર્ષે વૈસાખ વદિ ૭ સોમે **શ્રી**માલીજ્ઞાતીય ૫૦ **તેજ**સુત ૫૦ **લાલજી** પઠનાર્થં. છ. છ. પ્ર. કા. પાસેનો ચોપડો. (૨) સં.૧૫૯૯ કા શુક્લ પંચમ્યાં શ્રી **રત**ંભતીર્થે શ્રી **રત**ંભનાધીશ શ્રી **પા**શ્વંનાથ પ્રસાદાત્ વિહિતં ઉત્તરાધ્યયન ષટત્રિંશદ ભાષા ત્રિશક્ત સમાપ્તં. પ.સં. ૨૭-૧૧, મો. સુરત. પો. ૧૨૬. (૩) સં.૧૬૪૯ વર્ષે કાર્તિક સુદિ ૩ ભૃગુવાસરે. પ.સં. ૧૯-૧૩, દે. લા. પુ. લા. નં. ૧૪૮/૩૯૬. (૪) સં.૧૬૫૭ વૈ. વ. ૯ શુક્ર ષાઇ **સોમા** પઠનાર્થં. પ.સં. ૪૦-૧૧, ઘોઘા ભં. દા.૧૬ નં.૩૭. (૫) સં. ૧૬૭૧ ચૈત્ર શુદિ દુતીયા લિખિતં **કાયસ્થ માથુર સુદર્શનેન આગરે** કોટો. પ.સં. ૧૮-૧૩, સંઘ ભં. દા.૭૨ નં.૫૨. (૬) પ.સં. ૩૨-૯, ખેડા ભં. દા.૭ નં. ૫૭. (૭) શ્રી **અંચલગચ્છ** આચાર્ય શ્રી **પુણ્ય**(સાગર...)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સં.૧૬૫૨ કા૦ શુ. ૧ ગુરૌ લિ૦ પ.સં. ૧૫-૧૭, હા.ભં. દા.૮૨ નં. ૧૦૩ (૮) એક ચોપડો, પ. ક. ૧૩થી ૪૩, મુક્તિ૦ નં. ૨૪૭૧. (૯) પ.સં. ૧૪, લી. ભં. દા.૩૦ નં.૫૧. (૧૦) પ.સં. ૪-૨૦, અપૂર્ણ, મ૦ જૈ. વિ. નં. ૫૧૮. (૧૧) લ.સં.૧૫૯૯. સે. લા. (૧૨) પ.સં. ૧૩-૧૧, જૂની પ્રત, પ્રથમનાં ૩ પત્ર નથી, ડા. અ. ભં. પાલણપુર દા.૩૬. [આલિ-સ્ટઑઇ ભા.૨, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૫, ૧૫૪, ૫૪૪).]

[પ્રકાશિત : ૧. સજ્ઝાયસંગ્રહ ભા.૧ (ગો.).]

(૪૬૪) જિનપ્રતિમા સ્થાપન પ્રબંધ

(૧) પ.સં. ૪૫, અમ.

(૪૬૫) [+] નાગિલ સુમતિ ચોપાઈ અથવા **સુમતિનાગિલ રાસ**

૨ સં.૧૬૧૨ આસો શુદિ ૭ ગુરુ

આદિ – બાલપણા લગિ શીલઇ ધીર, નીલકમલદલ કંતિ શરીર,
સમુદ્રવિજય શિવાદેવીનંદ, નેમિ નમૂં આણી આણંદ. ૧
જસુ ગુણ તણઉ ન લાભે પાર, અતિશય ચઉત્રીસ સોહે સાર,
વચન તણા અતિશય પાંત્રીસ, તાસુ ચરણ વંદો નિશિદીસ. ૨
મનશુદ્ધિઇ સંભારૂં સદા, સરસ વચન આપે **શારદા**
તસુ અણુસારે કરૂં ચોપઇ, સુણો સુયણ એકમના થઈ. ૩
ત્રિણિ તત્ત્વ છે જગ માહેં સાર, દેવ અને ગુરૂ ધર્મ વિચાર,
તે દેખાડે શ્રી ગુરૂ સાચ, એ છે નિશ્ચલ આગમ વાચ. ૪
શ્રોતા દેખી ગુરૂ નય કહે, **બ્રહ્મ** કહે તો સાચૂં લહઇ. પર૧

અંત – એ ચઉપઇ ભણી કરી, રાખી હિયે સુજાણ,
જે નવિ કહસ્યે લૌકિકનેં, તસુ **નેમીસ્વર** આણ. ૬૧૨
સાચું કહતાં સમકિત સહી, તિણિ લેજ્યો લાહો એ કહી,
સાધુ ગુણેં જિણવરને નામિ, એ વિસ્તરજ્યો ઠામેં ઠામિ. ૬૧૩
સંવત **સોલે બારોત્તરે**, આસો સુદિ સાતમિ દિન ગુરેં
નાગિલ સુમતિ તણી ચોપઈ, ગુરૂપ્રસાદિ સંપૂરણ થઇ. ૬૧૪

(૧) ઇતિ ગુરૂતત્ત્વ પરીક્ષાધિકારે સુમતિનાગિલ ચઉપઇ સમાપ્તા. (આમાં સુધારાવધારા છે તેથી કવિની પોતાની જ પ્રત જણાય છે.) પ.સં. ૪૫-૧૨, રત્ન ભં. દા.૪૫ નં.૪૨.

[પ્રકાશિત : ૧. પ્રકા. રણછોડલાલ ગંગારામ.]

(૪૬૬) અજાપુત્ર રાસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪૯૭) સુપાર્શ્વજિન વિવાહલો ૨. સં.૧૬૩૨ [આસો ૧૩ મંગળવાર ?]

આદિ – સુંદર સુગુણ સુહામણઉ એ, નમૂં દેવ **સુપાસ** નિધિ જસ તણઉ એ,
નમિય વલિ અવર સવિ જિણવરૂ એ, સવિહું જિનનાથના ગણુધરૂ એ.૧
શાસનદેવતિ સંભરી એ, વલિ **સારદા**ના ગુણ મનિ ધરી એ
કરિસુ **સુપાસ** જિણવર ચરી એ, સુણતાં હુઇ સંપદા બહુ પરીઈ એ.૨

અંત – ચઉસઠિ ઇંદ્ર તિહાં મિલઇ એ, તિહાં કરઇ લોકાચાર ભ૦
જંબુદીવ પન્નતિ છઇ એ, મોક્ષગમન અધિકાર ભ૦ ૫૨
તેહ તિહાંથી જાણિવઉ એ, કહતાં વિસ્તર થાઇ ભ૦
ઉછવ **નંદીસરિ** કરી એ, સુર સુરલોકઈ જાઇ. ભ૦ ૫૩
શોક નિવારી મન તણઉ એ, ભોગવઇ સુરના ભોગ ભ૦
મનસુધિ જિન આરાધતાં એ, લહિયઇ સયલ સંયોગ ભ૦ ૫૪
શ્રી **વિનયદેવ**સૂરિ ઇમ ભણઇ એ, વંદઉ સામિ **સુપાસ** ભ૦
એહ ભણુઉ વીવાહલઉ એ, જિમ પુહચઈ મન આસ ભ૦ ૫૫
ચરિત્ર થકી એ ઊધર્યઉ એ લવલેસઈ સંબંધ ભ૦
મિછાદુક્કડ તેહનૂં એ, જે કહ્યઉં સૂત્રવિરૂદ્ધ, ભ૦ ૫૬
યુગલ ભુવન રસ ચંદ્રમા એ, વરસિ રસાસુત વારિ ભ૦
ફલતી આશા અભિનવી એ, માસિ તેરસિ દિનિ ધારી ભ૦ ૫૭
એહ રચ્યઉ વીવાહલઉ એ, નાંદઉ જં જિણધર્મ ભ૦
ભણુતાં સુણતાં સુખકરૂ એ, જાણુઉ સૂધઉ ધર્મ. ભ૦ ૫૮

(૧) ગ્રંથાગ્ર ૫૮૧. આર્યા **મનકાં** આર્યા **અમરાં** પઠનાર્થં. પ.સં. ૧૫–૧૧, ડા. અ. ભં. પાલનપુર.

(૪૯૮) ભરત બાહુબલી રાસ કડી ૩૨૫ ૨.સં.૧૬૩૪

આદિ – શ્રી **આદીશ્વર** ચરણે નમૂં, **ચક્રેસરિ**નઈ ધ્યાનિઇ રમૂં,
ગાઉં **બાહૂબલિ** મુનિરાય, પામી સદિગુરૂ તણુ પસાય. ૧
ઋષભદેવ લઘઈ દીક્ષા જિસઇ, દીધૂં રાજ **ભરત**નઇ તિસઈ,
બાહૂબલિનઈ ઘઇ દેશ, બહુલી નામિઈ રિદ્ધિ પ્રદેશ. ૨
દેશઇ કેતુ દીધઉ વલી, પુત્ર આણૂંનઇ મનિ રલી,
આદરઇ સ્વામી સંયમભાર, પાલઇ સૂધઉ નિરતીચાર. ૩

અંત – **આવશ્યક નિર્યુક્તિ** ગતિ વિચાર, **વૃત્તિ** માંહિ છઠ્ઠે તસુ વિસ્તાર,
વલી ચરિત્ર જોઇનઈ કહ્યઉ, પંડિત નરને વચને લહ્યઉ. ૩૨૨
અક્ષર કાન્હઈ માત્રઈ જેય, હીણુઉં અધિકઉં ભાખ્યઉં તેહ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંડિત જન તે સાચઉં કરઉ, અભિનિવેસ મનનઉ પરિહરઉ. ૩૨૩
શ્રી **બાહૂબલિ** ઉત્તમ સાધુ, ખામૂં તે સાખિઇ અપરાધ,
કર જોડી વંદઉં નિસિદીસ, કહઇ શ્રી **વિનયદેવ**સૂરીસ. ૩૨૪
સંવત **સોલ** વરસ **ચઉત્રીસ**, કરી ચઉપઇ ધરી જગીસ,
ભણતાં ગુણતાં મંગલ કરઉ, જિહાં જિનધર્મ તાં લગિ વિસ્તરઉ. ૩૨૫

(૧) ૪ પ્રકાશમાં. સં૦૧૬૪૫ આસો વદિ ૫ રવૌ પં. **સકલપ્રમોદ**ગણિ ચેલા **પદ્મપ્રમોદ** લ૦ પ.સં. ૧૨-૧૫, ખેડા ભં. દા.૬ નં.૩૫.

(૪૯૯) સાધુવંદના કડી ૧૩૮

આદિ – અમરનરવૃંદ નિતુ જસ અહનિશિ નમઇ,
કેવલજ્ઞાન સુખ સંગમઈ જે રમઈ,
સિદ્ધ અનંત તે ભાવ ધરિ વંદિયઇ;
ચ્યારનઈ વીસ જિણુનામિ આણંદિયઈ. ૧
કાલ અતીત અનંત મુણિવર થયા,
અછઇ જયવંત જે હુસ્યઇ આગામિયા,
જોડિ કરકમલ તસુ શિરકમલ નામિયઇ,
અભિનવ આણંદ જેહથી પામિયઈ. ૨

અંત – ૧૩ ઢાલ રે જીવડા દુલહઉ માનવભવ લાધુ.
ગૃહવાસિઇ શીલ સોવન કસિયૂં, કષ્ટ કસઉટઇ જાચૂં,
સેડિ **સુદરસણ** દરસણ રૂડઉં, સીલ દીપાવ્યઉં સાચૂં.

*

૧૪ ઢાલ રે પ્રાણી દોહિલઉ નરભવ સાર.
સાધુ **કયવન્નઉ** નામ સોભાગી **સાલ** અનઇ **મહાસાલ**,
ગાગલિ પિઠર યશોમતી જાણીઇ, પંચ એ સુગુણ રસાલ.

*

આજ સમઇ જિકો સાધુ શિરોમણિ, વ્રત તપ સમિતિ પ્રતિપાલ,
તાસુ પદપંકજ શ્રી **બ્રહ્મ** વંદઇ સદા, જોડિ કર કરકમલ ત્રિણુકાલ.
એમ આગમિ અનઇ અવર ગ્રંથઈ વલી, સાધુના સંભરી નામ
ભાવસુદ્ધિઇ જિકો પ્રહ સમઇ નિતુ નમઇ, તે લહઇ અવિચલ ઠામ.

(૧) પ.સં. ૯-૧૨, લ. સુ.

(૫૦૦) શાંતિનાથ વિવાહલો

ઢાલ માઈ ધન્ન સુપન્ન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિ – આરાધૂં ભાવિઇં **સંતિકરણ** શ્રી **સંતિ**,
ગુરૂઆ ગુરુ વંદઉ ટાલી મનની ચંતિ.
નિર્વાણી નામઇં શાસનદેવિ સંભારૂં,
સોલમ જિનવરનું **ધવલ** રચિસુ હઉં સારું. ૧

અંત – **ઉત્તરાધ્યયનની વૃત્તિ** પ્રમુખ થકી, ભાખ્યઉ એ અધિકાર,
આપમતિઈં કાંઇ હીણુ અધિક કહ્યઉં, સાચ વિબુધ કરઉ સાર. ૨૧૫
શાંતિ જિણેસર સ્વામી સોલમઉ, ગાયઉ મન ઉલ્લાસ,
શ્રી **બ્રહ્મ** કહઇ નિતુ સેવા સારતાં, પૂરઈ વંછિત આસ. ૨૧૬
આણંદ આણી રે જગગુરુ ગાઇઅઇ.

(૧) પઠનાર્થં બેન **મોતી**કુઅર. પ.સં. ૧૫–૧૪, મુક્તિ નં.૨૩૩૦.

(૫૦૧) વાસુપૂજ્ય સ્વામી ધવલ

આદિ – ચઉવીસઈ જિણ ચરણે લાગીઇ, વર **શ્રુતદેવી** પાસઇં માગીઈ,
લાગીઇ પાએ શ્રી સુગુરૂનઇ, **ધવલ** રચિસુ સુહામણૂં.
વાસુપૂજ્ય જગગુરૂ બારમાનૂં, ચરિત્ર ભવ ત્રિણઈ તણૂં,
ધાતકી ખંડઇં પૂરવ દિશિ ગિણિ **માહાવિદેહિ** વખાણીઇ.
ભલ વિજય **મંગલાવતી**, નયરી **રતન** સંચય જાણીઅઇ. ૧

અંત – સદાફલી ફલ જિમ તડકીનઈં સાધુ સહિત સિધિ પામઇ,
શ્રી **વિનયદેવ**સૂરિ બે કર જોડી, ભાવઈ મસ્તક નામઈ.

*

નંદીસર વરિ કરી અઠાહી, દેવલોકિ સુર જાઈ,
પૂજઈ દાઢ આશાતન ટાલઈ, હિયડઇ હરખ ન માઇ.
રચ્યઉં **ધવલ** જિમ ચરિત્રિ વખાણ્યઉં, જાણી ગુરૂમુખિ મર્મ,
તા થિર પઢઉ ગુણઉ ભવિયણુજણ, જાં વરતઇ જિણધર્મ. ૨૯

(૧) સંવત ૧૬૬૬ વર્ષે માધ શુદિ ચતુર્થ્યાં ગુરૌ મુ૦ **રાજ**વિમલેન લિપિ. પ.સં. ૧૦–૧૩, હા.ભં. દા.૮૩ નં.૧૫૯.

(૫૦૨) પ્રથમાસ્રવદ્વાર કુલક કડી ૯૨

આદિ – **ગોયમ** નઈં **સોહમ** ગણધર ચરણે લાગૂં,
મતિ કવિત કરવાની, મન રંગઇ માગૂં;
દસમઇ અંગિ બોલ્યા પંચઇ આશ્રવદ્વાર,
મિથ્યાતી અવિરત લોક તણા આચાર.
દ્વાર અધર્મ પક્ષના કરણી જેહની આદિ ન દીસઇ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેવલ પાપપંધના કારણ જાણઉ વિધા વીસઇ. ૧

અંત – દસમઇ અંગઇ રે **વીર** જિણંદ કહઇ પહિલું દ્વાર અધર્મ,
સમકિત વિરતિ નહિ જસુ એ, સહિ જાણઉ એહ જ મર્મ. ૯૦
પાછલિ કરણી બોલ્યાં તે સહૂ, પાપ કરવાનાં ઠામ,
સૂત્રઇ વિવરી રે ભાખ્યાં તે સહૂ, પાપી નરનાં નામ. ૯૧
નિર્મલ મતિ કરિ સમકિત વિરતિ સૂં, પાપકર્મ કરઉ દૂરિ,
અવિચલ પદવી રે પામઉ તેહથી, ભણઇ **વિનયદેવ**સૂરિ. ૯૨

(૧) પ.સં. ૩–૧૫, હા.ભં. દા.૮૨ નં.૧૭૮.

(૫૦૩) ૯૨ જિનરાજનામ સ્તવ.

આદિ – **કેવલન્યાની** પહિલા દેવ, બીજા **નિર્વાણી** કરૂ સેવ. ૧
તિહૂં કાલઇ અનંતા દેવ, તેહની મનસુધિ સારઉં સેવ,
મનથી તુમ્હે મ કરસઉ દૂરિ, ઇમ બોલઇ શ્રી **વિનયદેવ**સૂરિ. ૩૧

(૧) ઉપરની પ્રત સાથે છેવટે.

(૫૦૪) અંતકાલ આરાધનાકુલ ૧૨૪ કડી

આદિ – ચુપઇ.

વંદિય ચઉવીસમઉ જિણિંદ, **ગોયમ** સ્વામી પમુહ મુણિંદ,
ભણિસુ સંક્ષેપઇ **આરાધના**, જે ગુણતાં હુઇ સુભ ભાવના. ૧

અંત – ઇણિ ભવિ પરભવિ સુખ ઘણા આપઇ, **બ્રહ્મ** કહઇ અવિચલ
પદિ થાપિઇ. ૧૧૯

ધન્ન અણગાર શ્રી **મેઘકુમાર, ગયસુકુમાલ** નમૂં નિત વાર. ૧૨૦

*

એહ આરાધના જે જન કરસઇ, તે સુખસંપદા નિશ્ચઇ વરસઇ. ૧૨૪

(૧) પ.સં. ૧૦–૧૧, પ્રત કવિના સમયમાં લખેલી. જિનદત્ત ભં. મુંબઈ પોથી નં. ૧૦.

(૫૦૫) બીજી કૃતિઓ

(૧) પાર્શ્વનાથ સ્ત૦—આસ મનવંછિત પાસજિન પૂરણ. (૨) આદીશ્વર સ્ત૦—રિષભદેવ છઇ આણંદ જેહનઇ નમે. (૩) પાર્શ્વનાથ ગીત—કેવલ ધ્યાન દિવાકર ભગવંત. (૪) ખંભણાધીશ પાર્શ્વ સ્તવ.—સકલ સુરાસુર સેવતિ પાય, થંભણપુરમંડણ જિનરાય. (૫) અંતકાલ આરાધના. (૬) અર્બુદક સાધુ ગીત. (૭) મૃગાપુત્ર ચરિત્ર–પ્રબંધ. (૮) અષ્ટકર્મ વિચાર. (૯) ચંદ્રપ્રભ સ્વામી ધવલ. (૧૦) સંભવનાથ સ્તવન,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬ કડી. (૧૧) ૨૪ જિન સ્ત૦ (૧૨) સૈદ્ધાન્તિક વિચાર. (૧૩) ચઉપર્વી વ્યાખ્યા. તદુપરાંત સ્તવનો, સઝાયો, કુલકો અને પ્રાસંગિક કાવ્યો.

[સજ્ઝાયો વગેરે કેટલીક ગૌણ કૃતિઓ 'ષટ્દ્રવ્ય નય વિચારાદિ પ્રકરણ-સંગ્રહ'માં પ્રકાશિત થયેલી છે.]

(૫૦૬) લોકનાલિકા બાલા.

આદિ – નત્વા **વીર**ં વિશેષજ્ઞં સર્વવિઘ્નવિનાશકં
લોકનાલેઃ સમાસેન **વાર્ત્તિક**ં ક્રિયતે મયા. ૧

(૧) અયં બાલાવબોધો **બ્રહ્મર્ષિ**ણા સ્વાત્માર્થાવબોધકૃતે તથા યહ લોકનાલ શ્રી બ્રહ્મર્ષિણા સ્વયંહસ્ત લખ્યતે તિંસહી પરતથી ઉતારી છઈ. સં. ૧૭૦૬ કા. વ. ૩ વાર રવિપુત્રદિને લિ. **કુઅરપાલ**. પ.સં. ૬, ગો.ના. (૨) પ.સં. ૧૩, ગો. ના.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૫૨–૫૮ તથા ૬૦૨, ભા.૩ પૃ ૬૦૫–૬૧૩ તથા ૧૬૧૧. 'ઉત્તરાધ્યયન ૩૬ **અધ્યયન** સ.'ની નોંધ થયા પછી ભા.૧ પૃ.૧૫૮ પર નીચેની બે પંક્તિ મળે છે તે કોઈ રાસની જણાય છે પણ કયા રાસની છે તે સ્પષ્ટ થતું નથી.

જંબુદ્વીપ ભરતક્ષેત્રમંડણ, નગર અચલપુર સોહઇજી,
ધન **વિક્રમ** ભૂપતિ તસુ રાણી **ધારણી** જનમન મોહઇ જી. ૧.]

૨૩૮. દેવસુંદર વા૦ (જીરાઉલાગચ્છ રામકલશસૂરિશિ.)

(૫૦૭) કયવન્ના ચોપાઈ ૨ સં. ૧૫૯૪ માગશર વદિ ૭ ગુરુ

આદિ – સંઘ સાનિધિ શ્રી **પાસ** પસાઇ, નામ જપંતા નવનિધિ થાઇ ૪૦
સંવત **પનર ચોરાણુ** સાર, માગસર વદિ સાતમિ ગુરૂવાર
પૂષ્ય નક્ષત્ર હૂંતો સિધ જોગ, **કયવન્નાની** કથાનો ભોગ. ૪૧
શ્રી **જીરાઉલિ**ગચ્છ ગુર જયવંત, શ્રી શ્રી **રામકલસ**સૂરિ ગુણવંત
વાયક **દેવસુંદર** પભણંતિ, ભણુઇ ગુણઇ તે સૂષ લહંતિ. ૪૨

(૧) અંત્ય પત્ર, નાહટા. સં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૯૫.]

૨૩૯. કલ્યાણજયશિષ્ય (ત૦ સૌભાગ્યહર્ષસૂરિશિ)

સૌભાગ્યહર્ષસૂરિના પ્રતિમાલેખો સં. ૧૫૮૪ અને ૧૫૯૦ની સાલના મળે છે. (ધાતુપ્રતિમા લેખસંગ્રહ ભા.૧ લેખાંક ૧૮૬ અને ૭૧૯) આ પૈકી સં.૧૫૯૦ના લેખમાં સાથે આનંદવિમલસૂરિ પણ છે. આ બંને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂરિઓ હેમવિમલસૂરિના શિષ્યો અને બંનેની પાટ જુદી થઈ. આણંદ-વિમલસૂરિએ સં.૧૫૮૨માં ક્રિયોદ્ધાર કર્યો તે વખતે તેમણે ગચ્છનો સમસ્ત ભાર સૌભાગ્યહર્ષને સોંપ્યો હતો. સૌભાગ્યહર્ષે લઘુશાલા નામે એક શાખા ચલાવીને પોતાની પાટે સોમવિમલસૂરિને સ્થાપન કર્યા હતા જ્યારે બીજી બાજુ આણંદવિમલસૂરિએ પોતાની પાટે વિજયદાનસૂરિને સ્થાપન કર્યા હતા.

(૫૦૮) કૃતકર્મ રાજાધિકાર રાસ ૨. સં. ૧૫૬૪ બાહુલ માસ વદ જયાતિથિ ગુરુ ગંધારમાં

આદિ – સકલ મૂરતિ કલ્યાણકર, આદિહિં **આદિ** જિણિ દ,
શ્રી **વિમલાચલ** મંડણુઉ, પણમઉ આદિ જિણંદ; ૧
શાંતિકરણ **શાંતિ** જિણ, સોલસમઉ જિણરાય,
ચક્રવર્તિ વલી પંચમઉ, સોવનવન જસ કાય. ૨
ગઢ **ગિરિનારિહિ** ગાજતુ, **રાજમતી**નુ કંત,
તીર્થંકર બાવીસમઉ, **નેમિનાથ** ગુણવંત. ૩
શ્રી **જીરાઉલિ** રાજીઓ, મહિયલિ મહિમાવંત,
આસપૂરણ **આસસેન** તન, ચિર પ્રતપઉ જયવંત. ૪
શ્રી **સિદ્ધારથ** કુલતિલઉ, કંચણુવાન સરીર,
વર્દ્ધમાન વંદઉ સદા, સૂરઉ સાહસ ધીર. ૫
સેવિઉ સવિ સંપદ દીઇ, શ્રી **ગૌતમ** ગણધાર,
નવનિધિ નામ જપંતડાં, નિતનિત જયજયકાર. ૬
જસ નામિઇ જસ વિસ્તરિઇં, કવિજન દિઇ બહુમાન,
તે ગુરૂપાય નમંતડાં, વસુધા વાધઇ વાન. ૭
સરસતિ સરસ વચન રસ, વિરચઇ અવિરલ ધાર,
જસ પસાઇં નીપજઇં, કવિત બીજ વિસ્તાર. ૮
તે **સરસતિ** મુઝ મુખિ વસઈં, આપિઇં નિરમલ બુદ્ધિ,
આપઈ તુ **કૃતકર્મ**નઉ, બોલિસુ સરિસ ચરિત્ર. ૯

અંત – વસ્તુ
એક પદથી એક પદથી રાય **કૃતકર્મ**,
નવરંગી નવયૌવની ચ્યારિ નારિસું રાજસુંદર.
પામઈ લીલા અતિ ઘણી, તેજવંત મહિમાપુરંદર,
છેડઇ સંયમ આદરી પામિઉ શિવપુર રાજ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સકલ શાસ્ત્રનઇ પ્રણુમતાં, નિશ્ચઇં સીઝઇં કાજ. ૨૩૭

*

ચંદ્રગચ્છિ શ્રી ગુરૂ દીપતા એ મા૦ સુવિહિત સૂરિ શૃંગાર
શીલિઇ **જંબૂ** અભિનવા એ મા૦ ગુરૂ ગણુજલ ભૃંગાર. ૬૮
તપગચ્છિ શ્રી ગુરૂ નાયકૂ એ મા૦ શ્રી **હેમવિમલ** સૂરીંદ
નામિઇં નિધિ પામીઇ એ મા૦ દુરિત જાઇ દૂરિ. ૬૯
તાસ સીસ સોહામણા એ મા૦ **તપ**ગચ્છનુ આધાર.
નામિ સોભાગિઇ આગલા એ મા૦ પાલઇ પંચાચાર. ૭૦
શ્રી**સૌભાગ્યહર્ષ**સૂરિ ચિર જયુ એ મા૦ સહૂકો દિ આસીસ,
વિબુધ પુરંદર ગુણનિલુ એ મા૦ ધર્મવંત નિસિદીસ. ૭૧
વિદ્યા ચૌદઇ અલંકરિઉ એ મા૦ તપ જપિ ક્ષિમાનિધાન
શ્રી **કલ્યાણજય** જયકરૂ એ મા૦ પંડિત સકલ પ્રધાન. ૭૨
જસ નામિં જસ પામીઇ એ મા૦ કવિજન દિઇ સહૂ માંન
ચરણ કમલ તે ગુરૂ તણુઇ એ મા૦ શ્રી રાજહંસ સમાંન. ૭૩
તે ગુરૂ નઇં સુપસાઉલઇ એ મા૦ **યુગ નિધિ ઇષુ ભૂ** વિચાર
વરસ માસ બાહુલ સુદ્દિઇ એ મા૦ જયા તિથિ સુર ગુરૂવાર. ૭૪
રાસ રચિઉ રંગિઇ કરી એ મા૦ વંદન કરૂં કર જોડિ
વયન કથન જે બોલીઆં એ મા૦ અધિકી ઓછી વાત,
દેવગુરૂ શ્રી સંઘ સાખીઆ એ મા૦ મિચ્છા દુક્કડ સાત. ૭૬
નગર અનોપમ જાંણીએ એ મા૦ મંદિર શ્રી **ગંધાર**
ધર્મકાજિ કરી આગલુ એ મા૦ દાંન દીઇ અનિવાર. ૭૭
જિહાં એહવા વિવહારીઆ એ મા૦ પૂજઇ શ્રી **વર્ધમાન,**
વર્ધમાંન જિન પૂજતા એ મા૦ સુખ પાંમઇ વૃદ્ધમાન. ૭૮
જપતાં શ્રી **વર્ધમાન** જિન એ મા૦ સવિ સંપદ અનિવાર
દિનદિનિ પાંમઇ અતિઘણાં એ મા૦ માંગલીક જયજયકાર. ૭૯

કલશ

જાં પવર મંદિર સકલ સસિહર વિપુલ અંબર મંડલં.
ઉદયગિરિ જાં ઉદય કરઉ દિવદિવ રત્ન મહીતલં.
તાં એહ શ્રી **કૃતકર્મ** રાજ તણુ ચરિત્ર સોહામણું.
કલ્યાણ જયકર ભવિક નરનઇં અયલ દિઉ વધામણું. ૮૦

(૧) આદિમાં શરૂ કરેલ છે કેઃ—**તપા**ગચ્છનાયક ભટ્ટારિક શ્રી શ્રી શ્રી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સોમવિમલસૂરિ ગુરુભ્યો નમઃ-(તેથી તે સૂરિના શિષ્યે લખેલ) પ.સં. ૧૪-૧૧, ડે. ભં. દા.૭૦ નં.૧૦૧. (૨) સં.૧૬૨૭ માર્ગશીર્ષ શુદિ ૭ કૃષ્ણદાસ લ૦ પરી દેવચંદ, એક ચોપડો. પ. ક. ૭૭થી ૯૦, નવાં ૬૯થી ૮૩, રા. ડાહ્યાભાઈ મોતીચંદ સુરતવાલા વકીલ પાસેનો. (૩) પ.સં. ૧૨-૧૪, સંઘ ભં. દા.૬૩ નં.૪૩. (૪) પ.સં. ૧૧-૧૩, ઈડર ભં. નં. ૧૬૪. (૫) ઈડર બાઈઓનો ભં. [આ કદાચ નં. (૪) જ હોય.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૬૦-૬૧, ભા.૩ પૃ.૬૧૩-૧૫. પહેલાં કર્તા 'કલ્યાણ' ગણેલા. પણ પછીથી સુધારીને 'કલ્યાણજય(જયકલ્યાણ)-શિષ્ય' એમ કર્યું છે. 'જયકલ્યાણ' એ નામ માટે કૃતિમાં કોઈ આધાર જણાતો નથી.]

૨૪૦. સંયમમૂર્તિ (અં. કમલમેરુશિ.)

(૫૦૯) કલાવતી ચોપાઈ ગા. ૨૦૧ ૨.સં.૧૫૯૪ જે. શુ. ૩ બુધ

કવિંદામાં

આદિ – તિત્થેસર ચુવીસમઉ, **વીર** જિણંદ દેવ
સિદ્ધારથરાય કુલતિલઉ, સારઇ સુરનર સેવ. ૧

અંત – સંવત **પનર** **ચઉરાણૂ** સાર, જેઠ સુદી ત્રીજઇ બુધવાર
રચીયઉ એહ ઉપશમ ભંડાર, શ્રી **વિધિપક્ષ**ગચ્છ ઉદાર. ૨૦૦
વાચક **કમલમેરૂ** સુપસાઇ, કીયો કવિત મન ધરી ઉછાહ,
ત્રિધિઇ કરી **સંયમમૂર્ત્તિ** કહઇ, ભણુઇ ગુણઇ તે નવનિધિ લહઇ ૨૦૧

(પા૦) સંવત **પનર** **ચઉહાણૂ** સાર, જેઠ સુદિ તીજ બુધવાર,
શ્રી **વિધિ** પક્ષ ગચ્છ ઉદાર, નયર શ્રી **કવિંદા** મઝાર. ૯૩

(૧) એક ગુટકો, જિ. ચા. (૨) પ.ક. ૨થી ૧૦, અભય. નં.૧૧૭. (૩) **અંચલગચ્છે** વા૦ **તેજસમુ**ગણિશિ૦ ઋષિ **વેણા** લિખિતં. પ.સં.૭, જેસ. ભ. ભં. નં. ૧૫૦. (૪) પ્રાયઃ આ કવિકૃત-સં. ૧૬૮૩ શ્રા. શુ. ૨ ભૃગુદિને વાસ્તવ્ય **દીવ**બંદિરે લિ. મુ. વિ. છાણી. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞા-સૂચિ (પૃ ૩૯૫).]

(૫૧૦) ગજસુકુમાલ સંધિ કડી ૭૦ ૨. સં.૧૫૯૬ [?]

આદિ – પણમવિ સ્વામી **નેમિ** જિણંદ, જસ સેવઇ સુરનરવઈ ઇંદ
ગયસુકુમાલ સંધિ મનરંગઈ, પભણિ જિમ **અંતગડ** અંગઈ. ૧
પંચમ ગણધર જિમ વલિ ભાસઇ, ચરમ કેવલી તેમ પયાસઇ
કાલ તેહનઇ સમઇ સુજાણુ, નયર **બારવઇ** નોપમ ઠાણુ. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંત – સુપરાજ તે રાજા સાધઇ, જિનવર વચન વિશેષઇ આરાધઇ
ગયસુકુમાલ સદા ગુણ ગાવઇ, તે નર ઋદ્ધિ વૃદ્ધિ શિવ પાવઇ ૬૯
સિદ્ધ ભેદ વરસહ **મુનિ નંદ**, દેવકોટિ માહે જિમ ચંદ,
સંજિમમૂરતિ તે ચિર નંદઇ, **ગયસુકુમાલ** સદા જઉ વંદઇ. ૭૦

(૧) પં. **સામ**તેન લિ૦ પ.સં. ૪-૧૧, મ. જૈ. વિ. નં. ૪૧૩. (૨) પ.સં. ૪-૧૨, અનંત ભં. નં. ૨. [મુપુગૂહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૦૪–૦૫ તથા પૃ.૬૧૫. પૃ. ૬૧૫ પર 'કલાવતી ચોપાઈ' ખંડિત પાઠને કારણે સંયમમૂર્તિના ગુરુ કમલમેરુને નામે મુકાયેલી હતી તે આપોઆપ રદ થાય છે. 'ગજસુકુમાલ સંધિ'માં સંવતદર્શક શબ્દોમાં 'ચંદ' છપાયેલું તે, સંવતનું અર્થઘટન જોતાં, 'નંદ' જોઈએ, તે ઉપરાંત 'નંદ' પાઠને અન્યત્રથી પણ ટેકો મળેલો છે. જોકે તેમ છતાં 'સિદ્ધ ભેદ'નું અર્થઘટન ૧૫ કેવી રીતે થઈ શકે તે સમજાતું નથી. 'સંયમભેદ' શબ્દ માનીએ તો ૧૭ અર્થઘટન થાય ને ૨. સં. ૧૭૯૭ ઠરે. લેખનસંવતને કારણે સં. ૧૭મી સદીમાં મુકાયેલા વિનયમૂર્તિશિષ્ય સંયમમૂર્તિ વહેલા થયેલા હોય અને 'ગજસુકુમાલ સંધિ'ના કર્તા એ સંયમમૂર્તિ હોય એવી પણ શકયતા 'જૈન ગૂર્જર કવિઓ'એ બતાવી છે પરંતુ એ માટે કોઈ પ્રમાણ નથી. એ જ રીતે આ કૃતિ કમલમેરુ-શિષ્યની હોવા વિશે પણ નિશ્ચિત પ્રમાણ નથી એમ કહેવાય.]

૨૪૧. મતિસાગર (આગમગચ્છે સોમરત્નસૂરિ–ગુણનિધાનસૂરિ–ઉદયરત્નસૂરિ–ગુણમેરુશિ.)

(૫૧૧) લઘુ ક્ષેત્રસમાસ ચોપાઈ [અથવા ક્ષેત્રસમાસ વિચરણ ચતુષ્પદી] ૨.સં.૧૫૮૪ આસો સુધવાર પાટણ

આદિ – **સરસતિ** સામિણિ કરૂં જુહાર, જેહના ગુણ અપ્પારાવાર,
તે **સરસતિનું** ધ્યાન જ ધરી. રચસિઉં ચુપૈ હરષિઈ કરી. ૧
આગમગચ્છિ ગુરૂઆ ગુરરાય, શ્રી **સોમરયણ**સૂરિ વંદૂં પાય,
તસ પટિ શ્રી **ગુણનિધાન** સૂરિંદ, તસ પટ્ટોધર સૂરિ નરિંદ ૨
શ્રી **ઉદયરયણ**સૂરિ મહિમાવંત, શમદમ સંયમ સદા ઝલકંત,
તે સહિગુરની અનુમતિ લહી, **ક્ષેત્રસમાસ** અહો રચિસિઉં સહી. ૩
તસુ પરિવારિ પંડિત **ગુણમેરૂ**. તાસુ સીસ કહિ હરિષ ધરેવિ,
ચુપૈબંધિ કરિસું હું સોઇ, એહ વિચાર સુણિયો સહુ કોઇ. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વસ્તુ

જૈન શાસનિ જૈન શાસનિ મૂલ સિદ્ધાંત,
સોહમ સ્વામિ પ્રકાસીઉ અછઇ, સાર પણુયાલ આગમ.
તેહ મહીંય ચઉથઇ ઉપાંગિ, જેહ અરથ દુર્ધટ્ટ અવગમ,
જંબુદીવ પનત્તિ જેહ, તેહનું ઉદ્ધિત જેહ,
ક્ષેત્રસમાસ જે મહિયલિઈ, તેહનું વિચરણ એહ. ૫

*

એ લઘુક્ષેત્રસમાસથી, વિરચિઉ સારોદ્ધાર,
જંબૂદ્વીપ વિવરણા, બોલીઉ ટબુ લગારિ. ૩૯૯
શ્રી ઉદયરત્નસૂરિ તણઇ, સાનિધિ કહીઉ એહ,
શિષ્ય અતિસાગર વીનવઇ, પ્રણમું શ્રી ગુરુ તેહ. ૪૦૦
હિવઇ બીજુ અધિકાર હું, બોલું હરષ ધરેવિ,
લવણસમુદ્રની વિવરણા, ચુપૈયંધિ સંખેવિ. ૪૦૧
—ઇતિશ્રી ક્ષેત્રસમાસે વિચરણે જંબૂદ્વીપાધિકારે પ્રથમોલ્લાસઃ

અંત– દૂહા

આગમગચ્છિ ધંધુકીયા, શ્રી અમરરત્ન સૂરીંદ,
તસ પટિ પાપતિમિર હરઇ, શ્રી સોમરયણ સૂરિચંદ. ૫૭૧
તસ અનુક્રમિ ગુરુ દીપતા, શ્રી ગુણનિધાન સૂરિરાય,
તાસ પાટ ઉદ્યોતકર, ચિર પ્રતિપુ ગુરુરાય. ૫૭૨
શ્રી ઉદયરત્ન સૂરીશ્વરહ, મહિમા ગરૂઅડિ મેરુ,
તાસ સીસ મુનિવર મુકટ, પંડિત શ્રી ગુણમેરુ. ૫૭૩
તેહનુ શિષ્યઉ વીનવઈ, અતિસાગર જસ નાંમ,
જે કાંઇ કૂડૂ કવિઉં, ખમિયો કરંય પ્રણામ. ૫૭૪
ગહન અર્થ એહમાં ઘણાં, હું સિઉં લહૂઅ ગમાર,
હિત આંણી મઝ ઊપરિઈ, કરિયો ખરુ વિચાર. ૫૭૫
સંવત પનર ચુરાણુઇ, આસોઈ બુધવારિ,
રચીઉં એ સૂત્ર ઊપરિઈ, પત્તન નયર મઝારિ. ૫૭૬
ચુપૈ દૂહા થઇ પંચસઇ, અડિહુત્તિર અભિરામ,
તાં રહિયો એ મહિતલઇ, સાયર સૂર દૂ જાંમ. ૫૭૭

ઢાલ

ઇણિ પરિઇ રચીઉ રાસ મુગતિઇ ભાવિ ભગતિઇ સુખ કરઇ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધાંતસ.૨ વિચાર મીઠુ દીઠુ દરશનિ દુખ હરઈ,
જીરાઉલુ શ્રી પાસ પ્રણમી નમી **સરસતિ** બહુ પરે,
જે ભાવિ ભણુસિઇ અર્થ સુણુસિઈ નવઇ નધિ હુઇ તેહ ઘરે. ૫૭૮

(૧) ઇતિ શ્રી લઘુક્ષેત્ર સમાસ વિચરણે સંપૂર્ણ નામ ષષ્ઠોલ્લાસઃ પ.સં. ૨૩-૧૫, દે. લા. પુ. લા. નં. ૧૧૪૧/૫૧૦. (૨) ભક્તિવિજય ભં. ભાવ. નં. ૨૮ (વે૦). (૩) અગરચંદ ભેરૂદાન બાંઠીયા લાયબ્રેરી બીકાનેર. (૪) અપૂર્ણ પ્રત, પ.સં. ૫-૧૮, મ. જૈ. વિ. નં. ૪૦૩. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૯૬).]

(૫૧૨) સંગ્રહણી રાસ ઢાલબંધ ૨.સં.૧૬૦૫ પોષ

આદિ – અરિહંતાદિક પંચ જે, પરમેષ્ઠી પ્રધાન,
નમું નિરંજન ચિત્ત સ્યું, માગું અવિચલ માન. ૧
કાશ્મીરનિવાસિની, સરસતિ સમરૂં માય,
તાસ ચરણ ભાવઇ નમી, કરૂં કવિત ઉચ્છાહિં. ૨
સદગુરૂ પદપંકજ વલી, વાંદું ભાવ સહીત;
તાસ તણે સુપસાઉલે, વાધે અવિચલ મતિ. ૩
એકમનાં આરાહીઈ, શ્રી **ઉદયરત્ન** સૂરીંદ,
તસ પટોધર દીપતાં, **આગમગચ્છ** દીણંદ. ૪
શ્રી **સૌભાગ્યસુંદરસૂરિ**ની, અનુમતિ લહી ઉલ્લાસિ.
શ્રી **સંગ્રહણી** સૂત્રનું, રાસ રચું સુપ્રકાસ. ૫
પહેલું દ્વાર ચઉત્રીસ જે, અનુક્રમે કહું વિચારિ,
સાવધાન સહુ કો સુણો, બોલું સૂત્ર અનુસાર. ૬

અંત – સદ્ગુરૂચરણ પસાઈ કરી, **અહમદાબાદ** નયર મનિ ધરી,
ઋષભ પસાઇ પૂગી આસ, એતલઇ હુઉ બીજુ ઉલ્લાસ.
વૃદ્ધ સંઘયણિ થિકી ઉદ્ધરી, શ્રી **શ્રીચંદ્ર** મુનીશ્વર કરી,
વડી માહિઇ છઇ એતલા વિચાર, ચઉત્રીસ દંડક તણા પ્રકાર. ૫૩૭
શરીરનઈ અવગાહન મિલી, **સંઘયણિ** સંજ્ઞા સંઠાણ મિલી,
કષાય લેશ્યા ઇંદ્રી સમુઘાત, દૃષ્ટિ દર્શન જ્ઞાનની નાત. ૩૮
યોગ ઉપયોગ ઉપપાતિ વિચારિ, ચ્યવન સ્થિતિ પર્યાપ્તતિ વિચાર.
દિગાહાર સંજ્ઞા જૂજૂઇ જાતિ, ગત્યાગતિ દેવીની ભાતિ. ૩૯
એહ માહિઇથી કેતલાં કહ્યાં, કેતલા એક ગ્રંથાંતરિ રહ્યાં,
સંઘયણિ તણઉ સૂધઉ વિચાર, **હેમસૂરિ** જે ગછ **મલધાર**. ૪૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેહનઇ સીસેઇ એ એહ જિ ભણુ, **સંઘયણિ** પ્રકરણ નામ તસ તણું.
તેહ ઊપરિ ભાવ બહુ ધરી, ચુપૈબંધ યુગતિઇ એ કરી ૪૧
ગૂઢ અર્થ એહ માહિ છઇ બહૂ, હૂં મૂરખ નવિ જાણઉં સહૂ,
જ્ઞાનવંત **જે** સૂત્રના ધાર, કરયો એ સૂધઉ વિચારિ. ૪૨
આગમગચ્છિ મુનિવર મુગુટ, શ્રી **ઉદયરયણ** સૂરિરાય,
શ્રી **સોભાગસુંદર** સૂરિગુરૂ, **ધંધુકીઆ** કહિવાય. ૪૩
તસુ પરિવારઇ ગહગહઇ પંડિત શ્રી **ગુણમેરૂ**,
સકલ કલાઇ દીપતા, મહિમા જસ ભડમેરૂ. ૪૪
તાસુ સીસ ભાવિઇ કરી, રચિઓ રાસ સુવિચાર,
સંવત **સોલ પંચોત્તરઇ**, પોષ માસ ઉદાર. ૪૫
પહિલુ અક્ષર **મન** તણું, બીજઓ **યતિ**નું જાણિ,
મનસા ત્રીજુ આણયો, ચુથઈ વઈરાગ આણિ. ૪૬
વઈરાગરનું પંચમુ, એહ જિ કવિના નામ,
શ્રી **જીરાઉલિ**મંડણું, કરૂં તેહનઇ પ્રણામ. ૪૭
પાસ પસાઇ અચલ સુખ, લહીઇ સંપતિ કોડિ,
વલીવલી ભાવઈ નમું, દોઇ કર મસ્તક જોડિ. ૪૮

ચઉપઈ.

ચઉપઇ દૂહા થઇ પંચસઇ, ઊપરિ વલી પંચાસ.
ભાત્ર સહિત જે સંભલઇ, ભવિઆ પુહચઇ આસ. ૪૯

ઢાલ

એહ અર્થ નિરૂપમ અમૃત ઉપમ સુણુ શ્રવણે સુખ કરઇ,
વિચાર કરતા ચિત્ત ધરતાં કર્મ કોડિના દુખ હરઇ.
તાં રહુ રાસ પ્રકાશ ઉતમ મેરૂ દુ શશિ દિણુયરૂ
શાસનદેવિ પસાઉલઇ શ્રી સંઘ ચતુર્વિધ જયકરૂ. ૫૫૦

(૧) સાત ઉલ્લાસ, સં.૧૬૩૯ કા. શુદિ ૧૪ મંગલે પં. **સૌ**ભાગ્ય-માણિક્યગણિશિ૦ **પુણ્ય**સાગરગણિશિ. પં. **રા**જહર્ષગણિશિ. ચેલા દેવજી લષિતં. પ.સં. ૧૮–૧૭, જશ. વડવા ભાવ. નં. ૨૫૪. (૨) ગ્રં.૧૯૦૦, સં.૧૬૧૮ વૈ.શુ. ૫ શનૌ **અહ**મદાવાદ વાસ્તવ્ય મુનિ કમલકીર્ત્તિ વાચનાર્થં. વિ. દા. શા. સં. છાણી. (૩) ઉપાધ્યાય શ્રી રતનસાગરગણિશિષ્ય પદ્મ-સાગરગણિશિષ્ય **ધ**ર્મસાગર પઠનાર્થં. ચેનસાગર ભં. ઉદયપુર. (૪) સં. ૧૮૭૭ના વર્ષે માહ સુદિ ૧૫ દિને ભૃગુવાસરે તૃતીય પ્રહરે શ્રી **પા**લણપુર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નયરે શ્રી પાલવીયા પાર્શ્વનાથજી પ્રસાદાત્ લિખિતં. ગ્રંથાગ્રંથ ૮૨૩ શ્લોક, પ.સં. ૨૮–૧૨, પ્ર.કા.ભં. નં.૬૯૨. [આલિસ્ટઑઇ ભા.૨.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૯૬–૯૭, ભા.૩ પૃ.૬૧૫–૧૮. પહેલાં 'સંગ્રહણી રાસ'નું રચનાસંવતનું અર્થઘટન ૧૬૭૫ થયું હતું તેથી કર્તાને ૧૬મી સદીમાં મૂક્યા હતા પણ પછીથી 'લઘુક્ષેત્ર સમાસ ચોપાઈ'ની રચનાસંવતને કારણે કર્તાને ૧૫મી સદીમાં ખસેડ્યા છે.]

૨૪૨ ક. અજ્ઞાત

(૫૧૩) સાધુવંદના

આદિ – વંદિય ગુરૂઆ સિદ્ધ અનંત, તીર્થંકર ગણધર ભગવંત
કર જોડી રિષી વંદન કરૂં, જિમ લાભઇ ચારિત્ર અતિ ખરૂં. ૧
અનંત ચઉવિશિ કાલ અનાદિ, મુનિવર તણિ ન લાભઇ આદિ
આગઈ હુઆ અનંતા નામ, પહિલું તેહનેં કરૂં પ્રણામ. ૨

અંત – તે વાંદીનઇ કરૂં ખામણું, ખંડિઉં વચન જિકો તીહં તણું
વિરાધના જે કીધી કિસી, દૂહવિ ચીડી નિંદી હસી ૨૫૦
કાલ અનાદિ અનંતે ભવે, તે અપરાધ ખમાવું સવે
સૂત્ર વિરુદ્ધ જે કાંઇ હોઇ, શુદ્ધ કરૂ ગીતારથ સોઇ. ૨૫૧

(૧) પ.સં. ૧૩–૧૧, વિજાપુર જૈન જ્ઞાનમંદિર નં. ૬૩૦. (૨) પ.સં. ૧૦–૧૪, પુ. મં. (૩) સં.૧૮૬૫ પોસ કૃ. ૯ સોમે લ. પદ્મવિજયગણી આત્માર્થે ગોધાવી નગ્રે. પ.સં. ૧૦–૧૭, નં. ૧૫૩. વિજાપુર જૈન જ્ઞાનમંદિર.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૪૯૯.]

૨૪૨ ખ. અજ્ઞાત

(૫૧૪) જીવદયા ચોપાઈ

આદિ – પહિલું પ્રણમું વીર જિણંદ, તેણઇ તૂઠઈ હોઇ પરિમાણંદ
ચઉવીસમઉ તીર્થંકર દેવ, સુર નર ઇંદ કરઈ પયસેવ. ૧
વીરવાણી અમૃતની ધાર, જીવ સવેનઈ કરઈ ઉપકાર
જીવયોનિ ચઉરાસી લાખ, તે પ્રીછઇ જૂજૂઇ ભાષ. ૨
વીરવાણી યોજિનગામિની, પૂરઇ આસ ત્રભોવન તણી,
દયાસાગર અતિ ગંભીર, બઇઠઉ ચરમ તીર્થંકર વીર. ૩

અંત – પ્રથિવી પાણી અગનિ નઇ વાઇ, વનસપતી ત્રસ છઠી કાય,
એહનઇ મરણ દુખ હોઇ જેતલું, મરણદુખ આપણ તેતલું. ૨૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈમ જાણી જીવરક્ષા કરઉ, જઇણાધર્મ સૂધઉ આદરઉ,
કુગુરૂ ભ્રંમ છાંડઉ મિથ્યાત, પ્રવચન વચને પ્રીછુ વાત. ૩૦

(૧) પ.સં. ૧૫-૧૧, ડે. ભં. દા.૭૦ નં.૯૮.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૦૦.]

૨૪૩. ભાવકલશ

(૫૧૫) કૃતકર્મ ચરિત્ર રાસ

આદિ –

વસ્તુ

સકલ પંડિત શિરોમણિ પંડિતશ્રીપ શ્રી સુમતિવિજયગણિ ચરણકમલેભ્યો નમઃ. શ્રી ગુરૂભ્યો નમઃ

પઢમ પણુમેા પઢમ પણુમેા **નાભિમલ્હાર**
સંતીસર સંતીકરણ, નમું **નેમિ ગિરનાર**નાયકુ.
પાસ વીર વંદું સદા, સયલ સુખ સેવક દાયકુ,
ચોવીસહ પાએ નમિ, કરિસું કવિત અતિ ચંગ.
ભાવકલસ મુનિવર કહઈં, સુણતાં હુઈ નવરંગ. ૧
ગવરિનંદન ગવરિનંદન ગુણહ ભંડાર,
સિદ્ધિ બુદ્ધિ વર વિધનહર, પઢમ નામ તસુ તણુઉ લિજ્જઈં.
બ્રહ્માણી પાએ પડી, તસુ પ્રસાદિ સવિ કામ સીઝઇં,
કવિજણુ-મણુ-આણંદણી, **કાસમીર**ની રાઇં.
તસ પ્રસાદિં નિતિ માંગિ કરી, ચરિત રચિસું ઉચ્છાહિ. ૨
દાન મહિયલ દાન મહિયલ વડું જગ માહિં,
શીલસરિરહ આભરણુ, તસ પસાઇં સવિ કર્મ ખીજઇં.
સુભ ભાવિં હીયડઇં ધરઉં, ધ્યાન માત્ર સવિ કાજ સીઝઈં,
ચ્યાર પદારથ અતિ વડા, દાન સમેા નહિ કોય
દાન દિયેા વિવહારીઈં, તાસ તણા ફલ જોય. ૩

ચોપઈ

કૃતકર્મ પુરૂષા તણુઉ એ ચરી, વાધઇં પુણ્યઇ પણાસઇં દૂરી,
જિણ પૂરવ ભવિ દીધઉં દાન, પાત્ર પ્રભાવઇ સીધેા કામ. ૪

(૧) પ.સં. ૯-૧૩, અપૂર્ણ, પછીનાં પાનાં નથી, ગો.ના.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૦૦-૦૧.]

૨૪૪. વિશાલસુંદરશિષ્ય (ત.)

વિજયદાનસૂરિ સં.૧૫૮૭થી ૧૬૨૨. એમના સમયમાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫૧૬) **સત્તરિસય** [સપ્તતિશત] **જિન સ્ત.** ૬૪ ગા. વિજયદાનસૂરિ વારામાં

આદિ – સમરી **સરસતિ** ભગવતિ વાણી, નિજ ગુરૂ ભગતિ સકલ ચિંતિ જાણી.

એકસઉત્તરિ શ્રી જિનનામ, સમરિ સમરિ કરતાં સપ્રણામ ૧

અંત – શ્રી **તપા**ગચ્છઈ દીપઇ સુવિહિત મુનિ સમવાય,
સંપ્રતિ યતિનાયક શ્રી **વિજયદાનસૂરિરાય.**
તસ ચરણપ્રસાદિઈં, સત્તરિ સય જિનનામ,
ઇમ સમરણ કરતાં સીધાં સઘલાં કામ. ૬૩

કાવ્ય

ઈય સકલ જિણવર અમર કિંનર નાગ નર અભિનંદિયા
ભવતાપવિરમણ નામ **સમરણ** કરી જિન મઇ વંદીયા,
શ્રી **વિશાલસુંદર** સગુરૂ સેવક કહઇ અવિચલ પદ ભણી,
મુઝ હુજ્યો ભવિ ભવિ કુસલ કારણી, સેવો શ્રી જિનવર તણી. ૬૪

(૧) શ્રી ગણિ **ચાં**પા તત્ સિષ્ય **પ**દમકુસલ લખતં. પ.સં. ૫–૧૬, હા.ભં. દા.૮૩ નં.૭૭. [હેજીજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૩૦).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૦૧.]

૨૪૫. શિવસુંદર (ખ૦)

(૫૦૭) **લુંકટમત નિર્લોઠન રાસ** (ઐ.) ગા.૩૮ ૨.સં.૧૫૯૭

આદિ – શાસનનાયક પ્રભુ નમું, **ત્રિશલા**રાણીનંદન **વીર** કિ
રાસ કરઉં સોહામણઉ, અલવઈ પામઉ ભવજલતીર કિ. ૧

અંત – સંવત **પનર સતાણુયઇ**, જયવંતઉ **જિનમાણિક્યસૂર** કિ
ખરતરગચ્છનઉ રાજિયઉ, શ્રી **શિવસુન્દર** આણંદપૂર કિ. ૩૮

(૧) નાહટાજીની ઉતારેલી નકલ પરથી. (૨) પ.સં. ૨, પ્રાચીન સુંદર પ્રત, અભય. નં.૨૬૨૦.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૧૮ તથા ૧૫૦૦.]

૨૪૬. સમરચંદ્ર-સમરસિંહ (પાર્શ્વચંદ્રસૂરિશિ)

પાર્શ્વચંદ્રગચ્છના સ્થાપક પાર્શ્વચંદ્રજીના શિષ્ય. સિદ્ધપુરપાટણના શ્રીમાલી ભીમા શાહના વાલાદે સ્ત્રીથી થયેલ પુત્ર. જન્મ સં.૧૫૬૦ માગશર સુદિ ૧૧, દીક્ષા સં.૧૫૭૧, ઉપાધ્યાયપદ સં.૧૫૮૮, આચાર્યપદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સં.૧૬૦૪, સ્વર્ગવાસ સં.૧૬૨૬ના જેઠ વદ ૧ ખંભાતમાં. એમના સમયમાં શ્રી આનંદમેરુના શિષ્ય પદ્મમેરુસૂરિ અને તેમના શિષ્ય પદ્મસુંદર-ગણિ થયા કે જેમણે 'રાયમલ્લાભ્યુદય મહાકાવ્ય', 'પાર્શ્વનાથ મહાકાવ્ય', 'જંબૂસ્વામિચરિત્ર (પ્રાકૃત)' તથા 'પ્રમાણસુંદર' નામનો ન્યાયગ્રંથ કર્યો, તે ઉપરાંત 'ભગવતીસૂત્ર' પર ઉત્તમ બાલાવબોધ (ટબો) ગુજરાતી ભાષામાં કર્યો તે પદ્મસુંદર અકબરનું ચિત્ત આકર્ષિત કરી તેમની રાજસભામાં રહેતા હતા.

(૫૧૮) + સાધુ ગુણ રસ [રત્ન] સમુચ્ચય ૨.સં.૧૫૯૫ કા.

આદિ –

વસ્તુ

રિસહ જિણવર **રિસહ** જિણવર પાય પણમેવિ
તિત્થનાથ ગુણ ગાઈશું, અવિચલ ચિત્ત **પદમે ઉવંગે**
તાસુ શીષ ગુણ વર્ણવ્યા, **ઉવવાઇ** આગમ સુચંગે
જહઠિય વાઈ જનતિકુલ, બલરૂવાઈ સંપુન્ન
સંભલિ ગુણ જસુ મન રમે, નરનારી તે ધન્ન. ૧

અંત –

ઢાલ ધન્યાસી

દીધી દેસણ **વીર** જિણેસર, હર્ષ ધરેં સબ લોઇ
આસણથી ઉઠી પ્રદક્ષિણુ, ત્રિણિ દિયેં સહુ કોઇ. ૪૧૭
જગગુરૂને ભગતિભાવેં ભવિજન વંદે...
એ પ્રબંધ **ઉવવાઇ ઉપાંગે**, ગુરૂમુખિ જિણ પરિ જાણ્યો
શ્રી **પાસચંદ** સૂરીસર સીસેં, **શ્રી સમરાસંધ** સુવખાણ્યો. ૪૩૦
સંવત **પનર પંચાણવેં**, કાતિય માસ પ્રબંધ
ઉવવાઇ આગમ થકી, કીધો સાધુ સંબંધ. જગ. ૪૩૩
સાધુ તણા ગુણ સમરતાં, પાતક દૂરેં જાય
ભણો સુણો હિયડે ધરો, નિશ્ચે શિવસુખ થાય. જગ. ૪૩૪

[હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૬૭).]

પ્રકાશિત : ૧. જૈન રાસસંગ્રહ ભા.૧ (ભ્રાતૃચંદ્ર ગ્રંથમાલા પુ.૩૨થી ૩૯) પૃ.૧૬૮થી ૨૨૩.

(૫૧૯) મહાવીર સ્ત. સદ્ગહણાગર્ભિત ૭૦ કડી ૨.સં.૧૬૦૭ જે. શુ. ૮ ખંભાતમાં

આદિ – શ્રી **ત્રિસલાનંદન** ગુણભયેઉ શ્રી **વર્દ્ધમાન** જિનરાય. ૧

અંત – ૮મ **વીર** જિણવર તેજિ દિણયર ભવિય મણહર સંથુઉ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમરચંદિઈ મનઆણંદિઇ ચઊદ છંદિઇં સંજુઉ.
વડતપાગચ્છિ શ્રી સૂરિસિરોમણિ શ્રી **પાસચંદ** પસાઉલઇ,
નરનારિ ઇકચિત્તિ ભણુઇ ભાવિઇ આણંદ પામઇ સંભલિઈ. ૬૯
સંવત **સોલ સત્તત્તરઇ થંભતીરથિ** જેઠ માસિ,
સુકિલ પક્ષ અઠમિ દિણે, તવન રચ્યઉ ઉલ્હાસિ. ૭૦

(૫૨૦) પ્રત્યાખ્યાન ચતુઃસપ્તતિકા ગા. ૭૪

આદિ – વીર જિણંદિઈં ભાખિઉજી, **આવશ્યક સુયખંધ,**
છહ અધ્યયનિઇ સંજુઉજી, ચઉવ્વિહ સંઘ સંબંધિ. ૧

અંત – હો ભવિયણ કરિવઉ અહનિશિ કેલિ,
જિણિ ત્રૂટઇ કમ્મ વિશાલ હો૦
સમરસિંધ ઇમ વીનવઇ, શ્રી **પાસચંદ** ગુરૂ સીસ,
પચ્ચખાણ વિધિસ્યઉ કરઉ, ભવિયણ ફલઇ જગીસ. ૭૪

(૧) પ.સં. ૫–૨૨, લે.વ.ભં. દા.૮ નં.૧૯. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૯૩, ૪૬૭).]

(૫૨૧)[+] શત્રુંજયમંડન આદિનાથ સ્ત૦ ૨.સં.૧૬૦૮ મહા સુ. ૮

અંત – શ્રી **પાસચંદસૂરિંદ** સીસઈ **સમરસિંધ** સંવ૭૨૪.
માધ માસિઈં શુકિલ અઠમિ **સોલસઇ** ઠડુતરઈ. ૧૩

[પ્રકાશિત : ૧. ષટ્દ્રવ્ય નય વિચારાદિ પ્રકરણસંગ્રહ.]

(૫૨૨) ૨૪ જિન નમસ્કાર ત્રિભંગી સવૈયા [સ્તવન] ૨૫ કડી ૨.સં. ૧૫૮૮ [મહા]

આદિ – ગુણહ ગંભીર અચલ જિમ ધીર કર્મરિપુ વીર ભવજલ તારી,
વસી ગૃહવાસ તજી ઉદ્દાસ ભજી વનવાસ ભએ અનગારી.
મન્મથમાન મોરી કર ધ્યાન પાય સુભ **જ્ઞાન** બહુત સુખકારી,
સમર અરિહંત ભજત ભગવંત મુક્તિવરકંત **વૃષભ** પદ ધારી. ૧

અંત – વસુવસુ બાન પરમ જો જ્ઞાંન તપો અભિધાન વૃદ્ધિ દિનમાસે,
જિન ચઉવીસ જગત્રયઇશ થૂણ્યા સુજગીસ **સમર** ઉલ્હાસે.
સુરાસુરરાય, સમકિત પાય, કરત જસુ ભાય સેવ રહિ પાસે,
સૂરિ **પાસચંદ્ર** સદા ગતિંદ્ર નમત નરવૃંદ તાસુ પદાસે. ૨૫

(૧) મુંબૈ સં૦૧૯૪૨ પો૦ વદિ ૧૦ શુક્રે **અંચલગચ્છેશ** પુજ્ય ભ૦ **વિવેકસાગરસૂરી** સુપ્ર શ્રાવિકા બાઈ **મમાબાઇ અર્થે**. પ.સં. ૩–૧૫, જશ૦ સં. નં.૧૮૧. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૬૭).]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫૨૩) + આરાધના નાની

અંત – વિહરમાણ જગિ દીપતા, **પાસચંદ** ઉવઝાય,
કીધી સિરિ આરાધના, **સમરસિંધ** મનિ ભાય. ૪૦
[હેજેજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૬૭).]

પ્રકાશિત : ૧. પ્રાતઃ સ્મરણીય પ્રકરણસંગ્રહ.

(૫૨૪) ઉપદેશસાર રત્નકોશ અથવા **૧૧ બોલ સઝાય** કડી ૬૧

આદિ – તિથંકર ચઉવીસહઉં, વંદુ સુગુરૂ સુસાધુ
પ્રવચન જે સૂધો કહે, ષટ જીવ વીરાધ. ૧

અંત – ઈગ્યાર પદ એ સૂત્ર સાષિઈ, સુગુરૂ મુખી અવધારિયે,
આદેયપદ મન વચ કરીઇ આદરી હેય વારીયે,
જ્ઞેય વસ્તુ સ્વરૂપ જાણી ધર્મસ્યુ મન રાખિયે,
સૂરાદ શ્રી **પાસચંદ** સીસિઈ **સમરસિંધ** ઇમ ભાષિયે. ૬૧

(૧) રો. એ. સો. બી. ડી. ૩૦૪. (૨) ઘો.ભં.

(૫૨૫) [+] બ્રહ્મચરી અથવા **બ્રહ્મચર્ય દ્વિપંચાશિકા [ભાવની** અથવા **સઝાય]** કડી ૫૪

તેમાં બ્રહ્મચર્યના ગુણનું વર્ણન છે.

આદિ – **ગોયમ** ગણહર પાય પ્રણમી કરી,
બ્રહ્મવ્રત ધુવસિઉં હરષ હીઇ ધરી,
સૂધું પાલી ભવસાગર તરી,
પ્રીણી પાંમઇ પામિસિ શિવપુરી. ૧

અંત – એકેક ઈંદ્રી વસિઈ આઠઇ કર્મ ગ્રંથિ સુદઢ કરઇ,
અનાદિ અનઈ અનંત ચઉગઈ કાલ અનંતુ સંચરઇ,
શ્રી **પાસચંદ** સૂરીંદ સીસો **સમરસિંધ** ઇમ ઉચ્ચરઇ,
ઇંદ્રી તણઉ જે કરઇ સંવર હેલાં શિવરમણી વરઈ. ૬૪

(૧) પ.સં. ૧૨–૭, હા૦ભં. દા.૬૨ નં.૧૪. (૨) નાનો ગુટકો, જશ૦ સં. (૩) પ્ર.કા.ભં. [જૈહાગ્રેાસ્ટા, હેજેજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૮૩).]

[પ્રકાશિત : ૧. ષટ્દ્રવ્ય નય વિચારાદિ પ્રકરણસંગ્રહ.]

(૫૨૬) નેમિ સ્તવ૦

આદિ – દ્વારાવઈ પુરવરિ નમઉં, **યાદવ**કુલસિણુગાર,
બાવીસમઉ જિણેસરૂ, જણમણસંશયહાર. ૧

અંત – ઉવઝાય વર **પાસચંદ** સીસિઇ **સમરસંધિ** થુણિજ્જઇ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) પ.સં. ૨–૧૪, લે. વ. ભં. દા.૯ નં.૨૯.

(૫૨૭) જિન અંતર ઢાલ ૬૭ કડી

આદિ – વસ્તુ

નમિય નિય ગુરૂ નમિય નિય ગુરૂ જોડિ કરભાલ,
તિત્થંકર **રિસહેસરૂ**, પ્રમુખ જેય ચઉવીસ ઇણિ જગઇ.
અવસપ્પણિ જે હૂઆ, તાસુ નામ ચઉવીસિ ત્રિહું લગઇ,
વીર પાસ નેમિસરહ, કલ્લાણિક પણુ ઠાણુ.
વિસ્તરિ કહિસ્યઉં અવર જિણુ, અંતર માન પ્રમાણ. ૧

અંત – ૮મ **વીર**જિન શ્રી **પાસ નેમી**, કલ્લાણિક વિસ્તરિ કહ્યા,
નેમિનાથ આદિઇ વીસ જિણવર અંતરા તસુ સંગ્રહ્યા.
શ્રી **આદિદેવ** વિસ્તર પણુ દિણસૂત્ર સાખિઈ જિમ લહ્યા,
સૂરિંદ શ્રી **પાસચંદ** સીસિઇ, **સમરસંઘિઇ** સદ્દવહ્યા. ૬૭

(૧) સા. હાંસા પઠનાર્થં. પ.સં. ૬–૧૨, લે. વ. ભં. દા.૯ નં.૩૫.
[હેજ્ઞાસૂચિ ભા. ૧ (પૃ.૪૬૭).]

(૫૨૮) [ચતુર્વિંશતિ જિન] કલ્યાણક સ્તવ૦ ૨૦ કડી

અંત – સમરૂં તિત્થંકર ગુણમણિ ખાણિ, મહા કલ્યાણિક દિન ત્રિણિ જાણી,
શ્રી **પાર્શ્વચંદ્ર** સૂરિસર સીસ, શ્રી **સમરચંદ્ર** પણભઈ નિશિદીસ.

(૧) પ.સં. ૨–૧૧, લે. વ. ભં. દા.૯ નં.૩૫. (૨) પ. સં. ૬–૧૧, લે. વ. ભં. દા.૧૧. [મુપુગૂહસૂચી, હેજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૬૭).]

(૫૨૯) શંખેશ્વર સ્ત૦ ૧૭ કડી ૨.સં.૧૬૦૭ પોસ વ. ૧૦

આદિ – **વામાનંદન** બહુ ગુણ ભરિયા

અંત – **સોલસઇ સતોત્તર** વરસિંઇ પોસ વદિ દસમી દિન ઊલટ ઘણઇ
શ્રી **પાસચંદ** સૂરિવર સીસ **સમરચંદ** ત્રેવીસમો જિણવર થુણઇ.૧૭

(૧) પ.સં. ૬–૧૧, લે. વ.ભં. દા.૧૧.

(૫૩૦) મહાવીર પંચાશિકા

(૧) પ. સં. ૪, લીં. ભં. દા.૩૬ નં.૫૬.

(૫૩૧) ચૌદ ગુણસ્થાન ગર્ભિત મહાવીર સ્ત૦ [અથવા **મહાવીર ત્રિપંચાશિકા**] ૫૩ કડી

આદિ – વસ્તુ.

સયલ ગુણનિધિ ૨ **વીર** જિણનાહ
તસુ પય પ્રણમી ભાવ સ્યું ગુણથાનક ચઉદસ ભણેસ્યું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિણિ જિણિ થાનકિ જેતલી કર્મપ્રકૃતિ તેતલી થુણેસ્યઉં
બંધન ઉદય ઉદીરણા સત્તા તણુઉ વિચાર
મૂલ આઠ અડવન્નસય ઉત્તર પયડી ધારિ. ૧

અંત – કલશ.

ઇમ ચૌદ ઠાણઇ પયડિવિવરણ નામ માત્રિઇં સુંથુણ્યઉ
સૂરીંદ શ્રી **પાસચંદ્ર** સીસિઇં **શ્રી સમરચંદ્રિઇં** જિમ મુણ્યઉ
જે ભણઇ ભાવિઇં મુણિઇ ધ્યાવઇ કર્મપયડી ખય કરઇ
તે લહઇ કેવલ વિમલ સુખકર હેતિઇં શિવરમણી વરઇં. ૫૩

(૧) પ.સં. ૯–૧૧, ડે. ભં. દા.૭૧ નં.૧૩૨. [મુપુગૂહસૂચી.]

(૫૩૨) વીરસ્તવન વિજ્ઞપ્તિકા (અવગાહના ગર્ભિત) કડી ૩૭ મંડલી (માંડલ)માં

આદિ – જય સકલ નરાસુર સ્વામી રે, શ્રી **વીર** નમઉં સિરિ નામી,
ગયરાય હંસગયગામી રે, પ્રભુ મુગતિરમણિ લઘુ પામી. ૧

અંત – જિન શ્રી **સમરસિંહ** મુનિ ઇમ ભણુઇજી, શ્રી **પાસચંદ** ગુરૂ સીસ,
નરનારી થુતિ અહનિશ જે ભણુઇજી, પૂજઇ મનહ જગીસ. ૩૭

(૫૩૩ ક) ઋષભ સ્ત૦ (નાનું)

આદિ – **રિસહજિન** વીનવઉ દેવ અવંચારિયઇ,આપણુઉ ઉલગૂ પારિ ઉતારિયઇ,

(૧) દેવરાજસ્ય લિષિતં જો૦ **સીવા** સદ્વિ. [ભં. ?]

(૫૩૩ ખ) [+] **ધર્મનાથ સ્ત૦** કડી ૪૦ ૨.સં.૧૬૧૦

આદિ – પનરમઉ જિણવર વંદુ સદા, સેવકનઈં સ ઘઇ સવિ સંપદા,
ચઉસઠિ સુરપત્તિ સેવઇ મુદા, સવહ જીવ ટાલઇ આપદા. ૧
શ્રી **પાસચંદ** સૂરિંદ સીસિઇં, શ્રી **સમરચંદ** મુનીસ્વરિં,
મંનરંગિ એ સ્તુતિ કરિ અલાદ્રવિ, **સોલસઇ** દાહોતરઇ. ૪૦

(૧) એક ગુટકો કવિના સમયનો તેના શિષ્યે લખેલો, પ.સં. ૩–૨૧, જશ૦ સં.

[પ્રકાશિત : ૧. ષટ્દ્રવ્ય નય વિચારાદિ પ્રકરણસંગ્રહ.]

(૫૩૪) [+] **ક્રિયાઠાણા સ૦** [અથવા **સ્ત૦**] કડી ૪૧ ગ્રં. ૧૨૦

આદિ – વીર જિણવર **વીર** જિણવર

(૧) પ.સં. ૭–૧૫. પ્રથમ ત્રણ પત્ર, લે.વ.ભં. દા.૩ નં. ૫૮. [હેજૈજ્ઞા-સૂચિ ભા. ૧ (પૃ.૪૬૭).]

[પ્રકાશિત : ૧. સજ્ઝાયસંગ્રહ ભા. ૧ (ગો.).]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫૩૫) [+] **પંચવિંશતિ ભાવના સ.** ૨૮ કડી

(૧) ઉપર્યુક્ત પ્રત. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૬૭).]

[પ્રકાશિત : ૧. મોટું સજ્ઝાયમાળા સંગ્રહ.]

(૫૩૬) આરાધના

(૧) ઉપર્યુક્ત પ્રત.

(૫૩૭) ચોવીસ જિન નામાદ્દિ ગુણ સ્ત૦ ૩૮ કડી

આદ્દિ – નમિય ગેયમ નમિય ગેયમ

(૧) પ.સં. ૩–૧૩, લે.વ.ભં. દા.૩ નં.૫.

(૫૩૮) કર્મવિચારગર્ભિત વીર સ્ત૦

(૧) પ.સં. ૯, શ્લો. ૨૦૦, લી.ભં. દા.૩૬ નં.૮૫. [હેજૈજ્ઞાસૂચિ. ભા.૧ (પૃ.૪૬૧).]

(૫૩૯) પંચવિંશતિ ક્રિયા સ.

(૫૪૦) [+] **આવશ્યક અક્ષર પ્રમાણ સ.**

[પ્રકાશિત : ૧. ષટ્દ્રવ્ય નય વિચારાદિ પ્રકરણસંગ્રહ.]

(૫૪૧) શાંતિજિન સ્ત૦

(૫૪૨) [+] **પાર્શ્વચંદ્રસૂરિ સ્તુતિ ને સઝાયો**

[પ્રકાશિત : ૧. ઐતિહાસિક રાસસંગ્રહ ભા.૧. ૨. ષટ્દ્રવ્ય નય વિચારાદિ પ્રકરણસંગ્રહ.]

(૫૪૩) સંસ્તારક પ્રકીર્ણક બાલા૦

(૧) લ. સં.૧૬૩૯, ભાં. ઇ. સન ૧૮૯૨–૯૫ નં.૮૭૪ (પી.૫).

(૫૪૪) ષડાવશ્યક બાલા૦

(૧) પ. સં. ૧૬, લી. ભં. દા.૩૮ નં.૪૫. [લીંહસૂચી.]

(૫૪૫) ઉત્તરાધ્યયન બાલા૦

(૧) લ.સં.૧૭૮૪, પ.સં. ૧૬૨, લી.ભં. દા.૪૧ નં.૩.

[પ્રથમ આવૃતિ ભા.૧. પૃ.૧૪૩ તથા ૧૫૦–૫૨, ભા.૩ પૃ.૫૯૭–૬૦૧, ૧૪૬૮–૬૯ તથા ૧૫૮૯–૯૦. 'આરાધના નાની' ભૂલથી પાર્શ્વચંદ્રને નામે મુકાઈ હતી (ભા.૧ પૃ.૧૪૩) તે અહીં સુધારી લીધું છે. નં. ૫૩૬ની 'આરાધના' તે નં. ૫૨૩ની 'આરાધના નાની' જ હોવા સંભવ છે. 'શ્રેણિક રાસ' અન્ય સમરચંદ્રશિષ્યની કૃતિ ઠરતાં 'જૈન ગૂર્જર કવિઓ'એ પછીથી આ સમરચંદ્રને નામેથી રદ કરી છે.]

૨૪૭. સમરચંદ્રશિષ્ય (લું. રૂપ-ઋષિ–જીવજી–કુંઅરજી—મલ્લ–

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રત્નાગરશિ. સમરચંદ)

(૫૪૬) શ્રેણિકરાસ

આદિ – (બીજી ખંડની) દુહા.

શ્રી જિનનાયક ભાવસું, વંદુ જગઆધાર
વર્ધમાન સ્વામિ જયુ, સેવક જન હિતકાર. ૧
ગચ્છનાયક ગુણે આગલા, **રત્નાચરગણિ** રાજ
જમલ કમલપદ તેહનાં, પ્રણમું પ્રેમઇ આજ. ૨
શ્રી **શ્રેણિક** મહીપ્રતિની, કથાનઇ વિષે સાર
દ્વિતીય ખંડ રચું હવિ, સદ્‌ગુરૂનઇ આધાર. ૩
સમરચંદ ઋષિ વિતિ નમું, સંયમ સુખદાતાર,
તાસ પ્રસાદિં વર્ણવું, સરસ કથા સુવિચાર. ૪

અંત – ઋષિ **રૂપ**સુંદર **જીવજી** મુનિવર, **કુંઅરજી** ગણિવરરાય
તસ પાટિ મુનિવર શ્રી **મલ્લ** ગણીવર દિણયર સમરે દીપે
મુનિરાય કિ ધન્ય. ૨૯
રત્નાગર ઋષિરાય સુંદર, ભુવન ભુષણ સ્વામિ,
યુગપ્રધાન જગિદીપતા, સુખ લહિયે રે જપતાં જેહિનિ નામિ કિ.ધ.૩૦
સાસનિમંડન દુરિતખંડન **સમરચંદ** અણગાર
તે સદ્‌ગુરૂ સુપસાઉલિ મિઈ રચીઉ રે ખંડ બીજુ સાર કિ. ધન્ય. ૩૧
અડાવનમી ઢાલ સુંદર રાગ ધન્યાસી સાર
ભણું ગુણ સહુ સાંભલું, જિમ પ્રગટિ રે ભલો ધર્મ અંકૂર કિ.
ધન્ય ધન્ય મુનિવર વાંણી. ૩૨

(૧) સર્વ ગાથા ૧૨૩૨, લ૦ આર્યા શ્રી ૫ પુજ્જી આર્યા **રાજ**-આઇની સખણી સેવક **નાગ**બાઇ. ૫.સં. ૪૩-૧૪, રત્ન.ભં. ઢા.૪૨ નં.૩૪. [પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૬૦૧-૦૨.]

૨૪૮. અજ્ઞાત

(૫૪૭) **બાર ભાવના** ૯૪ કડી લ.સં.૧૫૯૫ પહેલાં

આદિ – ભાષા અનેક ભમીઉ ઘણું, વીતકનૂં સિઉં સંભારણુઉ
ભાવિત ચારિત્ર લહિઉં દુર્લભ, દ્રવ્યત હિઇ પ્રભુ મ કર વિલંબ ૧

*

ઇમ સિદ્ધ હુઇ નરનારિ, અનઇ કૃત કલીવ સંભારિ
અવરિ કોઇ ન હુઇએ, આગમ ઈમ કહઇએ. ૨૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંત – ચઉપઈ

કહઈ આગમ સૂત્ર નઈ અરથ, જાણઇ પૂરવ અંગ સમરથ,
જવ જાણઇ એ અનિત્ય સંસાર, તવ તે ભાવઇ ભાવના બાર.
પહિલઉં નમસ્કાર અરિહંત, નમઉં સદા સિવ સિદ્ધ અનંત,
આચાર્ય ઉવઝાયરી, નમઉં સાધુ શુભમતિ મનિ ધરી. ૬૪

(૧) સં.૧૫૯૫, પ.સં. ૨૧–૧૦, પ્રથમનાં ૧૭ પત્ર, લે.વ.ભં. દા. ૫ નં.૬૫. (૨) પ.સં. ૧૫–૧૧, લે.વ.ભં. દા.૯ નં.૧૩. (૩) ૬૪ કડી, પ.સં. ૫–૧૩, હા.ભં. દા.૮૨.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૧૯.]

૨૪૯. કવિયણ

સં. ૧૬૫૨ પહેલાંના–હીરવિજયસૂરિના વખતના.

(૫૪૮) ચોવીશી અથવા ૨૪ જિન સ્તવ—ચંદ્રાવળા છંદમાં

આદિ – સાહિબા વાલેસર અરિહંત કે નિસુણો વિનતી રે લો.
સસનેહા ગુણવંત કે હીયડે જો હતી રે લો. સા.

અંત – ગિરુઆ રે ગુણ તુમ તણા—એ દેશી.
તુઝ ગુણ ગાઉ કથારસે મે સંમોકત ગુણ દિપાવ્યો રે,
કવિયણ જગમાં જીતના યણ ગુહિર નિસાંણ વજાવ્યા રે
—વીર જિનને રે જઉં ભાંમણડે. ૫

(૧) પ્રતિ સં.૧૭૮૯ ભા. સુ. ૧૩ દિને સૂરત બંદરે. પ.સં. ૮–૧૬, આ. ક. ભં.

(૫૪૯) પાંચ પાંડવ સઝાય

આદિ – હસ્તનાપુર વર ભલુ, તિહાં રાજા પાંડૂ સાર રે.

અંત – શ્રી હીરવિજયસૂરિ ગચ્છધણી, તપગચ્છનો ઉદ્યોતકાર રે,
કર જોડી કવિઅણ મુઝ આવાગમણ નિવારો રે;
મુઝ આવાગમણ નિવારો પંડવ પંચ વંદતા મનમોહ રે. ૧૯

(૧) સુમતિકુશિના લેખિ. સં.૧૬૯૯ વ. શ્રા. સુ. ૫ દિને વિક્રમપુરે નગરે૦ ગ. દેવકુશલ પઠનાર્થં. પ.સં. ૧–૧૭, માં. ભં. [મુપુગૂહસૂચી.]

(૫૫૦) [+] અમરકુમાર રાસ [અથવા સઝાય]

[મુપુગૂહસૂચી.]

[પ્રકાશિત : ૧. જૈન સજ્ઝાયસંગ્રહ (સં. સારાભાઈ નવાબ).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૫૯, ભા.૩ પૃ.૫૬૧ તથા ૬૧૩. 'કવિ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યણ'ને નામે મૂકેલી 'તેતલીપુત્ર રાસ' પછીથી સહજસુંદરની કૃતિ ઠરતાં આ નામેથી રદ કરી છે. 'કવિયણ' એ કોઈ કર્તાનામ ન હોતાં આ કૃતિઓ અજ્ઞાતકર્તૃક ગણવી જોઈએ. ઉપરાંત, એક જ કૃતિમાં હીરવિજયસૂરિનો ગચ્છધણી તરીકે નિર્દેશ છે એટલે બધી કૃતિઓ એક જ કવિની રચના હોવાનું કહેવામાં પણ મુશ્કેલી છે.]

૨૫૦. લીંબો

સત્તરમા સૈકામાં થયેલ પ્રસિદ્ધ શ્રાવક કવિ ઋષભદાસે લીંબાને પોતાનાથી પૂર્વ કવિઓ પૈકી એક તરીકે સંભાર્યો છે તે આ જ લીંબો હોવો જોઈએ. તેથી તેને સોળમા સૈકાના અંતે મૂકવામાં આવેલ છે.

(૫૫૧) પાર્શ્વનાથ નામ્ના સંવેગરસ ચંદ્રાઉલા

આદિ – રાગ મેવાડો

સકલ સુરિંદ નમિ સદા રે **પાસ** જિણેસર દેવો
માનવભવ પામી કરી રે અહનિસિ કીજિ સેવો.
અહનિસિ સેવા કરીજઇ જિનવર, તો નિશ્ચય પામી જઇ શિવપુર
તુમ્હ મુષ જોતાં હરષ ન માઈ, સકલ સુરિંદ સદા ગુણ ગાઇ.
જીરેજી **પાસ** જિણંદા દોહ્યલ પાએ લાગસ્યું જી
તોરૂં રયણ અમૂલક નામ હીયડિ રાષસ્યું જી. આંચલી.

અંત – ચઉગઇ જલનિધિ જીવડો રે, તહિં પરિભ્રમણ કરંતિ
જનમ જરા મરણઇ કરી રે, દુખ અનંત સહંતિ
દુખ અનંત સંહતિ દયાપર, ભેટિ તુમ્હારી પાખઇ જિનવર
દયા કરી ભવદુઃખ નિવારો, ચઉગઇ જલનિધિ પાર ઉતારોજી. ૪૮
લીંબો કહિ તુમ્હે સાંભલો રે, અભય તણા દાતાર
શરણ તુમ્હારિ આવીઉ રે સ્વામી જગદાધાર
સ્વામી ધ્યાઉં શ્રી જિનચંદ, ધ્યાન ધરંતાં પરમાનંદ
જે જઇ સાસ્વત સુખ અનંત, **લીંબા**નઇ આપો ભગવંત.
૪૯ જી.

(૧) ઇતિશ્રી પાર્શ્વનાથ નામ્ના સંવેગરસ ચંદ્રાઉલા સંપૂર્ણા. લિખિતં પં૦ રવિવર્દ્ધનગણિના ધનવર્દ્ધન વાચનાર્થ શ્રીપાટણ મહાનગરે. પ.સં. ૪-૧૫, વિ.ધ.ભં. (૨) સં.૧૭૬૫ પે૦ વ૦ ૧૦ લ૦ પત્તન નગરે વાસ્તવ્ય **ઓઢ** જ્ઞાતિ સમુદ્ભૂત, પ.સં. ૪-૧૩, હા.ભં. દા.૮૩ નં.૬૨. (૩) પ.સં. ૫-૧૨, હા.ભં. દા.૮૦ નં.૬૦. (૪) પં. વર્ધમાનવિજયશિ૦ મુ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમીવિજય લ૦ ૫.સં. ૫-૧૧, સીમંધર૦ દા.૨૦ નં.૪. (૫) ૫.સં. ૪-૧૪, સીમંધર૦ દા.૨૨ નં.૭. (૬) ૫.સં. ૭-૯, હા૦ભં. દા.૮૩ નં. ૧૭૨. [મુપુગૂહસૂચી, હેજ્ઞેજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૩૯૯).]

(૫૫૨) દેવપૂજાગીત ૧૫ દોહા

આદિ – રાગ ધન્યાસી

કેવલ ભાષિત સૂત્ર મઝારિ, જિનવરપૂજા બહુ વિસ્તારિ ૧

ત્રૂટક

વિસ્તારિ બહુ જિનવર પૂજા, **જ્ઞાતા ધર્મકથાંગ**

અંત – કર જોડિ પ્રણમત સેવક **લીંબઉ** સુગતિ આપુ સ્વામીઉ. ૧૬

(૧) ૫.સં. ૨-૧૫, રા.એ.સો. બી.ડી.૩૦૩ નં.૧૯૧૨.

(૫૫૩) ચોવીસ જિન નમસ્કાર ૨૫ કડી

આદિ – દૂહા

સુર નર કિન્નર કિન્નરી, વિદ્યાધરની કોડિ

સેવા કરિં **ઋષભદેવની**, વંદુ બે કર જોડિ. ૧

અંત – મેરૂ તણી પરેં અચલ જિમ, સાયર જિમ ગંભીર,

સંઘ સહિત ત્રિભુવન ધણી, જયો જયો શ્રી **મહાવીર**. ૨૪

શ્રી તીર્થંકર તમ તણા, ગુણ ગાઉં નિસદીસ,

શિવપદ દ્યો **લિંબો** ભણિ, પ્રણમું જિન ચોવીસ. ૨૫

(૧) ૫.સં. ૩, છેલ્લું પત્ર, હા.ભં. દા.૮૩ નં.૪૩.

(૫૫૪) વીસ વિહરમાન જિન ગીત ૨૨ ગીત

આદિ – શ્રી વીતરાગાય નમઃ રક્તહંસા ઢાલ.

સરસતિ સામિણિ કરઉ પસાઉ, વીસ વિહરમાન ગુણ થુણું એ,

મઝ મનિ ખંતિઇ એ લાગલઉ ભાઉ, રાસ હું ધવલબંધિઇ ભણું એ. ૧

દીવ વિદેહ વિજય તણાં નામ, જેણી જેણી નગરીઈ જીપના એ,

અનુક્રમિઈ પભણિસુ તેહ અભિરામ, પય નમી તેહ ભગવંતના એ. ૨

સામિ **સીમંધર** પમુહ જિણંદ, વીસઈ એ જગગુરૂ ગાઇઇ એ,

ભગત **લીંબઉ** ભણુઈ ધરીઅ આણંદ, શાસ્વતાં સુખ જિમ પાઇઇ એ. ૩

અંત – ...કીધું કવિત ઉદાર, ભણતાં સવિ સુખસાર,

જે નરનારીઅ ભણસિઈ, તે મનવંછિત લહસિઇ. ૧૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લીંબઉ સેવક બોલઈ, કોઈ નહીં તુમ્હ તોલઇ,
સ્વામી પાઉલે લાગૂં, અવિચલ પદવીઅ માગૂં. ૧૧

(૧) ૨૨ ગીત, પંડિત વિજયમૂર્તિગણિ લષિતં. પ.સં. ૯-૧૪, સંઘ ભં. દા.૬૩ નં.૨૬. [લીંહસૂચી, હેજેજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૪, ૪૨૧). [પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૬૨-૬૩, ભા.૩ પૃ.૬૧૯-૨૧.]

૨૫૧. લાવણ્યદેવ (ત૦ ધનરત્નસૂરિ અને સૌભાગ્યસાગરસૂરિ-ઉદયધર્મ-જયદેવશિ૦)

આમાંના ધનરત્નસૂરિ વડતપગચ્છ-વૃદ્ધ પોશાલિકના છે ને તે સં. ૧૫૭૦માં થયેલ લબ્ધિસાગરસૂરિના શિષ્ય અને પટ્ટધર થાય. (જુઓ, નયસુંદર સંબંધી મારો લેખ. આનંદ કાવ્ય મહોદધિ મૌ૦ ૬ઠું.) તેમના સં.૧૫૭૨, ૧૫૮૭, ૧૫૮૮, ૧૫૯૧ના પ્રતિમાલેખો મળ્યા છે. (ધાતુપ્રતિમા લેખસંગ્રહ ભા.૧, લેખાંક ૧૪૩૯, ૬૬૨, ૬૧૬, ૧૨૬૪) વળી સૌભાગ્યસાગરસૂરિના ધાતુપ્રતિમાના સં.૧૫૭૯, સં.૧૫૮૪ ને ૧૫૮૯ના પ્રતિષ્ઠા ઉલ્લેખ છે. (જુઓ ધાતુપ્રતિમા લેખસંગ્રહ ભા.૧ લેખાંક ૧૮૧, ૧૧૦૮, ૬૯૪ તેમજ બીજો ભાગ) સં.૧૫૭૬ અને ૧૫૮૪ના લેખોમાં જણાવેલું છે કે 'લબ્ધિસાગરસૂરિપટ્ટે ધનરત્નસૂરિ શ્રી સૌભાગ્યસાગરસૂરિભિઃ' આ પરથી બંને સૂરિ લબ્ધિસાગરસૂરિના પટ્ટધર શિષ્યો હતા. આ બંનેના સમય પરથી આ કવિ સોળમા સૈકાના અંતમાં ગણી શકાય તેમ છે.

(૫૫૫) કર્મવિવરણનો રાસ

આદિ - ધુરિ—વસ્તુ.

સકલ જિણવર સકલ જિણવર ભગતિ પ્રણમેવિ,
સરસતિ સામિણિ ધરીય મનિય ગોયમ ગણધર સામિય
તાસ પસાઇં હું તવું ચૌદ ગુણઠાણીય,
ગુરૂવયણે સુપસાઉલે બોલિસું વચન વિશાલ,
જે સૂણતાં સુખ સંપજે ટલિઈ તિ ભવભયપાસ. ૧

અંત - તપાગચ્છિ નાયક જગહ પ્રધાન, જઈવંતા જે કરે વષાણ.
શ્રી ધનરત્નસૂરિ ગુણધાર, પટભાષા એ સ્યાસ્ત્ર ભંડાર. ૬૯
સૌભાગી દીસિ જયવંત, શ્રી સૌભાગ્યસાગરસૂરિ ગુણવંત,
પંચ સમિતિ ત્રણ ગુપ્તિ જાણિ, આગમ શાસ્ત્ર કરિ વષાણ. ૭૦
ઉવઝાયા શ્રી ઉદયજ ધર્મ, સકલ વિદ્યાનો જાણે મર્મ.
તાસ શીશ પંડિત શ્રી જયદેવ, તસ સેવક બોલું ગુણ હેવ. ૭૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાપ નિકાચિત હણે જાય, પણિ થાએ ત્રિભુવનરાય,
એ ધ્યાન ધરૂં નિસિદીસ, જિમ અજરામર હુઇ જગીસ. ૭૨
શાસ્ત્ર સિદ્ધાંત વિચાર ભંડાર, તેહ તણું નવિ જાણું વિચાર,
ગુરૂઉપદેસે ઇમ કઇ લહ્યાં, સંષેપે મે ગુણઠાણાં કહિયા. ૭૩
દાન શીલ પ્રભાવે કરી, નિર્મલ વિત્ત હૈયા આદરી
લાવણ્યદેવઇ ઇણિ પરિ કહી, ભવિક લોકને કારણ સહી. ૭૪
એ ભણતાં મંગલ ઘરિ હોય, ભણતાં સંપતિ ઘરિ સોય,
એ ભણતાં હુઇ નવિય નિધાન, એ ભણતાં પામે કલ્યાણ. ૭૫

(૧) પ.સં. ૨૮-૧૩, લીં.ભં. [લીંહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૬૩-૬૫.]

૨૫૨. કુશલહર્ષ (ત. વિજયદાનસૂરિ-હર્ષસંયમશિ૦)

સં.૧૫૯૮માં આ કુશલહર્ષ તપગચ્છ કુતુબપુરાપક્ષે સૌભાગ્યનંદિસૂરિના રાજ્યમાં ઉપદેશ આપતા હતા. વિજયદાનસૂરિ – આચાર્યપદ સં. ૧૫૮૭ સિરોહી, સ્વ. ૧૬૨૨.

(૫૫૬) નાગપુરમંડન શાંતિજિન સ્તવન (ષટ્‌ભાવગર્ભિત)

અંત – ઇમ તવિઉ નિરમલ સકલ કેવલ કુશલ મંગલદાયગો,
બહુ ભાવ ભેદી તત્ત્વવેદી સુખ પ્રવેદી નાયગો,
ગુરૂ જિનવર નમઇ અસુર **શ્રી વિજયદાન** સૂરીસરો,
શ્રી **હર્ષસંયમ** ચરણ સેવક **કુશલહર્ષ** કૃપા કરો. ૬૯

(૧) પ.સં. ૪, પ્ર.કા.ભં. [હેજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૬૨).]

(૫૫૭) નેમિનાથ સ્ત. કડી ૬૬

આદિ – **સરસતિ** સામણિ વીનવું, મઝ મન મોટી આસ,
નેમીસ્વર ગુણ ગાયસું, દેજ્યો વચનવિલાસ. ૧

અંત – કલશ

ઇમ તવ્યુ ત્રિભુવન સજન પાવન ત્રિજગ જીવન જગગુરો,
શ્રી **નેમિ** જિનવર સયલ સુખકર **નાલદપુર** મંડણવરો,
નિતુ નમઇ સુરનર અસુર નર શ્રી **વિજયદાન** સુરીસરો,
શ્રી **હરષસંજમ** ચરણ સેવક, **કુસલહર્ષ** કૃપા કરો. ૬૬

(૧) આ પછીની કૃતિની પ્રત (૧). [મુપુગૂહસૂચી.]

(૫૫૮) શત્રુંજય સ્ત. અથવા **ઋષભદેવ સ્ત.** ૬૮ કડી

આદિ – સરસ વાણી દિઉ **સરસતી** એ, વરસતી (૨) વચન વિલાસ કિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આસ પુરઉ કવિયણ તણી એ, ગાયસઉં (૨) **ઋષભ** જિણંદ
કિ. ૧ સરસ.

અંત – કલશ

એ સકલ તીરથમાંહિ સમરથ **સેત્રુજય** ગિરિવરિ ધ્યાઇઈ
શ્રી **નાભિનંદન** ત્રિજગવંદન **ઋષભ**ના ગુણ ગાઇઈ
બહુ ભગતિ આંણી લાભ જાણી નામિ **વિમલાચલ** તણઉ
મનિરંગઈ ભણુઇસઇ અનઇ સુણુઇસઇ લહઇસઇ હરષઇ વધામણું.૬૮

(૧) લિ.સં. ૧૬૭૦ આસો સુદિ ૨૦ યતિશ્રી ગણિ **ચાંપા** તત્ શિષ્ય **પદમકુસલ** લષતં **અધોઇ** ગ્રામે. પ.સં. ૧૦–૧૫, હા.ભં. દા.૮૩ નં.૭૫. (૨) યતિશ્રી ઋષભદેવ સ્તવનં સમાપ્તઃ પં. શ્રી **વીર**વિમલગણિ-શિષ્ય ગણિ **દાન**વિમલગણિના લેખિ યતિ ભદ્રં. પ.સં. ૩–૧૭, જૂની પ્રત, હા.ભં. દા.૮૩ નં.૯. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૩, ૪૦૩, ૪૦૪).]

(૫૫૯) ફલવર્ધિ મંડણશ્રી પાર્શ્વનાથ સ્ત. ૬૮ કડી

આદિ – સકલ સુરાસુર પ્રણમી પાય, પ્રહિ ઊઠી પ્રણમું જિનરાય,
વામાનંદ લીલ વિલાસ, **ફલવર્દ્ધિ** નગરી મંડણ **પાસ.** ૧

અંત – વર નમિ ૨ સુરવર અસુર વ્યંતર ખવર નિકર પુરંદર
કોટી ૨ હીર મરીચિરંજીત રૂચિર ચરણ રમાધર
ઈમ **પાસ** આસ પ્રકાસ વાસન **ફલવૃદ્ધિ** મંડણવરો
શ્રી **હર્ષસંયમ** ચરણ સુસેવક **કુશલહર્ષ** કૃપા કરો. ૬૮

(૧) પ.સં. ૪–૧૫, હા.ભં. દા.૮૩ નં.૧૮૬. [લીંહસૂચી.]

(૫૬૦) મહાવીર સ્તવન

આદિ – સાંતિકરણ ગુણરયણનિવાસ, સફલ કરી ભવીઅણ જિણ આસ,
શાંતિ નમું કૃતજગદાનંદ, **જેધપુરા**વનિં મંડણ ચંદ. ૧

અંત – **નાગપુરા**વનિં શોભાકર, દેખો સમકિત સાવઉ જિનવર,
વિજયદાન સૂરીસર સીસ, **કુશલહર્ષ** પ્રણમિઇ નિસદીસ.

(૧) પ.સં. ૧–૧૯, રો.એ.સો. ખી.ડી. ૨૦૯ નં.૧૯૪૪.
[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૬૫ ભા.૩ પૃ.૬૨૧–૨૩.]

૨૫૩. ધર્મસિંહગણિ (ત૦ આનન્દવિમલસૂરિશિ.)

આનન્દવિમલસૂરિ – આચાર્યપદ સં.૧૫૭૦, ક્રિયોદ્ધાર સં.૧૫૮૨, સ્વ. ૧૫૯૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫૬૧) દિવાળી રાસ

(૧) પ.સં. ૬, અમ.

(૫૬૨) વિક્રમરાસ

(૧) જૈસ. ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૬૫.]

૨૫૪. દોલત [દલપત] વિજય (ત૦ સુમતિસાધુવંશે પદ્મવિજય —જયવિજય-શાંતિવિજયશિ૦)

(૫૬૩) ખુમાણરાસ

આ રાસ રાજસ્થાની-મારવાડી ભાષાના શબ્દોથી ભરપૂર છે. તેમાં ચિતોડના રાણા ખુમાણ તેના વંશજો વગેરેનો ચારણશાહી ઇતિહાસ મૂકેલો છે. જૈન સાધુઓ રાજદરબારમાં રહી તેનાં જુદાંજુદાં વર્ણનથી ચિત્તરંજન કરતા એ આ પરથી જણાય છે ને તે માટે ગણેશને વંદન પણ કરેલ છે.

આદિ – ગાહા.

ૐ ઐં મંત્ર અપારં, સારદ પ્રણમામિ માય સુપ્રસન્નં, ૧
સિદ્ધ ઋદ્ધિ બુદ્ધિ સિરં પૂરં વરવેદ પડિપુન્નં.
વરવેદ પુત્થહત્થા વીણા સુરવદ્દ કમલ કરવિમલા,
હરણમી હંસરૂઢા, વિજ્જા વૈજંતિયા માલા. ૨
દૂહા–કમલવદન કમલાસના, કવીઉર મુખકે વાસ,
વસે સદા વાગેશ્વરી, વિધવિધ કરે વિલાસ; ૩
વિદ્યા બુદ્ધિ વિવેકવર, વાયક દાયક વિત્ત,
અચેં જે આઇ તુને, ચરણ લગાવે ચિત્ત. ૪
સેવકસું સાંનિધ કરો, મહેર કરો મહામાય,
ત્રિપુરા છોરૂ તાહરો, સાંનિધ કરો સહાય. ૫
આઈ દો અક્ષર અચલ, અધિકી બુધ ઉકત્તિ,
દલપતિસું કીજે દયા, સેવક જાણી સકત્તિ. ૬
કવિત્ત–આવભર અંબાવર, ભગતિ કીજે ભારતિ,
જગ જગ જગદંબ, સંત સાંનિધ સકત્તિ;
સુપ્રસન્ન હોય સુરરાય, વયણ વાચા વર દીજે
બાલક બેલે બાંહ, પ્રીતભર પ્યાલો પીજે
મહારાજ રાજ રાજેશ્વરી, **દલપત**સું કીજે દયા,
ધન મોજ મહિર માતંગિની, માય કરો મોસું મયા. ૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દૂહા–શિવસુત સુંઢાલો સખલ, સેવે સકલ સુરેશ,
વિઘનવિડારણ વરદીયણ, **ગવરી**પુત્ર **ગણેશ**. ૮
કવિત્ત–ભૃકુટિયંદ ભલહલે, ગંગ ખલહલે સમુજ્જલ
એકદંત ઉજ્જલો, સુંડલ લવલે રૂંડગલ,
પુહપ ધૂએ પ્રમાલે, સેસ સલવલે જીહલલ.
ધુત્ર નેત્ર પ્રજલે અંગ અછ્છલે અતુલ બલ,
યમ બલેં વિઘન દાલિ દચ્ચલ ચમર ઢલેં ઉજ્જલ કમલ,
સુંઢાલ દેવ રિદ્ધ સિદ્ધ દીઅણ, સમરી **દલ્લપતિ** ભવલ. ૯
દૂહા–વૃષભદેવ **વનિતા**ધિપતિ, **નાભિ**નંદ સુખકંદ,
ઉર અંબુજ ભામર પ્રભુ, ચિત્ત ચકોર જિનચંદ, ૧૦
અલિ હુવે અલિ ઇલિકા, સગત સાગતિ સુદેત,
પારસ સુગુરૂ પરમેશ્વર, લોહ હેમ કર લેત. ૧૧
જ્ઞાન જ્યોતિસુ પ્રકાસ ગુરૂ, કર ધરી સાસત્ર કથ,
ત્રિભુવનમેં તારણતરણ, **સો** વાતો સમરત્થ. ૧૨

અંત – (વચમાં. બીજા ખંડને અંતે)

એટલે ખંડ એ પૂરો થયો, અલપ બુદ્ધિ મેં ઉદ્યમ કીયો,
સુકવિ સુધારે વાંચો સહી, કૂડ સાચ કવિયણ જે કહી,
ત્રિપુરાસક્ત તણે સુપસાય, રચો ખંડ દૂજો કવિરાય,
તપગચ્છ ગિરૂઆ ગણધાર, **સુમતિસા**ધુ વંશે સુખકાર.
પંડિત **પદ્મવિજય** ગુરૂરાય, પટોદયગિરિ રવિ કહેવાય,
જય બુધ **શાંતિવિજય**નો શિષ્ય, જંપે **દોલત** મનહ જગીશ.

ઇતિ શ્રી ચિત્રકોટાધિપતિ શ્રી રઘુવંશે બાપા ખુમાણ ચરિત્રે રતિસુંદરી અભિગ્રહકરણ ચિત્રકારિકા ચરિત્ર રમણ, રાજકુમારી પાણીગ્રહણ, પંચસહેલી ચિત્રગઢમિલણ દોલતવિજયવિરચિતે દ્વિતીય ખંડ સંપૂર્ણઃ

(ત્રીજા ખંડને અંતે)

જયવિજય એ નામ આપેલ છે. ને તેના શિષ્ય શાંતિવિજય ને તેના શિષ્ય દોલતવિજય.

(૧) પ.સં. ૧૩૯, અપૂર્ણ, ભાં.ઇ. સને ૧૮૮૨–૮૩, નં.૨૫૮.
[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૬૫–૬૭.]

૨૫૫. ગજરાજ પંડિત

(૫૬૪) હીરવિજયસૂરિના બારમાસ ૨.સં.૧૫૯૬ કા. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિ – રાગ સામેરી

સરસતિ ભગવતી વરસતી વાણી દીએા રસાલ,
વીણા હસ્તક ધારિણી, કવિજન દીએા આધાર.
કર જોડી **ગજરાજ** પંડિત ભણે, વારજ્ઞ સુભવેલ,
તાસ તણે પસાઉલે, આજ કરૂં રંગરોલ.

અંત – ચાલ

કારતક માસે આવીએા, ભાવીએા સરવે પરિવાર રે,
અનુમતિ દીધી બેનડી, લેવા તે સંજમભાર રે.
શ્રી **વિજયદાનસૂરિને** હાથે, તે **પાટણ** નયર મઝાર રે,
સંવત ૧૫ છનૂએ, કારતગ બીજે માસ રે,
કર જોડી **ગજરાજ** પંડિત ભણે, વરતો તે જયજયકાર રે.
વિમલાહી બેની એમ વીનવે.

(૧) પ.ક. ૧૬૯–૧૭૩, ઉનાના મોરારજી વકીલનો ચોપડો.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૭૧. કૃતિની રચનામિતિ દર્શાવી છે તે હીરવિજયસૂરિની દીક્ષાતિથિ છે. એ જ દિવસે કૃતિ રચાયેલી હોવાનું માનવું કે કેમ તે પ્રશ્ન છે.]

૨૫૬. કક્કસૂરિશિષ્ય (કોરંટગચ્છ)

(૫૬૫) લીલાવતી ચોપાઈ [અથવા **વિક્રમ લીલાવતી રાસ**] ૨.સં. ૧૫૯૬ વૈ.શુ. ૧૪ બુધ

આદિ – શ્રી ગુરૂભ્યો નમઃ

સરસતિ સામિણિ સમરૂં પાય, તું છઇ કવિયણ કેરી માય,
તુહી પ્રસાદિ હુઇ નવનિધિ, સેવક પામઇ સઘલી સિદ્ધિ. ૧
માલવ દેશ અતિહિઈં સુવિશાલ, વત્તઈ **ભરહખંડ** વિચાલિ,
તિહાં **ઉજેણી** પુરવર ભલું, બીજા નગર થકી ગુણનિલુ. ૨

અંત – બુદ્ધિ કરી તેણિ નરરાય, પરણી **લીલાવઇ** સાહસ પસાઇ,
દીઇ દાન પાલઇ જિનધર્મ, તે રાજા લહિસિ શિવશર્મ. ૧૮૭
એ **લીલાવઇ** તણું ચરિત્ર, ભણઇ ગુણઇ તે થાઇ પવિત્ર,
મોટા ચરિત્ર થકી ઉદ્ધરી, ચુપઇ કીધી હરષિઇ કરી. ૧૮૮
પનર છન્નવઇ વૈશાખ માસિ, શુદિ ચઉદિસિ મન ધરિય ઉલ્હાસિ.
બુધવાર અતિ નિર્મલઇ, ચરિત્ર રચિઉં આંણુદિઈં ઘણુઈં. ૧૮૯
કોરંટગચ્છિ કક્કસૂરિરાય, તે ગુરૂના હું પ્રણમી પાય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તાસ સીસ રંગિઈ ઇમ કહઇ, ભણુઈ ગુણુઈ તે શિવસુખ
લહઇ. ૧૬૦

(૧) વાચનાચાર્ય વિનયચંદ્રગણીનાં શિ૦ ઋષિ દેવસાગર લિખિતં. શ્રાવિકા ચિરોજા પઠનાર્થં શુભં ભવતાત્. પ.સં. ૧૧–૧૧; સંઘ ભં. દા.૭૨ નં.૬૯. [મુપુગૂહસૂચી, જૈજૈગ્રાસૂચિ ભા.૧ (પૃ.૧૫૦).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૨૩.]

૨૫૭. પુણ્યરત્ન

(૫૬૬) નેમિરાસ અથવા **યાદવરાસ** ગા.૬૫ લ.સં. ૧૫૯૬ પહેલાં

આદિ – સારદ પાય પ્રણમી કરી, **નેમિ** તણા ગુણ હીયઇ ધરેવિ,
રાસ ભણું રલીયામણો, ગુણ ગાઇસ ગિરુઆ સંષેવિ. ૧
હું બલિહારી યાદવા.
એક રસઉ રથ પાછો વાલિ, અપરાધ ન મઈ કઉ કાઉ
કાંઇ છોડઇ નવજોવન બાલ, **રાજલ** પ્રીઉ પ્રતિ ઇમ કહઇ. ૨
હું બલિહારી યાદવા.

અંત – સમુદ્રવિજય તનુ ગુણનિલઉ, સેવ કરઈ જસ સુરનરવૃંદ,
પુનરતન મુની વિનવઇ, શ્રીસંઘ સપ્રસન **શ્રી નેમિજિણંદ**. ૬૫
હું બલિહારી યાદવા.

(૧) સં.૧૫૯૬ આસો શુ.૨ ભ૦ હંસસંયમસૂરિશિ. પં. **પદ્મહંસ**-ગણિ લિ૦ સં. **થાવર** ભાર્યા સુશ્રાવિકા **લખા** પઠનાર્થં. પ.સં. ૪–૧૧, હા.ભં. દા.૮૨ નં.૯૬. (૨) પ.સં. ૪, પ્રત ૧૭મી સદીની, જિ.ચા. પો.૮૩ નં.૨૨૧૯. (૩) સં.૧૬૬૬ લિ. કલ્યાણ ઋષિ પઠનાર્થં. પ.સં. ૪, જય. પો.૬૧. (૪) સં.૧૬૯૬ શાકે ૧૫૬૧ મહા કૃષ્ણ એકાદશ તિથૌ વાર જીવ મુનિ પ્રતાપસીલ્લિપિકૃત હથીયાણા મધ્યે. પ.સં. ૩–૧૪, વિ. ને.ભં. નં.૩૧૬૯. (૫) યતિ નેમનાથ રાજીમતી ફાગ રાસ લિ. પં. રૂપચંદેણ. પ.સં. ૨–૧૮, વિ.ને.ભં. નં.૩૧૭૪. (૬) સં.૧૭૬૬ વૈ.વ. ૧૧ રવિ ભાવકીર્ત્તિ લિ. પ.સં.૬, અમી૨. પો.૯. (૭) લિ. પ્રીતિવિલાસેન. પ્રતિ ૧૭મી સદીની, પ.સં. ૫, ભુવન. પો.૧૨. (૮) લિ. કોઠારી ભામા આર્યા કનક પઠનાર્થં. પ.સં. ૩, રામ.ભં. પો. ૮. (૯) સં.૧૮૦૬ ફા. સિત સપ્તમ્યાં રવિ મકસૂદાવાદે. પ.સં. ૫–૧૧, ગુ. નં.૫૫–૧૮. (૧૦) પ.સં. ૩–૧૩, હા.ભં. દા.૮૩ નં.૬૨. (૧૧) પ.સં. ૧૧–૧૨, વિ.ને.ભં. નં. ૩૧૬૮. (૧૨) યતિ શ્રી નેમિનાથ રાસ સમાપ્ત સંવત ૧૬૩૯ વર્ષે કાતી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વદિ ૭ દિને લિખિતં. પ.સં.૪, ગુ.વિ.ભં. (૧૩) મુ૦ શ્રી કીકા લખિતં. સં.૧૬૯૭ વર્ષે ચૈત્ર શુદિ ૯ શ્રી. સ્તંભતીર્થે. પ.સં. ૪–૧૧, વિ.ધ.ભં. (૧૪) સં.૧૭૩૬ વર્ષે શુક્લપક્ષે લિખિતં શ્રી સર મધ્યે. પ.સં. ૨–૨૦, મારી પાસે. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૩૯૪).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૪૩–૪૪, ભા.૩ પૃ.૬૧૮–૧૯. કૃતિ પહેલાં ગજસાગરસૂરિશિષ્ય પુણ્યરત્નને નામે સં.૧૭મી સદીમાં મૂકી હતી તે પછીથી સં.૧૬મી સદીમાં ફેરવી છે.]

૨૫૮. કુશલલાભગણિ

(૫૬૭) સત્તરી [સપ્તતિકા] **પ્રકરણ બાલા૦** ૨. સં.૧૫૯૭

(૧) હા.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૯૦.]

૨૫૯. ગજલાભ (અંચલગચ્છ)

(૫૬૮) બારવ્રત ટીપ ચોપાઈ ૨. સં.૧૫૯૭

આદિ – પહિલૂં પ્રણમિસુ જિનવરૂ એ, જિનશાસન સાર,
સહિગુરૂ વંદી વ્રત બાર, પભણિસુ સવિચાર. ૧
વ્રત વિના જગિ સયલ નામ, અવિરતિ પભણીજઇ,
ચઉદ રાજ માહિ વસ્તુ યેહ, મહીયાં મસિ લીજઇ, ૩

અંત – મનિ વચનિ કાયા તણુા, જે છઈ બહૂ વ્યાપાર,
તેહ થિકુ નવિ ઊસરૂં, જિમ હુઇ જયજયકાર. ૮૧
નિયમભંગિ એવૂં કરૂં, નીવીનૂં પચ્ચખાણુ,
જન ગજપતિ લાભહ કહઇ, ધમ પાલઉ જિનઆણુ. ૮૨

વસ્તુ.

કરિસુ જયણા કરિસુ જયણા સેસિ આરંભ,
સામગ્રી ધરિ છતીય સવસિ, સયલ સયર એ નેમિ પાલિસુ.
ઠકર હડ્ડહવીસરણુહ, પ્રમુખ દશવિ આગાર ટાલિસુ,
જાવજીવ ભગંક છઇ, સુવિસહ મૂલ સુરમ્મ,
પન્નર સત્તાણુવઇ લહ મઇ, સુગુરૂ પાસિ ગહિ ધમ્મ. ૮૩
ઇય અતિહિ ઉદાર સમકિત સાર બાર વ્રત અંગીકરઇ એ,
જે ભવીયણ ભાવિઇ એહ જે ગાવઇ તે સંસાર સમુદ્ર તરઇ એ. ૮૪

—શ્રી પં૦ ગજલાભગણિશિષ્ય ઋષિ વરન પઠનાર્થં. પ.સં. ૫–૧૩, સીમંધર. દા. ૨૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫૬૯) [+] જિનાજ્ઞા હૂંડી અથવા અંચલગચ્છની હૂંડી સં.૧૬૧૦ લગ. સિરોહીમાં

આદિ – ઢાલ યોગીવાણિનો.

સીરોહી મુખમંડણો, ભેટયો **આદિ** જિણંદ,
તુમ્હ દરિશણ દેખી કરી પામ્યો પરમાણંદ રે,
જીવડા આરાધો જિણભાણ.

(આ પહેલી ઢાળમાં જિનપ્રતિમા અને જિનપૂજા આગમવિહિત છે તે જણાવ્યું છે. બીજીમાં કેદારા રાગમાં સાધુ શ્રાવકના ધર્મ બતાવે છે.)

દેવ અને ગુરૂવંદન વેલા ઉત્તરાસંગ કડીઇ સાચું,
આવસ્યક નિં પોસહ વેલા કાંઇ કરો પંથ કાચો રે.
જીવડા દૃષ્ટિરાગ સવિ મુંકો. ૪

પંથ નહી વલી સાધૂનો રે માલારોપણ કેરો,
ઉપધાંન નાંમ લેઇ કરી રે કાંઇ કરો ભગ કેરો. જીવડા. ૫
દ્રવ્યપૂજા ન હોઇ સાધુને રે સૂત્ર માહે જુઓ જ્યાં,
સાધુ પ્રતિષ્ઠા નવી કરે રે તે શ્રાવકવિધિ સાચી રે. જીવડા. ૬
આણ સહિત જે કરણી કીજે તે સુખદાયક દીસે,
કહિ **ગજલાભ** મુઝ આજ્ઞા ઉપરિં હરષે હયડું હીંસે રે. જી૦ ૭

(ઢાલ ૩ રાગ આશાઉરી. શ્રાવકનું સામાયિક વ્રત જણાવી પંચપર્વી સંબંધી ચર્ચા કરી છે. ઢાલ ૪ રાગ ધન્યાસીમાં. તેરસ ચૌદશ તથા પાંચમે પર્યુષણપર્વ કાલકસૂરિએ કારણવશાત્ કર્યું. હવે કારણ નથી તો ચોથે કરવું વગેરે જણાવી કહે છે કે)

અંત – મુઝ મને મતનો નથી કદાગ્રહ, જિણઆજ્ઞા કેરો દાસ રે,
કહિ **ગજલાભ** સાચું સદ્દવહજ્યો, જિણઆજ્ઞા પુરઇ સાર રે. ૧૨
જય કીર્ત્તિ વરધન લાભ સૂંદર ચંદ નંદ સૂવલભા,
સાત શાખા **લાભ** કેરી સાંભલજ્યો તુમે મુનીવરા. ૧

(૧) પુજ્ય ભટારક શ્રી ૧૦૮ શ્રી **ધર્મમુર્ત્તિસૂરી** સાનિધ્યે. ક્રીયા ઉધાર કર્યો તેના શિષ્ય પર, ચાલીસ સાધવી સાથે સર્વે ઠાણું ૯૨ના ગુરૂ થયા તેડને આત્માડર્થે જિનાજ્ઞા હૂંડી કરી આપી તે લિખી છે. **રાયસૂંદરેણ.** વા૦ **ધર્માનંદશિ૦** મું૦ **ક્ષમાવર્દ્ધનશિ૦** મું. **જ્ઞાનલાભશિ૦** મુ૦ **નિધાનલાભશિ૦** મું. **ભુવનલાભશિ. દેવસુંદરશિ૦ હીરસૂંદરશિ૦** મું. **આણંદસૂંદરજીશિ૦** મું. **રાયસૂંદરજી.** મ. જૈ. વિ. (ધર્મમૂર્તિ આચાર્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પદ સં. ૧૬૦૨ સ્વ૦ ૧૬૭૦).

[પ્રકાશિત : ૧. આર્યકલ્યાણ ગૌતમ સ્મૃતિગ્રંથ ભા. ૨.]

[પ્રથમ આવૃત્તિ ભા. ૩ પૃ.૬૩૦–૩૨.]

૨૬૦. વાસણ (ત૦ વિજયદાનસૂરિશિ૦)

(૫૭૦) + આનંદવિમલસૂરિ રાસ અથવા **સાધુગુણ રત્નમાલ રાસ**
૨. સં.૧૫૯૭ આસો

આણંદવિમલસૂરિ સં.૧૫૯૭ના ચૈત્ર શુ. ૭ને દિને સ્વર્ગસ્થ થયા તે અરસામાં આ કૃતિ રચાઈ છે. વધુ માટે જુઓ ઐતિહાસિક રાસ-સંગ્રહ ભા. ૩.

આદિ – સકલ પદારથ પામીઈ, જપતાં શ્રી જિનનામ,
પ્રથમ તિથેસર ધ્યાઈઈ, **ઋષભજી** કરૂં પ્રણામ.

અંત – શ્રી **આણંદવિમલ** સૂરિસરૂ તસ પટોધર પવિત્ત,
તે શ્રી **વિજયદાનસૂરિ** ગુણનિલું, **વાસણ** પ્રણમિ
એ આણી નરમલ ચિત્ત. સું. ૧૫૩

(પા૦) સંવત **પનર સતાણુઈ** આસો આક્ષૂર આલો માસ
સાધ નામ ગુણરત્નમાલ એ રાસ.
રચતા એ મનનઈં, અતિ ઉલાસ ઉલ્લાસ. ૧૮૮
સુંદર રવિ શશિ સોઇ સાસ્વતા, મેરૂ મહીધર જહા,
વજ્રૂ વધિ સંઘ પરવાર સૂચિર, પ્રતપો એ અવિચલ તિહાં. ૧૮૯
જયવંતા અજમાન વરૂ શ્રી **વિજયદાનસૂરી**ંદ,
ભટારક **રાજવિજયસૂરિ**, કહે **વાસણ** મણ આણંદ. ૧૯૦
—સુંદર દરસણ સાધના.

(૧) પ.સં. ૯–૧૧, માં.ભં. (૨) પ.સં. ૧૦–૬, વિ. ને. ભં. નં.૩૨૨૭.

[પ્રકાશિત : ૧. ઐતિહાસિક રાસસંગ્રહ ભા.૩.]

(૫૭૧) આદિનાથ સ્ત. ૨૧ કડી

આદિ – પહિલું પણમિય દેવ પરમેસર **શેત્રુંજ** ધણિય,
પય પંકજરય સેવ, રંગિ હિ વિ વસુ તસુ તણીય.
જિણવર મહ નહુઠાણુ, ઝાણુ નાણુ વિન્નાણ જઉ,
બાલક પરિ વિન્નત્તિ, બહુ ભોલિમ હું કરિસ તઉ. ૧
ધય **રિસહ** જિણવર સિદ્ધિ સયવર સુંદરી વર સુંદરો,
સિરિ વિમલ ભૂધર ધવલ સિંધુર ખંધ વાસ પુરંદરો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સેવય સભાસુર થુણિય ભાસુર ગુરૂ વભાસુર ગંજણો,
મહ સુવિહિ **વાસણ** દેઉ સાસણ **વિજયતિલઉ** નિરંજણો.

(૧) આ પર સંસ્કૃત ટીકા છે. સાથેસાથે. પ.સં. ૩, ડે. ભં. દા. ૭૧ નં.૧૧૧.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૬૮, ભા.૩ પૃ.૬૨૪-૨૫.]

૨૬૧. અજ્ઞાત

(૫૭૨) જંબૂસ્વામી ગીત ૩૭ કડી લ.સં.૧૫૯૭ પહેલાં

આદિ – સેઢિ **ઋષભદત્ત** રાજ્યહિ વસઇ, તસ નારિ **ધારણિ** ઊલ્લસઇ,

ત્રૂટક

ઉલ્હસઇ **ધારણિ** સુગુરૂ પેખી, સ્વામી **સુહુમ** વંદએ,
પૂત્ર વિણિ મનિ ખેદ આણી, આપ દુખિઈ નંદએ.
સુગુરૂ પૂછ્યા તે નલઇ, સિધિ પુત્ર પૂછિઈ કહઇ,
જંબૂ ચરિત્ર ચિર સુણતા, સુત ઉપાય તદા લહઇ.
(પા૦) **જંબૂ** વૃક્ષ વિચાર સુણતાં, સુમહ ઉપાય તદા લહઇ. ૧

અંત – બૂઝી રે બાલી આઠિ ગુણ થુણઇ, અમ્હઈ બલીહારી વયણે તુમ્હ તણઇ.

ત્રૂ૦ તમ્હ તણે વયણે આઠ રમણી, દુખસાયર ઉતરી,
અમ્હે સંજમ સાર લેસ્યું દેવ તુમ્હે દયા કરી.
પ્રભવ સ્વામી પાંચસિઇ નઈ, માયતાય મેલી કરઇ,
સુધ સંજમ સહિતા વાંદુ કાજ સઘલાં જિમ સરઈ. ૩૭

(૧) સં૦૧૬૪૧ આશુ સુદિ ૨ શુક્રે પઠનાર્થં બાઇ **લાલ**. પ.સં. ૬–૧૧, મો. મો. સાગર ઉ. પાટણ. દા.૮ નં.૩૨. (૨) શ્રી ગીતા છંદ જંબૂ સ્વામિનુ સંપૂર્ણઃ લ. સં. ૧૫૯૭, ચોપડો, વિ. ને. ભં. નં. ૩૨૬૧. (૩) જંબૂ સ્વામિ ગીતા છંદ. જૂની પ્રત, પ.સં. ૪–૧૩, જશ. સં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૨૩–૨૪.]

૨૬૨. રાજરત્નસૂરિ (ખ૦ વિવેકરત્નસૂરિ–સાધુહર્ષશિ.)

(૫૭૩) હરિબલ માછી ચોપાઈ ૨. સં.૧૫૯૬ આસો

અંત – **ખરતરગચ્છિ ગોયમ** સમવડિ, **વિવેકરતન** સૂરીંદ
તાસુ સીસ **સાધુહરષ** ગુરૂ, જસુ પય નમઇ નરીંદ. ૪૧
તાસુ સીસ શ્રી **રાજરતન**સૂરિ, જીવદયાફલ જાણી,
બોલઇ આપણુમ આણુંદાઇ, અમિય સમાણી વાણી. ૪૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંવત **પનરઈ નવાણુવઇ** એ, આદરિ આસો માસિ કિ,
સાંનિધિ શ્રી સંઘહ તણુઇ એ, નિય મન તણુઇ ઉલ્હાસિ કિ. ૪૩
તપઇ ગયણિ સોહામણુઉ એ, જીવદયા ભરપુરિ કિ.
તાં લગિ જિનશાસન જયઉ એ, જીવદયા ભરપુરિ કિ. ૪૪

(૧) સં.૧૬૩૭ મગસિર વદિ અમાવાસ્યા સોમે રત્નપૂરા મધ્યે લિ. વા૦ હંસચંદ્ર શિ૦ રૂષિ પુંજા વાચનાર્થં. પ.સં. ૧૨, કમલમુનિ (હવે ગુજરાત પુરાતત્ત્વ મંદિર). (૨) ભાં. ઇ. સન ૧૮૮૬-૯૨, નં. ૧૩૮૪. (૩) સં.૧૬૦૪ અ. વ. ૩ બિકાનેર મધ્યે કલ્યાણસિંહ રાજ્યે રત્નસિંધ લિ. પ.સં. ૩૧, અભય૦ પો.૪ નં.૨૩૫.

[પ્રથમ આવૃત્તિ ભા. ૩ પૃ.૬૩૨.]

૨૬૩. જયહેમશિષ્ય (ત૦ હેમવિમલસૂરિ–લબ્ધિમૂર્તિશિ. જયહેમ)

હેમવિમલસૂરિ – આચાર્યપદ સં.૧૫૪૮ સ્વ.૧૫૬૮ (જુઓ નં. ૧૬૮). તેમના શિષ્ય લબ્ધિમૂર્તિના શિષ્ય જયહેમના શિષ્ય આના કર્તા છે. પોતાનું નામ આપ્યું નથી. કૃતિ સોળમી સદીના અંતની કહી શકાય.

(૫૭૪) + ચિતોડ ચૈત્ય પરિપાટી (અ૦) કડી ૪૩

આદિ – **ગોઅમ** ગણહરરાય પાયપંકય પણમેવી
હંસગમણિ મૃગલોચણી એ **સરસતિ** સમરેવી
પાએ લાગીનઇં વીનવું એ દિઉ મઝ મતિ માડી!
ચિત્રકોટ નયરહ તણી એ રચઉં **ચૈત્ર પ્રવાડી** ૧

અંત – સિરિ **તવ**ગચ્છનાયક સિવસુખદાયક **હેમવિમલ** સૂરિંદવરા
તસુ સીસ સુખાકર ગુણમણિઆગર **લબધિમૂરતિ** પંડિતપ્રવરા
જયહેમ પંડિતવર વિદ્યા સુરગુરૂ સેવીજઇ અનુદિન ચરણ
સેવકજન બોલઇ અમિઅહ તોલઇ હરષિઇં હરષ સુહંકરણ. ૪૩

(૧) મહો૦ **આ**ગમમંડનગણિશિષ્યેણ લિ૦ શ્રા૦ કપૂરદે પઠનાર્થં. પ.સં. ૩-૧૨, સીમંધર૦ દા. ૨૪.

પ્રકાશિત : ૧. જૈનયુગ પુ. ૩, પૃ. ૫૪થી ૫૭.

[પ્રથમ આવૃત્તિ ભા. ૩ પૃ.૬૩૭.]

૨૬૪. ગુણધીરગણિ

(૫૭૫) સિદ્ધહેમ આખ્યાન બાલા૦

(૧) મૂળ સંસ્કૃતમાં. પ.સં. ૧૮, સંઘ ભં. વખતજી શેરી દા.૫ નં. ૨૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[પ્રથમ આવૃત્તિ ભા. ૩ પૃ.૧૫૯૭.]

૨૬૫. મહીરત્ન

(૫૭૬) નવતત્ત્વ બાલા૦

(૧) પ. ક. ૨થી ૧૦, સંઘ ભં. વખતજી શેરી દા.૮ નં.૨.

[પ્રથમ આવૃત્તિ ભા. ૩ પૃ.૧૫૯૧.]

૨૬૬. ઉદયધવલ (કમલપ્રભસૂરિ–મુનિપ્રભસૂરિશિ૦)

(૫૭૭) ષડાવશ્યક બાલા૦

આદિ – શ્રેયાંસિ શ્રીમહાવીર સ શ્રી સંઘસ્ય યચ્છતાત્
યસ્યાજ્ઞા કલ્પવલ્લીવ મનોવાંછિતદાયિની. ૧
શ્રીવર્દ્ધમાનજિનશાસનરાજ્યનેતા વિશ્વત્રયાદ્ભુતચરિત્રયુગપ્રધાનઃ
શ્રીકમલપ્રભસૂરિ(ગુરુ)ર્ગુરુરેયકવર્ત્તીભૂયાદમેયમહિમા મમ
સુપ્રસન્નઃ ૨
તત્પટ્ટનાયકાઃ શ્રીમુનિપ્રભસૂરિર્યો જયંત્યધુના,
તત્પટ્ટે વાયકા શ્રીઉદયધવલા પરિવારપરિકરિતા. ૩
સ્વાન્યયોરુપકારાય લિખ્યતે લેશતો મયા
ષડાવશ્યકસૂત્રાણાં વ્યાખ્યા બાલાવબોધિની. ૪

પહિલઉં સકલ મંગલીકનઉં મૂલશ્રી જિનશાસનનઉં સા૨. ઇગ્યાર અંગે ચઉદ પૂર્વનુ ઉદ્ધાર, સદ્દેવ શાસ્વતઉ, શ્રીપંચ પરમેષ્ટિ મહામંત્ર નઉકાર.

અંત – પ્રત્યાખ્યાન બાલાવબોધઃ છ. ચઉથઉ અધિકાર સંપૂર્ણ હૂઉ. છ. શ્રી ષડાવશ્યક બાલાવબોધ સંપૂર્ણ હૂઉ. એહમાહિ ચ્યારિ અધિકાર પહિલઇ અધિકારિ દેવવંદન ૧ બીજઇ ગુરુવંદન ૨ ત્રીજઇ પડિકમણઉં ૩ ચઉથઇ પચ્ચખાણ ૪ ૧.

(૧) પડિમાત્રામાં કથાઓ સહિત જૂની પ્રત, પ.સં. ૧૧૫, અનંત ભં. નં. ૨.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૯૧.]

૨૬૭. મહિમાસાગર ઉ૦ (આં. જયકેશરિસૂરિશિ.)

જયકેશરિસૂરિ સં.૧૪૯૪થી ૧૫૪૨.

(૫૭૮) [શ્રાવક] ષડાવશ્યક વિવરણ–સંક્ષેપાર્થ

(૧) પ.સં. ૫૦, પ્ર. કા ભં. નં.૧૪૫૧. (૨) પ.સં. ૮૯, ગ્રં. ૨૩૭૫, મ. જૈ. વિ. નં. ૧૯ અ. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૭).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૯૧.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૬૮. સંઘમાણિક્યશિષ્ય

(૫૭૯) કુલધ્વજ ચોપાઈ

આદિ – **સારદ** સાર નમું સદા, સસિવયણી સુજાણિ
સરસતિ સામિણિ સમરતાં, સુખસંપતિ દિ વાણી ૧
હંસવદન હંસવાહિની, હરિહર સેવિ પાય
હરિલંકી મૃગનયણી, હીઇ ધરૂ તુમ્હે માઇ. ૨
ઋષભ આદિ જિણવર નમું, પ્રણમૂં **ગૌતમ** સ્વામિ
સંઘમાણિક ગુરૂ પય નમી, સુખ લહીઇ જસુ નામિ. ૩
સીલ તણુ મહિમા કહું, સીલિ કોડિ કલ્યાણ
શીલે લખ્મી પામીઈ, માણિક સમ કેકાણ, ૪
સીલ પસાઇ દેવતા, અહનિસિ સારિ સેવ
કુલધ્વજની પરિ તુમ્હે સુણુ, એકમનાં થૈ હેવ. ૫

અંત – એહવુ **કુલધ્વજ**રાજ કહ્યઉ, બુદ્ધિ પસાઇ જેહવુ લહ્યુ,
જે નરનારી પાલિ શીલ, **કુલધ્વજની** પરિ કરસિ લીલ. ૩૫
શીલપ્રબંધ ભણિ સાંભલિ, તેહ ઘરિ લક્ષ્મી અકલાં કલઇ.

(૧) પ.સં. ૯-૭૭, વિ.ને.ભં. નં. ૪૫૯૬.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૩૭-૩૮.]

૨૬૯. નરશેખર (ગુણસાગરસૂરિ–શાંતિસૂરિશિ.)

ગુણસાગરસૂરિના શિષ્ય શાંતિસૂરિ હોય એ વસ્તુસ્થિતિવાળો પ્રતિમાલેખ એવો મળે છે કે "સં.૧૫૫૪ ફા. શુદિ ૨ શુક્રે **શ્રી**માળ જ્ઞાતીય શ્રે. **મા**ણિક ભા૦ રૂડી સુત **વ**સ્તા ભાર્યા **મ**ણકઇ નામ્ન્યા શ્રી **શી**તલનાથ પંચતીર્થી કારિતા પ્ર૦ **પિ**પ્પલગચ્છે શ્રી **ગુ**ણસાગરસૂરિ પ્ર૦ શ્રી **શાં**તિસૂરિભિઃ ગંધારે." (જૈન ધાતુપ્રતિમા સંગ્રહ ભા.૨ લેખાંક ૩૪૦) ગ્રંથકર્તા નરશેખર આ શાંતિસૂરિના શિષ્ય હોય તો તે સોળમા સૈકામાં થયા સંભવે છે તેમ ગ્રંથની ભાષા પણ તે જ સૈકાની જણાય છે.

(૫૮૦) પાર્શ્વનાથ પત્ની પ્રભાવતી હરણ

આદિ – રાગ કુકુભા

સરસ વયણ **સરસતિ** મતિ આપુઉ, થાપુઉ ભગતજન થિર કરી એ,
હરિહર બ્રહ્મંડમંડલ તુમ્હ ગાઇએ, ધ્યાઇ ધ્યાન મનિ ધરી એ. ૧

ત્રોટક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનિ ધરિય નિશ્ચિલ ધ્યાન મંડી, અવર છંડી વાત
તારા મસિ જપમાલિકા જપ જપઇ તુંહનઇ માત. ૧

અંત – ઢાલ રિમિઝિમિ વાજઇ ઘૂઘરડી એ ઢાલ.
મોહન મૂરતિ જોઈઇ કહવિઈ **પાસ** જિણુંદ રે,
નિરખીય નિરમલ હોઇઈ, પ્રણમીય પરમાણુંદો–આંચલી. ૬૫
પાસકુમાર પ્રભાવતી રંગિ રમઈ સવિચાર રે
નિતુનિતુ નવનવ નેહલઉ, નાહલઉ નિરખઈ નારિ રે
મોહન મૂરતિ જોઇ રે. ૬૬
પ્રભાવતીહરણ એ જે મણઇં, ભણુઇં ગુણઈં નરનારિ
નવનિધિ હુઇ તેહ તણઇ, સુખ સઘળાં સંસારિ રે. મોહન. ૬૭
એકમનાં આરાધીઇં, **ઝરાઉલુ** જિણેસર રે
પુત્રકલત્રિઇં વાધીઈં, ધણકણ વાડ વેસ રે. મોહન. ૬૮
એક સોનું અનઇં સોરહું રે, ખાંડ તણી ખલિ જેમ રે;
સુગતિ મુગતિ મતિ સંપજઇ, વીવાહલુ વાલ્હુ તેમ રે. ૬૯
ગુણસાગરસૂરિ શાંતિસૂરિ ગુરૂ **ગોઅમ** સામિનઇં તોલઇ રે,
કર જોડી શિષ્ય તેહનઉ રે **નરશેખર** ઇમ બોલઇ રે. **મોહન૦** ૬૮

(૧) પ.સં. ૧૩–૧૧, સે. લા. નં. ૨૧૦૪. [આલિસ્ટઑઇ ભા.૨.]
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૩૮–૩૯.]

૨૭૦. વિદ્યારત્ન (ત. હેમવિમલસૂરિ–ધનદેવ–સુરહંસ–લાવણ્યરત્નશિ૦)

લાવણ્યરત્ન માટે જુઓ આ પૂર્વે નં. ૨૦૭.

(૫૮૧) મૃગાપુત્ર રાસ લ.સં.૧૬૧૧ પહેલાં, ૧૬મી સદીના અંત લગભગ

આદિ – તિત્થેસર ત્રેવીસમુ, ત્રિભુવન તારણ તાત
પણમંતા પાતક ટલઇ, સમર્યાં હુઇ સુખ સાત. ૧
ભોગસુખિં ભંભેરીઆ, ભવી ભમઇ ભવ કોડિ
થાઇ વઇરાગી વેગલા, વિષઇ વિષડી ખોડિ. ૨
તપ જપ સંયમ બાહિરા, નરભવ ગમઇ ગમાર
શ્રી જિનધર્મ સમાચરી, સફલ કરઇ સવિચાર. ૩
અહનિસિ પાપી પ્રાણીયા, વંછઈ ભોગ અસંત,
ઇક્ક ઉત્તમ છોડઈ છતાં, **મૃગાપુત્ર** દિવંત. ૪

અંત – **તપગ**છ સૂરિશિરોમણિ સરઇ, ચોખઈ ચિતિ ચરિત્ર આચરઇં,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી **હેમવિમલ**સૂરિ વાંદુ ભરી, જિમ હુઇ રિદ્ધિ ઘરિં નિત નવી ૧૨૧
શ્રી **ધનદેવ** ધરાતલિ ધીર, જિણિ મોડિઉ મનમથ વડવીર
તે ગુરૂ સીસ સૂરજિ જિમ તપઇ, **સુરહંસ** ઇક મનિ જિન જપઇ ૧૨૨
તસ પયકમલિ રમલિ અલિ સમું, શ્રી **લાવણ્યરત્ન** સુવિહાણઇ નમુ
તે ગુરૂ સીસ આણંદિ ઘણુઇં, **વિદ્યારત્ન** ઇણિ પરિ ભણઇ. ૧૨૩

(૧) સં. ૧૬૧૧ વર્ષે લષિતો રાસઃ પ.સં. ૮–૧૨, ડા. પાલણપુર દા. ૩૬.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૩૯–૪૦.]

૨૭૧. પાતો

(૫૮૨) છોતી-મિથ્યાત્વ પરિહારકુલ સઝાય [અથવા છોતી અધિકાર] ૬૪ કડી

આદિ – સરસતિ સામણિ કરૂ પસાઉ, અહ્મે ગાસઉં **છોતિ**નઉ ઠાઉ,
પાખંડિ મ કરસઉ કોઇ, સરતા વર્ત્તનૂ રૂડું હોઇ. ૧
એક પણિ નવ હિંડિ જમઇ, એક પણિ સંપાડિ જંમિ,
એક જંમિ નિતુ કરી સંનાન, સરિ ભરવઉ પેટ જ ધાન. ૨
જિમતાં છોતિ કરિ અતિ ઘણી, વિમાંસીનઇ જોઉ વલી (કહિત્તણી)
દેહ માહિ કાંઇ કાઢઉ સાર, આભડછેટિ તણુઉ ભંડાર. ૩

અંત – કો કિહિનુ નથી જમાન, રખે હઇઇ આણો અભીમાન,
હિતકારણિ એ બોલું અહો, જઉ કરસુ તો ભોગવસુ તહો. ૬૨
મન વચન કાયા સુધ કરૂ, નિસાભોજન હિંસા પરહરૂ
પાંચિ ઇંદ્રી તહો વસિ કરૂ, પવિત્રપણૂ જો સધલિ કરૂ. ૬૩
ક્રોધ લોભ મોહ મિલા પરહરૂ, દાન સીલ તપ ભાવના કરૂ,
પાતુ (પરમત) ભણુઇ એ બોલ જ ખરૂ, દયા પાલુ જિમ સંસાર તરૂ. ૬૪

(૧) પ્રાચીન પ્રત, પ.સં.૩–૧૪, મુનિશ્રી જિનવિજયજી પાસે. (૨) લ૦ ગણિ **પ્રીત્યસાગર**. પ.સં.૩–૧૨, હા. ભં. દા.૭૬ નં.૯. (૩) ચોપડો, પ.ક. ૧૭૫થી ૧૭૯, વિ. ધ. ભં. (૪) સં.૧૬૬૩ અષાઢ શુ. ૧૫. પ.સં.૨–૬, જૈ.શા. દા.૧૩ નં.૪૨. (૫) સં.૧૬૧૯ કા. વ. ૧૧ રવિ અમદાવાદ **પારિખ જાદા** પઠનાર્થં. **ઔદીચ્ય બ્રહ્મદાસ** ધંધુકાવાસી લિ. ગુટકા, વિજાપુર જ્ઞાન ભં. [મુપુગુહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૧૩).]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૪૦–૪૧. કૃતિના અંતભાગમાં 'પરમત' નામ કૌંસમાં મૂકયું છે તે આ પછી આવતા 'પરમત ભાવસાર' જ આ કૃતિના કર્તા હોય એવા તર્કથી મુકાયેલું જણાય છે. પણ બીજી હસ્તપ્રતવાદીઓ પણ 'પાતો' જ નામ આપે છે. એટલે 'પરમત' એ નામને માટે કોઈ આધાર નથી.]

૨૭૨. પરમત ભાવસાર

(૫૮૩) ચતુર્ગતિ ચોપાઈ ૪૦ કડી

આદિ – પહિલઉં પ્રણમઉં અંબિકિ માય, કહિસુ કવિત હૂં ત્રિભુવનરાય,
સુરનર ગણ ગંધર્વ વિખ્યાય, લુઠન કરઈ તે નવગ્રહ પાય. ૧

અંત – ઈણિ પરિ ચિત્તવિ ધર્મ જિ કરૂ, દાન શીલ તપ ભાવ જિ ધરૂ,
દઢ સમકિત નિશ્ચિઈં અણુસરૂ, ચિહું ગતિ માહિ વલી નવિ ફિરૂ. ૩૯
નાચઈં ખેલઈં ગુણ ગાઈં રાસ, તેહ તણી પ્રભુ પૂરઇ આસ,
ભાવિઈં ભગતિઈં જિણવર તણઇ, **ભાવસાર પરમત** ઇમ ભણઇ.

(૧) પ.સં. ૩–૧૧, પ્રાચીન પ્રત મો. મો. સાગર ઉ. પાટણ દા.૫ નં.૬૩. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૪૪૬).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૪૧.]

૨૭૩. વિદ્યાધર

(૫૮૪) બાર ભાવના [સઝાય]

આદિ – પહિલીય ભાવના ભાવયો એ, એહ અનંતતા સહઈ જાંણયો એ,
ગઢ મઢ મંદિર ભવન ગેહ, પહ આજ ભલા ન રહિં કાલિ તેહ. ૧
સુરનર અપછરા ઇંદ્ર જેહ, સવિ આય પહૂતઇ ન રહઇ તેહ,
નરય તર્યંચ માનવીય માહિ, ક્ષણિ ઊપજઈ નઇ વલી વલીય જાઈ

અંત – ભણઈ **વિદ્યાધર** ભાવયો, એહ ભાવના બાર
ભવીયણ ભગતિઈં સાંભલુ, તુ કરઉ સફલ સંસાર.
એહ પરિ લહિસિઇ પાપ દહઈસિ, કર વહિસિઈ પુણ્યના
મહા કરમ હણુસિ જેહ સણુસિઇ, ભાવિ ભણુસિઈ તેહના. ૧૨

(૧) ઈમ્હદાવાદ નગરે ચુહરા રંગા સુત ઉદયકિર્ણ પુન્યાર્થેન લિષાવિતં. ચોપડો, પ.સં. ૧૨૨થી ૧૨૫, વિ. ધ.ભં. (૨) પ.સં. ૬–૯, સંઘ ભં. પાટણ દા.૬૩ નં.૨૯. [મુપુગુહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા. ૧ (પૃ. ૧૪૯).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૪૧.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૭૪. લક્ષ્મીકલ્લોલ

(૫૮૫) ધન્ના સજ્ઝાય

આ અતિ પ્રસિદ્ધ છે, તેની ઢાલ ઘણાએ વાપરી છે.

આદિ – ઇમ **ધન્નો** ધણનઇ પરિયાવઇ, નરભવ અથિર દિખાવઇ રે,
તેહિ જ સાચા સયણ કહાવઈ, જે જિનધરમ સુણાવઇ રે. ૮મ૦ ૧

અંત – કલશ.

ઇમ જાણી શાણી એ જિનવાણી મન માહિ આણી સદ્દવહે એ,
તુમ્હે ભવિયણ પ્રાણી નરગ સમાણી દુરગતિ ખાણી નવિ લહો એ.
લક્ષ્મીકલ્લોલ પંડિત ઇણિ પરિ બોલઇ જે તે આયરો એ,
જિમ નરભવ પામા પરભવ પામી પરમવિ શિવરમણી વરો એ. ૨૩

(૧) પ.સં. ૧૮, છેલ્લાં બે પત્ર, હા. ભં. દા.૭૬ નં.૧૨.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૪૨.]

૨૭૫. અજ્ઞાત

(૫૮૬) ઉદયનકુમાર ચરિત્ર

આદિ – રાગ ગુડી દેશી દિ દિ દર્શન આપણું.

સિદ્ધારથ નરપતિ કુલિઇ, આષાઢી સુદિ છઠિ,
આવ્યુ સુપિન દેખાડવૂ, તવ **તિસલા** હુઇ તુડી. ૧

ત્રોટક.

ચૈત્ર સુદિ તેરસિ જાયુ, સૂરી ગાયો હરિ નમ્યો,
માગસિર સુદિ દસમી **વીરો**, જે જિનો સંયમ રમ્યો,
વૈશાખી શુદિ દસમિ કેવલજ્ઞાન ત્રિભુવન યશ ભમ્યો.
કાર્તિક વદિ અમાવશિ તસ નમો જેણિ ભવ ગમ્યો. ૨

દિન પ્રતિદિન કર ઊગઇ, લેતાં જસ અભિધાન,
જેણિ પૂજી જિન પ્રણમીઇ, તસ સો સિદ્ધ નિદાન.

ત્રોટક.

નિદાન તસ સર્વ સુખનું **વર્દ્ધમાન** જિણંદરે,
મેરૂ શિરિ જે જન્મ ઉ સવ તસ નમઇ ચઉસઠિ ઇંદ રે,
ચવણ કલ્યાણકઈ જે જિન ભવિક સુરતરૂ કંદ રે,
મૃગાવતી જવ કષ્ટ સમર્યો કર્યો તસ આનંદ રે. ૩

કુણ સા વીરે **મૃગાવતી, ચંદનબાલ**ની માસી,
સમરી જેણિ જિન તેડીઉ. જાં શીલિ ન વિરાસી. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રોટક.

વિરાસી નવિ પાય પડતી, દોષ નિજ અંગીકરી,
વંદતિ મિછામિદુક્કડં સર્વ ન્યાન સિરીવરી.
તીએ **ઉદયનકુમર** ચરિતં દયા જિણિ મનિ અણુસરી,
સુણુઉ તસ આખ્યાન અનોપમ, ભવિકમનિ ઉગ્રમ ધરી. ૫

અંત – પણિ એક દોષિઇ દૈવે દૂષ્યો, ચિત્રક રોગિં કોઢી રે,
તેણિ તું પુન પટંતર ભણુજે, ગાત્રિ પછેડી ઓઢી રે. ૨૫૬

(૧) પ.સં. ૧૫–૧૧, અપૂર્ણ, સંઘ ભં. પાટણ દા.૬૩ નં.૨૧.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૪૨–૪૩.]

૨૭૬. અજ્ઞાત

(૫૮૭) **વંકચૂલ રાસ** [અથવા **ચોપાઈ**] કડી ૯૫થી ૯૮

આદિ – **આદિ** જિનવર **આદિ** જિનવર પમુહ ચઉવીસ,
તિત્થંકર પણુમેવિ સવિ, ધરિય ચિતિ **સરસતિ** સામિણિ.
તિહુઅણ જણ મુખમંડણી, વાગવાણિ વર હંસગામિણિ,
તાસ તણઇ સુપસાઉલઇ, કરસિઉં કવિત રસાલ,
વંકચૂલરાય પાલીઆ, નીમ ચ્યારિ સુવિસાલ. ૧

અંત – વિનય કરી ગુરૂના પગ નમઇ, રાજરિધિ તે નવિ ગમઇ,
ગણસઇ જે સંસાર અસાર, તે પામેસિ ભવનો પાર. ૯૪
વંકચૂલનું એહ ચરિત્ર, એકમનાં સાંભલો પવિત્ર,
સંભલતાં હુઇ પાવ પણાસ, સયલ સંઘની પૂરઇ આસ. ૯૫

(૧) આદિ—**વી**રવિજયગણિભ્યો નમઃ, અંતે સં૦ ૧૬૮૫ શ્રા૦ શુદિ ૧૩ પં૦ **વી**રવિજયગણિશિ૦ મુનિ રત્નવિજય લ૦ પ.સં. ૭–૧૧, હા૦ ભં. દા.૮૧ નં.૫૨. (૨) ગ્રંથ ૧૩૫, પ.સં. ૩–૧૪, મો. મો. સાગર ઉ. પાટણ દા.૭ નં.૩૨. (૩) કડી ૯૮, પ.સં. ૬–૧૧, વ૦ રા૦ (૪) સં.૧૬૬૫ છનીઆરિ ગ્રામે લ. પ.સં. ૬–૧૩, સીમંધર. દા.૨૦ નં.૨૫. (૫) ગ્રંથાગ્ર ચુપઈ ૯૮ શ્લોક ૧૨૦ સં૦૧૬૬૦ ભાદ્રપદ દ્વિતીયપક્ષે દ્વિતીયાં તિથૌ દ્વિતીયવારે દ્વિતીયપ્રહરે ઉદયાવ દ્વિતીય લગ્ને. **ભ**લસારણિ ગ્રામે **આગમ**ગચ્છે ચેલા **રં**મજી લ૦ પ.સં. ૪, છેલ્લું પત્ર, અનંત ભં. નં. ૨. [આલિ. સ્ટઑઇ ભા.૨, મુપુગૂહસૂચી, હેજેજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૫૨, ૪૧૭, ૪૪૧).]
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૪૩–૪૪.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૭૭. અજ્ઞાત

(૫૮૮) પુણ્યાઢ્ય નરેશ્વર રાસ સં.૧૬મી સદીને અંતે અને સં.૧૬૨૬ પરેલાં

આદિ – વંદિય **વાસુપૂજ્ય** જિન સ્વામીય પામીય પુણ્યપ્રમાણ,
શ્રી **પુણ્યાઢ્ય** નરેસર ગાયસુ, સુણીય નિર્મલ જાણ. ૧
ભવિઅણ ભાવ ધરી અણુસરીઇ સાચુઉ પુણ્યપ્રભાવ,
જે જિનમૂરતિ જોતાં પામિઉ કેવલજ્ઞાન સુભાવ. આંચલી. ૨
મહિમંડલિ મંડણ અતિ સોહઇ, **પદ્મનગર** અભિરામ,
જિનમંદિર મંડિત અવનીતલિ, રૂઅડાં વન આરામ. ભવિ૦ ૩

અંત – તું રે શિવપુર વાસિ પહૂતા રાજન અમર કરઇ જયકાર,
શ્રી **પુણ્યાઢ્ય** નરેસર પ્રણમૂં, સિદ્ધિ-રમણિ સિણગાર,
મુગતિ પહૂતા મૂરતી પેખી, સાર કરૂ મઝ સ્વામી,
ભવિભવિ માહારિષીશ્વર વાંદૂં, જિનસાસન હું પામી. ૮

(૧) લ.સં.૧૬૨૬ **આગમીય ધર્મરત્નસૂરિભિઃ** ચોપડો પ.ક. ૧૩૬થી ૧૪૪, દે. લા. પુ. લા. નં. ૧૧૨૫. (૨) પ.સં. ૬–૧૫, પાદરા નં.૪૦. (૩) પ.સં. ૮–૧૧, ડે. ભં. દા.૭૧ નં.૨૨. (૪) પ.સં. ૬–૧૩, ડે. ભં. દા.૭૧ નં.૨૭. (૫) જૂની પ્રત, પ.ક. ૫થી ૧૦ પં.૧૧, જશ. સં. [આલિસ્ટઑઇ ભા.૨, મુપુગૂહસૂચી, હેજેજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૯૩).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૪૪–૪૫.]

૨૭૮. અજ્ઞાત

(૫૮૯) પુણ્યસાર રાસ

જૂની ભાષામાં છે.

આદિ –

વસ્તુ

સયલ જિનવર સયલ જિનવર સવ સુહકાર
સેવઇ જણ કપ્પતરૂ, સુજણલોય વિહુઅ અવિ આસઇ
ચઉવીસિ ચતુરમુહ, ધમ્મમુલ ચઉવિહ પયાસઇ
ઇહ લોકિ વંછિય કરણ, પરભવિ સગ્ગવિમાણ,
શ્રી **પુણ્યસાર**કુમાર જિમ લહ્યાં તે કરૂ વખાણ. ૧

ચોપઇ

પુણિહિ ઉતિમ કુલ નઇ જનિ, પુન્યઇહિ લહીઇ પુહવી ઇયાનિ,
પુણિહિ ધણકણ કંચણ ઘણા, પુણ્યઇહિ વયરી હુઇ આપણા. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુણિહિ વયરી પલાઇ દૂરિ, પુણિ સુખ લહઇ નર પુરિ
પુણિહિ વિસ્વાનર સીતલ થાઇ, પુણિહિ કમલાનાલ તરૂયારિ. ૩
પુણિહિ સબ્બલ સીહ સીયાલ, પુણિહિ પનગ ફુલહ માલ,
પુણિહિ વિસ હુઇ અમૃત જિસ્યાં, કરૂ પુણ્ય પરમુખ ઇસ્યાં. ૪
પુણિહિ આપિ નરપતિ માન, પુણિહિ ઘરિ નિત્ય મંગલગાન,
પુણિહિ સફલ કરઇ સંસાર, જિમ સુણીઇ **પુણ્યસારકુમાર**. ૫

(૧) પ.સં. ૯–૧૩, ૨૧૧ કડી સુધી પછી અપૂર્ણ, રૉ. એ. સો. બી. ડી. ૧૬૦ નં. ૧૯૩૫. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૪૩).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૪૫.]

૨૭૯. અજ્ઞાત

(૫૯૦) પરદેશી રાજાનો રાસ

જૂનો રાસ છે. કડી ૨૮ વસ્તુ, ૨૯–૩૦ દૂહા, ૩૧ વીર જિણેસર ચરણકમલ ઢાલ, ૪૪ વસ્તુ, ૪૫ જિમ સહિકારઇ કોઇલિ ટહુકઇ, ૬૩ વસ્તુ, ૬૫ દૂહા, ૭૩ ચુપઇ, ૯૦ ઢાલ ઊગલાની, ૧૦૬ સીખિન સીખિન ચેલણા એ ઢાલ, ૧૨૪ ચુપઇ, ૧૨૮ દૂહુ.

વસ્તુ

વીર જિણવર **વીર** જિણવર પાય પણમેવિ,
રાય **પ્રદેશી** તેહનુ ભણિસ્યુ રાસ ઉલ્હાસ આણીય.
કરઇ કુકર્મહ કોડિ પરિ પછઇ લોક પરલોક જાણીય,
અવટ અન્યાઇ જૂવટી મેહલું નરગિ પ્રિયાણુ;
શ્વેતવતી નગરી તિહાં, વરઇ પાપ વિનાણુ. ૨૮

(૧) પ.ક. ૨થી ૫ પં. ૧૫, અપૂર્ણ, જશ. સં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૪૬.]

૨૮૦. પુણ્યલબ્ધિ (પં. રાજહેમગણિશિ૦)

(૫૯૧) અનાથી ચોપાઈ ૬૧ ટૂંકની લ. સં. લગભગ ૧૬૦૦

આદિ – પૂજ્ય પં. રાજહેમગણિ ગુરૂભ્યો નમઃ

સિદ્ધ સવેનઈ કરૂં પ્રણામ, જે પુણ પામિઉં ઉત્તમ ઠામ,
સાધુ સવે નમું કર જોડિ, ભવ ભમિવા જિણ ભાગી ખોડિ. ૧
અલીય વયણ બોલાઇ જેહ, મિચ્છાદુક્કડ હોજ્યો તેઅ,
અર્થ ધર્મગત તત્ત્વ વિશાલ, ભણતાં સુણતાં અતિહિં રસાલ. ૨

અંત – ઉત્તમ ગુણે કરી સંજ્જુત્ત, ગુપ્તે ગુપ્તઉ દંડ વિરત્ત,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પક્ષીની પરિ હલૂઉ સાહસી, મુગતિ માહિ તે વિચરઈ હસી. ૬૧

(૧) ઇતિશ્રી અનાથી ચઉપઈ સમાપ્ત. પૂજ્યારાધે ધ્યેયમાન પરમગુરૂ પં. રાજહેમગણિ તચ્છિષ્ય મુનિપુંગવેન લિખિતં. પ્ર૦ પુણ્યલબ્ધિ ગણિની કૃતિ. પ.સં. ૪–૧૨, દે. લા. પુ. લા. નં. ૨૭/૩૯૦.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૪૬.]

૨૮૧. જિનમાણિક્ય

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૭૦, ભા.૩ પૃ.૬૨૯. આ કવિને નામે પહેલાં 'કુર્માપુત્ર રાસ' મૂકેલો તે પછી પ્રાકૃત 'કુર્માપુત્ર ચરિત્ર' ગણી ગુજરાતી કૃતિ તરીકે ૨૬ કરેલ છે અને કર્તાને પહેલાં ખરતરગચ્છના ૬૦મા પટ્ટધર ગણેલા તે પછીથી તપગચ્છના હેમવિમલશિષ્ય ગણ્યા છે.]

૨૮૨. કનક કવિ (ખ. જિનમાણિક્યશિ૦)

જિનમાણિક્યસૂરિ—ખરતર ૬૦મા પટ્ટધર. જન્મ સં.૧૫૪૯ દીક્ષા ૧૫૬૦, પદસ્થાપના ૧૫૮૨, મરણ ૧૬૧૨. આથી ૧૫૮૨ ને ૧૬૧૨ની વચમાં.

(૫૮૨) મેઘકુમાર રાસ [અથવા **ચોઢાળિયું**] ગા. ૫૦ સં.૧૫૮૨ ને ૧૬૧૨ની મધ્યે

તસુ સિંહાસણુ વર રિકુ મુદ્ધ ઉલ્હાસણુ ચંદો,
પણુ થણુ ભવિયણુ વિહિય, નયણુ ઉલ્લાસણુ ચંદો,
અમિય વાણિ ધારા પવાહિ, સિંચિય સુહકંદો,
પુન્નચન્દ્રસૂરિ સંતુ, **હિમચંદ** સૂરિન્દો. ૪
પુરિ પટ્ટણિ ગામાગરિહિં, **પુંનચન્દ્રસૂરિ** વિહરંતા,
ઘણુ રૂણિ જણુ ગણિ સંભરિય, **સંભરિ** નયરિ પહુંતા. ૫

અંત – **હેમહંસસૂરિ** હોઉ તામ, ભવિયણુ બોહંતઉ,
રયણસાગર સૂરીસ જુતુ, મહિયલિ જયવંતઉ. ૨૦
—ઇતિ શ્રી સુગુર ફાગ.

(૧) અભય જૈન ગ્રંથાલય.

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૭૭.]

૩૫૮. અજ્ઞાત

(૭૪૯) તપગચ્છ ગુરુ નામાવલિ ગા. ૧૧

આદિ – **વીર** જિણેસર પયકમલ, પ્રણમીય બહુ વિહ ભત્તિ,
તવગચ્છ ગણહર ગુણુ ગહણુ, નિસુણઉ એકચિત્તિ,
ધરણીયલિ ધીરમ નિલઉ, સિરિ **ધનેસર**સૂરિ,
ચરમ જિણેસર ચિત્તપુરે, ઠાવિ સાહસ ધીરિ. ૧

અંત – ઇણુ અનુક્રમિ **મુનિરતન**ગણિ ઉવજઝરાય પણમેસુ,
યર રયણાધિક પવન્નિ કર, મહુત્તર પમુહ અસેસ.
મણુ તણુ વયણુ એકંતિ કરી, જ બંદઇ નરનારિ
રિદ્ધિ વૃદ્ધિ મંગલિ વિઉલ, સુહ પામઇ તે સુવિચાર. ૧૧

(૧) અભય જૈન ગ્રંથાલય.

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૭૮. ત્યાં ઉ. મુનિરત્નશિષ્યને નામે મુકાયેલી, પરંતુ ગુરુપરંપરાવિષયક કૃતિ હોઈ અજ્ઞાતકર્તૃક ગણી છે.]

૩૫૯. રત્નસાગરસૂરિ શિષ્ય(ત.)

(૭૫૦) રત્નસાગરસૂરિ ભાસ ગા. ૮

આદિ – **તપગચ્છ** સિરિ સિણગાર, જિનશાસન આધાર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગરુઉ ગણુધરૂ એ, જ'ગમ સુરતરુ એ. ૧
આગમ શાસ્ત્ર અપાર, જણુઈં તત્ત્વવિચાર,
સુહગુરૂ નિરમલૂ એ. ૨

અ'ત – સંજમસિરિવર નારિય બોલઇ, તોલઇ કોઇ ન દીસઇ
ઇસું વિમાસી એ વર વિરીઉ, ભરીઉ જ્ઞાન વરીસઇ. ૭
સકલ લોક મનિ આણુંદણુ, પૂરઉ સૂરઉ વર તપતેજ,
ભવીયણુ જણુ જિમ તમ્હિ ચિર નંદઉ, વંદઉ મનનઇ હેજ. ૮

(૧) અભય જૈન ગ્રંથાલય.

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ. ૭૮-૭૯. કૃતિ અજ્ઞાતને નામે મુકાયેલી.]

૩૬૦. અજ્ઞાત

(૭૫૧) સુહગુરુ ચોપાઈ ગા. ૧૬

આદિ – **ગોયમ** ગુરુ પયકમલ **નમે**વિ, સમરીય સામિણિ **સરસતિ** દેવિ,
હિયઇ ધરોવણુ નિરુમલ ભાવ, ગાસિઉં ગુરુ ગરુયા ગચ્છરાય. ૧
ચન્દ્રગચ્છિ ભવણેન્દ્રહસૂરિ, નામિ પાપિ પણાસઇ દૂરિ,
અસયત ક્રમિ સમરૂ નિસદીસ, પહિલા સિરિ **દેવભદ્ર** ગણીસ. ૨

અ'ત – લહૂયા લગય જિણિ લીધી દીખ, મોહરાય રહિં દીધી સીખ,
જસ ગુણ સંખ ન લાભઈં પારૂ શ્રી **રત્નસાગરસૂરિ** વખાણિ. ૧૫
રતનસંધસૂરિ નત જે નમઈં, માહામંત્ર વયણ ઊચરઈં,
ગરૂયાં સતીરથ સવિ મનિ ધરૂ, ભવસમુદ્ર સો લીલાં તરઈં. ૧૬

(૧) અભય જૈન ગ્રંથાલય.

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૭૯.]

૩૬૧. અજ્ઞાત

(૭૫૨) ગુરુગીત ગા. ૧૧

[અભયસિંહસૂરિની પાટે આવેલા જયતિલકસૂરિ વિશે? જુઓ આ પૂર્વે કૃતિક્રમાંક ૭૩૭થી ૭૪૪.]

આદિ – સમરિ સુર ભાવિ **સરસતિ** એ, **સરસતિ** અમીરસ વરસતી એ,
ગચ્છ **રયણાયર** રાઉ એ ગાઇસુ એ, ગાઇસુ સહગુરુ બહુ
ભત્તિઇં એ. ૧
ધારાનંદન ધીર એ **વીર** જિણુ, જિણુસાસણિ અહિલસઇ એ,
કામલ ઉયરિઇં હંસએ, હંસ જિમ જિમ જણુમણુ અવલસઇ એ. ૨

અ'ત – શ્રી **અભયસિંહસૂરિ** પાટિ એ પુવ્વ દિશ, પુવ્વ દિસિ દિનકર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઝલાહલ એ,
મણ તણુ વયણુ એકાંતિ એ ધ્યાનિહિં, ધ્યાનિહિં કલિમલ કલિ
ટલઇ એ. ૧૦
સહીય સુલાહિસ દીહ એ જહીયહ, દીયહ નિજગુરૂ વાંદીય એ
રિદ્ધિ વૃદ્ધિ સૂં પરિવારિ એ નામિહિં, નમિહિં ચિર થિરિ
નાંદીય એ. ૧૧

(૧) અભય જૈન ગ્રંથાલય.

(૭૫૩) તપા ગુરાવલી ગા. ૩૪

આદિ – પણમઉ ચઉવીસવિ ચલણુ, રિદ્ધિ વૃદ્ધિ સવિ મંગલકરણુ,
તપાગચ્છિ તિહુયણ જયવંત ગાયસુ ગુરુ ગરૂયા ગુણવંત. ૧
ચઉવીસમુ જિણેસરૂ વીરૂ, પાપ તાપ દવાનલ નીરૂ,
જિણસાસણુ કેરઉ સિણગારૂ, પઢમ સીસુ **ગોયમ** ગણધારૂ. ૨

અંત – શ્રી **રત્નાગર**ગચ્છિ વિદ્વાંસ, જે જે રત્નાધિક પડયા હંસ,
મહાસત મહાસતી સવિહુ નામ, કર જોડીનઇ કરઉ પ્રણામુ. ૩૩
ઇણિ પરિ સુહગુરુ કેરાં નામ, લેઇનઇ જે કરઈં પ્રણામુ,
મનસા વાચા કાય વિશુદ્ધિ, તીહં તણુઇ ઘરિ અવિચલ સિદ્ધિ.

(૧) અભય જૈન ગ્રંથાલય.

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ. ૭૯–૮૦.)

૬૦. સોમસુન્દરસૂરિશિષ્ય

સોમસુંદરસૂરિ સં.૧૪૩૦–સં.૧૪૯૯. [જુઓ આ પૂર્વે પૃ.૫૦.]

(૭૫૪) + દ્રવદ્રવ્ય પરિહાર ચોપાઈ ગા. ૪૫

આદિ – નિસુણઉ શ્રાવક જિણુવર ભગતિ, તિમ કરિવી જિમ આતમ સકતિ
તિમ કરિવઉં જિમ નવિ છીપીઇ, ચિરકાલિઈ નિરમલ દીપીઇ. ૧
જિણદ્રવિ વાધઇ બહુ સંસાર, ઓછઇ કુલિ લાભઇ અવતાર,
નરય તણી ગતિ છેઅણુ બહુ તઉ ટાલેજ્યો જિણદ્રવિ સહૂ. ૨

અંત – **સોમસુંદર**સૂરિ તણુઇ પસાઇ, અલિઅ વિઘન સવિ દૂરિ જાઇ,
કીધી ચઉપઈ પણુયાલીસ, જિણુ ચઉવીસઉ નામઉં સીસ.
—ઇતિ દ્રવદ્રવ્ય પરિહાર ચઉપઇ સમાપ્ત.

(૧) સંવત્ ૧૫૪૨ વર્ષે કા. વ. ૧૨ દિને શ્રીમતિ **ક**ર્કરીનગરે પૂજ્ય પં. **શુ**ભવીરગણિપાદશિષ્ય પં. **અભય**કલ્યાણુગણિ **તિલક**વલ્લભગણિભિર્લેખિ શ્રીરસ્તુ. [મુપુગૂહસૂચી.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશિત: ૧. જૈન સત્યપ્રકાશ અં. ૧૧૯. [પુ. ૧૦ અં. ૧૧ પૃ. ૨૫૫-૫૮.]

(૭૫૫) સોમસુંદરસૂરિ સ્વાધ્યાય

આદિ – જંગમ તીરથ સૂરિરાજ શ્રી **દેવસુંદરસૂરિ**
તવગચ્છનાયક તણુઇ પાટિ સિરિ **સોમસુંદરસૂરિ**
સાહિજિ સલૂણુઇ અંગિ જસુ નિરમલ ગુણ દીસઇ
નિયમ તિ માંનિઈ એકલઉ મઈ કિંપિ ભણીસઇ. ૧

અંત – જં લગઇ દિણયર તપઈય તેજ મંદિર રયણાયર
શ્રી **સોમસુંદરસૂરિ** તામ નંદઉ સંઘ જયકર
પાય લાગી પ્રભત્રીયઇ સુયસા સામી
શિવપુરિ પહુ મહ દાખિયઉ એ સાસય-સુહ-કામી. ૧૦
—શ્રી સોમસુંદર સ્વાધ્યાય.:

(૧) પ.સં. ૧-૧૭, પ્રુ. સ્ટે. લા. નં. ૧૮૯૨.૩૪૩/૧૮૫૮.

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ. ૮૮-૮૯ તથા જૈહાપ્રોસ્ટા પૃ.૩૨૨.]

૩૬૨. જયાનંદસૂરિ

(૭૫૬) વિજ્ઞપ્તિકા

સોમસુંદરસૂરિ (સં.૧૪૩૦-૧૪૯૯)ની પ્રશસ્તિ.

આદિ – **સરસંતિ** સામિણિ કરુ પસાય વિનવં વહુરાસા જણુ જાઉ
માતા **માલ્હણુદે**વી મલ્હાર કૂખઈ રાયહંસ અવતાર. ૧
ઉત્તમ ગરભવાસી જેતલા નવ માસ દિવસ તેતલા
સોમકુમાર જાયુ જિણ કાલિ ધન્દ મહોત્સવ કરઈ તિણિ વારિ. ૨

અંત – શિવ હૂં બુદ્ધિ વિમાસિ કરી સૂરિમંત્ર તમ્હિ આપઉ સહી
ગુરુહ ભગતિ મૂં અતિહિં સુહાઇ સંઘ વીસાંડઉ પ્રાણુમય પાય. ૧૪
ગુરુ વંદુ **દેવસુંદ**રસૂરિ નામિ પાપ પણાસઇ દૂરિ
તપાંગચ્છે ઉદયવંતઉ હોઇ તસ સમરતાં વિઘન ન હોઇ. ૧૫
પુણ્ય પાપ બેઉ લીધઇ દૂરિ સમરતાં જય **જયાનંદ**સૂરિ
વલી અંતરાઈ ગ્યાં સવિ દૂરિ ગચ્છનાયક સોમસુંદરસૂરિ. ૧૫
—ઇતિ ગચ્છાધિરાજ ભટ્ટારક શ્રી **સોમસુંદર**સૂરિપાદાનાં વિજ્ઞપ્તિકા સમાપ્તા.

(૧) લિખિતઃ ગચ્છાધિરાજ ભટ્ટારકપ્રભુ શ્રી **સોમસુંદર**સૂરિશિષ્યેણ **સિદ્ધાંત**હર્ષગણિના વ૦ **ખીમસી**સુત વ૦ **નો**તા પઠનાર્થં ઈસરા વ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પઠનાર્થં પ્રતિ. પ.સં. ૧૮-૧૨ (૧૩), પ.ક. ૪થી ૫, પ્રા. સ્ટે. લા. નં. ૧૮૯૨.૧૫૦/૮° ૧૫૦.

[જૈહાપ્રોસ્ટા પૃ.૩૨૩.]

૧૩૨. વચ્છ ભંડારી

[જુઓ આ પૂર્વે પૃ.૧૪૭. ત્યાં કર્તાને ૧૬મી સદીમાં મૂકેલ છે, પરંતુ હવે સ્પષ્ટ રચનાસંવતવાળી કૃતિ મળવાથી કવિને અહીં ૧૫મી સદીમાં ફેરવ્યા છે.]

(૭૫૭) આદિનાથ ધવલ ૨. સં. ૧૪૭૧ કારતક

આદિ – રાગ સામવેદી

જિણુ ચઉવીસ આરાહિસઉ એ, અમ્હિ **આદિ** જિણેસર ગાઇસિઉ એ, કવિજણણી અમ્હ મુખિ વસઇ એ, તું બુદ્ધિ પ્રકાશ મનિ ઉલ્હસઇ એ.

અંત – **વચ્છ ભંડારી** ઈમ ભણઇ, **આદિસર** અવધારિ,
અંતકાલિ આડઉ થઈ, અમ્હ નિરયા ગઇ નિવારિ,
વિદ્યા સંક્ષિ એકહુત્તરઇ, ધુરિ કહઉ કાતિ માસ,
એહ ધઉલ તિહાં ભણુઉ, કહિતાં પુણ્યપ્રકાસ,
—ઇતિ શ્રી આદિનાથ ધવલ સંપૂર્ણ.

(૧) સં. ૧૫૪૫ વર્ષે ફા. વદિ લિખિતઃ શ્રી **સી**રોહી નગરે. પ.સં. ૩–૧૪, અભય.

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૮૧.]

૩૬૩. જિનવર્ધનસૂરિ (ખ૦)

જિનવર્ધનસૂરિને આચાર્યપદ સં.૧૪૬૧માં મળ્યું હતું.

(૭૫૮) પૂર્વદેશ તીર્થમાલા ગા. ૩૨

આદિ – હિયય સરોવરે ધરિય ગુરુરાય, સૂરિ **જિણરાય** પાયારવિંદ,
વિણય બહુમાણહિ પુવ્વ વર દેસિ, થુણઉ તિત્થાણુ વંદ. ૧
પહિલઉં, **સચ્ચઉર** નયરિ પણમેવિ, **વીર** જિણેસર કપ્પરુક્ખં,
તયણુ સિરિ **રયણપુરી સંતિ** તિત્થકરં, વંદઉ નાસિયા સયલ દુખ. ૨

અંત – ઇમ્મ જમ્મડાણુઇ સિરિ નિડાણુઇ, ગામ નયરહિ સંસિયા,
સિરિ સકલ જિણુવર, ધણુ ગુણાલય, **લક્ખરાય** નમંસિયા,
જિણુ મિંઢ સગિગ પયાલિ મહીયલિ, જે અસાસય સાસયા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે નમઉં પૂયઉ થુણુઉ મત્તિહિ, સિદ્ધિ મગ્ગ પભાસયા. ૩૨
—ઇતિ પૂર્વદેશ ચૈત્ય પરિપાટી સમાપ્તા, શ્રી જિનવર્દ્ધનસૂરિભિઃ

(૧) સં.૧૪૯૩ લિ. અભય જૈન ગ્રંથાલય.

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૮૧–૮૨. કૃતિની ભાષા અપભ્રંશ જણાય છે.]

૩૬૪. અજ્ઞાત

(૭૫૬) ખરતર ગુર્વાવલિ અથવા **ગુરુષટ્પદી** પદ્ય ૧૪

એમાં જિનવર્ધનસૂરિ સુધીનાં નામો પછી જિનકુશલસૂરિ વિશે એક છપ્પો – '**કુશલ** ખડો સંસારિ', તે પછી 'દસસય ચૌખીસેહિં મ', '**જિણદત્ત**સૂરિ નદૌ', 'નાગદેવ વર સાવયણ' વગેરે પદ્ય છે. અહીં થોડાંક પદ્યો ઉતાર્યાં છે.

જિણુસાસણિ સિંગાર મંત્રી **અર્જુન** કુલમંડણ,
લખમણિ દેવી કુખી રાજહંસ દુહદુરિહવિહંડણ.
મયગલ જિણુ મા સોહેઇ જોવિ મુનિવર પરિવરિઉ,
લક્ષણતર્કવિચાર જાંણુ સંયમસિરિ વરિયઉ.
જિણરાજસૂરિ પટ્ટહિ જયો, **જિનવર્ધન**સૂરિ અનસરો,
ચિરુણંદ સમુદાય સમ ખેમવંત કલિરવ કરો. ૧૦
અર્જુન મંત્રિ મલ્હારુ માય **લખમણિ** ઉરિ ધરિયઉ,
તપિ સંયમિ સયણ લકખણ પરિહન્નરિયઉ.
આગમ ગ્રન્થ પ્રમાણ પમુહ વિદ્યા વકખાણ એતહિ,
સારાસાર વિચાર સહલ તે પટ્ટંતરિ આણુહિ.
જિણરાજસૂરિ પટ્ટધ્યરણ શ્રી **જિણવર્ધન**સૂરિ ગુરુ.
સમુદાય સહિત મંગલકરણ, ભૂય ખેમ જયવંત ચિરુ.

(૧) મહો. વિનયસાગરજી ગુટકા નં.૩૩. (ગૌતમસ્વામી, કાલિકસૂરિ વિશેનાં ૪ પદ્યો પછી ખરતર ગુર્વાવલી શરૂ થાય છે.)

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૮૨–૮૩.]

૩૬૫. સિદ્ધસૂરિ

(૭૫૭) પાટણ ચૈત્ય પરિપાટી ગા૦ ૬૪ ૨.સં.૧૪૭૬

આદિ – નિય ગુરુ પાય પણમેવિ, **સરસતિ** સામિણી મન ધરિય,
ઉિયડઇ હરસ ધરેવિ, **ગોયમ** ગણુહર અણુસરિય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પમણિસુ ચેત પ્રવાડિ **અણહિલપુર** પટ્ટણ તણિય,
મુઝ મન ખરીય રહાંડિ, ઉ મતિ નિરમલ અતિ ઘણીય. ૧

અંત – પટ્ટણ પ્રસિદ્ધ હરખિ કિદ્ધા ચૈત પ્રવાડિ સુડામણિ,
ભણુતાં ગુણતાં શ્રવણિ સુણતાં, અતિહ છઇ રલિયામણી,
પભણ્યા જિ કેઇ નામ તેઇ, અક્ષર જે છઇ તે સહી,
છિહુત્તર વરસઇ, મન હરિસઇ, **સિદ્ધ** સૂરિંદઇ કહી. ૬૪

(૧) જેસ.ભં. (૨) અભય જૈન ગ્રંથાલય.

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૮૩. ડૉ. ભોગીલાલ સાંડેસરા (સંબોધિ, ૧૬૭૫–૭૬) કૃતિની રચનાસંવત ૧૫૭૬ માને છે.]

૩૬૬. દેવદત્ત (ખ૦ વોરા ઉદાસુત, છાડડગોત્ર)

(૭૬૧) જિનભદ્રસૂરિ ધૂવઉ ગા. ૨

સિસિગચ્છમંડણુ મયણ રિણ, ખંડણ **ધીણુગ** નંદણ એ,
મિલિ સુદરસણ અમૃત વરિસણુ, વાણી સુલલિતુ એ.
ક્રોધ માન માયા લોભ નિવારણુ, ધારણુ સંજમુ નિર્મલુઆ,
સયલ શાસ્ત્ર વ્યાકરણ વખાણુણ, સંઘ સભાપતિ ઉધરણાઉ. ૧
અસરણ સરણ સૂરિ મંત સમરણ, કરણ કવિત મતી એ,
વાદિય પંચાયણ વિદુર વિચક્ષણ, છત્તીસ ગુણાલંકલુ એ.
જિનરાજસૂરિ પાટ ચિંતામણ, **ભદ્ર**સૂરિ ગુરુ સુહકરુ એ
ભણે **દેવદત્ત વહરા ઊદા** સુત, સહિ **છાહડ** સુહકરણા હો. ૨

(૧) અભય જૈન ગ્રંથાલય.

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૮૫.]

૩૬૭. ભૈરઇદાસ

(૭૬૨) જિનભદ્રસૂરિ ગીત ગા. ૨

મનમથ દલન મલિનિ મન વર્જિત, તપ તેજ દિનુકરૂ એ,
મહિમ ઉદધિ ગુરુયા ગચ્છ ગણધર, સકલ કલાનિધિ એ,
વાદિ તરકિ વિદ્યા ગજ કેસરિ, જોગ જુગતિ યતિ સંપુન્નુ,
આપં વસિકરણ સુખનિધિ, સંઘ સભાપતિ મંડણુ. ૧
ચતુર્દિશ પ્રગટ અમૃત રસ પૂરિત, જ્ઞાનિ ગે રેખગ...,
પંચ મહાવૃત મેરૂ ધુરંધર, સંજમ સુગૃહિતુ એ,
જિનરાજસૂરિ પાટ સસિ સોભિત, ભણુતિ **ભૈરઇદાસુ** મણહરુઆ,
જિણભદ્રસૂરિ સુગુરૂ ગુણ વંદઉ, મનવંછિત ફલ પામઉ એ. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) અભય૦

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૮૫-૮૬.]

૩૬૮. જિનભદ્રસૂરિશિષ્ય [?] (ખ૦)

[જિનરાજસૂરિપટ્ટે જિનભદ્રસૂરિ આચાર્યકા૧ સં.૧૪૬૧-૧૫૧૪.]

(૭૬૩) + **ખરતર ગુરુ ગુણ છપ્પય** પદ્ય ૩૨ + ૧૬ = ૪૮ સં.૧૪૭૫ લગભગ

આ છપ્પા સમયે-સમયે છૂટક રૂપમાં રચાતા જતા હશે. એની હસ્તપ્રતો અમારા સંગ્રહમાં છે જેમાં એકમાં ૩૨ પદ્ય છે, બીજીમાં ૧૬ પદ્ય વધારે છે.

આદિ – સો ગુરુ સુગુરુ છવિહ જીવ, અપ્પણુ સમ જાણઇ,
સો ગુરુ સુગુરુ જુ સચ્ચ ફવ, સિદ્ધંત વખાણઇ,
સો ગુરુ સુગુરુ જુ સીલધમ્મ નિમ્મત પરિપાલઇ,
સો ગુરુ સુગુરુ જુ દવ્વસંગ, વિસમ સમ ભણિ ટાલઇ,
સો વેત્ર સુગુરુ જો મૂલ ગુણુ, ઉત્તર ગુણુ જઇણા કરઇ,
ગુણવંત સુગુરુ ભો ભવિયણુહ, પર તારઇ અપ્પણુ તરઇ. ૧

અંત – દુર્ઘટ ઘટના ઘટિત કુટિલ, કપટાગમ સૂત્રકટ,
વાવાટોત્કટ કરટિ કરટ, પાટન સિંહોદ્ભટ,
નટ વિટ લંપટ મૃક્ત નિકટ, વિન તારિ ભટસ્ફટ,
હાટક સુથટ કિરીટ કોટિ, ધૃષ્ટ ક્રમ નખ તર જટ,
વિસ્ટપ વાંછિત કામત્રટ, વિઘડિત દુષ્ટ ઘટ પ્રકટ,
જિનભદ્રસૂરિ ગુરૂવર ફિકટ, સિતપટ શિરો મુકુટ. ૩૭

(૧) અભય જૈન ગ્રંથાલય.

પ્રકાશિત : ૧. ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહ પૃ. ૨૪થી ૩૬.

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૮૪. કૃતિની ભાષા અપભ્રંશ જણાય છે તેમજ ગુર્વાવલીમાં જિનભદ્રસૂરિનું નામ આવેલું છે તેથી કર્તા એમના શિષ્ય જ હશે એમ કહેવું મુસ્કેલ છે.]

૩૬૯. જિનભદ્રસૂરિશિષ્ય

(૭૬૪) **જિનભદ્રસૂરિ ગીત** ગા. ૫

આદિ – માઇ એ દીઠઉ માણિકુ મેલ્હિ સૂણીય એ ગચ્છપતિ આવતઉ એ,
કવણિહિ અમ્હ ગુરુ આવતઉ દીઠઉ, કવણિહિ લઇય વદ્ધાવણી એ. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંત – સરસવિ ઠવિઉ સોવન પાટુ, સાસણિદેવતિ સેસ વધારિય એ,
ગચ્છપતિ બઇઠઉ **જિણભદ્રસૂરિ**, સંઘમંડણુ ગચ્છઉદ્ધરણ. ૫
(૧) અભય.

(૭૬૫) જિનભદ્રસૂરિ અષ્ટક ગા. ૯

આદિ – ભવિયણુ ભાં ભડ સુણુહ બલુ દલુ, સજ્જિવિરિ ચડહ,
જિણભદ્દસૂરિ મુણિરાય સું સમર, મહાંગણિ જિમ લડહું. ૩
અંત – **રિષભ અજિત સંભવ** જિણિંદુ **અભિનંદણ** સામિઉં
સુમતિ પદ્મ,
મયણરાઉ જિણુ જિત્તુ કોહ, ઝાણાનલિ જલિઉ,
મોહમલ્લુ જેણિ નથિ, માયા પિણુ ટાલિઉ,
કુમત પ્રમુખ નટ વિકટ સુભટ, જિણુ હેલહિ જિત્ત.
પંચ વિસય પરિહરવિ જેણુ, જયલચ્છિ ધત્તા,
ભવ ભવણિ રમણિ મિલ્હેવિ કર, નાણુ સુદંસણ મનિ ધરિઉ,
જિનભદ્રસૂરિ ગુરુ જાણિ કરિ, ચરણ રમણિ લીલા વરિઉ. ૯
(૧) અભય૦

(૭૬૬) જિનભદ્રસૂરિ ગીત ગા. ૯

આદિ – પહિલઉં પણમીય દેવ, દેવ તણો જુ દેવ,
ગાઇસુ ગણુહરુ એ, **જિનભદ્રસૂરિ** ગુરુ એ. ૧
ધણિય સાહ મલ્હાર, **એતૂ** કુખિ અવતાર,
ગુણવઇ સહગરૂ એ મહિમાસાગરૂ એ. ૨
અંત – શ્રી **જિનભદ્રસૂરિ** રાઇ, દીઠઉ પાતક જાઇ,
સુમતિ સુજાણુ ગુરુ એ, નંદઉ તાં ચિરૂ એ.
(૧) અભય.
[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ. ૮૬-૮૭.]

૩૭૦. ધનરાજ

(૭૬૭) મંગલકલશ વિવાહલુ પદ્ય ૧૭૦ ૨.સં. ૧૪૮૦

આદિ – પરમગુરુ **આદિ**જિણુ નમવિ પભણેસુ, મંગલકલશ વીવાહલઉ એ,
પુહવિ મનોહરો **માલવ** દેશ નામિ, પરિણામિ રલિયામણુઉ એ,
ઉજ્જેણી વરનયર સુવિસાલ, પૂરિય ધણ કણ રયણ ખાણિ,
સિંધુ અરિગંજણી દિલ્ય ! તણુ, ભૂપાલ **વયરસિંધ** વર નરિંદો. ૧
અંત – ઇસા કરમનઉ સુણુઉ વિચાર, **મંગલકલશ** વિરતઉ સંસારિ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવલોક પંચમઇ જિ જાઇ, ભવિ ત્રીજઇ વલિ સિદ્ધિ લહેઇ,
સંવિત્સરિ વિક્રમનઇ કહી, **ચઉદઇ સઇ અસીયઇ** એ સહી,
મંગલકલસ ચરિતુ સુવિસાલ, **ધન્નરાજિ** ઇમ કહિય વિસાલ,
પઢઇ ગુણઇ એકમના સહી, તિહિ ઘરિ આવઇ નવનિધિ સહી,
—ઇતિ શ્રી મંગલકલશ ચઉપઇ સમાપ્ત.

(૧) સં.૧૭મી સદીની પ્રત, પ.સં. ૬–૧૬, અભય.

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૮૭-૮૮.]

૩૭૧. અજ્ઞાત (જયસાગરોપાધ્યાય)

(૭૬૮) નગરકોટ ચૈત્ય પરિપાટી ગા૦ ૧૫ ૨.સં.૧૪૯૭

આદિ – દેસ **જલંધર** મતિ ભરે, વંદિસુ જિણવર ચંદ,
ઠામિઠામિ કઉતિક કલિય, વિહસિય તરુ બહુ કંદ. ૧

અંત – સંવત **ચઉદ સત્તાણવઇ (૧૪૯૭)** એ, જે વંદિય જિણરાય
ચેઈહર પ્રતિમા થુણિય, ભગતિહિ પણમિય પાય. ૧૪
ઇય સાસય જે દેવકુલ **નંદીસર** પાયાલ
અમર વિમાણે બિંબ જિણ તે વંદઉ સવિકાલ. ૧૫

(૧) અભય.

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૮૮. 'જયસાગરોપાધ્યાય' એ કર્તાનામનો તર્ક થયો છે, તે રચનાસંવતને કારણે જણાય છે. જુઓ આ પૂર્વે પૃ.૫૯.]

૬૮. દયાસિંહગણિ (ત૦ રત્નસિંહસૂરશિ.)

[જુઓ આ પૂર્વે પૃ.૬૨.]

(૧૦૪) સંગ્રહણી બાલા૦ ૨.સં.૧૪૯૩ દ્વિ.શ્રા. શુ. ૧૪ શુક્ર

આદિ – ત્રિવ ભુવનપતિ-પતિનઇ જઘન્ય આઊખું કહીઇ છઇં. દશ૦ ભુવનપતિનઇ જઘન્ય ઇતુ ન ટોલ છોડુ ઇતુ દશ સહસ્સ વરસ આઊખું હુઇ (૨) ત્રિવં ભુવનપતિનઇં ઉત્કૃષ્ટઉં આઊખું કહીઇ છઇ...

અંત – ગતિ ૮ આગતિ ૯ એતલે પ્રકારે અનાકાર ઉપયોગ જાણિવઉ (×) (૭૬)... સંવત **ચઉદસ તાણૂઇ** દ્વિતીઇ શ્રાવણ સુદિ ૧૪ શુક્રવારિ **તપા**પક્ષિ ભટ્ટારક શ્રી**રત્નસિંહ**સૂરિનઇં શિષ્યઇ પંડિત **દયાસિંહ**ગણીઇં એ બાલાવબોધ રચિઉ...

—ઇતિ શ્રી સંગ્રહણીનુ અર્થ બાલાવબોધ **સંપૂર્ણ** હુઉ.

(૧) શ્રી સં.૧૫૦૧૧ [૧૫૦૧ ? ૧૫૧૧ ?] જયેષ્ટ વદિ ૭ દિને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વીરચામ મહાનગરે લિખિતમ્. ગ્રંથાગ્ર ૧૭૫૭, પ.સં ૪૦-૧૪, પ્રુ. સ્ટે. લા નં.૧૮૯૨.૪૩૨/૧૯૮૧.

[જૈહાપ્રોસ્ટા પૃ.૩૭૭.]

૩૭૨. અજ્ઞાત

(૭૬૯) મૃગાપુત્ર કુલક ગા. ૪૦

રચનાની ભાષા તથા શૈલીને કારણે એ ૧૪-૧૫મી સદીની લાગે છે.

આદિ – નમવિ સિરિ **વીર**જિણુ, જણિય જણ સિવ સુહો,
કમ્મવણ ગહણુ, નિદ્દડણ જો હુઅ વહો,
ભાષિસુ ભાવેણ ભવભયહભંજણ પરે,
મિઆપુત્તસ્સ મુણિનાહ ચરિઅં વરં. ૧

અંત – તિજગ સમચિત્ત સિરિ વરહ સુપવિત્તયં,
મિઆપુત્તસ્સ જે ભણુઇ સુચરિત્તયં,
વિવુહ વિમાણ વિલસેઇ વિવહપરે,
લહઇ સુહ સત્ત રજ્જાણ તે ઉપરે. ૪૦
—ઇતિ મૃગાપુત્ર કુલકં સમાપ્તમિતિ.

(૧) સં.૧૭મી સદીની પ્રત, પં. દયાકમલમુનિ લિખિત શ્રાવિકા **સુજા** પઠનાર્થ. પ.સં. ૨-૧૩. [ભં. ?]

[જૈમગૂકરચનાએ ભા.૧ પૃ. ૮૯-૯૦. કૃતિની ભાષા પ્રધાનપણે અપભ્રંશ જણાય છે.]

૩૭૩. જયશેખરસૂરિશિષ્ય

(૭૭૦) ઉપધાન સંધિ ગા. ૨૫

આદિ – **ફલવદ્ધિયમંડણુ દુહસયખંડણુ. પાસ** જિણિ(ઃ) નમેવિ કરિ,
જિણધમ્મ પહાણુહં તવુ ઉવહાણુહં, સંધિ મુણહુ જણ કન્નુ ધરિ. ૧
સિરિ ચરમ જિણેસર **વદ્ધમાણિ**. પભણિઉ જહ **ગોયમ** મહુર વાણિ,
સિદ્ધંત મજ્ઝિ જસુ પઢમ લીડ, તસુ ભણિઉ પમાણુ મડાનિસીડ. ૨
જહ ગિરિહિં મેરૂ ગહ ગહણ ચદ્દુ, નિવઈણ ચક્કિ સુરગણિ સુરિંદુ,
તહ **વીર** જિણેસરિ તવ પહાણુ, ઉવહાણુ ભણિઉ ગુણગણનિહાણુ. ૩
જે નિમ્મલ વયણ જણ સીલવંત, સમ્મત કલિય તહ પુન્નવંત
નીરોગ દેહ દઢ ધમ્મ ગેહ, તવ સત્તિ જુત્ત પરિચત્ત ગેહ. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવંવિહ સાવય સાવિયાય ઉવહાણુ વહહિં કય ભાવિ ભાય,
સાહજ્જિજ્જણ વિયય કુડવયસ્સ, સામગ્ગિ સુગુરુ નિંમ્મલ વયસ્સ. ૫

અંત – જન્મંતરિ તુહું હુઅ સુલહ બૌહિ, ભવ ભણુ પાવ કિય તઈ વિસોહિ,
અહ સંધ ચઉવ્વિહ વાસ લેવિ, ત ધન્નુ સુલકખણુ ભણિ ખિવેઇ. ૨૨
સુગંધ કુસુમ વા માલ તામ, તસુ બંધુ ઠવેઇ કંડિ જ્જમ,
વજ્જંતિ ગહરિ તં પંચ સદ્દિ, નચ્ચહિં અનુગાયહિં અઇ
સુ સદ્દિ. ૨૩
ઉવહાણ પવરૂ તવ ઇમ કરેઇ, નિય ધણુ તણુ જીવિયફલુ ગહેવિ,
જઇ સિદ્ધિ ન પાવહિં કાલ જ્જેગિ, સહુ લહહિં તહવિ ગય અમર
લોગિ. ૨૪
ઇવ તવ ઉવહાણુઉ સંધિ પહાણુઉ, **જયસોહ**(૨)સૂરિ સીસિ કિય,
જે પઢહિં પઢાવહિં અનુમનિ ભાવહિં તે પાવહિં સુઉ પરમ પય. ૨૫
—ઇતિ ઉપધાન સંધિ.

(૧) અભય જૈન ગ્રંથાલય, બીકાનેર.

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૬૦-૬૧. કૃતિની ભાષા અપભ્રંશ જણાય છે.]

૩૭૪. અજ્ઞાત

(૭૭૧) કયલપાટમંડલ પાર્શ્વ સ્તવન ગા. ૭

આદિ – **પાસ** જિણેસર પણમિયઈ **ખરતર** તણઇ વિહારિ,
સામલવન્ન સુહામણુઉ, સખિ ગાયઉ હે મન ચર રંગિ,
કયલપાટે મુખ મંડણુઉ એ,
કરહેડઉ હે **પાસ** જિણંદ પૂનિમ ચંદ સોહામણુઉ,
મુઝ હિયડઇ હે લાગુ રંગુ. ૧

અંત – **આસસેણિ** કુલ ચંદલઉ **વામા** ઉયરિહિ હંસ, સોઇજ્જિ સામિ
સવિ થુથ્થુણુઉ,
સવિ ગાવઉ હે મન ચ રંગિ, **કયલપાટ** મુખ મંડણુઉ,
કરહેડઉ હે **પાસ** જિણંદ **કયલપાટ** મુખ મંડણુઉ સખિ. ૭

(૧) અભય.

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૬૧.]

૩૭૫. અજ્ઞાત

(૭૭૨) કયલવાડ પાર્શ્વનાથ સ્તોત્ર ગા. ૧૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિ – જયજય **કયલવાડપુરમંડણુ, પાસ** જિણેસરૂ પાવવિહંડણુ,
તિહુયણુ જણમણનયણાણંદણુ, સંથુણેમિ દુજ્જણનિક્કંદણુ. ૧
વાણારસિ પઈ જમ્મિ પવિત્તિય, **વામા** કુચ્છિ સિપ્પ વર મુત્તિય,
આસસેણ કુલ ગયણિ દિવાયર, નવ કર માણ દેહ કરુણાયર. ૨

અંત – ઇય **પાસ** જિણવરૂ, પણય સુરતરૂ, **કયલવાડઇ** સંઠિઉ,
ચિરુ કાલુ નંદઉ ભવિય વંદહુ, નાગરાય અહિટ્ઠિઉ.
ભવજલહિ તારણુ ઉદયકારણુ, સત્ત ફણ સિરિ ભૂસિઉ,
દુટ્ઠારિનાસણુ પયડસાસણુ, મિચ્છ કલિહિ અદૂસિઉ. ૧૦

(૧) અભય.

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૯૨. 'ઉદયકારણુ' શબ્દને કારણે 'ઉદયકરણ' કર્તાનામની પણ સંભાવના કરવામાં આવેલી જે યોગ્ય જણાતી નથી. કૃતિની ભાષા અપભ્રંશ જણાય છે.]

૩૭૬. અજ્ઞાત

(૭૭૩) નડુલાઈ મહાવીર સ્તવન ગા. ૮

અંત – જય **વીર** જિણેસર તિજય રાય, **નડૂલાઈ** સંઠિય નમઉ પાય,
તુહ દંસણિ નાસઇ પાવ વિંદ, જય ભવિયણુ નયણ ચકોર ચંદ. ૧

અંત – **નડુલાઇય**મંડણુ જણમણુઆણંદણુ **વદ્ધમાણુ** જિણુ જે થુણઈં,
તહ વંદિઉ સિજ્ઝએ ભવદુહભરુ ખિજ્જએ બંભસતિ હોઇ
ઉદયકરો. ૮

(૧) અભય.

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૯૨.]

૩૭૭. સજ્જણસુત

(૭૭૪) પાર્શ્વનાથ સ્તોત્ર ગા. ૯

આદિ – ભવભય-વણગણ-દહણું, દરિદ્રરોગારિ દુરિયનિદ્દલણું,
સિદ્ધિપુર કય નિવાસં, સયાવિ સુમરામિ જિણ **પાસ**. ૧

અંત – ઇય **પાસ**નાહ દેવ સરિય, **સજ્જણસુએણ** અપ્પહિંયં,
જો ત સરઈ તિસઝં સો પાવઈ વંછિઇ સુહાઇ. ૯

(૧) અભય જૈન ગ્રંથાલય.

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૯૩. કૃતિની ભાષા અપભ્રંશપ્રધાન જણાય છે.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૭૮. અજ્ઞાત

(૭૭૫) ચતુર્વિંશતિ જિન સ્તવન ગા. ૨૮

આદિ – મોહ મહાભડ મય મહણુ, **રિસહ** જિણેસર દેવ,
કરિ પસાઉ જિમ હોઇ મમ, ભવિભવિ તુમ્હ પય સેવ. ૧
ભુવણવિભૂસણ **અજિય**જિણ, **વિજયા**દેવિ મલ્હાર,
ભવસાયર નિવડંત મહ, રાખિ ન તિહુયણુ સાર. ૨

અંત – નિય અવતરણિહિ તાય ઘરિ, લચ્છિહિં ભરિય ભંડાર,
અતુલ મહાબલ **વીર**જિણ, જય જય જગ આધાર. ૨૭
ચઉવીસહ જિણ સંથુવણુ, પઢઈ ગુણઇ બહુ ભત્તિ,
તે નર નિમ્મલ નાણ નિહિ, પાવઈ સિવસુહ ઝત્તિ.

(૧) અભય જૈન ગ્રંથાલય.

(૭૭૬) ધર્માધર્મ વિચાર ગા. ૧૬

આદિ – ચઉદહ પૂરબ માહિ જો સારુ, પહિલઉ ધુરિ સમરઉં નવકારુ,
પભણિસુ **ધમ્માધમ્મ** વિચારુ, જાણઇ જીવુ તરઇ સંસારુ. ૧
ધમ્મુ ધમ્મુ પભણઇ સહુ કોઇ, ધમ્મ કરઇ પુણ વિરલઉ કોઇ,
ધમ્મ તણઉ તિણિ બૂઝિઉ સારુ, જિહ ચિત્તિ ક્રોધુ નહીં અહંકારુ. ૨

અંત – અજ્જવ મદ્દવગુણ સંજુત્ત, સવે વાર જીવ નિર્મલ ચિત્ત,
કોપાનલિ કોવિ ન દહઇ, ઇણુઇ કરમિ મણુત્તણ લહઇ. ૧૫
તપુ તપઇ ભાવણ ભાવંતિ, શુદ્ધિ ચિત્તિ જે દાન દીયંતિ,
ક્રોધ માન માયા પરિહરઉ, ઇણિ પરિ સ્વર્ગલોકિ સંચરઉ. ૧૬

(૧) અભય જૈન ગ્રંથાલય. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૧).]

(૭૭૭) નંદીશ્વર ચોપાઈ ગા૦ ૧૧

આદિ – નંદીસર વર દીપ મઝારિ, સાસતાં તીરત્થ જુહારિ,
જિહિં અચ્છઇ તિહિં આવાગમણ, સતનેયણુ દેખઇ એક ભવણ. ૧
ઇસા ભુવન તિંહિ બાવન્ન એહ, જોયણુ બહુત્તરી બાવન્ન ઊંચા નેય,
પહુલઉં પણિ જોયણ પંચાસ, તે વંદીતઇ પૂરઉ આસ ૨

અંત – સરવાલઇ હિવ લેખઉં જોઇ, બાર ચઉક અડતાલિસ હોઇ,
ચિહું અંજણ ગિરિ તીરથ ચ્યારિ, ઇણિ પરિ બાવન્ન ગિણી જુહારિ. ૬૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બિંબહ સંખ્યા તહ ગણિય જાણિ, છ સહસ ચઉસય અડયાણીસ મણિ,
ઇય નંદીસર વંદીય દેવ, અન્નવિ સાસય નમઉં સસેવિ. ૧૧

(૧) અભય જૈન ગ્રંથાલય. [મુપુગૂહસૂચી.]

(૭૭૮) વિમલાચલ આદિનાથ સ્તવન ગા૦ ૨૧

આદિ – **નાભિ**નરિંદ-મલ્હાર, **મરુદેવિ** માડિય ઉરિ રયણ,
અવગત રૂપિ અપારુ, સામિય **સેત્રુજ** સય થણિંય. ૧

અંત – .....ય પયપંકય સેવ, વિમલાચલ મંડણ **રિસહ**,
અહનિસિ પણમઉં દેવ, અવર ન કાંઈ ઇચ્છિય એ. ૨૧

(૧) અભય જૈન ગ્રંથાલય.

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૯૩–૯૫.]

૩૭૯. અજ્ઞાત

(૭૭૯) ધર્મપ્રેરણા અથવા **સુભાષિત દોહા** પદ્ય ૧૫

આદિ – જિણવર દેવુ સુસાહુ ગુરુ, જસ હીયડઇ જિણધમ્મુ,
સવ્વ કમ્મુ જયણા કરઇ, તસ હઇ સફલઉ જમ્મુ. ૧

અંત – ગંઠસહી જે નિતુ કરઇ, અવિચલ મનિ પાલતિ,
તી બીજય ભવિ દેવત્ત લહઇ, કવડિ જખ જિમુ હુંતિ. ૧૪
જીવદયા સાચઉ વયણ, પરધન જે ન હિણંતિ,
સીયલ જ પાલઇ એકમનિ, તે સહિ સુખ લહંતિ. ૧૫

(૧) અભય જૈન ગ્રંથાલય.

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૯૫ તથા ૧૧૪. એક જ કૃતિ ભૂલથી બે વાર નોંધાયેલી છે.]

૩૮૦. પદ્માનંદસૂરિ

(૭૮૦) ચોવીસવટા પાર્શ્વનાથ નાગપુર ચૈત્યપરિપાટી સ્તોત્ર ગા૦૯

આદિ – જય મંગલકારણ દુરિયવિદારણ, ભવભયવારણ **પાસ** પહો,
નાયઉરિહિં નયરિહ ભત્તિહિં પૂરિહિં, **ચઉવીસવટ્ટય** જિણ
થુણ હો. ૧

અંત – ઇય બહુવિહ ભત્તિહિં વિહિસમ્મતિહિં, આરાધઉ જિણવર સયલ
શ્રી **પદમાણંદ**સૂરિ દેસણ મણિધરિ, સાવય કુલ કીજઇ સફલ. ૯

(૧) અભય.

(૭૮૧) ચોવીસવટા પાર્શ્વનાથ સ્તુતિ ગા૦ ૪

આદિ – સયલ સુહકારણો ભવિયજણતારણો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નામ ગહણેણ દુહ-દુરિય-નિવારણો,
નયરિ **નાયઉરિ** જસુ અધિક મહિમા ગુણો,
જયઉ શ્રી **પાસુ ચઉવીસવટ્ટય** જિણો. ૧

અંત – સુદ્ધ સઝત ધારતિ જે દેવયા, **ધરણ પઉમાયવઇ**રુદ્ધ **અંબા**ઇયા,
ધમ્મ કમ્મેસુ તે કરઉ સાન્નિધ્યં, સયલ સંઘરસ પૂરંતુ સુહસંપય. ૪

(૧) અભય.

(૭૮૨) વર્ધનપુર ચૈત્યપરિપાટી સ્તવન ગા૦ ૯

આદિ – ગુણઅઇ પુરિ **વદ્ધણુઉરિ**, સિખરણદ્ધ ભવિયણુ મહિય,
સોહઇ બહુ પ્રાસાદ, દંડ કલસ ધયવડ સહિય. ૧

અંત – આરાધઉ અરિહંત **પદમાણંદ**સુરિ ઇમ ભણુએ,
તે રિધિ વૃદ્ધિ જયવંત, જે પ્રણુમઇ જિણુ પ્રહસમએ. ૯

(૧) અભય.

[જૈમગૂકરચનાએંભા.૧ પૃ.૬૯-૧૦૦. કૃતિક્રમાંક ૭૮૧માં કર્તાનામ નથી.]

૩૮૧. અજ્ઞાત

(૭૮૩) દ્વાદશભાષાનિબદ્ધ તીર્થમાલા સ્તવન ગા. ૩૬

આદિ – પણય સુરેસુર નમવિ જિણેસર, તિહુયણુ જણ મણ કમલ દિણેસર,
ઉદ્ધલોય-અહલોયહ-મંડણુ, તિરિય લોય ભવભયદુહખંડણુ. ૧

અંત – સિવસિરિ મણિમાલા વન્નિયા તિત્થમાલા,
વવ ગય ભવ વ્રાલા કિત્તિ કિત્તિ વિસાલા,
સિવસુહ ફલ રુકખ દેઇ તત્તં પરુકખં,
નિહણુઉ ભવદુકખં વંછિય હોઉ સુકખં. ૩૬

(૧) અભય.

(૭૮૪) કોશા પ્રતિબોધ ગા. ૧૫

આદિ – કમલવયણ **કોશા** ભણઇ, કહુ કિન દીજઈ દોસ,
વિણુ ભટતારહ દીહડા ઈમઇ કીજઈ સોસ. ૧
સાલૂણા વાલંભ સાદુ દેઇ ન મયણુ હણઇસઈ બાણિસય,
રાણા **થૂલિભદ્ર** તૂઝ વિણુ, તૂં વિણુ રયણિ ન જાએ,
ચક્રવાકી જિમ ચક્રવાક વિણુ દિવસ દોહિલડા જાએ,
મું જગુ ઊવસું પ્રીઅ તૂઝ વિણુ. આંચલી.

અંત – કોસા પુણુ વિમાસીઉં, કીધઈ કંત વિચાર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાહ પસાઈ પામીઉં, સમકિત સુકૃત ભંડાર. ૧૪ સાલૂણા.
રિષિ બોલઇ કેશા સમી, નારિ નહીં ગુણવંતિ,
મનુ જાણી મણવલ્લહી, મિલીય સરીસી કંતિ. ૧૫ સાલૂણા.

(૧) અભય.

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૧૦૦-૧૦૧.]

૩૮૨. અજ્ઞાત

(૭૮૫) + શત્રુંજય ચૈત્ય પરિપાટી ગા૦ ૪૧

આદિ – સરસતિ સામિણિ નમિય પાય, સિરિ **સેત્તુજ** કેરી,
ચૈતુ પ્રવાડિ રચિસુ હેવ, મનિ રંગિ નવેરી. ૧
પાલીયતાણઇ એ પાસ વીર, લલતાસરિ વંદું,
નેમિહિં કડણિહિં નમીય પાય, ભવદુખનિકંદું. ૨

અંત – સેત્રુજ ગિરિવર સિયં ધણીય નરેસૂયા, ઊગિઉ અભિનવ ચંદ,
સૂરતિ પરમાનંદ દિય નરેસૂયા, ટાલઇ સવે વિ છિંદ. ૪૦
રિદ્ધિ વૃદ્ધિ કલ્યાણ કરી નરેસૂયા, બોલે ચૈત્ય પ્રવાડિ એહ,
તીરથ યાત્રા ફલ દિયએ નરેસૂયા, નિરમલ કરય સુદેહ. ૪૧

(૧) અભય૦ (૨) જૂની પ્રત, પ. ક.૧૫થી ૩૧, પં. ૧૫, તેમાં પ. ક. ૧૭થી ૧૮, પ્રા. સ્ટે. લા. નં. ૧૮૯૨.૨૦૮/૧૯૪૫.

[પ્રકાશિત : ૧. પ્રાચીન તીર્થમાળા સંગ્રહ.]

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૧૦૨; જૈહાપ્રોસ્ટા પૃ.૩૨૯. જૈમગૂકરચનાએં ભા.૧માં કર્તાનામ 'પરમાનંદ(૧)' મૂકયું છે, પણ એ શબ્દ કર્તાનામવાચક નહીં પણ 'પરમ આનંદ' એ અર્થનો વાચક જ જણાય છે. મુદ્રિત પાઠમાં આ છેલ્લી કડીઓ નથી.]

૩૮૩. અજ્ઞાત

(૭૮૬) શત્રુંજય ચૈત્યપરિપાટી ગા૦ ૩૬

આદિ – વાગુ વાણિ સુપસાઉ કરે, સામિણિ પૂરિ રહાડે,
શ્રી **શત્રુંજય** જિણ ભુવણિ, ભાવિહિં ચેત્ર પવાડે. ૧
પાલીતાણઇ તલહટીય, નયરહ માહિ વિહારો,
નરવઇ કુમરિહિં કારવિઉ, **પાસુ** જુહારિસુ સારો. ૨

અંત – છૂટઉ સવહિં આગદહ, આવિય ભલઈં સંસારે,
સિદ્ધિક્ષેત્ર જુહારિય એ, નવનિદ્ધિ પડીય ભંડારે. ૩૫
પઢિસિઇ ગુણિસિઇ નિસુણિસિઇ, ચેત્ર પ્રવાડિ જિ એય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તીહ બઇડાઈ જાત્રફલો, હોસિઇ નિરમલ દેહ. ૩૬

(૧) અભય.

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૧૦૩.]

૩૮૪. માણિક્યસૂરિ

(૭૮૭) રાજિમતી ઉપાલંભ સ્તુતિ ગા૦ ૧૮

આદિ – પસૂયાડ દીકઉ પ્રભો જીણુ વેલાં, તજી રાજ **રાજમતી** તીણું હેલાં,
હુસી જીવસંધારૂ રે જીણુ જતિં, પછઇ પાછિલા કાજ રે તીણું
ભાતિ. ૧

અંત – મનિ વચનિ કાયા કરી સીલ પાલી, રમઇ **રાયમઇ** મુગતિ સિઉ
હાથિતાલી,
કહઈ સુગુરુ **માણિક્યસૂરિ** મહુર વાણી, જયઉ સંઘ સમુદાય
રાજલિરાણી. ૧૮

(૧) અભય.

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૧૦૩.]

૩૮૫. ધનપ્રભ

(૭૮૮) નેમિનાથ ઝીલણા ગા. ૯

આદિ – **રાજલદે** વર દેવ દેવર, રૂપિણિ ગાઇસો ઝીલણું એ,
ઊલટીઉ મન હેવ **યાદવ** જિણુ ગુણિ, લાગુ છઈ રહ કડઉ એ. ૧
વઉલસિરી વરમાલ પહિરણિ, કરણીયૂ ફૂલડેં ગૂંથીઉં એ,
સિવદેવિસુત સુકુમાલ સુલલિત, સેવત્રડે સાઇરુ સિણગારીઉં એ. ૨

અંત – મૃગમદ કુકુંમ નીરિ ભાવનચંદનિ સીંગી સંપૂરી એ,
નાયક **નેમિ** શરીરિ વલિવલિ બલબલિ કરઇ તે છાંટણુ એ. ૮
ઇસી અપૂરબ રીતિ ગુણરયણાયર રામતડી રમઇ એ,
પૂરઇ મનની પ્રીતિ, **ધનપ્રભ** ગાઇતાં સવિ સુખ પામીઇ એ. ૯

(૧) અભય. [મુપુગૂહસૂચી.]

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૧૦૪.]

૩૮૬. અજ્ઞાત

(૭૮૯) ગિરનાર ભાસ ગા૦ ૧૭

આદિ – સડી **સોરઠ**મંડલિ જાઈયઇ, **રાજાલ** વર રંગિઠ ગાઈયઇ,
જય **જૂનઇગઢિ** જોગાદિ દેવ, **વીર પાસ** જિણેસર કરઉં સેવ. ૧
પોલિ વુલીય સોવન રેહ તીર, સીયલ જલ નિમ્મલ અય ગંભીર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તરુયર તલિ દીસઇ વિસમ ઘાટ, રવિકિરણુ ન લાગઈ તીણુ વાટ. ૨

અંત – દીસઇ દુહ દિસિ તુંગ શૃંગ, સહસ્રગં બલસ્સ વણુ પમુહ ચંગ
ત્રિહુ ભૂયણે ઉપમા નહીય જસ, ગગનાયલ છાંડહિ ભરડ પાસ. ૧૬
ગજપદ જલિ **નેમિઇ** નડવીય અંગ, પ્રભ પૂજ્ય પૂરિસુ મનડ રંગ,
ભાવિ ભગતિહિં ભણેસિઇ એઉ ભાસ, સિરિ **નેમિ** પૂરેસિઇ
તીહ આસ. ૧૭

(૧) અભય.

(૭૬૦) ગિરનાર વીનતિ ગા. ૧૧

આદિ – હરખુ માઇ નડીં હીયડઇ કિમઇ, મઝુ મનઉં **ગિરનારિ**
ઘણુઉં રમઈ,
લડહ લોચન **નેમિ** નમસ્કરઉં જિમ ન ચઉગઇ માંહિ વલિ
ફિરઉં. ૧

અંત – વિષઈ વયરી નઉ મદ ગિરુ ગલી, જિસ્યઈ આવઇ પાપ નમૂ વલી,
મયણુ મલ્લ તણઉ મઝુ ભઉ કિસઉ, જઉ જિનેશ્વરઈ મનિ હઉં
વસ્યઉ. ૧૦

દેવી **સિવાનંદન નેમિનાથ, રાજમતિ**વલ્લભ વિશ્વનાથ,
માગઉં નહી ગ્રામ ન સિદ્ધિ વાસુ, મૂ દેવ દેજે નિજ પાય વાસ. ૧૧

(૧) અભય.

(૭૬૧) નેમિનાથ વીનતિ ગા. ૫

આદિ – ભલી ભાવના ભેટિવા **નેમિ** પાયા, હીઉં ઊલટઇ માન ી એન માયા,
જમં જાગતી **જાદવ** જોઈ વાની, વસઇ વાસના તાસ દસઇ
ન વાની. ૧

અંત – મનિ માનવઉ એહ સંસાર કૂડઉ, સદા સેવિવઉ **રાજલ**કંત રૂડઉં,
ઇસી આસની આસ એ તાસ પૂજઈ, જકો ભવા સુદ્ધિઇં
જગનાથ પૂજઇ.

(૧) અભય.

(૭૬૨) બાર વ્રત ચોપાઈ ગા૦ ૧૯

આદિ – વંદિવિ **વીરુ** ભવિય નિસુણેહુ, આગમિ કહિઉ જિણેસર એહુ,
પભણુઉ જિણવરધમ્મ મહંતુ, બારહ વ્રતડ મૂલિ સમકિતુ. ૧
અખર એક ન પામઇ પારુ, નિસણુહુ ધમ્મિય ધમ્મવિચારુ,
સુકૃતપ્રભાવિહિં સુગતિ હોઇ, સાસય સિવસુહ પામઇ સોઇ. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંત – સતી એક સલહીજઈ નારિ, દિન્નુ દાનુ કો માસ ચિયારિ,
કોસંબી નયરી સુવિસાલ, જગિ જયવંતી **ચંદણબાલ**. ૧૮
બાર વ્રત શ્રાવક સંભલઉ, ભાવલગતિ મનુ અવિચલ ધરઉ,
સાચઉ વયણ સુણઉ સઉ કોઈ, જીવદયા વિણુ ધરમુ ન હોઇ. ૧૯
(૧) અભય.

(૭૬૩) સુગુરુ સમાચારી ગા૦ ૩૨

આદિ – દલહલ હેઠિ માણસ જમ્મ, કીજય નિરમલ જિણવરધમ્મ,
ગુરુ પ્રણમીય જય સીયલં સાર, દુત્તરુ જીવ તરય **સંસાર**. ૧
ગરથ તણઉ કરઇ પરિહારુ, સો ગુરુ જાણે તિહુયણિ સારુ,
બાયાલીસ દોસ વિસુદ્ધ આહારુ, સૂધઉ વિહરઇ કરઇ વિચારુ. ૨

અંત – પુવ્વ ભવંતરિ સચીયા જોઇ, પાપસુદ્ધિ સામાયક હોય,
ધમ્મ રઈ તે અવિચલ મત્તિ, **સામાઇક્કં** સીધઉ દમદંત. ૩૧
પાસ જિણેસર તણઇ પસાઈ, વિઘ્ન **સવે** તે દૂરિઈ જાઇ,
પઢત ગુણંતા પૂજઇ આસ, લહઈ સુખો તે સિદ્ધિનિવાસુ. ૩૨
(૧) અભય.
[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ. ૧૦૫-૦૮.]

૮૭. સમરો

[જુઓ આ પૂર્વે પૃ.૮૦.]

(૭૬૪) નેમિચરિત રાસ ગા૦ ૨૮

આદિ – તોરણિ **જાદવ** આઇલઇ, પસૂઆ દીધા દોસૂ એ,
તીણું કારણિ પ્રભ તજીય **રાયમઈ**, **નેમ** ચડઉ **ગિરનાર** રે. ૧
નજ સિણગાર કરિ અભિનવા, **નેમિકુમર** ચાલ્યઉ પરિણિવ,
છપન કોડિ **જાદવ** પરિવાર, હઇ ગઇ સખિ ન લાભઇ પાર. ૨

અંત – અસો અમાવસ કેવલનાણુ, **નેમિ** તણૂ તુ નિખાર,
રાજમતી સુ સંસઇ ગઉ, બાવીસય જિણેસર ભઉ,
મગનિ રાણી **રાજલ** તણઉ યોગ, પઢત ગણંતા નાસઇ રોગ,
નેમિચરિત સૂ સા નારી સુણઇ,પાપ (પ)ણાસઇ **સમરુ**ઉ ભણઈ. ૨૮
(૧) અભય.
[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૧૦૮.]

૩૮૭. અજ્ઞાત

(૭૬૫) + શિવચૂલા ગણિની વિજ્ઞપ્તિ ગા૦ ૨૦ સં.૧૪૦૦ લગભગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિ – શાસનદેવ તે મન ધરિ એ ચઉવીસ જિન પય અણુસરી એ,
ગોયમ સ્વામિ પસાયલુ એ અમે ગાઇસિ શ્રી ગુરુણી વિવાહલુ એ. ૧
અંત – **કુપદ્દિ તારા મૃગાવતી** એ, **સીતા ય મન્દોદરી સરસતી** એ,
સાલ સતી સાનિધ કરઇ એ, ભણુવવાથી શ્રીસંઘ દુરિયા હરઇ એ. ૨૦
—યતિ શ્રી **ચિતકીર્તિસૂરિ** મહત્તરા **શિવચૂલાગણિ** પ્રવર્તિની રાજલચ્છીગણિ વિજ્ઞપ્તિકા શ્રાવિકા **હીરાદે** યોગ્ય.

પ્રકાશિત : ૧. ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહ પૃ.૩૩૯.

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૧૦૯. ત્યાં 'રાજલક્ષ્મી'ને કવયિત્રી ગણવામાં આવી છે, પરંતુ કાવ્યમાં 'રાજલચ્છિ બહન તસુ નામુ એ લીહ પવતણિ કરુ પણામુ એ' એવી પંક્તિ આવે છે તેથી રાજલક્ષ્મી કાવ્યવિષય હોય એવું સમજાય છે. કાવ્ય શિવચૂલાગણિની સાથે રાજલક્ષ્મી પ્રવર્તિનીને વિજ્ઞપ્તિ રૂપે રચાયેલું જણાય છે.]

૩૮૮. કીર્તિરત્નસૂરિશિષ્ય (ખ.)

(૭૬૬) + કીર્તિરત્નસૂરિ ફાગુ ગા. ૩૬ સં.૧૫૦૦ લગભગ
અંત – એરિસ સુહગુરૂ તણઉ નામ, નિતુ મનિહિ ધરીજઇ,
તિમિતિમ નવનિહિ સયલ સિદ્ધિ, બહુ વૃદ્ધિ લહીજઇ.
એ ફાગુ ઉછરંગિ રમઇ, જે માસ વસંતે,
તિહિ મણિ નાણ પહાણ કિત્તિ, મહિયલ પસરંતે. ૩૬
—યતિ શ્રી કીર્તિરત્નસૂરિવરાણાં ફાગુ સમાપ્તઃ

(૧) લિખિતં જયધ્વજગણિના. પ્રથમનાં ૨૭ પદ્ય નથી.

પ્રકાશિત : ૧. ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહ પૃ.૪૦૧.

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ. ૧૦૯-૧૦. કર્તાનામ 'અજ્ઞાત'ને સ્થાને અહીં 'કીર્તિરત્નસૂરિશિષ્ય' મૂકયું છે.]

૩૮૯. કવિયણ

(૭૬૭) માતૃકા ફાગ ગા. ૩૧
આદિ – અહે જિણચલણા સિર નમિય, પામિય સહિગુરૂ માગુ,
માઇય ભાવન્ન આક્ષર, પાખરીય કરી ફાગુ. ૧
ભલેય વલીય સુણિ ધામિય, સ્વામિય કહુંઇ વિચારુ,
માડઉંય હીઉડલય ધરિસિઉં, તરિસિઉં સયલ સંસારુ. ૨
આગલિ દ્વો દ્વો લોહડીય, જીભડી વોલિય આલુ,
ઉંકારસ્ય માગમિ આગમિ, કહીયસ્ય સારુ. ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવ્હણુ વિક્ષેપન પૂજિ ન તૂ જિન જિણવરદેવ,
મન મ ન તજિ નવકાર જ, સાર જ ભવિ ભાવે એહ. ૪
સિરિસવ્વ સમઈં વિષઈંસુખ પરૂ દુઃખ મેરૂ સમાણુ,
ધર્મ્મ ન બૂઝઈ પામર, કામ રમે ન અજાણુ. ૫

અંત – રત્ન અમૂલિક સીલહ, લીલહ તૂં મ વિણાસિ,
લહસિ મુગતિ તૂઉં તઉં પણુ રાખિસિ પાસિ. ૨૭
વ નવલીખૂઉં બોલીય, જોઈય જિણુપય સેવ,
સસિ કર જોડીય વીનવઉં, સેવ કરયં સુરુ દેવ. ૨૮
હવ કર જોડીય વીનવઉં, દીન વયણુ સંભારિ,
ક્ષમા કરેજ્યો ભવિયણુ, કવિયણુ એ આચારુ. ૩૦
માઈય અરથ જે બૂઝઇ, સૂઝઇ ઈણુ સંસારિ,
પાઠ દિસ્યા સવિ દહિસિઈં એ, લહસિઈં સુખ નરનારિ. ૩૧
—ઇતિ માતૃકા ફાગ સમાપ્ત.

(૧) અભય.

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ. ૧૧૦–૧૧. વસ્તુતઃ 'કવિયણુ' એ કર્તાનામ ન ગણાય. કૃતિ અજ્ઞાતકર્તૃક લેખાય.]

૩૬૦. જયમૂર્તિગણિ

(૭૬૮) માતૃકા ગા. ૬૪

આદિ – આદિ પ્રણુવ સમરૂ સવિચાર, બીજી માયા ત્રિભુવનિ સાર,
શ્રીમત ભણી જપુ નિશિદીસ, અરિહંતપય નિતુ નામુ સીસ. ૧
ગણહર ગરુઉ **ગોયમ** સામિ, અખય નિધિ હુઇ તેહનઇ નામિ,
નવનિધાન તહ ચઉદય રયણ, જે નિતુ સમરઇ **ગૌતમ** વય ધણુ. ૨

અંત – ક્ષિરતા દીસઇ સુરાસુર ઇંદ્ર, હરિહર બ્રહ્મા રવિ નઇ ચંદ્ર,
ઉત્પતિ વિગમ કરઈ સવિ જંતુ, અક્ષર એકુ અછઇ અરિહંતુ. ૬૩
ગૌતમ માઇય અવિગત હુઈ, અનુભવિ **જયમૂરતિ**ગણિ કહી,
લોકાલોકિ એહનુ વ્યાપુ, યતિ જણઇ જઉ જોઇ આપુ. ૬૪

(૧) અભય. [મુપુગૂહસૂચી.]

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૧૧૧.]

૩૬૧. અજ્ઞાત

(૭૬૯) દીપક માઈ ગા. ૬૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિ – જિણુ ચઉવીસઇ ચલણુ નમેવી, દીપક માઈ કવિ વ ભણેસો,
દીપક માઈ બેલઈ રાસ, **નાગલપુરિ** પ્રભ પ્રણમુંઇ **પાસ.**
પાસ જિણેસર તણુઇ પસાઈ, ભાવન (૫૨) અક્ષર બહુયાંત્થાંઇ,
માઈ દીઠુ ત્રિભુવનસાર, અક્ષરિ-અક્ષરિ નવઉ વિચારિ. ૨

અંત – મંગલ **વીર** જિણેસરુ નામિ, મંગલ **ગોયમ** સોહમ સામિ,
મંગલ **જંબૂ**સામિ ઉચરૂ, મંગલ સયલ સંઘ વિસ્તરૂ. ૬૩
મંગલ ભણુતાં માહિસિરિ, માઈ પઢઉ તે પાદર કરી,
પઢઇ ગણુઇ જે સુણુઇ વિચાર, ભવસમુદ્ર તુ પામઇ પાર. ૬૪
(૧) અભય.

(૮૦૦) આત્મબોધ માતૃકા ગા૦ ૬૪

આદિ – સમરવિ સવિ **અરિહંત** મણિ, સિવ મંગલ કર ધીર,
માઈ ભાવન અક્ષરહં, બોલિસું ગુણુ ગંભીર. ૧
ભલે પહિલ્લી અક્ષરે, બુરિ બીજઇ સુવિચાર,
તિમ બુરિ ધમ્મહ જીવદયા, ભમઇ જિણુ સંસારિ. ૨

અંત – મહા શ્રી શિવલચ્છી તણી, સાસત સુખહ નિધાનુ,
ઇય મંગલિક તીહ સંપજઉ, જીહે જિણુધર્મિ બહુ માનુ. ૬૪
—આત્મસંબોધ માતૃકા.
(૧) સં.૧૭મી સદીની પ્રત, પ.સં. ૧, અભય જૈન ગ્રંથાલય.

(૮૦૧) શૃંગાર માઈ ગા. ૪૯

આદિ – પ્રીત તણી દુઇ લીહડી, સુંદરિ સહજઈ જાણિ,
ચિતિ ચોખ્ખઉ અવિચલ હીયઉ, વાલહા ઊપરિ આણિ. ૧

અંત – રે પહિલા રસ તાહરા, કેતા કહું વિલાસ,
મનગમતી ગોરી મિલઇ, તઉ સવિ પૂરઇ આસ. ૪૮
ભલે તણે અક્ષર કરી, દૂહા બોલ્યા ચંગ,
સિણગારહ કૂંપલી, એ નવયોવન રંગ. ૪૯
—ઇતિ શૃંગાર માઈ સમાપ્તા.
(૧) સં.૧૭મી સદીની પ્રત, પ.સં.૧, અભય જૈન ગ્રંથાલય.
[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ. ૧૧૨–૧૧૩.]

૩૯૨. અજ્ઞાત

(૮૦૨) યોગી વાણી ગા. ૫

આદિ – સીયલ કચ્છોટીય મોરીય રે, જોગી સંજમિ પાઉ પાએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અડ કમ્મ ધ્યાનિ દહં રે, અવધૂ ભસ્મ અધૂલિયત અંગે. ૧

અંત – દ્રઢ સમ્યકિત મનિ ધરૂં રે, ભદ્રીયા ધ્યાયં દેવ આદિનાથો,
જિણહ ભગત ભાવ કર બોલઇ બૂઝઉ નાથ પંથો. ૫

(૧) અભય.

(૮૦૩) સોધતિ નગર શાંતિનાથ સ્તવન અપૂર્ણ

આદિ – **સોધતિ** નયરિહિં મહિમાસાગર, આદિ મૂરતિ શ્રી **સંતિ**
જિણેસર, સંતિકરણુ સંસારે,
કણયકલસ ધયવડિહિં મણોહર, તુંગ સિહર પ્રાસાદિહિ સુંદર,
જિણવર જુગતિ જુહારે. ૧
મૂલ મંડપિ છઇ બહુજિણુ પડિમા, પૂજઇ ભવિયણુ ગરૂઈ મહિમા,
ગરિમા **સંતિ** જિણંદ.
સંધુ કરઇ નિતુ નવા મહોચ્છવ, જિનગુણુ ગાય.....

(૧) અભય.

(૮૦૪) જીરાઉલા વિનતી ગા. ૧૧

આદિ – કરૂં સેવના દેવના પાય લાગી, ઇલઈવાર લાગી નમૂં સીસ નામી,
કહૂં સતિહુ જન્મ જીતુ અમ્હારઉ, જગન્નાથ **જીરાઉલઉ**
જઈ જુહારઉ. ૧

અંત – ઇસિં છંદિ આણુંદિ સું દીસરાતિં, પઢઇ એકભાવિ ભજંગપ્રયાતિ,
મહાદુખ સંસારના પાસ છૂટ્ટઇ, ઇસું સત્ય જાણી કહિઉ જોતિ બૂટ્ટઇ.૧૧

(૧) અભય.

[જૈમગૂકરચનાએં ભા.૧ ૧૧૪-૧૧૫.]

૩૯૩. સુંદરસૂરિશિષ્ય

(૮૦૫) વિમલમંત્રી રાસ ગા. ૪૪ (?) લ. સં. ૧૫૧૩ પૂહેલાં

અંત – ભાસ

થાપિઉ **વિમલ** દહ અડસિ વરિસે, બાવીસ પ્રાસાદ ચડાઉલિ દેસે
અનઇ તિણુ કીધ સંઘ સપરિવારિ, સાત જાત્ર **સેત્રુંજિ ગિરનારિ**.૪૩
જાં ધ્રૂ નિશ્ચલ તાંહ એહ નંદઉ, ગુરુ શ્રી **સુંદરસૂરિ** વાંદઉ,
એહ રાસ જે ભણુઈ ભણાવઇ...રિ સવિ સુખ આવઇ. ૪૪
—ઇતિ વિમલ(મંત્રી) રાસ સંપૂર્ણ.

(૧) સંવત ૧૫૧૩ વર્ષે શ્રાવણ ૩ દિને પૂજ્યારાધ્ય વાચનાચાર્ય પં. જયવીરગણિશિષ્ય સુમતિવીરગણિના લિખિતઃ સુશ્રાવક શ્રે૦ મહિરાજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભણનાર્થ. છ. શુભં ભવતુ. પ. ક. ૯૦, અભય.

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૧૧૬. કર્તા 'અજ્ઞાત'ને સ્થાને અહીં 'સુંદરસૂરિશિષ્ય' મૂકયા છે.]

૩૯૪. અજ્ઞાત

(૮૦૬) પ્રતિબોધકુલ

આદિ – તીર્થંકર ચઉવીસ જિણુ મનિ તે સમરેઇ
ત્રિભુવનતારણ વીતરાગ તીહં ચલણુ નમેઇ
કૃપા કરીઉ દેવ સાનિધિઇં વિણુ ગરથહ પુણ્ય
નિસુણઉ ભવિયાં એકચિત્તિ જિણ સાસણ ધન્ય. ૧

અંત – સાહમી વચ્છલ સંઘ પૂજા તીહં પુણ્ય અપારો
રાત્રિભોજન અનંતકાય ચાડી પરિહારો
શુદ્ધિ ભાવિઇં દાન શીલ તપ ભાવના ભાવઈ
તે નર નિશ્ચઇં સયલ સુકખ અનુક્રમિઈં પામઇ. ૧૧

—પ્રતિબોધકુલં સમાપ્ત.

(૧) પ. સં. ૧–૧૭, પ્રા. સ્ટે. લા. નં. ૧૮૯૨.૩૪૩/૧૮૫૮.

[જૈહાપ્રોસ્ટા પૃ.૪૪૬.]

વિક્રમ સોળમી સદી

૩૯૫. વિજયતિલક ઉપા૦

(૮૦૭) આદિનાથ સ્તવન [અથવા જીવવિચારગર્ભિત શત્રુંજયમંડન ઋષભજિન સ્તોત્ર] કડી ૨૧

આદિ – પહિતું પણમીય દેવ પરમેસર સેત્તુંજ ધણિય
પયપંકય રય સેવ રંગિહિં વિરચિસુ તસુ તણીય
જિણવર મહ નહુ થાણ ઝાણ નાણ વિન્નાણ જઉ
બાલક પરિં વિન્નત્તિ બહુ ભોલિ મહું કરિસુ તઉ. ૧

(સંસ્કૃત અવચૂરિ) શ્રી **વિજયતિલક**-મહોપાધ્યાય-વિહિત-વિજ્ઞાપ્તનેક-વિચારસાર-શ્રી **શત્રુંજય**શૃંગાર-હારાનુકાર-શ્રી **ઋષભદેવ**સ્તોત્ર...

અંત – ઇય **રિસહ** જિનવર સિદ્ધિસયવર સુંદરી વર સુંદરો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિરિ **વિમલભૂધર** ધવલસિંધુર ખંધાવાસ પુરંદરો
સેવયસમાસુર થુણિય ભાસુર ગુરુ ભવાસુરગંજણો
મહ સુવિહિ વાસણ દઉ સાસણ **વિજયતિલઉ** નિરંજણો. ૨૧

(૧) સંસ્કૃતિ અવચૂરિ સાથે, ગ્રં. ૨૦૦, પ.સં. ૩-૧૦(૧૨), જૂની પ્રત, પ્રા. સ્ટે. લા. નં. ૧૮૯૨.૨૨૯/૧૬૯૮. (૨) સંસ્કૃત અવચૂરિ સાથે, મુ. ઉદયકલ્લ લેખિ તિવરી મધ્યે. પ.સં. ૨-૯(૧૦), પ્રા. સ્ટે. લા. નં. ૧૮૯૫.૧૮૬/૨૨૨૭. (૩) ગુજરાતી બાલાવબોધ સાથે, ગ્રં. ૧૨૫, જૂની પ્રત, પ.સં. ૨-૧૦, પ્રા. સ્ટે. લા. નં. ૧૮૯૨.૧૭૨/૧૬૦૭. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૩, ૧૬૭, ૨૫૯, ૨૬૦, ૩૨૬, ૩૭૩, ૪૦૬, ૪૦૭, ૪૩૦, ૫૬૪, ૬૨૨)]

[જૈહાપ્રોસ્ટા પૃ.૨૫૦-૫૨.]

૩૯૬. અજ્ઞાત

(૮૦૮) નંદબત્રીસી ચોપાઈ કડી ૧૪૬

આદિ – આગમ વેદ પુરાણ જાણન્તહ જે નરા હિયઇ મગ્ગા
જં જં કવન્તિ કવિયણ તં સારદ તુહ પસાઇણા. ૧

*

આપી અવિરલ બુદ્ધિ ઘણુ જનમનરંજન રેસ
નંદબત્રીસી જે સુણઈ ચ(ઉપઇ) રચિસુ સંખેવિ. ૩
નગરાગર અહિથાણુ જે તેહ તણા બોલેસુ
નંદબત્રીસી ચઉપઇ એહ જ નામ થવેસુ. ૪

અંત – સુખસંયોગ સદા યોજવઇ પુન્ય પસાઇ તે ભોગવઇ
સૂર વીર નઇ સાહસ ધીર સત્યવંત વાણી મુખ ધીર. ૧૪૬
હિયડઇ અતિ ઊમાહુ ધરી **નંદરાયનુ** બોલે ઉચરી
સુણી વિનોદ કથા ચઉપઈ નંદબત્રીસી એ ચુપઇ. ૧૪૭

(૧) પ.સં. ૩-૧૯, પ્રા. સ્ટે. લા. નં. ૧૮૯૨.૨૭૫/૧૮૧૯.

[જૈહાપ્રોસ્ટા પૃ. ૫૨૪-૨૫]

૩૯૭. અજ્ઞાત

(૮૦૯) શત્રુંજય વીનતી ૨૧ કડી

આદિ – હિવ આવિઉ છઈ રુતુ વસંત **સેત્તુજિ** સિડરિઇં ચાલઉ કંતઉ
વેગિઇં કરઉ સજાઈ ઘણી હિવ જાસિઉં **સેત્તુજ** ભણી. ૧

અંત – અપૂરત્ર દેઉરી દીસઇ હારિ બાવીસ લેપમઇ તિહાં જુહારિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્દ્ધમાન ભેટસિઉં હેવ કરુણ્યસાયર વીનઉં દેવ. ૨૦
કૃપા કરી વીનતી અવધારિ ગર્ભ તણી દુખિ નિવારિ
એહ સ્તવન જે ભણિ નરનારિ તેહ પુણ પહુચઉ મોક્ષદુયારિ. ૨૧
—ઇતિ શ્રી શત્રુંજય વીનતી.

(૧) પ.સં. ૧-૧૭(૨૩), જૂની પ્રત, પ્રા. સ્ટે. લા. નં. ૧૮૯૨.૪૭૯/૧૭૫૩.
[જૈહાપ્રેાસ્ટા પૃ.૩૩૦.]

૩૯૮. અજ્ઞાત

(૮૧૦) એકતીસી ભાવના

છેલ્લી ત્રણ કડીએાના ક્રમાંક ખેાટા છે. તે ૨૯-૩૧ હેાવા જોઈએ. ત્રીસમી કડીમાં 'ઇહ ગુણતીસી ભાવના' તે 'ઇગુણતીસી ભાવના'નેા પાઠભેદ હેાઈ શકે.

આદિ – નમેા શ્રી વીતરાગા.

અવિચલુ પદુ મનુ થિરુ કરી, જહિ છહિ સુખ અપારા.
પ્રતિબેાધીસુ મનુ આપણા, જિઉ પાવહિ ભવપાર. ૧
રે મનત્તઇ અસત્થિરપણુઇ, કીધુ કર માહ કેાડિ,
રાગત્તણુઇ રંગેહિ ચડિઉ, જીવિહિ આણી ખેાડિ. ૨
પંચિંદિ પરે વસપણુઈં, જે ભવિ કીધા પાપ,
તે મુખિ કહિઅઇ કેતલા, પહુઉ સંસારહ વ્યાપ. ૩

અંત – નરભવ ચિંતામણિ સમુ, એ તુ આલે એ મહારિ,
જિણુસાસણુ મનુ થિરુ કરા, શ્રીવ જન્મ ન સંભાલિ. ૨૮
ભેાગ ભલા નર જે લાહહિ, હરખિ જુ દેહિ દાનુ,
સમગત વિણુ સેાપદુ નહી, જહ અનંત સુખુ જાણે. ૨૯
ઇહ ગુણતીસી ભાવના, તિસક સુધ વિચારુ,
જે મન માહિ સમરસિ, તે પાવહિ ભવપારુ.
—ઇતિ શ્રી ઇકતીસી ભાવના.

(૧) પ.સં. ૨-૯(૧૧), પ્રત સં.૧૯મી લગભગ, ઇન્ડિયા ઑફિસ લાયબ્રેરી નં. ગુ-૧૫.

[કેટલેાગગુરા પૃ. ૩૫-૩૬.]

૩૯૯. અજ્ઞાત

(૮૧૧) ઉપદેશરત્નકેાશ બાલા૦ લ.સં.૧૫૨૫ પહેલાં

આદિ – ઉવએસ-રયણ-કેાસ ઉપદેશ રૂપિઆં રત્ન તેહ તણુઉ ભંડાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાસિઅ-નીસેસ-લોગ-ડોગચ્ચ્ય નસાડિઉ સઘલા લોકનઉ દારિદ્રચ્ય છઇ જિણઇ ઉવએસ-રયણ-માલાં એહવિ **ઉપદેશરત્નમાલા** ઘુચ્છ નમિઊણ **વીર**-જિન શ્રી **મહાવીર** તીર્થંકર નમસ્કરીનઇ કહિસુ હૂં. ૧

અંત – ઉવએસરયણમાલાં ઉપદેશરૂપ રત્નની માલા એણી જે એવં કુણઇ સુત્થ નિઅકંઠે જે પુરુષ આપણઇ કંઠિ રૂડી પરિ કરઇ સો નર સિવ-સુહ-લચ્છી-વચ્છાયલે રમઇ સેચ્છાએ તે પુરુષ મોક્ષલક્ષ્મીરૂપ સ્ત્રી તેહનઇ વક્ષઃસ્થલિ હિએ સ્વેચ્છાઈ રમઇ ક્રીડા કરઈ. ૨૫

—ઇતિ શ્રી ઉપદેશરત્નમાલાકોશઃ સાર્થઃ સંપૂર્ણઃ.

(૧) લિલિખાનઃ શ્રીમતિ **અહમ્મદાવાદ** નગરે **ધર્મકલશગણિના** સં.૧૫૨૫ વર્ષે **ગુણબુદ્ધિગણિકૃતે**. ગ્રં. ૮૫, પ.સં. ૩–૧૨, પ્રુ. સ્ટે. લા. નં. ૧૮૯૫.૨૦૨/૨૨૪૨.

[જૈહાપ્રોસ્ટા પૃ.૪૧૬.]

૪૦૦. અજ્ઞાત

(૮૧૨) ઇલાચી ચોપાઈ ૨૭ કડી ૨.સં. ૧૫૦૭ જેઠ શુ. ૯

આદિ – વાણીય ૨ દિઉ માય **સરસતી** એ ઉલટ ૨ અંગિ અપાર કિ પુત્ત **એલાચી** ગાયવા એ કવી જિન ૨ કરી પસાવ કિ વાણી દિઉ મુઝ નિરમલી એ. ૧

અંત – રુયડી વાણી ખરીય જાણી હુયા બેહુ જણ કેવલી જસ નામ લેતા મુગતિ કેરા પામસિ સુખ તે વલી સંવત **પનર સતોતરઇ** નઇ જેઠ સુદિ નમી દિનઈ સુખ પામસી જે ભાવઈ ભણુસી કાનિ સુણુસી એક ચિતઇ. ૨૭

(૧) લિ. આ. **રાં**લાં પઠનાર્થં. પ.સં. ૩–૧૬, પ.ક.૨થી ૩, પ્રુ. સ્ટે. લા. નં. ૧૮૯૫.૨૦૦/૨૨૪૦.]

[જૈહાપ્રોસ્ટા પૃ.૪૯૯.]

૪૦૧. વિનયમૂર્તિ

(૮૧૩) પડાવશ્યક બાલા૦ લ. સં. ૧૫૦૯ પહેલાં

આમાં ઇરિયાવહિયા, ચૈત્યવંદન, દેવવંદનક, પ્રત્યાખ્યાન, ગુરુવંદન, પ્રતિક્રમણ (સડ્ઢપડિક્કમણ) તથા સંથારાપોરસી સમાવિષ્ટ છે.

આદિ – મેં જે જીવ વિરાધિયા દુઃખિઆ કીધા સં. તે કેહા ? એગિન્દિઆ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

...બેન્દિઆ...તેન્દિઆ...ચઉરિન્દિઆ...પંચિન્દિઆ...૩૦૪૨૦
એતલે ભેદે જીવ પ્રતિ મિચ્છામિ દુક્કડ દીજઇ. સંપદ ૬...

*

(શ્રાદ્ધપ્રતિક્રમણબાલાવબોધ)
સવ્વ ભણીઇ શ્રીતીર્થંકર અરિહંત અનઇ સિદ્ધ...

*

એવં અહં ઇસી પરિ હઉં...વ્રત તણા અતિચાર...આલોઇ...
શ્રી તીર્થંકરદેવ વાંદઉં (૫૦) પડિક્કમણ-શુદ્ધિ-કરણે **ઉદાયી-ચન્દ-પ્રદ્યોત**-દૃષ્ટાંત :
ઇતિ શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર સમાપ્તં.

*

(સંથારાપોરસી બાલાવબોધ)
જિદ્વિજ્જા જેષ્ઠ વડા જે છઈ અનઈ પરમ પ્રકૃષ્ટા ગુરુ ગુરુ છઇ
...અણુજ્જાણહ અનુજ્ઞા દિઉ...

અંત – ઇય ઇસી પરિ સમ્યકત્વં મઈ ગહિઅં આલીધઉં (૧૪)
ઇતિ સંથારાપોરિસિ તણુ બાલાવબોધઃ સમાપ્તઃ.
...વિબુધશિરોમણિ પં. **વિનયમૂર્તિ**-ગણિ-કૃતોડયં બાલાવબોધઃ સર્વજન-હિતાર્થાય.

(૧) સં.૧૫૦૯ વર્ષે આષાઢ વદિ ચતુર્દશી દિને **સિંભલિઆગ્રામે** લેખિ. ૧૨૫૦ ગ્રંથાગ્ર, પ.સં. ૨૧–૧૭, પ્રથમ પત્ર નથી, પ્રા. સ્ટે. લા. નં. ૧૮૯૨.૪૦૯/૧૯૬૪.

[જૈહાપ્રોસ્ટા પૃ.૭૨, ૭૬ તથા ૧૫૯–૬૦.]

૧૦૫. રત્નાકર મુનિ

[જુઓ આ પૂર્વે પૃ.૯૬.]

(૮૧૪) નેમિનાથ વિનતિ ગા. ૧૦

આદિ – **ગિરનાર** ગિરિઅવર મૌલિ, બારમઈ પુરિ મંડણુઉ ઓ,
ધન્ના તે નરનારિ, નમઇ **નેમિ** જે નિમ્મલઉ ઓ. ૧
કજ્જલકંતિ સિરીર, સોહગસુંદર નિમિજિણુ,
કરુણાસાયર ધીર, કેવલિલચ્છીઅ કેલિયણુ. ૨

અંત – સાવીય સહસ્સ છત્તીસ, લખ ઠિનિ તહ **નેમિ**જિણુ,
વાસ સહસ્સ સવ્વાઉ, સિવ કરિ સામિય સિવ રમણુ. ૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇસુઉ જ નેમિ જિણુંદ, મુણિ રયણાયર કિત્તિ ધરો,
ચઉવિહ સંઘઉ દેઉ વર મંગલ સો મુત્તિ વરો. ૧૦

(૧) અભય.

[જૈમગૂકરચનાએ ભા.૧ પૃ.૧૦૫.]

૧૦૯. સોમસુંદરસૂરિશિષ્ય

[જુઓ આ પૂર્વે પૃ.૧૦૧.]

(૧૫૭) પિંડવિશુદ્ધિ બાલા૦

મૂળ પ્રાકૃત કૃતિના કર્તા જિનવલ્લભસૂરિ.

આદિ – દેવિંદ૰ દેવતાના ઇંદ્રસ્વામી તેહના વૃંદસમૂહ તેહે કરી વંદિત વાદિઉ પાદારવિંદં પદકમલ જેહનઉં એહવા જિનેંદ્ર સર્વજ્ઞ પ્રતિઇ અભિવંદિ સનમુખ વાંદિનઇ પુચ્છ બોલિસુ સુહિત ચારિત્તયા ઋષીશ્વર હૂઇ હિત્તઈ કરીવિ પિંડવિસુદ્ધિ આહારની સોધિ પિંડમિહોષપણું સક્ષપિઇં હૂં બોલિઉં છઉં. ૧

અંત – જે ભણી એ સતતાલીસ આહારના દોષનઉ વિચાર અતિગહન ગાઢાં સૂક્ષ્મ છઇ અનઇ સિદ્ધાંતસૂત્રના અનંતાર્થ છઈ તેહ ભણી વિસેષિઇ કરી કિવારઇ નિરતઉ પ્રકાશણ ઉન હૂંઇ તેહ ભણી સિદ્ધાંતને આચાર્ય સોધિવઉ ઇમ શ્રી **જિનવલ્લભસૂરિ** સિદ્ધાંતનઈ જાણુપણુ એ ગંથ (ગૂથ) નિગર્વપણુઇ વોલિવઉં છઇ ઇસઉ જાણિવઉં ઇતિ **પિંડવિસુદ્ધ** વાલાવબોધ સમાપ્તાં...

(૧) સવત ૧૬૪૭ વર્ષે માગાશિર શુદિ લિખાપતં શ્રી પૂજ્ય **નિહાલચંદ** ઋષિ **લાહોર** નગર મધ સુભં ભવત્ – છ. ઇંડિયા ઑફિસ લાયબ્રેરી નં. સં–૮૬૨ ઇ.

[કૅટલૉગગુરા પૃ. ૪૬. ત્યાં સોમસુંદરસૂરિને નામે મુકાયેલ છે, પરંતુ એના સંસ્કૃત કૅટલૉગ (નં. ૭૫૪૨)માં આરંભમાં 'શ્રી વીરે જિનેશ નત્વા, શ્રી સોમસુંદરગુરૂંશ્ચ, પિંડવિશુદ્ધિબાલાવબોધરૂપ તનોમ્યર્થ' એવો ઉલ્લેખ છે અને અન્યત્ર કૃતિ સોમસુંદરસૂરિશિષ્યને નામે જ મુકાયેલી છે]

૧૧૪. મતિશેખર વા.

[જુઓ આ પૂર્વે પૃ.૧૦૭.]

(૮૬૫) માઈ અક્ષર બાવની ગા. ૫૩ સં.૧૫૧૪ લગભગ

આદિ – પહિલઉં પરમ બ્રહ્મ અણુસરી, તેહનિ એક અવિચલ ચિત્તિ ધરી,
કહઇ **મતિશેખર** સુણો સુજાણ, માઈ બાવન વર્ણ વખાણિ. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભલઈ ભલિય પરિ લાગું પાય, ગુરુ ગણુવઈ સરસતિ પિયુ માઈ,
નમતાં નરભવિ આવઈ ખોડિ, અંગ ભલે જિમ દોવડ મોડિ. ૨

અંત – માઈ અખરની ભાવની, ઇણિ પરિ કહી વિશ્વપાવની,
વાચક **મતિશેખર** ઇમ કહઇ, ભણુઇ સુ નર અક્ષયપદ લહઈ. ૫૩
—ઇતિ શ્રી માઈ અક્ષર ભાવની સમાપ્તા.

(૧) અભય જૈન ગ્રંથાલય [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ પૃ.૩૯૬.]
[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૧૧૭.]

૧૨૬. (બ્રહ્મ) જિનદાસ (દિ. સકલકીર્તિશિ.)

[જુઓ આ પૂર્વે પૃ.૧૨૧.]

(૮૧૬) પુષ્પાંજલિ રાસ

મંગલાવતીના વજ્રસેન અને એની પત્ની જયાવતીની કથા. ૧૨૮ દુહા અને કેટલાંક પદ્યો.

આદિ – સિદ્ધેભ્યઃ જિણવર સ્વામિ નમસકરું શ્રી **સકલકીરતિ** ગુર સાર
રાસ કરૂ હૂં નીરમલો પુષ્પાંજલિ ભવતાર. ૨(૧)
ભાસ વિનતીની **જંબદીપ** મંઝારિ પુર **વિદેહ** જગિ જાણીય એ
સીતા નરિ છિ સાર દક્ષણ દેસ વખાણીય એ. ૨
મંગલાવતી વર દેસ રત્નસંચય પુર જાણીય એ
વજ્રસેન તીહાં રાઉ રૂપસોભાગે વાનિય એ. ૩
જયાવતી તસ નારી રૂપસોભાગ લીય એ
પતિવ્રતા તે જાણિ દાંન પૂજા ગુણે આગલીય. ૩(૪)

અંત – ૨૫ વસ્તુ. પુષ્પાંજલિ વિધિ ૨.
વરત જગિ સાર **પદમાવતિ** ઉપદેસીયો પ્રભાવિત તે સાર
મનોહર તેહને ફલે સૂખ ભોગવ્યાં સરગ રાજ્ય મુગતિય સિધવર
ઇમ જાણો નિશ્ચો કરિ.
પુષ્પાંજલિ કરો ચાર બ્રહ્મ **જિણદાસ** એણી પરિ ભણિ જિમ
પામ્યો ભવપાર. ૨
—ઇતિ પુષ્પાંજલિ રાસ સમાપ્તઃ.

(૧) સં.૧૮મી સદીની પ્રત, પ.સં. ૮–૧૧, ઇન્ડિયા ઑફિસ લાયબ્રેરી નં. સં–૧૫૮૬ ડી.

(૮૧૭) દશલક્ષણિક ધર્મપૂજા

કૃતિ સંસ્કૃત તથા ગુજરાતીમાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિ – અથ દશલક્ષણિકપૂજા.

સ્વર્ગમુક્તિકરં ધર્મં જિનોક્તં દશધા વરં
સ્થાપયામિ જગત્પૂજ્યં વિધિનાહં સુખાર્ણવમ. ૧

ૐ હ્રીં દશલક્ષણિક-ધર્મ ઐહિ ઐહિ અત્રવાતરાવતર સંવૌશત્ સ્વાહા...

અંત – ધત્તા.

પાપ-તિમિરહર ધર્મદિવાકર જે આચારે તે ધર્મ ઘણી
બ્રહ્મ-**જિનદાસ** ભાસે ઇહ ધર્મ પ્રકાસઈ મન-વંછિત-પુહિ ઘણી. ૧૩

—ઇતિ શ્રી દશલાક્ષણીધર્મપૂજા-જયમાલા સમાપ્ત.

(૧) લિ. સાહ **ચોખચંદ** ખંડેલવાલ જ્ઞતિ **ચાંદ્રવાડ** **દામોદરસુત** **બુરહાંનપુરા** મધ્ય **સાહિબાન્દરમાં** **લાલમંડી** મઇ...**ચન્દ્રભાણ** ગોઢા પઠનાર્થં. પ.સં. ૬૧–૧૧, પ.ક. ૩૮થી ૪૦, પ્રુ. સ્ટે. લા. નં. ૧૮૯૫.૨૬૬/ ૨૨૯૪.

(૮૧૮) શ્રુતિ જયમાલા

કૃતિ સંસ્કૃત તથા ગુજરાતીમાં છે.

અંત – ધત્તા

અજ્ઞાન-તિમિરહર જ્ઞાન-દિવાકર પઢેં ગુણેં જે ભાવ ધરી
બ્રહ્મ-**જિનદાસ** ભાસે વિબુધ-પ્રકાશે મન-વંછિત-ફલ પુહિ ઘણી. ૧૩

—ઇતિ શ્રુતિ જયમાલા સમાપ્ત.

(૮૧૯) ગુરુ જયમાલા

આદિ – પંચાચારાચરણ...નિઃસ્યંદ-સા-દ્રમ્. ૧

એતત્ પઠિત્વા પંચાંગ-પ્રણામં કુર્યાત્ જયમાલા.

સકલ-મુનીશ્વર...ભવદુખ ગમું. (૧)

અંત – ધત્તા

મુનીશ્વર સ્વામી નમું શિર નામી દુઇ કર જોડી વિનય કરી
દીક્ષા અતિનિર્મલી દો મઝ ઉજ્જલી બ્રહ્મ-**જિનદાસ** ભણેં કૃપા કરી (૧૪)

—ઇતિ ગુરુ જયમાલા સમાપ્ત.

(૧) બન્ને કૃતિઓ – ઉપર મુજબની પ્રત. પ.ક. ૨૯-૩૪.

[કૅટલૉગગુરા પૃ. ૮૭ તથા જૈહાપ્રોસ્ટા પૃ.૧૭૨–૭૩ તથા ૩૩૪–૩૫. છેલ્લી ત્રણ કૃતિની છેલ્લી કડીઓ જ ગુજરાતી હોય એવું સમજાય છે. ત્યાં નોંધાયેલી 'શ્રુતાષ્ટક' વગેરે અન્ય કૃતિઓમાં ગુજરાતી અંશ જણાતા નથી.]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૦૨. અજ્ઞાત

(૮૨૦) રયણાવલી ગા. ૩૩ લ.સં. ૧૫૨૦ પહેલાં

આદિ – પણમવિ વીરચલણ બહુભત્તિ, હંસગમણિ સમરઉ **સરસતિ**,
સુણઉ ભવિકજણુ ચિંત અવધારિ, ઇણિ સંસારિ રયણ છઇ ચ્યારી.
જીવદયા જિણુસાસણુ-ધમ્મ, સુવિહિત ગુરુ સાવયકુલિ જમ્મ,
વડઈ ભાગિએ લાભઇ એ ચ્યારિ, નહીય મૂઢ નરિ હેલા હારિ. ૨

અંત – ચ્યારિ રતનાવલિ ગુણધાર, પાટસૂત્ર મુક્તાફલ હાર
સરલ કંઠિ નિય હિયડઇ ધરઉ, મુગતિરમણિ સઈવરિ તુમ્હિ વરઉ. ૩૩

—ઇતિ શ્રી રયણાવલી સમાપ્તા.

(૧) સં.૧૫૨૦ વર્ષે જ્યેષ્ઠ વદિ ૪ દિને શ્રી **સીરોહી** નગરે મહોપાધ્યાય શિરોમણિ શ્રી શ્રી **સુધાનંદન**ગણિ શિષ્યેણ નિ૦ શ્ર૦ રિષી-યોગ્યં. પ.સં. ૧, અભય જૈન ગ્રંથાલય.

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૧૧૮.]

૧૨૯. દેપાલ

[જુઓ આ પૂર્વે પૃ.૧૩૦.]

(૮૨૧) કાયા બેડી સઝાય [અથવા **બેડલી સઝાય**] ગા. ૫

આદિ – કાયા બેડી કાટ સત્ત વેધ, ઊઠિ કોડિ બંધ બાધી,
ન્હાન્હા પરહુણ ઘણા નીગમ્યાં, અતિ દુલંભ તુ લાધી. ૧
સંસારસમુદ્ર અપારો, તીહં મઝારિ જીવ વણુન્નરઉ, દુન્નિ
ક્રિયાણા વવહરઇ,

અંત – વિવેકુ ખંભુ જ્ઞાનિ પંન્નરિ, નિરુખિલા દીઠુલા **સેત્રુજ** સ્વાંમી,
દેપાલ ભણઇ જિણુમંદિરુ પામી, વધામણી દિઉ ધામી. ૫

(૧) અભય. [મુપુગૂહસૂચી.]

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ.૧૨૪.]

૪૦૩. અજ્ઞાત

જિનચંદ્રસૂરિ આચાર્યપદ સં.૧૫૧૪, સ્વર્ગ. ૧૫૩૦.

(૮૨૨) જિનભદ્રસૂરિપટ્ટે જિનચન્દ્રસૂરિ ગીત ગા. ૨

રાગ મલ્હાર

કુંજર મયણુ નમનિ મચ્છરુ કરિ, **હરિ હરુ બ્રહ્મ** નયહુ જાણી,
મૂરિમ બિરહણિ બહુ સોતા પણું પંચ બાગન નમનિ આણી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રતિ અનઇ પ્રીતિ દિવસિ વિધિ વતણુ, કવણ કુમતિ તુવ વિધિ રૂઠઉ,
ભુંજઇ સુંડિ દંડુ દંતૂસલિ મુનિકેહર જબ દિઠિ દીઠઉ. ૧
પંચ વિસઇ જિનિ મુનિવર જીત્યા, અષ્ટ કર્મ જિનિ ખૈ કરિયા,
ય રિતુ રયણિ અમલુ જો પાલઇ, પંચ મહાવ્રત જિનિ ધરિયા.
વાદી અંધકાર સહસ કરુ વિદ્યા નામ બિરુદુ છાજૈ,
સસિગચ્છ સિરિ જિનભદ્રસૂરિ પાટિહિં, શ્રી જિનચંદ્રસૂરિ રાજૈ. ૨

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ. ૧૧૭-૧૮. કર્તાનામ તરીકે 'કેહરુ ?'ની સંભાવના પણ કરવામાં આવેલી, પરંતુ 'મુનિકેસર' એટલે મુનિઓમાં કેસરી=સિંહ સમાન એવું વર્ણન જિનચંદ્રસૂરિ માટે થયેલું છે એટલે એમાં કર્તાનામ જોવું યોગ્ય નથી.]

૪૦૪. કલ્યાણચંદ્રગણિ (કીર્તિરત્નસૂરિશિ.)

(૮૨૩) કીર્તિરત્નસૂરિ વિવાહલો ગા. ૫૪ સં.૧૫૨૫ લગભગ

આદિ – ભક્તિભર ભરિયઉ હરિસ સિરિ વરિયઉ, પણમિય સંતિકરુ સંતિનાહ,
સારદા સામિણિ હંસગામિણી, ઝાણિહિ નિય હિય કરિ સનાહ.૧
નાણુલોયણુ તણુઉ અમ્હ દાતાર ગુરુ, અનય ગુણવંત સિરિ મઉડ મણિ,
તેણ સિરિ કિત્તિરયણ સૂરીસ રે, હિવ કહિસુ હઉં ચરિય ધરિ ભત્તિ મણિ. ૨

અંત – એહ વિવાહલઉ ભણઇ ભાવિ, તસુ મણો વંછિત દેઇ ઇંદો.
ભતું સિરિ કિત્તિરયણસૂરિ પાય, સીસ તસુ કહઇ કલ્લાણચંદો.૫૪

(૧) જેસ.ભં. (૨) અભય જૈન ગ્રંથાલય.

(૮૨૪) + કીર્તિરત્નસૂરિ ચોપાઈ ગા. ૧૮

આદિ – સરસતિ સરસ વયણ દે દેવિ, જિમ ગુરુગુણ બોલિઉં સંખેવિ,
પીજઇ અમિય રસાયણ બિંદુ, તહવિ સરીરિઇ હુઇ ગુણ વૃંદ. ૧

અંત – શ્રી કીર્તિરત્નસૂરિ ચઉપઇ, પ્રહ ઊઠી જે નિશ્ચલ થઈ,
ભણઇ ગુણઇ તિહિ કાજ સરંતિ, કલ્યાણચંદ્રગણિ ભગતિ ભણુતિ. ૧૮

—ઇતિ શ્રી કીર્તિરત્નસૂરિ ચઉપઈ.

(૧) લે.સં. ૧૬૩૭ વર્ષે શાકે ૧૫૮૨ પ્ર. જ્યેષ્ઠ માસે શુકલ પક્ષે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ષેષ્ઠાતિથૌ ગુરુવાસરે, શ્રી મહિમાવતી મધ્યે શ્રી બૃહત્ખરતરગચ્છે, શ્રી જિનચંદ્રસૂરિ વિજયરાજ્યે, સંખવાલ ગોત્રિય સંઘભારધુરંધર સાહ કેલ્હા તત્પુત્ર સા૦ ધન્ના તત્પુત્ર સા૦ વરસિંઘ તત્પુત્ર સા૦ કુવરા તત્પુત્ર સા૦ નગ્વા તત્પુત્ર સા. સુરતાણ તત્પુત્ર સા૦ એતસીહ ભ્રાતૃ સાહ ચાંપસી પુસ્તિકા કરાપિતા પુત્રપુત્રાદિ ચિરં નંદ્યાત્ શુભં ભવતુ. શ્રી પૂજ્યજીનો સંગ્રહ.

પ્રકાશિત : ૧. ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહ પૃ. ૫૧–૫૨.

[જૈમગૂકરચનાએં ભા.૧ પૃ. ૧૧૯–૨૦.]

૪૦૫. અજ્ઞાત

(૮૨૫) હેમરત્નસૂરિ ફાગુ ગા. ૨૨ સં.૧૬મી સદી પૂર્વાર્ધ

આદિ – અહે જુહારિસુ જગત્રય અધિપતિ, મુનિપતિ **સુમતિ** જિણંદ,
અહે ગાયસુ રંગિ ધનાગમ, **આગમ**ગચ્છ મુણિંદ. ૧
શ્રી **હેમરત્ન**સૂરિ ભગતિહિં, વિગતિહિં ગુણ વર્ણવેસુ,
ગુરુપદપંકજ સેવિય, જીવિય સફલ કરેસુ. ૨

અંત – **વિનય** મેરુ અનુકૂલા, **ચૂલા** ગરિમ નિવાસ,
...મમ...લહર, મણહર દેસણ ભાસ. ૨૧
ઇણિ પરિ સુહગુરુ સેવઉ, કેવઉ નહીં ભવવાસિ,
દુર્લભ નરભવ લાધઉ, સાધઉ સિદ્ધિ ઉલ્લાસ. ૨૨
—ઇતિ શ્રી હેમરત્નસૂરિ ગુરુ ફાગુ વિદુષી **વિનયચૂલા**ગણિનિર્અંધેન કૃતમ્.

(૧) અભય જૈન ગ્રંથાલય.

